પારસી નાટક તખ્તાની તવારીખ

લખનાર: ડો૦ ધનજીભાઇ ન. પટેલ.

મુંબઇ.

૧૯૩૧.

કિંમત રૂ. ૨॥.

પારસી નાટક તખ્તાની તવારીખ.

ગઇ સદીના ગુજર પામેલા
પારસી એકટરો.

લખનાર: ડો૦ ધનજીભાઇ ન. પટેલ.

મુંબઇ.

૧૯૩૧.

કિંમત રૂ. ૧ાા.

આ પુસ્તક "કયસરે-હિંદ" પેપર પ્રીન્ટીંગ પ્રેસ. ઓલ્ડ સાસુન બીલ્ડીંગ, એલફીનસ્ટન સરકલ, કોટ, મુંબઈ મધ્યે મી૦ એરચશાહ રૂસ્તમજી હીરજીભોહેદીને છાપ્યું છે, અને એજ ઠેકાણેથી પોતાને માટે પ્રગટ કીધું છે.

પારસી નાટક તખ્તાની તવારીખ.

:o:

શરૂઆતના બે બોલ.

નાટક અને નાટક તખ્તાની તવારીખ હીંદુસ્થાનમાં પારસીઓની સાથે અતી અતલગનો સંબંધ ધરાવે છે. નાટક લખનાર પારસીઓ હતા, નાટક ભજી બતાવનાર પારસીઓ હતા, નાટકના કામને હાર પાડનાર પારસીઓ હતા, અને નાટકના કામને ઉલટ અને ઉતેજન આપનાર પણ પારસીઓજ હતા. એટલુંજ નહી પણ નાટક જોનારાઓ પણ પારસીઓજ હતા, અને દલગીરી સાથ કેહવું પડે છે, કે નાટકના કામની બરબાદી કરનારા પણ આજે પારસીઓજ થઇ પડયા છે.

પણ એકલા પારસીઓનેજ માથે હું એ કલંક લગાડવા રાજી નથી. પારસીઓના થોડાક બીનજોખમદાર જવાંના સાથ, એ હુન્નરની બરબાદી માટે બીજી કોમો પણ એકસરખી રીતે જવાબદાર ગણાઇ શકાય છે. એટલું તો બેશક જણાઇ ગયું છે, કે આજે ચારો તરફ નજર કરતાં, નાટક જેવા બેમુલ હુન્નરની ધુળધાણી અને બરબાદી થવાનું ચાલુ રહયું છે.

ધુનમાં આવેલા પારસી 'હેનરી ઇરવીંગો'!

બીજી કોમો વચ્ચે નાટકની બરબાદી કરવાની ચાલુ રહેલી ચળવળ માટે મારે કાંઇ બોલવું કે લખવું નથી. મારે તો પારસી નાટક તખ્તા માટે, અને પારસી નાટકીઓ માટેજ કાંઇક લખવું છે. કેટલાક સાહેબો આજે પોતાને મહાન નાટક લખનારા, તેમજ કઠલ દો પોતાને મહાન એકટરો સમજે છે. એવા નાટક લખનારાઓની ખરચી જયારે ખુટી જાય છે, ત્યારે તેઓ પારકી મીરાસ ઉપર મદાર બાંધે છે. વળી કેટલાક એકટરો પોતાના કામને એટલું બધું તો ખામીરહીત સમજે છે, કે તેઓ પોતાને મહાન નાટકી 'હેનરી ઇરવીંગ' સમજી ગુમાનીની ધુનમાં આવી ધુને છે, અને તેઓ પોતાના ભવીશની સાથે નાટકના હુન્નરનો પણ નાશ કરે છે.

એવા સાહબોએ યાદ રાખવું ઘટે છે કે: "બીજા સઘળા હુન્નરોની તપાસ જયારે તેના કારાગર પોતે કરે છે, ત્યારે નાટકમાં કામ કરનાર 'એકટરોની' કારીગરી અને હુન્નરમંદીની તપાસ કરનાર, પારકા લોકો હોય છે." તેઓ જો એટલુંજ સમજે તો પુરતું છે, કે એક એકટર, પોતાની હુન્નરમંદીથી પોતાના 'ઓડીઅન્સને' ખુશી કરવા સરજાયલો છે, અને અગર જો તે પોતાના 'ઓડીઅન્સને' ખુશી કરી નહી શકે, તો તે એકટર તરીકે બીલકુલ નકામો છે.

ફુટી નીકલતા નાટક લખનારાઓ!

આજે સહુ કોઈ નાટક લખનાર તરીકે, સહેજબી આનાકાની વગર બહાર પડે છે! કમનસીબે તેઓને પોતાની શકતી માટે ઘણુંજ ઉંચું મત બેસી ગયેલું હોય છે. કેટલાક નાટક લખનારાઓ આગલા લખનારાઓના જુના–પુરાના નાટકોની છપાયલી ચોપડીઓ જોઇને, યા તો તે વાંચીને તે ઉપરથી પોતે તેજ મતલબનું કાંઇ ચીતરી કાહડી, તેને પોતે લખેલા નાટક તરીકે જાહેરમાં મુકી, તેઓ પોતે નાટકનવેશ તરીકે બહાર પડે છે. મગર તેજ વખતે તેઓ બીલકુલ ભુલી જાય છે, કે નાટક લખવાનો હુન્નર મેળવવા પહેલાં તેઓએ શું શું શીખવું જોઇએ છે.

એક નાટક લખનારે શું શું જાણવું ઘટે છે.

એક નાટક લખનારે કુદરતનો ચીતાર આબેહુબ પોતાની કલમથી ચીતારી જાણવો ઘટે છે. તેના લખાણની અસરથી માણસજાતના જુદા જુદા જુસ્સાઓ અને ખાસીયતો, તેમજ હવસો ઉસ્કેરાઇ તેના શરીરમાં ઉભા થવા જોઇયે છે. તેના લખાણની અસરથી મોહબત અને પ્યાર, જેમ ઉસ્કેરાઇ રેહવાં જોઇયે છે, તેમજ વેર અને કેહરના જોમે પણ જોશ પકડવું જોઇયે છે.

પણ એટલેથી એ કામનું સેવટ આવતું નથી; કેમકે એ ઉપરાંત જે જાતનો નાટક તે લખતો હોય, તેના દેશ, કાળ, અને સ્થીતીનો તેને પુરતો અભ્યાસ હોવો જોઇયે. ઉપરાંત નાટકના સમાની સ્થીતી ધ્યાનમાં રાખી, પ્રવેશો રચવા, તેમજ જુદી જુદી Unities ની સંભાળભરી રીતે ગોઠવણ કરવી ઘટે છે. અલબતાં એ સઘળી બાબદોથી સાધારણ તમાશબીનો બીલકુલ બેખબર હોય છે, એટલે નાટક લખનાર જે રજુ કરે છે, તે સઘળું જોઇ તેઓ ઘેરે જાય છે. દલગીરી સાથે લખવું પડે છે, કે એવાંજ ઢડ પુછડાં વગરના લખાણો લખનાર લેખકો, પોતાના નાટકોને પ્રજા રૂબરૂ રજુ કરી પોતાની કીર્તી મેળવવાની કોશેશો કરે છે!

એકટરોએ શું શું જાણવું ઘટે છે.

એક નાટકનવેશને એ ઉપરાંત બીજી અનેક બાબદોના અભ્યાસની ખાસ જરૂર હોય છે. પણ તે વીસ્તારી લખવા કરતાં, હવે એકટરોની બાબદ ઉપર હું ટુંક ઇશારો કરીશ. એ બાબદના ઉંડાણમાં ઉતરવાની મને કાંઇબી જરૂર નથી, કેમકે આ બાબદ નાટકનવેશોને તેમજ નાટકના એકટરોને કાંઇબી શીક્ષણ આપવાના હેતુથી હું લખતો નથી. મગર આજના અને આવતી કાલના એકટરોની નજર સામે, એ બેનમુન હુન્નર વીશે નામાંકીત શેકસ્પીઅરના બોલો, જે તેણે હેમલેટના મોહડાંમાં મુકયા છે, તે વાંચવાની, અને વાંચી તે ગોખી રાખી, તે ઉપર અમલ કરવાની હું તેઓને ભલામણ કરૂં છું.

સર હેનરી ઇરવીંગના બે કીંમતી બોલ.

એ ઇંગ્રેજી લેખ દરએક ખેલાડી અગર જો વાંચી તેનું મનન કરે, તો બેશક તે પોતાના કામને ઘણુંજ બેંચાણુકારક બનાવી શકે. શેકસ્પીઅરના એ શબ્દો ઉપર મુજાહેમત કરવી બેજા છે. એક એકટરે પોતાનું કામ ફતેહમંદીથી પાર ઉતારવું કેટલું મુશ્કીલ છે, તે સમજવું બેશક સહેલ છે; મગર તે ઉપર અમલ કરવા માટે તેણે તેનો ખાસ અભ્યાસ કરવો ઘટે છે. પ્રખ્યાત સર હેનરી ઇરવીંગે કરેલાં એક ભાષણમાં, એકટરોને જણાવવા માટે ખાસ ઇશારો કીધો હતો કે:

"An actor must be a painter and poet both."

આ બે બોલનો મારમીક ભેદ સંપાદન કરી, જે કોઈ એકટર પોતાનું 'એકટીંગ' કરશે, તે બેશક એક બેનમુન એકટર નીવડશે.

આપણો આજનો 'એકટર'!

હજી આપણા એકટરોને પોતાના એકટીંગના બાબમાં ઘણુંજ શીખવાનું છે. મગર સવાલ એ છે કે તે શીખાડવાને માટે કોઇ લાયક આદમી તેઓને મળ્યો છે કે? અધુરામાં પુરું આપણો એકટર એટલો ગુમાનીથી ભરેલો હોય છે, કે તે કાંઇબી શીખવા ના પાડે છે. નાટકના કામમાં આપણો એકટર પોતાનું entrance અને exit કેમ કરવું, તે–તે બીલકુલ સમજતોજ નથી. પ્રસંગ આવતાં પોતાનો pose કેવી રીતે ધારણ કરવો, તેની વકીક તેને ખબર હોતી નથી. તેનો 'મીનીંગ' તે સમજતોજ નથી. જુદા જુદા જુસ્સાઓમાં પોતાના expressions કેવી રીતે પ્રગટ કરવાં, ઉંમરના પ્રમાણમાં પોતાના make-up કેવી રીતે અને કેમ કરવા, એ સઘળાની સાથે પોતાના અવાજને કેવી રીતે ચઢઉતર પ્રમાણમાં modulate કરવો, અને કયાં કયાં stress મુકવા, એ સીવાય બીજી બાબદોનું તેઓને સેહજબી ધ્યાન કે ભાન પણ નથી. આજના એકટરમા મોટામાં મોટું qualification ફકત ગાયનમાંજ સમજવામાં આવે છે! ફકત તે જો ગાઈ જાણતો હોય, તો આજકાલની નાટક ટોળીના માલેકો તેને મોટામાં મોટો પગાર આપી છકાવી છગાવી મેલે છે! આ બાબદ ઉપર એક પુસ્તક જો લખાય, તોબી તે પુરતું થઇ પડે એમ નથી. Histrionic art કાંઇ રમતાં, ખેલતાં મેળવી શકાતો નથી, એમ દરેક એકટરે જાણવું જોઇયે.

આપણા આજના તમાશબીનો!

ઉંચે દરજજેના રસીલા અને ચાનાક આપનારા નાટકો હાલમાં ગુજરાતી ભાશામાં લખાતા નથી. વળી ઉમદા પંકતીના અને ચાનકરૂપી નાટકોની કદર બુજવાની શક્તી, જેવી જોઇયે તેવી હજી મુંબઇની પ્રજામાં પુરેપુરી ખીલી નીકળેલી જણાતી નથી. અરધી સદીની મુદત આગમચ એવો વખત હતો, કે કાબેલ

નાટકનવેશે પોતાની કલમથી, નાટક જોનારી આલમનો શોખ સંતોશી શકતા હતા. તે લેખકો તેમજ તે નાટકો ભજી બતાવનારા ખેલાડીઓનો જમાનો વહી ગયા પછી, હાલના નાટકો તેની પડતી હાલતમાં પ્રજાને જોવા પડે છે. એ હાલત કેવી છે, તેનો ખરો ખ્યાલ, ગુજરાતી કેહવત "સાંપ ગયા, અને લીસોટા રહી ગયા" જેવી થઇ પડી છે. આજના ખેલાડીઓના તરેહવાર ભાવટા, આજના તમાશબીનો વગર કચવાટે કે કાંઇબી આનાકાની વગર જોવા માટે હંમેશા તઇયાર રહે છે. આગલા વખતના નાટકો જોવાના ભાવ, આજના ભાવ કરતાં ઘણાજ ઉતરતા યાને સસ્તા હતા, એમ જુના છાપાઓની ફાઇલ જોતાં જણાઇ આવે છે. સમજદારોને કચવાટ ઉપજાવે, અને બઇરાંઓને સમજાવવું નહીં જોઇયે, એવા ટોલ્લાઓ, કેટલાક આજના વખતના ફરમાસુ કેહવાતા 'કોમીડીઅનો' મન ભાવે તેમ ટોલ્લા મારે છે, અને તે જોવા જનારા તમાશબીનો નીરાંતે બેસીને સાંભલીને હસે છે! આજના વખતના નાટકોમાં ગવાતાં ગાયનો, એકાદ વખત જો ફરી ગવાડવાની જરૂર પડતી, તો તેથી તે ગાનારનું દીલ દુખી થાય છે! કેમકે તે ગાનાર પોતાના ગાયન માટે એવી વકા રાખે છે, કે ત્રણ ત્રણ અને ચારચાર વખત તેનું ગાયન ફરીથી ગવાડવાની જ્યારે તમાશબીનો તેને ફરજ પાડે, ત્યારેજ તે પોતાના દીલમા સંતોશ માની લીયે છે. એવી કીસમના પારસી એકટરો અને એવી કીસમના નાટકો જોનારાં તમાશબીનોથી નાટકની હાલત કદીબી સુધરવાની વકા રાખી શકાયજ નહી.

મરણ પછી રૂહની હસ્તીમાં મારૂં યકીન.

મારા મરહુમ મીત્ર ખુરશેદજી બાલીવાલાએ, ઇ૦ સ૦ ૧૮૯૭ ના સાલમાં મને કહયું હતું કે, મરણ પામેલા સઘળા પારસી એકટરોના નામ અને કામની નોંધ, મારે એક પુસ્તક રૂપે પ્રગટ કરવી. પણ તે પુસ્તક લખી પ્રગટ કરવાનું કામ, મને તે વખતે ઘણું મુશકીલ માલમ પડયું હતું, કેમકે મરહુમ બાલીવાલા તે પુસ્તકમાં દરએક મરણ પામેલા એકટરનાં ફોટોગ્રાફ પણ આમેજ કરવા ચાહતા હતા. પરંતુ તેવા મરણ પામેલા એકટરોના ફોટોગ્રાફ મેળવવા, અને તે ફોટોગ્રાફ ઉપરથી 'બ્લોકો' બનાવવાનું કામ અતી ઘણું ખરચાળુ લાગ્યાથી, તે પુસ્તક લખવાનો વીચાર પડતો મુકવો પડયો હતો. પણ ત્યારપછી આપણા નાટકોની હાલત ઘણી બગડતી ચાલી, બાલીવાલા પણ ગુજર પામ્યા, અને જે થોડાક એકટરો જીવતા હતા, તેઓ પણ એક પછી એક મરી ગયા.

મી૦ હીરજીબેહેદીનની સહાયતાથી બહાર પડેલું આ પુસ્તક.

આપણા પારસી નાટકની આવી પડતી જોઇ, પારસી નાટકીઓ આગલા તેમજ પાછલાની હસ્તી તેમજ નીસ્તીની યાદ, ભવીશની ઓલાદ માટે કાંઇબી રહી નહી. આવા સંજોગ વચ્ચે મને આ તવારીખ લખવાની કુદરતી જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. મરણ પામેલાંઓના રૂહની મીનોઇ શકતી અને તેમની ગેબી મદદની અંદર

માનનારાઓ માહેલો હું એક પોતે હોવાથી, ફીરદોસીના શાહનામા માંહેલા પારસી પેહલવાનો અને પાદશાહોના ગુણોના વખાણ અને તેમની કીરતી, આજ ૩૫ વરશ થયાં મુંબઇ તેમજ હીંદુસ્થાનના જુદા જુદા શહેરોમાં વસ્તાં પારસી કુટુંબો રૂબરૂ હું એતબાજીમા ગાતો રહયો છું. તે મુદત દરમ્યાન મેં અનુભવ્યું છે, કે ગુજર પામેલાઓના ફરોહરોની મને ગેબી મદદ વીના, આખું શાહનામુ હું કીરતન રૂપે કદીપણ રચીને, તે કથન કરી શકતે નહી. એ મારો પોતાનો ખાસ અનુભવ હતો, અને તે અનુભવને આધારે, ગુજર પામેલા પારસી એકટરોની ભુલાઇ ગયેલી યાદ, અને તેમનાં ભુલાઇ ગયેલાં કામો અને નામોની નોંધ ઉપજાવી કહાડી, એક પુસ્તક રૂપે રચી પ્રગટ કરવાની હું કોશીશ અગર જો કરૂં, તો તેમાં તે મરનારોના રૂહની કાંઇક સેવા બજાવી, તેમનાં ભલાં આશીશો અને તેમની ગેબી મદદ હું કાંઇપણ શક વીના મેળવી શકીશ. એવા ખ્યાલથી મેં "કયસરે હીંદ"ના માલેક ભાઇ એરચશાહ રૂ. હીરજીબેહેદીનને, આ પુસ્તક માંહેલી તવારીખ માં સમાયેલા મહત્વની વીગત સમજાવી, એ તવારીખ લખવા માટે મેં માથે લેવા જણાવ્યું. ભાઇ એરચશાહે મારી ફરમાસ મંજુર કીધી, અને ફોટોગ્રાફો ઉપરથી બ્લોક બનાવવાનો સઘળો ખર્ચ, તેવણે માથે લઇ લીધો, અને મેં મરણ પામેલા એકટરોના ફોટોગ્રાફ મેળવવાની તજવીજ કરવા માંડી. અને તેમાં મને ફતેહ મળતી ગઇ. નહી ધારેલે ઠેકાણેથી મને આ તવારીખ લખવાના કામમાં ઉતેજન મળવા લાગ્યું. ૬૦—૬૫ વરસ ઉપરના મારા જુના દોસ્તોએ પોતાની પાસના જુના નાટકીઓના 'ફોટો' મારી ઉપર મોકલી આપ્યા હતા. ખાસ કરી રંગુનવાળા જાણીતા ડાકટર નશરવાનજી નવરોજી પારખ, અને હાલમાં માઇસોરમાં વસવાટ કરી પડેલા મારા મીત્ર સ્યાવક્ષ માસ્ટર બેરીસ્ટર, વીગેરેની મદદ માટે હું તેઓનો આભારી થયો છું.

મારા મદદગારોનો આભાર.

આ પુસ્તક લખવાના કામમાં મારા મુખ્ય અને એખલા મદદગાર તરીકે, મારા મરહુમ ભાઇ દારાશાહ નવરોજજી પટેલે મને ચાલુ મદદ આપી હતી. આ પુસ્તકને પ્રગટ થયલું જોવા તેવણુ ઘણાજ ખંતી અને ઇંતેજાર હતા, પણ કમનસીબે તેવણુ ન ધારેલી બીમારીના અચણુચ ભોગ થઇ પડી ગુજર પામ્યા છે. "કયસરે હીંદ"માં આ તવારીખના સઘળા મળી ૯૭ અઠવાડીઆં સુધી ૯૭ હફતા મેં લખ્યા હતા. તેમાં જુના જમાનાના પારસી એકટરોની ભુલાઇ ગયેલી યાદ અને તેમના કામો અને નામોની નોંધ ઉપજાવી કહાડી, એક પુસ્તક રૂપે અંતે પ્રગટ કરવાનો જશ. આ પત્રના માલેકે હાંસલ કીધો છે, કેમકે એક અનમુલ હુન્નરની તવારીખ, ભવીશની ઓલાદને સપુરદ કરવાની તેવણે કોશીસ કરી છે.

નાટકોની સાથનો મારો સંબંધ અતી ઘણો જુના વખતનો હોવાથી, અને તેની તમામ યાદ હજી મારા મગજમાં ગઇ કાલે બની હોય એમ મને લાગતું હોવાથી, તે યાદને આધારે, આ સઘળા ૯૭ લેખની હકીકત ઉપજાવી કાહડી

છે. હજી એમાં અમુક બનાવોની નોંધ, મેં જાણીબુજી નોંધી નથી, કેમકે તે જેટલા રમુજી, તેટલાજ તે નોંધવા લાયક નહી હોવાને લીધે, તે સઘળા પડતા મુક્યા છે.

આપણો નાટક તખ્તો વેલાતના નાટકોથી ૪૦૦) વરશ પછાત પડેલો છે.

જ્યારે ઈંગ્રેજી નાટકો સાથ હું આપણા નાટકોની સરખામણી કરૂં છું, જ્યારે ઇંગ્રેજી એકટરો સાથ હું આપણા એકટરોની સરખામણી કરૂં છું, ત્યારે મને નક્કી એવું લાગે છે, કે આપણો નાટક તખ્તો અને આપણા એકટરો નો હુન્નર, વેલાતના નાટક તખ્તાથી કમમાં કમ ૪૦૦) વરસ પછવાડે પડેલો છે. હજી તો નાટક તખ્તાને લગતી દરેક રીતભાતમાં, તે અંગ્રેજી નાટક તખ્તાની નકલ કરતો જણાયો છે. હજી તો આપણા ચીતારાઓ—પેન્ટરો—અંગ્રેજી ચીતારાઓના કામ અને કારીગરીની નકલ કરતા જણાય છે. હજી તો આપણા નાટકોમાં સ્ત્રીના પાર્ટો, જવાન ઉમરના છોકરાઓ, પોતાની મુછો બોડાવી કરતા દેખાય છે. હજી તો નાટકના હુન્નરની બારાખડી જાણ્યા વગર, આપણા લેખકો નાટક લખી, બહાર પાડવા લાગ્યા છે. ત્યારે એ સઘળા સંજોગો વચ્ચે, એ હુન્નરને સંપુર્ણતાની ટોંચ ઉપર પુગતાં, એટલી મુદત જો લાગે, તો તેમાં નવાઇ જેવું કાંઇજ નથી.

એક ખુશી થવા જોગ આગાહી.

એ વીશે ઘણું બોલી તેમજ ઘણું લખી શકાય. મગર તેટલી જગ્યા આ નાહના પુસ્તકમાં ફાજલ પાડી શકાતી નથી. હું ઇચ્છું છું કે આપણા વચ્ચે કેળવણી પામેલા જવાનોમાંથી એક એવો આબરૂદાર વર્ગ ઉભો થાય, કે જે નાટકના હુન્નરને ખીલવવાની નેમ પોતાના અંતરમાં ઉભી કરે. મેં એવા મારા વીચારો મારા એક કાબેલ દોસ્તને જ્યારે જણાવ્યા, ત્યારે તે મારા મત સાથ એકમત થઇ તુરતજ બોલ્યા કે, "ડા૦ પટેલ, એ સઘળું અત્યાર આગમચ થવું જોઇતું હતું, પણ હજી કાંઇ મોડું થયું નથી. પણ આપણા ન્યુસવાળાઓ અગર જો આપણને મદદ આપવા બહાર પડે, તો એ કામ પાર પાડવું મુશકીલ નથી. પણ મને ભરૂસો છે, કે એક વખત એવો આવી ઉભો રહેશે, કે નાટક જેવો હુન્નર પાછો સજીવન કરવાનું માન, પારસી કોમનો આજનો કેળવાયલો અને આબરૂદાર વર્ગ હાંસલ કરશે. તેઓમાંથી એક વખત પાછો એક કેખશરૂ કાબરાજી, એક હીરજી ખંબાતા, એક દાદી પટેલ અને એક દાદી ફ્રાઇસ્ટ ઉગી નીકળશે, અને નાટકનો ખરો હુન્નર પ્રજા આગળ તેઓ તેના ખરાં રૂપમાં અને ખરા આકારમાં સ્ટેજ કરશે."

લી૦ દુવાગીર,

ધનજીભાઇ ન. પટેલ.

૧૯૦૦૨

પારસી નાટક તખ્તાની તવારીખ.

—:o:—

ભાગ ૨ જો.

ગુજર પામેલા સુપ્રસિધ્ધ પારસી એકટરો.

મરહુમ—કુંવરજી સોરાબજી નાઝર.

['લખનારઃ—ધનજીભાઇ ન. પટેલ.]

(૨૭)

પારસી નાટક લખનારાઓની એક ટુંકી નોંધ ટપકાવી લીધા પછી, હવે પારસી એકટરોના કામની નોંધ આ લેખના બીજા ભાગમાં હું આજથી શરૂ કરવા ધારૂં છું. પણ તે આગમચ કાંઇક ખુલાસો કરવો ઘટે છે. આ લેખના પહેલા ભાગમાં જે જે મરહુમ લેખકોના નામોની નોંધ લીધી છે, તેથી વાંચક આલમે એવું માની લેવું નહી, કે આગલા વખતમાં પારસી લેખકોની સંખ્યા એટલીજ હતી. સાહિત્યના રણક્ષેત્રમાં તે વખતે પારસી લેખકોની સંખ્યા તો ઘણીજ હતી, એવી ગણત્રી સેહલથી થઇ શકે છે. દાખલા તરીકે દાદાભાઇ નવરોજી, સોરાબજી શાપુરજી બંગાલી, જેહાંગીર વાચ્છા, ડોસાભાઇ ફરામજી કરાકા, ફરદુનજી મરઝબાન, બમનજી બેં૦ પટેલ, પારસી લેખક હલકારૂ, નવરોજી ફરદુનજી, ફરામજી ભરૂચા, દીનશાહ તાલયારખાન, જેહાંગીર શાહ તાલયારખાન અને એવા બીજા અનેક. મગર તેઓ કાંઈ નાટક લખનારા નહી હતા. એટલે તેઓને આ લેખમાંથી બાકાત રાખવાની ફરજ પડી છે.

હવે થોડાક પ્રસિધ્ધ પારસી એકટરોના કામની નોંધ હું ઘણીજ ટુંકમાં નોંધી લેવાની આજથી શરૂઆત કરૂં છું.

સમો ઇ૦ સ૦ ૧૮૫૩.

પારસી નાટક મંડળીની સ્થાપના.

જરા ધ્યાન ધરી સાંભળો મહેરબાન, કે વીકટોરીયા નાટક મંડળી, ઈ. સ. ૧૮૬૭ ના વરસમાં ઉભી થઇ હતી, અને ૧૮૬૯ ના વરસમાં કેખશરૂ કાબરાજીએ લખેલો બેજન–મનીજેહનો નાટક તે કલબે સ્ટેજ કીધો હતો. ત્યારે સવાલ સેહલથી ઉઠે છે, કે તે આગમચ મુંબઇમાં નાટક જેવું કાંઈ હતું કે નહી?

એ સવાલ બરહક છે, અને તેનો ખુલાસોબી મારે કરવો ઘટે છે. ઈ. સ. ૧૮૬૧ માં મુંબઇની હાલત અને તેની વસ્તી કેટલી હતી, તેના આંકડા રજુ કરવાની હું તજવિજ કરતો નથી, પણ મુંબઇમાં પારસીઓએ ઇ. સ. ૧૮૫૩ ના અકટોબર મહીનામાં નાટક કરવાનું કામ પહેલવહેલું શરૂ કીધું હતું, અને તે શરૂ કરનાર પણ પારસીઓજ હતા. એ મંડળે પોતાની કલબનું નામ

પારસી નાટક મંડળી

આપ્યું હતું, અને એ મંડળીનો તે વખતનો માલેક એક ચટપટયા ખવાસનો પારસી હતો. તે પારસીએ પોતાની આખી જીંદગી નાટકના ધંધામાંજ કાહડી હતી. પણ તે કોઇ લેભાગુ પારસી નહી હતો. તે આબરૂદાર ધંધાદારી હતો, અને તેનું નામ ફરામજી ગુસતાદજી દલાલ હતું. એ ફરામજીને તેના હરીફ ગોઠીયાઓ 'ફલુ ધુસ" કેહતા હતા. 'ધુસ' એટલા માટે કે બાપનું નામ ગુસતાદજી હોવાથી, ગુસતાદજીનો 'ધુસ' બનાવ્યો હતો. આ ફરામજીની વાત હવે પછી કરીશું.

આ પારસી નાટક મંડળીની શરૂઆત મુંબઇમાં થતાંજ, સુરતના આગેવાન, પારસીઓએ પણ એક નાટક મંડળી સુરતમાં ઉભી કીધી હતી, એ વિશે હું આગળ લખી ગયો છું.

૧૮૬૧ ના સાલની આગમચ, જુદે જુદે વખતે લગભગ ૨૦) નાટક કલબો દસએક વરસના અરસામાં 'મશરૂમ' મિસાલ ઉભી થઈ, તપોતપ મરી ગઇ હતી. એ વીસ કલબોના નામની નોંધ જાણવાજોગ ધારી અતરે નોંધું છું.

૧૮૬૧ આગમચ.

૧. પારસી નાટક મંડળી (ફલુ ધુસવાલી).
૨. એમેચ્યુઅર્સ ડ્રામેટીક કલબ.
૩. પારસી સ્ટેજ પ્લેઅર્સ.
૪. જેનટલમેન એમેચ્યુઅર્સ. (ફલુ ધુસવાલી)
૫. ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી.
૬. ઓરીયન્ટલ નાટક મંડળી.
૭. પરશ્યંન નાટક મંડળી.
૮. પરશ્યન ઝોરાસ્ટ્રીયન નાટક મંડળી.

૯. બારોનેટ નાટક મંડળી.
૧૦. આલબર્ટ નાટક „
૧૧. શેક્સપીઅર „ „
૧૨. ધી. વોલંન્ટીયર્સ કલબ.
૧૩. ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટી.
૧૪. એલફીન્સ્ટન ડ્રામેટીક ક્લબ. (નાજરવાલી.)
૧૫. વીકટોરીયા નાટક મંડળી.
૧૬. હિન્દી નાટક મંડળી.
૧૭. ઓરીજીનલ વીકટોરીયા ક્લબ.
૧૮. એલફીનસ્ટન અમેચ્યુઅર્સ. (નાજરતું તરૂપ.)
૧૯. પારસી વીકટોરીયા ઓપેરા તરૂપ. (નાજરની કલબ.)
અને એ સીવાય બીજી કલબો.

આ સઘળી મંડળીઓમાંથી લગભગ દરેક મંડળને હું સારી કાંની ઓળખતો હોવાથી, તેઓ માટે હું કાંઇક લખી શકું એમ છે. એ સઘળાં મંડળોમાંથી એલફીનસ્ટોનીયનોવાળાં એમેચ્યુઅર મંડળને હું પેહલાં હાથ ધરૂં, તે આગમચ મુંબઇમાં પેહલા નાટક કરનારા કોણ કોણ હતા, તે વીશે કાંઇક લખવું જરૂરનું છે.

મુંબઇમાં પેહલ્લા પારસી એકટરો.

પેહલ્લા પારસી એકટરો, જેઓએ પારસી નાટક મંડળીમાં સામેલગીરી આપી હતી, તેઓમાં, પેસ્તનજી ધનજીભાઇ માસ્તર, નાહનાભાઈ રૂ. રાણીના, દાદાભાઇ એલીઅટ, મનચેરશાહ એ. મેહરહોમજી, બીખાજી ખ. મુસ, કાવસજી હો. બીલીમોરીયા (ડાકટર) રૂ. હો. હાથીરામ (ડાકટર), કાવસજી નશરવાનજી કોહીદારૂ, જેવણ પાછળથી કાવસજી ગુરગીન તરીકે ઓળખાઇ ગયા હતા, અને જેવણે વીકટોરીયા નાટક મંડળી ભાગીદારીમાં સ્થાપી હતી.

આ સઘળા પારસીઓ તે વખતે જાણીતા શેહરી હતા. એ સઘળા માંહેના નાહનાભાઇ રાણીના, અને કાવસજી કોહીદારૂ નાટકના સંબંધમાં, પોતાની છેલ્લી ઘડી સુધી, એક યા બીજી રીતે પોતાનો સંબંધ જાળવી રાખી શકયા હતા. અને એ જાણીતા શેહરીઓની બનેલી પારસી નાટક મંડળીની પીઠે, ઇ. સ ૧૮૫૩ ના સાલમાં, તેની ઉપર દેખરેખ રાખવા, અને તેને સિધ્ધે રસ્તે દોરવવા પ્રોફેસર દાદાભાઈ નવરોજી, ખરશેદજી ન. કામા, અરદેશર ફ. મુસ, જેહાંગીર બરજોરજી વાચ્છા, ડાકટર ભાઉ દાજી વીગેરે ગ્રહસ્થોની એક કમીટી બની હતી. એ મંડળે મુંબઇમાં ૧૮૫૩ ના વરસમાં નાટકનું કામ પેહલવેહલું શરૂ કીધું હતું, અને તે શરૂ કરનાર પણ પારસીઓજ હતા.

નાઝરનું જમાવેલું પ્રખ્યાત પારસી મંડળ.

એલફીનસ્ટોનીઅન ગરૂપ માટે મેં જે ઇશારો કીધો છે, તે ગરૂપ ભેગું કરવામાં આગેવાન ભાગ લેનાર, તે વખતનો એક જવાન એલફીનસ્ટોનીઅન કુંવરજી સોરાબજી નાઝર હતો. જરા ધ્યાનથી વાંચજો મહેરબાન, કે એ કુંવરજી નાઝરે શું શું કીધું હતું, અને શું શું કરી ગયો છે. જો હું એમ લખું કે કું૦ નાઝરને કોલેજની જીંદગી થીજ નાટકનો ચસ્ટો લાગ્યો હતો, તો તેમાં કાંઇ ખોટું હોય એમ હું માનતો નથી. ઈ૦ સ૦ ૧૮૬૧–૬૨ ના સાલમાં જે મંડળ એલફીનસ્ટોનીઅનોનું ઉભું થયું હતું, તે ઉભું કરવામાં મોટો ભાગ મી૦ નાઝરે લીધો હતો. નાઝરના આ મંડળને હું પ્રખ્યાત પારસી મંડળ એટલાં માટે ગણું છું, કે એ મંડળમાં સામેલ થયલા કેટલાક

પારસીઓ, પાછળથી મોટે ભાગે પારસી કોમના જાણીતા શહેરી તરીકે જાહેર જીંદગીમાં જણાઇ ગયા હતા. એ સઘળા માનવંત ગ્રહસ્થોની ઓળખ આપવાની જો કે જરૂર છે, પણ જગ્યાની કોતાહીને લીધે તેમ બની શકતું નથી. તોપણ આજના અંકમાં એ પ્રખ્યાત પારસી મંડળના બે ગરૂપના જે બે જુદા જુદા ફોટોગ્રાફ મેં આપ્યા છે, તે લગભગ આજથી ૫૦-૫૫ વરસની ઉપરનાં એ પ્રખ્યાત એમેચ્યુઅરોના છે. એ સઘળાઓ તે વખતે પોતાની જવાનીના ખીલતા બહારમાં હતા.



એલફીન્સ્ટોનીઅન એમેચ્યુઅર્સ.

આ ગ્રુપમાં ઉભેલા ગ્રહસ્થો માંહેલા લગભગ સઘળાઓ ઉપરાંત બેઠકોને આ અહેવાલ લેખક ઓળખી શકે છે.

એલફીન્સ્ટોનીઅન એમેચ્યુઅર્સો



ઉભેલા ડાબી તરફથી—૧. કું. નાઝર. ૨. ધનજીભાઇ માસ્તર. (પાલણીવાલા)
બેઠેલા ડાબી તરફથી—૧. મે. ન. વાડીયા, ૨. મા. મેહતા, ૩. પે. ન. વાડીયા, ૪. ધ. ન. પારેખ, ૫. ... ...
૬. ડી. એન. વાડીયા, ૭. કે. ડી. બનાજી, ૮. કાંગા. ૯. ... ...

કુંવરજી નાઝરનું આ એમેચ્યુઅર મંડળ કાંઈ આજના એમેચ્યુઅરો મીસાલ સાડી અને પોલકા અને ડગલા-પાટલુન પહેરીને નાચતું નહી હતું! તેઓ સઘળા ઇંગ્રેજી નાટકો, ઇંગ્રેજી ભાશામાં ભજવતા હતા. અને એટલા માટે તેઓ ઇંગ્રેજી પેહરવેશ, પોતાની ગુજાસ પ્રમાણે બનાવી વાપરતા હતા.

નાઝરે મુંબઇમાં નાટકશાળાઓ એક હાથ કરવાની કીધેલી કોશેશ.

મરહુમ નાઝરે એક વખત પોતાના ભેજામાં એવી ધુન ધરી, ગુમાની સાથ નાટકનાં પોતાના વહીવટને મુંબઈમાં ધુમાવ્યો હતો, કે મુંબઇની સઘળી નાટકશાળાઓ એક હાથ કરી, નાટકનો ધંધો હું એખલો એખલે હાથે ચલાઉં! જ્યારે એવો વીચાર મરહુમ નાઝરને સુઝ પડયો, ત્યારે મુંબઇમાં ફકત બે નાટકશાળાઓ હયાત હતી. ગ્રાંટરોડવાળી શંકર શેઠની નાટકશાળા અને વીકટોરીયા થીએટર. પોતાનો એ વીચાર અમલમાં મુકવાના હેતુથી મરહુમ નાઝરે શંકર શેઠવાલી નાટકશાળા લાંબી મુદત માટે પટે રાખી, અને વીકટોરીયા મંડળીના તે વખતના એખલા માલેક મરહુમ દાદાભાઇ પટેલ (ઉરફે દાદી પટેલ, એમ. એ.) સાથ ભાગીદાર બની પોતાનું કામ આગળ ચલાવ્યું.

એ રીતે મરહુમે પોતાની મરજી મુજબ, બંને નાટકશાળાઓ એક હાથ કરી લીધી. શંકર શેઠવાલાં પેલાં જુના થીએટરમાં નાઝરની જાણીતી એલફીનસ્ટન નાટક મંડળી ખેલો કરતી હતી, અને વીકટોરીયા થીએટરમાં વીકટોરીયા નાટક મંડળી પોતાના ખેલો ભજવતી હતી. આ ભાગીદારીના ભાગમાં થતા ખેલો, મોટે ભાગે એકટરોને ઘણાજ ભારી પડવા લાગ્યા. વીકટોરીયા કલબના એકટરોને જેમ વીકટોરીયા કલબમાં તેમજ એલફીનસ્ટન કલબમાંમી તેઓને ફાળે પડતા ભાગો ભજવવા જવું પડતું હતું. મરહુમ નાઝરની એવી ગોઠવણ હતી, કે અમુક એકટર જેનો પાર્ટ રાતે દસ વાગે વીકટોરીયા કલબમાં જેવો પુરો થતો, તેવોજ તે એકટર રાતે અગીઆર વાગાને સુમારે એલફીનસ્ટન કલબમાં પાર્ટ કરવા શંકર શેઠની નાટકશાળામાં દોડી જતો. એવી ગોઠવણો અમલમાં મુકાઇ, અને મરહુમ એદલજી ખોરીએ લખેલો તુરજેહાન નામનો તવારીખી ખેલ, ઉરદુ ભાશામાં એલફીનસ્ટન કલબે ભજવવા માંડયો, અને તેમાં મરહુમ ખરશેદજી બાલીવાલાને, 'મોહબ્બતખાન'નો આગેવાન ભાગ ભજવવાની ફરજ પડી. ભાગીદારીની ગોઠવણો પ્રમાણે બાલીવાલાને તે પાર્ટ કરવાની ફરજ પડી. હતી. એ બનાવથી મરહુમ દાદી પટેલ ઘણાજ નારાજ થયા, અને એ ભેગી ભાગીદારીનું સેત્રટ લાવવા તત્પર થયા હતા. ટુંકમાં તેમજ થયું. તેઓ છુટા પડયા. વીકટોરીયા નાટક મંડળી મરહુમ નાઝરે રાખી લીધી; દાદી પટેલ અલગ થઈ ગયા, અને બંને જનો જુદા પડયા. પણ દાદી પટેલ કુંવરજીને ભુલાવે તેવા હતા. જેવા બંને ભાગીઆઓ છુટા પડયા, તેત્રાજ દાદી પટેલે વીકટોરીયા થીએટરની લગોલગ પાસે એલફીનસ્ટન થીએટરનો પાયો નાખી તેનું કામ ચાલુ કીધું.

મરહુમ કુંવરજી સોરાબજી નાઝર.



કુંવરજી નાઝર, તેવણુની કેળવણી અને તેવણુનો પહેરવેશ.

કુંવરજી સોરાબજી નાઝર એક ઉંચા કદના, કદાવર બાંધાના, ભરેલા આંગવાળા અને શોભાયમાન સ્વરૂપવાળા જવાન હતા. દેખાવે અને રૂઆબે તેવણુ મનપસંદ દીસતા હતા. પેહરવેશમાં તેવણુ બીલકુલ સાદા અને સુતરા હતા. કોલર કે નેકટાઇ જેવું તેવણુ કાંઇબી જાણુતા નહી હતા. હંમેશાં ચુંઇની જુની ઢબવાળી ડગલી, અને મોટે ભાગે લાલ રંગની પાજની ઇજાર (તે વખતના સાધારણુ રેવાજ પ્રમાણે), યા તો સુફેદ પાયજામામાં સજજ થયલા તેવણુ દેખાતા હતા. કોઇજ વખત જરૂર પ્રસંગે કાળો ડગલો પેહડતા હતા. મરહુમ એક ચુસ્ત ફ્રીમેશન હતા.

ઈ૦ સ. ૧૮૬૩ના સાલમાં મરહુમ કુંવરજી નાઝરે મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી, તેવણુ એલફીનસ્ટન કોલેજમાં અભ્યાસ વધારવા જોડાયા હતા. એવણુની

સાથે મેત્રીક્યુલેશનની પરીક્ષામાં પસાર થયલા પારસીઓમાં નીચલા જાણીતા પારસીઓ પણ પસાર થયા હતા.

૧ મરહુમ દાદાભાઇ સોરાબજી પટેલ.

૨ ,, રૂસ્તમજી મેરવાનજી પટેલ.

૩ ,, હોરમસજી અરદેશર વાડીઆ અને બીજાઓ.

એ સાહેબોમાં દાદાભાઇ પટેલ પાછળથી **M. A.** થયા હતા. રૂસ્તમજી પટેલ પાછળથી **B. A. L. L. B.** બની વકીલ થયા હતા, અને હોરમસજી વાડીયા પાછળથી બેરીસ્ટર બની રાજકોટમાં પોતાનો ધંધો ચલાવી વીખ્યાત થયા હતા.

એ સઘળાઓની સંઙ્ગમાંથી જુદા પડી, કુંવરજી નાઝરે કોલેજનો અભ્યાસ પડતો મુકયો હતો. મરહુમને ઇંગ્રેજી જબાન ઉપર ઘણોજ અચ્છો કાબુ હતો. ઇંગ્રેજીમાં એક છટાદાર ભાશણ કરતા તરીકે મરહુમ જાણીતા હતા. ઇ. સ. ૧૮૬૬ ના સાલમાં **The first Parsi Baronet** નામનું એક પુસ્તક કુંવરજી નાઝરે ઇંગ્રેજીમાં કવીતા રૂપે રચી પ્રગટ કીધું હતું.

કુંવરજી નાઝર એક એમેચ્યુઅર તરીકે.

બરોબર એજ વખતે એક એમેચ્યુઅર તરીકે કામ કરવાનો શોખ મરહુમને લાગી ગયો હોય, એમ લાગે છે. એલફીનસ્ટન કોલેજના પોતાના ગોઠીયાઓને ભેગા કરી, ઇંગ્રેજી ખેલો કરવાની મતલબથી એક કલબ ઉભી કરી હતી. તે કલબનું નામ એલફીનસ્ટન ડરામેટીક કલબ આપ્યું હતું. એ કલબનાં ઇંગ્રેજી ખેલો શંકરશેઠની નાટકશાળામાં થતા હતા. એ સઘળા ખેલોમાં કુંવરજી નાઝર મોટે ભાગે આગેવાન ભાગ ભજવતા હતા.

બરોબર એજ વખતની અતરાફમાં કુંવરજી નાઝરની પડખે તેવણુના બે મહા ભારત મદદગારો જે ખડા હતા, તે તેમના બેશી આજે રંગુનવાળા પ્રખ્યાત ડાકટર નશરવાનજી નવરોજજી પારખ, અને બીજા, આજે પુનામાં રીટાયર્ડ થઇ વસતા લેફ્ટનન્ટ કર્નલ ડાકટર ધનજીશાહ નવરોજજી પારેખ હતા, જેઓ જવાનીના બહારમાં એવા તો ખુશદીદાર હતા, કે તે વખતે તેઓ નાટક તખ્તા ઉપર સ્ત્રી પાત્રો ભજવી પાર વીનાની વીખ્યાતી મેળવી ગયા હતા.

લેફટનંન્ટ કરનલ ધનજીશાહ નવરોજી પારેખ I. M. S.



આગલા વખતના એક એમેચ્યુઅર, અને સ્ત્રીના પાર્ટ કરવામાં અસાધારણ વીખ્યાતી મેળવનાર.

કુંવરજી નાઝરને ધીમે ધીમે નાટકના ધંધાની લેહ એજ વખતથી લાગુ પડેલી હોવી જોઇયે, કેમકે એજ મિત્રો સાથ મળીને એવણે સ્થાપેલી અસલ એલફીનસ્ટન કલબ, હવે ધીમે ધીમે નવું અને જુદુ રૂપ ધારણ કરતી ગઇ, અને સેવટે ગુજરાતી પછી ઉરદુ ખેલો કરવાની પોતાની લાલચ તે અટકાવી શકી નહી. તોપણ તે એક એમેચ્યુઅર કલબ તરીકેજ કામ કરતી હતી. સઘળા એકટરો મોટે ભાગે જુનાજ ખેલાડીઓ હતા. તેઓ સઘળા નોકરી ધંધાના ધણી અને કેળવાયલા ગ્રહસ્થો હતા. તેઓમાં થોડાક નિચલા ગ્રહસ્થો હતા.

લેફટનંન્ટ કરનલ ધનજીશાહ નવરોજજી પારેખ, I. M. S.
કુંવરજી સોરાબજી નાઝર.
ડી. સી. માસ્ટર. (પાલખીવાલા)
પેસ્તનજી નશરવાનજી વાડીયા.
માણેકજી સુરતી.
કે એચ. કાગા.
મેરવાનજી નશરવાનજી વાડીયા.
ડી. એન. વાડીયા.
નશરવાનજી નવરોજજી પારખ, અને થોડાક બીજાઓ.

આ એમેચ્યુઅર મંડલ વરસમાં મોસમ ઉધડતાં, ચોકકસ હિંગામો ઉપર ઇંગ્રેજી ખેલો, ઇંગ્રેજી ઝબાંન અને તેને બરના પેહરવેશ સજી ભજવતા હતા. શેકસ્પીઅરના મરચંન્ટ ઓફ વેનીસના ખેલમા, કરનલ ધનજીશાહ પારખ, 'પોરશીઆ'નો, અને હની મુન નામના ખેલમાં, 'ઝામોરા'નો પાર્ટ બજાવતા હતા. એમેચ્યુઅર ખેલાડીઓના આ મંડલમાં, બીજા એક નામીચા ખેલાડી, તે મરહુમ પેસ્તનજી નશરવાનજી વાડીઆ હતા, કે જેવણુ પાછલથી બેરામજી જીજીભાઇ ત્રસ્ટ ફંડના મેનેજીંગ ત્રસ્ટી તરીકે મુકરર થયા બાદ, હમણાજ થોડાંક વરસ થયાં ગુજર પામ્યા છે. આ ગ્રહસ્થ સાથ મને કાંઇક મિત્રાચારીનું માન હોવાથી, એવણુના એમેચ્યુઅરીંગ માટે હું કાંઇક હવે પછી વધારે વિગતવાર લખી શકું એમ છે.

કુંવરજી નાઝર અને વીકટોરીયા કલબ.

નાટકના રણુસંગ્રામમાં, આ બલવંત અને જીગરવાલો જોધ્ધો, જે કામો કરી નાટકની તવારીખમાં પોતાનું નામ પોતાની પાછલ મુકી ગયો છે, તેની યાદ આજે કંઈ નાટક ટોલીવાલાઓ કરે છે? કોઈજ નહીં. પારસી નાટક તખતાની તવારીખજ ક્યાં લખાઇ છે, કે પારસી વીરલા નાટકીઓની નોંધ તેમાંથી મલી શકે?

હું કહું છું, સબબ હું જાણું છું, કે આખ્ખી પારસી નાટકની આજ દીન સુધીની તવારીખમાં એવા નોંધવા જોગ અને યાદ કરવા જોગ ઘણાજ થોડા-ચાર કે પાંચ - વીરલા પારસીઓ થઇ ગયા છે, કે જેઓએ નાટક તખતાને પોતાની જીંદગી અરપણુ કરી, પોતાના અંત સુધી તેઓ વળગી રહયા હતા. તેઓ માંહેલા એક આ મરહુમ કુંવરજી સોરાબજી નાઝર હતા. તેવણે નાટકના અનેક સાહસ માથે ઉઠાવ્યા હતા, અને અનેક જોખમોની જવાબદારી પોતાને માથે લીધી હતી. એક વખત કુંવરજી નાઝર, આખી એલફીનસ્ટન કલબના એખલા માલેક થયા; બીજી વખત આખી વીકટોરીયા કલબ અને એલફીનસ્ટન કલબ બંને કલબોના ભેગા માલેક થયા; અને ત્રીજી વખત આખી વીકટોરીયા કલબના એખલા માલેક થયા. મગર સીતારાની ચલણે યારી નહી આપી. અંતે સઘળી કલબોની માલેકી છુટી ગઇ. એ સઘળી વિગતોમાં જવું બેજરૂરતું છે.

ઇ. સ. ૧૮૮૫ ના સાલમાં લંડનમાં ભરાયલાં એક 'એકઝીબીશન'માં વીકટોરીયા નાટક મંડળીના તે વખતના નવા માલેકો, પોતાની કલબને જ્યારે તેઓ ઇંગલંડ લઇ ગયા હતા, ત્યારે કુંવરજી નાઝરને તેઓ પોતાના ખાસ 'એજંટ' તરીકે, ખાસ ગોઠવણો કરી પોતાની સાથે લઇ ગયા હતા. વીકટોરીયા નાટક મંડળીની વેલાતની સફરનો ઉવાલ હું હવે પછી રજુ કરનાર હોવાથી, અત્રે તેને લંબાવવાની જરૂર નથી; પણ એટલું તો કેહયા વગર ચાલતું નથી, કે વીકટોરીયા નાટક મંડળી સાથે એક એજંટ તરીકે જવાને લાયક, કુંવરજી નાઝર કરતાં વધારે બાહોશ ગ્રહસ્થ, એ મંડળીના તે વખતના માલેકોને બીજો કોઇબી મલ્યો નહી હતો.

 ૧૫૦૦૨

કુંવરજી નાઝરે સ્ટેજ કરેલો પેહલો ગુજરાતી ખેલ–કરણ ઘેલો.

ગુજરાતી નાટકો મુંબઇના નાટક તખતા ઉપર રજુ કરવા માટે કેખશરૂ કાબરાજીએ સ્થાપેલી પેલી પ્રખ્યાત નાટક ઉતેજક મંડળી વખણાઇ ગઇ હતી. પણ તે આગમચ કુંવરજી નાઝરના ભેજાંમા ગુજરાતી ખેલો કરવાનો ધખારો લાગુ પડેલો હતો. નાઝરે પોતાના કાબેલ ખેલાડીઓ સાથ મસલહત ચલાવી, એક હીંદુ ખેલ સ્ટેજ કરવાની સુચના કીધી. ઘણાકોને એ વાત પસંદ પડી, અને થોડાકાએ શક દેખાડયો, કે પારસીઓ હિંદુ જેવી ભાશા બોલી શકશે નહી. પણ નાઝરે કહયું કે એક 'ચાન્સ' લેવું જોઇયે.


તુરતજ ગુજરાતના ઇતીહાસનો એક કીસ્સો પકડી તેમાથી "ગુજરાતનો છેલ્લો રાજા કરણ ઘેલો," નાટક રૂપે લખાવી સ્ટેજ કરાવ્યો. આ ખેલમાં કેટલીક હિંદુ ધાર્મીક રસમો દેખાડવા, અને પારસી એકટરોને તે શીખાડવા, ખાસ હિંદુ બ્રાહમણો આવતા હતા. વળી સ્મશાન ભુમીમાં થતી કેટલીક ક્રીયાઓનો દેખાવ એ ખેલમાં સ્ટેજ થયો હતો. એ ખેલે ગુજરાતી આલમનું સારૂં ધ્યાન ખેંચ્યું હતું, પણ જેવી જોઇયે તેવી પ્રસંનતા મેળવી નહી હતી. એ ખેલમાં સઘળા ખેલાડીઓ જાણીતા પારસીઓ હતા. કરણ રાજા મરહુમ ફરામજી દાદાભાઇ અપુ થતા હતા જેવણની જવાન ઉમરનો એક ફોટોગ્રાફ, આ પ્રસંગે અત્રે રજુ કીધો છે. રૂપસુંદરીનું પાત્ર મરહુમ કાવસજી માણેકજી કનત્રાકટરે ભજવ્યું હતું. આ બંને ખેલાડીઓ માટે હવે પછી વધુ.

જવાનીના બહારમાં ખીલતો એક પ્રખ્યાત નાટકકાર મરહુમ ફરામજી દાદાભાઇ અપુ.



(રાજા કરણ તરીકેનો ભાગ ભજવ્યો ત્યારે.)

મરહુમ કાવસજી માણેકજી કંત્રાક્ટર.



આ ખેલાડી મરહુમ કુ. નાઝરનો માનીતો, સ્ત્રીના ભાગ ભજવતો હતો, અને નાઝર એવણને હંમેશાં 'વહુજી'ને લાડકે નામે બોલાવતા હતા.

કુંવરજી નાઝરની એલફીનસ્ટન કલબ.


કોઇ શુભ ચોઘડીએ સ્થાપેલું પેલું એલફીનસ્ટોનીઅનોનું મંડળ, કેવું ભાગ્યશાળી હશે, કે આજ સુધી તે નામની હસ્તી જળવાઇ રેહી છે! તે એમેચ્યુઅર મંડળમાંથી એલફીનસ્ટન કલબે જનમ લીધો હતો, જેણે પ્રથમમાં ઇંગ્રેજી નાટકો કીધા પછી ગુજરાતી નાટકો કરવા માંડયા, અને ત્યાર પછી તે મંડળીએ ઉરદુ નાટકો ભજવવાની શરૂઆત કીધા પછી, તે વીકટોરીયા નાટક મંડળી સાથ આમેજ થઇ ગઈ હતી.

પણ એલફીનસ્ટને જુની નાટકશાળામાં પેલા કાબેલ ખેલાડીઓ સાથ જે ધુમ મચાવી હતી, તેની નોંધ બેશક લેવી ઘટે છે. જુની એલફીનસ્ટને જ્યાં સુધી પોતાના કેળવાયલા ખેલાડીઓની મદદ સાથ ગુજરાતી ખેલો કીધા હતા, ત્યાંસુધી નાટક જોનારાઓના દીલ બેશક જીતી લીધાં હતાં. પણ જ્યારે મજકુર ખેલાડીઓ તેથી વીખુટા પડયા અને એલફીન્સટને ઉરદુ ખેલો ભજવવા માંડયા, ત્યારે તે એક ધંધાદારી કલબ તરીકે જાહેર થઇ હતી. જુની એલફીનસ્ટને કરેલા ગુજરાતી ખેલોમાં વખાણવાજોગ ખેલ જે સ્ટેજ કીધો હતો, તે અરેબીઅન નાઇટ માહેલો પ્રખ્યાત કિસ્સો, અલાઉદીન અને જાદુઇ ફાનસવાળો ખેલ હતો. એ ખેલ યાંત્રીક સીન સીનરીથી ભરપુર હતો. એમાં એકજ ખેલાડી જે તમાશબીન આલમનું ધ્યાન પોતાના હાવભાવ અને ઉંચી કીસમના ઇંગ્રેજી 'એકટીંગથી' ખેંચી મન જીતી લેતો હતો, તે મરહુમ ધનજીભાઇ સી. માસ્તર

ઉર્ફે પાલખીવાલા હતો. આ લખતી વખતે, તે મરહુમનો ચીતાર, તેનું ચોકકસ એકટીંગ, તેના હુન્નરમંદ exits અને entrances આ લખનારની નજર સામે આજેબી જાણે; તે દેખાતા હોય, એમ લાગે છે. તે જ્યારે યાદ આવે છે, ત્યારે આજના એમે ચ્યુઅરોની હાલત અને હુંન્નરમંદી ઉપર ધિક્કાર સિવાય કાંઇબી સુઝ પડતું નથી !

જ્યારે યાંત્રીક દેખાવો અને તલેસમની ગડબડથી ગ્રાંટરોડની નાટકશાળાઓ ધમ ધમવા લાગી, ત્યારે કુંવરજી નાઝરે લાંબો વિચાર કરી વળી એક નવો ખેલ એલફીનસ્ટન કલબ હસ્તક જુની નાટકશાળામાં રજુ કરાવ્યો. તે ખેલ 'ઇંદ્ર સભા'ને નામે જાણીતો કિસ્સો હતો. કુંવરજી નાઝરે તેમાં પણ યાંત્રીક દેખાવો રજુ કીધા. લાઇમ લાઇટનો 'રંગ–બેરંગીન ચીતાર,' આ ખેલમાં પેહલ્લીજ વાર મરહુમે રજુ કરાવ્યો હતો. ઇનદર રાજાની દરબારમાં આવતી રંગબેરંગીન પરીઓ, જ્યારે પ્રવેશ કરતી, ત્યારે આખી દરબાર તે પરીઆંઓના રંગ જેવી બની ઝકઝકી રેહતી! એ ખેલમાં તે વખતના પ્રખ્યાત ખેલાડીઓ મી૦ નશરવાનજી નવરોજી પારેખ (આજે ડાકટર) ગુલફામનો ભાગ ભજવતા હતા, અને માસ્તર શીયાવક્ષ રૂસ્તમજી માસ્તર (આજે બારીસ્ટર–એટ–લો), સબ્ઝ પરી તરીકે કામ કરતો હતો. રાજા ઇનદર પ્રસીધ્ધ પારસી ખેલાડી, જેણે ખુશરો–શીરીનના નાટકમાં પોતાની કીર્તી, શીરીનનો ભાગ ભજવી હાંસલ કીધી હતી. અને જે ખુરશેદજી બેહરામજી હાથીરામને નામે જણાયલો હતો, તેણે ભજવ્યો હતો,

મી૦ શ્યાવક્ષ, રૂસતમજી મારતર. (બારીસ્ટર–એટ–લો.)



એક પ્રખ્યાત બારગાંધવ. પેહલ્લી ઈન્દર સભામાં ડા૦ નશરવાનજી પારેખ ગુલફામ થતા હતા, ત્યારે આ ત્રણ ફુટના જવાને સબ્ઝપરીનો પાર્ટ ભજવ્યો હતો.

એ ઉપરાંત જુની એલફીનસ્ટને અનેક ખેલો ગુજરાતીમાં ભજવ્યા હતા. તે માહેલા કેટલાક મેં આગલા ભાગમાં જણાવ્યા છે, તેમ ડાકટર નશરવાનજી પારેખે

લખ્યા હતા. તે સઘળા ખેલોમાં બે ખેલો માટે મને ખાસ ટીકા કરવાની જરૂરત પડી છે. પેહલો ખેલ તે સુલેમાની સમશીર હતો. એના લેખક ડા૦ નશરવાનજી પારેખ હતા. એમાં યાંત્રીક દેખાવો ઠારેઠાર હતા. એ ખેલમાં મુખ્ય પાત્રો ડા૦ નશરવાનજી પારેખ, અને મરહુમ જમશેદજી ફરામજી માદન, કલકતાના મહાન વેપારી અને આગેવાન જરથોસ્તીના હતા. પણ એ બે ઉપરાંત એક અતી રમુજી પાત્ર, એ ખેલમાં 'આસ્માન–ચલ્લી'ને નામનું એક ખેલાડી ભજવતા હતા, તે ખેલાડી કોઇજ નહી પણ આપણા શેહરના જાણીતા શેહરી, સર દીનશાહ એદલજી વાચ્છાના ભાઇ, મરહુમ નશરવાનજી વાચ્છા હતા. મી૦ વાચ્છા એક 'કોમીડીઅન' હતા.

બીજો જે ખેલ તે પાકદામન ગુલનારને નામે લખાયલો હતો, તે ખેલ વીશે મારે ખાસ ટીકા કરવી છે. પણ બીજા પ્રસંગ માટે હું તે મુલતવી રાખું છું. મેં આગળ કોઇ ઠેકાણે નાટકનવેશો વિશે લખતાં એવો ઇશારો કીધો હતો, કે એ પાકદામન ગુલનારના લખનાર મરહુમ મી૦ નાનાભાઇ રાણીના હતા. પણ તે મારો ઇશારો પ્રગટ થયા પછી, મરહુમના દીકરા ડાક્ટર સોહરાબ રાણીના મને મળીને ખુલાસો કરી ગયા છે, કે તેમના મરહુમ પીતાના લખેલા લેખો અને નાટકોના જથ્થ માંથી, આ પાકદામન ગુલનારનો ખેલ મળ્યો હતો, મગર તે તેમના પીતાની કલમથી આખો ખેલ લખાયો હોય, એમ તેવણ માનતા નથી. ખરી વાત તો એ લાગે છે, કે ગુલનારનો નાટક લખનાર મરહુમ જાણીતા લેખક ખુરશેદજી બમનજી ફરામરોજ હતા, પણ તે ખેલને સુધારવા અને તપાસવા કદાચ મરહુમ મી૦ રાણીનાને તે આપ્યો હોય, અને મી૦ રાણીનાએ તે ખેલ નાઝરને ભજવવા સ્વાધીન કીધો હોય, એ બનવાજોગ છે! અજબ જેવું તો એ છે, કે એ ગુલનારનો ખેલ જ્યારે પુર ફતેહ મંદી સાથ વારંવાર ભજવાતો હતો, ત્યારે એ ખેલના હકદાર લેખકના નામને જરાબી પ્રસીધ્ધતા આપવામાં આવી નહી હતી. છતાં મરહુમ રાણીનાના દીકરા ડા૦ સોહરાબ કેહે છે, કે એ ખેલની અસલ નકલ જો કે હમો પાસેથી નીકળી છે, પરંતુ મરહુમ નાહનાભાઇએ એ નાટક લખેલો હોય, એમ હમો નકકી કેહી, મરહુમ ખુરશેદજી બમનજી ફરામરોજને હમો ગેરઇનસાફ થવા દઇશું નહી.

એલફીનસ્ટન નાટક મંડળીની જીંદગી.

કુંવરજી નાઝર એવી મનોવૃતીનો શહસ્થ હતો, કે પોતાની કલબ સંબંધી મુશ્કેલીની એક તસુ જેટલીબી ખબર પોતાની કલબના ખેલાડીઓના કાન ઉપર જવા દેતો નહી હતો. બબ્બે કલબો એકકી વખતે ચલાવી, અને અંતે એક દાહડે વીકટોરીયા કલબના આગેવાન એકટરોને બોલાવી જણાવ્યું, કે "હું મારી એલફીનસ્ટન કલબ ચાલુ રાખવા માંગુ છું, અને વીકટોરીયા કલબ હવે હું રાજીખુશીથી બંધ કરૂં છું. પણ તે આગમચ હું તમો સાહેબોને સુચવું છું, કે અગર જો તમારામાંથી કોઇ મોટા પગારવાળા ખેલાડીઓ સાથે મળી, વીકટોરીયા કલબને ચલાવવાનું માથે લીયે, તો હું કાંઇક સરતે આપવા રાજી થઇશ."

આ 'કોનફરંન્સ' મોટા પગારવાળાઓને મનપસંદ થઇ પડી. મોટા પગાર વાળાઓ એટલે રૂ. ૬૦) અને ૪૦-૫૦) રૂપીયાના પગારવાલા, તે વખતે નિચલા એક્ટરો હતા. ખુરશેદજી બાલીવાળા, ફરામજી અપ્પુ, ડોસાભાઈમગોલ, ધનજીભાઇ ઘડીઆળી. આ સાહેબોએ આ સવાલ ઉપર ખાનગીમાં વિચાર ચલાવી, મરહુમ દાદાભાઇ ઠુંઠીની સલાહ લીધી, અને પરીણામ એ આવ્યું, કે એ પાંચ સાહેબોએ કુંવરજી સાથ ચોકકસ કરાર કરી, વીક્ટોરીયા કલબની તમામ 'પ્રોપરટી' અને સઘળા ખેલોના કોપીરાઇટ લઇ લીધા. આ પાંચ સાહેબોએ મરહુમ દાદાભાઇ ઠુંઠીને પોતાના આગેવાન ભાગીદાર અને ડીરે-કટર બનાવ્યા. કુંવરજી નાઝરે પોતાની જોખમદારી ઓછી કરી નાખી, અને એલફીન-સ્ટન કલબને ગળે બાંધી. તેના ઉપર ધ્યાન આપવા માંડયું. વીક્ટોરીયા કલબ તેના નવા પાંચ માલેકોએ ચલાવવી શરૂ કીધી, અને તે ફેરી રીતે પાછી પગભર બની ટટાર થઇ, તે એક બીજીજ વારતા છે, અને તે તેને લાયક પ્રસંગે લખાશે.

એલફીનસ્ટન કલબના બરડાના કોઠા સમાન જે બે-ચાર ખેલાડીઓ હતા, તેમાં આગળ જણાવ્યા પ્રમાણે ડા૦ ન. ન. પારેખ, અને જમશેદજી માદન, ફરાંમજી સકલાત તથા નસરવાનજી વાચ્છા વિગેરે હતા. તેઓએ નવા નવા ખેલો લખાવવા માંડયા, અને કરા વવાબી માંડયા. મોટે ભાગે જ્યાંસુધી મને યાદ છે ત્યાંસુધી, ડા૦ ન. પારખે તે સઘળા ખેલોમાં આગેવાન ભાગ ભજવ્યા હતા. ડાકટર પારખ એક અચ્છા ગળાંબાઝ ગાયન કાર, અને એક પેહલી પંકતીના ખેલાડી હતા. એવણના એકટીંગની નકલ આજુબા-જુમાં કામ કરતી બીજી નાટક ટોળીના એકટરોએ કરવા માંડી હતી. અને તેની ચોકકસ રીતભાત ત્યાર પછી મરહુમ કાવસજી ખટાઉ, અને મરહુમ જેહાંગીર ખંબાતાને ઉડી વળગી હતી. પણ મરહુમ દાદાભાઇ ઠુંઠી તે ઢબછબને પસંદ કરતા નહી હતા, અને પોતાના એકટરોને હંમેશ તેવી રીતે એકટીંગ કરતા અટકાવતા હતા.

કુંવરજી નાઝરની જીંદગીનું વૃતાંત લખવાની જોખમદારી મેં માથે લીધી નથી, પણ નાટકની ચળવળોમાં તેઓએ પોતાની જીંદગીની ધુળ કરવામાં સેહજબી કચાસ રાખી નહી હતી. એ હકિકત સીલસીલાબંધ લખવી બેજા છે, મગર એવણની જીંદગીન મુખ્ય બનાવો જાણવાજોગ છે.

કુંવરજી નાઝર, ગેઇટી થીએટરના માલેક.

નાટકનો ધંધો હવે ચહડતીમાંથી નિકળી પડતીમાં આવી પડયો હતો. તોપણ કુંવરજી નાઝરને મન શાંતી થઇ નહી. ડાકટર ન. ન. પારેખ એલફીનસ્ટન કલબમાંથી ફારેગ થઈ, ઇંગલંન્ડ જઈ, ત્યાંની ડીગ્રી મેળવી, રંગુનમાં તબીબી ધંધામાં જઇ પડયા એલફીનસ્ટન નાટક મંડળી, મરહુમ જમશેદજી માદનની એખલી માલેકી હેઠળ ગઇ, અને કુંવરજી નાઝરે હવે બીજી તરફ પોતાનું ધ્યાન દોડાવવા માંડયું.

કોટના લતા તરફ પેહલે વાઘેની એકબી નાટકશાળા યુરોપીઅન નાટક ટોળી વાળાઓ માટે હતી નહી. લંડન અને ઓસ્ટ્રેલીઆથી આવતી યુરોપીઅન નાટક

ટોળીઓ કલકતે જઈ, ત્યાંથીજ વિખરાઈ જઈ છુટી પડતી હતી, અને મુંબઈના યુરોપીઅનોને ઇંગ્રેજી નાટક જોવા વિના રેહી જવું પડતું હતું. એવા સંજોગ વચ્ચે, કુંવરજી નાજરે કોટના લત્તા ઉપર, એક નવી નાટકશાળા યુરોપીઅનો માટે બાંધવાની, અને યુરોપીઅન નાટક ટોળીઓને વેલાતથી બોલાવી, તે નાટકશાળામાં ઇંગ્રેજી ખેલો કરાવવાની યોજના રચી.

એ યોજના મરહુમે અંતે પાર પાડી હતી. બોરીબંદરના સ્ટેશન સામે એક દીલપસંદ જગ્યા મરહુમે પસંદ કીધી, અને તે જગ્યા પોતાના વગવસીલાથી મેળવી, ત્યાં એક દમામદાર નાટકશાળા બંધાવી તઇયાર કીધી.

એ નાટકશાળાનું નામ મરહુમે ગેઇટી થીએટર આપ્યું. એટલું કરીને નહીં ધરાતાં એ નાટકશાળામાં ઇંગ્રેજી નાટકો કરાવવા માટે, લંડનના પોતાના એજંટ મારફતે એક સારી જેવી નાટક ટોળી ગેઇટી થીએટર માટે મંગાવી હતી. એ ટોળીના ખેલો થોડા ઘણા ફતેહમંદ નીવડયા હતા, મગર પાછળથી કુંવરજીની નજરમાં તેમના નાટકો કમપસંદ થઇ પડયા, અને આમદાની પણ પડી ભાંગી. આ પડી ભાંગેલી આમદાનીને સુધારવા મરહુમ દરરોજ તે લોકોની રીહરસલમાં પોતે જાતે હાજર થઇ, ઘટીત સુચનાઓ કરતા હતા.

ઇંગ્લંડથી આવેલી એક ઇંગ્રેજ કંપનીને મુંબઇનો એક પારસી 'ડીરેકશન' આપે, એ વાત તે કલબના ગોરા ઇંગ્રેજ એકટરોને; અને મદમ ખેલાડીઓને ગળે ઉતરી નહીં, અને તેઓએ અપમાન માની લીધું. મગર લખતની રૂએ તે લોક બંધાયલાં હોવાથી લાચાર થઇ પડયાં હતાં.

મીસ બરચનફ અને મી૦ નાઝર ગેઇટીના સ્ટેજ ઉપર.

નાટકની આવક ઘટી ગઇ, એટલે મરહુમ નાજરે કાંઇક નવું ખેંચાણ કરવાની યોજના રચી. મરહુમે Honey Moon નામનો એક ઇંગ્રેજી નાટક, સ્ટેજ કરવા આ વેલાતથી આવેલી કંપનીને ફરમાવ્યું. એ ખેલમાં મુખ્ય સ્ત્રીનું પાત્ર, મંડળીની એક આગેવાન એકટ્રેસ, મીસ બરચનફને આપ્યું, અને તે નાટકમાં તેણીના ખાવીંદનો પાર્ટ બજાવવા મી૦ નાઝર પોતે બહાર પડયા !

એક પારસી સાથ વેલાતની ગોરી મદમ ધણી ધણીઆણી તરીકે સ્ટેજ ઉપર પાર્ટ કરે, એ ઇંગ્રેજી નાટકની તવારીખમાં એક અપુર્વ બનાવ હતો ! આખી મંડળીના મડમો તેમજ જાંગલાઓ–ખળભળી રહયાં ! આ ખબર જાહેર છાપામાં પ્રગટ થતાંજ અને મી૦ સી. એસ. નાઝર, ગેઇટી કંપનીવાલી મીસ બરચનફ સાથ, 'હનીમુન'ના ખેલમાં પાર્ટ કરનાર છે એમ જાહેર થતાંજ, તે ખેલ જોવા માટે મોટું ખેંચાણ થયું હતું. એલફીનસ્ટન કોલેજના આગલા તેમજ પાછલા વીદયારથીઓ, એક એલફીનસ્ટોનીઅનની વાકચાતુરી, છટાબાજી અને 'હીસ્ત્રીઓનીક ટેલન્ટ' જોવા મોટી સંખ્યામાં ઉતરી પડયા હતા. આખી મુંબઈની પ્રજા ચકચારમાં પડી હતી ! અંતે ખેલનો દીવસ આવી પુગ્યો.

મી૦ નાઝરની એક 'ખામી'—ખામી કહો કે 'ખુબી.'

નાટક તખ્તા ઉપર કંઇ અને કંઇ નવું કરવાની ઉલટ આ પારસી નાટકીમાં ઘણીજ હતી. અને તેમ કરવામાં તેને તેનો આગલો અનુભવ ઘણોજ કામે લાગતો હતો. એવીજ કીસમની એક સફાઇ, જુની નાટકશાળામાં આવેલી એક ઇંગ્રેજી નાટક કંપની સાથે પોતે સામેલ થઇ કીધેલી ઘણીજ લોકપ્રીય થઇ પડી હતી.

પ્રખ્યાત–'રતી મેદમ'—ગ્રેસ ડારલીંગનું પારસી લેબાસમાં સ્ટેજ થવું.

જુની નાટકશાળામાં આવી ઉતરેલી એક ઇંગ્રેજી કલબને, મી૦ નાઝરે એક સુચના કીધી હતી, કે પારસી અને ઇંગ્રેજ કમ્યુનીટીનું ખેંચાણ કરવા માટે, કલબની અમુક એકટ્રેસને, પારસી બાંનુના વેશમાં સ્ટેજ કરવી, અને એક ઇંગ્રેજી ગાયન ગવડાવવું. આ સુચના તેજ વખતે અમલમાં મેલાઇ હતી, અને મી૦ નાઝર જેવણ ઇંગ્રેજી કવીતા જોડવામાં બાહોશ હતા, તેવણે એ પાત્રના મોહડાંમાં વખતને અનુસરતું એક ઇંગ્રેજી ગાયન જોડ્યું હતું. એ ગાયન ઘણુંજ લોકપ્રીય થઈ પડ્યું હતું, અને જે મદમ એકટ્રેસે, પારસી બાંનુનો વેશ પેહડી તે ગાયન રજુ કીધું હતું, તે બાંનુનું નામ 'ગ્રેસ ડારલીંગ' પંકાઇ ગયું હતું. ! આ ગ્રેસ ડારલીંગનો, પારસી બાનુના પેહરવેશમાં તે વખતે લીધેલો ફોટોગ્રાફ, જે હમોએ મરહુમની લાઇબ્રેરીમાંથી ખાસ મેળવ્યો છે, તે અત્રે રજુ કીધો છે.

મીસ ગ્રેસ ડારલીંગ.



જેણીએ રતી–મેદમ તરીકે પારસી લેબાસ સજી, મુંબઇમાં જુની નાટકશાળાના તખ્તા ઉપર હો-હોકાર મચાવ્યો હતો. જેણીએ 'રતી મેદમ' ઇઝ માઈ નેમ' વાલું મી૦ નાઝરે રચેલું ગાયન લલકાર્યું હતું.

અસલ બાબદ ઉપર જતાં, બોલ્યા વિના ચાલતું નથી, કે મી૦ નાઝર એક આલા દરજ્જાના ખેલાડી અને ડીરેકટર હતા. તેમજ તેવણ એક જબરા જાહેર વકતા હતા. પણ જેમ બીજા ઘણાક જાહેર વકતાઓમાં જોવામાં આવે છે, તેવી એક ખામી, મરહુમ નાઝરમાં જાએજ હતી. તે ખામી એજ, કે જાહેરમાં બોલતાં, યા વિવેચન કરતાં, બોલવાની ઝેનમાં તેઓ પોતાની જબાન ઉપર કાબુ રાખી શકતા નહીં હતા.

ધ્યાન રાખવું કે વેલાતની એક ગોરી એકટ્રેસ સાથે, એક પારસી, તેણીના ધણી તરીકેનો પાર્ટ કરવા સ્ટેજ ઉપર ઉતરનાર હતો. ગેઇટીની આ મોસમ નાણા સંબંધી હાલતમાં કેવળ નિસ્ફળ નિવડયાથી, કુંવરજી નાઝર તેનો સઘલો ઠપકો ખેલાડીઓને માથે નાખતા હતા. અધુરામાં પુરું, મીસ બરચનકે ખેલની પેહલી રાતે પોતાના પાર્ટ દરમ્યાન કાંઇક કાચું કાપ્યું, એટલે 'હનીમુનનો' નાટક ખલાસ થતાંજ, મી૦ નાઝરે ફુટ લાઈટ આગલ નિકલી આવી, હાજર રહેલાઓનો ઉપકાર માન્યો, અને ત્યાર બાદ વેલાતથી મંગાવેલા એકટરો અને એકટ્રેસો બંનેની ખુબી અને ખામીઓ ઉપર તેવણે ઘણાજ કાતીલ ટીકા કીધા હતા. આ ચોકકસ ટીકાવાલાં ભાશણથી યુરોપીઅનો ઘણાજ કચવાયા હતા. મી૦ નાઝરના ભાશણની આ ખામી હોય કે ખુબી હોય, પણ મરહુમે પોતાની જબાન ઉપર કાબુ રાખ્યો નહી, અને તેનું પરીણામ એ આવ્યું, કે યુરોપીઅનોએ મોટે ભાગે ગેઇટીમાં જવાનું મોકુફ કીધું. ટાઇમ્સ ઓફ ઇન્ડીઆએ ખેલાડીઓની 'બીફ' ઉંચકી લીધી હતી, એકટરોએ પોતાને થયલાં અપમાનવાલા ટીકા મી૦ નાઝર પાસે પાછા જાહેરમાં ખેંચાવી લીધા હતા, અને આ લંબાણ કિસ્સાનું આવી રીતે સમાધાન થયું હતું.

અને ગેઇટી થીએટરની સીઝન પુરી થઇ. ગેઇટી થીએટરની તવારીખ, તેની ચહડતી અને પડતીના રસીલા હેવાલમાં સમાયલી છે, પણ તે કિસ્સા સાથ આપણને કાંઇ ઝાજી નિસ્બત નથી. એટલોજ સંતોશ લેવો બસ છે, કે ગેટી નાટકશાળાનો બાધનાર, એક પ્રખ્યાત પારસી નાટકકાર હતો, અને તે પારસી કોઇજ નહી પણ મરહુમ કુંવરજી સોરાબજી નાઝર હતો.

કુંવરજી નાઝર નાટક લખનાર તરીકે.

એ બાબદ હું કાંઇ ઝાજું લખી શકતો નથી. આ વાત ખરી છે, કે નાટકના લખનારાઓને મરહુમ નાઝર ઇંગ્રેજી નાટકોના ગુજરાતી ખોખાં ઘડી આપતા હતા, અને તે અમુક રીતે લખવાની તેઓને સુચના કરતા હતા. મને હજી યાદ છે, કે એવી રીતે અનેક ખોખાં, ઉરદુ નાટક લખનારને આપવા મરહુમ લખી કે લખાવી કાહડતા હતા, અને તેને આધારે મુનશીઓ ઉરદુ ખેલ લખતા હતા.

કુંવરજી નાઝર એક એકટર તરીકે !

સફર દરમીયાંન તેવણુનું ગંમખાર મરણ.

પોતાની ચહડતીની જાહોજલાલી પછી, મરહુમે ઈ. સ. ૧૮૮૫ ના સાલની અતરાફમાં એક નવી નાટક મંડળી સ્થાપી, નાટકનો ધંધો બાહરગામોમાં ચલાવવા માંડયો હતો. પોતાની એ માનીતી મંડળીનું નામ ધી જ્યુબીલી થીએત્રીકલ કલબ રાખ્યું હતું. એ મંડળીમાં પોતાને મનપસંદ આગેવાન ખેલાડીઓ નહી મળ્યાથી, જણાવવામાં આવે છે, કે મરહુમે ચોકકસ ઉરદુ ખેલમાં પોતે પાર્ટ બજાવવાની શરૂઆત કરી હતી. એક ડીરેકટર તરીકે, એવણે ઇંગ્રેજી તેમજ પોતાની એલફીનસ્ટન કલબમાં કામ કરેલું હોવાથી, એવણુની શકતી વિશે ઝાજો શક હતો નહી, પણ મુંબઇથી દુર દેશાવરોમાં ઉરદુ કંપનીમાં એક ખેલાડી તરીકે મરહુમે કેવી રીતે કામ કીધું હશે, તેનો નજરે જોયા વિના કંઇપણ ખ્યાલ કલપી શકાય એમ નથી. જો કે ઇંગ્રેજી ખેલોમાં મરહુમના સઘળાં entrances, અને દર એક exists હંમેશાં ઘણાજ એસ્પ્રુલ, અને મનહરણ રેહતાં હતાં, એટલે માની શકાય છે, કે પોતાનો તે હુન્નર, ઉરદુ ખેલોમાં પણ આમેજ કીધો હશે.

પોતાની આ નવી મંડળી સાથ રજવાડામાં ખેલો કરતા મરહુમ મારવાડના મુલકોમાં સફર કરતા હતા. એ વખતે તોંગના રાજ્યમાંથી સફર કરી પાછા ફરતા રસ્તાની સખત ગરમીના તપોટામાં સફર દરમીયાન, માથે લોહી ચહડી જવાથી, તેવણ તતકાળ મોતને વશ થઇ પડયા હતા. મરહુમને ત્યાંથી જયપોરના રાજ્યમાં લાવી, ત્યાંની જરથોસ્તી આરામગાહમાં દફનાવ્યા હતા, જે વખતે મરહુમના એક પુરા દીકરા મી૦ રૂસ્તમ કુંવરજી નાઝર, બી. એ., એલ. એલ. બી. તેવણુની સાથે હતા.

—— :૦: ——

[૨૮]

મરહુમ પેસ્તનજી નશરવાનજી વાડીયા. યુનીવરસીટીના ફેલો.



એક પ્રસીધ્ધ પારસી અમેચ્યુઅર. (ઇ. સ. ૧૮૫૮.)

મરહુમ શેઠ પેસ્તનજી નશરવાનજી વાડીયા.

ગયા અંકમાં આપેલા એલફીનસ્ટોનીઅન એમેચ્યુઅરોના બંને ગરૂપમાં બેઠેલા પારસી જવાનો માહેલા થોડાક શાહેબોને હું જાતે ઓળખતો હોવાથી તેમને માટે આજે હું કાંઇક લખવા માગું છું. એ માહેલા એક મરહુમ મી૦ પેસ્તનજી નશરવાનજી વાડીઆ છે. તેવણ મરહુમ મી૦ કુંવરજી નાઝરના સંબંધમાં આવ્યા હતા. આ સંબંધતું પરીણામ 'એમેચ્યુઅરીંગ'માં આવ્યું હતું. હીર્યાજ કુંવરજી નાઝરને મી૦ ડી. એન. વાડીયા મલ્યા હતા, જેવણે પોતાનો ઇંગ્રેજીનો અભ્યાસ ચાલુ રાખ્યો હતો, અને સેવટે M A. ની પદવી પામ્યા હતા. એ મી૦ ડી. એન. વાડીયા પાછળથી સર જમશેદજી જીજીભાઈ બારોનેટની ધર્મખાતાની સ્કુલના વડા પ્રીનસીપાલ નેમાયા હતા, અને તે ઓધ્ધો મરહુમ સેવટ સુધી માન સાથ ભોગવી 'રીટાયર' થયા હતા. મરહુમ મી૦ ડી. એન. વાડીયા (ડોસાભાઇ નશરવાનજી વાડીયા) મુંબઇના જાણીતા બારીસ્ટર મી૦ રૂસ્તમ વાડીયાના પીતા થતા હતા. પાંચમા સફા ઉપર આપેલા ફોટોગ્રાફમાં મી૦ ડી. એન. વાડીયા એક સ્ત્રી પાત્રના પેહરવેશમાં બેઠેલા જણાય છે.

મરહુમ પેસ્તનજી વાડીયા એક ચુસ્ત ફ્રીમેશન હતા. દીલના ઘણાજ માયાળુ, દોસ્તો તરફ ઘણીજ મેહરબાનીભરી લાગણી ધરાવનારા ભલા ખવાસના નર હતા.

મી૦ પેસ્તનજીના ભલા ખવાસનો એકજ દાખલો.

મરહુમ ઝોરાસ્ત્રીઅન કોનફ્રરંસની તરફ઼ ઘણી દીલસોજી ધરાવતા હતા. મજકુર કોન્ફરન્સની એક સભા કોટમાં આવેલી એક નાટકશાળામાં જ્યારે થોડાક ચીબાવલા પારસી છોકરાઓના તુફાનને લીધે અધુરે ગઇ, ત્યારે કોનફરન્સના પેશકારોના દીલ ઘણાજ આઝુરદે થયાં, અને એવો ઠરાવ કીધો, કે કોનફરન્સના વીરોધીઓ તરફથી થતા મેળાવડા, જે તે વખતે ચર્નીરોડના સ્ટેશન સામે આવેલી બેરામજી જીજીભાઇની સ્કુલના ગંજાવર મકાનના હોલમાં થતા હતા, તે મેળાવડા માટે મજકુર સ્કુલનો હોલ ભાડે આપવો નહી.

એતેફાક એવો બન્યો, કે જશન કમીટી તરફથી તે વખતે અમુક તેહવાર પ્રસંગે આ અદના લખનારને શાહનામાનું એક કીર્તન, એ સ્કુલના હોલમાં કરવાનો મોકો બરપા થયો હતો, અને રાબેતા પ્રમાણે તે માટે હોલના પેશકારો પાસથી રજા મંગાવતાં જવાબ આવ્યો, કે હોલ કીર્તન માટે જશન કમીટીને મળી શકશે નહી. ધ્યાન રાખવુ કે તે વખતે કાવસજી રેડીમનીવાળો પબ્લીક હોલ જે હાલમાં સર્વ માટે ખુલ્લો પડયો છે, તે તઇયાર નહી થયલો હોવાથી, જશન કમીટીના મેળાવડાઓ ઉપર મોટો કાપ પડવાનો સંભવ ઉભો થયો.

જશન કમીટીના ધુંધી સેક્રેટરી મી૦ નશરવાનજી મુનશીએ તેજ વખતે આ ખબર મને આવી આપી, કે હવે શાહનામાંના તમારાં કીર્તન કેવી રીતે જશન કમીટી રજુ કરાવી શકે? મેં કહ્યું કે હોલ નહી આપવાનો કોણે હુકમ કીધો છે, અને એ હુકમ કોણ ફેરવી શકે? મી૦ મુનશી બોલ્યા કે "તમે મારી સાથે મી૦ પેસ્તનજી

વાડીયા પાસે ચાલો. તેવણ તમુને સારી રીતે ઓળખે છે, અને તમે બે બોલ કેહશો, તો જરૂર હોલ કીરતન માટે આપવાનો હુકમ કરશે."

આ ફરમાસ મુજબ હું મી૦ મુનશી સાથે મી૦ પેસ્તનજી વાડીયાને બંગલે ગયો. ઘણીજ માયાળુ મમતાથી મરહુમે મને જોતાંજ કેહયું કે "વેલ, ધનજીભાઇ તમે શું હોલને માટે આવ્યાછ કે? પણ તે મળે તેમ નથી. તમે લોકે કોનફરન્સને ભાંગી પાડી, અને હવે હું તમુને કેવી રીતે ઉતેજન આપું." મેં કેહયું કે કોનફરન્સને ભાંગી પાડ નારાઓના કલાસમાં મી૦ પેસ્તનજી, તમો મને આમેજ કરોછ? મેં કોનફરંસ ભાજી પાડી?" મરહુમે કહયું કે:

જાહેર મેળાવડા ભાંગી પડવાની રીત!

"ધનજીભાઇ, હું એમ નથી કેહતો, કે તમે પોતે ભાંગી પાડી. જુવો હું એક રીત તમુને એવી દેખાડું, કે એક હજાર માણસનું ગેધરીંગ, હું ફક્ત ચાર-પાંચ પોરીઆઓની મદદથી ભાજીને વીખેરી નાખું! એક માણસને હોલના એક ખુણામાં બેસાડું, બીજાને હાઉસની વચમાં બેસાડું, તીજા અને ચોથાને એજ રીતે હાઉસમાં જુદે જુદે ઠેકાણે શીખવીને બેસાડું, અને જ્યારેબી તખતા ઉપર કોઇ બોલે કે ભાશણ કરે, ત્યારે ચાર જણો વારા ફરતી, એક એક પછી ચાલુ હરકત કરયા કરે, તો ગમે એવું આબરૂદાર 'ગેધરીંગ' કંટાળી જઇ વીખરાઇ જાય!"

એ પછી મેં મી૦ વાડીયાને અરજ કરી કે તમે એવો ઘણોજ કરડો ઠરાવ કરી શાહનામાની મારી હીલચાલને તમે ખોરંબે પાડશો. એ કામને તમારાં ઉતેજનની જરૂર છે. એ પછી મરહુમે હસી પડી જણાવ્યું કે ઠીક છે, તમે હોલનો ઉપયોગ કરજો, હું લાગતા વળગતાઓને લખી જણાવીશ કેવો ભલો અને ઉદાર ખવાસ.

મી૦ વાડીયાની નાટક તરફ ફીદાગીરી.

કુંવરજી નાઝરથી એલફીનસ્ટોનીઅન એમેચ્યુઅરો છુટા પડયા. છુટા પડવાનું મુખ્ય કારણ મી૦ નાઝરે ગુજરાતી અને ઉરદુ ખેલો કરવાની શરૂઆત કીધાનું હતું, એટલે દેખઇતું હતું, કે મી૦ પેસ્તનજી વાડીવાએ એવા ઝમેલામાં જવું વાજબી નહી ધાર્યું, અને મરહુમ નાઝર સાથનો સંબંધ છુટો કીધો. આ કેળવાયલા જવાનોનો સ્ટેજ સાથનો સંબંધ છુટો થયાથી, કેળવાયલા પારસી જવાનો જેઓ ઇંગ્રેજી ભાશામાં ખેલો અવારનવાર કરતા હતા, તેઓની ઉલટ એકદમ મંદ પડી જાય, અને નવા નવા કોલેજમાં શીખતા પારસી જવાનો, એ નાટકી શોખ તરફ ખેંચાતા બંધ પડે, એમ માની મરહુમ પેસ્તનજી વાડીયાએ પોતાનો એક એમેચ્યુઅર તરીકેનો શોખ લાંબો વખત સુધી ચાલુ રાખ્યો હતો, અને મરહુમની તે કોશીશો ઘણીજ ફતેહમંદ નીવડી હતી. શેકસપીઅરના ખેલો કરવાનો અને તેમાં ભાગ લેવાનો મરહુમને ભારી શોખ હતો, પણ એવણના એક વખતના માનીતા ગોઠીઆઓ છુટી પડયા પછી, તેવા ખેલો કરવા અશકય થઇ પડયું, છતાં મુંબઇમાં શેકસપીરીઅન ખેલાડીઓ ઇંગ્લંડથી જ્યારેબી

છુટા છવાયા આવતા, ત્યારે તેઓને જોવા અને તેઓને સાંભળવા મરહુમ હંમેશાં ગેઇટી થીએટરમાં દેખાતા હતા. અને એ રીતે બેન્ડમેન, ફેરફલો, મીસ પોર્ટર અને મીસ પોમેરોય, તેમજ જ્યોર્જ બેલ્યુને સાંભળવા ખાતર એકથી વધુ વખત ગેઇટીમાં મેં એવણને જોયા હતા.

આગલા પ્રસીધ્ધ પારસી એમેચ્યુઅરો.

આ લખતાં એવો ખ્યાલ આવે છે, કે એક અવલ દરજ્જેના હુનરની ખુલધાણી કરવા માટેજ આજના જમાનામાં નાટકના એકટરોને શું ઇશ્વરે જન્મ આપ્યો હશે! જે મહાન નરોએ નાટકના હુન્નરને એક આસમાની હુન્નર સમજી, તેને સુધારવા અને વધારવા પોતે કંમર કસી રંગભુમી ઉપર, પોતાના કીમતી વખતના ભોગે નાટકના હુન્નરને તમાશબીન આલમ રૂબરૂ રજુ કરી નામના મેલવી હતી, તે હુન્નરની આજે થોડાક લેભાગુ એક્ટરોએ કેવી ગતી કરી છે, તે સમજદાર આલમથી હવે અંધારાંમાં રહયું નથી.

જરા ધ્યાનથી વાંચો :મેહરબાનો, કે આગલા વખતમાં કેવા કેવા જાણીતા પારસી હીરાઓ, નાટકનો તખતો એમેચ્યુઅરો તરીકે ગજાવી ગયા છે. ધ્યાન રાખજે મેહરબાનો, કે તેઓ પેટની પુંજાને ખાતર, એ ખેલો કરતા નહીં હતા. વળી વધુ ધ્યાન રાખજો, કે તેઓ કાંઇ 'બેનીફીટ નાઈટ'ને ખાતર નાટક કરતા નહી હતા. કેમકે તેઓ સઘળા કેળવાયલા, ઇજ્જતદાર અને ખાનદાની તોખમના, ભલા અને ઉદાર મનોવૃતીના હતા. ઘણાજ થોડાઓની હું તમુને આજે ઓળખ આપું છું.

૧. મરહુમ રૂસ્તમજી મેરવાનજી પટેલ B. A., L. L. B., પાછળથી મુંબઇની સ્મોલ કોઝ કોર્ટના ચીફ જડજ.

૨. દાદાભાઈ સોરાબજી પટેલ. M. A. પારસી કોમના અકાબર, અને ત્રસ્ટી સોરાબજી ફરામજી પટેલના વડા દીકરા.

૩. હોરમસજી અ. વાડીયા, (પાછળથી સર હો૦ વાડીયા) બારીસ્ટર. (એક લેડી એકટર તરીકે.)

૪. નસરવાનજી હીરજીભાઇ પટેલ. એક અંદર ગ્રેડયુએટ. F. E. A. એલફ્રેડ હાઈ સ્કુલના માલેક અને સ્થાપક.

૫. બરજોરજી એદલજી મોદી, B. A., L. L. B. સુરતની સ્મોલ કોઝ કોર્ટના જડજ.

૬. જેહાંગીર એદલજી દાવર, એક ગ્રેજ્યુએટ.

૭. ખરશેદજી સીરવાઇ. મુંબઈના ઇનકમટેક્ષ કલેકટર.

૮. હોરમસજી જેહાંગીરજી ભાભા, M. A. માઇસોર સ્ટેટના ડીરેકટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રકશન (એક લેડી એકટર તરીકે).

૯. ફરામરોજ રૂ. જોશી, ગવરમેન્ટ સેન્ત્રલ પ્રેસના સુપ્રીનટેનડન્ટ (લેડી એકટર તરીકે).

૧૦. પેસ્તનજી નસરવાનજી વાડીયા, બેરામજી જીજીભાઇ ત્રસ્ટ ફંડના મેનેજીંગ એજંટ.

૧૧. ડી. એન. વાડીયા, (ડોસાભાઇ ન. વાડીયા) M. A. સર જ. જી. ની ધર્મ-ખાતાંની સ્કુલના પ્રીન્સીપાલ.

૧૨. જમશેદજી ઉનવાલા, M. A. ભાવનગર સ્ટેટના ડીરેક્ટર ઓફ પબ્લીક ઇન્સ્ટ્રક્શન

૧૩. એમ. એન. વાડીયા, મુંબઇ મ્યુનીસીપાલીટીના આગલા સેક્રેટરી.

વાંચક મહેરબાન, એમ નહી સમજવું કે આ ટીપ પુરી થઈ છે. એ હજી લંબાવી શકાય એમ છે, પણ મને હજી બીજુ એટલું બધું વધારે લખવું છે, કે જે આ બાબદ ઉપર ઘણુંક અજવાળું નાખે છે.

પેસ્તનજી વાડીયાની નાટકી ચળવળો.

જરા ધ્યાન આપી વાંચશો તો તમુને જણાશે, કે મરહુમ પેસ્તનજી ન. વાડીયાની એક એમેચ્યુઅર તરીકેની ચળવળ, આજથી બરોબર ૬૧) વરસની આગમચથી શરૂ થઇ હતી. એટલે ગ્રાંટરોડ થીએટરમાં, ઇ. સ. ૧૮૬૮ ના નવેમ્બર માસની ૧૪ મી તારીખ, અને શનીવારે, ઉઘડતી મોસમનો એક ખેલ ઇંગ્રેજીમાં કીધો હતો, જેમાં ઉપર જણાવેલા જવાન ગ્રહસ્થો મોટે ભાગે સ્ટેજ થયા હતા. એ પ્રસંગે The Seven Clerks નામે એક હાસ્યરસ ખેલ રજુ થયો હતો, જેને માટે "ટાઇમ્સ ઓફ ઇન્ડીયા," "બોંબે ગેઝેટ," અને હિન્દુ રીફોરમર છાપાઓએ જાબજા તારીફ કરી હતી. કેહવાની ખાસ જરૂર છે, કે એ મંડળ પારસી જવાનોનુંજ બનેલું હતું, અને પારસી એલફીનસ્ટન ડ્રામેટીક કલબને નામે કામ કીધું હતું.

એ પછી ઈ. સ. ૧૮૬૯ ના મે માસની ૨૪ મી તારીખ અને સોમવારને દીને, રાણી વીકટોરીયાની સાલગ્રેહના પ્રસંગે, જુની ગ્રાંટરોડની નાટકશાળામાં એક ત્રણ અંકની 'ટ્રાજીડી' એજ જવાંન સાહેબોએ ભજવી હતી. એ ઉપરાંત પ્રખ્યાત શેકસ્પીઅરની કોમીડી, ટેમીંગ ઓફ ધી શરૂનો ખેલ પણ ભજવ્યો હતો. એ સઘળા ખેલોમાં મરહુમ પેસ્તનજી વાડીયાએ આગેવાન ભાગ લીધો હતો. પેસ્તનજી વાડીયા કાંઇ પરવારતા આદમી નહી હતા, કે ખાઇ પીઈ નાટકની હીલચાલને પકડી બેસે. પણ એટલું તો આ અદના લખનારે નક્કી જોઇ લીધું હતું, કે જ્યારેબી પ્રસંગ મળતો ત્યારે મરહુમ એમેચ્યુઅરીંગમાં સામેલ થતા, અને પોતે આગેવાની લઇ તે કામ હાર પાડતા હતા. એવી રીતે પેસ્તનજી વાડીયાની નાટકી હીલચાલ ઇ૦ સ૦ ૧૮૮૯ ના ડીસેમ્બર માસમાં, તે વખતના ગવરનરના મોહરદાર લેડી રેની હાજરી અને મુરબ્બીપણા હેઠળ, એક ઇંગ્રેજી કોમીડી નોવેલટી નાટકશાળામાં ભજવી હતી, જેની તમામ આવક કાઉન્ટેસ ઓફ ડફરીનવાલા ફંડમાં આપી હતી. આ વખતે આગલા જવાન ખેલાડીઓ ઉપરાંત થોડાક નવા જવાનો બાહર પડયા હતા. તેઓ મી૦ જેહાંગીર ઇ. દાવર, બી. આર. બમનજી, ડી. ઈ. પટેલ, એસ. પી. વાડીયા, અને બીજા બે ઉપરાંત, સ્ત્રીના ભાગ ભજવનાર નવા જવાન મી૦ એન. એસ. સુજ હતા. વળી એ ઉપરાંત જાણીતા સોલીસીટર મી૦ રૂસ્તમ કે. આર. કામા, અને જે. એમ. ખરશેદજી પણ હતા.

નવા એલફીનસ્ટોનીઅનોના નવાં એમેચ્યુઅરીંગ!

મરહુમ પેસ્તનજી વાડીઆની આવી કીસમની ખંતીલી સામેલગીરી, અને બાહિધરી હેઠળ, કેળવાયલા એમેચ્યુઅરસોની ઉલટ ઉશકેરાઈ હતી. એવા એવા કેળવાયલા જવાનોને ગેઇટી અને નોવેલટીના તખતા ઉપર ધુમ મચાવતા જોઇ, ઘણાક જવાનો તેઓની સંફમાં જોડાવા બાહર પડયા હતા, અને મરહુમ તેઓને લાયક ઉતેજન આપી તેઓને કામમાં લેતા હતા. એવી હીલચાલોનું એક છેલ્લું પરીણામ જે મારા જોવામાં આવ્યું હતું, તે ગેઇટી નાટકશાળામાં આગેવાન પારસી જવાનોએ શેકસપીઅર વાલો 'ઓથેલો'નો નાટક સ્ટેજ કીધો હતો. એ ખેલમાં મરહુમ અરદેશર ઉનવાલા (સોલીસીટર), અરદેશર જમશેદજી બીલીમોરીઆ (લેડી કેરેકટર) તાતા કંપનીના ભાગીદાર,) જેહાંગીર નીમચવાલા (આજે સોલીસીટર) અને બીજા જરથોસ્તી જવાનો હતા મી૦ અરદેશરે ભજવેલો ઓથેલો અને મી૦ અરદેશર બીલીમોરીઆએ ભજવેલો 'ડેસડીમોના' અને મી૦ નીમચવાલાનો 'ઇયાગો' મને હજી યાદ રહી ગયા છે.

ખાલેસ દીલી અને એકસંપી.

૬૦ વરસ ઉપર છપાયલાં, પારસી એલફીનસ્ટન ડરામેટીક કલબનું એક ઇંગ્રેજી નાટકનું પ્રોગ્રામ જે હાલ મારી પાસે પડેલું છે, તે ઉપરથી માલમ પડે છે, કે સઘળા જવાનો ઘણાજ આબરૂદાર અને સાદી સમજ ધરાવનારા હતા. તે સઘળાઓની મતલબ એકજ હતી, કે મંડળીનું કામ ઘણીજ સારી અને સરળ રીતે ચાલે. જો કે તેઓમાં આગેવાની લેનાર એકજ શખ્સ કુંવરજી નાઝર હતા, પણ તેને મજબુત ટેકો આપનાર બીજા જવાનો હતા. પણ તે સઘળાઓમાં ત્રણ વાડીઆ બીરાદરો મુખ્ય આગેવાન ભાગ લેતા જણાયા હતા. એ ત્રણે બેશક ઇંગ્રેજી ઝબાન ઉપર સંગીન કાબુ રાખતા હતા. નાટકના તે જમાનામાં ખેલની શરૂઆત આગમચ 'પ્રોલોગ' બોલવાની રસમ હતી. તે રસમ આ ઇંગ્રેજી નાટક કરનારાઓએબી પોતાના નાટકોમાં આમેજ કરી હતી. હવે એ પ્રોલોગ કોણ જોડે, અને કોણ બોલે! નાટક આરંભનાર બેશક એ પ્રોલોગ જોડવા અને બોલવાનો હક જતો મેલે, એ બનવાજોગ લાગતું નથી. ત્યારે એવો હક એકજ ઇસમને આપી, બીજાઓ જેઓ તેના જેટલાજ લાયક હોય, તેઓને આપી ગેરઇન્સાફ અને એકસંપીમાં ખતરો નાખવા જેવું નહી કરવાની સાદી સમજ, મંડળના આરંભનારે વાપરી, પોતાની ખાલેસ દીલી દેખાડેલી જણાઇ આવી હતી.

એ રીતે દરેક ખેલની વખતે જુદા જુદા જવાનો પ્રોલોગ બોલવા બહાર પડતા હતા. દાખલા તરીકે ૧૮૬૮ ના નવેંબર માસમાં થયલા ખેલના પ્રોગ્રામમાં છપાયું છે કેઃ—**"An Original Prologue. Composed by Mr. C.S. Nazir."** ચાર પછી થોડીક મુદત બાદ થયલા એજ ખેલના પ્રોગ્રામમાં છપાયું છે કેઃ—**"An Original Prologue. Mr. P. N. Wadia"** એ સઘળું દેખાડે છે, કે મંડળમાં એકસંપી અને સાદી સમજનો ભંડાર ભરપુર હતો, જે નાટક ટોળીઓમાં જવલેજ

જોવામાં આવે છે. વેર, કેહર અને અદેખાઈથી ભરપુર ઘણાક નહી તો થોડાક પેશકારો થઇ ગયલા હું જાણું છું, જેને લીધે સારા પાયા ઉપર ચાલતી ઘણીક મંડળીઓ, ભાગીને વીખરાઈ ગઇ છે.

આ એલફીનસ્ટોનીઅનોમાં તેવું સેહજબી હતું નહી, અને તે સબબને લીધેજ એ મંડળ દાયકાઓ સુધી પોતાની હસ્તી જાળવી શકયું હતું. અગર જો તેવું એ જવાનોમાં સેહજબી હતે, તો એ એકમાંથી અનેક મંડળો ઉભાં થતે! પેસ્તનજી વાડીઆ પોતાની સાથે ડી. એન. વાડીઆ, અને એમ. એન. વાડીઆ અને બીજા જવાનોને લઈ, એક બીજું મંડળ ઉભું કરી, કુંવરજી નાઝરની સામે ઉભા રેહતે! પણ તેવણ તેવા હતા નહી. તેવણમાં ખાલેસ દીલી અને એકસંપી ઉપરાંત સાદી સમજનો ભંડાર ભરપુર હતો, અને એ સબબને લીધેજ મી૦ પી. એન. વાડીઆ પોતાની જીંદગીના પાછલા ભાગને સુખદાઇ બનાવી શકયા હતા.

મરહુમ જો કે સંસાર સુધારા માટે ખંતી હતા, પણ કદીબી એવણે જાહેરમાં તે વીશે ભાષણો આપેલાં મારી જાણમાં આવ્યાં નથી. તેમજ કોનગ્રેસ–કોનગ્રેસ, અને એવાં બીજાં મંડળોમાં મરહુમ કદીબી સામેલ થયા હતા નહી. એવણની કાર્યરીતીથી બે. જી. ટ્રસ્ટ ફંડનો વહીવટ ઘણોજ સરળતાથી ચાલી રેહયો હતો, અને તેનો જીવતો જાગતો દાખલો, કવીન્સ રોડ ઉપર બંધાયલાં બે. જી. ના કેળવણીખાતાંની વધતી જતી લોકપ્રીયતા દેખાડી આપે છે.

મરહુમ પેસ્તનજી વાડીઆની વધી ગયેલી રોકાણો!

એ સઘળી મુદ્દત દરમ્યાન સાફ જણાઇ આવે છે કે, ૧૮૬૮–૧૮૬૯ અને તે પછીના વરસોમાં, પેસ્તનજી વાડીઆ સાથ મરહુમ કુંવરજી નાઝરની ઇંગ્રેજી ખેલોમાં સામેલગીરી રહી હતી, અને તેવણે 'પાર્ટ' પણ કરેલા હતા. પણ મેં આગળ જણાવ્યું છે, તેમ પાછલાં સાલોમાં, કુંવરજી નાઝરે જ્યારે ધંધાદારી નાટક મંડળી સ્થાપી, અને ઉર્દુ ખેલો કરવા–કરાવવા માંડયા, એટલે દેખઇતી રીતે નાઝરને આ એમેચ્યુઅરો સાથનો સંબંધ એક યા બીજાં કારણે છોડવો પડયો હતો. કેમકે ૧૮૮૯ ના સાલ આગમચ પેસ્તનજી વાડીઆ મરહુમ શેઠ બે. જી. ના સેક્રેટરી તરીકે રોકાયા હતા, અને ૧૮૯૦ થી ટ્રસ્ટીઓએ પેસ્તનજી વાડીઆને પોતાના 'એજંટ' તથા સેક્રેટરી તરીકેનો કુલ્લે અખત્યાર આપ્યો હતો. એટલે એવી રોકાણોને લીધે, મરહુમે પોતાનો સંબંધ એમેચ્યુરીંગ સાથનો છોડી દીધો હોય, એ બીલકુલ સમજી શકાય છે. પણ પેસ્તનજી વાડીઆનો આવી રીતે ઇંગ્રેજી નાટક કરનારા જવાન પારસી એમેચ્યુરો સાથનો સંબંધ બંધ પડયાથી, એક જે મોટું નુકસાન થવા પામ્યું, તે એ, કે કેળવાયલા જવાનો ઇંગ્રેજીમાં નાટકો કરતા બંધ પડયા, અને તેની જગ્યાએ આજે શું થઇ રહયું છે, તે છુપ્યું રહયું નથી.

એવી રીતે કેળવાયલા પારસી જવાનો ઇંગ્રેજીમાં એમેચ્યુઅર્સો તરીકે ખેલ કરતા બંધ પડયા. અલબત્તા તેઓની આ ઢીલચાલે લાંબી જીંદગી

ભોગવી હતી, કેમકે તેઓના મદદગારો ઘણાજ કાબેલ અને લાયક ગ્રહસ્થો હતા. નાટક શું, તે તેઓ સમજવાની, અને જાણવાની ઉલટ અને સમજ ધરાવતા હતા. કુંવરજી નાઝર પછી, મરહુમ પેસ્તનજી વાડીઆએ લાંબી મુદત સુધી એમેચ્યુરીંગની હીલચાલો નીભાવી અને ટકાવી રાખી હતી. તેવણુ અલગા થયા પછી, જેવી રીતે આગલાં સાલોમાં પેસતનજીએ અને પેસતનજી આગમચ કુંવરજી નાઝરે જેવી રીતે ઉલટ અને ઉમંગથી એ કામ ચાલુ રાખ્યું હતું, તેવી રીતે તે રહયું નહી, અને આજે કેળવાયલા જવાનો નાટકનું નામ સાંભળતાંજ, એક જાતનો ધીકકાર—મુગો ધીકકાર—દેખાડવા મંડી જાય છે. એ કમનસીબી કોની? એક બેમુલ હુન્નરનીજ!

પેસતનજી વાડીયાનો ઇંગ્રેજી ઝબાન ઉપર ઘણોજ સારો કાબુ હતો. તેઓની પરસનેલીટી' બેશક ઉતમ પ્રકારની હતી. તાજુબ જેવું તો એ દીસતું હતું કે, નાટકના હુન્નર તરફ ત્રણે વાડીઆ બીરાદરોની પસંદગી ઉતરી હતી. પી. એન. વાડીઆ, ડી. એન. વાડીઆ, અને એમ. એન. વાડીઆ, એ ત્રણે સાહેબો ઉપલા ગુજર પામ્યા છે. હું તે ત્રણેના રૂહને શાંતી ચાહી, આજની આ બાબદ બંધ કરૂં છું.

——:o:——

(૨૯)

ઘણુકો એવા હોય છે, કે જેઓ મોકા અને બેમોકા વચ્ચેનો સાહેજબી ફરક સમજ્યા વગર, ફકત કોઇના સરલતાથી ગબડતાં ગાડાંને, ખાડા ખાબોચીઆ અને ઢેફા ઢઇયાવાળી ગદેરમાં ઘસડી જવાની મતલબથી 'અટકાયત' ઉભી કરવામાં મોજ માની લીયે છે. 'પારસી પંચાયતવાળો ફારસ' એવે નામના લેખને મારી આ આગલા વખતના એકટરોની બાબદ સાથ શું નીસબત હતી, કે કોઇ 'જુની તવારીખે' તે સવાલ બેમોકા ઉભો કરી, મરહુમ ડોસાભાઇ મુનશીના રૂહને મીનોઇમાં ધ્રુજાવ્યું હશે! જો કે મેં એ લખનાર સાહેબને ઘટીત ખુલાસો કરી દીધો છે, છતાં જો કાંઇ હજીબી ઓછું પડતું હોય, તો મારી અરજ છે, કે જુની તવારીખે મને જાતે મલી રૂબરૂમાં મુહબમુહ સઘળો ખુલાસો મેળવવો, અને સરળતાથી ગબડતાં એક કામમાં અટકાયત નાખવાથી પરહેજ રહેવું.

આ આરટીકલો લખવાની શરૂઆતમાં મેં જાહેર કીધું હતું, કે ગુજર પામેલા પારસી નાટકનવેશો અને ખેલાડીઓ (પારસી ખેલાડીઓ) ની કારકીર્દી વિશે જે કંઇ હું જાણતો હોઉં, તે લખી, આવતી પારસી ઓલાદની જાણ માટે, તે નોંધી રાખવી. પણ એ એકરાર કયસરમાં પ્રગટ થયા પછી, સાંજ વરતમાનમાં કેટલાંક ચર્ચાપત્રો એવી મતલબના છપાયાં, કે ગુજર પામેલા પારસી એકટરોની અગર જો હું નોંધ આ આરટીકલો અંદર નોંધી લેઉં, તો હાલમાં હઇયાત ખેલાડીઓ, જે જુદી જુદી મંડળીઓમાં કામ કરે છે, અને જેઓ પોતાના કામથી આજે નાટકતખ્તાને ધ્રુજાવે છે, તેમના નામ અને કામનીબી મારે નોંધ લેવી.

લાયકને લાયક માન આપવું, એ મારી જન્મસીધ્ધ ખાસીઅત છે. મગર લખનાર સાહેબ ભુલી જાય છે, કે હું જેના કામો અને નામોને વખાણી તેમની નોંધ લેઉં છું, તે મારી નજરનોંધ છે. પરંતુ કોઇની ખાએશને માન આપી, તેમ જો હું કરૂં, તો તે નજરનોંધ કહેવાય નહીં. એટલુંજ નહીં, પણ જે સાહેબો માટે સાંજ વરતમાનમાં ઇશારાઓ થતા રહયા છે, તેઓને હું નજરે જોવાનેબી ભાગ્યશાળી હજી સુધી થયો નથી. નાટક સાથનો મારો સંબંધ મેં ૧૮૮૯ ના સાલથી છોડયો હતો, એટલે આ મહાવીર સાહેબોને નજરથી જોવા, તેમજ ઓળખવાથી સેવક બેનસીબ રહી ગયો છે. વળી નમનતાઇ સાથ જણાવવાની આ તક હું જવા દેતો નથી, કે હીદવીની, નાટકના એકટીંગ ઉપર નુકતેચીની કરવાની રીત, ઘણુકોને પસંદ પડે તેમ નહીં હોવાથી, તે અપજશભર્યું કામ કરવાનો જોખમ માથે ખેંચી લેવા મેં ઘણીકવાર આગલાં સાલોમાં ના પાડી છે. વળી આ વાતબી ઘણી જરૂરતની છે, કે આ 'આરટીકલો' જેમ બને તેમ હું ચાલુ સાલમાં પુરી કરી નાખવા ચાહું છું. કયસરે હિન્દના માલેકે આ 'સીરીઝ' માટે મોટો ખરચ કીધો છે, અને હવે તે ખરચમાં વધુ વધારો નહી થયલો જોવા હું ખંતી છું. આ સીરીઝ'માં નાટકનવેશો અને એકટરોના લેખ લખાયાથી કંઇકાં પારસી નાટકની તવારીખ પુરી થયલી ગણાય એમ નથી. હજી એ બાબદો ઉપરાંત,

Histrionic Art ને લગતી પારસી બાબદોનો સમાવેશ થનાર છે, અને આજના અને ગઇ કાળના પારસી એકટરો વીશે, કાંઇ કાંઇ વીચારો જે મેં રજુ કરવાની ધારણા રાખી છે, તે પાર પાડવાને હું શકતીવાન બનું એટલુંજ મારૂં ચાહવું છે.

ડા૦ નશરવાનજી નવરોજજી પારખ.



આગલા વખતના એક પ્રખ્યાત એમેચ્યુઅર, પાછલથી એલફીનસ્ટન કલબના માલેક.

નશરવાનજી નવરોજજી પારખ.
લેખક, ડીરેકટર, અને એકટર તરીકે.

ઈ. સ. ૧૮૭૩ ના સાલમાં, નશરવાનજી નવરોજજી પારખે મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કીધી હતી. એવણુની સાથે એ પરીક્ષામાં પસાર થયલા ઘણાક પારસીઓ ઉપરાંત, દારાબજી દસ્તુર પેશોતનજી સંજાણા (હાલ દસ્તુર દારાબ દસ્તુર પેશોતન સંજાણા.) મી૦ પાલનજી બરજોરજી દેશાઇ, રાસ્ત ગોફતાર પત્રના માજી અધીપતી, મી૦ જેહાંગીર ડોસાભાઇ કરાકા, મરહુમ બેહરામજી મેરવાનજી મલબારી, જાણીતા પારસી લેખક અને કવી, અને બીજાઓ હતા.

એવું માલમ પડે છે, કે નશરવાનજી પારખ જ્યારે ૧૮૭૩ માં મેત્રીકયુલેશનની પરીક્ષામાં પસાર થયા, ત્યારે નાટકના શોખમાં, હું ધારૂં છું કે તેવણુ ૧૮૭૩ ની ઘણા અગાઉ પડેલા હોવા જોઇયે. મેત્રીકયુલેશન પસાર કરી, નશરવાનજી પારખ ગ્રાંટ મેડીકલ કોલેજમાં, વઇદાનો અભ્યાસ કરવા માટે, દાખલ થયા હતા. એ વખતે મરહુમ અરદેશર બેરામજી પટેલ પણ ગ્રાંટ મેડીકલ કોલેજમાં તબીબી અભ્યાસ માટે જતા

હતા. પણ મેં આગળ જણાવ્યું તેમ, અરદેશર પટેલે પોતાનો તબીબી અભ્યાસ પાછળથી પડતો મેલી, એક લેખક તરીકેની કારકીર્દી શરૂ કીધી હતી, અને નશરવાનજી પારખે પોતાનો તબીબી અભ્યાસ ચાલુ રાખ્યો હતો.

પણ નશરવાનજીના એક ભલા મીત્ર અને શુભેચ્છક તરીકે મેં જોઇ લીધું હતું, કે તેવણ પોતાનું કામ, Burning candle at both the ends, એ ઇંગ્રેજી કેહવત પ્રમાણે કરતા હતા. તે એમ કે વઇદાંના મુશ્કીલ અને જબરા અભ્યાસની સાથે સાથે, તેવણ પોતાનો નાટકનો શોખ પણ પંપાળતા હતા, અને તે ઉપરાંત નાટક લખવાની જંજાળભરી મેહનત પણ નશરવાનજી સાથે સાથે ચાલુ રાખતા હતા. પોતાની જવાનીના જોમ અને ઝેન ઉપર નશરવાનજી ઘણાજ મુસ્તાક હોવા જોઇયે, કેમકે કોલેજનો અભ્યાસ, નાટકના પાર્ટો મોહડે કરવાનું કામ, અને તે ઉપરાંત નાટક લખી તેને સ્ટેજ કરવા–કરાવવાની જંજાળ અને જેહમતમાં એ ભાઇ રગડાઇ જતા હતા. એવી રીતે મારી અજાયબી વચે, મેં એક દાહડો છાપામાં વાંચ્યું, કે નશરવાનજી પારખે લખેલો એક ભેદભરેલા બનાવવાળો નાટક—**સુલેમાની સમશેહર**—એલફીનસ્ટન નાટક મંડળી, જુના થીએટરમાં સ્ટેજ કરનાર છે. શાબાસ! ૧૮૭૩ માં મેત્રીકયુલેશન પસાર કરતા ઝાઝી વાર લાગી નહી, તેટલાં ૧૮૭૩) ના સાલમાંજ આ નવો નાટક સ્ટેજ કીધો! આ નાટક નશરવાનજીએ એલફીનસ્ટન નાટક કલબ માટે લખ્યો હતો. મેં આગળ લખ્યું છે, તેમ એ ખેલનું નામ

સુલેમાની સમશેહર

ઉર્ફે

નિરદોશ નુરાંની—

હતું. એ આખો નાટક પાંચ અંકમાં વેંહચાયલો હતો. તે એક ભેદી વળાંમાં વીટળાયલો ખેલ હતો. એ ખેલમાં નુરાંનીનો ભાગ એક પારસી જવાન છોકરો ભજવતો હતો, જેનું નામ એ પાર્ટ બજાવ્યાથી **'પેસુ નુરાંની'** કરી પડી ગયું હતું! વળી એ ખેલમાં એક હાસ્યરસ વળું ભાઇ નશરવાનજીએ એવી રીતે જોડી લીધું હતું, કે તમાશબીન આલમને ઘણુંજ મનપસંદ થઇ પડયું હતું. એ હાસ્યરસ પાત્રનુ નામ

આસ્માંન ચલ્લી!

હતું, અને એ આસ્માંન ચલ્લીનો ભાગ મરહુમ નશરવાનજી એદલજી વાચ્છા ભજવતા હતા. એજ ખેલના આગેવાન ખેલાડીનો ભાગ, નાટકના લખનાર મીο ન. ન. પારખ બજાવતા હતા, અને નાયકાનો ભાગ મરહુમ જમશેદજી ફરામજી માદન ભજવતા હતા. એ સઘળો વખત મીο ન. ન. પારખ એક હાથ ઉપર પોતાનો નાટકનો શોખ ચાલુ રાખતા, તેમજ બીજા હાથ ઉપર તેજ વખતે સાથે સાથે તબીબી અભ્યાસનું વાંચણ પણ ચલાવતા હતા.

મીત્ર નશરવાનજીનો શારીરિક બાંધો કાંઈ પેહલવાન કે પીલતન જેવો નહી હતો. તેવણ શરીરે પતલા હતા, મગર આજે જેવા ફોટોગ્રાફમાં દીસે છે તેવાજ હતા.

એવણુના મગઝની ઝેન અને જોમ ઘણુંજ ચીવટ હોવાં જોઇયે, કેમકે ચોવીસ કલાક એવણુ અનેક કામમાં પોતે રોકાતા, છતાં એવણુને કોઇપણ દીવસે આ અદના લખનારે બીમાર પડેલા જોયા, કે સાંભળ્યા નહી હતા.

૧૮૭૩ માં એક નાટક લખ્યા પછી મેં માની લીધું હતું કે નશરવાનજીની પેહલી તબીબી પરીક્ષા નજદીક આવી પુગવાનો વખત થવા આવેલો હોવાથી, એવણુ હવે પોતાનું એમેચ્યુરીંગ પડતું મુકશે! પણુ મારી બેહદ અજાએબી વચ્ચે ૧૮૭૪ ના વરસમાં ફરી એકવાર છાપામાં વાંચ્યું, કે એલફીનસ્ટન નાટક મંડળી માટે નશરવાનજી પારખે એક નવો નાટક ત્રણુ અંકી, નામે

ફુલકસુર—સલીમ.

લખી તઇયાર કીધો છે, અને તે સ્ટેજ થનાર છે. આ ફુલકસુર અને સલીમનો નાટક જુના થીએટરમાં થયો હતો. એમ નાટક પછી નાટક લખાતા ગયા, અને એલફીનસ્ટન નાટક મંડળી ભજવતી ગઇ. આ બધી નશરવાનજી પારખની હીલચાલ ઉપરથી એ ભાઈ મને તે વખતે એક ઉખીઆણુા સમાન દેખાવા લાગ્યા! આટલી બધી ચળવળો અને આટલી બધી જેહમતભરી જંજાળો, આ ભલા મારા મીત્રને કરતા જોઇ, મને જે શક પડયો, તે એ કે "શું નશરવાનજી એલફીનસ્ટન કલબના ભાગીદાર હશે?" આ બહુ નાજુક સવાલ હતો, અને જેટલો તે નાજુક હતો, તેટલોજ તે ખાનગી હોવાને લીધી, તે વીશે વધુ ચરચા કરવી, મને અવીવેકથી ભરેલી લાગી હતી.

મી૦ નશરવાનજી પારખ ઉપર ખોટો તાર કરવાનું બોહતાંન!

માજીસ્ટ્રેટ કુપરની કોરટમાં ચાલેલી મી૦ પારખની તપાસ— એલફીનસ્ટન નાટક ટોળીની 'પીક-નીક'!

મેહરબાનો, આ બનાવ જરા ધ્યાનથી વાંચજો. મી૦ દાદાભાઈ ડોસાભાઇ કામા નામના ગ્રહસ્થ, પોતાના થોડાક મીત્રો તથા કુટુંબીઓ સાથે પેહલી જુલાઇ ૧૮૭૬) ને દાહડે, ગોર ગામ ખાતે આવેલા બી. જી. ના બંગલામાં મોજ મારવા ઉતરી પડયા હતા. ત્યાં તેવણુ ઉપર શેઠ સોરાબજી દારાબશાહ કપટાંનને નામે કોઇ ચીબાવલા પારસી પોરીઆઓએ તારનો ખોટો સંદેશો મોકલ્યો હતો. આ સંદેશો મળતાંજ તેઓ સઘળાં ગોર ગામથી મુંબઇ પાછાં ફર્યાં હતાં. આ તાર કોણે મોકલ્યો તેના શક ઉપરથી, મી૦ સોરાબજી કપટાંને ગ્રાંટ મેડીકલ કોલેજના એક વીદ્યાર્થી મી૦ નશરવાનજી નવરોજી પારખ ઉપર તે ખોટો તાર મોકલવાનું બોહતાંન મુકી, તે વખતના સીનીયર મેજીસ્ટ્રેટ મી૦ કુપર પાસથી 'સમન' મેળવી, તે મુકદમો ચલાવ્યો હતો. આ મુકદમો લાંબી મુદત સુધી ચાલ્યો હતો, અને મી૦ પારખનો બચાવ બેરીસ્ટર ઇનવેરારીટીએ કીધો હતો. નશરવાનજી પારખની ઇજ્જત તે વખતે ઘણીજ જોખમમા આવી પડી હતી, કેમકે કમનસીબે ટેલીગ્રાફ સીગનલરે પણુ મી૦ નશરવાનજીનેજ ખોટો તાર મોકલનાર તરીકે ઓળખાવ્યા હતા. પણુ

આરાં નસીબે બીજા સાક્ષીઓ ઇન્વેરારીટી બારીસ્ટરની ઉલટ તપાસમાં તુટી ગયાથી, કુપર માજીસ્ટ્રેટે એ મુકદમો કાહડી નાખી, નશરવાનજી પારખને નિર્દોષ જાહેર કીધા હતા. પણ હિયાં આ ખોટા તારના બનાવ ઉપર પરદો પડનો નથી, પણ ઇ૦ સ૦ ૧૮૭૭) ના સાલમાં, આ ભેદભરેલા બનાવ ઉપર એક નવી જાતની રોશની પડી હતી!

એતેફાક એવો બન્યો કે, મી૦ દાદાભાઇ ડોસાભાઈ કામાના કુટુંબમાં ત્રણ છોકરાઓ હતા. એ ત્રણ માંહેલા એકનું મગજ ખસી જવાથી, ૧૮૭૭ ના જુન મહીનામાં તે તરેહવાર બકબકારો કરવા લાગ્યો હતો. તે બકારા લવારા દરમ્યાન, આ ખોટો તાર મોકલવાનું 'કનફેસાઉ', તેનાથી બોલાઇ ગયું હતું! તલાશ કરતાં એ વાત ખરી માલમ પડી, અને બીજા બે છોકરાઓની સામેલગીરી, એ કામમાં માલમ પડી હતી! આ ઉપરથી મી૦ સોરાબજી કપટાંને, ટાઇમ્સ ઓફ ઇન્ડીયા, અને બોમ્બે ગેઝેટમાં એક લંબાણુ પત્ર લખી, મી૦ નશરવાનજી પારખને નિર્દોષ જણાવી, તેવણ ઉપર મુકાયલાં બોહતાનમાંથી તેવણુને મુકત કીધા હતા, અને એક ગ્રહસ્થ તરીકે તેવણુને પોલીસ કોરટવાલા કેસમાં થયલો સઘલો ખરચ આપી, તેનો બદલો વાળી આપ્યો હતો.

હવે મી૦ ન. ન. પારખ ઉપર આ બોહતાન મુકવાની જે તક દુશ્મનોને મળી તે એ હતી, કે કુંવરજી નાઝરે પોતાની એલફીનસ્ટન કલબને ગોરગાંમ બે. જી. ના બંગલામાં એક પીક-નીક પારટી આપેલી હોવાથી, આખી કલબ ત્યાં બે-ત્રણ દીવસ માટે રજા કહડાવી ગઇ હતી. ત્યાંથી પાછા ફરતાં આ ફરમાસુ પીક નીકની મોજ ઉલટે રસ્તે નીકળી ગઈ હતી! પણ અંતે મી૦ ન. ન. પારખ તે મુશ્કેલીમાંથી વગર અલવલે પસાર થયા હતા.

પાકદામન ગુલનાર.

(મી૦ પારખ એક લેડી એકટર તરીકે.)

આ પાકદામન ગુલનારનો ખેલ જુની શંકર શેઠની નાટકશાળામાં એલફીનસ્ટન નાટક મંડળીએ સ્ટેજ કીધો હતો. મેં તે નાટક બે વાર જોયો હતો. બે વાર જોવાની મતલબ એ હતી, કે તેમાં ગુલનારનો પાર્ટ ભજવનાર ખેલાડીનું કામ, અને એકટીંગ મને ઘણુંજ મોહક લાગ્યું હતું. વળી એ ખેલમાં કેટલાક યાંત્રીક દેખાવો પણ આમેજ કીધેલા હોવાથી, તે વધારે ખેંચાણકારક થઈ પડયો હતો. પેલો પ્રખ્યાત બાળગાંધર્વ, શ્યાવક્ષ માસ્તર, આ ખેલમાં એક નાહની પરીનો મનહરન ભાગ બજાવી એક ગાયન ગાતો હતો, જે ગાયન તે વખતે ઘેરેઘેર જાણીતું થઇ પડયું હતું. મને તે ગાયન હજી યાદ રહી ગયું છે કે:

સબરરે સબુરી તું પકડ ગુલનાર,
ખાંચ મનને, ખ્યાલ કરી, ખુનની કટાર?

નાહનો શ્યાવક્ષ, પોતાના બુલબુલી હલકથી તે ગાતો હતો, અને સાંભળનારાઓ તેને ઘણુંજ ધ્યાનથી સાંભળતાં હતાં. પણ આજે તે બેરીસ્ટર થઈ, બેંગલોરમાં 'રીટાયર્ડ'

જીંદગી ગુજારે છે. એનેબી કંઇક નાટકના બાબમાં કીધું છે. એની વાત હવે પછી.

ગુલનારનો ભાગ ડાં૦ ન. ન. પારખ કરતા હતા, અને મને હજી પુરેપુરી યાદ છે, કે ડાં૦ પારખની અને મારી પીછાણુ એ 'ગુલનાર' જોયા પછીજ થઇ હતી.

પણુ આ ગુલનારના ખેલની વાત રહી જતી નહી જોઇયે. જમાનાનો તે નાટકી વખત આજના જેવો ઢેંઢેં કરનારો નહી હતો! તે વખતે આજના જેવી પોતાના બાંકા પોતાનેજ હાથે ફુકનારી જાહેર ખબરો, છાપામાં છપાતી નહી હતી. જુવો તે વખતના છાપાઓ અને નાટકની છપાતી સાદી સુતરી અને સરળ જાહેર ખબરો. વળી એ સઘળાં સાથે તે વખતે લખાતા ફતેહમંદ નાટકોના લખનારાઓના નામોબી જાહેર ખબરોમાં જવલેજ છપાતાં હતાં. ફલાના—ફલાનાના કરતા, અને અમુક—અમુકના લેખક, તેમજ જાણીતા અને માનીતા લખનારની કલમથી લખાયલો, વીગેરે વીગેરે, મરી મસાલા સાથની આજના જમાનામાં છપાતી જાહેર ખબરો છપાતી નહી હતી! તો વાંચક મેહરબાનો, નાટકના તે જમાનામાં, અલાદીન અને જાદુઇ ફાનસનો પ્રખ્યાત નાટક લખનાર, મરહુમ ફરામજી ભરૂચા, ખુશરૂ—શીરીનના પ્રખ્યાત લખનાર બંદેખુદા, અને તેજ રીતે આ 'ગુલનાર' નાટકના લખનારનું નામ કયાંથી લખાય અને છપાય? એવા આ સંજોગોને લીધેજ ગુલનાર નાટકના લખનારનું નામ જાહેરમાં આવ્યું નહી હશે! પણુ આજે જેમ ડાં૦ રાણીના તરફથી જણાવવામાં આવે છે, તેમ એ ગુલનારનો નાટક જો કે સુધારવા માટે મરહુમ નાહનાભાઇ રાણીનાને તેના મરહુમ લખનાર ખ. બ. ફ. એ સપુરદ કીધો હતો, અને તે મરહુમે ગુલનારનો ખેલ સુધારવા છતાં તે પ્રમાણીક સુધારનારે, પોતાના લખેલા નાટક તરીકે તે ગુલનારનો નાટક ઠેલવ્યો નહી હતો! અને આજે તેના ખરા લખનારને લાયક ઇન્સાફ અપાવ્યો છે. એવી પ્રમાણીક નિશ્ટા આજે એકસો લખનારામાં કેટલાની હશે? હું તેનો જવાબ જો કે સેહલથી આપી શકું, પણુ તે છતાં તે વાંચનારનેજ વિચારવા માટે ઇચ્છું છું.

ડાં૦ નશરવાનજીને જીવલેણુ અકસ્માત.

નાટકના તખ્તા ઉપર રજુ થતા યાંત્રીક દેખાવો, તમાશબીનોને ગમે એવી મોજ આપતા હોય, પણુ જે જે એકટરો તે યાંત્રીક દેખાવના સંબંધમાં આવતા હોય, તે એકટરો બાજે વખત કામદાર આદમીઓની ગફલતીથી પોતાના જીવનો ભોગ આપે છે. મારા અનુભવેલા એવા અનેક દાખલાઓ માહેલો એક ડાં૦ નશરવાનજી પારખના બાબમાં મે જોયો છે.

અલાદીન યાને જાદુઇ ફાનસનો ઓપેરા, એલફીન્સ્ટન નાટક મંડળી કલકતામાં ભજવતી હતી. જુની તેમજ નવી એલફીન્સ્ટન નાટક મંડળીના થોડાક એકટરો હજી સાથેજ કામ કરતા હતા. કુંવરજી નાઝરને એવું વેઝું લાગ્યું હતું, કે ડીસેંબર માસમાં, કલકતાની

સીઝનમાં ઉદું ખેલો કરનારી મંડળી દોલતના ડુંગર મેળવી શકે છે! તેવણે એવા ખ્યાલમાં મુંબઇની પોતાની 'નાઇટ કલબને' મનાવી લીધું, કે આપણુ ક્રિસ્ટમસના છેલ્લાં બે અઠવાડીયાં કલકતે 'પ્લેઝર પાર્ટી' તરીકે જઇયે! નાઇટ કલબ એટલે દીવસે સઘળા ચાકરી ધંધે લાગેલાઓને પોતાની ઓફીસમાં જવું જોઇયે, ત્યારે તેવાઓથી બે અઠવાડીયાં કલકતે કેમ જવાય? એકટરોએ જણાવ્યું કે કલકતે જવા અને કલકતા જોવા શોખ તો ઘણો છે, પણ ચાકરી ઉપરથી રજા મળવી મુશ્કેલ છે. કુંવરજી નાઝરે સમજાવ્યું કે તમુને હું પોતે તમારી ઓફીસમાંથી રજા અપાઉ તો આવશો? આ શરત એકટરોએ કબુલ કીધી, અને કુંવરજી નાઝરે ઘણાક એકટરોના માલેકોને મળી, યા લાગવગ લગાડી, એક એક મહીનાની રજા મેળવી, અને આ એલફીન્સ્ટન કલબને ડીસેંબર માસમાં કલકતે લઇ ગયા. આ ગરૂપમાં ડાં૦ નશરવાનજી પારેખ પણ હતા.

આ અલાદીનના ખેલમાં ડાં૦ નશરવાનજી જાદુગર અબ્નેઝારનો પાર્ટ ભજવતા હતા. જે યાંત્રીક દેખાવ પ્રસંગે અકસ્માત થયો હતો, તેનું સેહજ વર્ણન વાંચકોને માટે દર્શાવવું ઘટે છે. અબ્નેઝાર પોતાના જાદુઇ ફાનસની બરકતથી, અલાદીનની ગેરહાજરીમાં તેનો આખ્ખો મેહલ જીનોની મદદથી આફ્રીકામાં ઉડારી લેઇ જાય છે! એ ઉડતા મેહલમાં લગભગ ૭–સાત એકટરો બેઠેલા હતા. ૧, બદરૂલ બદર (મી૦ જ. ફ. માદન) ૨, કશ્રારાક (અબ્નેઝરનો મુગો ગુલામ મી૦ નશરવાનજી વાચ્છા,) ૩–૪, બદરૂલ બદરની સખીઓ, જેમાં એક મરહુમ રતન મીનવાળા, અને બે જીન, અને અબ્નેઝાર ડાં૦ નશરવાનજી પારખ.

ધ્યાન રાખો, અને જુવો, કે અલાદીનનો મેહલ કેમ ઉડી જાય છે! આ સઘળા ખેલાડીઓ મેહલના દિવાનખાનામાં બેસે છે! તેઓ સઘળા નભરવસ છે. અને તેવાંમાં અબ્નેઝાર પોતાના જીનોને જાદુઈ ફાનસની મદદથી બોલાવી, મેહલને ઉડારી લેઇ જવાનો હુકમ કરે છે! આ જીનો તે મેહલ લઇ ઉડે છે! અને તમાશબીનોની નજરની સાંમે આખ્ખો મેહલ હવામાં ઉડતો જણાય છે!

હવે આ સાત માણુસોની સાથે આખ્ખા મેહલને ઉડારવા માટે દસથી પંદર મણના લોખંડના વજનો મથાળે બાંધેલા હતા, અને મેહલ ઉડતી વખતે તે લોખંડના વજનો નિચેથી ખેંચવામાં આવતા, જેથી મેહલ ઉંચે ઉડી જતો દેખાતો હતો!

એતેફાક એવો બન્યો, કે સીન મેનેજરની યા સુથારોની ગફલતીથી મેહલ અર્ધો ઉડી ઉપર ચહડવા લાગ્યો, અને કમનસીબે લોખંડના વજનોને મારેલા દોરડાંના ગાંઠ ઢીલા પડયાથી તે છુટી થયા, અને ડાં૦ નશરવાનજી પારખના એક પગની પાટલી ઉપર આવી પડયા. લોખંડના વજનો છુટી નીચે પડયા, અને આખ્ખો મેહલ તે માહેલા ખેલાડીઓ સાથે નિચે તુટી પડયો! એકટરો તો સ્ટેજ ઉપર ઠપકાઇ પડયા! તેઓને કાંઇ ઝાજુ લાગ્યું કે વાગ્યું નહી હતું, પણ તેજ વખતે ડાં૦ નશરવાનજી દુખના દરદથી લંગડાતા, દયાજનક બુમો પાડતા ડરેસીંગ રૂમમાં જઇ પડયા.

તેવણુ પુર હુસ્યારીમાં હતા. લોખંડના વજન તેવણુના પગની ઉપર જો પુરેપુરા પડયા હોત, તો પગના સઘળાં હાડકાંનો ચુરેચુરો થઇ ગયો હોતે! અગર જો એજ વજનો માથાં ઉપર પડત, તો જીવલેણ થઇ પડતે! પણ સારાં નસીબે તેવું થયું નહી. પણ પગની એ બિમારી અને દુખારો મહીનાઓ સુધી રહેવા પામ્યા હતાં.

નશરવાનજી પારખ, નાટક કરી પરવારી ગયા!

જેમ બધી ચીજનો છેડો આવે છે, તેમ એક દાહડો મી० નશરવાનજી પારખની ધીરજ અને શોખનો છેડો આવ્યો. અત્યાર સુધી તેવણુને એવી આશા હતી, કે નાટકમાં તેવણુ દોલત મેળવી શકશે! પણ તે આશા ફળીભુત થઇ નહી. જયાં સુધી નશરવાનજી નાટકને વળગી રહયા, ત્યાં સુધી તબીબી પરીક્ષા મુંબઇમાં આપવામાં તેવણુ નિશફળ થયા હતા. ત્યારે હવે કેમ કરવું, અને કયો રસ્તો લેવો, તેના વિચારમાં પડયા. તેવણુ સાફ જણાવવા લાગ્યા, કે મુંબઇમાં નાટકની સાથે સમાગમમાં રહી, તબીબી પરીક્ષા હું કદીબી પસાર કરી શકનાર નથી. અંતે તેવણે ઠરાવ કીધો, કે ઇંગ્લંડ જઈ વઇદાંનો અભ્યાસ કરી, ત્યાંથી સનદ લઇ આવવી. આ તેવણુનો સેવટનો વિચાર હતો, અને તે અંતે તેવણે પાર પાડયો.

કરાફર્ડ મારકીટની સામે નાટક ઉ-તેજક મંડળીવાલાઓને માટે બંધાયલાં એસ્પલેનેડ થીએટરમાં, મી० નશરવાનજીને નાટકના ધંધામાંથી હંમેશ માટે ફારેગ થતા હોવાના સબબે, એક બેનીફીટ નાઇટ આપવામાં આવી હતી. મને એવી યાદ છે, કે એ બેનીફીટ નાઇટ પ્રસંગે સ્ટેજ કરેલાં પ્રોગ્રામમાં, બીજી મંડળીવાલાઓએબી પોતાની સામેલગીરી આપી હતી. નશરવાનજી પારખ જો કે એલફીનસ્ટનના એક જોડયા માલેક હતા, એમ પાછળથી જણાયું હતું, છતાં કોઇબી વખતે અને કોઇબી પ્રસંગે, નશરવાનજી પારખે, કોઇનેબી એવી અટકલ કરવા જેવું જણાવ્યું નહી હતું, કે એલફીનસ્ટન કલબના તેવણુ એક માલેક હતા. તે વખતની સઘળી નાટક મંડળીવાલાઓ નશરવાનજી પારખને માનથી જોતા, અને ચાહતા હતા. "તેવણુતું એકટીંગ, તેવણુનુંજ હતું." તેવણુના એકટીંગમાં જે ખાસ ઢબછબ સમાયલી હતી, તે જોયા પછી બીજા ખેલાડીઓએ તેની નકલો કરવા માંડી હતી. મરહુમ કાવસજી ખટાઉ અને મરહુમ જેહાંગીર ખંબાતામાં નશરવાનજીનું એકટીંગ ઘણીજ સફાઇથી જણાઈ આવતું હતું.



In Masonic Costume of the Grand Dean of England.

ઇંગ્લંન્ડનો પ્રવાસ ફતેહમંદ નિવડયો.


નશરવાનજીએ પોતાના ભવિશ્ય માટે કરેલી અટકલ ખરી પડી હતી. નાટક સાથનો સંબંધ છોડી વીલાયત જઈ થોડાંક વરસ અભ્યાસ કરી, ત્યાંની પરીક્ષાઓ ફતેહમંદીથી પસાર કરી, એવણ પાછા મુંબઇ ફરયા. મુંબઇમાં આવી પોતાનો ધંધો ચલાવવા

ચોતરફ નજર કરતાં, એવણુ બોલ્યા કે "હીયાં કંઈ શુકરવાર થાય નહીં! ડાકટરો હિયાં જોઇયે તે કરતાં વધારે છે." એવણે સેવટે રંગુન જવાનો વિચાર કીધો, અને રંગુન જઇ ત્યાં પોતાનો ડાકટરનો ધંધો ચાલુ કીધો.

ડાકટર નશરવાનજી નવરોજી પારખની ઉંમર હાલ ૭૬ વરસની છે. તબીબી ધંધો રંગુનમાં એઓ આજ ૪૫ વરસ થયાં કરે છે. રંગુનમાં એવણુ પારસી કોમના એક આગેવાન સભાસદ થઇ પડયા છે, અને ત્યાંના હમદીનોમાં સારી જેવી લોકપ્રીયતા મેળવી છે. જવાનીનાં દીવસો, રંગ-રાગના મહીમા, અને પોતાના આગલા મિત્રોથી જો કે વરસો થયાં જુદા પડવા છતાં, તે પ્રસંગોને હજી સુધી ભુલી ગયા નથી, એ ખરેખર એ ભાઇના સારા ખવાસની અચુક નિશાણીઓ છે.

(૩૦)

મરહુમ ફરામરોઝ રૂસ્તમજી જોશી. જે. પી.



આગલા વખતના ઇંગ્રેજી તેમજ ગુજરાતી નાટકોમાં સ્ત્રીના ભાગો બજાવી નામના મેળવનાર એક એમેચ્યુઅર.

એક વખત આ એમેચ્યુઅરોના કામની અને નામની નોંધ લીધા પછી, હું માનુંછ કે આ તવારીખનું ગાડું સરળતાથી ગબડતું થશે. છતાંબી જો કોઈ સાહેબને મારા આ લેખમાં ગુંચવાડો યા ખટકો કે ખતરો લાગે, તો તેઓને પોતાને ખરે નામે લખી ખુલાસો માંગવાનો દરેક અધિકાર છે. પણ નનામાં તખલ્લુસ હેઠળ લખાણ કરવામાં તેઓ પોતાની ફરીઆદને દેખીતી રીતે નિરમુલ કરી નાંખે છે.

આજે મરહુમ ફરામરોઝ જોશીને હું એક પારસી એમેચ્યુઅર તરીકે યાદ કરૂં છું. એ ભાઇ હમણાજ થોડાક વરસ ઉપર ગુજરી ગયા છે. મગર જેઓએ મરહુમને પોતાની નજરે જોયા હશે, તેઓ વિચાર કરશે કે, "શું ફરામરોઝ જોશીબી અગાઉ નાટક કરતા હતા?"

આ ટીકા કરવાનો મને આજે ખાસ સંજોગ હાથ લાગ્યો છે. આપણી કોમના એક જાણીતા ગ્રહસ્થ, આજે આ આરટીકલોના સંબંધમાં મને મળવા માટે આવ્યા હતા. તેવણે મને સવાલ કીધો, કે "કેમ હવે કોણને ચીતરોછ?" મેં જવાબ દીધો, કે ભાઇ હવે મારી આરટીકલમાં મરહુમ ફરામરોઝ રૂસ્તમજી જોશીને માટે લખુંછ." મારા આ સખુનો સાંભળી, મારા મીત્ર અજબ થઈ બોલ્યા: "શું, ફરામરોઝ?

ફ્રરામરોઝ જોશી? તેવણુબી નાટક કરતા'તા કે?" મેં જવાબ દીધો: "જરા ધીરા પડો. નંબર ૩૦) વાલી આરટીકલ છપાવા દો, અને છપાય ત્યારે વાંચજો.

ફ્રરામરોઝ જોશી, પોતાની જવાન છોકરવાડી ઉંમરે બેશક ઘણુજ દેખાવળા અને દીલખુશ સ્વભાવના જવાન હતા. જાતે મીલનસાર, હસમુખા અને કોઇબી પ્રકારની રમુજમાં સંતોશ માની લેતા હતા.

ફ્રરામરોઝ જોશી ૧૮૬૮ ના સાલમાં મેટ્રીક્યુલેશનની પરીક્ષા પસાર કરી બહાર પડયા હતા. એવણે જે સાલમાં મેટ્રીક્યુલેશન પસાર કીધી, તે વખતે એવણુની સાથે પારસી કોમના કેટલાક જવાનો પણ પસાર થયા હતા, જેઓ પાછળથી કોમની અંદર પોતાના કામથી જાણીતા થયા હતા. તે સઘળાઓમાંથી થોડાક નીચલા જવાનો હતા:—

મી૦ મનચેરજી મેરવાનજી ભાવનગરી. (પાછલથી સર ભાવનગરી)
„ હોરમસજી નવરોજી લોરડ (માથેરાન હોટેલોના માલેક)
„ ડોસાભાઇ બરજોરજી કાંદાવાલા. (ડાકટર કાંદાવાલા)
„ જેહાંગીરજી બેહરામજી મરઝબાન. (જાણીતા લેખક અને જામેના માલેક)
„ હોરમજી દાદાભાઇ મસાની. (પાછળથી સ્મોલ કોઝ કોરટના જજ)
„ સોરાબજી બમનજી માસતર. (મ્યુનીસીપલ ઓફીસર)
„ ધનજીશાહ નવરોજી પારખ. (લેફટનંન્ટ કરનલ)
„ પેસ્તનજી હો. પાટક. (સીવીલ એનજીનીઅર)
„ ડોસાભાઇ નસરવાનજી વાડીયા. (સર જ. જી. ની સ્કુલના પ્રીનસીપાલ)
„ મેરવાનજી નસરવાનજી વાડીયા. (મ્યુનીસીપાલ સેક્રેટરી)

અને એ વિગેરે બીજા ઘણાક. આ બધા સાહેબો જાહેરમાં મોટે ભાગે જાણીતા હતા, ફકત બે સાહેબો સીવાય સઘળા ગુઝર પામ્યા છે.

ફ્રરામરોઝ જોશી સરકારી નોકરીમાં લાંબી જીંદગી ગુજારી ગુજર પામ્યા હતા. તેવણુ પોતાની સાલેસાઇ અને બાહોશીથી ધીમે ધીમે વધી, ગવરમેંન્ટ સેનટ્રલ પ્રેસના સુપ્રીનટેનડંન્ટના ઓધા ઉપર મુકરર થયા હતા. મરહુમ એક જે. પી. હોવા ઉપરાંત પારસી મેટ્રીમોનીઅલ કોરટના એક ડેલીગેટ હોવાનું માન ધરાવતા હતા. એ સઘળાં ઉપરાંત મી૦ ફ્રરામરોઝ એક ચુસ્ત ક્રિમેશન હતા. આ સઘળાં સાથ એવણુ મીત્રોના એટલા તો માનીતા અને વાહલા થઇ પડયા હતા, કે—તેવણુના મરણુની ખબર સાંભળી સઘળા મીત્રોના દીલ ઘણાંજ આઝુરદા થયાં હતાં. ખુદા મરહુમના રૂહને શાંતી બક્ષે.

ફ્રરામરોઝ જોશી 'લેડી એકટર' તરીકે.

મને બરોબર હજી સુધી યાદ છે, કે જેન્ટલમેન એમેચ્યુઅર્સ કલબ, જે મરહુમ ફ્રરામજી ગુસ્તાદજીએ ઉભી કીધી હતી, તે કલબે ગ્રાંટરોડની જુની નાટકશાળામાં Lady of Lyon નામનો એક ખેલ ગુજરાતી ઝબાનમાં સ્ટેજ કીધો હતો. આ ખેલમાં મરહુમ ફ્રરામરોઝ જોશીએ મુખ્ય સ્ત્રીનું પાત્ર ભજવ્યું હતું. અલબતાં ફ્રરામરોઝ

જોશી જો કે તે વખતે એલફીનસ્ટોનીઅન ગરૂપમાં સપડાયલા નહી હતા, જેથી તે ગરૂપના બે જાણીતા અને લોકપ્રીય થઇ પડેલા સ્ત્રીનો ભાગ ભજવનાર ખેલાડીઓ, ધ. ન. પારેખ અને ડી. એન. વાડીયાના સમાગમમાં આવી શકે. પણ ફરામજી ગુસ્તાદજી ફલુ ધુસ)થી તે વખતના અમેચ્યુઅર મંડળો જરા ચમકીને ચાલતાં હતાં! અને તેનું એકજ કારણ એ હતું, કે ફરામજી ગુસ્તાદજી અતી ઘણા તાતા સ્વભાવ અને મીજાજના હોવાથી, તેવણની અડાસે કોઇ જવાની, અને જઇને નવો ફેસાદ બરપા કરવાની હિંમત કે તજવિજ કરતું નહી હતું. નહિ તો ફરામરોઝ જોશી જેવા એક લેડી એકટરને તે વખતની મશરૂમ કલબો માહેલી એકાદ જરૂર ઉપાડી જતે!

લેડી ઓફ લીઓનવાલા ખેલમાં ફરામરોઝ જોશીનું કામ બીજી મંડળીવાલા પેશકારોને ઘણુંજ ગમ્યું હતું. ફરામરોઝ જોશીના આજના અંકમાં રજુ કરેલા ફોટો-ગ્રાફ ઉપ.થી વાંચનારે એકદમ મરહુમને ગેરઇનસાફ કરવો નહી. વૃદ્ધ ઉમરે હરેક માણસ, પછી તે સ્ત્રી હોય કે પુરૂષ, તેમની શારીરીક રચના અને સુંદરતામાં, તેમની ઉમરના પ્રમાણમાં જે ફેરફારો થવા જોઇયે, તે ફેરફારો અચુક થાય છેજ. ફરામરોઝ જોશી, તેમજ હવે પછી આ "સીરીઝ"માં રજુ થનારા બીજા ફોટોગ્રાફોની ઉપરથી, એવા મરહુમોના કામો ઉપર કબુધ્ધીભરેલા કટાક્ષ કરવાથી પરહેજ રેહવું. વળી મરહુમ ફરામરોઝ જોશી ગાયનનાબી જબરા શોખીન હતા. જો કે આજના વખતમાં ઉગી નિકળેલા ઉસ્તાદો અને મીયા તાનસેન જેવું ડોળ ઘાલનારા મરહુમ નહી હતા, પણ નાટકમાં આવતા પોતાના પાત્રમાં, તેવણને જે ગાયન શીખવવામાં આવતું, તે ગાયન તેવણ ઘણાજ મધુર હલકે ગાઇને તખ્તા ઉપર રજુ કરતા હતા, અને તેવણને સાંભળ-નારાઓ તેથી રીઝતા હતા.

લેડી એકટરને 'પીટી' જવાનો રેવાજ!

ફરામજી ગુસ્તાદજીની નાટકી ચળવળ મેં આગળ લખ્યું છે, તેમ પાર વિનાની હતી. તેવણ કદીબી જંપીને બેસી રેહતા નહી હતા, પણ પોતાનું એક મંડળ જો વિખરાઇ જતું, તો તુરતજ બીજું ઉભું કરી બાહર પડતા હતા. લેડી એકટરોને 'પીટી' જવાનું કામ મોટે ભાગે મશરૂમ કલબો તરફથી થતું હતું! ફરામજી ગુસ્તાદજીને પોતાના આ માનીતા ખેલાડી ફરામરોઝ જોશીને માટે, મોટી ચિન્તા બરપા થઇ હતી. કેમકે લેડી ઓફ 'લીઓન'વાલા ખેલ પછી, કોઇ બીજો નાટક ફરામજી હાથ ધરવાની તજવીજમાં હતા, તેટલાંજ ફરામરોઝ જોશીને તે વખતમાં એક ઉભી થતી ધરખમ નાટક મંડળી ઉપાડી જવાની અફવા ફરામજી ગુસ્તાદજીના કાન ઉપર ગઇ.

આ ખબર—અફવા યા હકિકત—જેબી હોય તે સાંભળી, ફરામજી 'રીહરસલ રૂમમાં' સઘળા ખેલાડીઓની રૂબરૂ બખારવા લાગ્યો, કેમકે તેવણને એવોજ શંકીલો ખ્યાલ હતો, કે તેવણની કલબના અમુક ખેલાડીઓ, તેવણના વીરોધી મંડળવાળાઓને, પસગવત સઘળી ખબર આપે છે. એવા વીચારથી એક દાહડે રાત્રે, તેવણે રીહરસલ રૂમમાં મિજાજ ગરમ કરી કેહયું કે: "શેઠીયાઓ, (કેમકે મરહુમ પોતાના એકટરોને

જ્યારેબી મિજાજ ખોઇ કાંઇબી બોલતા, ત્યારે તેઓને 'શેઠીયાઓ' કરી બોલતા હતા), શેઠીયાઓ, આપણે તો આ નાટક ફક્ત શોખને ખાતર કરયેછ, અને તમે સાહેબોબી ફક્ત 'કોમપ્લીમેન્ટરી' ટીકીટો લઇ નાટક કરોછ. મારે માથે આ કલબ ચલાવવામાં મોટો જોખમ છે. વાસ્તે તમુંને કોઇ બીજી કલબવાલાઓ ઉંધું ચતું સમજાવી પોતાને ત્યાં લઇ જવા કહે, તો મારી જોખમદારીનો વીચાર કરીને જજો! મારા વિરોધીઓ જાણતા નથી, કે હું જો છેલ્લે પાટલે બેસશ, તો તે લોકને 'પાતરે પાણી પાવશ.' મારા કોઇબી એકટરની અડાસે તે લોકે જવું નહી!"

આ ભાશણ સાંભળી એક એકટરે જવાબ દીધો, કે "સાહેબ, પેલી નવી કલબ-વાળઓ ફરામ જોશીને કંઇ સમજાવતા'તા."

આ બોલો સાંભળતાંજ ફરામજી ગુસ્તાદજી, ફરામરોઝ જોશી ઉપર વીના કારણે એકદમ ઉખડી ગયા, અને બંને વચ્ચે મોટી તકરાર થઇ. ફરામરોઝ જોશીએ જવાબ દીધો, અને ફરામજી દલાલે રદીયો આપ્યો. પરીણામ એ આવ્યું, કે મરહુમ જોશી, જે એક સ્વતંત્ર લાગણીના કેળવાયલા જવાન હતા, તેવણને મરહુમ ફરામજી દલાલની ભાશા, મિજાજ, અને વજન વગરની તકરાર ઘણીજ ગરમ પડી ગઇ, અને રીહરસલ રૂમમાંથી ઉઠી તેવણ ચાલી ગયા! આ વાતચીત મરહુમ જોશીએ મારી આગળ એક જશનમાં ખાણાની ટેબલ ઉપર કીધી હતી.

ઇ. સ. ૧૮૭૧. આલફ્રેડ નાટક મંડળી.

ફરામરોઝ જોશીને આવેલી પાંખ!

આ તકરાર પછી, અને ફરામજી ગુસ્તાદજીનો એક માનીતો ખેલાડી, ફરામરોઝ જોશી કલબ છોડી ગયા પછી, ફરામજીનું દીલ ઘણુંજ રંજીદા અને નાસીપાસ થઇ ગયું. પરીણામ એ આવ્યું, કે જેન્ટલમેન એમેચ્યુઅર્સ કલબ ભાંગી પડી! ઉપલો બનાવ સુમારે ૧૮૬૮ ના સાલની અધવચે બન્યો હતો. તુરતજ ફરામજીએ પોતાનો વીચાર હવે કોઈ ધરખમ નાટક મંડળીમાં સામેલ થવાનો કીધો, અને મરહુમની તે ઉમેદ કેવી રીતે પાર પડી, તે આપોઆપ જણાઇ આવે છે. કેમકે ૧૮૬૮ ના સાલમાં પારસી વીકટોરીયા કલબ, કેખશરૂ કાબરાજીએ સ્થાપવાની હીલચાલ કીધી, તેમાં તુરતજ ફરામજી સામેલ થઇ ગયેલા દેખાય છે. પણ જવાન ફરામરોઝનું શું થયું!

તેવણનું શું થાય? પેલી એક ધરખમ કલબ જે નિકળવાની ખબર ફરામજી ગુસ્તા-દજીને મળી હતી, તે વાત ખરી પડી. આલફ્રેડ નાટક મંડળી એક ધરખમ પાયા ઉપર ઉભી થઇ. તેમાં સારા સારા એકટરો, બીલકુલ નવા, ચુંટી ચુંટીને દાખલ કીધા હતા, અને તેમ કરતા જવાન ફરામરોઝ જોશી, ૧૮૭૧ ના સાલમાં

શાહઝાદો શીયાવક્ષ

ના ખેલમાં, ફીરંગીસનું પાત્ર લેઇ, જુના થીએટરમાં બાહર પડયા હતા! આ મંડળીના સ્થાપકો, તેના એકટરો, અને તેણે સ્ટેજ કરેલા ખેલો, અને નાટકના રણક્ષેત્રમાં મચાવેલી

ધુમધામ અને જાહેર પ્રજાને લગાડેલું નવું ચેટક, એ સઘળું આલફ્રેડ નાટક મંડળીની બાબદ લખતાં હું લખીશ.

આલફ્રેડ નાટક મંડળીએ શાહઝાદા શ્યાવક્ષના ખેલ પછી, તુરતજ જેહાંબક્ષ નામનો કિયાંની નાટક, એજ નાટકશાળામાં સ્ટેજ કીધો હતો. એ સઘળો ધુજારો, એ મંડળીના સહાસિક ડીરેકટર, અને 'સીનિક આર્ટીસ્ટ'ની બાહોશીને આભારી હતો. મી૦ જોશીએ આ જેહાંબક્ષના નાટકમાં ગુલરૂખસારનો પાર્ટ ભજવ્યો હતો, કે જે નાટકે, નાટકી દુનિયામાં યાંત્રીક દેખાવો પેહલવેહલ્લા સ્ટેજ ઉપર દેખાડી, જોનારી આલમને એક જાતની ઘેલ્લછા લગાડી હતી.

આલફ્રેડ મંડળીનો આ સઘળો ધુજારો વીકટોરીયા, અને ઝોરાસ્ત્રીઅન નાટક મંડળી સામે હતો, કેમકે 'મશરૂમ' કલબો, જે અવારનાર અત્યાર આગમજ દપોદપ નિકળી ટપો-ટપ દફન થઈ જતી હતી, તેઓ મોટે ભાગે હવે નાબુદ થઇ ગઇ હોય, તેમ દેખાવા લાગ્યું!

ફ્રામરોઝ જોશી 'સ્ટેજ' ઉપરથી 'રીટાયર્ડ.'

જવાનીની ચળવળો ઘણાકોને એવી તો મજબુતીથી બાઝી રહે છે, કે ઘણીક વાર તે જીવલેવણ થઇ પડે છે! નાટકના બાબમાં તો બેશક તેમજ બનતું મેં કેટલાકોના બાબમાં અનુભવ્યુ છે. પણ ફ્રામરોઝ જોશીના બાબમાં તેથી ઉલટુંજ બન્યું છે. જેમ બીજા કેળવાયલા જવાનો શોખને ખાતર એમેચ્યુઅર તરીકે થોડાક ખેલોમાં પોતાનો શોખ પંપાલી, સ્ટેજને પડતું મુકી વિદાય થયા હતા, તેમ મરહુમ ફ્રામરોઝ જોશીબી ૧૮૭૧ના એપ્રીલ માસમાં સ્ટેજ ઉપર દેખાવ દઈ, નાટક તખ્તાને છોડી ગયા હતા. કોઇએ એમ સમજી નહી લેવું, કે જેહાંબક્ષનો ખેલ પડતો મુકી તેવણ વિદાય થયા હતા. ના, તેવણ જો કે ઉંમરે જવાન હતા, પણ પુરેપુરા ઠાવકા અને સત્યને માર્ગે ચાલનાર જવાન હતા. તેવણ જેહાંબક્ષના ખેલ પછી, આલફ્રેડ નાટક મંડળી છોડી ગયા હતા, મગર ત્યાર પછી થયલા અનેક મંડળીઓના અનેક ખેલોમાં ફ્રામરોઝ જોશીનું નામ કે નીશાણુ સંભળાયલાં તેમજ નોંધાયલાં જણાતાં નથી. મને લાગે છે, અને મારૂં તે અનુમાન છે, કે મરહુમ, ગવરમેન્ટ સેંત્રલ પ્રેસમાં સરકારી નોકરીમાં સામેલ થયલા હોવા જોઇયે, અને હવે તેવણે પોતાનો જવાનીનો માર્ગ છોડી, કામ અને કુટુંબની સેવામાં કમર બાંધવાનો નવો ઠરાવ કીધેલો હોવો જોઇયે. કેમકે ૧૮૭૧માં મી૦ જોશી લોજ સાઇરસમાં એક ફ્રીમેશન થયલા જણાયા છે.

અતરેના જાહેર પારસી મંડળોમાં એવણની સામેલગીરી અને સહાયતા જોવામાં આવતી હતી. ગવરમેન્ટ સેનત્રલ પ્રેસના સુપ્રીનટેન્ડન્ટના ઓધ્ધા ઉપરથી ફારેગ થઇ, પેનશન ઉપર ગયાં પછી, કોમની બેહતરી અને સેવા સંબંધી કામોમાં, મરહુમ મી૦ ફ્રામરોઝ જોશી, ઘણોજ ઉતસાહથી ચાલુ ભાગ લેતા દેખાયા હતા. જાહેર તખ્તા ઉપર બોલવાની એવણની ઢબછબ ઘણીજ મનપસંદ અને મોહક હતી. ખુદા મરહુમને મિનોઇમાં અંમર શાંતી બક્ષો!

*　　*　　*

ડાક્ટર ધનજીશાહ પારખ I. M. S.

ખબરદાર મેહરબાનો, મને ગલે ના પડતા કે હું એકની એક બાબદ ઉપર પીજન પાટલો લેઇ બેઠો છું. લેફટનંન્ટ કરનલ ડાકટર ધનજીશાહ પારખની ૨) જી જુનના અંકમાં મેં તમુને ફકત ઓલખ કરાવી હતી. તે વખતે મેં તેમની નાટકી કારકીર્દી બાબે સેહજબી ઇશારો કીધેલો નહી હોવાથી, આજે આ અંકમાં એ ભલા તબીબના બાબમાં બે બોલ બોલી, આજનો આ મારો હફતો હું ખતમ કરીશ.

ડાકટર ધનજીશાહ પારખે પોતાની શરૂઆતની કેળવણી મુંબઈમાં લઇ ૧૮૬૮ ના સાલમાં મેત્રીકયુલેશન પસાર કરી, વધદાની ચહડતા પ્રકારની તાલીમ લેવા ઇંગ્લંન્ડ ગયા હતા. ત્યાં લંનડનની યુનીવરસીટી કોલેજમાં પોતાનો અભ્યાસ પુરો કરી, મેટીરીઆ મેડીકાની પરીક્ષામાં ચહડતા આવવાથી, પેહલ્લા નંબરનો સોનાનો ચાંદ, એવણે મેલવ્યો હતો. તેમજ એજ કોલેજમાં સુવાવડ તથા બઇરાંના દુ:ખદરદોની પરીક્ષામાં કામેલીઅત દેખડાવ્યાથી, એક બીજો સુંનાનો ચાંદ ઇનામ તરીકે મેલવ્યો હતો.

વલી એ ઉપરાંત, લંનડનની રૈયલ કોલેજ ઓફ ફીઝીસ્યન્સ, (L. R. C. P.) તેમજ પાછલથી એજ કોલેજની, મેમ્બર ઓફ ધી રોયલ કોલેજ ઓફ સરજ્યન્સ (M. R. C. S.) ની પરીક્ષા પસાર કરી, ૧૮૭૪ ના સાલમા, ડાકટર ધ. ન. પારખે ઇંડીઅન મેડીકલ સરવીસની સેવટની પરીક્ષા પસાર કરી, લશકરી નોકરીમાં સામેલ થયા હતા.

થોડાંક જુના ડોબાંઓએ-ડા૦ પારખ વિરૂધ્ધ ઉભો કરેલો 'કાગનો વાઘ!'

પોતાની લશ્કરી ફરજો બજાવવાના કામમાં, ડાકટર ધ. ન. પારેખ એટલા તો ખંતી હતા, તેમજ લશ્કરી નોકરીના લાભમાં, પોતાના ઉપરીઓને એટલો તો પુર સંતોશ આપ્યો હતો, કે ઘણુજ જુજ વખતમાં ડા૦ ધનજીશાહ પારખ, મુંબઈ શેહરમાં સીવીલ ડયુટી ઉપર, એક પ્રોફેસર તરીકે જ. જી. હોસ્પીટલમાં નેમાયા હતા. પોતે એક લશ્કરી ઓધેદાર તરીકે પોતાના ઇંગ્રેજી પેહરવેશમાં ડા૦ પારખ પોતાનું રોજનું કામકાજ કરતા હતા. એ વખતે ગ્રાંટ મેડીકલ કોલેજમા, 'મીડવીફરી' જેવી બિકટ બાબદ ઉપર, વિદયારથીઓની આગલ ભાશણ કરવા એવણને મુકરર કીધા હતા.

ધ્યાન રાખી વાંચજો સાહેબો, કે ડાકટર પારખ એ વખતે મેં આગલ કહયું તેમ, ઇંગ્રેજી પોશાકમા ફરતા હતા, તેમજ કોલેજના વીધાર્થીઓને જે શીક્ષણ આપતા, તે પણ ઇંગ્રેજી પોશાકમા સજ થઇ ઉંઘાડે માથેજ આપતા હતા!

એ વખતે નાપાક શયતાન ઉપર દયાનત પડે, કે કોઈએ એક નવું રોખરૂં, જાહેર છાપામાં જગાડયું! અને તે રોખરૂં છાપામાં છપાતાંજ, પારસી જેવી પ્રજાના જુના વિચારવાલાં 'ડોબાંઓ'એ તકરાર ઉડાવી, કે એક જરથોસ્તી તબીબ, ધરમ તરફ બેદરકાર બની, ઉંઘાડે માથે જ. જી. હોસ્પીટાલમાં 'લેકચર' આપે છે, તેનો બાટકાવ થવો જોઇયે! એવી મતલબની તકરાર જાહેર છાપામાં રજુ થઇ! કંઇક ચર્ચાપત્રો લખાયાં, ને કંઇક 'લીડરો' પણ લખાઇ! પણ ડાકટર ધનજીશાહના પેટમાંનું પાણી સેહજબી હીલ્યું નહી!

ડા૦ પારખ, મુંબઇમાં કનસલટીંગ ફીઝીશ્યન.

તે વખતે કનસલટીંગ ડાકટરોની દર્દીઓને ઘેરે જવાની, અને દર્દીને તપાસી દવા લખી આપવાની ફી રૂપીઆ દસ હતી. જ. જી. હોસ્પીટાલના સઘળા ઇંગ્રેજ ડાકટરો, ડાકટર મેનસર, ડાકટર કારટર તેમજ યુરોપીયન જનરલ હોસ્પીટાલનો વડો ડાકટર હેવેલ વટીક દસ રૂપીઆ લેતો હતો, અને તેજ અને તેટલીજ ફી ડાકટરે પારખે પણ લેવાની શરૂઆત કીધી હતી.

અફવા છે કે હકીકત, કે ઇંગ્રેજ ડાકટરોને, ડાકટર પારખ, દસ રૂપીઆની ફી લીયે, તે રૂચ્યું નહી, અને કોઇ પોતાના 'મકાઇ ભુટ્ટા' મીત્રો પાસથી આ ઉંધાડે માથે લેકચર આપવા વિરૂધ નવું તુફાન ઉભું કરાવ્યું હતું ! પણ તે વખતે છાપા મંડળમાં રાસ્ત ગોફતારનું જોર, અને અવાજ પ્રબલ હતો. 'સોનીના સો, તો લુહારનો એક' એ કહેવત પ્રમાણે રોજીંદા છાપાઓ છછુંદર મીસાલ ચીંઈ—ચીંઈ કરે, ત્યારે આતવારની સહવારે રાસ્ત ગોફતારનો અધિપતી કેખશરૂ કાબરાજી, ડાકટર પારખ તરફથી એવી તો દલીલ અને ગર્જના કરે, કે સઘળા તકરારીઓ દપટ પડી જાય ! એ ઝુંબેસ થોડાક મહીના ચાલુ રહી દફન થઇ ગઇ હતી, અને ત્યારપછી ડાકટર ધનજીશાહ પારખ, ગોકળદાસ હોસ્પીટાલના વડા ફીઝીસ્યન નેમાયા હતા !

અહીં તેઓએ લાંબો વખત પોતાની ફરજો બજાવી હતી. તેવણની સઘળી હીલ ચાલ નીયમીત હતી. અમુક વખતેજ સઘળુ તેવણ કરતા હતા. ખાવામાં, પીવામાં, ફરવામાં, હરવામાં, તેવણ હંમેશાં નીયમીત રેહતા હતા. અંતે ઘણી લાંબી મુદતે 'ડાયા બીટીસ'નું દરદ લાગુ પડયા છતાં, ડા૦ પારખે પોતાના નિયમો છોડયા નહી. તેવણ રીટાયર્ડ થઈ પેનશન ઉપર પુને જઇ વસ્યા, અને જાણીને ઘણોજ ખુશી છું, કે હજી એવણ પોતાની નિયમીત જીંદગીને સબબે તંદરોસ્ત જીંદગી ગુજારે છે.


ડા૦ પારખની નાટકી ચળવળ.

ડાકટર ધનજીશાહ પારખે પોતાની નાટકી ચળવળ થોડાંકજ વરસ ચાલુ રાખેલી જણાય છે. જેમ મરહુમ ફરામરોઝ જોશીએ પોતાની નાટકી ચળવળ, સમાને પોતાની સામે જોઈ, એકદમ બંધ કરી નાંખી, તેમ ધનજીશાહ પારખે અમુક વખત પોતાની સામે પોતાની કેળવણીનો આવી લાગતાંજ, તેવણે પોતાની તમામ નાટકી હીલચાલ બંધ કરી નાખેલી જણાઇ હતી.

શેકસ્પીઅરના ખેલોમાં મરચન્ટ ઓફ વેનીસના નાટકમાં પોરશીયા, ઓથેલોના નાટકમાં ડેસડીમોના, હનીમુનના ખેલમાં ઝેમોરા વિગેરે પાત્રો ભજવી, પ્રજા અને જાહેર પત્રો, ઇંગ્રેજી તેમજ ગુજરાતીની એકસરખી પ્રસન્નતા મેળવી, એક દાહડો ઇન્ડીયન મેડીકલ સરવીસમાં સામેલ થવાના હેતુથી, વેલાતની સફરે નીકળી ગયા હતા. તેવણ ગયા, અને આગળ જણાવ્યું છે તેમ, બબ્બે સુનાના ચાંદા મેળવી, પોતાની ઉમેદોને પાર પાડી, મુંબઇમાં એક ધીકતી મેડીકલ પ્રેકટીસ જમાવી, તેમાં નામના અને જસ સાથ કિર્તિ મેળવી, આસાએશ લેવા પુને જઇ વસ્યા છે.

(૩૧)

માણેકજી હોરમસજી બારભાયા.



મરહુમ માણેકજી હોરમસજી બારભાયા, એક પેહલે દરજજેના મધુર અવાજવાલા જવાન હતા. એવણુને કુદરતીજ બક્ષેસ એવી મળી હતી, કે એવણુના ગળાંમાં મધુરતા ભરેલી હતી. તે વખતે કાંઇ આજના જેવા ગલીએ ગલી, અને મોહલ્લે–મોહલ્લે મ્યુઝીક કલાસો રેવ રેવ થતા નહી હતા, કે માણેકજી બારભાયા ત્યાં ગાયનો ગાવાનું શીખવા જાય. એવા ઘણુાજ થોડાક ભાગ્યશાળાએ જન્મે છે, કે જેઓને ગાયન ગાવા માટે કુદરતે તેઓ ઉપર પ્રસન્ન થઇ, તેઓના ગળાંમાં મીઠાસ મુકી દીધેલો હોય છે! એવો મીઠાસ માણેકજી બારભાયાના ગળાંમાં જન્મથીજ હોવાને લીધે, એવણુના જમાનામાં એવણુની કદર જાણીતા જરનાલીસ્ટ, ગાયનકાર અને શાએર, પેલા પ્રખ્યાત પારસી મરહુમ નશરવાનજી દોરાબજી આપઅખતીઆરે બુજી, એવણુને પોતાના 'લેફટનંન્ટ' બનાવી રોકી લીધા હતા!

બારભાયાની અટક કેમ પડી!

માણેકજીની અટક બારભાયા નહી પણુ 'પટેલ' હતી. અસલ વાત એમ બની, કે માણેકજીના બાવા મુંબઇમાં પ્રેમજી ભવાનીદાસ બારભાયા, જેવણુ ભાઇઓ અને પીત્રાઇઓ મલી ૧૨ ભાગ્યા બની પોતાની પેહડી ચલાવતા હતા, તેમણુી પેહડી ઉપર નોકરી રહયાથી, પટેલને બદલે બારભાયાની અટક પડી હતી! જે એક વારસા તરીકે જવાન માણેકજીને ફાળે આવ્યાથી, માણેકજી બારભાયાને નામે ઓળખાઇ ગયા હતા.

સને ૧૮૭૦–ગાયન ઉતેજક મંડળીની સ્થાપના.

ગાયનનો હુન્નર મુંબઇના પારસીઓમાં એટલો બધો તો ધીક્કારમાં આવી પડેલો હતો, કે જેઓ તે વખતે ગાયન ગાતા જણુાતા હતા, તેઓ પોસાગીર અને વીખરેલા પોરીયાઓ તરીકે ઓળખાતા હતા! ના, એટલુંજ નહી, પણુ છોકરીઓની સ્કુલોમાં ગાયન

શીખવવાની મા-બાપો તરફથી સખત મનાઇ થતી હતી! એવે સમે પારસી કોમમાં ગાયન ગાવાનો હુન્નર દાખલ કરવાની નેમથી, મરહુમ સુધારક કેખશરૂ નવરોજી કાબરાજીએ પોતાના જેવાજ વીચારવાળા બીજા મીત્રોની સામેલગીરી મેળવી, ઇ૦ સ૦ ૧૮૭૦ ની અતરાફમાં, ગાયન ઉ-તેજક મંડળી નામનું એક ખાતું સ્થાપ્યું હતું. એ ખાતામાં પારસી જવાનોને ગાયન ગાતા શીખવવા, અને ગાયન ગાતા શીખવ્યા બાદ, તેઓને જાહેરમાં ગાવા-ગવડાવવાની નેમથી વગર દામે ઉપલા મંડળમાં દાખલ કરવામાં આવતા હતા.

ગાયન ગાવાની વીરૂધ કોમમાં ફેલાયલા વીચારોને લીધે, આ ગાયન ઉ-તેજક મંડળીમાં કોઇબી જવાન ગાયન શીખવા શીખવવા જતા અટકી પડયા હતા. એવે સમે મંડળીના આગેવાનોએ મોટી મુશ્કેલીથી નીચલા થોડાક જવાનોને ગાયન ઉ-તેજકના કલાસના ઉસ્તાદની પાસે, હીંદુસ્થાની ગાયનોની વગર દામે તાલીમ લેવા સમજાવી બેસાડયા હતા, અને એ રીતે ગાયન ઉ-તેજકનું ગાડું ગબડવા માંડયું હતું.

પેહલવેહલ્લા પારસી ગાયકો!

એવી રીતે આ ગાયન ઉ-તેજકનું ગાડું ગબડાવનારાઓમાં પેહલવેહલ્લાઃ-

કાવસજી હોરમસજી ગાંધીભાઇ,

મનચેરજી મેરવાનજી નાળીએરવાળા,

ડાકટર મનચેરજી સોરાબજી,

કેખશરૂ નવરોજી કાબરાજી,

માણેકજી ધનજીશાહ ડાકટરના,

દાદાભાઇ પે. વરકીંગ બાકસવાલા અને

ફરામજી સોરાબજી ભરૂચા હતા.

એ સઘળાઓમાં મુખડે માણેકજી હોરમસજી બારભાયા હતા. ગાયન ઉતેજકની ચળવળો જો કે આ શરૂઆત પછી ઘણીજ વધી ગઇ હતી, અને તે ચળવળોમાં પારસી કોમના બીજા આગેવાન ગ્રહસ્થોએ પોતાની સામેલગીરી આપી, ગાયનના હુન્નરને પારસી કોમમાં દાખલ કીધો હતો. તે બધી વીગતો ગાયન ઉતેજક મંડળીની તવારીખ સાથ સંબંધ ધરાવતી હોવાથી, અત્રે એટલુંજ જણાવીશ, કે આ ઉપલા સંગીત શીખ્યોમાં પાછળથી મરહુમ દાદાભાઇ રતનજી ઠુંઠી (દાદી કરાફસ્ટ)નો ઉમેરો થયો હતો.

રાગે દીલચમન—ઇ૦ સ૦ ૧૮૫૮.

પણ ગાયન ઉતેજક મંડળીના કલાસમાં, ગાયનો ગાવા અને શીખવા જવા આગમચ ઇ૦ સ૦ ૧૮૫૮ ના સાલમાં, માણેકજી બારભાયાએ 'રાગે દીલચમન' નામનું એક ગાયનોવાળું પુસ્તક છપાવી પ્રગટ કીધું હતું. એ પુસ્તકમાં લગભગ ૩૧૨) ગઝલો છાપી હતી, અને તેની કીંમત રૂ. ૫) રાખી હતી. એ કીતાબ મુંબઇમાં સુયપ્રકાશ છાપખાનામાં છપાઈ હતી.

ગાયનો ગાવાનો શોખ, અને વળી આ 'રાગે દીલચમન'વાળું પુસ્તક છપાઇ બાહર પડયા પછી, તેની ખબર તે વખતના જાણીતા જરનાલીસ્ટ મરહુમ નશરવાનજી હોરાબજી આપઅખતીયારને પડી, અને તે ઉપરથી આ જવાન માણેકજીનો વગ વસીલો, ગાયનોના ઘણાક શોખીનોમા ફેલાવા લાગ્યો હતો. માણેકજીના ગાયનોના ઘણાક શોખીનો ઉભા થયા હતા. અને એ રીતે પોતાના ગળાં માહેલા મીઠાશની બરકતથી, હવે રફતે રફતે નાટક કંપનીવાળાઓનું માણેકજી તરફ ધ્યાન ખેંચવા લાગ્યા.

કંચની—તીરીરાંમ !

આપણા પારસી શેઠીઆઓ, જમાનાના તે કાળમાં, તરતેહવારે, તેમજ રવીવારે વાડીએ જઇ ત્યાં ખાની-પીની કરી, મોડી રાતે ઘેરે જતા હતા. શું કરે! તે વખતે કાંઇ તાજ મહાલ હોટેલ, કે ગ્રીન-રીડ, કે મોનજીની કે મેજેસ્ટીક જેવા હોટેલો હતાં નહી! એટલે શોખીન શેઠીઆઓ સાંજને સમે, પોત પોતાની મુકરર કરેલી વાડીએ જતા, અને ત્યાં સોકટાં અને ચોપટની રમતોની સાથે, બ્રેન્ડી અને વીહસ્કીની બાટલીઓ ઉખેરાતી હતી, અને કાવલા તથા કુમલાને હાથના સવાદદાર પકવાન ખાધા પછી, કંચનીઓના ગાયન અને નાચ થતા હતા! તે નાચ મોડી રાત સુધી ચાલતા હતા, અને શેઠીઆઓ જ્યારે ગાયન અને નાચની ધુંનથી ધરાઇ જતા! ત્યારે મોડી રાતે, અને બાજે વખત તો મરઘા વાસતા સંભળાય, ત્યારે પોતપોતાને ઘેરે જતા હતા!

મુંબઇના તે વખતના પારસી શેઠીઆઓ મોટે ભાગે 'વાડી'એ જતા હતા, એ વાત તો જુના પારસીઓનેબી ખબર હોવીજ જોઇયે, અને તે બદી સામે પુકાર ઉઠાવનાર તે વખતનો છાપો 'રાસ્ત ગોફતાર' ધુમ બખારા કાહડતો હતો. એવે સમે કંચનીઓના નાચ ગાયનનો લાભ, મોટે વર્ગનાઓજ લેઇ શકત હતા, કેમકે તે ઘણોજ ખરચાળ શોખ થઇ પડતો હતો. મુંબઇની કંચનીઓમાં તે વખતે ઘણીજ થોડી આબરૂદાર નામચનીઓ હતી, જેઓ પોતાનો પેશો, મોટી કિમત લેઇ નાચી-ગાઇ કરતી હતી! વળી એ ગાયન કરનારીઓ, પારસી શેઠીઆને ત્યાં ગાવા-નાચવા જતી, તેઓની તારીફમાં ત્યાંને ત્યાંજ ગાયનો રચતી, અને ગાતી હતી. એવી રીતે તેઓને ખુશ કરી પોતાની અને પોતાના હુન્નરની તેઓ કિંમત અંકાવતી હતી.

તીરીરાંમ કંચની મુંબઇમાં આવી, તેની ઘણાક વરસો આગમચ,

ભાગી અને ગંગા

નામની બે મરાઠા જાતની કંચનીઓએ પરેલમાં આવેલા પ્રખ્યાત લવજી કેસ્ટલમાં એક મુજરા દરમ્યાન, તેના માલેકને રાજી રાખવા, આ ભાગી અને ગંગાએ એક ગાયન ત્યાંને ત્યાંજ તે બંગલાની તારીફમાં જોડી, નાચીને ગાઇ દેખાડી, ત્યાં ભેગી થયલી મજલીસને ખુશ કરી નાખી હતી. તે ગાયનની થોડીક લીટીઓ, તે જુના જમાનાની યાદ તાજી કરવાના હેતુથી, હિંયાં ઉતારી લેવાની તક જતી મુકવા ગમતી નથી.

"મુંબઇ શહેર ગુલઝાર, ઉસમે માહીમ–પરેલકા જંગલા,
દરમ્યાને ખુબ જોર હવા, હોરમજજી શેઠકા બંગલા."

કંચનીઓના નાચ અને ગાયનની મુંબઇમાં તે વખતે ઠીક ધુમચકરી ચાલતી હતી. તીરીરામ કંચની જેવી કોઇ નાચનારીએ મુંબઇમાં દેખાવ દીધો હતો, અને મરહુમ પેસુ પેત્રીજ, તીરીરામ કંચનીના ફારસ લખનારે, મને એક વખત કેહયું પણ હતું, પણ જેવી તેણે તેણીને પોતાના ફારસમાં ચીતારી હતી, તેવી તે ખરેખર હતી નહી. તીરીરામ, સાંભલ્યા પ્રમાણે જાતે કચ્છી જાતની હતી, પણ મુંબઇમાં તેણીએ બતાવેલા પ્રાકરમોની કાંઇબી નોંધ, પોલીસ ખાતે નોંધાયલી જણાઇ ન હતી. આ કંચનીના નખરાંને માટે ઘણુંક બોલાતું હતું, અને તેના સઘળાં ગાયનોમાં એકાદ બે ગાયનો, મરહુમ પેસુ પેત્રીજ કેહતા હતા, કે એવા તો આંખોના ઇશારા સાથ ગાઇને કરતી હતી, કે ભોળા અને બીનઅનુભવીઓ તેની જાલમાં સપડાઇ જતા હતા! ફારસ લખનારે તેજ ગાયન માણેકજી બારભાયાના મોહડામાં મુકયું હતું.

મોરા સઇયાં નહી આયે મયે કયેસી કરૂરે,
મોરા પીયા નહી આયે, મયે કયેસી કરૂ.

હવે જવાન બારભાયાએ શું કીધું, તેનો હિસાબ કરતાં કરતાં, આ તરીરામનો પાર્ટ કરી, તેવણ પરવારી ગયા નહી, પણ આ તેવણના પાર્ટ પછી, મરહુમ આપઅખતીયારના હાથમાં માણેકજી સપડાયા હતા.

સોહરાબ તરીકે રૂસ્તમ સોહરાબમા માણેકજી બારભાયા


ગાયન ઉતેજક મંડળીમાં કાંઇક સંગીતની તાલીમ લેઇ, તે મંડળે કરેલા જાહેર જલસામાં બીજાઓની સાથે ગાવામાં ભાગ લેઇ, જવાન માણેકજીએ પોતાના હલકની મધુરતા મારફતે ઠીક વિખ્યાતી મેળવી હતી. પણ એ વિખ્યાતીની ખબર, મંડળની બાહર એક બીજા પારસી હતા, જે ગાયન ઉતેજક મંડલના એક હરીફ તરીકે દુર ઉભા રેહી, સઘલો તમાશો, અને સઘલી હીલચાલ તપાસી રહયા હતા! તેવણના કાન ઉપર જવાન બારભાયાની ગાયનકલાની તારીફ ગઇ. આ હરીફ, તે વખતે એક મહાન જરનાલીસ્ટ અને મહાન ગાયક લેખાતા હતા. તેવણનો દોર, દમામ, અને રૂઆબ આમા ઘણીને ઠઠરાવી નાખનારા હતાં. તેવણ કોઇજ નહી, પણ મરહુમ નશરવાનજી દોરાબજી આપઅખતીયાર હતા, જેવણ માટે હું આ બાબદના પ્રથમ ભાગમાં પુરતું લખી ગયો છું. આ શેઠ એક લેખક, એક જરનાલીસ્ટ, અને એક ગાયક હોવા ઉપરાંત,

પારસી સ્ટેજ પ્લેઅર્સ

નામનું એક મંડળ ચલાવતા હતા. આ મંડળના સભાસદોને મરહુમ આપઅખતીયાર પોતાના જોડેલા ગાયનો શીખવી, ગાયન ઉતેજકના કામની વિરૂધ જાહેર તખતા ઉપર રજુ કરાવતા હતા. રફતે રફતે મરહુમે પોતાના આ કામને નાટકી રૂપ આપવા માંડયું, અને બીજી મંડલીઓ જયારે આખખા નાટકો સ્ટેજ કરતી હતી, ત્યારે આપ-

અખતીયારનું મંડલ, રમુજી 'સ્કેચીસો' સ્ટેજ કરવા લાગી હતી. દાખલા તરીકે 'કજોડા નો સ્કેચ.' માતબર બુઢા વર સાથ જવાન ૧૨-૧૩) વરસની છોકરીના લગનનો દેખાવ, એક રમુજી ગાયન સાથ, તમાશબીનોને ઘણોજ મન પસંદ થઇ પડયો હતો. વળી પ્રભુ સુધારાના એવાજ જુદા જુદા રમુજી દેખાવો, પણ તેટલાજ ફતેહમંદ નિવડતા હતા. એવા સ્કેચમાં અચ્છા પારસી ગાનારા છોકરાઓની મરહુમ આપઅખતીયારને ઘણીજ જરૂર હોવાથી, તેવણુને કાને મરહુમ બારભાયાની કારકીર્દીની ખબર પડતાંજ, એ જવાનને મેલવવાની ગોઠવણુ કીધી, અને એ ગોઠવણુના પરીણામમાં, બારભાયા મરહુમ આપઅખતીયારની સંડળીમાં સામેલ થયા હતા.

નશરવાનજી દોરાબજી આપઅખતીયાર.



તપાસી વાંચો, મહેરબાન! એક કદમ વધુ! નશરવાનજીના હાથમાં માણેકજી બારભાયા આવ્યા પછી નશરવાનજીના ભેજાંમાં એક નવો કીડો ચવડી નિકલ્યો! એ વખતે માણેકજી એક જવાન વછેડાના કદનો, પોહળી પેશાની અને મજબુત બાંધાનો જવાન હતો. તેનો અવાજ ખીલેલો, અને તઇયારીવાલો હતો. આ સંજોગનો પુરતો લાભ નશરવાનજીએ લેવાનો ઇરાદો કીધો.

પોતે એક કવી તો હતાજ, એટલે ગાયન જોડાવવા માટે બીજી કલબવાલાઓ જ્યારે તે વખતના જાણીતા કવી દલપતરામ, અને બંદે ખોદા પાસે જતા હતા, ત્યારે આ નશરવાનજી આપઅખતીયારને તેવી કાંઇ મુશકેલી પડતી નહી હતી, કેમકે તેવણુજ પોતાને મનપસંદ રાગ-રાગણીઓની ચાલ ઉપર, પોતાના ખેલને માટે ગાયનો જોડતા હતા, અને તે ગાયનો જેમ પોતે ગાતા હતા, તેમ તે બીજાઓને શીખવી ગવાડતા હતા.

રૂસ્તમ અને સોહરાબ.

નશરવાનજી આપઅખતીયાર પોતાના વખતમાં, પારસી કોમમાં સારો લાગવગ અને વગવસીલો ધરાવતા હતા. તે વખતના શેઠીઆઓ એવણુને ઠીક માન આપતા હતા, જેથી જ્યારેબી નશરવાનજી આપઅખતીયારના ખેલો જુની નાટકશાળામાં થતા, ત્યારે તે વખતના લગભગ સઘળા આગેવાન પારસીઓ તે જોવા જતા હતા. એવા પોતાના લાગવગ ઉપર મુરતાક બની, મરહુમે ઠરાવ કીધો, કે ફીરદોસીના શાહનામાને આધારે, રૂસ્તમ અને સોહરાબનો કીસ્સો પકડી, તેનો ગાયનરૂપી ખેલ, નાટક તખ્તા ઉપર રજુ

કરવો તે ગાયનરૂપી ખેલનું નામ 'ઓપેરા' આપવું! એવી મતલબનો ઇશારો મરહૂમે પોતાને હસ્તક ચાલતા છાપા અંદર આપ્યો, અને તે જાણુતાંજ, નાટકી આલમમાં જબરી ચકચાર થવા માંડી!

પણ જરા સબર! આ બાબદ મોટે ભાગે નશરવાનજી આપઅખતીયારના કામો સાથ સંબંધ ધરાવતી હોવાને લીધે, મારે એ બાબદ માણેકજી બારભાયાના કામની સાથે ભેગી નાખવી જોઇયે નહી.

નશરવાનજી આપઅખતીયારની એક એકટર તરીકેની કારકિર્દી ખરેખર આજના ઉઘરતા એકટરોને જાણુવાજોગ થઇ પડે, એમ હું માની, તે તેને લાયક વખતે હું રજુ કરીશ.

પારસીઓમાં એ વખતે છુટા હલકે ગાનારાઓનો, તેમજ વળી જાહેર તખતા ઉપર આવી ગાનારાઓનો મોટો દુકાલ હતો. અને તે દુકાલને લીધેજ, ગરીબ બીચારી ગાયન ઉતેજક મંડળીને જલસા માટે જોઇતા પારસી ગાનારાઓને શોધી કાહડવા, દીવો લઇ જોવા નીકળવું પડ્યું હતું! ત્યારે નશરવાનજી આપઅખતીયારને રૂસ્તમ સોહરાબનો ઓપેરા કરવા જોઇતા ખાંડીબંધ એકટરો કયાંથી મલે? અને તોબી નશરવાનજીએ આ કીયાંની ખેલ ઓપેરા રૂપે કરવાનું જાહેર કીધું. તે ખબર સાંભળી કેખશરૂ કાબરાજી ખડખડ હસી પડયા! અને આ કીયાની ઓપેરા કયારે સ્ટેજ થાય છે, તેની રાહ જોતા, હાથમાં કલમ અને કાગજ લઇ બેસી રહયા!

હવે કેખશરૂ અને આપઅખતીયારની વાત તેને વખતે થશે. વળી રૂસ્તમ સોહરાબનો ઓપેરા કેમ અને કેવી રીતે નશરવાનજીએ કીધો, તેબી તેને વખતે જણાઇ જશે! પણ એ કીયાંની રૂસ્તમ સોહરાબના ઓપેરામાં, માણેકજી બારભાયા, સોહરાબ તરીકે લડાઇના મેદાનમાં, બખતર અને તલવાર પેહડી રૂસ્તમની સામે, પોતાના તુરાંની લશ્કરની સાથ આવી, પોતાના જોરની ઉપર મુસ્તાક બની વડાઇ કરતો જ્યારે ગાઇ રહયો કેઃ—

"શું મકદુર સોહરાબની સામે કોઇ આવે;
આ ગુરઝ, આ સમશીર, આ કમંદ કોઇ ઉઠાવે."

હે વાંચક હમદીન! જાણુ, કે આજે તે પારસી જમાનો મરી ગયો છે! તે પારસી જમાનો મરી ગયો, તેની સાથે તે પારસી ઉતસાહ, અને પારસી લાગણીઓ પણુ મરી ગઇ છે!

આખું થીએટર ઉપરથી નીચે સુધી બીલકુલ ચીકાર હતું! હું એક ખુણામાં બેઠેલો હતો. ડરેસ સરકલમાં પેહલે વાંધેના આગેવાન પારસી ગ્રહસ્થો બેઠા હતા! તુર્કાની બારકસો ગ્યાલરી ઉપરથી વાંકાવળી જોઇ રહયા હતા! તેઓ સઘળા બારભાયાને ઉપલી ગઝલના બોલો ગાતા સાંભળી, સ્તબ્ધ થઇ ગયા! આખ્ખા હાઉસમાં ચુપકીદી! આગેવાન ગ્રહસ્થો, પણુ ચીત ધરી સાંભળી રહયા હતા!

તેવામાં સામી બાજુથી એક ગંજાવર કદનો, કદાવર બાંધાનો, પોહળી પેશાનીનો, અને બુલંદ અવાજવાળો નશરવાનજી આપઅખતીયાર, તેને લાયકના લડાયક પોશાકમાં ફકત એક ગુરઝ હાથમાં પકડી, પોતાનાં લશકર સાથ સોહરાબ સામે આવી, તેને બરોબર નીરખી ગાઇ રહયોઃ—


"મગરૂર ના થા નાદાંન, જવાંન, બેધ્યાંન,
એક પલમાં થશે ખાક પરેશાન."

અને એવી તો ચુપકીદીથી પારસી તમાશબીનોએ રૂસ્તમ સોહરાબનો આ ભાગ શાંતીથી એક ચીતે, અને ચુપકીદીથી સાંભળ્યો, કે તેના જેવી ચુપકીદી, જવલેજ કોઇ ગંભીર નાટક પ્રસંગે થઇ હશે.

વધુ શું લખું ? મરહુમ માણેકજીનો આ સોહરાબ જોયા પછી, મારા મનની અંદર માદર વતનમાં બનેલા પહેલવાની બનાવો જાણવાની જે અગની ભડકી ઉઠી, તે હજી બુઝાતી નથી ! ઇરાનની તવારીખ અને ઇરાની પહેલવાનોની મરદાનગીવાલા બનાવો જાણવા આજ તક હું મથી રહયો છું. મરહુમ માણેકજી આ સોહરાબનો ભાગ થોડીક રાતો સુધી જુના થીએટરમાં બજાવી, કાંઇક નહી જણાયલા સબબોને લીધે, સ્ટેજ ઉપર વધુ નીકળ્યા નહી હતા. તેવણને ફરી અને ફરી સાંભળવાની ઉમેદ માં હું એકવાર ગયો, તો મારી બેહદ દલગીરી અને અજાએબી વચ્ચે મેં સોહરાબનો ભાગ ભજવતાં મરહુમ પેસ્તનજી પાવરીને જોયા, અને તે નવા ફેરફારથી જેમ હું તેમજ બીજાઓ તાજુબ થઇ ગયા હતા !

મરહુમ પેસ્તનજી પાવરી, તે વખતે ઝોરાસ્ત્રીયન કલબના એક આગેવાન ખેલાડી, અને એક જોડયા માલેક હતા. તેવણ એક પેહલ્લે વધિના એકટર હતા, અને ખુશરો–શીરીનના ખેલમાં ખુશરોના ભાગ ભજવી પોતાની કીરતી હાંસલ કીધી હતી.

આપઅખતીયારનો બીજો સોહરાબ



મરહુમ પેશોતન દાદાભાઈ પાવરી.

ત્યારેજ મરહુમ માણેકજી બારભાયાની ગાયન કળાની કદર બુઝાઇ હતી ! ત્યારેજ મરહુમને સઘળાઓએ યાદ કીધા હતા ! શા કારણ માણેકજી સ્ટેજ છોડી ગયા, તે આજ સુધી જણાયું નથી. શાંતી. મરહુમના નેક અને ભલા રૂહને હું શાંતી ચાહું છું.

મરહુમ નશરવાનજી દોરાબજી આપઅખતીયાર. પારસી પંચના માલેક અને અધીપતી.



(૩૨)

એ પંચ પત્ર ઇ. સ. ૧૮૫૪ ના સાલમાં દાદાભાઇ શોહેરી નામના પારસીએ પેહલ વેહલું કાહડયું હતું. એ પછી, તે અનેક જાણીતા લેખકોના હાથમાંથી પસાર થયા બાદ, નશરવાનજી દોરાબજી આપઅખતીયારે ૧૮૭૮) મા પોતાના મરણ તક ચલાવ્યું હતું. નશરવાનજીની કજા બાદ, તેવણના ભત્રીજા મી૦ બરજોરજી નવરોજજી આપઅખતીયાર આજ તક ચલાવી રહયા છે.

૬ ઠી જાનેવારીના કયેસરના અંકમાં મેં જે કબુલાત મારા વાંચક મેહરબાનોને આપી હતી, જે પ્રસંગે મે નંબર ૭) વાળો હફતો લખ્યો હતો, અને જેમાં પ્રસિધ્ધ પારસી લેખક નશરવાનજી આપઅખતીયારની એક ખેલાડી તરીકેની કારકિર્દી લખવાની મેં કબુલાત આપી હતી, તે નશરવાનજી આપઅખતીયારનું દાસ્તાન આજે હાથ ધરૂં છું.

એક હાથ ઉપર એલફીન્સ્ટન કોલેજના નામીચા ખાનદાની જવાનોની, જુના થીએટરમાં થતી અવારનવાર ધમચકરી, અને બીજા હાથ ઉપર

પ્રખ્યાત દેવ કારસન પકકા તમાશાવાલા

ના એજ થીએટરમાં થતા ખેલો, ત્રીજા હાથ ઉપર વીકટોરીઆ નાટક મંડળીની હીલચાલો, અને ત્યાર પછી ઝોરાસ્ત્રીઅન કલબના ખેલો, એ સઘળાંઓથી જયારે ગ્રાંટ રોડ હલમળી રેહતું હતું, ત્યારે નશરવાનજી આપઅખતીયાર કયાં હતા? તે જરા જાણવું જરૂરનું થઇ પડે છે.

જે જમાનામાં પારસી નાટકની ચળવળે મુંબઇમાં શરૂઆતનો જન્મ લીધો હતો તે જમાનામાં નાટકના કામને ફ્રોએશ કરવા, અને તેને પાર પાડવા બે મહાબળી ભલા પારસી ઓધ્ધાઓએ જન્મ લીધેલો નોંધાયલો છે. એ બંને મહાન પારસી હમદીનોની એક લેખક તરીકેની કારકિર્દીની નોંધ, મેં આ લેખના પેહલા ભાગમાં ટુંકમાં લીધી છે, અને એજ લેખના આ બીજા ભાગમાં, તે બે માહેલા એક, નશરવાનજી દોરાબજી આપઅખતીયારની નાટકી અને સંગીત પ્રત્યેની ચળવળ, આજે લીધા બાદ, મરહુમ કેખશરૂ નવરોજી કાબરાજીની બાબદ હું હાથ ધરવા ધારૂં છું.

મરહુમ આપઅખતીયારનો જન્મ, ૧૮૩૫ ના સાલમાં થયો હતો. એવણની ખરી અટક 'કીકા દાવર'ની હતી, પણ પાછળથી ૧૮૫૪ ના સાલમાં, મરહુમે આપ-અખતીયાર નામનું એક ન્યુસપેપર કાહડયું હતું, જે ૧૮૬૬ સુધી ચલાવ્યું હતું, અને તે ઉપરથી એવણનું નામ, નશરવાનજી આપઅખતીયાર પડયું હતું. એ વીશે હું આગળ લખી ગયો છું. એ પછી એવણનો બીજો સહાસ ૧૮૭૮ ના સાલમાં, પારસી પંચ નામનું એક પત્ર પ્રગટ કીધું હતું, જે મરણ સુધી એવણે ચલાવ્યા બાદ, તે પત્રનું સુકાન એવણના કાબેલ, અને એ કામમાં બચપણથી એવણ સાથ ઉછરેલા એવણના ભત્રીજા ભાઇ બરજોરજી નવરોજી આપઅખતીયારના હાથમાં જઇ, પડયું હતું, જે આજ સુધી પુર ઝમકથી એ ભાઇ તે પત્ર ચલાવી રેહયા છે.

મી૦ બરજોરજી નવરોજજી આપઅખતીયાર.



હીન્દી પંચ (આગલાં પારસી પંચ)ના હાલના અધીપતી અને માલેક

મરહુમ ન૦ આપઅખતીયારે સાહીત્યના રણક્ષેત્રમાં ચલાવેલી ચળવળ એટલામાંજ પુરી થયેલી વાંચક મેહરબાનોએ સમજવી નહી. તે ચળવળો શું શું હતી, અને કેવી કેવી હતી, તે તો એ મરહુમની જીંદગીનું વૃતાંત લખ્યાથીજ કલ્પી શકાય એમ છે. પણ એક શાએર તરીકે એવણે મેળવેલી પ્રતિષ્ઠા, અને એક જાહેર રમુજી લેખક તરીકે, મજાકના મયેદાનમાં ચલાવેલી કલમબાજીથી એવણને જે મહાન મુશ્કેલીમાં

ગુંચવાઈ જવું પડ્યું હતું, તે કિસ્સો આજની ઉધરતી ઓલાદ સમક્ષ રજુ થવો ઘટે છે, કે જેથી રમુજી જાહેર લેખકનું કામ કરવા નિકળેલા આજકાલના ટુંક ભંડોલીઆઓ તે જાણી પોતાની કલમ તેમજ રમુજને કાએદાની હદમાં રાખી, પોતાનું કામ કરતા રહે.

કેખશરૂ કાબરાજી અને ન. આપઅખતીયાર.
બંને એકમેકના કાતીલ હરીફ!

મરહુમ કેખશરૂ કાબરાજી, એક મહાન લેખક, મહાન સંસાર સુધારક, ગાયક, એક નાટકનવેશ, અને છેલ્લે એક એકટર તરીકે જણાઇ ગયા છે. તેજ રીતે મરહુમ ન. આપઅખતીયાર પણ એક લેખક, એક ગાયક અને એક એકટર તરીકે પોતાની પાછળ પોતાનું નામ અને કામ મુકી ગયા છે. કુદરતની એમાં શું મરજી હશે, તે સમજવી બીલકુલ મહાલ છે, કે આ બંને જરથોસ્તી વીરલા લેખકોને જનમથીજ એક એકના હરીફ તરીકે પયેદા કાં કીધા હશે!

જુવો સાહેબ, આપઅખતીયારનો જનમ, ઇ૦ સ૦ ૧૮૩૫ ના સાલમાં થયો હતો, ત્યારે મરહુમ કેખશરૂ કાબરાજીનો જનમ ઇ૦ સ૦ ૧૮૪૨ ના સાલમાં થયો હતો. બંનેના જનમ વચ્ચે ફક્ત ૭ વરસનોજ ફરક હતો! જેઓ જોતીશશાસ્ત્રમાં માને છે તેઓ સમજાવે છે, કે આ બંને ગ્રહસ્થો જનમથીજ એકબીજાના કાતીલ હરીફ હોવા જોઇએ! કેમકે બંને ગ્રહસ્થોની ચળવળો એકજ દીશામાં થઇ રહી હતી! બંનેની કલમબાજી એકમેકને હંફાવી રહી હતી! બંનેની ગાયનકળા એકમેકને ઝુલાવી રહી હતી! બંને જાહેર લેખકો, બંને જાહેર ગાયકો, અને બંને મુંબઇમાં પારસી નાટકના કામને સુધારવા વધારવા પાછળ લાગી ગયા હતા. મગર——

મગર બંને એક એકના હરીફ સમાન થઇ પડયા હતા. ગાયન વિદ્યાની ખીલવણીમાં, અને કલામા આ બંને સાહેબોની ચળવળો, હેરત કરે તેવી થઇ પડી હતી. કસરતશાળા સ્થાપક મંડળી એક હાથ ઉપર, ત્યારે કસરત અને ગાયનના ખેલો ભજવનારી પારસી મંડળી બીજા હાથ ઉપર, બંને હરીફ સામસામે હરીફ સમાન કામ કરતા હતા. તેજ રીતે નાટકની વૃધી કરવાનાં કામમાં પણ આ બને હરીફો એક બીજાની સામે અથડાયા કરતા હતા! એવા ઘણાક દાખલાઓ હું રજુ કરી શકું, પણ તેટલી હદ સુધી દોડી જવાનું કામ, આ છાપાની ઉપર દબાણ સમાન થઇ પડે.

ચકચારભરેલો પ્રખ્યાત પારસી લાઇબિલ કેસ!

લખતાં લખાઇ ગયું, અને છપાતાં છપાઇ ગયું! પરંતુ લખાઇ અને છપાઇ ગયા પછી, તે લખનાર પોતાની જોખમદારીમાંથી સહેજમાં છટકી શકતો નથી, એમ કાયદાની તલવાર દરેક લખનારને માથે હંમેશ લટકતી રહેલી છે.

જેઓ જાણતા નહી હોય, તેવાઓની જાણ માટે, તેમજ આજના વખતમાં 'ઢડ ઉપર ડોક' નહી રાખનારા જવાન અને જાહેલ લેખકો માટે, એક ચકચારભરેલા

બદનક્ષીના મુકદમાની આ વખતે નોંધ લેવી વાજબી ધારૂં છું. વાજબી એટલાજ માટે, કેમકે તે બદનક્ષીનો મુકદમો આજથી બરોબર ૫૫) વરસ ઉપર મુંબઇની ફોજદારી કોરટને બારણે ચઢડયો હતો. વધુ જાણવા જેવું તો એ હતું, કે ફરીયાદી તેમજ તોહમતદાર, બંને આલીખાનદાની, બંને કેલવાયલા, બંને મુંબઇમાં જાણીતા, અને બંને મુંબઇના આગેવાન ગુજરાતી અઠવાડીકના અધીપતીઓ હતા. વલી એ મુકદમામાં વધુ જાણવા જેવું તો એ બન્યું હતું, કે પોલીસ કોરટમાં તે કેસ ચાલ્યા પછી, અંતે તે સેશન્સ કોરટમાં પાછળથી નોંધાયો હતો, અને ત્યાર પછી એ મુકદમાનું મનમાનતું સેવટ આવ્યું હતું. આ બધાં કારણોને લીધે, હું એ મુકદમાને આ જગે, આ કટારીમાં દાખલ કરવી જરૂરતનું ધરૂં છું.

અસલ બાબદ એમ બની કે રાસ્ત ગોફ્તાર પત્રના અધીપતી શેઠ કેખશરૂ કાબરાજીએ, શેઠ ન. આપઅખતીયાર, જેવણ 'પારસી પંચ'ના અધીપતી અને માલેક હતા તેવણ ઉપર, પારસી પંચમાં પોતાની ગીબત કરવાનો, અને ગીબતખોરાં રમુજી ચીત્રો પાડવાનો વાંક મુકી, પોલીસ કોરટમાંથી સમન્સ મેલવ્યા હતા. તે વખતે માજીસ્ટ્રેટ મી૦ નાના મોરોજી નામના હિન્દુ ગ્રહસ્થ હતા. તેવણે એ મુકદમો સાત વખત સાંભલ્યો હતો. રાસ્ત ગોફ્તારની તરફથી સાક્ષી આપવા, તે વખતે મુંબઇના ઘણાક જાણીતા હિન્દુ તેમજ પારસી જાહેર પુરૂશો, પોલીસ કોરટમાં ગયા હતા. તેમાં મુખ્ય કરી

મી૦ મનચેરજી કાવસજી મરજબાન,

મી૦ સોરાબજી જમશેદજી જીજીભાઇ,

મી૦ ધનજીભાઇ મેરવાનજી જીજીભાઇ,

મી૦ હોરમજજી નવરોજજી સકલાતવાલા,

ઓનરેબલ મંગલદાસ નથુભાઈ,

મી૦ લખમીદાસ ખીમજી,

મી૦ મથુરાદાસ લવજી,

મી૦ સોરાબજી શાપુરજી બંગાલી, અને

મી૦ ખરશેદજી રૂ. કામા હતા.

એ સાક્ષીઓની જબાની લીધા બાદ, એ મુકદમો અપરાધીઓની છાંડણ કરનારી સેશન્સમાં નોંધ્યો હતો.

રૂમેટીઝમની બીમારીને સબબે સેશન્સ માંહેલો કેસ તહકુબ.

મગર જે સેશન્સમાં એ મુકદમો નોંધાયો હતો, તે પ્રસંગે મરહુમ આપઅખતીયાર ઘણાજ સખત પ્રકારના રૂમેટીઝમની બિમારીથી પટકાઇ પડેલા હોવાને લીધે, એ મુકદમો આવતી સેશન્સમાં લેઇ જવાની ફરજ પડી હતી.

બંને પારટીવાળાઓ લાગવગ અને પેહલ્લી પંક્તીનો વગવસીલો જાહેરમાં ધરાવતા હતા. બંને જણો આગેવાન છાપાના અધીપતીઓ હતા. બંને જણોના મીત્રો પોતાના મીત્રના બચાવમાં સમજુતી કરાવવા ઘણાજ ખંતી થઇ, વચ્ચે પડયા હતા, પણ નશરવાનજી આપઅખતીયાર સેવટ સુધી પોતાની જીદને વળગી રહયા હતા! મગર અંતે પારસી કોમના એક આગેવાન ગ્રહસ્થ મરહુમ મી० ડોસાભાઈ ફરામજી કરાકા વચ્ચે પડયા હતા, અને ન. આપઅખતીયારની સાદી સમજ ઉપર તેવણે પોતાનો વગવસીલો ચલાવી, હાઇ કોરટની સેશન્સમાં જ્યારે બીજી વાર એ મુકદમો નીકલ્યો, ત્યારે જસ્ટીસ બેલી રૂબરૂ, એક માફીપત્ર મરહુમ ન. દો. આપઅખતીયારે, કે. ન. કાબરાજીને લખી આપ્યા ઉપરાંત, રૂપીઆ બે હજાર નુકસાનની તરીકે આપ્યા હતા. આ લાઇબલ કેસ ૧૮૭૪–૭૫ ના સાલમાં થયો હતો.

આપઅખતીયારની નવી મંડળીનો પેહલ્લો ખેલ.

આ લાઇબલ કેસ તો ૧૮૭૪ ના સાલમાં થયો હતો. પણ કાબરાજી અને આપ અખતીયારની વચ્ચે ચાલી રહેલી હરીફાઇઓની ખેંચતાણ ૧૮૫૯) ના સાલની આગ મચથી શરૂ થયલી જણાઇ છે. કસરતશાળા સ્થાપક મંડળીના વીરોધમાં મરહુમ આપ અખતીયારે પારસી ખેલાડીઓ પાસથી ગાયન બજાયન, અને કસરતના ખેલો કરવા માટે જે મંડળી સ્થાપી હતી. તેનો પેહલવેહલ્લો ખેલ ૧૮૫૯) ના સાલના નવેમ્બર માસમાં સ્ટેજ થયો હતો. નાટક અને ગાયન બજાયનની હીલચાલો વચ્ચે, મરહુમ કાબરાજી અને આપઅખતીયાર એકમેકની ચાલુ અથડામણમાં આવ્યાજ કરતા હતા, અને એવી રીતની રસાકસીને લીધે બંને હરીફો, પોતપોતાના છાપાઓમાં એક બીજા ઉપર કટાક્ષ કરતા હતા, અને તેવા કટાક્ષોનું કમનસીબ પરીણામ, રાસ્ત ગોફ્તારે, મરહુમ આપઅખતીયાર સામે માંડેલા કેસમાં આવ્યું હતું.

આપઅખતીયારનો રૂસ્તમ સોહરાબનો 'ઓપેરા.'

મરહુમ આપઅખતીયાર અત્યારસુધી કાંઇ પારસી સંસારી કે કીર્યાની નાટકો સ્ટેજ કરતા નહી હતા, પણ ગાયન બજાયનના હુન્નરને પ્રગટી આપવાના હેતુથી, છુટા છુટા સ્કેચીસો ગાયનરૂપે સ્ટેજ કરતા કરાવતા હતા. પણ તેમ કરતાં ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે, મરહુમને હાથ પેસો પારસી ગાયક જવાન મરહુમ માણેકજી બાર ભાયા હાથ લાગયો, અને વીકટોરીઆ નાટક મંડળી કેખશરૂ કાબરાજીએ લખેલો 'બેજન મનીજેહ અને એદલજી ખોરીએ લખેલો રૂસ્તમ સોહરાબ, જેવા શાહનામાના દાસ્તાનોવાળ નાટક કરવા લાગ્યાથી, મરહુમ ન. આપઅખતીયારે એ બે ખેલોની સામે હરીફાઇ કરવા, રૂસ્તમ અને સોહરાબનો ઓપેરા કરવાનું જાહેર કીધું.

હવે આ વાત તો મુંબઇની શોખીન આલમ જાણતી હતી, કે બેજન અને મનીજેહ, તેમજ રૂસ્તમ અને સોહરાબ, એ બંને ઓપેરા નહી પણ નાટક હતા. જો કે તે વખતની રીત પ્રમાણે બંને નાટકોમાં થોડાં થોડાં ગાયનો તો ગવાતાં હતાંજ.

વળી ગાયનોને વધારે પસંદગી મળે એવા હેતુથી, કાબરાજી પોતાના નાટકમાં પોતાના ઉસ્તાદ ઇમિદાદખાન જે ગાયન ઉતેજક મંડળીનો તે વખતે વડો ઉસ્તાદ હતો, તેની પસંદગીના ગાયનોની રાહ ઉપર પોતે ગાયનો જોડતા હતા, ત્યારે એદલજી ખોરી રૂસ્તમ સોહરાબના નાટકમાં ગવાતાં ગાયનો, કવી દલપતરામની પાસે ખાસ જોડાવી પોતાના નાટકમાં તે ગવાડતા હતા. આ બંને નાટકો સામે જંગ જગાડવાના હેતુથી, ન. આપઅખતીયર. રૂસ્તમ સોહરાબનો ઓપેરા કરવા બાહર પડયા હતા.

બંને સાહેબો પોતાની જવાનીના જોર, ઘમંદ, અને ગુમાન ઉપર મુસ્તાક હતા! બંને સાહેબો પોતાના સંગીત જ્ઞાન અને ગલાબાજી ઉપરાંત પોતાના લાગવગ ઉપર મુસ્તાક હતા! ખરૂં બોલ્યે તો જાણે ઇરાન અને તુરાંન જેવું વેર બંનેમાં વસ્તું હોય, એમ લાગતું હતું! પણ વીકટોરીયા કલબના નાટક અને નં. આપઅખતીયરના 'ઓપેરા' વચ્ચે ઘણોજ ફરક હતો. ફરક એવી રીતનો હતો, કે વીકટોરીયા કલબમાં આખ્ખો રૂસ્તમ સોહરાબનો કીસ્સો રજુ થતો હતો, અને તેબી પેહલ્લી પંકતીના પંકાયલા એકટરો તે નાટકમાં સ્ટેજ થતા હતા, ત્યારે મરહુમ આપઅખતીયારના 'ઓપેરા'માં ફકત બે પારસી જવાનો, અને ત્રીજા મરહુમ પોતે સીવા, આખા ઓપેરામાં બીજો કોઇ ખેલાડી સ્ટેજ ઉપર ઉતર્યો હતોજ નહી! વાંચનાર મેહરબાનોને એ લગાર ગુંચવાડા જેવું લાગશે, વાસ્તે તેનો ખુલાસો થવો ઘટે છે.

વીકટોરીયા નાટક મંડળીમાં મજકુર રૂસ્તમ સોહરાબના ખેલમાં તે વખતે મરહુમ કાબરાજી મંડળીના સેક્રેટરી હતા, અને દાદાભાઇ રતનજી ઠુંઠી (દાઢી કાઇસ્ટ), ફરામજી ગુસ્તાદજી (ફુલ ઘુસ), કાવસજી નશરવાનજી કોહીદારૂ (કાવસજી ગુરગીન), હોરમજી ધ. મોદી (કાકાવાલ), એ ચાર સાહેબો માલેકો અને એકટરો તરીકે સ્ટેજ ઉપર ઉતર્યાં હતા. એ ચારે સાહેબો આગેવાન ભાગ બજાવતા હતા, અને તે ઉપરાંન દારાશાહ તારાપોર (અફરાસીઆબ), જમશેદ દાજી (જમસુ મનીજેહ), ખુરશેદજી બાલીવાલા (ખશરૂ કોબાદ), વીગેરે બીજા બે દજન પારસી જવાનો હતા.

બીજા હાથ ઉપર નશરવાનજી આપઅખતીયારની ગોઠવણુ લગાર ઘણીજ વિચીત્ર તેમજ ગુમાનભરી દેખાઇ હતી. તેવણે રૂસ્તમ સોહરાબના આખ્ખા દાસ્તાનમાંથી ફકત ત્રણુ મુખ્ય દેખાવોજ સ્ટેજ ઉપર રજુ કીધેલા મને આજ સુધી યાદ રહી ગયા છે. બેશક એવણુ પોતે એક પેહલ્લી પંકતીના ગાનાર ગાયક હતા. આજના અંકમા આપેલા એવણુના ફોટોગ્રાફ ઉપરથી વાંચનાર સહેલથી અનુમાન કરી શકશે, કે નાં આપઅખતીયાર કેવા કદનો કદાવર પારસી હતો. બેશક રૂસ્તમના કામને અને નામને જેબ દેવાને લાયક તે એક ખેલાડી હતો, મગર પોતાના કોઇબી વિરોધીને પોતા ઉપર ફાવી જવા દેવો નહી, એવી લાગણીને પોતે વશ થઇ પડેલા હોવાને લીધે, આ રૂસ્તમ સોહરાબનો ઓપેરા સ્ટેજ કીધો હતો.

'ઓપેરા'નો સઘળો આધાર!

આપઅખતીયારના ઓપેરાની વિગત લગાર જાણવાજોગ હોવાને લીધે, તે હું અત્રે રજુ કરૂં છું.

જે ત્રણ જણો ઉપર આ ઓપેરાનો આધાર રચાયો હતો, તે માહેલા બહુથી પેહલા તો મરહુમ નશરવાનજી પોતે હતા, કે જેવણે રૂસ્તમનો ભાગ ભજવ્યો હતો. એટલે તે માટે આ પ્રસંગે કંઇબી બોલવું ફુજુલ સમજુ છું. બીજો આધાર મરહુમ માણેકજી બારભાયા હતા, કે જેઓની નાટકી કારકિર્દી માટે, અને સોહરાબના ભજી બતાવેલા પાર્ટ માટે હું ગયા અંકમાં લખી ગયો છું, એટલે આજે વધુ બોલવુ નકામું છે. મગર ત્રીજો આધાર આ ઓપેરામાં સાડા ત્રણ ફુટ ઉંચો, મગર ગલાંબાઝ અને દેખાવળો એક પારસી જવાન હતો. આ જવાન પેલી એલબર્ટ કલબમાંથી 'પીટાઇ' ગયલો હતો, અને તેના 'પીટાઇ' જવા પછી, તેનો પ-તો, આસમાન અને જમીન વચ્ચે માકુ ઝેરીઆને સેહજબી મલ્યો નહી હતો, તે આજે રાતે આપઅખતીયારના ખેલમાં તેહમીનાનો ભાગ ભજવતા મલી આવ્યો હતો! આ પારસી જવાન પેલા પારસી દીનીબારજીની આલબર્ટ કલબમાં એક ગાયનકાર તરીકે આવ્યો હતો. તેને શોધી લાવનાર માણેકજી માસ્તર ઉરફે માકુ ઝેરીઓ પોતે હતો! આ છોકરો એક અચ્છો ગાયનકાર હોવાથી, એક દાહડો રીહરસલમાંથી અચણુચ ગુમ થઇ ગયો હતો! બે-ચાર દિવસની ચાલુ ગેરહાજરીથી તે છોકરો, જે

જમસુ કાંદાવાલા

તરીકે જણાયલો હતો, તેને માટે માકુજીએ! પોતાની રાબેતાની રીત પ્રમાણે શોધખોળ ચલાવ્યા છતાં, જ્યારે તેનો કંઇબી પ-તો નહી મળ્યો, ત્યારે તેના નામ અને તેના કામ ઉપર ફોક મુકી સઘળાઓ બેઠા હતા! પાછળથી જમસુ કાંદાવાલો, જ્યારે સ્ટેજ ઉપર, રૂસ્તમ સોહરાબના ઓપેરામાં, તેહમીના તરીકે, બુલબુલી હલકે ગાતો માકુ ઝેરીઆએ સાંભળ્યો, ત્યારેજ સઘળો ભેદ ખુલ્લો થઇ ગયો, કે જે પોરીયાની શોધમાં બબ્બે મહીના સુધા રખડતાં, તેના ખાસડાં ફાટી ગયાં હતાં, તે પોરીયાને નશરવાનજી આપઅખતીયાર પીટી ગયા હતા! ના, પીટી ગયા હતા એટલુંજ નહી, પણ તેને પોતાના ઘરમાં લઇ જઇ રાખ્યો હતો, અને તેને પેહડાવી, ઓઢાવી, ખવાડી, પીવાડી દુલદુલ જેવો બનાવી, ગાયનની તાલીમ આપી, આજે સ્ટેજ ઉપર કાહડયો હતો!

ઓનરેબલ જમસુ કાંદાવાલાની ખાનગી જીંદગીમાં છેદ પાડવાની જરાબી જરૂર નથી, પણ ન૦ આપઅખતીયાર જેવા આલા ગ્રહસ્થ અને આગેવાન અધીપતીએ, એ કામ કીધેલું હોવા છતાં, મકદુર શું માકુ ઝેરીઆની કે એક બોલબી તે આપઅખતીયારના આ કામ વિરૂધ બોલી શકે!

પણ હજી આ ત્રણફુટી તેહમીના (જમસુ કાંદાવાલો) અને ખાસ્સા છ-સાડા છ ફીટ ઉંચો કદાવર રૂસ્તમ પેહલવાન, એ બંનેનું કજોડું સ્ટેજ ઉપર કેવું લાગ્યું હશે?

તેનો ખ્યાલ મરહુમને પેહલ્લેથીજ આવેલો હોવો જોઇયે, કેમકે રૂસ્તમ જ્યારે તેહમીના સાથ પરણ્યા પછી, પોતાને વતન સમનગાંન જવા નીકળે છે, ત્યારે તેહમીના (એટલે પેલો તણુકુટી જમસુ કાંદાવાળો), રૂસ્તમને મનાવવા માટે, એક ખુરસી ઉપર ઉભી રહી, રૂસ્તમને ગળે વળગી ગાતી જણાઇ હતી! લોકોને તે ગમતું નહી હતું, છતાં જમસુ કાંદાવાળાના ગુલગુલી હલક હેઠળ, તે સઘળું ઢંકાઇ ગયું હતું, અને લોકો તેનું ગાયન ધ્યાનથી સાંભળતાં હતાં!

આપઅખતીયાર સ્ટેજ મેનેજર તરીકે!

નશરવાનજી આપઅખતીયારની તરફેણમાં જતી બે મુખ્ય points, કુદરતે બક્ષેલી હતી. એક તો એવણનું બુલંદ કદ, અને બીજું એવણનો બુલંદ અને મધુર અવાજ! આ બે સીવાય, નશરવાનજીમા આ અદના સેવકે વધુ કાંઇ ખાસ અનુભવ્યું નહી હતું.

રૂસ્તમ સોહરાબના ઓપેરામાં, જ્યારે સ્ટેજ ઉપર રૂસ્તમ તરીકે મરહુમ હાજર થતા, ત્યારે તેવણની તરફેણમાં તેમનું કદાવર કદ, તેવણની પોહોળી પેશાની, અને ફરાખ સીનો ઉપરાંત, બુલંદ પણ મધુર અવાજ, સાંભળનારને ચકીત કરતો હતો. પણ સ્ટેજ ઉપર, રૂસ્તમ તરીકે મરહુમ જ્યારે સોહરાબના રવાંન ઉપર માહેતમ કરતો હતો, ત્યારે એવણ પોતે રૂસ્તમ છે એવું ભુલી જઇ, પોતાને સ્ટેજ મેનેજર માની લઇ, રૂસ્તમનો પાર્ટ ગાતાં ગાતાં, સ્ટેજના મેનેજરને ધીમે અવાજે કેહતા, કે 'લાઇટ ધીમી કર—લાઇટ ધીમી કર!'

હવે ગ્રાંટરોડ થીએટરનો સ્ટેજ મેનેજર, તે વખતે નારાયણ નામનો એક હીંદુ હતો. તેને રહેવાં માટે નાટકશાળાના માલેકે, નાટકશાલામાંજ તેને એક કોઠડી આપી હતી. એક રીતે એ નારાયણ નાટકશાળાનો 'કસ્ટોડીઅન' હતો. વળી જેઓ નાટકશાળા નાટક કરવા માટે ભાડે લેતા, તે લોક એ નારાયણને પોતાને માટે જોઇતી સામગ્રીની તઇયારી કરવાનો અખીકાર આપતા, અને તે સઘળી રીતે પરદા અને લાઇટની ગોઠવણ કરતો હતો! નાટકશાળામાં તે વખતે ગ્યાસ લાઇટની રોશની બળતી હોવાથી, નારાયણના હાથમાં તેના મીટરની ચાવી રેહતી હતી, અને નાટકના માલેકના ફરમાન મુજબ, તે લાઇટ ધીમી કરતો, યા વધારે કરતો હતો.

હવે રૂસ્તમ સોહરાબના ઓપેરામાં સોહરાબને જ્યારે રૂસ્તમ કતલ કરે છે, અને સોહરાબ તેનો દીકરો હતો એવું તેના જાણવામા આવ્યા પછી જ્યારે રૂસ્તમ તેના રવાન ઉપર માહેતમ કરી રડે છે, કે:-

સંદેસો તેહમીનાને, જઇ કોઇ કહેજોરે,
બાપને હાથે બેટો મુવો છે, ખુન થયું અંજાણ—વીગેરે.

આ ગાયન જ્યારે મરહુમ નશરવાનજી રૂસ્તમનો પાર્ટ બજાવતી વખતે ગાતા હતા, ત્યારે સ્ટેજ ઉપર ભભુકદાર ગ્યાસની રોશની બળતી હોવાથી, મરહુમનું તે ઉપર ધ્યાન ખેંચાયું, અને તે વખતે ગાતા હતા કે

'બાપને હાથે બેટા મુવો છે—" તે શબ્દોની વચ્ચે, ધીમે અવાજે નારાયણને ઠપકો આપી બોલ્યા!—નારણ, લાઇટ ધીમી કર–લાઇટ–લાઇટ!"

અને તેજ વખતે નારણે લાઇટ ધીમી કીધી, અને મરહુમે ગાયન આગળ ચલાવ્યું હતું.

બીજાને ઉડેલાં લક્ષણ!

એક કહેવત ગુજરાતીમાં મશહુર છે, "દેખણ દેખે, ને લક્ષણ શીખે." જે લોક નાટક કરે છે, તે લોક જાણે છે, કે આ એક બુરી ઇલ્લટ છે; અને કેટલાકો પોતાની ફિસ્યારી જણાવવા એવી રીતે 'સ્ટેજ મેનેજર' બની જાય છે, અને પાર્ટ કરતાં કરતાં, સ્ટેજની અંદરના માણસને 'ઇન્સ્ટ્રકશન' આપવામાં પોતાની ચતુરાઇ દેખાડે છે! પણ જેઓએ કાબેલ ડીરેકટરોનો વહીવટ અનુભવ્યો હશે, તેઓ આવી ફિસ્યારી કદીબી કરતા જણાશે નહી! તોપણ નશરવાનજી આપઅખતીયારની આવી વલણ તે વખતના કેટલાક આગેવાન એકટરોને વળગી હતી, અને તેઓ માંહેલા એકાદને તો એ ચેપ એવો લાગ્યો હતો, કે પાર્ટ કરતાં કરતાં તે સ્ટેજ ઉપરથી ચોતરફ ઉપર નીચે નજર કરી, એક એનજીનીઅર હોય, તેવો દેખાવ, હર હંમેશ, દરએક ખેલે, અને દર રાતે તે કરતો હતો.

'ઓપેરા કે ભોપેરા!'

આ ઓપેરા ઉપર રાસ્તના અધીપતીએ ઉપલાં મથાળાં હેઠળ પોતાના છાપામા ભારે ધુંબારો ચલાવ્યો હતો. તે ધુંબારો મેં વાંચ્યો હતો, પણ તેની વીરોધ મરહુમ આપઅખતીયારે કરેલી દલીલો મારા વાંચવામાં આવી હતી નહી.

નશરવાનજી આપઅખતીયાર એક ખાલેશ અને બીલકુલ ભોળા દીલના ભલા ગ્રહસ્થ હતા.

જીવલેણ દુશમની પછી જીવેજાનની દોસ્તી!

તે એટલા ઉપરથીજ જણાઇ આવે છે, કે કેખશરૂ કાબરાજી સાથે મરહુમ આપઅખતીયાર લાઇબલ કેસ લડી, સેશન્સ કમીટ થયા, અને ત્યાં રૂપીઆ બે હજાર ઉપરાંત એક માફીપત્ર આપ્યા પછી, હું જો વાંચક મહેરબાનોને એવી ખબર આપું, કે મરહુમ નશરવાનજી આપઅખતીયાર, મરહુમ કાબરાજી સાથે પાછા દોસ્તીના ગાંઠથી જોડાયા હતા, પાછા ગાયન ઉતેજક મંડલીની ટેબલ ઉપર બંને જણાએ એક બીજાની સલામતી લીધી હતી, અને એક સુફરેના ખાણા ઉપર બીરાજી ખાણું પણ લીધું હતું, તેમજ કાબરાજીની ગાયનકળાની જબરજ તારીફ આપઅખતીયારે પોતાના છાપામા છાપી હતી, તો આ બંને સાહેબોનાં ભલા ખવાસ અને દીલ માટે તમે શું વિચાર કરશો અને કેવું મત બાંધશો?

ન. આપઅખતીયાર—એક ડીરેકટર તરીકે.

ન. આપઅખતીયારે કાંઇ નાટકો રચ્યા કે કીધેલા નહી હતા. પણ જે જે નાટકી પ્રયોગો ગાયનરૂપે મરહુમે સ્ટેજ કીધેલા, તેના રીહરસલ જોવાની મને જે થોડીક તક

જુના થીએટરમાં, મરહુમ દાદાભાઇ પરતાકીયા સાથે મળી હતી, તે ઉપરથી મને ઘણુંજ શીખવાનું અને યાદ રાખવાનું મલ્યું હતું. ગાયનની તાલીમ આપવાની એવણુની રીત એવી તો હતી, કે આજના કહેવાતા ડીરેકટરો મરહુમ આગલ 'પાણી ભરે' તેમા શક નહી! એવણુના રીહરસલમા 'ડીસીપલીન' એવી તો સખત હતી, કે પાછળથી ઘણીક આગેવાન કલબોના ડીરેકટરોએ તેનું અનુકરણ કરેલું જણાયું હતું. એક ડીરેકટરે પોતાના એકટરો સાથે કેવી રીતે વરતવું, કેવી રીતે તેઓને પોતાના ભાગો સ્ટેજ કરવાનું શીક્ષણ આપવું, તે મરહુમ ઘણીજ ઉત્તમ રીતે દેખાડી શકતા હતા. ડીરેકટર થવાનું કામ કાંઇ સેહલ નથી! જ્યાંસુધી એક ડીરેકટર પોતે પેહલી પંકતીનો ગાયક અને ખેલાડી નહી હોય, જ્યાંસુધી તેના શરીરનો બાંધો અમુક પ્રકારનો નહી હોય, અને છેલ્લે જ્યાંસુધી તે પોતે Histrionic Art ના સાહિત્યથી પુરેપુરો માહીતગાર નહી હોય, અને અનેક કાબેલ ખેલાડીઓનું કામ જોઇ તેનું અનુકરણ કરે નહી, ત્યાંસુધી તે ડીરેકટર તરીકે ફતેહમંદ નીવડતો નથીજ. ન૦ આપઅખતીયાર જો કે એક સંપુરણ ડીરેકટર નહી હતા, પણ તેવણની 'પરસનેલીટી' તેવણુની પડખે હતી, અને સહુથી વધારે તેવણુનો મદદગાર, તેવણુનો બલદાર અને સુરીલો અવાજ હતો.

આપઅખતીયારનું મોત!

વાંચક મેહરબાન, પંચાવન વરસ ઉપર થઇ ગયેલા નશરવાનજી દોરાબજી આપઅખતીયાર એવા હતા! એવી તેવણુની કલમબાજી હતી. એવી તેવણુથી ગાયનકળા હતી. એવો તે લેખક, એવો તે ગાયક, બેશક લાંબી જીંદગી ગુજારવાજ સરજાયલો, હતો. પણ તેના તેમજ ગુજરાતી સાહિત્યના અને હિન્દી સંગીતના કમનસીબે ભર જવાન વયમાં તે, ફકત ૪૩) વરસની ઉંમરે, ૧૮૭૮ ના સાલમાં વતન, દેશ, અને બેશથી વિખુટો પડી, ઝાંસીના મુલકમાં પરોપકાર કરવા જતાં, મે મહીનાના સખત તાપના તડકામાં હેરાનગતી ભોગવી, ત્યાંજ ગુઝર પામ્યા. ઝાંસીની આરામગાહમાં સદાની શાંત નિન્દમાં પડયા. અંમર શાંતી તુંને, ઓ ગુણી ગાયક!

---

(૩૩)

મરહુમ કેખશરૂ નવરોજી કાબરાજી.



તે રાસ્ત ગોફ્તારના અધીપતી.

"સારો નરસો માલ પીછાનવાની લોકોમાં શકતી ઘણીજ કમતર હોય છે— થોડાક થી—થી—થા—થા, કાંઇક હસવાના ભાવટા, કાંઇ કંગાળ રાગડા, થોડાક

ભારી બોલોનો જથો, ને થોડીક ભપકાદાર શીખામણ હોય, એટલે સાધારણ લોક ખુશી થાય છે. લખાણની ઝમક, શબ્દરચનાની બારીકી, વીચારોની ઉંડાઇ, ભેદી ભાશા, ટીકા અને ટોરતું તીક્ષણપણું, લાગુ પડતા બોલો, એ સઘળું તપાસવાની સાધારણ લોકોમાં શકતી ઓછી છે, એટલે નાટકમાં એ સઘળી ખુબીઓ નહી છતાં, તે કોઇને લાગતી નહી હતી. સઘળું પસાર થતું હતું,—વરતમાન પત્રોની ભાડુતી તારીફથી તે વધારે પસાર થતું હતું.”

(જુવો મરનારે લખેલી વારતા, “ભીખો ભરભરીયો.” પાનુ ૧૫૯).

મારા એક મરહુમ બાહોશ મીત્ર મરહુમ સોહરાબ કાવસજી ખંબાતા, જેવણે પોતાના જમાનામાં સાહીત્યનું મેદાન એવું તો એખચે હાથે ધુજાવ્યું હતું, કે તે વખતના ભલભલા મહાભારત લેખકો, જેઓ પોતાની મુછ ઉપર તાવ દઇ ફરતા હતા, તેવણ મરહુમ કે. કાબરાજીનુ વૃતાંત લખતાં લખી ગયા છે, કે: “કેખશરૂ પાસે એજ ધંધામાં પડવાને (એટલે જરનાલીઝમના ધંધામાં પડવાને) મજબુત કારણ હતાં. એક તો હાથ દસકત સારા નહી કે તેથી વેપારીને ત્યાં કલાર્કની ચાકરી મલે; બીજું તો સરકારી ચાકરીને માટે કોઇનો લાગવગ નહી, અને ત્રીજું અને સહુથી વજુદવાળું તો એ કે નાહનપણથી વરતમાન પત્ર તરફ વલાણ.

મરહુમ સોહરાબ ખંબાતા મારા અંગત મીત્ર હતા, અને તેથી કાંઇ નહી, તો અઠવાડીઆમાં એક વખત તો હમો બંને મળતાજ હતા. પણ કાબરાજીના દસકત બાબે મરહુમની ફરીઆદ મારે ગળે આજ સુધી ઉતરી નથી. કાબરાજીના ગુજરાતી તેમજ ઇંગ્રેજી પત્રો થોડાંક હજી મારી પાસે છે, તે ઉપરથી મને તો કાંઇ તેવું જણાયું નથી. પણ મરહુમ કાબરાજીની વલાણ અસલથી વરતમાન પત્ર તરફ ઢળેલી હતી, અને ગોયા જાહેર જીંદગીમાં મહાભારત ભાગ બજાવી, કોમ અને સંસાર ઉપરાંત રાજકર્તાની સેવા બજાવી મરી જવા માટેજ તેવણે જન્મ લીધો હોય, એમ સઘળું જોતાં માલમ પડયું હતું.

પણોતા પુત પાલણામાંથી જણાય છે.

સર જ. જી. ની સ્કુલમાં પોતાની ઇંગ્રેજી કેળવણી પુરી કરી જેવા બહાર પડયા કે લાગલા ૧૮૫૧ ના આગસ્ટ માસમાં કેખશરૂ રાહનુમાય સભાની સર્વથી પહેલ્લી સભામાં, પોતાના અંગત મીત્ર, અને જાણીતા લેખક મરહુમ ફરામજી સોહરાબજી ભરૂચાની સાથે હાજર રહયા હતા.

ફરામજી સોહરાબજી ભરૂચા.



એક ગાયક, એક જાહેર લેખક અને જાહેર હીસાબી.

કેખશરૂ કાબરાજી, "એક લુચ્ચો છોકરો!"

સત્તર વરસની ઉમરે કેખશરૂ 'જામે'ના અધીપતી થઇ બેઠા હતા. 'ગુજરાતી રીવ્યુ' નામના એક છાપાએ, કેખશરૂની ઠેકડી કરતાં ટીકા કીધા હતા કે એક **Boy Editor**. એવા એવા તો સખત ટીકા ઘણાબી થયા હતા, પણ કમનસીબે, જામેમાં એક લેખ, સુધારા વીરૂધ કોઇ જુના ડાબાએ છપાવ્યો, અને તે લેખમાં સુધારાવાળાઓને હાથ ધાલી લીધા હતા! હવે બનાવ એમ બન્યો, કે રાહનુમાય રૂભા ઉભી કરી તેને નીભાવવા, આગેવાન પારસી સુધારકો સાથ સોરાબજી બંગાલી અથાગ મેહનત કરતા હતા તેવણે જામેમાં છપાયલો ઉપલો લેખ વાચી માની લીધું, કે તે લેખ કેખશરૂએજ જામેમાં લખ્યો હતો! એમ માની લઇ, સોરાબજી બંગાલી, જેવણનો રાસ્ત ગોફતારમાં તે વખતે મોટો વગવસીલો હતો, તેવણે કાબરાજી ઉપર નીચલો હુમલો રાસ્ત ગોફતારમાં કીધો:

"એક લુચ્ચો છોકરો, જેને કશું લખતાં આવડતું નથી, તેને એ પત્રના અધીપતી દાખલ, ગુલામગીરીની ટોક ગળે ઓળવી છે."

ગરીબ બીચારા કાબરાજી! 'તેરીબી ચુપ અને મેરીબી ચુપ' એ કેહવત પ્રમાણે તેવણુથી કાંઇ બોલી શકાયું નહી! કેમકે પચાસ વરસ ઉપર 'પીનલકોડ' વીશે કદાચ ઝાઝી માહીતી નહી હોય!

પણ એ બધા કરતાં આજની ઉધરતી ઓલાદને વધારે જાણુવાજોગ, કેખશરૂની જવાન જીંદગીમાં બનેલા બનાવો અત્રે લંબાવવા પુઝુલ છે. મુળ બાબદ ઉપર આવવા માટે ૧૮૫૧ ના સાલ ઉપરથી, એક મોટો ભુસકો ૧૮૬૭) ના સાલ ઉપર મારવો જરૂરતનો થઈ પડે છે, કે જે સાલમાં કેખશરૂ પોતાની નાટકી ચળવળ શરૂ કરતા દેખાય છે. અલબતાં વાંચકે એમ માની લેવું ઘટે છે, કે કાબરાજી ઇ. સ. ૧૮૬૭ ના સાલ આગમચથી, અનેક બનાવોમાંથી પસાર થઇ, સેવટે રાસ્ત ગોફતાર પત્રના અધીપતી નેમાઇ ચુકયા હતા.

કાબરાજીની જીંદગીની તવારીખ એક કાંહણી કીસ્સા સમાન છે. અજબ જેવું તો એ છે, કે એક એવા મહાન પારસીની જીંદગીની નોંધો, તેવણુના જાએનશીનોએ પુસ્તક રૂપે આજસુધી પ્રગટાવી નથી. મારે તો મરહુમની ફકત નાટકી ચળવળોનીજ સીફત દરશાવવી છે, એટલે વધુ શું લખું! વધુમાં એટલુંજ કે,

૧૯૦૧ માં પચાસ વરસની જુબીલી.

જ્યારે રાસ્ત ગોફતારની હસ્તીને પચાસ વરસ પુરાં થયાં, ત્યારે પારસી લેખક મંડળ તરફથી અતરેના મેશોનીક હોલમાં, કાબરાજીને, તેમજ રાસ્ત ગોફતારના માલેક મરહુમ શેઠ મેરવાનજી મરઝબાનને એક 'ડીનર' આપવામાં આવ્યું હતું. એ વખતે વાઇસરોય લોર્ડ કરઝન તરફથી, તેમના ખાનગી સેક્રેટરીએ નીચલો તાર, જયાફતના પ્રમુખ સર જમશેદજી જીજીભાઇ બારોનેટ ઉપર મોકલ્યો હતો:—

"Hearing that a banquet is being given to-day in honour of the fiftieth aniversary of the *Rast Goftar*, His Excellency desires me to convey, through you, his congratulations to Mr. Kabraji, who has so honourably conducted the paper for the greater part of the time, and set a standard of sound sense, sobriety, and loyalty in journalism, which are a credit to the Indian Press."

એ જ્યુબીલી પ્રસંગે થયલી ધુમચકરી એવી તો મહાન હતી, કે ગામે ગામથી, તેમજ જુદાં જુદાં મંડળો તરફથી મુબારકબાદી અને માનપત્રના ઢગલા થઇ રેહતા હતા.

દેશી નાટક તખતાનો બાપ.

મેં આગળ લખ્યું છે, તેમ 'મહાન પુરૂશો કદી મરતા નથી.' પારસી નાટક તખ્તાના હિનભાગ્ય, કે કેખશરૂ કાબરાજી કવખતે મરણ પામ્યો! દરેક ચીજમાં મરહુમને

સંપુર્ણતા જોવાની એક જાતની ઘેલચ્છા હતી, એમ કેહું તો ચાલી શકે? કેમકે પોતાની ઇચ્છાનુસાર, દરએક નાટકમાં દરએક વસ્તુ જો નહીં માલમ પડતી, તો કોઇબી ખર્ચના ભોગે, તેવણ તે ફરીથી તઇયાર કરાવતા હતા.

"અરે અરે, કેખશરૂ શેઠ, આંએ ડરેસ, બધો રદ થઇ જશે? નવો કરાવતાં મોટો ખર્ચ.——'

કેખશરૂ, ઠંડે કલેજે બોલતા, "અરે તમે ચલાવોરે! તે ઘણું સારૂં શોભશે."

જમશેદના ખેલમાં એક અસલ દેખાવનો ખ્યાલ આપવા એક ચોકકસ દેખાવનો પરદો જોઇતો હતો. વીકટોરીયા નાટક મંડળીના એક માલેક મરહુમ ફરામજી ગુસ્તાદજી (ઉર્ફે ફુલુ ઘુસ) ખર્ચ કરવામાં ઘણીજ ખેંચતાણ કરતા હતા. તેવણે એક ભલતોજ પરદો ઠેસવી દીધાથી. ગ્રાંડ રીહરસલમાં કેખશરૂનો મિજાજ બરખેલાફ થયો, અને ફરામજીને પોતાની ઠંડાં માટલાં જેવી ઢબે કહ્યું, "આ એ શું હુકેરે પાહડ કે ફરામજી?"

ફરામજી પોતાની રીત પ્રમાણે,બોલ્યા "હાજી! એ હુકેરે પાહડ ઉપરનું આતશકદેહ!"

"અરે શું જો તમેબી" કાબરાજી પોતાની રીત પ્રમાણે હસીને બોલ્યા. "એ શું બરયુંછ! હું તમુને એક પીકચર કાલે આપું, તે પ્રમાણે પેન્ટ કરાવજો!"

મુવા છુટા! ફરામજી તો ડોલા ફાડી ઉભાજ રહી ગયા! 'પેન્ટ' કરાવજો! "અરે સાહેબ, આવતા શનીવારે ખેલ છે, ને—"

"અરે તમે ચાલવા દેઓરે!" કાબરાજી ધીમે પેટે બોલ્યા. "તમે કાલે સહવારે મારે ઘેર આવજો."

અને સાહેબને કેહું કે એક ચીત્ર કાબરાજીએ બીજે દાહડે ફરામજીને પોતાને ઘેર બોલાવી આપ્યું, અને તે એક પરદો, જે 'નક્ષે જમશેદ'ને નામે જણાયલો હતો, તે રૂ. ૧૫૦)ના ખર્ચે ફરામજીએ ખાસ ગોઠવણો કરી ચીતરાવ્યો, અને શનીવારે તે સ્ટેજ થયો. એ જમશેદ મરહુમ કાબરાજીનોજ લખેલો નાટક હતો. એ માહેલા પોશાકો, રીતભાત, ખેલાડીઓને આપેલા ગાયનો, અને એકટીંગ મરહુમ કાબરાજીએજ ખેલાડીઓને શીખવી તઇયાર કીધા હતા.

ઇરાની તવારીખના મરહુમ જબરા શોખીન હતા. પેશદાદી તેમજ કીયનીં, તેમજ હખામની તવારીખથી કાબરાજી અંજાણ નહી હતા. કીયાની કથામાંથી બેજન અને મનીજેહનો નાટક ઉપજાવી કાહડયો, પેશદાદી કથામાંથી જમશેદનો નાટક લખી કાહડયો, અને તેબી તવારીખી નોંધ અને અવસ્તાની સાહદતો સાથે. વળી ફરેદુનનો નાટક લખી કાહડી, તેમાં ફ્રીમેશનરીના પ્રયોગ સ્ટેજ થવા દીધા હતા. એ પછી હિન્દુ ધાર્મીક કથાઓમાં હરીશ્ચંદ્ર, લવકુશ, નંદબત્રીસી, સીતાહરણ, નળ દમયંતી, ઉપરાંત 'વિનાશકાળે વિપ્રીત બુદ્ધી' નાટકો શુધ્ધ ગુજરાતી ભાશામાં, પારસીઓ પાસે સ્ટેજ કરાવ્યા, તેમજ મહાન ઇંગ્રેજ લેખકોના નાટકોને, પારસી સંસારનું રૂપ અને પારસી ચિતાર આપી, પારસી નાટક તખ્તો ઝલકાવી નાખ્યો હતો. નિંદાખાનુ, ભોલી જાન, તેમજ કાકા પાહલન, એજ કલમના પરીણામ હતાં.

કેખશરૂએ બદલેલા 'ત્રણ અવતાર!'

વળી કોઇ લાલ બુજોર્ગ કેહશે કે કેખશરૂનાજ ગુણ ગાવાનો હું ધંધો લઇ બેઠો છું! આ બોહતાન ખરૂં હોય યા ખોટું, પણ એટલું તો હું પ્રમાણીકપણે કેહવા માગું છું, કે કેખશરૂ જેવો કોઇ બીજો પારસી લેખક, તેના મરણ પછી જનમ્યો નથી. જે શખ્સની કલમબાજીનું જોર અજાયબ બળથી ભરેલું હતું, જેના કટાક્ષથી સખતમાં સખત ટીકાકારો પાણી પાણી થઇ જતા, જેની ટોરની તહેલમાં જીવ આનંદ પામતો, જેના હાસ્યરસમાં સેહજબી બેહકી ગયેલી 'વલગેરીટી' જણાતી નહી હતી, જેના લખાણમાં ધરખમ શેખી ડુમકદાર ઠનઠનતી રેલતી હતી, તો તેવા એક પારસી 'શેકસ્પીઅરને' હું કેમ નહી વખાણું?

જીવતી જીંદગી દરમ્યાન કેખશરૂએ પોતાની કલમબાજીને ત્રણ મરતબે ત્રણ જુદા જુદા અવતાર આપ્યા હતા. એ તેની કલમબાજીના અજાએબ જેવાં દરશન, મુંબઇની વાંચક આલમથી અજાણ્યા નથી. આજના લેભાગુ લેખકો તેથી બેખબર હોય, તેમાં કસુર તેમનો પોતાનોજ છે. જુવો આગલા સાલમાં લખાયલાં રાસ્ત ગોફ્તાર પત્રની ફાઇલો. ૧૮૬૯) સાલમાં જ્યારે કેખશરૂએ પારસી તવારીખના પ્રખ્યાત ખેલો, બેજન મનીજેહ, જમશેદ, અને ફરીદુન લખ્યા, ત્યારે તે નાટકની પારસી-ગુજરાતી ભાશાનો લટકો અને શઇલી, તે વખતના રાસ્ત ગોફ્તારના અધીપતી તરીકે કેખશરૂની કલમથી લખાયલી 'આરટીકલો' જુવો. એ કેખશરૂની કલમનો હું પહેલો અવતાર ગણું છું.

ત્યાર પછી ૧૮૭૪માં નાટક ઉતેજક મંડલીએ, હરીશ્ચંદ્ર; નળ દમયંતી, સીતા હરણ, લવ કુશ વીગેરે ધારમીક નાટકો લખ્યા, અને એજ નાટક મંડળીએ ભજવ્યા, ત્યારે મરહુમનો શુધ્ધ ગુજરાતી ભાશા લખવાનો પ્રયત્ન જુવો. તે વખતના રાસ્ત ગોફ્તારના જુઓ લેખ? તેમા ખાસ કરી લવ-કુશ નાટકમાં કેખશરૂએ લખેલી ભાશા વાંચી જુવો? એ કેખશરૂની કલમનો બીજો અવતાર હતો. જાણે આગલો કેખશરૂ લખતોજ નહી હોય, તેમજ વાંચનારને લાગતું હતું.

ત્યાર પછી, ૧૮૮૩) ના જમાના ઉપર આવો. કેખશરૂએ, હવે પારસી સંસારી ખેલો લખવા ઉપર પોતાનું મન રોકયું. ૧૮૮૩ માં એવણે નીન્દાખાનું, ૧૮૮૬માં ભોલી જાન, કાકા પાહલન, વીગેરે નાટકોની ભાશા જુવો. એ સઘલું જોતાં એકજ સેવટ ઉપર કોઇ પણ સમજદાર વાંચક આવી શકશે, કે કેખશરૂ એક master mind અને એક master pen ધરાવતા હતા.

(૩૪)

ફેખશરૂ કાબરાજી 'એકટર' તરીકે!

પ્રથમથીજ ફેખશરૂની વલણ નાટક તરફ વળેલી હતી. જો ફેખશરૂની નાટકી ચલણ વીશે હું લખવા બેસું, તો તેનો છેડો સેહલથી આવે તેમ નથી. તોપણ ઘણુંજ થોડું સંક્ષેપમાં મારે રજુ કરવું ઘટે છે.

એક સારી પારસી નાટક મંડળીની મુંબઇમાં જે ખરેખરી ખુટ હતી, તે પુરી પાડવાનું કામ ફેખશરૂએ માથે લીધું. ફેખશરૂએ ફરામજી ગુસ્તાદજી દલાલને સુચના કીધી કે ત્રણ–ચાર આગેવાન ખેલાડીઓએ મંડળીના માલેક થવું, અને બાકીનાઓને પગારદાર ખેલાડીઓ કરવા. આ યોજના ધણીક રીકજીક પછી ફરામજી ગુસ્તાદજી અને બીજા બે–ત્રણ જણોએ માથે ઉંચકી લીધી.

એ મંડળીનાં કામને આબરૂદાર બનાવવા ફેખશરૂએ વીદ્વાન મીત્રોની એક કમીટી નેમી, તેના કાયદા કાનુનો ઘડયા, અને મરહુમ સોરાબજી શાપુરજી બંગાલીએ, એ મંડળીનું નામ, વીકટોરીયા નાટક મંડળી આપ્યું.

વીકટોરીયા નાટક મંડળી સ્થાપીત થઇ.

ખેલો તો થયા, પણ આમદાની જોઇએ તેવી થઇ નહી. માલેકો રડી ઉઠયા! કલબ બંધ કરો સાહેબ! જબરો માર ખાધો સાહેબ! આ ધંધો પરવડે નહી બા!

પણ ફેખશરૂએ નવી હિંમત આપી. ૧૮૬૯ના સાલ માટે ફેખશરૂએ શાહનામાને આધારે, બેજન મનીજેહનો ખેલ લખી વીકટોરીયા મંડળી પાસે તઇયાર કરાવ્યો. નવા પરદા, નવા ઇરાની તુરાની લેબાસો, નવી નવી રીતભાતો વીગેરેની તાલીમ આપી, રાસ્ત ગોફતારમાં તેની ખબરો છપાઇ, અને પરીણામમાં માલેકોનું કલ્યાણ થઇ ગયું. કમીટીબી ખુશ ખુશ થઈ, પ્રજામાં ખેલની વાહવાહ બોલાઇ, અને ખેલાડીઓની છાતી ગજગજ ખીલી ગેઇ!

'જમસુ'ની બેનીફીટ નાઇટ!

બેજન મનીજેહની જય થઇ! હાઉસ તડાકાબંધ ભરાતાં ગયાં. વીકટોરીયા મંડળીના માલેકોના મોહડાં હસતાં થયા! એવામાં મનીજેહનો પાર્ટ કરનાર એક જવાન પારસીનો છોકરો, જે જમશેદ દાજીને નામે ઓળખાતો હતો, અને જે મનીજેહનો પાર્ટ કીધા પછી 'જમસુ મનીજેહ'ને લાડકે નામે સેવટ સુધી ઓળખાયા કીધો હતો, તે પરણવા નીકળ્યો હતો. આ ખેલાડીની લોકપ્રીયતા કઇ ઘણીજ વધી ગઈ હતી! લોકો તેને જોવા માટે એટલાં તો ખંતી થઇ ગયાં હતાં કે, સેહજ નજર પડતાં જમસુ મનીજેહ'ને નામે પુકાર કરતાં હતાં.

આ જમસુ મનીજેહ કેખશરૂના ખેલની મોટી શોભા હતી. તેના લગનની ખબર સાંભળી કેખશરૂએ નાટક મંડળીના માલેકો પાસે તેને એક 'બેનીફીટ' નાઇટ" અપાવવાની ગોઠવણ કીધી. માલેકોએ તે વાત કબુલ કીધી, પણ 'બેજન' મુખ્ય ખેલાડીને એ વાત ખટકી, અને તે ભાઇ કાંઇક ગળાની બીમારીને બાહણે ઉંચા થઇ ગયા ! ત્યારે શું બેનીફીટ નાઈટનો ખેલ અટકે ! કેખશરૂને એ મામલો ઘણોજ વિચીત્ર લાગ્યો ! જમસુ મનીજેહની ઉલટમાં ગાબરૂં પડયું ! બેજન વગર મનીજેહ રંડાઇ પડવાનો સંભવ ઉભો થયો ! કેખશરૂએ આ શુભ પ્રસંગની ભલાઈમાં ભાગ લેવાનું નેક કામ પોતાને માથે લેવા, માલેકો અને સઘળા ખેલાડીઓની બેહદ અજાએબી વચ્ચે જાહેર કીધું, કે "બેજનનો પાર્ટ હું પોતે સ્ટેજ કરશ."


કેખશરૂ સ્ટેજ ઉપર બેજન તરીકે !

એ એક ધડાકો નવોજ હતો ! રાસ્ત ગોફ્તારનો અધીપતી, બેજનનો પાર્ટ, બેજન મનીજેહના ખેલમાં કરવા સ્ટેજ ઉપર ઉતરે છે, એ ખબરથી લોક ભણભણી રહયું ! પોતે લખેલા ખેલમાં, પોતેજ મુખ્ય નાયકનો પાર્ટ કરવાની ઉલટમાં, થોડીક ખાંસ રીહરસલો કેખશરૂને કરવા કરાવવાની ફરજ પડી. વળી કેખશરૂ ગાયનકાર તરીકે તે વખતે જાબજા જાણીતા હોવાથી, પોતાના પાર્ટમાં ઘણીજ પ્રસંગોપાત જગ્યા ઉપર એકાદ બે ગઝલો ઉમેરી, અને અંતે ખેલનો દીવસ આવી લાગ્યો.

આજે કેખશરૂ બેજન તરીકે પાર્ટ કરનાર છે, એટલે નાટકના તમામ શોખીનો કાબરાજીને નાટક તખતા ઉપર જોવાની દોડાદોડમાં પડયા હતા ! લોકોના ધસારાનો પાર હતો નહીં ! કેખશરૂના દોસ્તો તેમજ હરીફ દુશ્મનો વટીક આ વખતે કેખશરૂને જોવા હાજર થયા હતા ! કેખશરૂ એ સઘળો મહીમા સ્ટેજના પરદામાં પાડેલાં બાકોરાં-માંથી નીરભય બની જોયા કરતા હતા.

અંતે આ 'જેન્ટલમેન એકટર' બેજન તરીકે જેવો સ્ટેજ ઉપર હાજર થયો, તેવોજ આખ્ખાં હાઉસે, વીકટોરીયા થીએટર ગજાવી ધુંજાવી નાખ્યું હતું ! આ બેનીફીટની આવકમાંથી એક ધરખમ રકમ જમસુ મનીજેહને મળી, અને તેને માટે જમસુ મનીજેહ કેખશરૂની જેટલી ફરમાબરદારી કરે, તેટલી થોડી હતી.

કેખશરૂ કાબરાજી જવાન ઉમરે.



કેખશરૂ જ્યારે 'બેજન' તરીકે સ્ટેજ ઉપર ગયા, તે વખતની ઉમરમાં.

બસ એજ એક વખત કેખશરૂ સ્ટેજ ઉપર ઉતરી, એક પરગજુ કામમાં મદદગાર થયા હતા. એક એકટર તરીકે મેં પેહલીજ વાર કેખશરૂને તે વખતે સ્ટેજ ઉપર જોયા હતા. પોતાના હરીફોને તાણા મારવામાં કેખશરૂ કદીબી તક મળવે પછાત પડે તેમ નહી હતા, અને તેવી તક આ નાટકમાં બેજનનો પાર્ટ કરતી વખતે કેખશરૂએ એકદમ લીધી હતી. તે તક એ હતી, કે પોતાના પાર્ટમાં જે નવું એક ગાયન ઉમેર્યું હતું, તે મને તો તેજ વખતે લાગ્યું, કે તે ગાયન અમુક જનોને સંભળાવવાજ મુકયું હતું.

"બળ હોય તો બહાદુરીથી લડીને બતાવો,
દેવ દુશમનને દાબી દીલે દેશ બચાવો."

કેખશરૂ ડીરેકટર તરીકે

એક ડીરેકટર તરીકે કેખશરૂએ જેમ વીકટોરીયા નાટક મંડળીમાં કામ કીધું હતું, તેના કરતાં નાટક ઉતેજકમાં ઘણા વરસો સુધી એવણે એ ડીરેકટરની ફરજો બજાવી હતી. એવણના ભાષનો અભ્યાસ કરવાનું, એવણની રીતભાતનું જ્ઞાન મેળવવાનું,

અને ખેલાડીઓને તેમના પાત્રો શીખવવા માટે જે રીત મરહુમે અખત્યાર કરી હતી, તે એવી તો નકલ કરવા જોગ હતી, કે કોઇબી અનઘડ ખેલાડી થોડાજ વખતમાં હુશીયાર બની જતો હતો. એવણના હાથ હેઠળથી ઘણાક નામીચા પારસી ખેલાડીઓ નાટકનું તેમજ ગાયણોનું શીક્ષણ લેઇ બહાર પડયા હતા, તેમાં મુખ્ય કરી વીકટોરીઆ નાટક મંડળીના ત્રણે માલેકો, તેમજ બીજા તે વખતના મશહુર ખેલાડીઓ મુખ્ય કરી હતા.

વીકટોરીયા નાટક મંડળી સ્થાપવાનું માન કેખશરૂને ઘટે છે. પણ એ મંડળીના સ્થાપક તરીકે જે કીરતી કેખશરૂએ મેળવી હતી, તેમજ તેના સેક્રેટરી અને ડીરેકટર તરીકેની ફરજો બજાવવાનું કામ, જે તેવણે માથે ખેંચી લીધું હતું, તેનો એક દીવસે અંત આવી ગયો. તે અંત આવવાનો સબબ એ હતો, કે વીકટોરીયા નાટક મંડળીના માલેકોમાં મોટો ફેરફાર થઇ ગયો! એ વિશે મેં કાંઇક ઇશારો આગલા ભાગમાં કીધો છે, અને અત્રે ફરીથી નોંધવું જરૂરતું છે કે, મરહુમ દાદાભાઇ સોહરાબજી પટેલ, વીકટોરીયા નાટક મંડળીના એખલા માલેક થયા, અને ઉર્દુ ખેલો કરવાનો જમાનો શરૂ થયો, તેમજ સ્ત્રી ખેલાડીઓ સ્ટેજ ઉપર લાવવાનું ચેટક ચાલુ થવાનો પ્રસંગ આવી લાગેલો જોઇ, એવણે ગોઠવેલી કમીટી છુટી પડી ગઇ, જુના અને જાણીતા મશહુર ખેલાડીઓ સ્ટેજ છોડી ગયા, અને કેખશરૂએ વીકટોરીયા નાટક મંડળી સાથનો સંબંધ છોડી દીધો.

કેખશરૂ વીકટોરીયા સાથનો સંબંધ છોડી ગયા, પણ દાદાભાઇ પટેલે બતાવેલી જાહેર હિંમત, અને સ્ટેજ ઉપર સ્ત્રી ખેલાડીઓને રજુ કરવાની બાબદને રાસ્ત ગોફ્તારમાં જો કે તેવણે વખાણી હતી, તેની નોંધ લેવાની જરૂર છે, કેમકે તે વખાણ ફકત એકજ દ્રષ્ટીબિંદુથી કરી હતી, કે દાદી પટેલ જેવા યુનીવરસીટીની ઉંચી કેળવણી પામેલા એક ખાનદાની જવાનની દેખરેખ હેઠળ અગર જો નાટકની નીતી જળવાય, તો નાટકના ધંધામાં એક મહાન ફતેહમંદ કોશીશ કરેલી ગણાય!

નાટકની ખાનાખરાબીની શરૂઆત!

આ શરૂઆત ઘણીજ કમનસીબ હતી. અલબત્તાં તે ખુવારીભરી સાબેત થઇ ચુકી હતી, અને કેખશરૂની જ્યારે પુરેપુરી ખાત્રી થઇ, કે નાટકમાં કામ કરતી ખેલાડી સ્ત્રીઓના ફંદમાં, એકટર તરીકે કામ કરતા જવાન જીવડાઓ સપડાઇ ઘરબારથી રદ બાતલ થઇ જતા જણાયા, અને તેમની ફરીયાદો કેખશરૂને કાને ગઇ, ત્યારે મરહુમે જે સખત લખાણોનો કાતીલ ધુંઆરો 'રાસ્ત ગોફ્તાર'માં ચલાવ્યો હતો, તેના પરીણામમાં, એવણ ઉપર મોટી 'ડેમેજીસ'ની ફરીયાદીઓ ઠોકાવાની ધમકી થઇ હતી. આ બદના લખનાર બંને બાજુ એક સમાધાની કરનાર તરીકે હતો, અને કેખશરૂનો છેલ્લો પેગામ તે કલબના માલેક ઉપર એ હતોઃ—"કે જાવો ડેમેજીસ માંડો, હું લડવા અને સાબેત કરવા તઇયાર છું, કે નાટકશાળામાં કુટણખાનું ચાલી રહયું છે."

પછી —— પછી બધું ઠંડુ ગાર !

આ એક જાણુવાજોગ કીસ્સો છે, અને લાગતાવળગતા સઘળા સાહેબો ગુજર પામ્યા છે. પણ એટલું તો ખરૂં, કે કેખશરૂની દલીલ તમામે તમામ ખરી હતી, અને જેઓ ખરા ગુનેહગાર હતા, તેઓ ખાલી દમબાજી કરી રહયા હતા.

પણ આ ખેલાડીઓ દાદી પટેલ સ્ટેજ ઉપર લાવી ધરાઇ ગયા. નાટક કલબ ચલાવી ટુંક મુદતમાં મરી ગયા, પણ તેની નકલ બીજી મંડળીવાળાઓએ કીધી, અને નાટકશાળાને અપવીત્ર બનાવી દીધી. એ એક લંબાણુ કીસ્સો છે, અને તે જરા નાજુક હોવાથી હું વીચાર કરી દરશાવવા ધારૂં છું.

કેખશરૂની સેવાનું સરવાયું.

નાટક અને ગાયનના કામો અને તેની વૃધ્ધી માટેજ કેખશરૂએ કાંઇ જન્મ લીધો નહી હતો. શરૂઆતથીજ કેખશરૂએ પોતાનું ધ્યાન ૧૮૫૧ ના સાલથી પોતાની કોમમાં જડ ઘાલી બેઠેલા વેહમો અને કુધારાને દુર કરવા, અને સંસારમાં સુધારો કરવાની નેમથી બીજાઓ ભેગી બાથ ભીડી હતી. પારસી કોમમાં તે વખતે ૧૮૫૧ ના સાલમાં, પારસી સ્ત્રી-પુરૂષો જાદુ-કોટલ, ઝારાપીછી, દાણા મતરાવવા, માંદરીઆં, દોરા, ચીઠી, ઉતાર, મુઠ, દીલમાં ભુન આવવું, સધએડ અને બ્રાહમન સેવડા વિગેરે બીજા વહેમો પછવાડે ખરાબે હાલ થતાં હતાં. તે જો કે આજે મોટે ભાગે નાબુદ થયાં છે, તે નાબુદ કરવાના કામમાં કેખશરૂની કલમે જબરી સેવા બજાવી હતી. કેટલાક સંસારી સુધારા નો ખરેખર સુધારક કેખશરૂજ હતા. આ કેળવણીનો પુરેપુરો હિમાયતી હતો.

જરા ધ્યાનથી વાચો મહેરબાન, જમાનાના તે કાળમા મકદુર શું તમારી, કે તમે તમારી પોતાની પરણેતર સાથે ખુલ્લી ગાડીએ ફરો કે બેસો ! અગર જો બેસો, તો ચાદર નાખી પરદો કરવાની ફરજ પાડવામાં આવતી. તે સામે કેખશરૂની લડત જગ જાણીતી છે.

વધુ કહું તે ભાઇઓ અને બેહનો સાંભલો. તડકાના કડકડતા તાપમાં બાનુઓને છત્રી ઉંઘાડીને ઓઢવાની મનાઇનો તે જમાનો હતો; બુટ મોજાં પેહરવાની છીટ હતી; પારસી પુરૂશો બુટ સાથે કે જોડા સાથે મોજાં પેહરતાં શરમાતા હતા; એવા એવા કુધારા સામે કેખશરૂએ સખત લખાણો લખી, તે કુધારા નાબુદ કરવા-કરાવવામાં મોટી જેહમત ખેંચી હતી. કેખશરૂની એવી એવી સેવા લખવાનો આ પ્રસંગ નથી.

તે સઘળી સેવા આજે ભુલાઇ ગઇ છે. સાહીત્યના શાહ, તારાં મોતથી તું સદાની શાંતીમાં સુતો છે, પણ તારાં કાર્યો જીવતાં અને જાગતાં રહેશે. ગુમરાહોની રાહબરી કરશે, અને ગુમાનીઓનું ઘમંડ તોડશે.

[૩૫]

કેખશરૂના બાબમાં હવે થોડુંક વધારે લખવાનું બાકી રહ્યું છે, તે લખી આપણુ આગળ વધીશું.

લોકોનું બોલવું એવું છે, બલકે સામાન્ય રીતે લોકોની એવી માન્યતા હોય છે, કે જાહેર છાપાના અધિપતીઓ જો ચાહે તો તેઓ લક્ષાપતી થઇ શકે! આ વાત ખરી હોય કે ગલત, તે તો અધિપતીઓજ જાણે, કેમકે તેઓ જો અધિપતી હોઇ હજારોની આવક પોતાના ગજવામાં મુકતા હોય, તો તે માટે તેઓ કદીબી જાહેરમાં એકરાર તો કરેજ નહીં. તોપણ કેખશરૂએ આ અદના લખનાર પાસ એક વખત પોતાની જવાનીના વખતમાં પોતા ઉપર વિટેલી વાત કરતાં કહયું હતું, કે શેર સટ્ટાનો પવન જયારે મુંબઇમાં પુર જોશમાં ફાટી નિકળ્યો હતો, અને જેઓ ખાલી ખીસે સહવારના ગરીબ હાલતમાં હતાં, તેઓ શેરમેન્યાના વખતમાં, સાંજ પડતાં હજારો રૂપીયા કમાઇ, રાતે નીરાંતે ઘરે જઇ સુતા હતા! એવે વખતે, જયારે હું રાસ્ત ગોફ્તારનો અધિપતી હતો, ત્યારે મારી પાસે એક દાહડે એક મોટો વેપારી ઓફીસમાં આવી કેહવા લાગ્યો, કે મી૦ કાબરાજી મે એક કમ્પની ઉભી કરી છે, અને તેની જો તમારી તરફથી તમારા પેપર અંદર સીફારસ થાય, તો તેના શેરોના ભાવ મનપસંદ રીતે બોલ બોલતાં વધી જાય, અને એ શેરો ચપોચપ ઉંચકાઇ જાય! "એમ કહી, એકસો શેરોનું બંડલ, તેણે પોતાની ડગલીના ખીસામાંથી કાહડી, મારી ટેબલ ઉપર મુકયું, અને મને અરજ કરવા લાગ્યો, કે કમ્પનીના ડીરેકટરોએ આ શેરો તમારી ઉપર 'એક ભેટ' તરીકે મોકલાવ્યા છે. એને માટે તમુને એક દોકડોબી આપવો પડનાર નથી, કેમકે તે બધા fully paid છે!"

કેખશરૂએ લક્ષાપતી થવાની ગુમાવેલી તક!

મરહુમે કલબ પ્રીનીક્ષમાં આ વાત આ અદના લખનાર આગળ બળાપો કરતાં કીધી હતી, અને બોલ્યા કે, મેં જો તે શેરો તે વખતે સ્વીકારયા હોત, તો આજે હું એક લક્ષાપતી અધિપતી બની ગયો હોત! પણ મેં તે લાલચ લઇ, મારી કલમનો અપ્રમાણીક ઉપયોગ કરવા સાફ ના પાડી હતી, અને તે શેરોનું આખ્ખું બંડલ, તે ધણીને મે પાછું સ્વાધીન કરી દીધું હતું.

બેહકેલું વાજું.

કેખશરૂ એક સંસાર સુધારક તરીકેજ જનમેલા હતા. તેઓની અસલથી વલણુજ સંસાર સુધારા તરફ, પોતાની ભરજવાન ઉમરથી જણાયલી છે. સોલ વરસની કાચી જવાનીવાળો એક જવાન, પારસી વેહમો અને એવીજ બીજી તે વખતે પારસીઓમાં ફેલાયલી કેટલીક ધીકકારવા જોગ રસમો તરફ જાહેર છાપામાં લખાણો કરી મુજાહેમત કરે, એ લગાર આજે અજબ જેવું લાગે છે. ઇ૦ સ૦ ૧૮૪૨ માં કેખશરૂનો જનમ થયો હતો, અને ઈ૦ સ૦ ૧૮૫૮) ના વરસમાં, તે વખતે

મુંબઇમાં 'પારસી મીત્ર' નામનો છાપો પ્રગટ થતો હતો. તે છાપામાં કેખશરૂનું પેહલ વેહલું લખાણ, બનાજીની કોથરીવાળી એક ધુતારી પારસણ વીશે છપાયલું આ અહના લખનાર પાસ મોજુદ છે. કેખશરૂનો તે લેખ જ્યારે પારસી મીત્રમાં ૧૮૫૮ ના સાલમાં છપાયો, ત્યારે કેખશરૂની ઉમર ૧૬) વરસની હતી, કેમકે ૧૮૪૨) માં તેવણ જનમ પામ્યા હતા.

પાછળથી સુધારાનો રોહ, જ્યારે મરહુમે બીલકુલ આડો ફાટેલો જોયો, ત્યારે તેવા કુધારા વિરૂધ કાતીલ ટીકા કરવામાં પણ તેવણ સર્વેની હરોલમાં હતા. અને તેમ કરવામાં તેવણ સહેજબી કચાસ કે કસુર કરતા નહી હતા. દાખલા તરીકે, એક જાહેર મીટીંગ જે સર જ. જી. ની સ્કુલના દિવાનખાનામાં મલી હતી, તે મીટીંગમાં કાંઇક તક મળતાં, મરહુમે પારસી સુધારાને એક એવો તો નવી જાતનો એલકાબ આપી દીધો હતો, કે "પારસી કોમના સંસારનો તાળો આજે એક 'બેહકેલાં વાજાં' જેવો થઇ પડયો છે." પારસી સંસારને મરહુમ કેખશરૂએ આ આપેલો ખેતાબ, એવો તો બંધબેસ્તો થઇ પડયો હતો, કે એ બોલ ઉપરથી મરહુમ મરઝબાન બેરીસ્ટરે એક પારસી સંસારી વારતા લખી, તે વારતાનું નામ તેવણે 'બેહકેલું વાજું' આપ્યું હતું.

'રક્ષ દેવે' જગાડેલું જંગ!

આ વાત તો તમે જાણતા હશો, કે આજે દરએક જાહેર મેળાવડામાં મોટે ભાગે ગુજરાતી 'નેશનલ એન્થમ' ગવાય છે! એ નેશનલ એન્થમ ૧૮૮૨)ના સાલમાં જુદી જુદી ભાશાઓમાં તરજુમો કરવાની વીલાયતમાં યોજના ઉભી થઈ હતી. તેના સંબંધમાં ગુજરાતી રાજગીત તૈયાર કરવાનું કામ, મુંબઇના જાહેર લેખકોને સોંપવામાં આવ્યું હતું. ભાઇ સાહેબ, જરા ધ્યાનથી વાંચજો. આ બાબદમાં હું આસપાસના બીજા ત્રીજા બનાવોને 'છાંટી' નાખી, મુળ બાબદ ઉપર આવી જાઉ છું.

આ ગુજરાતી રાજગીત જોડવાની ચળવળે તે વખતે પ્રજાનું ઠીક ધ્યાન ખેંચેલું મને યાદ છે. મગર તે તુફાની સાગર પાછળથી ઠંડો પડી ગયો હતો. આ રાજગીત રચવાના મયેદાનમાં કેખશરૂ એખલાજ હતા. પરંતુ એ રાજગીત રચાઇ જ્યારે પ્રગટ થયું, ત્યારે એ રાજગીતની ભાશા માટે જાગેલાં જંગી યુધમાં એક જાણીતા પારસી જરનાલીસ્ટ સામે થયા હતા.

એ જરનાલીસ્ટ મુંબઇના જાણીતા શેહરી અને શાએર, મરહુમ શેઠ બેહરામજી મલબારી હતા. મરહુમ મલબારી તે વખતે પોતાનો એક ઇંગ્રેજી છાપો Indian Spectator ચલાવતા હતા, અને કેખશરૂ રાસ્ત ગોફ્તારનું અધીપતીપણું ભોગવતા હતા. કેખશરૂએ આ ગુજરાતી નેશનલ એન્થમ રચવામાં કાંઇ અજબ 'ઓરીજીનેલીટી' વાપરેલી દેખાઇ હતી. ઇંગ્રેજી એન્થમની ભાશા ઉપરજ મોટે ભાગે પોતાનું ગુજરાતી સંગીત રચ્યું હતું. એમ કહીયે તો ચાલી શકે, કે 'ગોડ સેવ અવર ગ્રેશ્યસ ક્વીન'નો કેખશરૂએ તરજુમો કીધેલો હતો. 'રક્ષ દેવ કૃપાલ' 'કયેસર' આ લીટી ઉપરથી મરહુમ મલબારીએ 'રક્ષ દેવ' શબ્દ ઉપર જબરૂં જંગ જગાડયું હતું!

તેવણે 'દેવ'નો અર્થ 'રાક્ષસ' કરી, તકરાર ઉભી કરી, અને કેખશરૂએ 'દેવ'નો અર્થ 'ઇશ્વર' કીધો હતો. આ 'રક્ષદેવ'નું જંગ ઘણો વખત જાહેર છાપામાં ચાલેલું, અને લેખકે વાંચેલું હજી યાદ છે. પણ અંતે જેમ હંમેશાં બને છે, તેમ 'તુફાન પછી શાંતી!' સઘળી તકરારો અંતે બંધ પડી, અને કેખશરૂનું રચેલું રાજગીત, સ્કુલોમાં તેમજ જાહેર મેળાવડાઓમાં ગવાતું થયું હતું.

આ રાજગીત મંજુર થયા પછી કેખશરૂએ, ફરામજી કાવસજી હોલમાં એક મોટી મીજલસ સનમુખ, પોતાના કુટુંબના બાનુઓ અને ગ્રહસ્થોના એક ભેગા મંડળ પાસે, એ રાજગીત ગવડાવ્યું હતું, જે વખતે તે વખતના ગવરનર સર જેમ્સ ફરગ્યુસન પ્રમુખ તરીકે બેઠા હતા. ત્યારપછી એજ રાજગીત ટાઉન હોલમાં, ગવરનર લોર્ડ અને લેડી રેની હાજરીમાં રજુ કીધું હતું. એ રાજગીત અત્રે સદાબરૂં રજુ કરૂં છું.

રક્ષ દેવ કૃપાળ કૈસર,
બહુ જીવજો પ્રોઢ કૈસર,
રક્ષ દેવ કૈસર.
દે તું ખુબ યુધ્ધ યશ,
સુખ દે ને કીર્તી મસ,
લાંબુ રાખ રાજ બહુ વરસ
રક્ષ દેવ કૈસર. (૧)
ગંજથી શ્રેષ્ટ ભેટ તું કર,
જાયુ વીકટોરયા પર,
કીર્તી શાંતી ને ક્ષેમ,
બાળ વતસો વર્ષો વર્ષ
જનમી દે તેને હર્ષ
ખુશ સ્વરે દર્શ અદર્શ—
આશિષ દે એમ. (૨)

સંગીતનો ખીલવેલો મુંબઇમાં શોખ.

પારસી કોમમાં સંગીતનો શોખ ઉત્પન્ન કરવામાં કેખશરૂએ બેશક મોટો ભાગ ભજવ્યો હતો. જે કોમના ગાયન ગાનારા જવાનોને પોશાગીરોની ઉપમા મળતી હતી, અને છોકરીઓની નીશાળોમાં ગાયન ગવડાવવાની મોટી છીટ હતી. તે કોમમાં આજે ગાયન શીખવાના અને શીખવવાના કલાસો ઉભરાઇ જતા જણાવા લાગ્યા છે! જે કોમની છોકરીઓની નીશાળોમાં છોકરીઓને ગાયન ગવડાવવાં નહી, એવી મા-બાપોની સખત તાકીદ માસ્તરો ઉપર લખાઇ જતી હતી! તે કોમની છોકરીઓ આજે વખત બેવખત, અને પ્રસંગ અપ્રસંગે, હાથમાં સંગીતના પોથા અને ફીડલના કે મેનડોલીનના બાકસો, પોતાના હાથમાં ઉંચકી, રસ્તે આવતી જતી દેખાય છે, અને જાહેર મેળાવડામાં

ગાવાની હરીફાઇ કરવા બહાર પડવા લાગી છે! એ સંગીતનો વધારો કહો યા સુધારો કહો, પણ એ સઘળું કેખશરૂની શુભ હીલચાલનું પરીણામ છે. મગર એ પરીણામથી મરહુમ કેખશરૂ સંતોશ પામ્યા નહી હતા, કેમકે પોતાના મરણની થોડાંક વરસ આગમચ, મરહુમે રાસ્ત ગોફ્તારમાં ફરીયાદ કરી હતી, કે પારસીના બઇરાંઓ ગાય છે ખરાં, પણ તેમના અવાજ 'બીલાડી ચીચારી પાડતી હોય, તેવા રહી ગયા છે!'

સંગીત ઉપર આપેલાં જાહેર ભાશણો.

સંગીત વિદ્યાનો ફેલાવો કરવાના હેતુથી કેખશરૂએ જ્ઞાન પ્રસારક મંડળી તરફથી લગભગ ૧૩) જાહેર ભાશણો હીન્દી સંગીત શાસ્ત્ર ઉપર આપ્યાં હતાં.

૧ દેશી સંગીત.
૨ દેશી સંગીત વિદ્યા (બે ભાશણ).
૩ સુર વિદ્યા.
૪ તાલ વિદ્યા.
૫ રાગ વિદ્યા.
૬ પારસી ગાયન.
૭ પારસી લગનના ગાયન.
૮ ગરબા.
૯ રાગણી જીંજોટી.
૧૦ ગાયનની ભાશા.
૧૧ હોળીના ગાયન.
૧૨ મલ્હારના ગાયન.
૧૩ બહારની મોસમના ગાયન. (આ ભાશણ અધુરે ગયું હતું).

કેખશરૂએ લખેલા નાટકોની 'એનાલીસીસ!'

પણ હવે અમે કલમ બસ કર! એક નાટક લખનાર તરીકે, મરહુમે જે અપુર્વ નામના મેળવી છે, તે નાટકોની હું એક ઉપર ટપકેની નોંધ અત્રે નોંધી લઇ, આ લંબાણ લેખ આજે હું પુરો કરીશ. કેખશરૂએ નાટકો તો ઘણા લખ્યા છે, પણ એવણે લખેલા નાટકો નાટક તખતા ઉપર કેઈ કેઇ મંડળીવાળાઓએ કીધા હતા, તે કેવા ફતેહમંદ નીવડયા હતા, અને તે નાટકો શાને આધારે મરહુમે લખ્યા હતા, તેને એક સામટો સરવાળો દેખાડવાની હું કંઇ ઝાંખી તજવીજ કરૂં છું. ફરીથી ભાર મુકી હું આ લખું છું, કે આ સઘળા લેખો હું ફકત મારી ઝાંખી પડી ગયલી યાદદાસ્તને તાજી કરી, તેની નોંધ અત્રે ટપકાઉં છું, એટલે તે નાટકો કયા સાલમાં થયા હતા, તેની નકકી નોંધની જવાબદારી હું ફકત અટકળેજ મારે માથે લેવા તઇયાર થાઉં છું.

૧ ટાંનશેડ અને સેજીસમીંડા—આ નાટક સ્ટેજ થયો હતો, પરંતુ તેનો નકી સને જણાતો નથી.

૨ એજન-મનીજેહ—વીકટારીયા મંડળી માટે લખાયો હતો. ઇ૦ સ૦ ૧૮૬૯ માં ભજવાયો હતો. શાહનામાને આધારે લખ્યો હતો. ઘણોજ લોકપ્રીય થયો હતો.

૩ જમશેદ—વીકટારીયા કલબ માટે લખ્યો હતો. ઇ૦ સ૦ ૧૮૭૦ માં લખ્યો હતો. શાહનામાને આધારે રચ્યો હતો. પારસી કોમને પસંદ પડયો હતો.

૪ ફ્રીદુન—હીન્દી નાટક મંડળી માટે ઇ૦ સ૦ ૧૮૭૪ માં, અસલ લખાયો હતો. શાહનામાને આધારે. પાછળથી નાટક ઉતેજક મંડળીએ એજ ખેલ એસ્પ્લેનેડ નાટકશાળામાં કીધો હતો.

૫ સુડી વચ્ચે સોપારી—નાટક ઉતેજક મંડળી માટે, "Wife as they are maids as they were, નામના ઇંગ્રેજી નાટકને આધારે ઇરાની ઢબછબે અને લેબાસમાં કીધો હતો. સુમારે ઇ૦ સ૦ ૧૮૭૪ ના સાલમાં.

૬ હરીશ્ચંદ્ર—ઇ૦ સ૦ ૧૮૭૬ માં, રણછોડભાઇ ઉદયરામે કરેલી અસલ ઉપરથી ફેરફાર સાથે, ગુજરાતી ભાષાંતર તેમની રજાથી કરેલું, ચાર અંકમાં.

૭ સીતા હરણ—નરમદાશંકરના અસલ ઉપરથી ફેરફાર સાથે.

૮ લવ કુશ—રામાયણ આધારે ઇ૦ સ૦ ૧૮૭૯.

૯ નંદબત્રીસી—ઇ૦ સ૦ ૧૮૮૦.

૧૦ વીનાશ કાળે વીપ્રીત બુધ્ધી—ઇ૦ સ૦ ૧૮૭૯ Hut of the Red Hill Mountain નામના ઇંગ્રેજી ઉપરથી. હિન્દુ સંસારને લાગુ પાડયો હતો.

૧૧ નીંદાખાનુ—ઇ૦ સ૦ ૧૮૮૩. Sheridan School for Scandal ઉપરથી પારસી સંસારને લાગુ પડેલો. અતી લોકપ્રીય થઇ પડેલો હતો.

૧૨ ભોલી જાન—વીકટારીયા નાટક મંડળી માટે લખેલો, ઇંગ્રેજી ખેલ Colllin Bawn ઉપરથી પારસી સંસારને લાગુ પડેલો. અતી લોકપ્રીય થઇ પડેલો.

૧૩ કાકા પાહુલન—થોડીક રાત વીકટારીયા મંડળીએ સ્ટેજ કીધેલો.

૧૪ ઓખા હરણ—શુધ્ધ ગુજરાતી ગાયનયુકત ખેલ. અધુરો રહી ગયલો.

આજનો પારસી સંગીત-સંસાર !

એવી રીતે કુધારાના તુફાની કાળમાંથી સંગીતની નાવડી કેખશરૂએ પોતાની ધીની અને ધીરી મુજાહેમતોની બરકતથી, તેરવીને એવે સલામતીને કીનારે લાવી મેલી, કે જેથી આજે ઘર ઘર રંગરાગ આપોઆપ થવા લાગ્યા છે. જામે જમશેદ પેપરમાં, શાદી રામશનીવાલી જાહેર ખબરોમાં, પરણુતી છોકરીઓના વાલીઓ છપાવે છે, કે કેળવાયલી અને મ્યુઝીક જાણુતી છોકરીના વાલી, પત્રવહેવાર શાદી માટે ચાહે છે. તેમજ પરણુવા નીકળેલા જવાનો કેળવાયલી અને 'સંગીત' જાણુતી છોકરી સાથ લગનના ગાંઠથી જોડાવાની ખાસ જાહેર ખબર છપાવે છે !

હવે એ 'સંગીતની કેળવણી' કેવી છે, અને કેવા પ્રકારની છે, તે તો ગાનાર અને સમજનારજ સમજી શકે! પણ આજના પારસી સંસારમાં, આજના સંગીતની ચાલી રહેલી ચળવળ, ગમે એવી ધરખમ હોય, યા પોકળ હોય, તે માટે કાંઇ પણ નહી બોલતાં, આજે પારસી ઘરોમાં રંગરાગ અને ગાનતાન ચાલે છે. ખરેખર વાજીંત્રો આજે સાધારણ થઇ પડયાં છે. જાહેર મેળાવડાઓમાં તેમજ ખાનગી મેળાવડાઓમાં, ખુશીના મેળાવડામાં, કે ગમખારીના મેળાવડામાં, જે સંગીતનો મહીમા ગાજીવાજી રહયો છે, તે મરહુમ કેખશરૂની અઠાગ મહેનતનું ફતેહમંદ પરીણામ કેહવાઇ શકાય છે. આ અદના લખનારે, ટાઉન હોલમાં કરેલા જાહેર જલસાઓ, એ મરહુમનીજ પેહલ પછીની નકલ હતી. ૩૦) વરસની વાત ઉપર, હિંન્દી સંગીતનો ખરખર ફેલાવો થઇ જશે, એવી કોણે વકકી રાખી હતી? જો આજના હિન્દી સંગીતથી, જેઓ પોતાના સંસારનું સુખ ભોગવતા હોય, અને જેઓ સંગીતના એવા વધારાથી મોજ અને એશઅસરત મેળવતા હોય, તો તે સઘળાંનું માન મરહુમ કેખશરૂ કાબરાજીનેજ ઘટે છે.

સંગીત માટે કરેલી ઢીલચાલો, અને પારસી નાટક તખ્તાની બજાવેલી સેવા માટે હું હજી ઘણું જાણુવાજોગ લખી શકું. પણ આટલુંબી જે લખાયું છે, તે માટે આ પત્રના અધીપતી અને માલેકનો હું આભાર માનુ છું, કે તેણે મારા લેખને પોતાના પત્રની કટારોમાં પ્રગટ કરવા દીધો છે.

અને પ્રીય વાંચક, હવે આ પ્રસિધ્ધ પારસી લેખકના ગુણ ગાવાની હું વધુ જરૂર જોતો નથી. સંગીતની સેવા બજાવનાર, પારસી કોમમાંથી કંચનીઓના નાચ અને નાયકણીઓના તાયફાના રેવાજને જુનબેખથી ઉખેડી નાખનાર, દેશી નાટક તખ્તાને સુધારનાર, મુંબઇ શહેરમાં સંગીત કળાનો શોખ પેદા કરનાર, સંગીતને નાટકમાં આમેજ કરનાર, એક સાચ્ચો પારસી સુધારક, કલમનો એક કાબેલ ધણી, પારસી લેખકોની કલગીર, પોતાની કોમ તરફ, પોતાના દેશ તરફ, પોતાના ધર્મ તરફ, અને છેહલે પોતાના રાજ કરતા તરફ સાચ્ચાં યકીનથી સેવા બજાવી, દોસ્તો અને કુટુંબોને ગમમાં ગરક કરી, ગુજર પામ્યો છે. ઓ ખુદા! તારો પ્યાર કહાં છે? અએ મોત! તારો માર કયાં છે?

[૩૬]

વીકટોરીયા નાટક મંડળી!

એ નામ કોઇ મુંબઇની તેમજ હીન્દુસ્થાનની પ્રજાને અજાણ્યું નથી! એવી એક મશહુર નાટક કંપનીની તવારીખ રજુ કરવા વગર, પારસી નાટક તખ્તાની તવારીખ સંપુરણ ગણાય નહી. માટેજ આ પ્રસંગે એ નાટક મંડળી કેમ સ્થપાઇ અને તે કયારે અને કોણે સ્થાપી, એ સવાલ ચરચવો જરૂરતનો ધારૂં છું.

જુઓ મહેરબાન, જરા ધીરજથી વાંચજો, કેમકે હું તમારી આગળ ઇ૦ સ૦ ૧૮૬૨) નાં વરસની વાત રજુ કરૂં છું.

કસરતશાળા સ્થાપક મંડળી.

જયારે તે વખતમાં એટલે ૧૮૬૨) અને તે આગમચના વરસોમાં પારસી જવાન પોરીયાઓની ખખડી ગયલી તબીઅત અને તાવદાન જેવી કાઠી, તે વખતના કોમના પારસી હીતારથીઓની નજરે પડી, ત્યારે તે તેઓને ચચડી આવ્યું, કે આપણી ઉપરતી ઓલાદના જવાન છોકરાઓની કાઠી સુધારવા કોઇબી ઇલાજ હાથ નહી ધરશું, તો ખુદા જાણે પારસી કોમનું ભવીશ કેવું નીવડશે! આવા વીચારથી ધોબીતળાવ આગળ, ચંદનવાડીના લત્તા ઉપર આવેલી એક સ્કુલમાં તે વખતના થોડાક પારસી આગેવાન પારસીઓએ, એક સભા તેજ સ્કુલના મકાનમાં ભરી, અને એ સવાલ ચરચી, એક કસરતશાળા સ્થાપવાનું નકકી કીધું. ટુંકમાં કેહું તો ચાલશે, કે એ કામ પાર ઉતારવા એક, કારોબારી મંડળી નેમાઇ, જેનું નામ કસરતશાળા સ્થાપક મંડળી આપવામાં આવ્યું હતું. એ કસરતશાલાની તવારીખ લખવાની આ જગ્યા નથી, પરંતુ એ કસરતશાળાના વહિવટદારોમાં વખત જતે ફેરફાર થતો ગયો, અને ધીમે ધીમે ઇ૦ સ૦ ૧૮૬૭)ના સાલમાં એ ખાતાંના ઉપરી મરહુમ કેખશરૂ કાબરાજી નેમાયા હતા.

હવે રાબેતા પ્રમાણે જેમ હંમેશાં બનતું રહે છે, તેમ એ ખાતાંની નાણા સંબંધી હાલત જેવી જોઇએ તેવી નહી હોવાથી; મરહુમ કેખશરૂએ મજકુર કસરતશાળા ને જોઇતાં નાણાં મેલવી આપવાની કાંઇક યોજના ઘડી કાહડી. ૧૮૬૭ના સાલમાં કેખશરૂએ મુંબઇની તે વખતે ચાલતી જુદી જુદી ખડખડપાંચમ નાટક ટોલીઓના આગેવાનોને બોલાવી, તેઓ સાથ મસલહત ચલાવી. અને કસરતશાળાના લાભ માટે થોડાક નાટકો કરાવવાની તજવીજ કીધી હતી.

આ કામ પાર પાડવા માટે કેખશરૂએ તે વેલાના ખટપટીયા નાટકી, પેલા ફરામજી ગુસ્તાદજી દલાલ, ઉરફે ફેલુ ધુસની સાથ ગોઠવણ કીધી, અને

‘કોમીડી–ઓફ–અરસ’

નામનો એક ખેલ રીહરઅસલમાં મુકી, કેખશરૂએજ એકટરોને તાલીમ આપી તઇઆર કીધો. કસરતશાળાના સાહેબોએ સારી જેવી સંખ્યાની ટીકીટો ખરીદી,

અને રાસ્ત ગોફ્તારમા ખેલની સીફ્ત છપાયા પછી, બે વાર તે ખેલ સ્ટેજ, થયો હતો અને એક ધરખમ રકમ, કસરતશાળાને સ્વાધીન થઇ હતી.

એ નાટકના કામમાં તે વખતે નીચલા સાહેબોએ ભાગ લીધો હતો.

મી૦ પેસતનજી ધનજીભાઇ માસટર

મી૦ કાવસજી નશરવાનજી કોહીદારૂ (કાવસજી ગુરગીન.)

મી૦ દારાશાહ રતનજી ચીજગર

દાદાભાઇ રતનજી ઠુંઠી, (ઉરફે દાદી કરાઇસ્ટ).

ફરામજી ગુસ્તાદજી દલાલ, (ઉરફે ફ્લુ ધુસ).

હોરમસજી ધનજીભાઇ મોદી (ઉરફે કાકાવાલ).

પેસતનજી નશરવાનજી વાડીયા.

ખરશેદજી મનચેરજી જોશી

બરજોરજી ફરામજી મેજર.

હોરમસજી મનચેરજી ચીજગર.

ફરામરોજ રૂસ્તમજી જોશી.

આ સઘળા સાહેબો ઉપરાંત કેટલાક બીજાઓની સામેલગીરીથી ઉપલો ખેલ સ્ટેજ થયો હતો. એ બે ખેલ તો થયા, પણ હવે આ બે ખેલ થયા પછી, આ જમાવ કીધેલી આખી મંડળીનું શું કરવું, તેનો સવાલ ઉભો થયો. ફરામજી ગુસ્તાદજી, આ આખા 'બેચ'ને વીખરાઇ જવા દેવાની ઘણીજ આનાકાની કરતા હતા', કેમકે તેવણની 'જેન્ટલમેન એમેચ્યુઅરસ' મંડળી તુરતનીજ ભાંગી પડેલી હતી, અને તે સબબથી આ 'બેચ'ને તેવણ જોડી રાખવાની કાંઇક ગણત્રી કરતા હતા. કેખશરૂનો ડોળાબી આવા ધરખમ 'બેચ'માં ભરાઇ રહયો હતો! વળી એજ વખતે એક ધરખમ પારસી નાટક મંડળીની ખરેખર મુંબઇમાં જરૂર હતી. એ બધા સંજોગો કેખશરૂએ ધ્યાનમાં લઇ, મુંબઇને એક ધરખમ નાટક મંડળી પુરી પાડવાની યોજના રચવામાં તેવણ ગુંટાયા હતા.

એક ધરખમ કંપની ઉભી કરવાની કેખશરૂની યોજના.

બહુ લાંબો વીચાર કરી કેખશરૂ એક ધરખમ પારસી નાટક કંપની મુંબઇમાં ઉભી કરવાની સુચના કરવાના ઠરાવ ઉપર આવ્યા. ધ્યાન રાખજો સાહેબ, કે એ વખતે નશરવાનજી આપઅખતીઆર પોતાના 'મ્યુઝીકલ સ્કેચીસ' ધમધુકાર ચલાવી રહયા હતા, અને ફરામજી દલાલની જેન્ટલમેન એમેચ્યુઅર કલબ, પેલા ફરામરોજ જોશીની ગડબડમાં બંધ પડી ગઇ હતી. છતાં આપઅખતીયારને કાને પવન વાત ઉડતી લઇ ગયો, કે રાસ્ત ગોફ્તારવાળો 'પેલો લુચ્ચો છોકરો!' (કેખશરૂને સોરાબજી બંગાલીએ આપેલું નામ), ફરામજી ગુસ્તાદજીને સમજાવી નવી કલબ ઉભી કરાવેછ! એ ઉપરથી આપઅખતીયારે ગુસ્સે થઇ, ફરામજી

ગુસ્તાદજીને 'ફુસુ ધુસ'ની ઉપમા આપી, અને કોઇપણ તદબીરથી તે કામમાં વધન પાડવાની તજવિજ કરવા લાગ્યા.

કેખશરૂએ તુરતજ ઉપલા એકટરોના 'બેચની' એક મીટીંગ બોલાવી, અને તે થોકને સુચના કીધી, કે તમારા બધા સાહેબોમાંથી ૩—૪ સાહેબોએ સાથે મળી ભાગીદારીમાં એક ધરખમ કલબ ઉભી કરવી, અને બાકીનાઓને નાહલા-નાહલા પગારદાર ખેલાડીઓ તરીકે રાખવા.

પારસી વીકટોરીયા નાટક કલબનું હસ્તીમાં આવવું. ઇ. સ. ૧૮૬૮.

આ સુચના જેટલી કીંમતી તેટલીજ વીચારવાજોગ હતી. છતાં કેટલાકોને તે રૂચી નહી, અને થોડાઓને તે પસંદ પડી. પણ તે ઉપર ઘણાજ ચુંઠણા પડયાં હતાં! અંતે કેખશરૂની સમજાવટ અને હિંમતથી આખા બેચમાંથી ચાર સાહેબોએ હિંમત બીડી, એક નવી ધરખમ કલબ કાહડવાની જોખમદારી તેઓએ પોતાને માથે ખેંચી લીધી, અને એવી રીતે ઠરાવ થયો, કે એક ધરખમ નાટક કંપની ઉભી કરવી.

એક નાટક કંપની, અને તેબી વળી ધરખમ કંપની! વળી ધરખમ કંપની તે કેવી હોય? પણ કેખશરૂનું કામ કેવું હતું, અને એક ધરખમ કંપની કેવી હોય, તેનો ખયાલ હવેજ ખેલાડીઓને તેમજ એ કલબના માલેકોને આવ્યો.

વીકટોરીયા કલબનું બંધારણ.

નાટક કંપનીઓ તો અત્યાર આગમચ ઘણીક ચાલતી હતી, પણ ધરખમ કામ કરવાનું કોઇને ત્યાં બંધારણ જેવું કાંઇબી હતુંજ નહી. ઝોરાસ્ત્રીઅન નાટક મંડળી જો કે તે વખતે એક ધરખમ કલબ ગણાતી હતી, તેમાં સઘળા આબરૂદાર નોકરી ચાકરીવાળા ગ્રહસ્થો ખેલાડીઓ તરીકે કામ કરતા હતા, પણ તેઓમાંબી કામ કરવાનું ધોરણ કે બંધારણ જેવું કાંઇ હતું નહી. પણ જવાન કેખશરૂએ આ નવો ફણગો ફુટાડયો હતો!

પેહલાં તો કેખશરૂએ દલીલ કીધી, કે એકટરો પગારદાર થયા, એટલે મંડળીની સલામતી માટે કાયદા અને કાનુન ઘડવા જોઇયે. તે કાયદા કાનુનો ઘડાયા. તે ઉપર તકરારો થઇ, અને મોટી માથાકુટે તે કાયદાઓ પસાર થયા.

હવે એક કદમ આગલ. વાંચનાર સાહેબોએ યાદ રાખવું, કે સોરાબજી બંગાલી એક ચુસ્ત સુધારક હતા, અને કેખશરૂ કાબરાજી જ્યારે જામે જમશેદમાં લખતા હતા, ત્યારે જામેમાં છપાતાં સઘળાં લખાણો ઉપર, સોરાબજી બંગાલી ઘણીજ બારીક નજર રાખતા હતા! કમનસીબે એવે સમે, જામે જમશેદમાં, સુધારાની વીરૂધ કોઇએ કરેલાં એક ચોકસ લખાણને, સોરાબજી બંગાલી કેખશરૂનું લખાણ સમજ્યા અને તે ઉપરથી સોરાબજી બંગાલીએ પોતાના રાસ્ત ગોફતાર છાપામાં કેખશરૂની સખત ઝાટકણી કાહડતાં લખ્યું કે

એક લુચ્ચો છોકરો!

જેને પુરૂંપાધરૂં લખતા આવડતું નથી વીગેરે. એવો એલકાબ કેખશરૂને આપ્યો હતો. તેજ લુચ્ચા છોકરાએ, આજે રાસ્ત ગોફ્તાર જેવા છાપાની લગામ પોતાના હાથમાં ધરી, એક ધરખમ નાટક મંડળી મુંબઇમાં ઉભી કરી, અને તે મંડળી માટે કાયદાઓ ઘડયા પછી, હવે એક કદમ આગળ જે ભર્યું તે એ હતું, કે એ મંડળીના નાટકોની તપાસ કરવા, તથા તેની રેહબરી કરવા અને સલ્લાહ આપવા, માતબર અને આગેવાન શહેરીઓની એક ધરખમ કમીટી મુકરર કીધી હતી. અને એ કમીટીમાં નીચલા જાણીતા શહેરીઓને આમેજ કરી, પોતે તેના સેક્રેટરી બન્યા હતા.

વીક્ટોરીયા કલબની કારોબારી કમીટી.


૧ પ્રેસીડંટ: વીનાયક જગનાથજી શંકરશેઠ.
૨ ડાક્ટર ભાઉ દાજી
૩ મી૦ સોરાબજી શાપુરજી બંગાલી.
૪ મી૦ ખુરશેદજી નશરવાનજી કામા.
૫ મી૦ ખુરશેદજી રૂસ્તમજી કામા.
૬ મી૦ અરદેશર ફરામજી મુશ.
૭ મી૦ જાંગીરજી મેરવાનજી પ્લીડર.
૮ મી૦ મેરવાનજી માણેકજી શેઠના.
૯ મી૦ કેખશરૂ ન. કાબરાજી (સેક્રેટરી).
૧૦ મી૦ પેસ્તનજી ધનજીભાઇ માસ્તર (ડીરેકટર).

વાંચનાર સાહેબો જોશે, કે આ કમીટીમાં બે હીંદુ અને બાકીના પારસી સભાસદો હતા.

વીક્ટોરીયા નાટક મંડળી માટે નેમાયલી કમીટી.

[આજથી ૬૦ વરસ ઉપર વીક્ટોરીયા નાટક મંડળીની રેહબરી કરનારી કારોબારી કમીટીના થોડાક સાહેબો, જેઓના ફોટોગ્રાફ સેવક મેળવી શકયો છે, તે અત્રે આજે રજુ કરૂં છું. દલગીર ફક્ત એટલાજ માટે છેઉં, કે બે હીન્દુ ગ્રહસ્થો, ડાક્ટર ભાઉ દાજી, અને વીનાયક શંકરશેઠના ફોટોગ્રાફ મેળવવા જેટલો અવકાશ નહી મળ્યાથી તે હું અતરે રજુ કરી શકયો નથી.]

૧૮૬૯ સાલમાં જાણીતા પારસી શેહરી.



શેઠ ખુરશેદજી નોશીરવાનજી, કામાજી.

જાણીતા પારસી વીદવાન.



શેઠ અરદેશર ફરામજી મુસ

જાણીતા શેહરી શેઠ સોરાબજી શાપુરજી બંગાલી.



મુંબઇના એક મોટા પારસી વેપારી.

આગેવાન પારસી અગ્રેસર.



શેઠ ખુરશેદજી રૂસ્તમજી કામાજી.

મેત્રીમોનીઅલ કોરટના ડેલીગેટ, જસ્ટીસ ઓફ ધી પીસ, અને મરહુમ નાહનાભાઇ રાણીના તથા કવી નરમદાશંકર સાથ મલી ગુજરાતી ડીક્ષનરી લખનાર પેહલ્લા પારસી.

કેખશરૂ નાહેક બદનામ.

પણ હીયાં એક મુંઝવણ જે પેહલ્લી નજરે ઉભી થાય છે, તે હવે મટી જાય છે. તે વાત હું આગળ લખી ગયો છું, કે કેખશરૂને સોરાબજી બંગાલીએ જામે જમશેદમાં સુધારાવાળાઓની વીરૂધ કાંઇક લખાણ કરેલું માની લઇ, એક લુચ્ચા છોકરાના નામની ઉપમા આપી હતી. પણ પાછળથી સોરાબજી બંગાલીની ખાત્રી થઇ હતી, કે તે લખાણ કરનાર કુંવરજી મોદી નામના એક ગ્રહસ્થે સુધારાવાળાઓની ઝાટકણી કાહડવા તે લખ્યું હતું, એટલે સોરાબજી હવે કેખશરૂને નાહક બદનામ કરવા ઉતાવળ્યા થયા હતા, એમ તેવણની ખાત્રી થઇ, અને કેખશરૂએ નેમેલી ઉપલી કમીટીમાં તેવણે પોતાની સામેલગીરી આપી હતી.

આ કારોબારી કમીટીમાં સોરાબજી બંગાલીએ ઘણો આગેવાન ભાગ ભજવ્યો હતો એવું જણાય છે, કેમકે ઉભી થઈ ચુકેલી આ ધરખમ નાટક કલબનું શું નામ આપવું, તે સવાલ કમીટી રૂબરૂ પેહલ્લો ઉભો થયો. અનેક સભાસદોએ અનેક નામ સુચવ્યાં હતાં, પણ સોરાબજી બંગાલીએ સુચવ્યું કે, એ કલબનું નામ વીકટોરીઆ નાટક મંડળી આપો. અને એ નામ સઘળાઓને પસંદ પડયું, અને કમીટીમાં એવો ઠરાવ એકમતે પસાર થયો હતો, કે આ નવી નાટક મંડળીનું નામ 'વીકટોરીઆ નાટક મંડળી' આપવું.

(૩૭)

વીકટોરીયા નાટક મંડળીના પેહલા માલેકો.

એ પનોતી અને પ્યારી પ્રજાપસંદ પેહલવેહલી ધરખમ પારસી નાટક મંડળીની સ્થાપના ઇ. સ. ૧૮૬૮) ના સાલના, મે માસમાં થઇ હતી. આજે તેને બરાબર ૬૧) વરસની મુદ્દત, જો તે જીવતી હતે તો થઇ હતે. જ્યારે વીકટોરીયા નાટક મંડળી પેહલી સ્થપાઇ, ત્યારે તેના પેહલા માલેકો નીચલા ચાર જરથોસ્તી સાહેબો હતા, જે આજે સઘળા ગુજર પામ્યા છે.


૧. દાદાભાઇ રતનજી ઠુંઠી, ઉર્ફે દાદી કાઇસ્ટ.
૨. ફરામજી ગુસ્તાદજી દલાલ, ઉર્ફે ફલુ ધુસ.
૩. કાવસજી નસરવાનજી કોહીદારૂ, ઉર્ફે કા૦ ગુરગીન.
૪. હોરમસજી ધનજીભાઇ મોદી, ઉર્ફે કાકાવાલ.

વીકટોરીયા કલબના પેહલવેહલા ચાર સહાસીક માલેકો.

દાદાભાઈ ર. ઠુંઠી. (દાદી કાઈસ્ટ)



ફરામજી ગુસ્તાદજી દલાલ. (ફલુ ધુસ !)



કાવશજી નશરવાનજી કોહીદારૂ. (કાવજી બા1)



હોરમસજી ધનજીભાઇ મોદી. (કાકાવાળ !)



વીકટોરીયા મંડળી ૧૮૬૮) માં ઉભી થઇ, અને તે ગબડવા લાગી. વરસની આખેરીએ હીસાબ જોતાં, થોડી ઘણી નુકશાની માલમ પડી! પણ ૧૮૬૯ નું સાલ આ નવા માલેકોને ઘણુંજ ફળદાયક થઇ પડયું. તે કેમ વારૂ? તે એમ, કે કેખશરૂ કાબરાજીએ ફીરદોસીના શાહનામાને આધારે,

એજન અને મનીજેહ

નામનો નાટક, અસલી ઇરાની લેબાસમાં, અને ઇરાની સીન–સીનરીઓ ચીતરાવી, તે ખેલ 'સ્ટેજ' કરાવ્યો. આ નવા ખેલની તમામ સામગ્રી તઇયાર કરતાં, નવા માલેકોના ગળાં ઉપર છુરી ફરતી હોય, એમ તેઓને લાગ્યું! અંતે ખેલ તઇયાર થયો. ખેલનું ગ્રાંડ 'રીહરસલ' થયું. રાસ્ત ગોફતારે લોકોને જાગરૂત કીધા, અને શંકરશેઠની નાટકશાળામાં એજન–મનીજેહનો નાટક જોવા લોકો ઘેલું થઈ ગયું હોય, તેમ જવા લાગ્યું. ખેલની ફતેહમાં કસ્સા કચાસ નહી રહી! માલેકોએ ખેલથી જરદાર થવા લાગ્યા! લોકોની લાગણી એ ખેલ તરફ દીન જતે વધતીજ ગઈ! કંઇ નહી તો એ એજન–મનીજેહનો નાટક લગભગ પચાસ વખત સ્ટેજ થયો હતો. પારસીઓ એજન–મનીજેહનો નાટક જોવ ધરફડીમા રહયાં!

એ મહાભારત, ફતેહનો ભેદ અને ભરમ, જાહેર છાપો, અને કેખશરૂની કલમની સાથે કારોબારી કમીટીમાં સમાયલો હતો.

સાંભળો બીરાદરો, વીકટોરીયા નાટક મંડળીની તવારીખ લખવી છે, એટલે એ મંડળીના તે વખતના એકટરોનું બળ મારે જરા દેખાડી આપવું જરૂરનું છે.

સાહેબને કેહું કે એ સઘળા ખેલાડીઓ પારસી હતા. પારસી, તેબી કેવા પારસી! એકએકથી સરસ પારસી. રંગે, રૂપે, અને કદે, તેમજ દેખાવે, આજના ખેલાડીઓ કરતાં તેઓ સેંકડો રીતે આલા હતા. આજે તેઓ સઘળા ગુઝર પામ્યા છે. તેઓને આજે યાદ કરી તેમના અશો રૂહને હઝારો હઝાર શાંતી ચાહુ છું.

એજન મનીજેહના આખા ખેલમાં લગભગ ૨૦–૨૫, પારસી ખેલાડીઓ સ્ટેજ ઉપર ઉતરતા હતા. તેઓ માહિલા કેટલાકો પોતાના પાર્ટ કરી, એવી તો વીખ્યાતી મેળવી ગયા હતા, કે તેઓ પોતાની રોજીંદી જીંદગીમાં પોતાના પાર્ટનેજ નામે ઓળખાતા હતા. થોડાક દાખલા આપેલા વાસ્તવિક ગણાશે. ડોસુ ગોદરેજ, ખશરૂ કોબાદ, ધનજુ એજન, કાવસજી ગુરગીન, દારાશા અફરાસીઆબ, જમસુ મનીજેહ, વિગેરે. જરા મેહરબાની કરી સબર કરજો. કેમકે હજી વીકટોરીયા કલબે કરેલા જમશેદના ખેલની ખબર લેવાની છે, અને ત્યાર પછી, આ કલબના તમામ જાણીતા ખેલાડીઓના કામની તપાસ લઇ, આપણ આગળ વધશું.

ખશરૂ કોબાદ!

પણ ઓ કલમ, જરા સબર! વીકટોરીયા કલબની તવારીખ ઘણી લાંબી છે, અને તે છાપવા માટે મળેલી જગ્યા ઘણીજ ટુંકી છે. એજન મનીજેહના ખેલમાં જે એક મુખ્ય ધ્યાન ખેંચનારી બીના, તે મરહુમ ખુરશેદજી બાલીવાળાને લગતી છે. તે એટલુંજ કે ખુરશેદજી બાલીવાળા, એ ખેલમાં જેમ એક ઓરતનો ભાગ ભજવતા નોંધાયા છે, તેમ એક નવજવાન છોકરાનો ભાગ પણ મરહુમે એવી તો કાબેલીઅતથી સ્ટેજ કીધો હતો, અને તે તમાશબીન આલમને એટલો બધો તો પસંદ પડયો હતો, કે તે દીવસથી જો કે મરહુમે નાટક તખતા ઉપર સેંકડો પાર્ટ કીધા હતા, છતાં એજન મનીજેહના નાટકમાં તે 'કોબાદ'નો પાર્ટ કરી, પોતાની કીરતી કાયમ માટે અમ્મર કરી ગયો છે. આજના વખતના નાટકીઓને મરહુમ બાલીવાલાની તે કીરતીનો સહેજબી ખ્યાલ હશે નહી, પણ તે વખતની તમાશબીન આલમ મરહુમને 'ખશરૂ કોબાદ' સીવાય પીછાણતી હતીજ નહી.

જમશેદ !

આ એજન મનીજેહની આવી મહાભારત ફતેહ પછી, કેખશરૂએ પોતાનો બીજો ઇરાની ખેલ તઇયાર કીધેલો. કારોબારી કમીટી આગળ પેશ કીધો હતો. તે ખેલ પણ શાહનામાને આધારે રચ્યો હતો. તે ખેલનું નામ જમશેદ હતું. તેમાં જમશેદ અને ઝોહાકની બાબદ દાખલ કરી હતી. લખનારે તેમાં સમ્યાનુસાર હાસ્યરસ આમેજ કીધું હતું, જે ઘણુંજ લોકપ્રીય થઇ પડ્યું હતું.

૧૮૭૦ માં નાટક લખનારાઓમાં જાગેલી ચળવળ.

એક ચેતક જે પારસી જવાનોમાં આજેબી જોવામાં આવે છે, તે તે જમાનામાં પણ ચાલુ થયું હતું ! એજન મનીજેહ પારસીઓએ વખાણ્યો, એ બનાવ ઉપરથી કેટલાક પારસી લખનારાઓને નાટક લખવાનુંજ ચેટક લાગ્યું હતું ! વાત જરા લેખકોને લગતી છે, એટલે લખ્યા વગર ચાલતું નથી, કે પવને વાત ફેલાવી કે વીકટોરીયા કલબ માટે કેખશરૂએ નવો ખેલ લખ્યો છે, તે શાહનામા માહેલાં પાદશાહ જમશેદના દાસ્તાન ઉપરથી લીધો છે ! આ વખતે કારોબારી કમીટીમાં એક નવા સદગ્રહસ્થ જોડાયા હતા. તેવણે કમીટીમાં લડત ચલાવી, કે હવે જાહેર ખબર આપી ઇનામની હરીફાઇ લેખકો વચ્ચે કરાવી ઇરાની ખેલો લખાવવા, અને જેનો ખેલ પસંદ પડે, તેને રૂ. ૩૦૦ નું ઇનામ આપવું. આ ઠરાવ મુકનાર કોઇજ નહી, પણ મુંબઇ શહેરના તે વખતે બહુ જાણીતા શહેરી શેઠ ડોસાભાઇ ફરામજી કરાકા હતા.

ડોસાભાઇ કરાકા એક વીદવાન ગ્રહસ્થ હતા. તેવણ પાછળથી અનેક સરકારી ઓધ્ધા અને માનપાન ભોગવવા ઉપરાંત, મુંબઇના કલેકટર અને એક માજીસ્ટ્રેટ હતા, અને પારસીઓને લગતી ઇરાનની તવારીખને લગતાં બે મોટાં દળદાર પુસ્તકો તેવણે રચ્યાં હતાં.

મરહુમ ડોસાભાઇ ફરામજી કરાકા. C. S. I.



જાણીતા પારસી તવારીખનવેશ, લેખક, અને મુંબઇના પ્રેસીડનસી માજીસ્ટ્રેટ.

ઉપલો ઠરાવ જાહેર થતાંજ નાટક લખનારા પારસીઓ ખરીઆ કલમ લઇ, રૂ. ૩૦૦) મેળવવા, અને નાટકનવેશ બનવા તઇયાર થઇ ગયા હતા! ધ્યાન રાખવું, કે કમીટીએ કોઇપી ચોકસ નાટક માંગ્યો નહી હતો, છતાં તાજુબી ભરેલું એ હતું, કે લગભગ સઘળા ઉમેદવારોએ જમશેદનોજ નાટક લખી તઇયાર કીધો. એ ઉમેદવારોના નામ હું જાહેર કરૂં છું.

૧ એક લખનાર, રૂસ્તમજી ધનજીભાઇ મીસ્ત્રી નામના પારસી હતા, જે તે વખતે છપાતાં દુભાસ્યા નામના ચોપાન્યાનો અધીપતી હતો. એ લખનારે પોતાના નાટકનું નામ

જમશેદ અને ઝોહાક

આપ્યું હતું.

૨ બીજા લખનાર કેખશરૂ કાબરાજીના એક ભાઇ, નાદરશાહ નવરોજજી કાબરાજી હતા. તેવણે પોતાનો તખલ્લુસ 'એક જુવાન જરથોસ્તી' અખત્યાર કીધો હતો. તેવણે લખેલો નાટક, શાહનામાને આધારે સ્યાવક્ષના દાસ્તાન ઉપરથી રચ્યો હતો.

૩ ત્રીજા લખનાર પેસ્તનજી ફરામજી વેલાતી નામના ગ્રહસ્થ હતા. તેવણે 'એક વિદયારથી' એવો તખલ્લુસ ધારણ કીધો હતો. તેવણે લખેલા નાટકનું નામ

જમશેદ અને સમનનાઝ

હતું. આ નાટક જમશેદ ઝોહાકના દાસ્તાનનો એક ભાગ હતો, અને ફીરદોસીના શાહનામાને આધારે રચાયો હતો.

૪ ચોથો નાટક લખનાર જાણીતા લેખક એદલજી જમશેદજી ખોરી હતા. તેવણે કાઇ હરીફાઇ કરવા નાટકનો લેખ લખ્યો નહી હતો, કેમકે તેવણે ઝોરાસ્ત્રીયન નાટક મંડળીનું સુકાન પોતાને હાથ પકડી રાખ્યું હતું. પણ ઇનામની કીંમત જાહેર થયા પછીજ, એક નાટક તેવણે લખ્યો હતો, અને તે કમીટી ઉપર રવાના કીધો હતો. એ નાટક શાહનામાને આધારે લખ્યો હતો, અને તેનું નામ

રૂસ્તમ અને સોહરાબ

હતું. અલબત્તાં નવા નવા લખનારાઓના નવા નવા નાટકો કરતાં એક કસાયલા લખનારે લખેલો આ ખેલ કમીટીએ પસંદ કરી, તેની કીંમત આપી તે લેઇ લીધો હતો, અને પાછળથી તે રૂસ્તમ સોહરાબનો ખેલ, વીકટોરીયા નાટક મંડળીએ જમશેદના નાટક પછી સ્ટેજ કીધો હતો, એવું મને ધ્યાન છે. એ નાટક વીકટોરીયા નાટક મંડળી જ્યારે મરહુમ દાદી પટેલની માલેકી હેઠળ ગઇ, ત્યારે તે નાટક મરહુમે નશરવાનજી મેરવાનજી ખાનસાહેબ પાસે ઉરદુ ઝબાનમાં રચાવી સ્ટેજ કીધો હતો, અને તેમાં પોતે રૂસ્તમનો ભાગ ભજવ્યો હતો. પણ ઉરદુ ઝબાનમાં એ નાટક સ્ટેજ થાય તે આગમચ ઇ૦ સ૦ ૧૮૮૦) ના સાલમા આ અદના લખનારે ઉભી કરેલી ધી ઝોરાસ્ત્રીયન ડ્રામેટીક

સોસાયટીએ, એજ રૂસ્તમ સોહરાબનો નાટક, તમામ સંગીતમાં એલ્ફીનસ્ટન થીએટરમાં લગભગ નવથી અગીયાર રાત સુધી ચાલુ ભજવ્યો હતો.

ઇરાની નાટકોની ચળવળનોજ તે જમાનો હતો, એમ જો નોંધ કર્યે, તો તે ખોટું કહેવાશે નહી. કેમકે એજન મનીજેહ નાટકની અસાધારણ ફતેહ પછીજ, નાટક લખનારાઓએ નાટક તખ્તા માટે નાટકો લખવા માંડયા હતા, અને તે સઘળી ચળવળ ઇ૦ સ૦ ૧૮૭૦) સાલમાં થઇ રહી હતી.

ફાટી નીકળેલું એક નવું કઉતક!

પણ એક યા બીજાં કારણે, તે સઘળા નાટકો સ્ટેજ થવા પામ્યા નહી હતા, એવું આ અદના લેખકને પુરેપુરૂં ધ્યાન છે. જે એ નાટકો સ્ટેજ થયા હતા, તેમાં કેખશરૂનો 'જમશેદ' અને એદલજી ખોરીનો 'રૂસ્તમ અને સોહરાબ' હતા. પણ તેથી વાંચનારે એમ માની લેવું નહી, કે બીજી મંડળીઓ મરવા પડી હતી! ના, તેમ હતુંજ નહી. કેમકે ઝોરાસ્ત્રીઅન નાટક મંડળી જો કે પગારદાર ખેલાડીઓ સાથ કામ પાડતી નહી હતી, છતાં અમેચ્યુઅર્સો તે મંડળીને હજી વળગી રહયા હતા, અને તેઓને હજી એદલજી ખોરી જેવા નાટક લખનારની ધરખમ મદદ હતી. વળી એજ અરસામાં, એક નવી જાતનું નવું કઉતક ફાટી નીકળ્યું હતું. તે એક નવી નવાઇ જેવી નાટકી હીલચાલ હતી! આપણા સોડા અને શરબતની દુકાનવાળા ઇરાની ભાઇઓ નાટક કરવા બહાર પડયા હતા. તેઓને કેટલાક જાણીતા પારસી શેઠોએ ઉલટ અને ઉતેજન આપ્યા હતાં, અને તેઓએ એક નાટક ટોળી એજ વરસના અરસામાં ઉભી કરી, ઇરાંની ખેલો કીધા હતા, તેનો ઘણોજ રંગીન હીસાબ હું આપવા તઇયારી કરૂં છું.

કમીટીમાં કચરો! કમીટી ભાંગી પડી.
નવા સેક્રેટરી!

સાહેબને કેહું કે, એદલજી ખોરીનો લખેલો રૂસ્તમ સોહરાબનો નાટક, વીકટોરીયા કલબે સ્ટેજ કીધા પછી, ૧૮૬૯)ના સાલમાં એક ઘણોજ નાખુશ બનાવ બન્યો હતો. એ નાખુશ બનાવ બન્યાથી કારોબારી કમીટીમાં કચરો પડયો! આ કચરો પડવાનું કારણ, ઘણાકો કલપી શકયા હતા! ૧૮૬૯)ના આગસ્ટ માસની અતરાફમાં, કેખશરૂ કાબરાજીએ વીકટોરીયા નાટક મંડળીની કારોબારી કમીટીના સેક્રેટરી તરીકેના પોતાના ઓહદાનું એકદમ રાજીનામું આપી, તેવણ પોતાનો સંબંધ છોડી ચાલી ગયા હતા!

એ કાંઇ જેવો તેવો નાખુશ બનાવ નહીં હતો. જે મંડળીનો સ્થાપક, મંડળીનો તારક, અને મંડળીનો સાધક, તેજ કમીટી સાથનો પોતાનો સંબંધ છુટો કરી રાજીનામું આપી ચાલી જાય, ત્યારે તે મંડળી કેવી રીતે નીભી શકે? છતાં તે વાત ખરીજ હતી, કેમકે ત્યાર પછી કમીટીએ પોતાના નવા સેક્રેટરી નેમવાની હીલચાલ કીધી હતી.

હા, કમીટીની ફરજ હતી કે એક સેક્રેટરી મુકરર કરે. આ બનાવ ઉપરથી ખરો ભરમ પ્રગટી નીકળ્યો! અને તે એજ, કે જે કમીટી કેખશરૂએ જમાવી હતી, તેજ કમીટીના સભાસદો સાથે કેખશરૂને કાંઇ એવી મતફેરી પડી હતી, કે તેવણુને પોતાનું રાજીનામું આપી ચાલી જવું પડયું હતું! આ મતફેરી શું હતી, તે મરહુમે કલબ ફીની ક્ષમા મને ખાનગીમાં જણાવી હતી, એટલે તે જાહેર કરવી નારવા છે. પણ જરા ચપી જજો! હવે નવા સેક્રેટરી કોણ આવે છે, તે જોવાનું અને જાણવાનું છે.

(૩૮)

નવો સેક્રેટરી—દાદાભાઇ સોરાબજી પટેલ, M. A.

પણ કેખશરૂના નીકળી જવાથી ખરૂં જોતાં વીકટોરીયા નાટક કંપનીના ભવીશને મોટો ધોકો લાગ્યો હતો. જો કે વીકટોરીયા નાટક કંપની, કેખશરૂના ચાલી જવાથી ભાંગી તો નહી પડી, પણ તે ભાંગી પડવા કરતાંમી વધારે ખોખડી થઇ ગઇ હતી. કેખશરૂના જવા પછી કમીટીએ પોતાના નવા સેક્રેટરી તરીકે મી૦ દાદાભાઇ સોરાબજી પટેલ, M. A. ની નેમણુંક કીધી, અને પોતાના કામને ગબડાવવા માંડ્યું.

આ નવા સેક્રેટરી એક અમેચ્યુઅર એકટર હતા. એવણે આગલા સાલોમાં ઇંગ્રેજી નાટકોમાં અમેચ્યુઅર ખેલાડી તરીકે સારો ભાગ લીધો હતો. વળી એવણ પારસી કોમના એક આગેવાન અકાબર અને માલેતુઝાર શેઠીઆ શેઠ સોરાબજી ફરામજી પટેલના વડા દીકરા થતા હતા. એવણે મુંબઇ યુનીવરસીટીની એમ. એ. ની ડીગ્રી મેળવી હતી. પોતાના બાપની પેહડી જે તે વખતે 'ફરામજી સેન્ડસ'ને નામે ધમધુકાર ચાલતી હતી, તેમાં એવણ સામેલ થયા હતા. પણ કોલેજની જીંદગી દરમ્યાન લાગેલો નાટકનો શોખ, અને ચેટકને લીધે, આ વીકટોરીયા નાટક કંપનીના સેક્રેટરીની ખાલી પડેલી જગ્યા માટે ઉમેદવારી કરી, તે જગ્યા ઉપર નેમાયા હતા.

જાણીતા પારસી શેઠીઆનો કેળવાયલો દીકરો, વીકટોરીયા નાટક મંડળીનો સેક્રેટરી.



મરહુમ દાદાભાઇ સોરાબજી ફરામજી પટેલ, (એમ. એ.).
પાછળથી વીકટોરીયા કલબ અને 'ઓરીજીનલ વીકટોરીયા કલબના' માલેક.

કેખશરૂના ગયાથી, વીકટોરીયા નાટક કંપનીની બદબખ્તીની શરૂઆત ઘણીજ બેમાલુમ રીતે શરૂ થઇ હતી! જો કે તે વખતે તો કોઇને કાંઇ ઝાજી આગવડ પડી નહી. વળી નવા સેક્રેટરી એક કાબેલ અને ફાઝેલ જવાન હોવા ઉપરાંત, ખાનદાની બાપના જાણીતા જાયા હતા, એટલે વીકટોરીયા કલબના ચાર નવા માલેકોને હાલ તુરત તો કેખશરૂ કાબરાજીની ખોટ કાંઈ ઝાજી લાગી નહી. પણ—

પણ ખરી ખોટ તો હવેજ માલમ પડી, કેમકે જે કમીટીની રાહબરી હેઠળ, વીકટોરીયા નાટક કંપની આજસુધી ચાલી રહી હતી, અને જાહેરમાં જે માન–પાન તે મેળવી રહી હતી, તે કમીટીબી થોડાક વખતમાં ભાંગી પડી, અને વીકટોરીયા નાટક કંપની હવે 'ધણી વગરના ઢોર' જેવી થઇ પડી! જો કે એકટરો તો બધા તેજ હતા; પાહડ જેવા ચારે–ચાર માલેક ખેલાડીઓબી તેજ હતા, છતાં મંડળીનું તેજ કાંઇક રીતે ઝાંખુ પડી ગયું હોય તેવું દેખાવા લાગ્યું!

૧૮૭૦. વીકટોરીયા થીએટરનું બંધાવું.

કમીટી ભાંગી પડી, કેખશરૂ કાબરાજી ચાલી ગયા, એટલે વીકટોરીયા નાટક કલબને માથેનો કમીટીનો અંકુશ બીલકુલ જતો રહયો હતો. પણ તેથી કાંઇ વીકટોરીયા નાટક કંપની ભાંગી પડી નહી. કલબનું કામ તો બરોબર ચાલતું હતું. કલબના ચાર માલો હતા, પણ તે ચારે ચાર, ચારસો જણાને પુરા પડે, એવા ઠરેલ અને ઠાવકા હતા! તે ચાર જણોએ ઘુસઘુસ કીધુ, કે આ શંકરશેઠની નાટકશાળાના ચાલુ ભાડાં ભરી ખેલ કરવામાં કાંઇ કંપનીનો શુકરવાર થાય એમ લાગતું નથી! આવકનો મોટો ભાગ ઘરવાળો ભાડાં તરીકે ઉપાડી જાય, એકટરોને દર માસે પગાર આપવો પડે, અને ઉપર ટપકેનો બધો ખર્ચ જોતાં, કાંઇ રસકસ ઝાજો રહેતો નથી, વાસ્તે આ નાટકશાળાના ભાડાંમાંથી કોઇબી રીતે બચી જવાની ગોઠવણ થનીજ જોઇયે.

આ ઘુસસુજનું સેવટે ચાર ભાગીઆઓ વચ્ચે એવું સેવટ આવ્યું, કે એક નાટકશાળા બંધાવવી જોઇયે, અને વીકટોરીયા મંડળી અગર જો ચલાવવીજ હોય, અને ઇરાની નાટકો અગર જો કરવાજ હોય, તો નાટકશાળા બાંધવા માટે એક લાયક જગ્યા શોધી કાહડવી જોઇયે. હવે આ મુશ્કેલીનું સેવટ લાવવા ચારે ભાગીદારો પોતપોતા વચ્ચે પઇસાની ગોઠવણ કરી લીધી, અને એક નાટકશાળા માટે લાયક જગ્યાની શોધમાં નીકળ્યા. આ ચારે માલેકો વીશે અત્રે ઝાજુ લખેલું નકામુ થઇ પડે એમ છે, કેમકે ખેલાડી તરીકે એ સાહેબોના ગુણ ગાવાનો વખત તેને અનુસરતે પ્રસંગે થશે, પણ તે આગમચ આ ચાર સાહેબોના ખવાસની સેહજ 'એનાલીસીસ,' અત્રે ટપકાવેલી ફોક જશે નહી.

૧ દાદાભાઈ રતનજી ઠુંઠી:–દુરંદેશ. ઠાવકા, અને નાટકી હુનરમાં વધતા જતા ઘડાઇ કસાઇ, નાટક ગુરૂ તરીકે સામાન્ય રીતે એવણ નાટકી દુન્યામાં ઓળખાતા હતા. એક પકકા ડીરેકટર, અને એક કાબેલમાં કાબેલ ખેલાડી, અને એક કાબેલ ગાયક હતા.

૨ હોરમજી ધનજીભાઇ મોદીઃ-ઘણુંજ ઓછું બોલનારા, ઠાવકા, અને સમો સમાલી લેનાર. સમાન્ય રીતે નાટકી દુન્યામાં હો. કાકાવાલને નામે ઓળખાતા હતા! એક પકકા કોમીડીઅન અને પુરેપુરા ત્રેજીડીઅન. ગાયન ગાતા હતા ખરા, પણ કામ જોગુ ગાતા હતા.

૩ ફ્રામજી ગુસ્તાદજી દલાલઃ-ઘણાજ ભડભડીયા સ્વભાવના. જલદીથી ખીજવઇ, તતા થઇ જનારા! એકટરોને પ્રસંગ સમે સમજાવી લેનારા. મીજાજના અતી ગરમ, ઝનુની અને તેજ સ્વભાવના. ડીરેકટર તરીકે નીશ્ફળ. ગાવામાં ઘણાજ કાચા. સ્ટેજ મેનેજર તરીકે સારા હતા. નાટકી આલમ સામાન્ય રીતે 'ફ્લુ-ધુસ' કરી ઓળખતી.

કાવસજી નશરવાનજી કોહીદારૂઃ-દુરંદેશ, ઠાવકા, હસમુખા સ્વભાવવાળા, અતી ઘણા મીલનસાર. નાટકી દુન્યામાં તેમજ તે વખતની પારસી તમાશબીન આલમ એવણને 'કાવજી ગુરગીન'ને નામેજ ઓળખતી હતા, પણ દરએક જણ, એવણની જુઝોરગીને માન આપી 'કાવજી બા'ને નામેજ બોલાવતા હતા. ખુદ એવણના ત્રણે ભાગીદારો 'કાવજી બા'નેજ નામે ઓળખતા, અને બોલાવતા હતા. હાસ્યરસ પાર્ટો કરવામાં નીપુણ હતા. એવણને તખતા ઉપર નાટક કરવાનો શોખ એટલો બધો તો લાગ્યો હતો, કે પારસી તેમજ હીન્દુ સંસારી નાટકો ઉપરાંત, પાછળથી ઉર્દુ નાટકોમાં પણ ભાગ લેતા હતા. જ્યાં જ્યાં અને જુદી જુદી નાટક મંડળીઓમાં એવણ માલેક તરીકે હતા, ત્યાં ત્યાં એવણ ખજાનચી તરીકે સઘળો ખર્ચ ખુટન અને આવક જાવકનો હિસાબ સંતોશકારક રીતે બજાવતા હતા.

હવે આ ચાર પાહડ જેવા ખેલાડીઓ, વીકટોરીયા થીએટર બાંધવા માટે કોઇ જગ્યાની શોધમાં નીકલ્યા. મરહુમ દાદાભાઇ ઠુંઠીએ પોતાની ચગોરૂં આંખોથી ગ્રાંટ રોડના નાકા ઉપર, મરહુમ માણેકજી પાંઉવાળાની જે એક મોટી મીલકત આવી હતી ત્યાં એક ખાલી જગ્યાનો ટુકડો, વીકટોરીયા થીએટર માટે શોધી કાહડી, તે plot મેળવવાની તજવીજ કરવા માંડી.

દાદાભાઇ ઠુંઠી વીકટોરીયા કલબના પહેલ્લેથીજ ડીરેકટર નેમાયલા હતા. આગળ જણાવ્યા પ્રમાણે, તેવણ ઠરેલ અને ઠાવકા હતા. વળી નાટકી નજરથી, તેવણે આગળ પાછળનો ખુબ વીચાર કરી, તે પ્લોટ લાંબી મુદતે બની સકે તો માણેકજી પાંઉવાલા પાસે, એક નાટકશાળા બાંધવા માટે મેળવવાના સંદેશા ચલાવ્યા. બીજા ત્રણે ભાગીદારો દાદાભાઇના વીચારને મળતા થયા, અને માણેકજી પાંઉવાલાની જગ્યા જેમ બને તેમ કીફાયત ભાવે મેળવવાની દાદાભાઇને પરવાનગી આપી.

૧૮૬૮ માં ગ્રાંટરોડ કેવું હતું?

જે જમાનામાં વીકટોરીયા થીએટર બાંધવાની પેહલવેહલી હીચચાલ શરૂ થઇ, તે વખતે વાંચનાર બાનુઓ અને ગ્રહસ્થો, ગ્રાંટરોડનો એ લતો એક ઉજડ વેરાન જેવો

હતો. તેનો ચીતાર આજના મારા વાંચકોને પહેલથી આપી શકું છું ! શંકરશેઠવાળી જુની નાટકશાળાના માલેક વીનાયક જગન્નાથ શંકરશેઠ, પોતાની નાટકશાળાના ભાડાં ખાઇ ભરૂસે રહયા હતા, કે બીજી નાટકશાળા મુંબઇમાં બંધાતાં કદાચ બીજાં એકસો વરસ જોઇશે ! એ જુની નાટકશાળા હાલમાં સોલાકોટી બીલડીંગવાલી જગ્યા ઉપર, અને તેની આસપાસની ગંજાવર જમીનના ટુકડા ઉપર બાંધેલી હતી. તે વખતે આજના વખતમાં જે જે ઇમારતો સોલીકોટી બીલડીંગની બંને બાજુ ઉપર નજરે પડતી દેખાય છે, તે બીલકુલ હતી નહી. ફકત ડાબા હાથ ઉપર ડીમાના કુટુંબનો એક ગંજાવર બંગલો, એક મોટા કંમ્પાઉન્ડમાં અંદર આવેલો હતો. જુના જમાનાના સાહેબોને ખબર હોવી જોઇયે, કે રાતના આઠ સાડાઆઠ વાગ્યાનો વખત થતાં કોઇબી આદમી તે જગ્યા ઉપર, એકાંત વાસ ફેલાયલો હોવાને લીધે, જવાની હીંમત જવલેજ કરતું હતું. ગ્રાંટરોડ તે વખતે કેવળ વેરાન હાલતમાં પડેલું હતું. આજે દેખાતી ગ્રાંટરોડની વસતી, તેની ચહેલમહેલ, તેની તમામ રચના વખતના ચલણના પ્રતાપથી બદલાઇ ગયાં છે, એ શુક્ર કરવાજોગ છે. ગ્રાંટરોડની હાલતની તવારીખ લખવાનો આ પ્રસંગ નથી, એટલે અત્રે એટલુંજ લખી મીંડુ મુકવા માગું છું, કે તે વખતે જમીનના ભાવો એવા તે સસ્તા અને સુગમતા હતા, કે જે દુરંદેશ સાહેબોએ પડતલ જમીનને વેચાતી લઇ મુકી છોડી હતી, તેજ જમીન આજે સુંનાના જેવી મોઘી, બલકે તેથીબી વધારે કીંમતની થઇ પડી છે. વાંચક મહેરબાનો એ જગ્યાના નામો આપી, તેને ઓળખાવવાની જરૂર નથી !

ભોંય ભાડું ફકત રૂપીઆ ૬૦.

એવે સમે મરહુમ માણેકજી પાંઉવાલાની જમીનનો નાકા ઉપર આવેલો જમીનનો ટુકડો મરહુમ દાદાભાઇ હુંડીએ પોતાની વીકટોરીઆ નાટકશાળા બાંધવા માટે, માણેકજી પાસે ભાડે લીધો હતો. માણેકજીની તે જમીન આજે ઘણીજ કીંમતી ગણાય છે. પણ મરહુમ દાદાભાઇ હુંડીએ પોતે હમારી આગળ વાત કરતાં કહયું હતું, કે તે મહીને દાહડે ફકત રૂપીઆ ૬૦ ના નામના ભાડાથી, અમુક મુદત માટે તે જમીનનો ટુકડો વીકટોરીયા થીએટર બાંધવા માટે તેવણે મેળવ્યો હતો.

એ જમીનનો ટુકડો મેળવ્યા પછી તેની ઉપર લોખંડના પતરાંની એક સાદી અને સુતરી નાટકશાળા વીકટોરીયા નાટક મંડળીના મજકુર ચાર માલેકોએ બંધાવી, તે નાટકશાળાને વીકટોરીયા થીએટરનું નામ આપ્યું હતું.

મગર આ ઠેકાણે આ ગ્રાંટરોડના નાકા ઉપર આવેલી જમીન, કે જે ઉપર ૧૮૬૯) સાલમાં વીકટોરીયા થીએટર બાંધવામાં આવ્યું હતું, અને જેને માટે મેં હમણાજ લખ્યું છે, કે મરહુમ દાદાભાઇ હુંડીએ, તે જગ્યા પોતાની નાટકશાળા માટે માસીક રૂ. ૬૦) ને ભાડે ચોકસ મુદત સુધી લેવાનો કરાર કીધો હતો. આ હકીકત મરહુમ દાદાભાઇ હુંડીએ, પોતે હમારી આગળ મીત્રભાવના તરીકાથી હમુને જણાવી

હતી. પરંતુ એ ભાડાંની રકમના બાબમાં જો કાંઇ ફેર હોય, અને તે ફેર શું હતો, તે જો હમુને જણાવવાની કોઇ જાણુકાર મેહરબાની કરશે, તો તે મોટી ખુશીથી સેવક મંજુર કરશે.

મુંબઇમાં હવે બે નાટકશાળા થઇ!

લેવો! વીકટોરીયા થીએટર બંધાઇને તઇયાર થયું! હવે માલેકોના જીવ જરા ઠંડા પડયા, કેમકે શંકરશેઠની નાટકશાળામાં તે લોકને દરએક નાટકની રાતે મોટાં ભાડાં આપવાં પડતાં હતાં. હવે જુના થીએટરમાંથી વીકટોરીયાવાળાઓ ખાલી કરી, પોતાના હાડકાં પાંસરાં લઇ, પોતાની ધણીઆતી નાટકશાળામાં, પોતાના ખેલો કરવા લાગ્યા, અને મુંબઇમાં જ્યાં આજસુધી એકજ નાટકશાળા હતી, ત્યાં હવે આ વીકટોરીયા થીએટરનો ઉમેરો થયાથી, બે નાટકશાળા ગણાવા લાગી!

ચાર ભાગીયાઓના ચાર ઓહદા!

એ રીતે વીકટોરીયા નાટક મંડળી સ્થપાઇ હતી, અને એ રીતે વીકટોરીયા નાટકશાળા બંધાઇ હતી. આ નાટકશાળા કેમ બંધાઇ, કેટલા રૂપીયાનો તેની પાછળ ખરચ થયો હતો, અને ચારે ભાગીદારોની કેટલી જોખમદારી એ નાટકશાળા બંધાવામાં સમાયલી હતી, તે જો કે હું સઘળું સારી કાની વરણુવી શકું, કેમકે મરહુમ દાદાભાઇ હુંઠીએ તે સઘળી હકીકત મને બારીકીથી જણાવી હતી, પણ તે સઘળી વીગતો અત્રે નોંધવાની મને જરૂરત જણાતી નથી. ફકત એકજ ઇશારો કરેલો પુરતો ગણાશે, કે આ ત્રણ માલેકો, પોતાના ચોથા ભાગીઆ કાવજી—બાને ઘણાજ આભારી થઇ પડયા હતા! તેવણ પોતે શરૂઆતથીજ, સમંતીથી, ખજાનચી તરીકે કલબની તેમજ નાટકશાળાની આવક જાવકનો, તેમજ તેની ઉપજનો સઘળો હીસાબ રાખતા હતા. દાદાભાઇ હુંઠી, ડીરેકટર તરીકે મુકરર થઈ ચુકયા હતા. હોરમસજી મોદી, પ્રોપરટી મેનેજ કરતા હતા, અને ફરામજી દલાલ સ્ટેજ મેનેજર તરીકે કાંમ કરતા હતા!

એ ચાર ભાગીદારોના સ્વભાવની 'એનાલીસીસ' મેં આગળ દરશાવી છે, અને તે ઉપરથી જો કે કોઇ કોઇવાર એ ભાગીઆઓ વચ્ચે ઘણીજ ભારી મતફેરી ઉભી થતી હતી; છુટા પડવાની ધાકધમકીઓ અવારનવાર અપાતી હતી, પણ જ્યાંસુધી કેખશરૂ કાબરાજી કમીટીને વળગી રહયા હતા, અને કલબના સેક્રેટરી તરીકે કાંમ કરતા હતા ત્યાં સુધી ઠીકાઠીક સઘળું ચાલતું હતું. તેવણ ભાગીદારોને સમજાવી હંમેશાં બોલતા કે "They disagree to agree again." અને સઘળી મતફેરી ભુલઇ જવાતી હતી!

સાહેબને કેહું કે આ વીકટોરીયા નાટકશાળા અને તેના ચાર માલેકોની તવારીખ જો કે જરા વાંચવા લાયક છે, પણ તે નાહકની લંબાવવા હું માંગતો નથી! કેમકે એ નાટકશાળાની કારોબારી કમીટીમાં સોરાબજી બંગાલીની સીફારસથી શેઠ ડોસાભાઇ કરાકા એક વધારાના સભાસદ તરીકે સામેલ થયા હતા. ડોસાભાઈ કરાકાની દલીલ અને તકરારથી

ઇનામની હરીફાઈ જાહેર કરી, નાટક લખાવવાનો ઠરાવ થયો હતો, એમ હું હમણાંજ જણાવી ગયો છું. પણ એ ઠરાવ પસાર થીયાથીજ વીકટોરીયા મંડળીની કારોબારી કમીટીનો કાળચંદ્ર બેઠો હતો! કેખશરૂ કમીટીમાંથી એજ કારણે રાજીનામુ આપી નીકળી ગયા હતા, અને દાદી પટેલ સેક્રેટરી નેમાયા બાદ, પાછળથી આખી કમીટી છુટી પડી હતી.

વીકટોરીયા કલબનું વમળમાં જઇ પડવું!

આ વાત જાણીતી છે કે જે "ચેરાગ આગલી રાતે પુર જોશથી બળે છે, તે મોડી રાત થતાં ઝાંખો બળવા માંડે છે!" તેવી હાલત વીકટોરીયા કલબની થઇ પડવાનો વખત આવી લાગો હતો! પણ તે વખતે એકાદ બે માસમાં કે વરસમાં પ્રગટી નીકળ્યો નહી હતો. તેની શરૂઆત ઘણીજ ધીમી હતી, કેમકે તેના માલેકો સમજદાર અને બુધ્ધીશાળી હતા.

કમીટીના કારોબારમાં સેક્રેટરી દાદી પટેલ, જેવણ એક કેળવાયલા (M. V.) અને ખાનદાની જવાન હતા, તેવણે પોતાના વીચારો કમીટીના સભાસદો ઉપર ઠસાવવાની ઘણીજ બળજદાઇ કીધી, અને એ બળજદાઇનું એક પરીણામ એ આવ્યું, કે કમીટી ભાંગી પડી! કલબના એકટરોનો ધમધમતો 'બેચ' જોઇ દાદી પટેલ તરેહવાર ગણત્રી કરી રહયા હતા! હું પોતે કંઇ કલ્પી શકતો નથી, પણ દાદી પટેલે જો એમ વમાસ્યું હોય, કે "આ કમીટીનો ડબ્બો 'ગુલ' થઈ જાય, તો આ આખા કલબ હું લઇ લેઉ! જેઓની દીયાનત બુરી હોય છે, તેઓનું ભલુ કદીબી થતું નથી. જરા સબર કરો, અને જુવો કે રંગ કેવો જામે છે.

---

(૩૯)

અગર જો દાદી પટેલ વીક્ટોરીયા કલબની કારોબારી કમીટીના સેક્રેટરી થને નહી, તો ગ્રાંટરોડ ઉપર કામ કરતી નાટક મંડળીઓમાં પાછલથી જે ઉઠલપાઠલ થવા પામી, તે હરગીજ થતે નહી.

દાદી પટેલના નાટક અને સ્ટેજ સંબંધી 'આઇડીઆલ્સ' ઘણાજ ઉંચા પ્રકારના હતા. હું એવું ધારૂ છું, કે જેમ કુંવરજી નાજરને નાટકનું ચેટક કોલેજ એમેચ્યુરીંગમાથી લાગુ પડયું હતું, તેમ દાદી પટેલને પણ નાટકનું ચેટક કોલેજના દીવસોથીજ લાગુ પડેલું હતું.

ઇરાની નાટક મંડળીના ડીરેકટર.

પણ કાલેજના દીવસોમાં લાગેલું ચેટક, કોલેજના દીવસો પુરા થયા પછી વધારે ભડકું લઈ ઉઠયું, અને ખાનગી એમેચ્યુરીંગને પડતું મુકી, દાદી પટેલ ધંધાદારી નાટક મંડળીના સમાગમમા આવવા લાગ્યા. ૧૮૭૦ ના ડીસેમ્બર માસમાં, મુંબઇમાં શરબત અને આઇસ સોડાની દુકાનો માંડી બેઠેલા ઇરાની જરથોસ્તીઓએ પોતપોતામાં મસલત ચલાવી, એક નાટક કંપની ઉભી કરી હતી. તે ઇરાની કંપનીએ શંકરશેઠની નાટક શાળામાં રૂસ્તમ અને બરજોના દાસ્તાનનો નાટક, ઇરાની ભાશામાં મોટી ફતેહમંદી સાથે રજુ કીધો હતો. એ મંડળીએ કેટલીક એવી 'નોવેલટી' સ્ટેજ ઉપર દેખાડી હતી, કે તે અત્યાર સુધી બીજી મંડળીવાળાઓને દેખાડવાનું સુજ પડયુંજ નહી હતું! ઇરાનીભાઇઓના ભેજાં એવી બાબદમાં બીલકુલ આગળ વધેલાં નહી હોવાથી, આ કામ સ્ટેજ કરાવનાર અને કરનાર, કોઇ કુશળ ભેજું પરદા પાછળ ભરાયલું હોવું જોઇયે, એવો શક તેજ વખતે સહુને ગયો હતો. પણ તે વાત છુપી રહી નહી, કેમકે તુરતજ જાહેર થઇ ગયું હતું, કે એ ઇરાની નાટક મંડળીના ડીરેકટર સોરાબજી પટેલના દીકરા દાદી પટેલ હતા! એ મંડળીના ઈરાની 'એકટરોને' દાદી પટેલેજ તાલીમ આપી બાહર પાડયા હતા. એ મંડળીની તમામ હકીકત હવે પછી તેને વખતે લખીશ, પણ દાદી પટેલે, આ પરશીયન કલબના ખેલની ફતેહ થયા પછી, નાટકના ધંધામાં જીપલાવ્યુ હતું. મગર દાદી પટેલની સરજત ઘણીજ કરૂણ હતી! તે સરજતની તમામ વીગત તેને પ્રસંગે રજુ કીધા વગર છુટકોજ નથી.

પોતાનો કકો ખરો કરાવવાનું ચેટક!

કેળવણીની ધુંઈમાં, ખાંનદાનની ગુમાની અને પઇસાના જોરમાં મદ થયલો આ જોબનવંતો જવાન વીર, વીકટોરીઆ કમીટીનો સેક્રેટરી નેમાયા પછી, પોતાના વીચારો પ્રમાણે કમીટીને તે દોરવવા લાગ્યો! પણ બીજા હાથ ઉપર કમીટીના સભાસદો કાંઇ એટલા બધા ભોટ કે ભોળા નહી હતા, કે દાદી પટેલ જે કાંઇ કહે તે કરવા દોરવાઇ જાય! કમીટીમાં તુરતનાજ દાખલ થયલા ડોસાભાઇ ફરાકા અને સોરાબજી બંગાલી સાથે દાદીને ચાલુ 'ધરણું' લાગતાંજ રહયાં! દાદી હંમેશાં પોતાનોજ 'કકો' ખરો

કરાવવાની દલીલ કરે, અને મી૦ કરાકા અને મી૦ બંગાલી સાથે બાથોબાથ લડે ! આ સઘળાનું પરીણામ આગળ લખ્યા પ્રમાણે એ આવ્યું, કે આવી ચાલુ ખટપટથી કંટાળી જઇ, કમીટીના સઘળા મેમ્બરોએ પોતાનું રાજીનામું આપી દીધું.

આ બનાવ મેં આગળ જણાવ્યું તેમ ઘણોજ ખેદકારક હતો, પણ દાદી પટેલને મન તે ઘણોજ આવકારદાયક થઇ પડયો હતો, કેમકે હવે તે એખલે હાથે વીકટોરીયા કલબના સંબંધમાં સેક્રેટરી તરીકે કામ કરવા લાગ્યો. વીકટોરીયા કલબવાળાઓ પોતાના ખેલો ચલાવવા લાગ્યા. મુંબઇમાં એક નાટકશાળા વધુ બંધાઇ, એટલે શંકર શેઠની પેલી પ્રખ્યાત જુની નાટકશાળા ઉપર પડતો દરોરો, જરા ઓછો થઇ ગયો, એટલે બીજી નાટક મંડળીવાળાઓને પોતાના ખેલો ત્યાં કરવાની હવે ટક મળવા લાગી, અને વળી નવી કલબો ઉભી થવાનું ચેટકબી ચલુ થયું.

પારસી નાટકોમાં આવેલી 'તેજી'!

હા સાહેબ, કંઇ એમજ થયું હતું ! અને તેનો હીસાબ હું તમુને મારી કાચી પાકી યાદદાસ્ત ઉપરથી ઉપજાવી કાહડી, આ વીકટોરીયા નાટક મંડળીનો બાબ ખતમ કરવા ચાહું છું. આ નાટકની તેજીની ચળવળ જરા બારીકીથી તપાસી લેજો ! સઘળો હીસાબ ૧૮૭૦ થી ૧૮૭૫ની વચ્ચેનો જણાય છે.

દાદી પટેલ સેક્રેટરી થયા પછી, વીકટોરીયા કલબની કારોબારી કમીટી કંટાળી જઇ છુટી પડી હતી, એમ હમણાજ તમે વાંચ્યું છે. ૧૮૭૦) ના સાલમાં આ બનાવ બન્યા પછી, જે જાણવાજોગ બનાવો ઉપરાસાપરી બનવા લાગ્યા, તેમાં મુખ્ય બનાવો થોડીક નવી કંપનીઓ નીકળવા સંબંધી હતા. એ વીશે હું આગળ ઇશારો કરી ગયો છું. વળી નાટકશાળા નહી મળતી હોવાથી, જાણીતી મંડળીઓ જે તક શોધી રહી હતી, તે મંડળીઓ હવે જાગરૂત થઇ હતી.

નવા નાટકો અને નવી કલબોની ચળવળ !

જાણીતી ઝોરાસ્ટ્રીયન કલબ, જાણીતી આલફ્રેડ કલબ, એ બે જુની કલબે ઉપરાંત મેં હમણાજ લખ્યું છે, તેમ એ 'ઇરાની નાટક મંડળી' નવી નીકળી હતી. અધુરામાં પુરૂં, એ મંડળીની ફતેહ જોઇ, એજ મંડળી માહેલા એક ખેલાડીએ, એક બીજી નવી મંડળી ઉભી કરી, તેનું નામ 'પરશીઅન ઝોરાસ્ટ્રીયન નાટક 'મંડળી' આપ્યું હતું. એ ઉપરાંત એકાદ બે બીજી મંડળીઓ, જેમાં મરહુમ 'ફરદુન દાહરૂસ'ની કલબ પણ સમાઇ ગઇ હતી. એ તો મંડળીઓનો હીસાબ થયો. પણ હવે ૧૮૭૦—અને ૧૮૭૫ ના અરસામાં ચાલી રહેલા નાટકોની ધમાધમીનોબી હીસાબ રજુ થવો ઘટે છે.

વીકટોરીયા નાટક મંડળી પોતાની નાટકશાળા બંધાઇ; તેની આગમચ શંકર શેઠની નાટકશાળામાંજ તે પોતાના નાટકો કરતી હતી. પણ પાછળથી તે પોતાની નાટકશાળામાં ૧૮૭૦) માં વા લગભગ તે પછી પ્રખ્યાત બેન્જન અને મનીજેહનો

ખેલ કરવા લાગી હતી. વળી એજ ૧૮૭૦) માં કેખશરૂનો લખેલો નવો જમશેદનો નાટક, અને એજ સાલની અતરાફમાં એદલજી ખોરીનો રૂસ્તમ અને સોહરાબનો નાટક ચાલી રહયો હતો. ૧૮૭૧ મા આલફ્રેડ નાટકવાળાઓ શાહઝાદો સ્યાવક્ષ શંકર શેઠની નાટકશાળામાં ભજવતા હતા, અને એજ સાલની અતરાફમાં એજ કલબે પ્રખ્યાત જેહાંબક્ષ અને ગુલરૂખસાર એજ નાટકશાળામાં સ્ટેજ કીધો હતો. ૧૮૭૧ માં શંકર શેઠની થીએટરમાં પ્રખ્યાત ઝોરાસ્ત્રીયન કલબે ખોરીની લખેલી કોમીડી 'ખુદાબક્ષ' સ્ટેજ કીધી હતી, અને એજ સાલમાં ખુદાબક્ષની કોમીડી ઉપર ચહડાવો કરવા લખાવેલી એક બીજી કોમીડી, વીકટોરીયા નાટકવાળાઓએ 'હજમબાદ અને ઠગનનાજ' ને નામે મરહુમ ખોરી પાસે લખાવી, પોતાના થીએટરમાં સ્ટેજ કીધી હતી. એ સઘળી ગડબડ હજી ઓછી હોય, તેમ પેલી પ્રખ્યાત થઇ પડેલી ઈરાની નાટક મંડળીએ રૂસ્તમ અને બરજોનો નાટક, અને ૧૮૭૧) માં નવી નીકળેલી પરશીઅન ઝોરાસ્ત્રીયન મંડળીએ, બરજો અને મેહર સીમીન ઓઝારનો નાટક જુની નાટકશાળામાં મુકયો હતો!

હજી આ 'લીસ્ટ' ૧૮૭૫ ના સાલ સુધી હું લંબાવી શકું એમ છે, કેમકે એ અરસામાં એક બીજી અતી ધરખમ પારસી નાટક મંડળી, મોટી ધુમધામ વચ્ચે નીકળી હતી, અને તે પારસી બેરોનેટને નામે જણાયલી હતી. પણ વીકટોરીયા નાટક મંડળીની તવારીખ તરફ જોતાં, ૧૮૭૨) ના સાલમાં દાખલ થતાંજ, આગલ વધવું અટકાવે છે, કેમકે ૧૮૭૨) ના સાલમાં, મરહુમ દાદી પટેલ જે અત્યાર આગમચ વીકટોરીયા કલબના માલેક હતા, તે મજકુર સાલમાં કુંવરજી નાજર સાથે તેવણુની એલફીનસ્ટન કલબ સાથ ભાગીદારીમાં જોડાઇ ગયા હતા, અને મેં આગલ જણાવ્યું છે તેમ ૧૮૭૨ ના સાલમાં, પ્રસીધ્ધ તવારીખી નુરજેહાંનના કીસ્સાનો નાટક, ઉરદુ ભાશામાં શંકર શેઠની નાટકશાળામાં ભજવ્યો હતો.

મુંબઇના તખ્તા ઉપર ઉરદુ ભાશામાં નાટકની શરૂઆત. ૧૮૭૧.

પણ હીયાં એક ખુલાસાની જરૂર છે. ઉરદુ જબાનમાં નાટકો કરવાની પેહલ, દાદી પટેલના ભેજાંમાં પેહલેથીજ ભમતી હતી. વીકટોરીયા કલબની માલેકી હાથ લીધા પછી ૧૮૭૧ માં દાદી પટેલે, એદલજી ખોરી પાસે એક ખેલ ઉરદુ ઝબાનમાં લખવા ફરમાસ કીધી હતી. પણ એદલજી ખોરી ઉરદુ ભાશાથી બેખબર હોવાને લીધે, તેવણે સુંનાનાં મુલની ખુરશેદ નામનો એક નાટક, ગુજરાતી ભાશામાં લખી કહાડયો હતો, જેનો હીંદુસ્થાની ભાશામાં તરજુમો, મરહુમ શેઠ બેહરામજી ફરદુનજી મરઝબાને કીધા બાદ, તે ખેલ વીકટોરીયા નાટક મંડળીએ, વીકટોરીયા થીએટરમાં સ્ટેજ કીધો હતો. એ ખેલ થયા પછી, ૧૮૭૨) માં કુવરજી નાજરે એજ લખનાર એદલજી ખોરી પાસે, નુરજેહાંનનો નાટક, ગુજરાતી ભાશામાં લખાવ્યા બાદ, મરહુમ નશરવાનજી મેરવાનજી ખાંન સાહેબ પાસે ઉરદુ તેનો ભાશામાં તરજુમો કરાવી, શંકર

શેઠની નાટકશાળામાં, એલફીનસ્ટન નાટક મંડળી પાસે સ્ટેજ કરાવ્યો હતો. એ વીશે હું આગળ લખી ગયો છું.

દરગુજર ચાહું છું તે માફ કરજો મેહરબાન, કેમકે હું કંઇ હાથમાં પંચાંગ લઇને, કે આગલા સાલમાં બનેલા બનાવોની નોંધ ખીસામાં રાખી, વીક્ટોરીયા કલબની તવારીખ લખતો નથી, પણ ભુતકાળમાં બનેલા બનાવોની નજર નોંધને ફક્ત તાજી કરી, આ બાબદ રજુ કરૂ છું, એટલે ભુલચુક માટે દરગુજર ચાહુ છું.

હવે તમારો સેવક એક નાહલો જેવો ભુસકો મારે છે! ૧૮૭૧) ના સાલથી ૧૮૭૫) ના સાલમાં બનેલા બનાવોને ટુંકમાં લપેટી લેઇ, બીજી બાબદોને હાથ ધરવી છે, માટે આ 'ઝ્યાલપ' જરૂરનું છે.

દાદી પટેલ અને કુંવરજી નાજરની ભેગી ભાગીદારી પેહલાં પેહલાં તો ઠીક ગબડી, પણ વખત જેમ જતો ગયો, તેમ દીલ બંનેના ખાટાં થતાં ગયાં હતાં! પેલી બાજુ કુંવરજી નાજર પોતાની એલફીનસ્ટન કલબ મચાવી રેહો. તેણે નુરજેહાંન સ્ટેજ કીધો, અને એવીજ બીજી નાટકી ધડપકડ ચાલુ રાખી! આ બાજુ દાદી પટેલે મરહુમ નશરવાનજી ખાંન સાહેબનો હાથ પકડી, ઉરદુ ખેલો, અને ઓપેરાથી વીક્ટોરીયા નાટક શાળા ગજાવવા માંડી.

ઉરદુ 'ઓપેરા'ની મુંબઇમાં પેહલ!

૧૮૭૨ માં બનાવો એવા બનવા પામ્યા, કે દાદી પટેલે એક નવી પેહલ નાટક તખતા ઉપર રજુ કરવા માંડી. નશરવાનજી ખાંન સાહેબ (જેવણ માટે નાટક નવેશોના મારાં આગલા લખાણોમાં હું પુરતું લખી ગયો છું, તેવણ પાસે દાદી પટેલે એક ઉરદુ 'ઓપેરા' તાકીદે તઇયાર કરાવ્યો. મરહુમ ખાન સાહેબે તે કામ તુરતજ માથે લીધું, અને ઘણા થોડા વખતમાં, ખાંન સાહેબે, એક ઉરદુ 'ઓપેરા' જોડી તઇયાર કીધો. એ ઓપેરા બેનઝર અને બદરે મુનીરના જાણીતા ઉર્દુ કીસ્સા ઉપરથી ઉપજાવ્યો હતો.

દાદી પટેલની ફતેહની બે બેમુળ શકતી!

હજી સુધી ગ્રાંટરોડ ઉપર ઉર્દુ ખેલોની શરૂઆત થઇ નહી હતી, તે સુંનાના મુલની ખુરશેદના નાટકથી થવા માંડી. પારસીઓએ ખબર સાંભળી મુછમાં હસવા લાગ્યા, અને કેટલાકો પોતાના મત ખુલ્લી રીતે જણાવવા લાગ્યા, કે "એ વળી નવું કોટક કેમ ચાલશે!" પણ સાહેબને કેહું, કે એ સુંનાના મુલની ખોરશેદનો ઉર્દુ ખેલ, જેટલો સરસ રીતે ગુજરાતીમાં લખાયો હતો, તેટલોજ રીતે તેના ઉર્દુ લખનારે તેને ઝમકભરી રીતે સંગારી જેબદાર કીધેલો હોવાથી, તે ઘણોજ સારી રીતે ઉંચકાયો હતો. વળી તે વખતનો વીક્ટોરીયા કલબનો 'બેચ' તો બેનમુન હતો. તેના પેલા જાણીતા ખેલાડીઓ, પ્રજાની નજરમાં જે રમી રહયા હતા, તેઓએ આ ખેલ એવો તો દીપાવી દીધો હતો, કે તે જોઇ કુંવરજી નાજર અતરઇ ગયા, અને નુરજેહાંન નાટક ઉર્દુમાં સ્ટેજ કરાવ્યો.

પણ આ ઉરદુ ખેલમાં તેમજ આ વીકટોરીયાના આખા એકટરોના 'બેચ'માં જે બે મહાન શકતીઓ- દાદી પટેલ મેળવવા ભાગ્યશાળી થયા હતા, તે નાટકી દુન્યામાં આજસુધી બેનમુન અને બીનહરીફ નીવડેલા બે પારસી ખેલાડીઓ હતા, જેના જોર અને કામ ઉપર મુસ્તાક બની, મરહુમ દાદીએ પોતાની ટુંક જીંદગી દરમ્યાન નાટકની જોખમભરી જેહમતોનો ભાર, પોતાને માથે ઉઠાવ્યો હતો. એ બે ખેલાડીઓ માહેલો એક મરહુમ ખુરશેદજી બાલીવાળા હતો, જે ૧૮૭૨)ના સાલમાં પોતાની જવાનીના બાહરમાં ખીલી રહેલો હતો. બીજો ખેલાડી, તે માસ્તર પેસ્તનજી ફરામજી માદન હતો, કે જેના સુરીલા હલક, અને સોહામણા દેખાવની વીગત, હું તે સાહેબોના ફોટોગ્રાફ સાથે હવે પછી રજુ કરવા ધારૂં છું. આ બંને એકટરો દરએક ઉર્દુ ખેલના ગોયા જીવ જાન થઇ પડયા હતા. કહેવાની ખાસ જરૂર છે, કે ખુરશેદજી બાલીવાળો તો મુંબઇના વતનદાર હોવાથી, અને વીકટોરીયા કલબની માલેકીમાં થતા રહેલા અનેક ફેરફારો પછી, તે કલબના સેવટે એખલા માલેક બન્યા હતા, અને તેથી મુંબઇની તમામ તમાશબીન આલમ, બાલીવાળાને સારી રવેસે પીછાણી ગઇ હતી. મગર પેસ્તનજી માદનના બાબમાં તેથી બીલકુલ જુદુજ બન્યું હતું. તેવણ અસલ મુંબઇના વતનદાર હોવા છતાં, તેવણે નાટકી ધંધો અખત્યાર કીધેલો હોવાથી, અને મરહુમ દાદી પટેલના એક અતી માનીતા અને અંગત સ્નેહી હોવાને લીધે, તેવણના મરણ પછી, મુંબઇની બહાર ધંધા અર્થે રોકાઇ પડયા હતા, અને સેવટે જમશેદજી ફરામજી માદનના તેવણ ભાઇ થતા હોવાથી, પેસ્તનજીએ પોતાનો સંબંધ કલકતાવાળા જમશેદજી માદનની કંપની સાથ જાથુકનો જોડી, પોતે મુંબઇ છોડી કલકતાના વતનદાર બની જઇ, આ નામચીન ખેલાડી મુંબઇની તમાશબીન આલમની નજરથી અલોપ થઇ ગયે છે. આ પેસ્તનજી માદન, મુંબઇમાં પોતાની નાટકી કારકીર્દી દરમ્યાન,

પેસુ આવાંન

ના લાડકા નામથીજ ચોમેર મશહુર થઇ ગયો હતો. એ આવાંનની 'કેરેકટર' દાદે દરીઆવ, યાને ખુશરૂનો ખાવીંદ ખુદા, એવે નામે લખાયલો એક ગુજરાતી જબાનવાળો નાટક, જે વીકટોરીયા કલબે કીધો હતો, તે શેકસપીઅરના 'પેરીકલીસ'ના ખેલનું 'એડેપટેશન' હતું, અને ઇરાની લેબાસ અને ઇરાની નામથી તેને સજજ કરી, વીકટોયા કલબે તે સ્ટેજ કીધો હતો. એ ખેલમાં પેસ્તનજી માદને 'આવાંન' નામની એક નવજવાન બાળાનો ભાગ ભજવ્યો હતો, અને તે એટલો બધો તો લોકપ્રીય થઇ પડયો હતો, કે પેસ્તનજી માદન તે દીવસથી 'પેસુ આવાંન'ના લાડકા નામથી મુંબઇમાં ઓળખાઇ ગયો હતો.

પેસુ આવાંન અને ખશરૂ કોબાદના ફોટોગ્રાફ હું આવતા અંકના લેખમાં રજુ કરવા ધારૂંછું. હવે વીકટોરીયા કલબ મુંબઇમાં પ્રથમ કોણે સ્થાપી, અને તે કયારે સ્થપાઇ તેની તમામ વીગત મારી કાચી-પાકી યાદદાસ્ત ઉપરથી મેં ઉપજાવી અત્રે રજુ કીધી છે. એ કલબનું કેવી રીતે સેવટ આવ્યું, તે બાબદને મારી આ નોંધ સાથે સહેજબી નીસ્બત નથી, પણ મરહુમ ખરશેદજી બાલીવાળાની હઇવાતી પછી, હું એ જાણીતી કલબનું સેવટ આવેલું સમજું છું, કેમકે બાલીવાળાના મરણ પછી એ વીકટોરીયા કલબને કોઇ નીભાવી કે ચલાવી શકયું નહી હતું, જો કે તેને નીભાવવાની અને ચલાવવાની ઘણાકોએ અનેક તજવીજો કરી હતી.

---

(૪૦)

હવે સાહેબ, વીક્ટોરીયા ક્લબ પેહલવેહલ્લી કોને સ્થાપી, અને તે કેમ સ્થપાઇ હતી, એ બે સવાલોનો ફડચો થઈ ગયો છે. વધુમાં મેં દેખાડી આપ્યું છે, કે જે ક્લબને જીવતી રાખવાના હેતુથી, તેના માલેક ખુરશેદજી બાલીવાલાએ, પોતાની જીવતી જીંદગી દરમીયાન અનેક ભોગ આપી અનેક જેહમતો ઉઠાવી હતી, તે પનોતી ક્લબ ખુરશેદજીના મરણ પછી, તેને નીભાવવા અને ચલાવવા નીકળેલા ગ્રહસ્થો તે નીભાવી કે ચલાવી શકયા નહી, અને આજે તેની હસ્તી નાપેદ થઇ છે.

પણ એ મશહુર ક્લબના આગલા વખતના કેટલાક પારસી એક્ટરોને ભુલી જવાય તેમ નથી. તેમના નામ અને કામની નોંધ લેવાવી ઘટે છે. દાદી પટેલે સ્ટેજ કરેલો ઉરદુ ખેલ, સુંનાના મુલની ખુરશેદ માટે હું ઇસારો કરી ગયો છું. તે ખેલ ઘણી ફતેહમંદીથી રજુ થયો હતો. તે ખેલને ફતેહમંદ બનાવવામાં, બાલીવાલા અને પેસતનજી માદને પેહલ્લીજ વાર ઉરદુ પાર્ટ ભજવ્યા હતા, અને તે વખણાયા હતા. ખશરૂ કોબાદ, બેજન મનીજેહના ખેલથી જાણીતો થઇ ગયો હતો, પણ પેસુ આવાંનનો આ પેહલ્લો Debut હતો. તેણે ઉરદુ ઝબાંન ઉપરના પોતાના કાબુ, અને પોતાના સંગીતથી ફાંકડી ધુંમ મચાવી હતી.

મેહરબાનો, તમો જાણો છો, કે માણસ માત્ર જવાનીના બહારમાં ખીલી, બીઝાંનો પવન લાગતાંજ તે કરમાવા માંડે છે. ખશરૂ કોબાદ અને પેસુ આવાંનના બાબમાં હું મારા દાનેશમંદ વાંચકોને દેખાડવા માગું છું, કે કાંઇ તેવીજ રીતનો બનાવ, એ બંને સાહેબોના બાબમાં બન્યો હતો. ખશરૂ કોબાદ તો ગુઝર પામ્યો છે, મગર પેસુ આવાન જેને મેં તેની જવાનીના વખતમાં મુંબઇમાં જોયલો, અને મારી મીત્રાચારીમાં જોડાયલો, તે આજે બુજોરગી સબબે કેવો બદલાઇ ગયો છે! વાંચક મેહરબાન એ બંને જણોની જવાનીમાં તેઓ કેવા હતા, તે દેખાડવા તેમના ફોટોગ્રાફ હું અત્રે રજુ કરૂં છું, અને આગળ ચાલતાં તેમની વૃધાવસ્થાને અંગે તેઓ કેવા થઇ ગયા હતા, તે પણ હું દેખાડી આપીશ.

ખુરશેદજી મેરવાનજી બાલીવાળા.



જવાનીના બહારમાં. વીકટોરીયા કલબની શરૂઆતમાં. સુંનાના મુલની ખુરશેદના ખેલ પ્રસંગે. ઇ૦ સ૦ ૧૮૭૧ ના સાલમાં ખશરૂ કોબાદને નામે મશહુર થયલો.

ખશરૂ કોબાદની સ્ટેજને લગતી કારકીર્દીનું બયાન આ તકે હું કરતો નથી તે તક હું હવે પછી લઇશ. આ પ્રસંગે હું એટલુંજ દેખાડવા માગું છું, કે ૧૮૭૧) મા નાટકોની શરૂઆતના જમાનામાં, એટલે આજથી લગભગ ૫૮) વરસ ઉપર, પારસી નાટક તખ્તો ધ્રુજાવી રહેલા પારસી ખેલાડીઓ કેવા હતા.

પેસ્તનજી ફરામજી માદન.



એક સાદો સુતરો—મગર તે વખતનો ફાંકડો જવાન. દેખાવે દીલખુશ—હલકે ફુલખુલ—નાટક તખ્તાને જેબ દેનારો.

બેનઝીર અને બદરેમુનીરનો 'ઓપેરા.'

મેં પહેલ્લેથીજ કહ્યું હતું, કે દાદી પટેલના થોડાક નાટકી 'આઇડીયદલ' તેના દીલમાં ઘોળાયા કરતા હતા, તે હવે એકદમ રસ્તો લેવા લાગ્યા! મરહુમે ઉરદુ ખેલને સ્ટેજ ઉપર રજુ કરાવી, એક નવો ફણગો ઉગાડયો હતો, અને તેની નકલ થવાનો વખત શરૂ થયો હતો. એ પછી દાદીએ એક બીજો નવો સહાસ માથે ઉઠાવ્યો, અને તે એ હતો, કે આખો ખેલ કોઇબી કીસમના 'પ્રોઝ' વગર ફકત તમામ ગાયનમાં સ્ટેજ કરવો! આ બેશક તેવખતે એક નવી નવાઇ હતી, મગર સુનાંના મુલની ખુરશેદના નાટકમાં ખશરૂ કોબાદ અને પેસુ આવાને દેખાડેલા પોતાના હાવભાવ અને ગાયનકાર તરીકે મેળવેલી નામના ઉપરથી, આ ગાયનયુક્ત ખેલ ખેલવાનું બીડું દાદી પટેલે ઝડપ્યું હતું.

શાએર નશરવાનજી મેરવાનજી ખાનસાહેબ.

મગર દાદી પટેલની તે ઉમેદ પાર પાડનાર, જો કે તેના ખેલાડીઓ હતા, પણ ઓપેરા જોડનાર, એક પારસી શાએર અને બાહોશ લેખક હતો. તેનું નામ નશરવાનજી મેરવાનજી ખાનસાહેબ હતું. એ લખનારે વીક્ટોરીયા નાટક મંડળી માટે ઘણાક ઉરદુ

ખેલો, તેમજ કેટલાક ઉરદુ ઓપેરા જોડયા હતા, જે હું આ લેખોની આગલી હાર માળા મધે વીગતવાર લખી ગયો છું. નશરવાનજી ખાનસાહેબે પહેલવહેલો ઉરદુ ઓપેરા, દાદી પટેલ માટે જોડયો, અને વીકટોરીયા કલબે તે સ્ટેજ કીધો હતો. એક ઉરદુ ખેલ સ્ટેજ કીધા પછી વીકટોરીયાના પારસી એકટરોના પગમાં હવે જોર આવેલું હોય એમ લાગતું હતું! પણ તે જોર છતાં, જે ધાસ્તી હતી, તે દરએક ખેલાડી કાંઇ ગાયન ગાનાર નહી હોવાથી, મબાદા એ ઓપેરા પડતો મુકવો પડે, તે હતી! એ ખરી વાત હતી, અને એ ધાસ્તીબી ખરી હતી, કેમકે કોરસમાં સાથે ગાનારા તો ઘણા હતા, પણ એખલા ગાતાં સઘળા ગભરાતા હતા.

બાપ-દીકરાની જોડી! એકટર તરીકે,

તે વખતે આજના જેવા ગાયક ખેલાડીઓ ઘણાજ થોડા હતા. કદાચ એમબી હોય, કે ગાયક ખેલાડીઓ હોવા છતાં, તેઓ ગાવાની તાલીમ વગર અંધ કારમાં પડી રેહા હોય! પણ વીકટોરીયા કલબ માટે લખતાં કેહવાની જરૂર છે, કે તેમાં ગાયક ખેલાડીઓ ઘણાજ જુજ હતા. જે કોઇ હતા, તેમાં આગેવાન ગાયક ખેલાડીઓ પેસુ આવાન, અને ખરશેદ કોબાદ સીવાય, સઘળા ઢબ્બુ હતા! જવાન ખેલાડીઓ, જેઓ સ્ત્રીના પાર્ટ ભજવતા હતા, તેમા એકાદ-બે ખેલાડીઓ દેખાવમાં જો કે સોહામણા હતા, પણ ગાવાના કામમાં તેઓ બીલકુલ ચાલે તેમ નહી હતા. એવા એક ખેલાડી તરીકે રૂસ્તમ સોહરાબના ખેલમાં, તેહમીનાનો પાર્ટ બજાવી ગયેલો એક જવાન છોકરો, જે

નશરવાનજી ફ. માહન.



નસલુ તેહમીના-પેસુ આવાનનો મોટો ભાઇ.

ના નામે તે વખતે ઓલખાતો હતો, અને જે પેસુ-આવાંનનો વડો ભાઇ થતો હતો, તે હતો. આ ખેલાડીને દાદી પટેલે તાણી-તોડી બેનઝરના નાટકમાં માહરૂહ પરીનો પાર્ટ આપી, સ્ટેજ ઉપર ઉતારયો હતો. મગર મરહુમ નશરવાનજી માદન (નસલુ તેહમીના) કોઇ ગાનાર ખેલાડી નહી હોવા છતાં, તે પાર્ટ તેને કરવાની ફરજ પડી હતી, અને તે દીવસથી, નસલુ સ્ટેજ ઉપર એક ગાયક ખેલાડી તરીકે અવાર નવાર પાર્ટ કરવા લાગ્યો હતો.


ગાનારા ખેલાડીઓની કોટાઇને લીધે, બેનઝીના ખેલમાં જોઇયે. તેવા ખેલાડીઓ નહી મળવાથી, બાદશાહની દરબારમાં એક નજુંમી તરીકે એક ખેલાડી પાદશાહનું ભવીશ ગાયનમાં ગાવા માટે જોઇતો હતો. આ કામ કરવા, અને એખલો ગાયન ગાઈ શકે એવો કોઇ ખેલાડી કલબમાં નહીં હોવાથી, દાદી પટેલે છેવટે જાહેર કીધું કે! "મેરવાનજીબા, તમે એ નજુમીનો પાર્ટ કરો."

મેરવાનજી, ખુરશેદ બાલીવાલાના પીતા હતા. આ બંને બાપ-દીકરાઓ કલબમાં શરૂઆતથીજ ખેલાડી તરીકે સામેલ થયા હતા, અને બંનેને પગાર મલતો હતો. દાદી પટેલનો આવો હુકમ સાંભળી મેરવાનજી ગભરાઇ ગયા, અને બોલ્યા:—"અરે સાહેબ, હું બીલકુલ ગાઇ જાણતો નથી! મેં કોઇ દાહડે ગાયુંજ નથી!"

દાદી પટેલને આ જવાબ ગળે ઉતરયો નહીં, અને ગરીબ બીચારા મેરવાનજી બાલીવાલાને કહયું: "કંઇ ફીકર નહી, તમુને તમારો દીકરો ખશરૂ મદદ કરશે. તેબી તમારી સાથે ગાશે!"

લાચાર! ખશરૂ બેનઝીરના ખેલમાં 'બેનઝીર'નો ભાગ બજાવનાર હતો. છતાં આ દરબારના પ્રવેશમાં ખશરૂને, એક મદદગાર ગાયક તરીકે પંડીતના વેશમાં બહાર કહાડયો! લાચાર! ખશરૂ શું કરે, અને મેરવાનજીબી શું કરે? શું તેઓ ના કહે? ના, તેમ તેઓ નાફરમાન થઇ શકયા નહીં. ખશરૂ એક પંડીતના વેશમા, પોતાના બાપ મેરવાનજીને મદદ કરવા, સ્ટેજ ઉપર ઉતરયો હતો. આ બંને બાપ-દીકરા વીકટોરીયા કલબની શરૂઆતથીજ તેમાં એકટર તરીકે સામેલ થયા હતા. બેજન મનીજેહના ખેલમાં મેરવાનજી બાલીવાલા, જેઓ પેહલવાન રૂસ્તમનો ભાગ ભજવતા હતા, કેમકે તેવણ દેખાવે અને કદમા બીજાઓ કરતાં શરીરે વધારે ભરેલા હતા.

મેરવાનજી મનચેરજી બાલીવાલા.



મરહુમ ખુરશેદજી બાલીવાલાના બાવા બેજન–મનીજેહમા રૂસ્તમ પેહલવાનનું કામ કરતા હતા, અને છેવટે ગાયન ગાવાની ફરજ પડી હતી !

સુન મહારાજા ખુશ હો મનમે, ખુશ ખબરી મે લાયારે–!

આજે તે કમનસીબ પદની પેહલ્લી લીટી મને હજી યાદ રેહી ગઇ છે, જે બીચારા મેરવાનજી બાને, બાદશાહની દરબારમાં દાદી પટેલે ગાવાની ફરજ પાડી હતી. અલબતાં, તે બાબે ખુશરૂ સાથે થોડાંક 'રીહરસલો' થયાં હતાં, અને બાપની સાથે તેવણના તાબેદાર દીકરોબી, બાદશાહની દરબારમા મોટું જેવું પાઘોટું માથે વીંટાલી, ગાવા માટે ઉતર્યો હતો ! પણ જે રીતે નસલુ તેહમીના, એક ગાયક ખેલાડી નહી હોવા છતાં, બેનઝીરના ખેલમાં દાદી પટેલે તેને માહરૂહ પરીનો પાર્ટ આપી, સ્ટેજ ઉપર ઉતાર્યો હતો, અને પાછળથી તે દરેક ખેલમા ગાયન ગાતો જણાતો હતો, તેમ મેરવાનજીબાબી આ, બેનઝીરના ખેલ પછી, ઓપેરામાં કોઇ કોઇ વાર કોરસ વીગેરેમાં ગાતા હતા.

એક નવી પેહલ! નાઇટ કલબની 'ડે કલબ!'

ચાલો હવે બસ કરો! એમ બાલેબાલની બારીક ખબર આપતાં પરવડે નહી, એટલે ટુંકમાં પટાવવું જરૂરતનું છે!

દાદી પટેલે હવે વીકટોરીયા કલબને, પોતાની સાથે દેશાવર લઇ જવાનો ઠરાવ કીધો. તેણે આ કલબના ખેલાડીઓને સમજાવી મનાવી લીધા, અને દીવસના રીહરસલ કરવાનું, અને જરૂર પડે તો નાટક કરવા માટે મુંબઇ છોડી બાહરગામ જવાનું જણાવી, તે લોકને મલતા પગારમાં વધારો કરી આપી, તેવી મતલબના લખત એકટરો સાથ કરી લીધાં. જે એકટરો મુંબઇમાં ઘેરાઇ રેહલા, તેઓએ એવા લખત રાજી થઇ કીધાં, પણ જેઓ દીવસના નોકરી કરી રાત્રે રીહરસલ કરતા હતા, તેઓએ એ નવા સહાસમાં જોડાવા ના પાડી. તો પણ તેથી દાદીએ હારી ખાધી નહી. દાદીની સઘળી ગણુતી ખશરૂ કોબાદ અને પેસુ આર્વાન ઉપર હતી, અને બીજાઓ તો તેની પછવાડે ઘસડાનારા હતા, એટલે અંતે આ 'ડે કલબ' ઉભી થઇ. ભાયખલા એડયુકેશન સોસાયટી પ્રેસમાં મેરવાનજીબા અને તેવણુનો દીકરો 'ખશરૂ કોબાદ' કંપોઝીટર તરીકે નોકરી હતા, તે નોકરી દાદીએ તે લોકને સારા પગારની 'ઓફર' કરી પોતાની આ ડે-કલબમાં લેઇ લીધા, અને પેસુ આર્વાન તો દાદીનો અંગત સ્નેહી હતો, એટલે બધું સેવટ સમાધાનીમાં આવી ગયું.

સર સાલારજંગની દાદી ઉપર ઉતરેલી મેહરબાની.

આ બનાવ બનવાની થોડોક વખત આગમચ ડકન હેદરાબાદવાલા સર સાલારજંગની સવારી મુંબઇમાં આવેલી હોવાથી, દાદી પટેલે તેનો લાભ લેઇ, તેવણુની પેત્રાનેજ મેળવી, પોતાના ખેલ તેવણુને દેખાડવાની તક જતી મુકી નહી. સર સાલારજંગે દાદી પટેલની અરજ સ્વીકારી, વીકટોરીયા થીએટરમાં પધારી એકાદ-બે ખેલ જોઇ ખુશ થયા, અને પરીણામમાં દાદી પટેલને જણાવ્યું, કે અગર જો હેદરાબાદની મુલાકાત તેવણુ લીયે, તો તેવણુને ઘણી સારી આમદાની થશે, અને હુઝુરને પણ તેવણુ નાટકો દેખાડવાની ખાસ ગોઠવણુ કરશે.

થઇ ચુકયું. આ ઉપરથી દાદીએ હેદરાબાદ જવાનો ઠરાવ નક્કી કીધો. અને ૧૮૭૨ ના સાલમાં હેદરાબાદની સફરની તઇયારીઓ વીકટોરીયા થીએટરમાં ધમધુકાર ચાલુ થઇ.

---

(૪૧)

માર્ચ-ટુ-હઇદરાબાદ!

એવી રીતે વીકટોરીયા થીએટરમાં પહેલવહેલી મુસાફરીની ધામધુમ અને ધમચકરી ચાલી રહી હતી. આ મુસાફરીનું કામ ઘણું કફોડું અને જોહમતભરેલું હતું, કેમકે ૧૮૭૨ ના સાલમાં રેલવેની સગવડ જેવી જોઇયે તેવી મળતી નહી હતી. તોપણ, એ સઘળી અગવડ સગવડને ઉલટમાં આવી ગયકા જવાન મુસાફર-એકટરોએ, ઠોકરે મારી હઇદરાબાદની સફર કરવા ખુદાનું નામ જબાન ઉપર લઇ બહાર પડયા.

'ડે-કલબની' પહેલ્લી મુસાફરી.

ધ્યાન રાખવું કે પારસી નાટકકારોની આ પહેલીજ મુસાફરી હતી. અત્યાર આગમચ કોઇબી જહાસીક નાટકકારે કે નાટક ટોળીના માલેકે, આવી કોશીસને અમલમાં મુકવાની હીંમત કીધી હતી નહી. આ શરૂઆતે પારસી કોમમાં કાંઇક ચડચાર ઉભી કરી હતી. વધુ એટલા માટે, કે એ કોશીસને અમલમાં મુકનાર એક પારસી અઠાબરનો કેળવાયલો દીકરો હતો. દદી પટેલ હવે નાટકી આલમમાં એક જાણીતો વીરલો થઇ પડયો હતો. આખી કલબ પુર ઉલટમાં આવી ગઇ હતી. મગર વીકટોરીયા કલબના સઘળાજ ખેલાડીઓ હઇદરાબાદ જવાની સફરમાં સામેલ થયા નહી હતા. કોઇ કોઇ એવાબી નરમ દીલના હતા, કે તેઓએ પહેલેથીજ એ મુસાફરીમાં જોડાવા ના પાડયું હતું. કોઇએ પોતાની બઇરી છોકરાંને મુકી તેઓથી જુદા પડવા ના પાડયું હતું. કોઇએ તેના મા-બાપોએ ના કહેવાથી જવા ના પાડયું હતું. મુસાફરી કરવા નીકળેલા ખેલાડીઓના પગારોમાં વધારો કરી આપવામાં આવ્યો હતો, અને જેઓએ હઇદરાબાદ જવા ના પાડયું હતું, તેઓ મુંબઇમાં રહી ગયેલા ખેલાડીઓ સાથે ભેગા મળી, વીકટોરીયા કલબના આગેવાન ખેલાડીઓની સતા હેઠળ વીકટોરીયા થીએટરમાં ખેલ કરતા હતા.

હઇદરાબાદમાં મળેલી ફતેહ.

અંતે એક શુભ પ્રસંગે સફર ઉપર નીકળેલી આ પનોતી કલબ, મુસાફરીની જંજાલો અને જોહમતો વેઠી, હઇદરાબાદની મંજલ પુરી કરી સહીસલામત પોતાને ધારેલે મુકામ જઇ પુગી. સર સાલારજંગની ખાસ મેહરબાનીથી દાદી પટેલને શાહી માન અને મરતબા સાથ દરએક કીસમની જોઇતી સગવડો કરી આપવામાં આવી હતી. આ પારસી નાટકીઓનું કામ હઇદરાબાદના રહીશોને પસંદ પડયું હતું, અને તેથી દરરોજ અનેક અમીર અને ઉમરાઓ, તેમજ નવાબો આ મંડળીના ખેલ જોવા આવ્યા હતા. ખુદ નીઝામ પોતે આ મંડળીના ખેલો જોવા પધારેલા હતા, અને તે જોયા પછી તેઓના થોડાક ખેલો જનાનખાના માટે કરાવવા મેહલમાં ખાસ ગોઠવણ કરાવેલી કહેવાય છે.

દાદી પટેલની એ મહાન ફતેહ હતી. એક તો સર સાલારજંગની ખાસ મેહરબાની, અને એ મેહરબાનીથી હુઝુરની મેળવેલી ખાસ પ્રશંસા, વળી તે ઉપરાંત હૈદરાબાદના અમીરો, ઉમરાવોની પીદાગીરી, એ સર્વેથી દાદી પટેલના કામને બેશક મોટો જશ હૈદરાબાદમાં મલી રેહો હતો.

પણ આ સઘળી ફતેહને મેળવનાર દાદી પટેલના પેલા બે ખેલાડીઓ મુખ્ય કરી હતા, જેઓ માટે હું આગળ ઇશારો કરી ગયો છું. યારો તે જવાનીનો ખીલતો બહાર હતો, કે જ્યારે પેલો હસમુખો કંપોઝીટર 'ખશરૂ કોબાદ' (બાલીવાળો), અને મસ્તીખોર સ્વભાવવાળો પેલો રમુજી અને દેખાવલો જવાન 'પેસુ–આર્વાન,' (પેસ્તનજી માદન) રોજ રાતે હેદરાબાદમાં પોતાના કામોથી ત્યાંની પ્રજાને રીજવી, તેમની મહેરબાની અને ચાહત મેળવી રેહા હતા. આખીરશમાં આ મંડળીએ પોતાની સાથ થયલી ગોઠવણો પ્રમાણે માન–પાન, અને શાલ–કુશાલાની પેહરામણી લઇ, આ હેદરાબાદની ફતેહમંદ નાટકી 'સીઝન' ખતમ કરી હતી. પણ જરા સબર!

ઇરાની નાટક મંડળી.

મેં આગળ ઇશારો કીધો છે, કે મુંબઇમાં વસતા ઇરાની જરથોસ્તીઓની ઉભી થયલી એક નાટક મંડળીના ઇરાની ખેલાડીઓને, દાદી પટેલે એકટીંગ વીગેરે શીખવી, સંકર શેઠની નાટકશાળામાં તે નાટક મંડળી પાસે, 'રૂસ્તમ અને બરજો'નો ઇરાની નાટક કરાવ્યો હતો. ૧૮૭૨)ના સાલમાં બનેલા નાટક સંબંધી જાણુવાજોગ બનાવોની નોંધ લેવા આગમચ, આ ઇરાની નાટક મંડળીએ ૧૮૭૦)ના સાલના ડીસેમ્બર માસમાં કરેલા, એક ઇરાની નાટકની નોંધ અતરે લેવી ઘટે છે. ખાસ કરી એટલા માટે, કે એ ઇરાની ભાઇઓએ દેખાડેલી બાહોશી કેટલી હદ સુધી દાદી પટેલની કારવાઇથી ફતેહમંદ નીવડી હતી, તે ખરેખર નોંધવાજોગ છે.

૧૮૭૦)ના સાલના ઇરાની કેવા હતા!

માનતા હોવો તો માનજો બીરાદર, કે આ ઇરાની એકટરો સઘળા–એકેએક ઇરાની જરથોસ્તી હતા. તેઓ સઘળા સોડા–લીંબુ, અને આઇસ ક્રીમની નાહલી–નાહલી પ્લેટ, તે વખતે ૧૮૭૦) ના સાલમાં પોતાની દુકાનો ઉપર ચાર–ચાર પઇસે વેચતા હતા! અલબતાં ૧૮૭૦) ના વરસમાં મુંબઇની રચના આજના જેવી તો નહીજ હતી! તે વખતે કાંઇ મોનજીની, અને કોરનેલીયા જેવી દુકાનો, અને તાજમહાલ તથા મેજેસ્ટીક જેવાં હોટેલો હતાં નહી! તેવે સમે આ ઉદયોગી ઇરાની બચ્ચાઓ મુંબઇમાં છુટે છુટે ઠેકાણે સોડા વોટર અને શરબતની દુકાનો ઉંઘાડી બેઠા હતા, અને ગરમીના દીવસોમાં આઇસક્રીમ બનાવી પ્રજાને રહાત આપતા હતા.

એવા એ કારઝમુદા ઇરાનીઓની ભેગી મસલતથી, એક નાટક મંડળી ઉભી થવા પામવાનું મુખ્ય કારણ તો એ હતું, કે ગ્રાંટરોડ ઉપર ફીરદોસીના શાહનામાને

આધારે, ઇરાની દાસ્તાનોના નાટકો રચાઇ, ધમધુકાર ભજવાઇ રેહા હતા! તેવી ધમાધમીના વખતમાં, ધોબીતળાવના લતા ઉપર દુકાન કાહડી બેઠેલા ઇરાની ભાઇઓ, ભેગા મળી એક નાટક મંડળી કાહડી, રૂસ્તમ અને બરજોનો નાટક કરવા બાહર પડયા હતા, અને તેમાં બીજાઓ સામેલ થયા હતા. આ રૂસ્તમ અને બરજોનો નાટક કોને લખ્યો હતો, તેનો ખરેખરો લખનાર કોણ હતો, અને તેના ગાયનો જોડનાર કોણ કવી હતો, તે મને બરોબર ખબર નથી, પણ એકાદ પારસી ગ્રહસ્થની સામેલગીરી થયા પછી, એ કામમાં દાદી પટેલે પોતાની સામેલગીરી આપી, એ ઇરાનીઓ પાસે એવાં કામો કરાવ્યાં હતાં, કે પારસી નાટકતખતાની તે વખતની કાયનાત, હાલત, અને તાકત જોતાં, બેશક પારસી આલમનું તેઓ ધ્યાન ખેંચી રેહા હતા.

રૂસ્તમ અને બરજોનો નાટક.

રૂસ્તમ અને બરજોનો કીસ્સો કાંઇ શાહનામામા લખાયલો નથી. ફીરદોસીના શાહનામાનો શોખ, ચાલુ જમાનામા જેવો પારસી કોમમા ફેલાયલો જણાય છે, તેમ તેટલો બધો શોખ ગઇ સદીમા પારસી કોમમાં ફેલાયલો નહી હતો. ગઇ સદીમાં પારસીઓને, બરજોનામા અંદર લખાયલાં કીસ્સાના રસીલાં દાસ્તાંનો વાંચવાનો જબરો શોખ લાગ્યો હતો. તેવા સંજોગનો લાભ આ ઇરાની ભાઇઓએ લઇ, રૂસ્તમ અને બરજોના દાસ્તાનની હકીકતો એકઠી કરી, આ નવો નાટક લખી કાહડયો હતો.

આ રૂસ્તમ અને બરજોનો આખો નાટક ઇરાનીઓએ ફારસી ભાશામાં ભજવ્યો હતો! દરએક પાત્ર ફારસી ભાશામા બોલાતાં હતાં. દરએક એકટર, કોઇક અપવાદ સીવાય, ઇરાની હતા! એટલુંજ નહી, પણ નાટકમાં ગવાતાં સઘળાં ગાયન પણ ઇરાની ભાશામાંજ ગવાતાં હતાં. ૧૮૭૦) ના સાલની તે એક અજાયબીજ હતી, અને તે જોવા માટે પારસી કુટુંબોની મોટી સંખ્યા, શંકર શેઠની નાટકશાળામાં દર વખત ઉતરી પડતી હતી.

પણ ફારસી ભાશામાં થતો આ નાટક, પારસી કુટુંબો કેમ સમજી શકે, તેનોબી એક તોડ શોધી કાહડયો હતો! તે તોડ એ હતો, કે દરએક પ્રવેશમાં હવે શું બનાવ બનશે, અને કયા કયા ખેલાડીઓ શું શું કામ કરશે, તેનો સંક્ષેપ સાર, પારસી ગુજરાતી ભાશામાં, એક પારસી ખેલાડી બેતબાજીમાં આવી બોલી જતો, જેથી સાંભળનારાઓ તખતા ઉપર શું બનાવ બને છે, તે સમજીને જાણી શકતા હતા.

ગાયનો પણ ઇરાની ભાશામાં જોડાયલાં હતાં, અને તે સારી રીતે ગવાતાં હતાં, મગર તે ઇરાની ભાશામાં જોડાયલાં ગાયનો, હીંદુસ્થાની રાહ ઉપર રચાયલાં હતાં! અને હું ધારૂં છું કે તે ગાયનો ગાનાર છોકરાઓ પારસીઓના હતા. આટલી વીગતો નોંધ્યા પછી, હવે હું એ નાટકના પરદા અને પેહરવેશો, અને પેહરવેશોની સાથ કેટલીક 'સીનરીઓ' જે તખતા ઉપર બનાવવામા આવી હતી, તે બાબદ હાથ ધરૂં છું.

પેહરવેશની બાબદમાં પુછવું પડે તેમ હતુંજ નહીં. તે વખતે થતા ઇરાની નાટકો, જે બીજી નાટક ટોળીવાળાઓ ભજવતા હતા, તેજ અને તેવીજ ઢપછપ ઉપર આ ઇરાની ભાઇઓએ નાટકના ડરેસ બનાવ્યા હતા. મગર કોઇ કોઇ ડરેસ ઉપર પઇસા ખરચવાની સેહજબી કોટાઇ દેખાડી નહીં હતી.

એકટરોને માટે તો પુછવુંજ નહીં ! દેખાવમાં, અને કદમાં આ ઇરાનીઓ, બેશક પારસીઓને ભુલાવી દેતા હતા. કયેખુશરૂ પાદશાહ, અફ્રાસીયાબ પાદશાહ, રૂસ્તમ અને બરજો પેહલવાનો, વીગેરે મરદ ખેલાડીઓ, બેશક કોઇ જુદોજ ખ્યાલ જોનારાઓને આપતા હતા.

ખાસ કરી આ ઇરાનીઓ પોતાના પાર્ટ જ્યારેબી સ્ટેજ ઉપર કરતા હતા, ત્યારે તેઓ એવુંજ સમજી પોતાનું કામ કરતા હતા, કે તેઓજ આગલા જમાનામાં થઇ ગયેલ પેહલવાનો જીવતા થઇ નીકલ્યા છે ! બરજો પોતે પણ તેમજ સમજીને જંગના મયેદાનમાં રૂસ્તમ સાથે લડતાં, પોતાની ખરી હાલત ભુલી જઇ, જીવ ઉપર આવી લડતો હતો. સામાન્ય રીતે આ ઇરાની ખેલાડીઓનું કામ જોઇ, તેજ વખતે ચકચાર ચાલી હતી, કે આ 'જંગલી જનાવરોને' આવી કીસમની તાલીમ આપનાર કોઇ પરદા પછવાડે હોવો જોઇયે !

અને તે વાત છુપી રેહી નહીં. સેહજવારમાં આ વાતનો ફડચો થઇ ગયો, કે આ ઇરાનીઓની પીઠ પાછળ પેલો એલફીનસ્ટોનીયન એમેચ્યુઅર દાદી પટેલ હતો, અને આખું 'પ્રોડકશન' તેની, અને તેના મદદનીશ પીત્રાઇ જમશેદજી ધનજીભાઇ પટેલની મહેનતનું પરીણામ હતું.

મરહુમ દાદાભાઇ સોરાબજી પટેલ, એમ. એ.



ઇરાની નાટક મંડળીના ડીરેકટર અને રેહબર

મરહુમ જમશેદજી ધનજીભાઇ ફરામજી પટેલ.



ઇરાની નાટક મંડળીના મદદગાર. મરહુમ દાદી પટેલના કાકા ધનજીભાઇ પટેલના દીકરા.

'મેજર હું' તે વખતે ન હતા!

આ ઇરાની નાટકમાં કેટલાક ખાસ દેખાવો આવતા હતા. દાખલા તરીકે આખ્ખા સ્ટેજ ઉપર, ખેતરમાં ઉગેલા ઘાસની અંદર બરજોને કામ કરતો દેખાડવાનો હતો! ધ્યાન રાખજો 'આખ્ખા સ્ટેજને' ખેતરમાં બદલી નાખવાનું હતું! વળી એજ ખેતરમાં સહવારને પહોર, રોશન ખુરશેદને ઉગતો દેખાડવાનો હતો! સારા નસીબે ઇરાનની નાટક મંડળીને હાથ દાદી પટેલ લાગી ગયા, કે જેણે આ બે દેખાવો ઘણીજ ફતેહમંદી સાથે સ્ટેજ ઉપર એક નવાઇ તરીકે રજુ કીધા હતા. તેમાં ખુરશેદને ઉગતો દેખાડી, તેને તપાવવાના કામમાં 'મેગનીશ્યમ વાયરની લાઇટનો ઉપયોગ પહેલવહેલો કીધા પછી, બીજી નાટક મંડળીવાલાઓ, એ મેગનીશ્યમ વાયરનો ઉપયોગ વીજળીના ચમકારા દેખાડવા માટે કરવા લાગ્યા હતા!

ઘોડા ઉપર લડાઇ.

પણ આ બે દેખાવ ઉપરાંત દાદી પટેલ, કંઇક reality દેખાડવા ઘણાજ ખંતી હતા. તેવણે રૂસ્તમ અને બરજોનું જંગ, સ્ટેજ ઉપર ઘોડા લાવીને કરાવવા ધાર્યું. મરહુમે પોતાનો આ વીચાર તુરતજ અમલમાં મુકયો. તે વખતે મુંબઇમાં બે અને ચાર ઘોડાની ઓમનીબસ દોડતી હતી. તેના ઘોડા મોટા કદના કદાવર અને કેળવેલ

હતા. આ ઘોડાને દાદી પટેલે તુરતજ પોતાના ઉપયોગમાં લીધા. રૂસ્તમ અને બરજોને, આ કોમનીબસના ઘોડા ઉપર બેસી ગુરઝ અને તલવારની લડાઇ કરવા જણાવ્યું. આ ઝનુન ઉપર ચઢેલા ઇરાની ભાઇઓએ આ ઘોડેસવારીનું માન એકદમ કબુલ કીધું, અને સ્ટેજ ઉપર આ બંને પહેલવાનોએ ગુરઝની લડાઇ કરી, એક મહાન ફતેહ મેળવી હતી.

ઘોડા ઉપર બેસી લડાઇ કરવાનો આ પ્રયોગ ઘણોજ વખણાયો હતો. પણ આ બે ઇરાની પહેલવાનોના નસીબમાં એક વખત એવો અકસ્માત સ્ટેજ ઉપર બનવા પામ્યો હતો, કે તેથી તમાશબીન આલમના દીલ ખાટાં થઇ ગયાં, અને આ અકસ્માત કેમ બનવા પામ્યો, અને કેમ થયો, તેની તપાસ કરવામાં જવાન દાદી પટેલ પાછળ હટ્યો નહી હતો. એ અકસ્માત વીશે હું આવતા અંકમાં વધુ લખીશ.

---

(૪૨)

બરજો અને રૂસ્તમના જંગનો વખત થતાંજ કરનાયા, ભેપુરા અને પડઘામના એવા તો કાન ફાડી નાખે એવા અવાજ થઇ રહયા, કે તમાશબીન આલમને એમજ લાગ્યું, કે ખરાં જંગની શરૂઆત થાય છે! ખરેખર આપણા ફુટી નીકળેલા આજના વખતના એમેચ્યુઅરોને નકલ કરવા લાયક તે હીલચાલ હતી! લડાઇના ગાજી રહેલાં મેદાનમાં, રૂસ્તમ પેહલવાન પોતાના ઘોડા ઉપર સવાર થઇ સ્ટેજ ઉપર આવી પોતાના ઘોડાને જોલાંન દેવા લાગ્યો, અને પોતાના હમનબરદ બરજોને પુકાર કરી બોલાવવા લાગ્યો આ પુકાર સાંભળતાંજ બરજો ઘોડેસવાર થઇ, પુકાર કરતો સ્ટેજ ઉપર રૂસ્તમ સામે ધસી આવ્યો. પણ તેવામાં તમાશબીન આલમની નજર સામે, જોત જોતાંમાં એક એવો ગંભીર અકસ્માત થયો, કે આખ્ખું હાઉસ દીંગમુઢ થઇ ગયું! એકાએક એ શું થયું?

સ્ટેજ ઉપર બરજોના ઘોડાનું ગરક જવું!

બનાવ એવો બન્યો, કે જેવો બરજો, પોતાના ઘોડા ઉપર સવાર થઇ સ્ટેજ ઉપર આવી રૂસ્તમ સામે જઇ ઉભો રહે, તેવામાં બરજોના ઘોડાના આગલા બંને પગો, સ્ટેજની લાકડાંની મજબુત જમીન ફોડી અંદર ગરક ગયા! આખો ઘોડો આ અકસ્માતથી ઘણીજ કફોડી રીતે જમીન ઉપર ગબડી પડયો! બરજો પોતે આ અકસ્માતથી ગભરાઇ ગયો કે નહી, તે તો જેઓ તેની નજદીકમાં હશે, તેઓજ કહી શકે, પણ એટલું તો ખરૂં કે આ ઇરાની બચ્ચો પોતાના ઘોડાને આવો અકસ્માત બનેલો જોતાંજ, આંખના પલકારામાં પોતાના ઘોડાની પીઠ ઉપરથી કુદી પડી, ને પાંછે પીયાદો બની રૂસ્તમ સામે હાથમાં ગુરઝ ઉઠાવી, પુકાર કરતો લડવા ઉભો.

પણ——પણ અકસ્માત આવા ગંભીર પ્રકારનો બનેલો હોવાથી, અને માણસોના કરતાં ઘોડાની જીંદગી વધારે જોખમમાં આવી પડેલી જોઇ, તુરતજ ડરોપસીન લાગતાવળગતાઓએ નખાવી દઇ, ઘોડાને બચાવી લીધો હતો. અલબતા ઘોડાને ઘણુંજ નુકશાન થયું હતું, જો કે ઘોડાની ઉપર સવારી કરનાર પેલો ઇરાની—બરજો પેહલવાન—બચી ગયો હતો.

ખબર કાહડતાં માલમ પડયું, કે ઇરાની નાટક મંડળીની આવી ફતેહથી કેટલીક હરીફ મંડળીવાળાઓ આ મંડળીને કાંઇક નુકશાન પુગાડવા ઇંતેજાર હતા. એ એક અનુમાન હતું, પણ તે પુરાવા સાથ સાબેત થઇ શકે તેમ નહી હતું. બીજું અનુમાન દાદી પટેલ એવું કરતા હતા, કે અમુક કલબવાળાઓએ કોઇની મદદ લઇ, લાકડાંની સ્ટેજનો થોડોક ભાગ કપાવી નાખી, તેના પાટીયાં પાછાં ગોઠવાવી દીધાં હતાં, કે જેથી ઘોડાઓના વજનથી તેમાં ઘોડાઓ તુટી પડે! પણ તે અનુમાનબી નીભી શકયું નહી, કેમકે શંકર શેઠના થીએટરનો 'કસ્ટોડીઅન' નારન, આખો દીવસ અને રાત નાટકશાળાની અંદરજ રહેતો હતો, અને તેની રજા વગર કોઇ સ્ટેજ ઉપર દાખલ થઇ શકે એમ હતું નહી!

પણ છેવટે એ ભયંકાર અકસ્માત વીશે એક ખરો ખુલાસો થઇ જવાથી, દાદી પટેલને પુરતો સંતોશ મળ્યો હતો, કે મજકુર અકસ્માત કાંઇબી અદાવતનું પરીણામ નહી હતું. કહે છે કે ખરી હકીકત તો એ હતી, કે કુંવરજી નાજરે પોતાના કોઇ નવા ખેલ માટે, યાંત્રીક દેખાવો દેખાડવા સારૂ, શંકર શેઠની પરવાનગીથી દીવસ દરમીયાન સુથાર અને યાંત્રીક મીસ્ત્રીઓની સલ્લાહથી સ્ટેજનો તે ભાગ કપાવ્યો હતો, અને તેનું કામ અધુરૂં રહી ગયેલું હોવાથી, ઇરાંની નાટક મંડળીના એકટરોને આ અકસ્માત થવા પામ્યો હતો. આ વાત જાહેર થતાં આ અકસ્માતની ચર્ચા ત્યાંજ દફન થઇ હતી.

ઇરાંની નાટક મંડળીમાંથી પેદા પડેલા પારસી એકટરો.

હું આ લેખના આગલા ભાગમાં લખી ગયો છું, કે દરેક નાહની કે મોટી કલબમાંથી કોઇ અને કોઇ સારા પારસી ખેલાડીઓ નીકળી આવ્યા હતા. તેજ રીતે આ ઇરાંની નાટક મંડળી જો કે સઘળા ઇરાંની જરથોસ્તીઓની બનેલી હતી, છતાં તેમાં થોડાક પારસી ખેલાડીઓબી નજરે પડયા હતા. કેમકે સઘળાજ ઇરાની એકટરો એ મંડળીને મળી શકયા નહી હતા. ખાસ કરીને સ્ત્રીના ભાગ બજાવનાર ખેલાડીઓ, તેમજ ગાયનકાર જવાનો મેળવવા જયારે આ મંડળીના પેશકારો નીષ્ફળ નીવડયા, ત્યારે તેઓને પારસી જવાનો તરફ નજર દોડાવવી પડી હતી. અને તેમ કરવામાં તેઓએ જો કે પોતાની અતરાફમાં, તે વખતે કામ કરી રહેલી 'મશરૂમ' કંપનીઓના છોકરાઓ 'તફડાવવાની' સહેજબી તજવીજ કરી નહી હતી, પણ નવાજ છોકરાઓને શોધી કહાડી, પોતાની કલબમાં તેઓને દાખલ કીધા હતા! એ પારસી જવાનો કાંઇ દજન કે અરધો ડજન જેટલા નહી હતા! ફક્ત ચાર જવાન જરથોસ્તીઓ આ ઇરાંની કલબમાં હતા, જેઓ માહેલા બે તો નાટકના ધંધામાં લાંબો વખત સુધી જોડાઇ રહયા હતા. તે બે માહેલા એક ગુજર પામ્યા હતા.

એ ચાર જવાનો માહેલા એક, રૂસ્તમજી નામના તે વખતના એક જાણીતા ગાયનકાર હતા. પાછળથી તેવણ અત્રેના કોઇ સોલીસીટરની ઓફીસમાં નોકરી હોવા ઉપરાંત, ગાયનકાર તરીકેનું કામ કરતા હતા. તે વખતે એ રૂસ્તમજી, સાધારણ રીતે

'રૂસ્તમ ફીડલર'

ને નામે જણાયલા હતા. કેટલાક તેવણના સ્નેહીઓ તેવણને 'રૂસ્તમ બુકુજી'ને નામે ઓળખતા હતા. આ જવાન મી० બુકુજી કોઇ વીચીત્ર અવાજે ગાયન ગાઇ, પોતાને હાથે ફીડલ વગાડતા હતા. મેં હમણાં લખ્યું કે 'વીચીત્ર અવાજે' એનો અર્થ એમ હું સમજાવવા માગું છું, કે રૂસ્તમ ફીડલર જે અવાજે બોલતા હતા, તેજ અવાજે તેવણ ગાતા નહી હતા, પણ ઘણાજ તીણા અને બારીક અવાજે ગાતા અને વગાડતા હતા. તેવણ મોટે ભાગે રેખતા અને ગઝલ ગાતા હતા, અને ઠુંમરી કે ખ્યાલ જેવી

ચીજો ગાતાજ નહી હતા. મારી તેવણુની ઓળખાણુ મરહુમ જમશેદજી ધનજીભાઇ પટેલ (દાદી પટેલના પીત્રાઇ)ના મંઉિંટ રોડ ઉપર આવેલા બંગલામાં થઇ હતી. એ પછી થોડાંક વરસોના ગાળા બાદ, મારા એક મીત્ર સાથ મારૂં 'ધી ડાયમંડ જ્યુબીલી કલબ'માં જવું થયું હતું. ત્યાં એ રૂસ્તમ ફીડલરે પોતાના ગાયન ગાવામાં અતી ઘણો મોટો ફેરફાર કરેલો, એમ જણાયો હતો. તેવણે પોતાના આગલા બારીક અવાજને જો કે સહેજ જાડો બનાવેલો જણાયો હતો, પણ વધારે પસંદ કરવાજોગ તો મને એ જણાયું, કે રેખતા અને ગઝલો ગાવાના પડતાં મુકી, કાનડા અને દરબારી તથા વાગેશ્વરી ગાતા તેવણુ સંભળાયા હતા! રૂસ્તમ ફીડલર જો કે એક ગરીબ હાલતમાં ઉધરેલા જરથોસ્તી હતા, છતાં તેવણુ સહેજબી ગુમાની કે ગરૂરી રાખતા નહી હતા. ઇરાની નાટક મંડળીએ રૂસ્તમ અને બરજોના નાટક પછી, ફરીદુન અને ઝોહાકનો નાટક સ્ટેજ કીધો હતો. એ નાટકમાં પણ મરહુમે એક ગાયનકાર તરીકે ઇશ્વર સ્તુતી ગાવા–ગવડાવવામાં ભાગ લીધેલો, મેં જોયો હતો.

પેસ્તનજી વેલાતી.

બીજો પારસી ખેલાડી, જે મજકુર પરશ્યન કલબમાં હતા, તે મરહુમ પેસ્તનજી ફરામજી વેલાતી નામના જરથોસ્તી હતા. એ મી૦ પેસ્તનજી વેલાતી માટે, આ લેખના આગલા ભાગમાં હું ઇશારો કરી ગયો છું. મગર એક એકટર તરીકે, એ શેઠે નાટકી દુનીયામાં કાંઇક ઉથલપાથલ કરેલી હોવાથી, અને એક નવી નાટક મંડળી–પરશ્યન ઝોરાસ્ટ્રીઅન કલબ–કાહડેલી હોવાથી, એ ભાઈ માટે હું હવે પછી કાંઇક લખવા ધારૂં છું.

કાઉ—રોદાબે.

ત્રીજો એક પારસી એકટર, જે આ ઇરાંની નાટક મંડળીમાંથી બાહર પડયો હતો, તે કાઉ–રોદાબે નામનો એક ફાંકડો, દેખાવડો જવાંન હતો. તેનું આખું નામ, કાવસજી નસરવાનજી દારૂવાલા હતું. એ કાવસજીએ ઇરાની નાટક મંડળીમાં રોદાબેનો પાર્ટ કરી જે પ્રસીધ્ધતા મેળવી હતી, તે ઉપરથી જવાન કાવસજી, 'કાઉ–રોદાબે'ને નામે નાટકી દુનીયામાં ઓળખાઇ ગયા હતા. કાઉ–રોદાબે, ઇરાની નાટક મંડળી છોડી સત્તર–પંદર કલબોમાં રખડે એવો જવાન નહી હતો. પોતે પાંચ પઇસે સુખવાસી અને બાયડીવાલાં મા–બાપ અને બેહનનો એક માનીતો સપુત હતો. મગર નાટકનો ચટકો લાગી ગયાથી, અને મરહુમ 'નસલુ–તેહમીના' ની દોસ્તીમાં લપટાઇ જવાથી, ઇરાંની કલબ છોડી, પાછલથી વીકટોરીયા કલબમાં સામેલ થયો હતો, જ્યાં તે સેવટ સુધી રહ્યો હતો.

પણ ઠીંયાબી તે ઠરીઠામ રહી શકયો નહી. સબબ મરહુમ દાદી પટેલે વીકટોરીયા કલબ છોડીને મરહુમ નાજરને તે સ્વાધીન કરી, અને પોતે


ધી ઓરીજીનલ વીકટોરીયા કલબ

કાહડી પરદેશ ગમન કરવા માંડયું, ત્યારે કાઉ-રેદાએ પોતાના અંગત સ્નેહી નસલુ-તેહમીનાંથી છુટો નહી પડતાં, તે ઓરીજીનલ કલબમાં તેની સાથે સામેલ થયો હતો.

તે જમાનાના નાટકી જવાનોની દોસ્તી અને દીલદારીની વાતો, બેશક આજના વખતમાં અતી ઘણી જાણવા લાયક થઇ પડે એમ છે. મગર તે આ લેખમાં લખતાં અનેક કારણે હું અચકાઉં છું. છતાં એટલી તો વકકી રાખું છું, કે સહેજબી તક મળતાં હું તે વખતના દોસ્તોની દીલદારી માટે ઇશારો કરવા ધારૂં છું. દુખી એટલા માટેજ થાઉં છું, કે જે જે જવાનો ઘણા દેખાવલા, ઘણા સોહામણા અને ઘણા પ્રેમ પરસ્ત હતા, તે સઘળાઓ આજે બેહસ્ત મુકામ થઇ ગયા છે. ત્યારે કરવું કેમ? કલમ જરા ચપી જા!

ઓરીજીનલ વીકટોરીયા વીખરાઇ છુટી પડયા પછી, મરહુમ નસલુ-તેહમીના, અને કાઉ-રેદાએ, ઘણેક વરસે બેહસ્તનશીન થયા હતા. એક એકટર તરીકે મરહુમ કાવસે ઘણાક વરસો સુધી વીકટોરીયા, સાથે પોતાનો સંબંધ ચાલુ રાખ્યો હતો.

મરહુમ કાવસજી નશરવાનજી દારૂવાલા.



'કાઉ રેદાએ.'

અરદેશર તારામતી.

ચોથો પારસી એક્ટર, જે ઈરાની નાટક મંડળીમાંથી પ્રગટ થયો હતો, તે અરદેશર હીરામાણેક નામનો જવાન હતો. આ ભાઇ અરદેશર ઇરાની નાટક મંડળીમાં પેહલવેહલા રાણીસાગર તરીકે પ્રગટ થયા હતા. એ ભાઇનું ગાયન તે વખતે લોકોને ઘણુંજ પસંદ પડયું હતું મરહુમ જમશેદજી પટેલ, આ જવાનને પોતાને બંગલે પોતાની ફુરસદને પ્રસંગે બોલાવી, પોતે તેમજ કુટુંબી બાનુઓને એના ગાયનની મોજ ચખાડતા હતા. ઇરાની મંડળીમાંથી નીકળી મરહુમ કાબરાજીએ

નાટક ઉત્તેજક મંડળી

એવે નામે એક નવી મંડળી જે ઉભી કરી હતી, તે નાટક મંડળીમાં હરીશ્ચંદ્રના નાટકમાં, રાણી તારામતીનો ભાગ ભજવવા માટે એ અરદેશરને રોકયો હતો. એ હરીશ્ચંદ્રનો ખેલ ધોબીતળાવ ઉપર આવેલા ફરામજી કાવસજી હોલમાં લગભગ ૧૦૦) વખત રજુ થયો હતો, અને ખેલમાં ઉતરેલા તે વખતના નામી ખેલાડીઓએ જે ધુમ મચાવી હતી, તે માંહેલો એક નામી ખેલાડી આ અરદેશર હતો. અરદેશર પાછળથી મરહુમ બાલીવાલાની કલબમાં જોડાયા હતા, અને ખુદાના હુકમથી હજી જીવતા છે, એટલે મારાથી એ ભાઇ માટે વધુ લખી શકાય એમ નથી, કેમકે ગુજર પામેલા પારસી એકટરોનીજ મોટે ભાગે મારે નોંધ લેવી છે.

અરદેશર હીરામાણેક.



અરદેશર તારામતીને નામે જણાયલો ખેલાડી.

ઇરાની નાટક મંડળીમાં બાકી રહેલા એકાદ-બે જરથોસ્તી ખેલાડીઓ હતા, પણ તેઓની કારકીર્દી મને કાંઇબી નોંધવાજોગ માલમ પડી નથી, અને બીજી નાટક મંડળીઓમાં તે લોક પાછળથી મને માલમ પડયા નહી હતા.

ઇરાંની નાટક મંડળી ખતમ!

આહ! કેવો ગગડાટ! કેવો ગોધાટ, અને કેવી ગાજવીજ કરી આ ઇરાંની નાટક મંડળીએ શંકર શેઠની નાટકશાળા ગજાવી દીધી હતી! થોડાક યાંત્રીક દેખાવો, ઇરાંની અસલી પોશાકો, ઇરાંની ગાયનો, અને સ્ટેજ ઉપર જીવતા ઘોડાઓ ઉપર બેસી ઇરાંની ભાઇઓએ જંગ મચાવ્યું! વળી આખ્ખાં સ્ટેજ ઉપર ખેતરોમાંની લીલોતરી વચ્ચે ઉગતા બુલંદ ખુરશેદને ચકચકાટ સાથ દેખાડી લોકોના મન હરી લીધાં! એ બધા પરતાબ દાદી પટેલની મશાવરત અને ડીરેક્ટર તરીકેની તેની કારવાઇના હતા.

પણ એવી ઝગઝગતી કારકીર્દી સાથ શરૂઆત કીધા પછી તે મંડળીનો કાળચંદર બેઠો! દાદી પટેલે પોતાનો સંબંધ એ ઇરાંની ભાઇઓ સાથનો છોડયો, કેમકે તેઓની નજર ઘણી લાંબી જતી હતી. કાંહ? વીકટોરીયા કલબમાં?

ગરીબ બીચારી ઇરાંની નાટક મંડળી આ બનાવથી છંડાઇ ને રંડાઇ પડી! જો કે ઘણીક આફડા તફડી પછી, એ કલબે એક બીજો નવો ઇરાની ખેલ ઉભો કીધો હતો, જે ફરીદુન અને ઝોહાકને નામે સ્ટેજ થયો હતો. તે નાટકનું દાસ્તાન કાંઇ લેહજત જેવું નથી, એટલે હીયાંજ એ નાટક મંડળીને પડતી મુકીશું! કેમકે એ ફરીદુનના ખેલ પછી ઇરાન નાટક મંડળીનો કીસ્સો તમામ થયો હતો.

---

(૪૩)

પણ હજી વીકટોરીયા કલબનો બાબ મેં પુરો કીધો નથી, અને તેથી આલફ્રેડ મંડળીને હું હાલ તુરત જરા અલગજ રાખવી દરૂસ્ત ધારૂં છું. એ આલફ્રેડ નાટક મંડળીને કાંઇ નાખી દેવાની નથી હં! એ કાંઇ આગલી મંડળીઓના નામની આગળ નવી આલફ્રેડ મંડળી, નવી પારસી મંડળી, નવી વીકટોરીયા મંડળી, વીગેરેના નામ ધારણ કરી ઉભી થતી મંડળીઓને અસલ મંડળી સાથ ભેળી નાખવી નહી!

કાકાવાલના જમાનાના નાટકો!

વીકટોરીયા કલબની માલેકીના બાબમાં હું આગલા લેખમાં પુરતું લખી ગયો છું. હઇદરાબાદની મુસાફરી પુરી કરી મુંબઇ ફર્યા પછી, દાદી પટેલે વીકટોરીયા નાટક મંડળીની માલેકી પાછળથી મરહુમ કુંવરજી નાજરને આપી દીધી હતી. એ બનાવ ૧૮૭૩ ના સાલની અતરાફમાં થયલો મને યાદ છે. પણ વીકટોરીયા નાટક મંડળી કુંવરજી નાજરની માલેકી હેઠળ જાય, તે આગમચ દાદી પટેલે પોતાનો નાટકી હુન્નર મુંબઇની પ્રજાને દેખાડવાની તક જતી મુકી નહી હતી. પોતે એક પેહલી પંકતીના એકટર હતા, પણ કમનસીબે ગાયન ગાવાની સહેજબી દરકાર કરેલી નહી હોવાથી, મરહુમ સ્ટેજ ઉપર પોતાની હુન્નરમંદીનો નાદર નમુનો મુંબઇની તે વખતની પારસી આલમને દેખાડી, ટુંક મુદતમાં પોતાની અજલને શરણ થયા હતા.

રૂસ્તમ અને બરજોના નાટકની ફતેહ, તે ગોયા મરહુમ દાદી પટેલની પોતાની ફતેહજ ગણાઇ હતી, કેમકે દાદી પટેલ તે ઇરાની મંડળીના ડીરેકટર હતા. વળી સ્ટેજ ઉપર જીવતા ઘોડા લાવી, તમાશબીન આલમનું તેવણે આ મંડળી તરફ ખાસ ધ્યાન ખેંચ્યું હતું! જો કે જીવતા ઘોડા સ્ટેજ ઉપર લાવવાનું કામ કાંઇ તે વખતે મુશ્કીલ હતું નહી, પણ જે કામ તે વખતની આગળ વધેલી મંડળીઓને નહી સુજ્યું, તે કામ દાદી પટેલે આ ઇરાની નાટક મંડળી પાસે કરાવી વાહ વાહ પુકરાવી હતી. વગર તેહકીક કરવે લખનારાઓ ટીકા કરે છે, કે 'કાકાવાલ અને કાવસજી ગુરગીનના વખતમાં કાર્ડ બોર્ડના ઘોડાઓ નાટક તખતા ઉપર ચાલતા હતા વીગેરે! પણ એ સરીયામ કે બેખબરી છે. કાકાવાલના જમાનામંજ જીવતા ઘોડા સ્ટેજ ઉપર દાદી પટેલ લાવ્યા હતા. કાકાવાલના જમાનામાંજ જમશેદ અને જેહાંબક્ષ તથા એવાજ બીજા નાટકોમાં 'સેટ-સીન'ની શરૂઆત થઇ હતી, અને કાકાવાલનાજ જમાનામાં તવારીખી પેહરવેશોની નકલ કાબરાજી અને તેવણના હમશરીકોએ કરાવી હતી. એ બધું ભુલી જવાવું જોઇયે નહી. જો યાંત્રીક દેખાવો વીકટોરીયા, આલફ્રેડ અને એલ્ફીનસ્ટન કલબોએ આગલાં વરસોમાં રજુ કીધા નહી હતે, તો—"

પણ એ તકરારમાં ઉતરવું ફુઝુલ છે. એટલુંજ કેહવું બસ છે, કે આજના જમાનામાં આગલા ખેલાડીઓ જેવો એકબી ખેલાડી હાલમાં દેખાતો નથી. એકબી કાકાવાલ, એકબી કાવસજી ગુરગીન, કે એકબી 'દાદી કાકરુ,' કે એકબી ખરશેદ કોબાદ

જો આજે હોય, તો તેથી આજના નાટક તખતાને અને નાટકના હુન્નરને કેટલી બધી શોભા અને કેટલું બધું ઉતેજન મલે, તે કલ્પવું સેહલ થઇ પડે છે.

દાદી પટેલનું સ્ટેજ ઉપર એકટર તરીકે ઉતરવું.

પણ વીકટોરીયા નાટક મંડળીની સરજત, લગભગ અરધી સદી, યાને પચાસથી આઠ વરસના આયુશ ભોગવવાની કરજાયલી હતી. એટલી મોટી જીંદગી કોઇબી જુના જમાનામાં સ્થપાયલી મંડળીએ ભોગવી હોય, એમ આપણ જાણતા નથી. ૧૮૬૮ ના સાલમાં વીકટોરીયા કલબ સ્થપાઇ હતી, અને તે જુદા જુદા માલેકોની માલેકીમાં ગયા પછી તે રેહી રેહી ૧૮૨૬–૨૭ ના સાલમાં હઈયાતી ભોગવતી બંધ પડેલી જણાઇ છે.

દાદી પટેલે વીકટોરીયાની માલેકી લીધા પછી, પોતાને મનપસંદ રીતે તેણે કામ લેવા માંડયું હતું. ઉરદુ નાટકો મુંબઇમાં કરવાની પહેલ શરૂ કીધા પછી, મરહુમે પોતે પોતાની નાટકી શકતી મુંબઇની સમજદાર આલમને દેખાડવાની તક લેવાનો ઠરાવ કીધો હતો. પોતે પોતાની શકતી ઉપર મુસ્તાક બની, મરહુમ નશરવાનજી ખાનસાહેબ–તખલ્લુસ આરામ—પાસે થોડાક ઉરદુ નાટકો લખાવ્યા હતા. નાટકના તે જમાનામાં સ્ટેજ થતા નાટકોમાં એ ચીજો જે આજના ઉરદુ નાટકોમાં મોટે ભાગે જોવામાં આવે છે, તે બીલકુલ નહી હતી. તે વખતના ઉરદુ નાટકો જુદી જુદી જાતના કાવ્યોમાં ઉરદુ લખનારાઓ લખતા હતા. અને તેજ પ્રમાણે તે રજુ થતા હતા. પણ મરહુમ દાદી પટેલે ખાનસાહેબ નશરવાનજી પાસે લખાવેલા થોડાક ખેલો, એવી કીસમના કાવ્યોથી બીલકુલ નીરાળા હતા. તે સઘળા 'પ્રોઝ'માં લખાયા હતા. એવી રીતે લખાયલા ખેલોમાં બાગો–બહાર, આલમગીર (શેકસ્પીઅરના નાટકનું એડેપ્ટેશન), ગોપીચંદ, હાતમ બીન તાઇ, ગુલબા સનોબર, નુરજહાન અને એ ઉપરાંત ઘણાંક ગાયન રૂપી ખેલો (ઓપેરા) પણ હતા.

બીજી ચીજ જે તે વખતના નાટકોમાં નહી હતી, અને જે આજના વખતના નાટકોમા દરએક નાટકોમાં જોવામાં આવે છે, તે જરા જરામાં ગવાતાં ગાયનો હતાં. ખુન કરતાં કરતાં ગાયન, ખાવીંદ મરી ગયો, તો તે માટે ગાયન, ખાવાપીવાની વાતચીત કરતાં ગાયન, હસી મશકરી કરતાં ગાયન, ગુસ્સે થવા માટે ગાયન, દલગીર થવા માટે ગાયન! બસ, ગાયન, ગાયન અને ગાયન! હર કદમપર અને હર બહાને આજે ગાયનો જેમ નાટકોમાં રજુ થાય છે, તેમ તે વખતના નાટકોમાં થતું નહી હતું. ફકત ખટીત પ્રસંગો ઉપરજ, જયાં પ્રસંગોપાત મોકો મલતો હોય, ત્યાંજ ગાયનો ગવાડવામાં આવતાં હતાં.

ટોલ્લાબાજીનું બજાર!

ત્રીજી જે ચીજ આગલા વખતમાં નહી હતી, અને જે આજના વખતના નાટકોમાં જોવામાં આવે છે, તે મોકા બેમોકા, અને વખત કવખતે તખતા ઉપર ચાલતી ધમધુકાર ટોલ્લાબાજી હતી! આ ટોલ્લાબાજી યાને flukes મારવાનું કામ

સહેલ નથી ! કોઇ બાહોશ અને સમજદાર ખેલાડી, પોતાની અક્કલને અનુસરી એકાદ ટોહલો મારે, અને સાંભળનારાંઓ અગર જો તેથી ખુશ થઈ જાય, તો તેથી છકકાઇ જઇ ઉપરાંશાંપરી ટોહલાબાજી ચલુ રાખવાનો કોઇબી ખેલાડીને કાંઇબી હક નથી ! પણ આગલાં સ્ટેજ ઉપર એવો મામલો હરગેજ થઇ કોઇબી કલબનો માલેક, કે ડીરેકટર, કે ખેલનો લખનાર ચાલવા દેતો હતો નહી. જો કે આગલા વખતના 'કોમીડીઆનો,' આજના વખતના લહુઆઓ કરતાં દરએક રીતે ઉતમ પ્રકારના હતા, છતાં તેઓ એવી કીસમની વરતણુંકને કદીબી વશ થતા નહી હતા. આજે તો કોઇબી ખેલાડી પોતાને 'કોમીડીઆન'માં ખપાવવા લલચાઇ જાય છે, અને તેવા કોમીડીઆનોને મશરૂમ કલબના પેશકારો સમજાવી, મનાવી, પોતાની સંગ્રમાંજ રાખવાની અનેક તજવીજ કરતા રહે છે! આગલા વખતના કોમીડીઅન ખેલાડીઓના થોડાક ફોટોગ્રાફ હું મેળવી શકયો છું, તે પ્રસંગોપાત ઠેકાણે રજુ કરી હું તે ભલા કોમીડીઆનો કેવા લોકપ્રીય થઇ પડયા હતા, તે હું બરોબર દાખવવાની તજવીજ કરનાર છું.

એવાં હડહડતાં હંબગો દાદી પટેલ બીલકુલ પસંદ કરતા નહી હતા! તેમાં ખાસ કરી ટોહલાબાજી કરનારાઓ તો દાદી પટેલને જોતાંજ ઠરઠરી જતા હતા! ગાયનોના બાબમાં દાદી પટેલના વીચારો મરહુમ કાબરાજીના વીચારોને ઘણાજ મળતા હતા. જો કે ગાયનના તેવણ જબરા શોખીન હતા, અને તેથી તો 'પેસુ આવાન' જેવા એક બુલબુલશી હલકવાલા જવાનને, તેવણે પોતાની સોડમાં સ્નેહ અને વાહલથી સેવટ સુધી સાચવી રાખ્યો હતો!

હાતમ બીન તાઇ.

ખાનસાહેબ નશરવાનજીએ લખેલા ખેલો માહેલા એકમાં મરહુમ દાદી પટેલે પાર્ટ કરવાનો અંતે વીચાર નકકી કીધો. સ્ટેજ ઉપર ઉતરવામાં મરહુમ કાંઇ લજવાતા કે શરમાતા નહી હતા! વળી તેવણુની સોડમાં જે મોભા અને ઇજ્જતદાર ખેલાડીઓ ઉભેલા હતા, તે જોતાં દાદીને સ્ટેજ ઉપર ઉતરવાની ઉલટ અને ઉમંગ ઉત્પન્ન થયાં હતાં. પોતાને માટે ખાસ લખાવેલા નાટકમાં ઉતરવા આગમચ, તે નાટક પોતે પોતાની રીત પ્રમાણે વાંચી જોવા પછી, તેવણે સેવટે નકકી ઠરાવ કીધો હતો, કે હાતમ બીન તાઇનો નાટક તેની તમામ યાંત્રીક સીનરી અને પરદા સાથ સ્ટેજ કરવો, અને તે ખેલમાં હાતમનો પાર્ટ તેવણે પોતે કરવા સ્ટેજ ઉપર ઉતરવું!

થઇ ચુકયું! આ ઠેરાવની ખબર એકાદ અઠવાડીઆમાં એવી તો જોશબંધ ગામમાં ફેલાઇ ગઈ, અને દાદી પટેલ હાતમ તરીકે સ્ટેજ ઉપર ઉતરનાર છે, તે વાત જાણુતાંજ લોક લાગણી પાર વીનાની ઉશ્કેરાઇ ગઇ. બે ત્રણ કારણુને લીધે આ ખબર પારસીઓમાં ચાલુ બોલાતી રેહી.

પેહલું કારણ તો એ હતું, કે દાદી પટેલ એક પારસી અકાબરનો દીકરો હતો! બીજું કારણ દાદી એક ઉંચી કીસમની કેળવણી

લેઇ ઉધરેલો જવાન હતો! ત્રીજુ કારણ એક લક્ષાધીપતી, ઉંચી પંક્તીના પારસી ખાનદાનનો તે એક M. A. થયલો દીકરો હતો!

આ અને એવાંજ બીજાં કારણોને લીધે જ્યારે કેટલાકો દાદીને સ્ટેજ ઉપર ઉતરેલો જોવા નારાજ હતા, ત્યારે દાદી જેવા ભણેલા, શીખેલા અને એક M. A. થયલા જવાનને સ્ટેજ ઉપર હાતમનો પાર્ટ કરતો જોવા, મોટે ભાગે પારસી કોમ તલપી રહી હતી! જાહેર પ્રજામાં એક જાતનો માનભરેલો ઉત્સાહ ફેલાઇ રહયો! દાદીને નજરે જોવા, સ્ટેજ ઉપર દાદી શું કરશે, અને સ્ટેજ ઉપર તે શું શું નવું દેખાડશે, તે જોવાની પ્રજામાં ભારે ઉલટ ફેલાઇ રહી હતી. નાટક કંપનીઓના નાહના તેમજ મોટા પેશકારો, દાદીને સ્ટેજ ઉપર હાતમ તરીકે જોવાની ધનતેજારી દાબી શકય નહી. અને એ હાતમનો ખેલ કયારે સ્ટેજ થનાર છે, તેની સઘળાઓ ચાલુ પુછપરછ કરતા રહયા હતા.

ફ્રીથના ફ્રામરોજના દીકરાનો દીકરો! આ ઓળખાણ બેશક માનભરી હતી. દાદીના બપાવાને પારસી કોમ તે વખતે માન સાથ ઓળખાતી હતી. ફ્રીથના ફ્રામરોજ તે કોઇજ નહી, પણ 'ફ્રામજી પટેલ,' પારસી કોમના તે વખતના એક આગેવાન અકાબર હતા. જેવણુની તારીફમાં, તે વખતની આગેવાન નાટક ટોલીઓએ, સ્ટેજ ઉપર અનેક વાર સ્તુતીના ગાયનો ગાયલાં, કે,:—

"મરદે આદમી ખરા,
મેહરબાંન * ફ્રામજી પટેલ વીરા.—૧
નજર તમારી રેહમવંતી
પારસીઓ ઉપર—
ગવાહ તુંએ રાખી કીરતી,
કીર્યાની લોઠી અસર—
મરદે આદમી ખરા—વીગેરે

* ફ્રામજી ફ્રીથ નામના અંગ્રેજ સાથ ભાગમાં વેપાર કરતા હોવાથી, એવણુને સઘલા ફ્રીથના ફ્રામરોજ કેહતા હતા. ફ્રામજી પટેલના દીકરા સોરાબજી પટેલ, તે જવાંન દાદી પટેલના પીતા થતા હતા. સોરાબજી પટેલ, પારસી કોમના એક આગેવાન અકાબર અને સરકારના માનીતા હતા. એવણુ ઘણીક લીમીટેડ કંપનીના ડીરેકટર હતા, અને સરકારે ૧૮૮૦) ના સાલમાં એવણુને મુંબઇના બારાંના એક ટ્રસ્ટી નેમ્યા હતા. ૧૮૬૧) ના સાલમાં, મહાલક્ષ્મીના દરીયામાં એક સખત તુફાન થવાથી, રૂપારેલ નામનો પડાઉ, જે સુરત તરફ જતો હતો, તે આખો પડાઉ ડુબી ગયે હતો. તે માહેલાં ઉતારૂઓને સલામત બાહર કાહડી, શેઠ સોરાબજી પટેલે તેઓને પોતાના બંગલામાં રાખી, તેઓની બરદાસ્ત અને માવજત કરી હતી.

આ ગાયન લગભગ ૪૫–૫૦ વરસ ઉપર મેં કોઇ નાટકમાં સાંભળેલું, મારી યાદદાસ્તને આધારે મેં આજે રજુ કીધું છે. જેઓના કુટુંબના વડવા માટે, આવાં ગાયન નાટકવાળાઓએ ગાયલાં, તેજ કુટુંબનો એક નબીરો, નાટક કરવા માટે વીકટોરીયા થીએટરના તખતા ઉપર ઉતરે, એ સાંભળી ખરેજ કોઇ કોઇને કચવાટ થાય, એ બનવાજોગ છે. પણ દાદી પટેલને જેઓ ઓળખવાતું અંગત માન ધરાવતા હતા' તેઓને દાદી પટેલની મુનસફી અને દાદી પટેલના કામની ઉપર વીશ્વાસ હોવાથી, તેઓ દાદીને મુબારકબાદી આપી ઉતેજન આપવા લાગ્યા હતા.

આયંદે જાહેર પ્રજાની ચટપટ, અને પારસી કોમની ઇંનતેજારીનો તે દીવસ આવી લાગ્યો! હાતમનો ખેલ વીકટોરીયા નાટકશાળામાં જોવા, મુંબઇની પચરંગી પ્રજાના ટોળેટોળાં ઉતરી પડ્યાં હતાં. મોટે ભાગે શ્રોતાજનો ખેલના કરતાં, દાદી પટેલ સ્ટેજ ઉપર કેવું કામ કરે છે, તે પોતાની નજરે નજર જોવા તલપી રહયાં હતાં. પારસી કોમના જવાનો, ખાસ કરી દાદીને ઉરદુ જબાંનમાં બોલતો સાંભળવા ઉતરી પડ્યાં હતા. ખાનસાહેબ નશરવાનજીનો તે એક 'માસ્ટર પીસ' હતો. અને તે દાદી પટેલ માટે ખાસ લખાયલો હોવાથી, ખેલના લખનારની ઉલટનોબી પાર હતો નહી! બરાબર નવ કલાકનો અમલ થતાંજ, ઝીના જેવા અવાજવાલો ચંગ વાગ્યો; ધીમી પડેલી ગ્યાસ લાઇટ એકદમ વધીને ભભુકદાર બળવા લાગી, લોકોએ તાળીના અવાજેથી વીકટોરીયા નાટકશાલા ગજાવી મેલી! કાંય!

કેમકે દાદી પટેલ હાતમના નાટકમાં, હાતમ તરીકે પેહલ્લાજ 'સીનમાં, પેહલ્લીજવાર દેખાવ દીયે છે!

---

(૪૪)

ઘંટનો અવાજ સાંભળતાંજ આખી નાટકશાળામાં બેઠેલા તમામ તમાશબીનોએ તાળીના અવાજોથી ગડગડાટ મચાવી દીધો. ભભુકદાર લાઇટનો બીજો હફતો તુરતજ થયો, અને ત્રીજો ઘંટ વાગ્યાની સાથ, વીકટોરીયા નાટક મંડળીનો પ્રખ્યાત પરસી પોલીસના દેખાવવાળો પરદો, ઉચકાવા સાથ હાતમના ખેલની શરૂઆત થઇ.

ખેલના પેહલા પ્રવેશમાં મુનીરશામી નામનો એક ખેલાડી, એક વેરાન બીયાબાનમાં હુશનબાનુ નામની એક ખુબસુરત ઓરતના પ્યારની જુદાઇમાં અફસોસ અને વીલાપ કરતો જણાય છે. આ ખેલાડીની હા-વ-જારીનો પુકાર સાંભળી, હાતમ તેની તલાશ કરતો સામી બાજુથી દાખલ થાય છે. હજી તો તમાશબીનો મુનીરશામીને જોઇ રહયા હતા, તેવામાં સામી બાજુએથી હાતમનું સ્ટેજ ઉપર આગમણ થતાંજ, અને લોકોને તેના દર્શન થતાંજ તેઓએ તેને ખુશાલીના પોકારો અને તાળીઓના ગગડાટોથી એવો તો વધાવી લીધો, કે હાતમે ધારણ કરેલું પોતાનું 'પોઝ' તે થોભાવી શકયો નહી, અને મોટા કચવાટ સાથ તેણે પોતાનો 'પાર્ટ' આગળ ચલાવ્યો, જેથી તેના સુંદર એકટીંગની અંદર સમાયલી બારીકીની ઘણાકોને સમજ પડી નહી.

મરહુમ દાદાભાઇ સોરાબજી ફરામજી પટેલ, M. A.



હાતમ બીન તાઇ તરીકે !

દાદી પટેલે પોતાને માટે લખાવેલા આ ખેલમાં હાતમનો ભાગ તેણે ખાસ, અભ્યાસ પછી રજુ કીધો હતો. એ ખેલમાં દાદીએ પોતાનો હુન્નર દેખાડવામાં કાંઇબી કચાસ રાખી નહી હતી. આખો ખેલ ઘણીજ ફતેહમંદી સાથ પસાર થયો હતો. વળી

તેમાં વીકટોરીયા નાટક મંડળીના, તમામ આગેવાન ખેલાડીઓએ ભાગ લેઇ, ખેલને ઉંચકી આપ્યો હતો. તેમાં ખાસ કરી, હુસન બાનુનો ભાગ પેસુ આવાંને બજાવી પોતાના બુલબુલી હલકે તમાશબીનોની પ્રસંશા મેળવી હતી.

થોડાક નાબુદ થયલા નાટકો!

પણ તે હાતમ આજે કયાં છે? મરહુમ નશરવાનજી ખાનસાહેબે લખેલા થોડાક Drama, જે દાદી પટેલે લખાવ્યા હતા, અને જેમાં મરહુમે પોતે આગેવાન પાર્ટ લઇ, જાહેર પ્રજા ઉપર પોતાના એકટીંગ વડે જે છાપ મારયો હતો, તે નાટકો આજે કયાં છે? આ લેખના આગલા ભાગમાં ખાનસાહેબના લખેલા તે ખેલો, મેં જણાવ્યા હતા. તે નાટકો જે ઢબે લખાયા હતા, અને દાદી પટેલે તે ભજવ્યા હતા, તે નાટકોનું પાછળથી ખુન થયેલું જણાયું છે! ખાનસાહેબના લખેલા 'દ્રામા'ને મરહુમ કુંવરજી નાજરની માલે-કીમાં પાછળથી જયારે વીકટોરીયા કલબ ગઇ, ત્યારે તે માહેલા કોઇ કોઇ નાટકો મુનશી રઉનકને સ્વાધીન કીધેલા જણાયા છે, જેણે તે નાટકોને પોતાની મરજી પ્રમાણે કાવ્ય રચનામાં રચી દીધા હતા, અને જે પાછળથી મરહુમ ખુરશેદજી બાલીવાલાની માલેકીમાં વીકટોરીયા કલબ ગયા પછી, મુનશી રઉનકને ગળે તેના કરતા તરીકેનું માન ઠોકાયું હતું!

ત્યારે સવાલ. જે આજે ઉભો રહે છે, કે ખાનસાહેબ નશરવાનજીની કલમથી વીકટોરીયા કલબ માટે લખાયલા નીચલા 'ડરામા,' અને 'ઓપેરા' કાંહ છે?

ડરામા.

૧ હાતમ બીન તાઇ.
૨ બાગો બહાર! (શેકસ્પીઅરનો કીંગ લીઅર).
૩ આલમગીર (શેકસ્પીઅનો સીમ્બેલીન).
૪ જવાંબખ્ત (શેકસ્પીઅરનો મરચંન્ટ ઓફ વેનીસ).
૫ ગોપીચંદ.
૬ ગુલ બા સનોબર.
૭ ગુલે-બકાવલી, (વીગેરે).

ઓપેરા.

૮ બેનઝીર—બદરેમુનીર.
૯ જહાંગીર શાહ—ગઉહર.
૧૦ શકુંનતલા.
૧૧ પદમાવત (વીગેરે).

ખરી વાત છે, અને તે જાણીતી બીના છે, કે વીકટોરીઆ કલબના મુનશી રઉનકે હાતમ તાઇના ખેલને પોતાની કાવ્ય રચનામાં રચી દીધો હતો. છતાં અસલ

સવાલ જેમનો તેમ ખડો રહે છે, કે ઉપર જણાવેલા અસલ ખેલો, જે ખાનસાહેબે લખ્યા હતા, તેનું શું થયું ? તે ક્યાં ગયા ? અને તે કોણ પાસ રહી ગયા ? ચાલવા દો. હું ધારૂં છું કે તે ખેલો ક્યાં અને કોણ પાસે છે, તે હું કલ્પી શકું છું ! તે ખેલો અગર જો આજે કોઇ કારસાઝ નાટકકારોના હાથમાં આવે, તો તેથી નાટકના આજના હાલહવાલ જમાનામાં, તેઓને ઘણું જાણવાનું અને ઘણુ શીખવાનું મલે !

દાદી પટેલ એક એક્ટર તરીકે !

પણ એ વાતને હવે હીર્યાજ પડતી મુકવી ઘટે છે. દાદી પટેલે ઉપલા સઘળા ખેલો, એક પછી એક વીકટોરીયા કલબ સાથે તખતા ઉપર રજુ કરેલા મને યાદ છે. મેં તે જોયલા મને હજી હાદ છે. તેમાં આલમગીરના ખેલમાં દાદી પટેલે જે કામ કરી દેખાડયું હતું, તેના જેવું કામ, આજ સુધી કોઇએ પારસી ખેલાડીએ કીધું નથી, અને સંજોગો જોતાં, બીજાં પચીસ વરસમાં દાદી પટેલને ભુલાવી તેની ખાલી પડેલી જગ્યા પુરનારો, કોઇ બીજો દાદી પટેલ પેદા પડે, એમ મનાતું નથી.

કમનસીબે દાદી પટેલને એક ડીરેકટર તરીકે અનુભવવાની મને તક મલી હતીજ નહી. પણ એ નામી ખેલાડીને એક 'એકટર' તરીકે જોવાની, અને અનુભવવાની અનેક તક જે મને મલી હતી, તેથીજ હું આજે તેને યાદ કરૂં છું. હાતમના ખેલમાં અનેક તીલેસમાતી દેખાવો મરહુમે આમેજ કરેલા હતા. નજરની સામે બદલાઇ જતા દેખાવો, જે આજે ઘણીક નાટકશાળામાં બંદુકના ધડાકા સાથ ધરાધર પરડાના ફાલકાં ફેરવાઇ જઇ રજુ થાય છે, અને રંગીન ચકરડાંની ચકરડીઓથી સ્ટેજને સજાવી, જોનારાઓ પાસ વાહ–વાહ બોલાવે છે, તે પ્રયોગો મરહુમ કુંવરજી નાજરની એલફીનસ્ટન કલબમાં જ્યારે સાધારણ થઇ પડયા હતા, ત્યારે દાદી પટેલે હાતમના નાટકમાં આવતો એવોજ એક દેખાવ, બીલકુલ નવીજ ઢબ ઉપર, નવીજ યુકતીથી સ્ટેજ ઉપર રજુ કરાવ્યો હતો, જેથી તે દેખાવ કેવી રીતે બદલાઇ જતો હતો, તે જોવા તમાશબીન આલમ ફરી ફરી આવતી હતી. આ જાતનું "ત્રાન્સફરમેશન' ત્યાર પછી કોઇએ સ્ટેજ કીધું નથી, અને આજ સુધી તે સ્ટેજ થયું પણ નથી.

હાતમનું પત્થરમાં બદલાઇ જવું, એ દેખાવ, તેમજ હમામે બાદગરદના પાણીમાં હાતમનું ઘસડાઇ જવું, એ દેખાદોમાં મરહુમે પોતાની કાબેલીઅતથી જે એકટીંગ કરી દેખાડયું હતું, તે હજી તેના જોનારાઓને યાદ રહી ગયું હશે. આલમગીરના ખેલમાં પણ તેવીજ ધુમ મચાવી હતી ! એક હોશ ખોઇ બેહોશ થઇ જમીન ઉપર પડતો આદમી, કેવી રીતે પડવો જોઇયે, અને બેભાન થયા આગમચ તેના તન અને મનની હાલત કેવી હોવી જોઇયે, અને તેની તેવી દીંગમુઢ હાલત અંદર તે શખ્સ કેવી રીતે જમીન ઉપર પડવો જોઇયે, તે સઘળું દાદી પટેલે આલમગીરમાં પોતાના પાર્ટ દરમ્યાન ભજી બતાવ્યું હતું.

'સોલીલોકી' રજુ કરવાની દાદી પટેલની રીત, જેટલી વીચીત્ર, તેટલીજ તે નકલ કરવા જોગ હતી. અફસોસ જેવું તો એ હતું, કે નકલ કરાવવા માટેજ દાદી પટેલ

પોતાનું એકટીંગ રજુ કરતા હતા, પણ નકલ કરનારાજ જો હોય નહી, તો નકલ કોણ કરે! કોઇપણ દાદી પટેલના એકટીંગના રમ્ઝને પોંહચી શક્યું નહી, અને મને શક છે, કે હવે કોઇપણ તેને પોંહચી શકે!

વીકટોરીયા કલબથી દાદી પટેલનું છુટું પડવું.

કુનરતાનની સરજત તેને જે કાંઇ સુઝ પાડે છે, તેજ પ્રમાણે તે વર્તે છે. કુંવરજી નાજર સાથની નાટકી ભાગીદાર છુટી કરવાનું દાદી પટેલને કોઇ કમબખ્ત ઘડીએ, તેની સરજતે તેને સુઝ પાડયું! બંને ભાગીદારો વચે બનેલા નાહના મોટા બનાવો, અને મતફેરીની બાબદો અત્રે રજુ કરવાની જરાએ જરૂર નથી. એટલુંજ જાણવું પુરતું છે, કે દાદી પટેલ અને કુંવરજી નાજર વચ્ચે ચાલતી ભાગીદારી બંને જનોની એકમતી અને સમજુતીથી છુટી પડી હતી. કુંવરજી નાજરે વીકટોરીયા કલબ અને તેનો તમામ માલ-મતાએ પોતાને હસ્તક લેઇ લીધો, અને દાદી પટેલ, તે સઘળું નાજરને સ્વાધીન કરી છુટા પડયા. અને એવી રીતે વીકટોરીયા નાટક મંડળી પાછી કુંવરજીની માલેકીમાં ગઇ.

અગર જો વીકટોરીયા નાટક મંડળીની ભાગીદારી છોડી દાદી પટેલ નાટકના કામથી હાથ ઉઠાવી અલગા થઇ જતે, તો જે કમનસીબ હોનારત પાછળથી, મરહુમના હકમાં બનવા પામી, તે બનવા પામતે નહી, અને ભરજવાન ઉમરે પોતાના કીંમતી જીવનો ભોગ તે આપતે નહી! પણ બનવાના જે બનાવો, તે બન્યા વગર રેહતાજ નથી! ભાગીદારી છુટી થતાંજ, યા તો છુટી થતી હતી તે દરમ્યાનજ દાદી પટેલે વીચાર મુકરર કીધો, કે મારે નવી કલબ કાહડી, નવું કામ ચાલુ કરવું! આ પોતાનો ઠરાવ દાદી પટેલે તેજ વખતે અમલમાં મુકયો. કુંવરજી નાજર દાદી પટેલની આ નવી હીલચાલ જોઇ તેવણપી પોતાની સાહુચેતીમાં રેહવા લાગ્યા! કુંવરજીના ગળામાં જુનો ફાસો નવેસરથી પાછો પડયો હતો. વીકટોરીયા કલબના માલેક બની તેવણ એખલા શું કરે? નાટકો કોણ કરે? શું કુંવરજી સ્ટેજ ઉપર આવી નાટક કરે! તેમજ બીજા હાથ ઉપર દાદી પટેલનીબી હાલત તેવીજ થઇ પડી હતી! વીકટોરીયા કલબ નાજરને આપી દીધી ખરી, પણ તેવણની સઘળી મગરૂરી પોતાના વફાદાર એકટરો ઉપર લટકેલી હતી!

દાદી પટેલે ઉર્દુ નાટકોમાં પાર્ટ કરી પોતે મેળવેલી ફતેહ અને લોકપ્રીયતા ઉપર મુસ્તાક બની, પોતાના માનીતા અને અંગત મીત્ર જેવા ખેલાડીઓને પોતાની સાથે પોતાની નવી કલબમાં આવવા, અને પોતાનાં નવાં કામમાં તેવણને વળગી રેહવાની હવે તેવણ તજવીજ ઉપર તજવીજ કરવા લાગ્યા!

પણ ધાર્યા પ્રમાણે દાદી પટેલની આ હીલચાલ, અત્યાર આગમચની ખાનગીમાં થઇ ચુકેલી જણાઇ હતી. કેમકે કુંવરજી નાજરે જયારે વીકટોરીયા કલબ ખંડી લીધી, ત્યારે

દીલ્લી શેહરમાં સરકારી ઉત્સવ

ની કાંઇક વકી હતી, અને આ ઉર્દુ ખેલો કરનારી વીકટોરીયા કલબને તે પ્રસંગે દીલ્લી લેઇ જઇ, ત્યાં ઉર્દુ ખેલો કરાવી, દોલતનો ડુંગર હાથ કરવાની ઉમેદ કુંવરજીએ

રાખી હતી. એટલે દેખાઇતું હતું, કે દીલ્લી લઇ જવા માટે નામી ખેલાડીઓની તેવણને પણ જરૂર પડી હતી. એક હાથ ઉપર દાદી વીક્ટોરીયા ક્લબના આગેવાન ખેલાડીઓને ખાનગીમાં બોલાવી પોતાને ત્યાં સામેલ થવા સમજાવે, અને બીજા હાથ ઉપર દીલ્લી લઇ જવા માટે કુંવરજી નાજર વીક્ટોરીયા કલબના ખેલાડીઓને પોતાની સાથે દીલ્લી આવવા સમજાવી, નવાં લખત કરવા જણાવે. વળી એજ પ્રસંગે દીલ્લી લઇ જવા માટે પેહલી પંક્તીના સુરીલા અવાજવાળા સ્ત્રીના પાર્ટ કરનારા ખેલાડીઓની ખુટ પડી! કુંવરજી પોતાના માનીતા ખેલાડીઓને સમજાવી કહે કે "તમેજ કંપનીના ધણી છેઓ, તમેજ કંપની ચલાવો, અને દીલ્લી ચાલો!" પણ કોઇ સારા ગાનાર છોકરાઓ વગર દીલ્લી જવાય નહી! કેમકે ગાયન ગાવા દીલ્લી જવું, અને લુહારવાડે સોય વેચવી, એ બરોબર છે.

નવી નીરાસી—અને નવી ખુશાલી!

એવા કટોકટીના વખતમાં નવાં એક્ટરો મેળવવા માટે કુંવરજી નાજરે છોડેલા ખાનગી જાસુસો, એક દાહડો એવી ખબર લાવ્યા, કે પેસુ આવાંને પટેલ સાથ જવાનું લખત કીધું, અને થોડાક બીજા એકટરો પણ પટેલની નવી કલબમાં જવા કબુલ થઈ ગયા છે!

થઇ ચુક્યું! આ કમનસીબ સમાચાર મલતાંજ કુંવરજી નાજર છેડાઇ પડયો, અને 'વોર–ડીક્લેર' કીધી! 'મારી કલબના એકટરોને ફુસલાવી, એવી રીતે ખાનગીમાં લખત કરવાનું કામ વીવેકનો ભંગ કરનારૂં છે.' કુંવરજીની ગણત્રી મોટે ભાગે પેસુ આવાંન ઉપર હતી, કેમકે ઉર્દુ ખેલોમાં સ્ત્રીના પાર્ટ કરવા માટે, તેમજ એક ગાયનકાર ખેલાડી તરીકે, દીલ્લી માટે તે હદબહાર ઉપયોગી થઇ પડતે. તુરતજ કુંવરજીએ નવા તેમજ જુના એકટરોની ભરતી હવે જાહેરમાં કરવા માંડી. પણ દાદી પટેલ કાંઈ પાછળ હટે તેવો નહી હતો. તેણે પણ છડેચોક નવા તેમજ જુના ખેલાડીઓને ચુંટીને, પોતાની નવી કલબ માટે જમાવવા માંડયા!

એવે કટોકટ વખતે, અને નીરાસીને સમે, કુંવરજી નાજરે નવા પોરીયાઓ મેળવવા માટે રાખેલા મદદગારે એક દાહડો સમીસાંજના આવી એક એવી ખુશખબર કહી, કે કુંવરજી નાજરની નીરાસી લગભગ ઉડી ગઇ, અને નવી ખુશાલી તેવણના ચેહરા ઉપર ખીલી નીકળેલી જણાઇ.

પાયધોની પરથી મલી આવેલો કીમતી હીરો!
"એદુ કોલેજર!"

કુંવરજી નાજરના મદદગાર રશીકે, નવી ખુશખબર જે તેવણને લાવી આપી, તે એ હતી કે પેસુ આવાંનની ગરજ સારે એવો એક જવાન છોકરો, પાયધોની ઉપરથી મલ્યો છે, અને તે તમારી કલબમાં જોડાવા રાજી થયો છે. વળી તેની સાથે એજ

પાયધોનીના તબેલામાં, પોતાના બાપની સાથે કામ કરતો એક બીજોબી જવાન છોકરો મલ્યો છે, અને તેબી દીલ્લી આવવા કબુલ થયો છે.

કુંવરજીએ એ બંને જણાઓનું નામ પુછતાં જણાવ્યું, કે એદુ કોલેજરને નામે પાયધોની ઉપર જે છોકરો જાણીતો છે, તે દીલ્લી આવશે, અને એક બીજો છોકરો જેનું નામ 'અરદેશર' કેહવાય છે, પણ સઘળાઓ તેને 'અદા' નામથીજ બોલાવે છે, તેણેબી આવવા કબુલ્યું છે.

હવે બીજું શું જોઇયે? હવે કુંવરજી નાજરનો આ નવો સ્ટાફ કેવો હતો, અને તેમાં કોણ કોણ હતા, અને તેઓ કેવા કેવા હતા, તેઓના નામનું એક લીસ્ટ મેં મારી કાચી-પાકી યાદદાસ્ત ઉપરથી ઉપજાવી કહાડયું છે, તે હું રજુ કરવા ધારૂં છું. પણ જરા સબર! જ્યારે વીકટોરીયા કલબના એકટરોનું લીસ્ટ રજુ કરૂં, ત્યારે દાદી પટેલના સ્ટાફને શું પડતો મુકવો ધટે છે? ના, તે લીસ્ટબી મેં ઉપજાવી કહાડયું છે. બનવા જોગ છે કે ૫૫) વરસ ઉપર ચાલતી આ બે કલબના પારસી ખેલાડીઓમાંથી હું કોઇના નામ ભુલી ગયો હોઉં! એમ તો સાથે ગયલાઓમાં બીજા અલફાતુઓ તો હશેજ, પણ આગેવાન ખેલાડીઓના નામ ભુલાઇ ગયા હોય, એમ હું ધારતો નથી. જરા સબર કરો, એ બંને લીસ્ટ આવતી વખતે તમે તપાસી લેજો.

(૪૫)

આ સમાચાર કુંવરજી નાજરને ઘણાજ આવકારદાયક થઇ પડયા હતા. એદુ કોલેજરનું નામ અત્યાર આગમચ તેવણુના કાન ઉપર અડછટુ આવેલું તો હતું, પણ જયાંસુધી બીરાદર પેસુ આવાંન વીકટોરીયા કલબમાં પડી રહેલો હતો, ત્યાં સુધી કુંવરજી નાજરે એદુ કોલેજરને માટે સેહજબી કનવાર કે દરકાર કીધી નહી હતી!

અને તેમ કરવાના કુંવરજીને અનેક કારણો હતાં. હું તે સઘળાં કારણો અત્રે લંબાણથી દર્શાવવા રાજી નથી, પણ તે સઘળાં કારણોમાં એક મુખ્ય કારણ એ હતું, કે એદુ કોલેજર જે જાતની જીંદગી તે વખતે ગુજારતો હતો, તે કુંવરજી નાજરને ઘણીજ કમપસંદ હોવી જોઇયે!

એ એદલજી દાદાભાઇનું નામ 'એદુ કોલેજર' શા ઉપરથી પડયું, તે હું પોતે આજ સુધી જાણુતો નથી, જો કે તે વખતની તમામ નાટકી આલમ, મરહુમને કોલેજરને નામેજ ઓળખતી હતી. પણ એ

એદુ—કોલેજર

એક મહાન એકટર થઇ ગયો છે. તેના ગુણ—અવગુણનું દાસ્તાન, હું વીગતવાર રજુ કરનાર છું. એદુ કોલેજર તે વખતે પોતાની ગરીબીને લીધે, જે રીતે પોતાનો વખત ગુજારતો હતો, તે એક મોભાદાર કલબમાં જોડાવાને પુરતી લાયકાત નહી હતી! તોપણ પેસુ આવાંને જયારે દાદી પટેલ સાથ જોડાઇ જવાનું જાહેર થયું, ત્યારે પેસુ આવાંનની જગ્યા પુરવા માટે, એજ એદુ કોલેજરને આજે માન અને આવકાર સાથે વીકટોરીયા કલબમાં સામેલ કરવા માટે કુંવરજી નાજર તઇયાર થઇ ગયા હતા! મતલબ અને ગરજ, એ અજબ ચીજ છે!

એદલજી કોલેજર જેવો એક જવાન પારસી ખેલાડી હાથ લાગવાથી, કુંવરજી પોતાની નંરાસી ભુલી ગયા, અને ખુશાલીમાં આવી, દીલ્લી આવનારા ખેલાડીઓના નવાં લખતો, ચપોચપ કરવા માંડયાં. કબુલાત આપી ગયલા સઘળાઓએ પોતાની કબુલાત પ્રમાણે નવાં લખત ઉપર સહી કરી આપી હતી.

કુંવરજી નાજરના 'એકટરોનો નવો 'સ્ટાફ.'

ધ્યાન રાખજો મેહરબાન, આ બનાવો ઇ૦ સ૦ ૧૮૭૪–૭૫ ના વરસમાં બને છે. એટલે આજથી ૫૫) વરસ ઉપરની વાત ફકત મારી યાદદાસ્તને આધારે હું તમારી આગળ રજુ કરૂં છું.

થોડાક જાણવાજોગ બનાવો, જો કે એ વરસના અરસાની અતરાફમાં બની ગયલા છે, અને બેશક તે જાણવા અને નોંધવા લાયક છે, તે નોંધવાની હું ભુલ કરવા માગતો નથી. દરેક જુના જરથોસ્તીને યાદ હોવું જોઇયે, કે ૧૮૭૪ ના સાલેમાં મુસલીમોએ પારસી કોમ સામે એક આફતકારક હુલ્લડ મચાવ્યું હતું, અને કોમના વીરલાઓએ પારસી કોમના બચાવમાં કંમર બાંધી, કોમમાં શાંતી અને સુલેહ ફેલાવી હતી.

વળી એજ સાલના આગલા ભાગમાં, રાસ્ત ગોફતારે પારસી પંચના અધીપતી મરહુમ નસરવાનજી હોરાબજી આપઅખતીઆર ઉપર એક બદનકસીનો મુકદમો ચલાવ્યો હતો. તે મુકદમો કોમમાં ચકચારભરેલો થઇ પડયો હતો. અને તે પાછળથી સેસન્સમાં નોંધાયા પછી તેની માંડવાળ થઇ હતી.

આવી ધમાધમીના વખતમાં આ બે નાટક મંડળીના માલેકોએ, પોતાની કલબ માટે એકટરો મેળવી લેવાની, અને પોતાના કામને શોભા અને જસ મળે એવા વીચારથી, બંને મંડળીના માલેકો એકટરો જમાવવાની તજવીજમાં પડયા. મરહુમ કુંવરજી નાજરે વીકટોરીયા નાટક મંડળી દાદી પટેલ પાસથી ખંડી લીધા પછી દીલ્લી જવાની તઇયારી કરવા આગમચ, પોતાનો 'બેચ' બનાવવાની ઘણીજ કાળજી કરતા હતા. હવેજ તેવણને માલમ પડયું, કે દાદી પટેલ સાથ કામ કેવી રીતે લેવું જોઇયે।

લખતો તો થવા લાગ્યાં, પણ કોઇ સવાલ કરશે, કે દીલ્લી લેઇ જવાની મુસાફરી માટે, એકટરોને કેવા એક ધરખમ પગાર કુંવરજીએ આપ્યા હશે? હું તેનો કાંઇ તમુને ઝાંખો નહી પણ ઝકઝકતો ખ્યાલ આપું છું.

ખુરશેદજી બાલીવાળા જેવો વીકટોરીયા કલબનો એક આગેવાન એકટર, તેમજ ફરામજી અપુ જેવા એક કસાયલા દ્રામેટીક એકટરને, પેહલ્લી પંકટીના પગારદાર ખેલાડી તરીકે માસીક રૂપીઆ ૬૦). એ પછી ઉતરતા પગારો ૫૦–૪૫ ૪૦) અને ૩૫) સુધીના હતા. એ પગારે સઘળા સાહેબોએ લખતો સહી કીધાં હતાં. એકટરો દીલ્લી જવાની ઉલટમાં આવી ગયા હતા, કેમકે ત્યાં એક સરકારી ઉત્સવ માટે ધામધુમની ખબર જાહેર છાપામાં છપાઇ ગઇ હતી. કુંવરજી નાજરની ૧૮૭૪)ના સાલમાં દીલ્લી ગયેલી વીકટોરીયા કલબમાં નીચલા પારસી એકટરો સામેલ થયા હતા. ભાઇ સાહેબ, માફ કરજો, અગર જો કોઇ સાહેબના નામો રેહી ગયા હોય તો તે બનવા જોગ છે. પણ સઘળા આગેવાન ખેલાડીઓના નામોની મેં બારીક નોંધ ઉપજાવી કાહડી છે.

૧૮૭૪ માં વરસમાં વીકટોરીયા કલબમા કુંવરજી નાજર સાથ દીલ્લી ગયેલા પારસી 'એકટરો.'

૧ સી. એસ. નાજર, (માલેક)
૨ ખુરશેદજી મેરવાનજી બાલીવાલા (ખબરૂ કોબાદ)
૩ ફરામજી દાદાભાઇ અપુ. (ફરામ અપુ)
૪ ડોસાભાઇ ફરદુનજી મગોલ. (ડોસુ એક દસ્ત)
૫ ધનજીભાઇ ખરશેદજી ઘડીઆળી (ધનજી ઘડીયાળી)
૬ મેરવાનજી મનચેરજી બાલીવાળા (ખસરૂના બાવા)
૭ કાવસજી માણેકજી કનત્રાકટર (વહુજી)

૮ પેસ્તનજી રૂ. લાલી (પેસુ લાલી)
૯ નશરવાનજી લાલી (નસવાન લાલી)
૧૦ એદલજી દાદાભાઇ (એદુ કોલેજર)
૧૧ અરદેશર (અદો!)
૧૨ સોરાબજી બાદશાહ (જર્નાલીસ્ટ)
૧૩ પેસ્તનજી માદન (પેન્ટર)
૧૪ અરદેશર ચીનાઈ (અરદેશર મામો)
૧૫ Kraus (કરોસ.) (જર્મન પેન્ટર)
૧૬ બમનજી ગરદા.
૧૭ એક પારસી બાવરચી.

એટલાં સોલ માણસોથી કાંઇ મોટા મોટા દ્રામા અને ઓપેરા થઇ શકે નહી. હું ધારૂં છું કે હજી થોડાક બીજાઓબી હોવા જોઇયે, પણ મને તેઓના નામ આ પ્રસંગે યાદ પડતાં નથી. મુખ્ય અને આગેવાન એકટરો તો એટલાજ હતા.

દાદી પટેલની 'ડે-કલબ'ના પારસી 'એકટરો'

પણ હવે દાદી પટેલની તરફ આપણ નજર કરીએ. તેવણે પણ પોતાની કલબ જેમ બને તેમ સધ્ધર પાયા ઉપર મુકવાના હેતુથી, વીકટોરીયા કલબના ઘણાક ખેલાડીઓને સમજાવવામાં કાંઇબી કચાસ રાખી હોય, એમ મનાતું નથી. તેવણે ખશરૂ કાબાદને સમજાવવામાં કાંઇ બાકી રાખ્યું નહી હતું. ગરીબ બીચારો ખશરૂ! તેની ઉપર ચાલેલાં દર્બાણ અને સમજાવટની જેમ જેમ કુંવરજી નાજરને ખબર મળતી જતી, તેમ તેમ કુંવરજીના હાંજા લેવાઇ જતાં હતાં. 'જો ખરશેદ! મને ફસાવતો ના દીકરા!' એમ બીચારા નાજર અવારનવાર બોલતા સંભળાયા હતા! પણ ખુરશેદે અંતે એક દાહડો દાદી પટેલને રોકડું પરખાવી નાજરને ત્યાં સખત સહી કરી પરવારી ગીયો, ત્યારેજ કુંવરજીનો જીવ ઠર પડયો હતો!

ઓરીજીનલ વીકટોરીયા થીએત્રીકલ કલબ.

૧ દાદી પટેલ M. A. (માલેક)
૨ નશરવાનજી મેરવાનજી ખાનસાહેબ.
૩ પેસ્તનજી ફરામજી માદન (પેસુ આવાંન)
૪ નશરવાનજી ફ. માદન (નસલુ તેહમીના)
૫ કાવસજી નશરવાનજી દારૂવાલા (કાઉ-રોદાબે)
૬ સોરાબજી ફરામજી ઓગરા. (આજના જાણીતા કોમીડીઅન.)
૭ ખરશેદજી મોમનીબસ! (ખટલો આમનીબસ)
૮ ખારશેદજી અસ્પંદીઆરજી ચીનાઇ.
૯ ભીખાજી કલીઆણીવાલા (ભીખુ સ્યાવક્ષ)

૧૦ નશરવાનજી દોરાબજી પટેલ.
૧૧ નશરવાનજી પ્રોમ્પટર. (નશલુ પ્રોમપ્ટર)
૧૨ જમશેદજી દાજી. (જમસુ મનીજેહ)
૧૩ ધનજીભાઇ ફરદુનજી દુમસીઆ. (ધનજી સોહલો)
૧૪ નવરોજી આરસીવાલા (નવલુ પેગુ)
૧૫ રતનશા જીવાજી દાવર (કોમીડીઅન)
૧૬ રૂસતમજી દાદાભાઇ ચીનીમીની.
૧૭ ગનપત પેન્ટર
૧૮ એક પારસી બાવરચી.

કુંવરજી નાજરે વાપરેલી 'લાલ બુઝોરગી!'

ભાઇ સાહેબ, હવે જરા વીકટોરીયા કલબ તરફ નજર કરો! બખત તો એકટરો સાથ થઇ ગીયાં! એટલે સહુ સારૂજ થઇ ગયું. દીલ્હી જવાનો દીવસ બી નજદીક આવતો ગયો, એટલે એકટરોની ચટપટનોબી પાર વધતોજ ગયો.

ચાલો, ફલાની તારીખે બોરીબંદરના સ્ટેશન ઉપરથી સાંજના ઉપડવાનું છે, વાસ્તે સહુ કોઇએ પોતાના કપડાંની પેટી અને બીછાંણા ફલાને દાહડે નાટકશાલામાં બે દાહડા અગાઉથી મોકલી આપવાં! આ હુકમમાં કાંઇ ઝાજી આપખુદી જેવું તો હતુંજ નહી, પણ પેટી–પેટારા નાટકશાળામાં આવી ગયા પછી, કુંવરજી નાજરે પોતાની 'લાલ બુઝોરગી' એકટરોને જાહેર કીધી, કે દરેક એકટરને જુદા જુદા નાટકોમાં પાર્ટ કરવા જે કાંઇ ડરેસ મળે, તે સઘળા ડરેસ તે લોકોએ, પોતાના કપડાંની પેટીમાંજ પોતાની સાથેજ રાખવા. અને ખેલની રાતે બાહરગામમાં તે ડરેસ લઇને તેઓએ નાટકશાળામાં જેવું, અને ખેલ પુરો થતાં, તે ડરેસ પોતાની સાથે લઇ ઘેરે આવવું.

કુંવરજી નાજરની લાલ બુઝોરગીનો આ એકજ દાખલો નથી, પણ એવા તો અનેક નોંધી શકાય એમ છે.

વળી નાટકના તે જમાનામાં, એટલે ૧૮૭૪ ના સાલમાં, નાટકમાં ગવાતાં ગાયનો, આજના વખતમાં જેમ હારમોન્યમ ઉપર ગવાય છે, તેમ તે વખતે ગવાતાં નહી હતાં. તે વખતે નાટકમાં ગવાતાં ગાયનો, સારંગી અને તબલા ઉપર ગવાતાં હતાં પણ કુંવરજી નાજરે પોતાના ખેલોમાં ગવાતાં ગાયનો સાથે જે સારંગી અને તબલા-વાલા મુંબઇમાં કામ કરતા હતા, તેઓને પોતાની સાથે બાહરગામ લઇ જવાની ના પાડી, એવું કહીને, કે દીલ્હીમાં સારંગીવાળા ઘણા મળશે! જેઓ ગાનારા હતા, તેઓના દીલ ઘણાજ આઝુંદે થયાં હતાં, પણ તેઓ લાચાર હતા. આખરે સારંગી-વાળાને દીલ્હી નહી લઇ જવામાં કુંવરજીએ જે મુરખાઇ કરી હતી, તે દીલ્હી ગયા પછીજ માલમ પડી હતી. પણ તે તો એક બીજોજ કીસ્સો છે!

મજકુર એકટરોની ઓળખ-પારખ!

નાજરના ખેલાડીઓ માંહેલા થોડાક ખેલાડીઓની ઓળખ આપવી હું જરૂરની ધારૂં છું. ખશરૂ કોબાદ, ઉરફે ખુરશેદજી બાલીવાલા એક એવા ખેલાડી હતા, કે જેની રીતીનીતી વીશે કોઇબી શખ્સ એક આંગળી પણ દેખાડી શકે એમ હતું નહી. કલબમાં તે સઘળાનો માનીતો હતો. રીહરસલ કરવા-કરાવવાનો અખત્યાર, તેને હાથ હતો. કોઇનાબી દીલ દુખવીને કામ લેનાર, કે કામ કરાવનાર તે નહી હતો. સ્વભાવે મોજીલો, પોતાના કામ ઉપર ચુસ્ત, અને જરૂર પડવે કલબના ખેલોમાં અગરજો ગાયન જોડવાં પડે, તો તે જોડકામ કરવાની પેહલેથીજ ખશરૂને આદત પડી હતી.

૨ ફરામજી અપુ:-સંપુરણ મોજીલો સ્વભાવ-ખાઇપીઇ આરામમાં વખત ગુજારનાર-એક અચ્છો 'ડ્રામેટીક એકટર.' ગાયનકાર તરીકે બીલકુલ 'ફેલ્યોર' પોતાની એલફીન્સ્ટન કલબમાંથી કુંવરજી નાજરે આ દીલ્લીની મુસાફરી માટે ખાસ લઇ લીધેલો ખેલાડી! પાછળથી વીકટોરીયાનો માલેક.

૩ ડોસાભાઈ મગોલ:-મોજીલો સ્વભાવ-ભડભડયો બોલનાર-પરશ્યન ઝોરાસ્ત્રીયન કલબમાં 'એકદસ્ત'નો પાર્ટ કરી જાણીતો થયલો-મોટે ભાગે 'ડોસુ એકદસ્ત'ની ઓળખે ઓળખાતો-ગાયનકાર તરીકે જાણીતો થયલો. પાછળથી વીકટોરીયા કલબનો માલેક.

૪ ધનજીભાઇ ઘડીયાલી:-એક એકટર તરીકે ઘણુંજ મોઠું કામ કરનાર-પ્રોપરટીમેન તરીકે, તેમજ કલબની આવક-જાવકનો હીસાબ રાખનાર-કેશીયર. પાછળથી વીકટોરીયાનો માલેક.

૫ કાવસજી માણેકજી કંત્રાકટર:-કુંવરજીનો માનીતો 'વહુજી'ના એલકાબથી ઓળખાતો-ગાયન ગાનારો-ઇંગ્રેજી ભણેલો-લેડીના પાર્ટ કરનારો-દદી પટેલની કલબ માંહેલા ચોકકસ ખેલાડી સાથ દોસ્તી હોવાથી, તે કલબના સમાચાર મેળવનારો.

૬ પેસ્તનજી લાલી:-કોમીક ખેલાડી-વાણીયાના પાર્ટ કરનારો-તાલીમબાજ-પણ બીછાણાની આગળ હંમેશાં દારૂની બાટલીવાળો-બથંગ દારૂ પીનારો-દારૂ પીધા વગર પાર્ટ થઇ શકે નહી એવો.

૭ એદલજી દાદાભાઈ:-નાજરને અચાનક મલી ગયલો ગાયનકાર લેડી ખેલાડી-મધુરા અવાજવાળો-ભેજાંમાં ગુમાનવાલો-ઝનુની-હીંમતવાળો-નાચ કરવામાં કાબેલ-નખરાં કરવામાં જબરો-દેખાવળો-પતલા બાંધાનો છોકરવાદી દેખાવનો-સંગીતમાં પુરો.

૮ અરદેશર:-પાયધોનીના તબેલામાંથી મલી આવેલો-કોમળ વચનો-ગાયન ગાનારો-નાચી શકે એવો-ગુમાનવાળો-બહુ રમુજી-કલબમાં દરેક જણુને 'અદાના' નામે ઓળખાયલો-ઝનુનવાળો-અવીવેકી,-ઠીંગણા બાંધાનો. (આ ખેલાડીએ લાંબો વખત સ્ત્રીના પાર્ટ બજાવ્યા પછી, કમનસીબે તેને રમતપીતનું દરદ ચેહરા ઉપર લાગુ પડયું હતું, જેથી નાટક તખતો ફરજીયાત મુકી દેવો પડયો હતો.)

દાદી પટેલના એકટરોની ઓળખ.

કુંવરજી નાજરના ખેલાડીઓની ઓળખ આપ્યા પછી, હવે દાદી પટેલના ખેલાડીઓની ઓળખ આપવી જરૂરની છે. એ કલબના થોડાક ખેલાડીઓની કેટલીક ઓળખ હું અત્યાર આગમચ આપી ગયો છું. એટલે આ પ્રસંગે જેઓને હું ઓળખતો હતો, તે લોક માટે જણાવવું જરૂરી બાબતનું ધારૂં છું.

૧ પેસ્તનજી માદન (પેસુ આવાંન):—એ જવાન માટે હું વધુ હવે પછી લખીશ, કેમકે એ ભાઇની નાટકી કારકીર્દી વરણવાની રહી ગઇ છે.

૨ નશરવાનજી માદનઃ—પે. માદનનો મોટો ભાઇ—એ ભાઇનો ફોટોગ્રાફ હું આગળ આપી ગયો છું.

૩ કાવસજી દારૂવાલાઃ—એ ભાઇનો ફોટો હું આપી ગયો છું.

૪ ખરશેદજી ઓમનીબસઃ—અગાઉ મુંબઇમાં ઓમનીબસ ગાડીઓ, બે અને ચાર ઘોડામાં જોડેલી દોડતી હતી, અને ઉતારૂઓને પઇસા બઇ લાવ લઇજા કરતી હતી. આ ખરશેદજી તે ઓમનીબસ ઉપર એક 'કનડકટર' અને ડ્રેઇવર તરીકે કામ કરતા હતા. તેવણ સાધારણ રીતે 'ખટલો આમનીબસ' તરીકે મીત્ર મંડળમાં જણાયલા હતા. નાટકમાં વાણીયા વીગેરેના રમુજી પાર્ટ કરતા હતા.

૫ ભીખાજી કુલીયાણીવાલાઃ—પ્રખ્યાત પરેલી ઓલફ્રેડ નાટક મંડળીમાં શાહજાદા શીયાવક્ષના નાટકમાં શ્યાવક્ષનું પાત્ર ભજવી જાણીતો થયલો ખેલાડી. કદાવર બાંધાનો—દેખાવળા ઘાટનો—મીલનસાર સ્વભાવનો—કેટલાંક રમુજી પાત્રો ભજવનાર ખેલાડી. ભીખુ શ્યાવક્ષને નામે જણાયલો.

૬ નશરવાનજી પ્રોમ્પટરઃ—પ્રોમપ્ટીંગનું કામ કરવામાં આ જવાન એવો તો કુશળ હતો, કે ઘણાક જાણીતા ખેલાડીઓ, એ છોકરા પાસેજ પ્રોમપ્ટીંગ લેવા બજીદ થતા. ફાંકડો લેડી એકટર—ઇંગ્રેજી ભણેલો—નમાનો—સાલેસ—નીરદોશ. સાધારણ રીતે 'નસલુ પ્રોમપ્ટર' ને નામેજ ઓળખાયલો.

૭ જમશેદજી હાજીઃ—જમસુ મનીજેહને નામે પ્રખ્યાત થયલો—મરહુમ કાબરાજીના બેજન મનીજેહના ખેલની અંદર મનીજેહનોભાગ ભજવી વીખ્યાત થયલો. વધુ હવે પછી.

૮ ધનજીભાઇ ફરેદુનજી—આગલા વખતનો એક અથંગ કોમીડીઆન—કદમાં ઠીંગણો, સેહજસાજ ગાયન કરી શકે એવો, ઠોલીયા સ્વભાવનો, રમુજમાં પુરો, કલબમાં દાદાગીરી કરનારો, સાધારણ રીતે ધનજી સોહલાના નામે જણાઇ ગયલો.

૯ રતનશાહ જીવાજી દાવર—એક અથંગ કોમીડીઆન, સઘળી પારસી કલબોના કોમીડીઅન તરીકે કામ કરી પરવારી ગયેલો. ટોલ્લાબાજીમાં પુરો, સંસારી ખેલોમાં જાણીતો થયલો, ગાયન ગાઇ શકનારો, કદમાં કદાવર, દેખાવલો, સાધારણ રીતે રતનશાહને નામે નાટકોમાં જણાયલો. (વધુ હવે પછી)

૧૦ સોરાબજી ફરામજી ઓગરા—નામાંકીત બીનહરીફ કોમીડીઆન. ગાયન કાર, મોટે ભાગે પાછળથી સજીવન થયલી ઓલ્ફ્રેડ નાટક મંડલીના ડીરેક્ટર અને એક્ટર. મોજીલા અને રમુજી સ્વભાવના ખેલાડી. (વધુ હવે પછી.)

ધ્યાન રાખવું મેહરબાનો, કે આ ૫૦) વરસ ઉપર થઈ ગયેલી નાટક મંડળીના પારસી ખેલાડીઓની એક ટીપ ફક્ત યાદદાસ્તને કસી ઘસીને ઉપજાવી કાહડી છે. એટલે ઘણાક સાહેબો રહી ગયા હોય, એ બનવાજોગ છે. પણ કોઇબી રીતે જાણી બુજી કોઇને વીસારી દેવાનો અપરાધ કીધો નથી. છતાં અગરજો કોઇ સાહેબે મેહરબાન, મને એ વીશે જણાવશે, તો ઉપકાર સાથ તે જાહેર કરીશ. આ ઉપલી ટીપમાં દશ નંબરવાળા ખેલાડી મી૦ સો. ફ. ઓગરાની કારકીર્દી હવે પછી હું વરણવવા ધરૂં છું. તેમ હું કરૂં, તે આગમચ એ જુના જમાનાના જરથોસ્તી ખેલાડીની એક 'કોમીડીઅન' તરીકે અત્રે ઓળખ આપી, આજનો લેખ ખતમ કરૂં છું.

સોરાબજી ફરામજી ઓગરા.



એક બીનહરીફ કોમીડીઅન, અને ફતેહમંદ 'ડીરેક્ટર.'

——

(૪૬)

આજથી બરાબર ૫૫) વરસની એ વાત છે. ૧૮૭૪ ના સાલમાં કુંવરજી નાજર વીકટોરીયા કલબના પારસી એકટરોનો એક પાવરફુલ 'બેચ' લેઇ, ઉતર હીન્દુસ્થાનની મુસાફરીએ, નાટક કરવા માટે નીકલ્યા હતા.

પણ એ મુસાફરીના બાબમાં, એક અગત્યની વાત કેહવાની રેહી ગઇ છે. કુંવરજી નાજર પોતાની વીકટોરીયા કલબ સાથે દીલ્લી જવા નીકળ્યા ખરા, પણ એવણુની પેલી પનોતી એલફીસ્ટન કલબને હજી ગળે બાધીનેજ રહેલા હોવાથી, તે કલબને પોતાની પાછલ મુંબઇમાં મુકી ગયા હતા. એ એલફીનસ્ટન કલબનો બેઝબી તે વખત જબરો ધરખમ હતો, કેમકે હવે તે કલબ ધંધાદારી કલબમાં બદલાઇ થઇ હતી, અને તે ગુજરાતી ખેલો કરવા લાગી હતી. વળી એ કલબના ડીરેકટર તરીકે કુંવરજી નાજરે મરહુમ દાદાભાઇ રતનજી ઠુંઠીને પગારદાર રોકી, તેવણુના હાથમાં એ કલબની લગામ આપી હતી. એ એલફીનસ્ટન કલબ તે વખતે શંકર શેઠની નાટકશાળામાં પોતાના ખેલ કરતી હતી.

'સીતમગર, યાને નેકબખ્તે વગાડેલા બાર!'

દાદાભાઇ ઠુંઠી હવે એલફીનસ્ટનના ડીરેકટર નેમાયલા હોવાથી, એદલજી ખોરીના જાણીતી કલમનો તેવણે લાભ લેવાનો ઠરાવ કીધો, અને એલફીનસ્ટન કલબ માટે એક ખાસ ખેલ મરહુમ ખોરી પાસે તેવણે ગુજરાતી ભાશામાં લખાવ્યો હતો. એદલજી ખોરીની કલમથી તે ખેલ લખાઈ સ્ટેજ થયો હતો. દાદાભાઇ ઠુંઠીએ એ ખેલમાં સીતમગરનો આગેવાન ભાગ ભજવ્યો હતો તે ખેલ ઇરાની પેહરવેશ અને ઇરાની નામો હેઠળ રજુ થયો હતો. તે ખેલનું નામ 'સીતમગર, યાને નેકબખ્તે વગાડેલા બાર' હતું. તે ખેલ મુંબઇમાં ઘણીવાર ભજવાયો હતો. તેમાં કેટલાક નવા નવા એકટરો જણાયા હતા, જે ખેલાડીઓએ પાછળથી વીકટોરીયા તેમજ એલફીનસ્ટન કલબને નવું જીવન આપ્યું હતું.

માસ્તર રતન નવરોજી મીનવાલા.

એ સઘળા ખેલાડીઓ માંહેલા ગરૂપમાથી હું ફકત ત્રણ ખેલાડીઓને ખાસ અગત્યતા આપી તેમના નામો રજુ કરૂં છું.

પેહલો ખેલાડી, જે મજકુર ખેલમાં પ્રજાનું ખાસ ધ્યાન ખેંચી રેહો હતો, માસ્ટર રતન નવરોજી મીનવાળા નામનો એક દેખાવલો, ચપલ, બહુ બોલો, અને ચંચળ જવાન છોકરો હતો, જે પાછળથી કલકતામાં વાસો કરી પડેલી એલફીનસ્ટન કલબનો જીવ જીવનગાલા સમાન થઇ પડયો હતો, અને દરેક ખેલમાં સ્ત્રીના પાર્ટ ઘણાજ ફતેહમંદીથી ભજવતો હતો, ગાતો હતો, તેમજ નાચતો પણ હતો.

મેરવાનજી મુનશી.

બીજો ખેલાડી તે મરહુમ મેરવાનજી મુનશી નામના જવાન હતા. એ ખેલાડીએ પેહલીજ વાર પોતાનો દેખાવ મજકુર સીતમગરના ખેલમાં દીધાથી, એક રંગીલા અને કોમીક ખેલાડી તરીકે તેણે તમાશબીન આલમ ઉપર પેહલી પંક્તીનો છાપ મારયો હતો, અને પાછળથી, વીક્ટોરીયા નાટક મંડળીમાં શામેલ થઈ, તેણે જીંદગીના છેડા સુધી, એક કોમીડીઅન તરીકે કીરતી મેળવી હતી. આ ખેલાડીની વધુ કારકીર્દી હવે પછી દર્શાવવા ધારી છે.

મરહુમ મેરવાનજી મુનશી.



નાટકી મીત્રાનો 'મેહલ્લુ પરો!'

મરહુમ દાદી ઠુંઠી, એલફીનસ્ટનમાં ડીરેક્ટર.

આ ખેલના સંબંધમાં ખાસ ટીકા કરવાની જરૂર છે. સીતમગર, યાને 'નેકબખ્તે વગાડેલા બાર' નામનો નાટક, પ્રખ્યાત નાટકનવેશ એદલજી ખોરીની કલમથી લખાયો હતો, અને એલફીનસ્ટન નાટક મંડળીના તે વખતના 'પાવરફુલ બેંચે' ભજી બતાવ્યો હતો. તમાશબીન આલમે તે ઘણોજ વખાણ્યો હતો, છતાં એજ ખેલને વીકટોરીયા કલબના મુનશી રઉનકે, પાછળથી કાવ્યબંધીમાં રચી, વીકટોરીયાના ખેલાડીઓએ તે સ્ટેજ કરી, અસલ ખેલનું ખુન કીધું હતું. પાછળથી એ ખેલ વીકટોરીયા કલબની અખડાઈ ઉપર ચહડી ગયલો હતો! જે ખેલે ગુજરાતી ભાશામાં લખો 'રન' ભોગવ્યો હતો, તેજ ખેલ ઉરદુ ભાશામાં ભજવાતાં ખોરંબે પડયો હતો! અસલ લખેલો ખોરીનો ખેલ કોણ પાસે રહી ગયો?

ત્રીજો ખેલાડી, તે કોઇજ નહી પણ મરહુમ દાદી રતનજી ઠુંઠી હતા, કે જેણે અત્યારમાંજ નાટકની ચહડતી પડતીનો પુરેપુરો ભાસ મેળવી, અનુભવી બન્યા હતા. દાદી રતનજી ઠુંઠીની દેખરેખ હેઠળ, આ સીતમગરનો ખેલ, બેશક ઝળકી રહયે હતો. કોઇબી રીતે પોતાના 'ડીરેકશન'ને નમોજું લાગવા દીયે, એવો દાદી ઠુંઠી નહી હતો. એ સીતમગરના નાટકમાં લુટારાઓનું એક ટોળું, નેકબખ્ત નામના એક મુગા છોકરાની પુઠ પકડવા નીકળ્યું હતું! આ લુટારાઓનું ટોળું, એક 'કોરસ' ગાતા, જંગલ માહેલાં એક ઝુપડાં આગળ તલાશ કરતું હતું! મગર કમનસીબે, લુટારાઓને ગાયન ગવાડનાર કોઇ લાયક ખેલાડી નહી હોવાથી, અને એક ઘણું રસીલું ગાયન, લોકોની પસંદગી મેળવવામાં નીશફળ નીવડે તે જોઇ, દાદી ઠુંઠી, જેઓ એ નાટકમાં આગેવાન ભાગ ભજવતા હતા, તેવણે એ સાધારણ લુટારાનો વેશ ધારણ કરી, તે લુટારાના ટોળાંમાં સામેલ થઇ, પોતે લુટારૂઓના આગેવાન બની બાહર પડયા હતા, અને એ રીતે આખા પ્રવેશની શોભા અને ફતેહમંદીમાં પોતે કીંમતી ભાગ ભજવ્યો હતો. તે ગાયન તે વખતે એટલું તો લોકપ્રીય થઇ પડયું હતું, કે તે ઘેરેઘેર, અને તે વખતના જવાનોની કલબોમાં તે ઠેક ઠેકાણે ગવાતું હતું.

> "દર ચાહે હાહે દીલમાં નોધી લો,
> મંજલ દીઠ હરગમ જો જો—
> જીવ લઇ નકકીજ નાઠો છે,
> ખીન પર કુદી ગયો છે,
> હીયાં કોઇ નકકી આયો છે,
> બતાવો હમને છોકરો——" (વીગેરે)

મરહુમ દાદાભાઈ રતનજી ઠુંઠી.



એક વખત વીકટોરીઆ કલબના જોડયા માલેક,
બીજી વખત એલફીનસ્ટન કલબના 'ડીરેકટર'.

પણ એ એલફીનસ્ટન કલબને જરા પડતી મુકો! વીકટોરીયા કલબ, જે સરકારી ઉતસવ દીલ્હીમાં ભરાવાનો હતો, અને જ્યાં ઉરદુ નાટકો કરી, કુંવરજી નાજર દોલતનો ડુંગર જમાવનાર હતા, તે વીકટોરીયા તરફ નજર કરયે!

ઘેરથી નીકળવા આગમચ, હું ધારૂં છું, કે કુંવરજી નાજરે પોતાની ઉતર હીંદુસ્થાનની મુસાફરીનું પ્રોગ્રામ ગોઠવ્યું હોય એમ લાગ્યું નહી! છતાં માની લઇશું, કે મુસાફરીનું બધળું પ્રોગ્રામ ગોઠવેલું હતું.

'March to Delhi.'

અંતે એક સારો સપરમો દીવસ જોઇ, આખી કલબ કુંવરજીની સાથે બોરી બંદરના સ્ટેશન ઉપરથી દીલ્હી જવા ઉપડી હતી. બધા એકટરો મુસાફરી કરવા આતુર અને ઇંતેજાર હતા! દીલ્હી જેવી ઇતીહાસીક જગ્યાને નજરે નજર જોવા સહું ખંતી હતા.

તરાપો ડુબયો! લંગર તુટયું!

સ્ટેશન ઉપર ઉપડી જતા ખેલાડીઓને મલવા ભેટવા પ્લેટફારમ ઉપર ઘણાકો ગયા હતા! મગર કુંવરજીના ડોળા ફાટી ગયા હતા! તેવણ ઉંચી ગરદન કરી લાંબે છેટે નજર કરતા જણાતા હતા! કેમ? શું છે! તો જાસુસ સાહેબે વધાઇની ખબર આપી, કે એદુ કોલેજર છેલ્લી ઘડીએ ફરી બેઠો છે! કુંવરજીની નીરાસીનો પાર રેહો નહી! તોબી હીંમત રાખી જાસુસ મીત્રને તરેહવાર સુચનાઓ કરી કોઇબી રીતે, કોઇબી ભોગે એદુ કોલેજરને દીલ્હી લઇ આવવું!

અને પેલો 'અહો !' પાયધોનીવાળો પેલો બાજો પોરીયો ! તે તો મારો વાહલો કેવારનો ગાભડા–પોટલા સાથે આવી, ગાડીમાં થસકી ગયો હતો ! તેનો બાપ તેને વળાવવા સ્ટેશને આવ્યો હતો, અને બધા એકટરોને હાથ પકડી કેહતો, કે "બાવા મારા અદાને તપાસજો !"

અંતે દીલ્હી જતી ગાડી ઉપડી ! વીકટોરીયા કલબ દીલ્હી ચાલી ! પણ તે એદુ–કોલેજર વગર ચાલી !

દીલ્હીની સફર શરૂ થઇ ખરી, પણ ઘેરથી નીકળવા આગમચ આખી મુસાફરીનું 'પ્રોગ્રામ' ઘડાયલું નહી, અને દીલ્હીથી કહાં જવું અને કેમ કરવું, તેનો ખ્યાલજ કુંવરજીએ કીધેલો હોય, એમ જણાયું નહી. તેમાં પેલા એદુ કોલેજરે પીઠ ફેરવ્યાથી કુંવરજીના પાણીજ મરી ગયાં હતાં ! એદુ ઉપર મોટી મદારત બાંધેલી, અને પેસુ આવાંનની સઘળી 'લીડીંગ કેરેકટર' એદુ કરશે એમ ધારેલું, એટલે તેના વગર કેમ ખેલ થશે, અને કોણ પેસુના પાર્ટ કરશે, તેનો મોટો અંદેશો કુંવરજીને બરપા થયો ! કંપનીનું લંગર તો એવું તુટયું, કે શાંત દરીયામાં પણ તે ડોલા ખાવા લાગ્યું !

એક હાથ ઉપર કંપનીની આવી લાચાર હાલત થઇ પડી હતી, ત્યારે બીજા હાથ ઉપર કંપનીની તરફથી કુંવરજીએ છોડેલા જાસુસો મુંબઇમાં એદુનો પીછો પકડી, તેને દીલ્હી લાવવાની તજવીજ ઉપર તજવીજ કરતા હતા. પણ અંતે એક દાહડો સહવારના કંપનીના જાસુસો, મુંબઇ મેલમાં એદુને ધરી પકડી પોતાની સાથે દીલ્હી લઇ, મોર–સરાહ, જ્યાં કંપનીએ મુકામ કીધું હતું, ત્યાં આવી પુગ્યા. એદુને જોતાંજ સઘળા ખુશી થયા, અને કુંવરજી નાજરના જીવમાં જીવ આવ્યો ! ખેલ શરૂ કરવાની ધામધુમ ચાલી રેહી. તે વખતે દીલ્હીમાં કાંઈ નાટકશાળા જેવું હતું નહી, એટલે એક મોટો માંડવો નાખી ત્યાં ખેલો કરવા માંડયા.

વીકટોરીયા કલબની આ મુસાફરી કાંઇ ઘણી લાંબી થઇ નહી હતી. દીલ્હીમાં ખેલો કરી ત્યાંથી કંપની લકનો ગઇ હતી, અને લકનોથી તે કલકતે ગઇ હતી. કલકતેથી મુંબઇ પાછી ફરતાં બનારસમાં થોડાક ખેલો કીધા હતા. પણ આ મુસાફરી જેવી જોઇયે તેવી ફળદાયક થઇ નહી ! આખી મુસાફરીમાં કંપનીમાં કાંઇ અને કાંઇ અકસમાતો બનતાજ રહયા હતા

ખશરૂ કોબાદને ગંભીર અકસ્માત.

એદુ કોલેજર દીલ્હી આવી પુગતાંજ, અને માંડવો તઇઆર થતાંજ નાટકો કરવાના શરૂ કીધા. એદુ કોલેજરની કારકીર્દી, તેમજ કુંવરજી નાજરની આવક–જાવકની તવારીખ લખવાનો આ વખત નથી. તે તેને વખતે લખાયા કરશે, પણ એદુ કોલેજરના આવ્યા પછી જે ગાડું ગબડતું થયું હતું, તેમાં એક દાહડો કમનસીબે એવો બનાવ બન્યો, કે સઘળાંઓના દીલ ખાટાં બટ થઇ ગયાં.

બનાવ એમ બન્યો કે ગોપીચંદ રાજાનો પ્રખ્યાત નાટક પેહલવેહલ્લે દીલ્હીમાં સ્ટેજ કરવાનો કંપનીને હુકમ થયો હતો. એ ખેલ જાણીતા

નાટકનવેશ નશરવાનજી ખાનસાહેબની કલમથી ઉરદુ ભાશામાં લખાયો હતો, અને મુંબઇમાં તે ભજવાયો પણ હતો. એ ખેલમાં બે મુખ્ય પાત્રો જે હાસ્યરસ કામો કરતાં હતાં, તે લોટન, અને જોગનના હતાં. લોટનનો પાર્ટ ખુરશેદજી બાલીવાળા ભજવતા હતા, જ્યારે જોગનનું પાત્ર કુંવરજીના માનીતા ખેલાડી કાવસજી કન્ત્રાકટર, જે સ્ત્રી પાર્ટ કરતા હતા, તેવણુ ભજાવતા હતા. ટુંકમાં જણાવવાની જરૂર છે, કે લોટનને ચાબકાનો માર મારી જોગન સ્ટેજ ઉપર નચાવતી હતી, તે વખતે કંપનીના સુથારનું કામ કરનારની ગફલતીથી, થોડાક લોખંડના ખીલા સ્ટેજ ઉપર પડી રહેલા હતા. લોટનને ચાબકાના મારથી નાચતો જોઇ, તમાશબીનો તેને તાળીઓથી વધાવી લેતા હતા, પણ તેવામાં લોટન (ખુરશેદજી) જે ઉંધાડે પગે નાચતો હતો, તેનો પગ પેલા લોખંડના ખીલા ઉપર એવો તો જોરથી પડયો, કે તે ખીલો ખુરશેદજીના પગની એડીમાં આખો ભોંકાઈ ગયો હતો! આ અકસ્માત ઘણો કફોડો થયો હતો. અને ખુરશેદજીને તેને લીધે ઘણીજ વેદના ખમવી પડી હતી.

કાવસજી માણુકજી કન્ત્રાકટર.



કુંવરજીનો માનીતો લેડી એક્ટર—વહુજી.
જોગન તરીકે કામ કરનાર ખેલાડી.

બે પાયધોણીના વછેરા!

એવા અકસ્માત તો કંપનીમાં અવારનવાર બનતાજ હતા, પણ તે સઘળાની નોંધ લેવામાં શું સાર? પણ સઘળા અકસ્માતોના કરતા જ્યારે પેલા પાયધોણીવાલા બે ઝનુની વછેરાઓ મીજાજ ખોઈ રણ ઉપર ચહડતા, ત્યારે તેઓને મનાવવા, મરહુમ પેસ્તનજી

લાલી સીવાય કોઇપણ વચ્ચે પડતું હતું નહી! એ બે વછેરાઓ પેલા પાયધોણીવાળા ભલા મનીઓ, એદુ કોલેજર અને 'અદી' હતા! બંને જણ એકસરખા પાજી અને ઝનુની સ્વભાવના, એટલે બોલ બોલતા 'પેટ્રોલ' કરતાંબી જલદી સળગી ભડકું થઇ ઉઠતા, અને લાકડી અને સોટા સીવાય, બીજાં કસ્સાથી ફટાફટી કરવા કરતા નહી હતા! જયારે કુંવરજીએ લાકડીઓ ઉંચી કરાવી નાખી, અને એક દહાડો એવીજ રીતે એદુ કોલેજર અને અદી, રણ ઉપર ચહડયા, અને બંને જણોના મીજાજની ખરાબી ઘણીજ વધી ગઈ, ત્યારે અદાએ સોડાવાટરની એક ભરેલી બાટલી ઉંચકી, એદુને તાકીને છુટી મારી! ત્યારે નસીબે તે છટકી ગયા, નહી તો એદુનું કાટલુંજ નીકળી ગયું હતે!

ડોશાભાઇ ફરદુનજી મગોલ.



ડોસાભાઇ મગોલનો ચસકેલો મીજાજ!

થોડાક ઝીના ઝીના અકસ્માતોની નોંધ લીધાથી જણાઇ આવે છે, કે બહાર ગામમાં મુસાફરી કરતી નાટક કલબોના રાહધાટ કેવી રીતે ચાલતા હતા. કુંવરજી નાજર ખરૂં જોતાં તો ઘણાજ નેક, અને ભલા હતા, પણ જયારે મીજાજ જતો, ત્યારે જે મોહડે આવે, તે બોલવા તેવણ અચકાતા નહી હતા! એક દહાડો રાતે દીલ્લીમાં સુંનના મુલની ખુરશેદનો ખેલ સ્ટેજ થયો હતો. એ ખેલમાં શહેરનો કોટવાલ જફરખાન અને જેહાનબક્ષ નામના એક શાહી કુટુંબના વારસ સાથ, તલવારબાજીની જબરી લડત ચાલી રહી હતી. કુંવરજી નાજર બે–ચાર યુરોપીઅન મીત્રો સાથ સ્ટેજની અડોઅડ, પેહલીજ હારમાં બેઠા હતા. ડોસાભાઇ મગોલ, જેવણ જેહાનબક્ષનો ભાગ ભજાવતા

હતા, તેવણે કોટવાલની તલવાર ઉપર એવી તો જોરથી પોતાની તલવાર મારી કે, તેજ વખતે કોટવાલની તલવાર વચોવચમાંથી ભાંગી ગઇ, અને તેનો એક ટુકડો, કુંવરજી નાજર જેવણ નજદીકમાં બેઠા હતા, તેવણના આંગ ઉપર જઈ પડયો! આ બનાવથી કુંવરજીનો મીજાજ એકદમ હાથથી છટકી ગયો, અને હાઉસમાં બેઠા બેઠા બુમ પાડી, ડોસાભાઇ મગોલને બદઝબાન કીધી!

આ બનાવથી ડોસાભાઇ મગોલ ખેલ પુરો થતાંજ, જે મોહડે આવ્યું તે બોલવા લાગ્યા, અને મુંબઈ જવા તઇયાર થઇ ગયા! પણ ધનજીભાઇ ઘડીઆલી અને પેસુ બાલીએ ઠંડુ પાણી રેડયું, અને સઘળું સમાધાન થઈ ગયું!

"Oh quadrose! why art thou quadrose!"

જરા સબર કરજો મેહરબાન! દીલ્લીથી લખનો કુંવરજી પોતાની કલબને લઇ ગયા લખનોમાં જઇ પડાવ નાખ્યો. કલબના સઘળા એકટરોમાં થોડાક ઇંગ્રેજી વાંચી લખી જાણનારા હતા. તે સઘલાઓમાં એક જન કંઇકહું ઇંગ્રેજી જાણતા હતા. હું તેનું નામ જાહેર કરવા માંગતો નથી. કલબના બંગલાની પડોસમાં એક મીસીસ કવોડરૂસ નામની વીધવાનો બંગલો હતો! મીસીસ કવોડરૂસ તુરતનાજ રંડાયાં હતાં, અને હમારા મજકુર ખેલાડી સાથ તેવણને ઓલખાણ થઇ હતી! આ ઓલખાણમાંથી દોસ્તી થઇ, અને એ દોસ્તી ઘણીજ આગલ વધી હતી! કલબના સઘલા એકટરો, એ ભાઇની ચાલુ મશકરી કરવા લાગ્યા, કેમકે મજકુર ભાઇએ પાછલથી રાત દીવસ મીસીસ કવડરૂસનેજ ત્યાં પડી રેહવા માંડયું!

પણ અંતે વખત આવી લાગ્યો. કુંવરજી ઉતારા અને નાટકશાલાના બંદોબસ્ત કરવા, કલકતે ઉપડી ગયા હતા. લખનોથી કંપની કલકતે જવા ઉપડી. સઘલા ખેલાડીઓ હુકમ મુજબ સ્ટેશન ઉપર જઇ ઉભા, પણ પેલા મજકુર ખેલાડીની જાતભાત સ્ટેશન ઉપર દેખાઇ નહી! મરહુમ કાવસજી કંનત્રાકટરે ફરામ—બાપુને સલાહ આપી, કે "એને હીવાંજ પડતો મુકવો જોઇયે!" પણ તેટલામા તો તેવણ ગાડીમાંથી ઉતરતાં દેખાયા, અને સઘલાઓ પાસે મોડું થયાથી માફ માગી! તેવણ માફ માંગતા હતા. તેટલાંમાં તેવણની પાછલ પેલાં મીસીસ કવોડરૂસ લટકો કરતાં, ગમગીન ચેહરે સ્ટેશન ઉપર આવી ઉભાં! ગાડી ઉપડવાનો કટોકટ વખત થયો! ગાર્ડ બાબાએ સીસોટી ફોડી! પોર્ટર બાબાએ ઘંટો ઠોકયો, અને એકટરોએ ગાડીમાંથી બુમ પાડી, "લે ચાલો—ચાલો!"

પણ ચાલે કહાં! ભાઇનું તો સઘલું ધ્યાન મીસીસ કવોડરૂસની પરસ્તેશમાં મશગુલ હતું! ગાડીમાં ચહડવાની અંતે ફરજ પડી, પણ ગાડીમાં ચહડતાં—ચહડતાં બોલ્યા:—"Oh quadrose' oh quadrose! why art thou quadrose!"

જરા સબર કરજો મેહરબાન! આ કીસ્સો ઘણોજ કરૂણારસ છે! મારે તે બરોબર પણ ટુંકમા દરશાવવો છે. હું તે આવતા આંક સુધી તકુબ રાખવા ધારૂં છું.

---

(૪૭)

એ એક ખરેખર ઘણોજ ગમખાર કીસ્સો હતો! મજકુર ગ્રહસ્થ કોઇ વીક્ટોરીયા કલબનો મેંબર નહી હતો. કુંવરજી નાજરનો તે એક મીત્ર હતો. તે એક કાબેલ જરનાલીસ્ટ હતો, અને ગુજરાતી નહી પણ ઇંગ્રેજી લેખક હતો. હું તે ગ્રહસ્થનું નામ જાણું છું, પણ તેના કુટુંબી સંબંધોને લીધે, તેનું નામ જાહેર કરવા ના પાડું છું.

એક કાબેલ શખ્સની કંગાલ કહાણી.

પોરીયાઓ નાટકવાલા પડયા, એટલે તેઓએ આ રંગઢંગ જોઇ, ત્રેન ઉપડતાંજ, આ પ્રીતના વમલમાં વીટલાયલા ગ્રહસ્થની મજાક અને મશકરી કરવા માંડી! પેલો ગ્રહસ્થ તે મશ્કરીનો કાંઇબી જવાબ આપવાને બદલે, ઘણોજ ગુસ્સે થઇ ગયો, પણ તે ગુસ્સો લોહીના ઘોટ સાથ ગળી જઇ, સઘળાઓ સાથ પુરેપુરો 'અસહકાર' કરવાનો તેણે ઠરાવ કીધો! આ અસહકાર કરવાની શરૂઆત, તેણે કંપનીનું કોઇબી પ્રકારનું ભોજન ખાવું નહી, એવો ઠરાવ કરી શરૂ કીધી!

લખનોથી કલકતે જતાં, કંપનીનું ખાણું લેવા તેણે બીલકુલ ના પાડી, અને દરએક સ્ટેશન ઉપર વેચાતાં હીન્દુ પકવાનો વેચાતા લઇને ખાવા લાગ્યો! ના, એટલુંજ નહી પણ સાંજને સમે કોઇ સ્ટેશન ઉપર વેચાવા આવેલું ગરમ દુધ, લઇ ચાહેને બદલે તેનો ઉપયોગ કીધો! આ સઘળો ખોરાક એવો હતો, કે એક પારસી તે જવલેજ હજમ કરી શકે! વળી લખનો અને બનારસની અતરાફમાં તે વખતે કોલેરા ફાટી નીકળેલો હોવા છતાં, આ કાબેલ ગ્રહસ્થે તેની સેહજબી પરવા કીધી નહી, અને આગેવાન ખેલાડીઓની સમજાવત છતાં તેણે પોતાની જાહેલી છોડી નહી! અંતે તેનું પરીણામ ઘણુંજ બુરૂં આવ્યું હતું!

જરનાલીસ્ટ સાહેબને લાગુ પડેલો 'કોલેરા!'

આખા દીવસની મુસાફરી પછી રાત પડી. ખેલાડીઓ અસુરેથી નીંદમાં પડયા હતા. તેવામાં અસુરેથી, આ અસહકારી સાહેબને કુદરતી હાજત થવે, તે ઘણોજ વમાસણમાં પડયો હતો! કંપનીની સાથે એક ઘણાજ વૃદ્ધ ઉંમરે પુગેલા, સમજુ અને સ્યાણા ગ્રહસ્થ હતા. તેવણનું નામ બમનજી ગરદા હતું. તેવણે આ અસહકારી પારસીની આખી રાત, સઘળી પ્રકારની સારવાર અને મહાવજત કીધી હતી. ચાલતી ત્રેને કોઇબી જાતની વઇદક મદદ તો કોઇનીબી તરફથી મળી શકી નહી, સીવાય હમાર હાસ્યરસ ખેલાડી પેસુ લાલી પાસથી બ્રેનડીની બાટલી!

પણ તેથીબી કાંઇ વળ્યું નહી! આખી રાત બમનજી ગરદા આ દરદીની સારવાર કરતાં મરવા પડયા! એક પાંચ મીનીટબી તે બુઝરોગ ગ્રહસ્થ સુવા પામ્યા નહી હતા! અંતે સહવારનું પોહોર ફાટયું. સઘળાઓએ જાગતાંજ આ અસહકારી પારસી તરફ નજર કરી જોયું, અને તેજ વખતે તેઓ સઘળા તેનો ચેહરો જોઇ હેબતી ગયા! જે સીકલ આગલે દીવસે, તેઓએ જોયલી, તેમાં ઘણોજ મોટો ફેરફાર

પડી ગયેલો જણાયો હતો! આગેવાન ખેલાડીઓ સઘળો મામલો તુરતજ સમજી ગયા હતા! તેઓ હીંમતના સખુનો આપી બોલતા, કે કલકતે જતાંજ એનો ઇલાજ ઝટ થઇ શકશે, ગભરાવાની કાંઇ જરૂર નથી!

અંતે કંપની કલકતે પુગી!

બેશક મામલો ગંભીર થઇ પડયો હતો. ટ્રેન વખતસર કલકતા સ્ટેશને જઇ પુગી. કુંવરજી નાજર સ્ટેશન ઉપર કલબને લેવા ઉભેલા હતા. ધનજીભાઇ ઘડીઆળીએ આ દુખ દાયક સમાચાર કુંવરજીને ત્યાંજ જણાવ્યા! કુંવરજીએ તુરતજ સ્ટેશન ઉપરથી આ પારસી અસહકારીના લાગતાંવળગતાં ઉપર તાર કરી છેવટે ઉમેર્યું, કે: "Saving no expense, for recovery."

કુંવરજીના લાગવગથી કલકતાના એક જાણીતા જરથોસ્તી સાહેબના આલીશાન મકાનમાં, આખી કલબને ઉતારો કરવાની જગ્યા મળી હતી. પેલા અસહકારી ભાઇને એક અલાયદા ઓરડામાં સઘળી સગવડો કરી આપી હતી, અને બમનજી ગરદાએ તેવણુની સારવાર કરવાનું માથે લીધું હતું. કલકતાના એકાદ-બે બંગાલી ડાકટરોને બોલાવી ચાંપતા ઇલાજો કરાવ્યા હતા! જો કે મામલો સહવારે-કે સાંજના ટાકો ઘડી કરે એવો હતો, છતાં, ખુદાની મેહરથી કોલેરાના કબજામાંથી એ અસહકારી પારસીને બચાવી લીધો હતો.

મુંબઇનો રીઝર્વ ફોર્સ કલકતે!

અંતે વમળમાં આવી પડેલી વીક્ટોરીઆ કંપની, કલકતે જઇ 'એઝરા સ્ટ્રીટમાં ઠરીઠામ થઇ પડી હતી. કંપનીની નાણાં સંબંધી હાલતની ખરી વાત તો કંપનીના માલેક કુંવરજી નાજર જાણે, કે યા તો ચોપડા લખનાર હીસાબી જાણે! કેમકે રૂપીઆ આના અને પઇનો હીસાબ રાખનાર મરહુમ ધનજીભાઇ ઘડીઆળી હતા.

૧૮૭૪ ના સાલ આગમચ કોઇબી પારસી નાટક ટોળી કલકતે બીલકુલ ગયેલીજ નહી, એટલે દેખઇતું હતું, કે આ પારસી નાટક મંડળી તરફ હમદીનોની લાગણી સારી ખેંચાયલી હોવી જોઇયે. કુંવરજી નાજરે કલકતાનું તે વખતે જાણીતું થીએટર 'લુઇસ થીએટર' જે ચઉરંગીમાં આવેલું હતું તે રોકયું હતું. એ લુઇસ થીએટર હાલમાં 'રોયલ થીએટર'ને નામે જણાયલું છે.'

મુંબઇથી ગાયનકાર સંગીત કરનારા ખેલાડીઓની એક પારસી કંપની ઉરદુ ખેલો અને ઓપેરા કરવા કલકતે આવી છે, એવી તડાકા-ધડાકા ભરી જાહેર ખબરો વાંચી, બંગાલી ગાયનકારો પારસી ગાયનકારોને સાંભળવા ઘણુંજ ઇન્તેજાર બની રેહા હતા. કેટલાક નામીચા બંગાલી ગાયકોએ, વીક્ટોરીયા કલબના પારસી ગાયનકારોને ભેટવા પોતાને મકાને બોલાવ્યા હતા, અને તેઓની ગાવા વગાડવા સંબંધી રીતભાત વીશે તેઓ સાથ વાતચીત ચલાવી હતી. બંગાલીઓ તે વખતે પોતાનું સંગીત

'ઓરગન' ઉપર ગાતા હોવાથી, ઓરગન કેમ વાપરતા નથી, એવો સવાલ કરત જવાબ એવો દેવાયો હતો, કે તે તેઓ વગાડી જાણતા નહી હતા! અને તે વાત, કેવળ ખરીજ હતી, કેમકે ૧૮૭૪ના સાલમાં, અને તે પછી લાંબો વખત સુધી મુંબઇના નાટક તખ્તા ઉપર ગવાતા ગાયનો સાથ સારંગી, તબલા, અને કોઇ કોઇ ઠેકાણે 'ફીડલ વગાડવામાં આવતાં હતા!'

બંગાલીઓના ચહડેલાં નસ્કોરાં!

બંગાલીઓની સાથ સંગીત વાદવીવાદ કરવા માટે નીચલા 'પારસી તાનસેન સાહેબો' ગયલા હતા! મરહુમ ખુરશેદજી બાલીવાલા, મરહુમ ડોસાભાઇ મગોલ, એદુ કોલેજર, અદા, વીગેરે ગયા હતા. આ સાહેબો કંઇ એવીજ ઉલટ અને ઉમેદમાં ગયા હતા, કે 'બંગાલી બેચીઆં'ને પોતાની ગાયન શકતીનો ભાસ આપી, એકદમ 'ટાઇટ' કરી મુકવા! પણ તેમની તે ઉમેદમાં તેઓ સઘળા તમામે તમામ નીશ્ફળ થઇ, પાછા ફર્યા હતા! કેમકે આ પારસી ગાયકો સાથે જ્યારે બંગાલી આગેવાન ગાયકે સુરો અને રાગોની બાબદ જ્યારે પુછપરછ ચલાવી, ત્યારે પારસી સાહેબો લાજવાબ થઇ ગયા હતા! અને પોતાની મુલાકાતનું સેપટ કેવળ નીસ્ફળ થયલું તેઓને જણાયું હતું! બીજા તીસમારખાં સાહેબો, ગમે એવા પોતાના વીચારમાં ફુલેલા હશે, પણ મરહુમ બાલીવાલાએ કુંવરજી નાજરને ખરેખરો હેવાલ અને હકીકત જણાવી કહયું, કે આપણા ગાયક એકટરો જો કલકતામાં ગાવા નીકળશે, તો બંગાલીઓ આપણી શકતી માટે ઘણોજ કંગાલ વીચાર પોતાના મનમાં બાંધશે!

બાલીવાલાના આ વીચારો સાંભળી કુંવરજી નાજર ગભરાયા, અને કલકતામાં ઇંદ્ર સભા રજુ થનાર હતી, તે જો હાલહવાલ સ્ટેજ થાય, તો પછી રૂપીયા, આના અને પાઇનો સવાલ તેવણને ખટકવા લાગ્યો!

ઇંદ્રસભા માટે કલકતામાં ખાસ તઇયારી.

બાલીવાલા સાથ કુંવરજી નાજરે તનાહીમા મસલત ચલાવી, ઇંદ્રસભા માટે ખાસ તઇયારી કલકતામાં કરવા માંડી. લાંબો વીચાર કરી ઇંદ્રસભાના કેટલાક પાત્રો, ખુરશેદજી બાલીવાલાની સલાહથી કલકતાના સ્ટેજ માટે કુંવરજી નાજરે બદલી નાખવાનો હુકમ કીધો. વળી આખી મુસાફરી દરમીયાન વપરાઇને તુટી ફુટી ગયલાં 'ડરેસો' અને માથેના 'ટોપાંઓ' બીલકુલ નકામા થઇ પડેલાં હોવાથી, તે નવાં કરવાની ફરજ જણાઈ.

અત્યાર સુધી ઇંદરસભાના પાત્રો નીચે પ્રમાણે આખી મુસાફરીમાં ગોઠવાયલાં હતાં.

ઇંદરાજા—ડોસાભાઇ મગોલ.

ગુલફામ—ખુરશેદજી બાલીવાલા.

સબ્જ પરી—એદલજી દાદાભાઇ (એદુ કોલેજર!)

એ ઉપરાંત બીજાં પાત્રો પણ હતાં, પરંતુ આ ત્રણ પાત્રો મુખ્ય હતાં. બાલીવાલાની સુચના અને મસલતથી કુંવરજીએ તુરતજ મુંબઇમાં

નાટક કરતી પોતાની પેલી એલફીનસ્ટન નાટક મંડળીના મેનેજર ઉપર, તેલીગ્રામ રવાના કીધો, અને તેમાં ત્રણ ઘણાજ આગેવાન અને જાણીતા ખેલાડીઓને એકદમ કલકતે આવવા જણાવ્યું, કેમકે અમુક દીવસે કલકતામાં ઇંદ્રસભા સ્ટેજ કરવામાં આવનાર હતી.

એ ત્રણે ખેલાડીઓ નીચે પ્રમાણે મુંબઇથી કલકતે ઉપડી ગયા હતા. ધ્યાન રાખવું, કે તે વખતે એલફીનસ્ટન કલબના ડીરેકટર દાદાભાઇ ઠુંઠી હતા.

દાદાભાઇ રતનજી ઠુંઠી.

ડા૦ નશરવાનજી નવરોજી પારખ.

ડોસાભાઇ દુબાશ.

આ ત્રણે સાહેબો, ઇંદ્રસભા કોઇબી વખતે સ્ટેજ કરી શકે એમ હતું, અને તેથીજ કુંવરજી નાજરે ફકત ઇંદ્રસભા કલકતામાં સ્ટેજ કરવા, મુંબઇથી ખાસ તેઓને બોલાવી મંગાવ્યા હતા. કલકતાના શ્રોતાજનો પણ ઇંદ્રસભા જોવા, અને આ મુંબઇના કાબેલ પારસી ગાયકોને સાંભળવા ઇનતેજાર બની રહયા હતા! હવે ઇંદ્રસભાની ત્રણ 'કેરેકટરો' નીચે પ્રમાણે ગોઠવી હતી.

રાજા ઇંદ્ર—દાદાભાઇ રતનજી ઠુંઠી.

ગુલફામ—એન. એન. પારેખ.

લાલદેવ—ડોસાભાઇ જ. દુબાશ.

અને બીજી બધી કેરેકટરો, કલબના જુના મેમ્બરોએ ભજી બતાવી હતી.

દાદાભાઇ ઠુંઠીને રાજા ઇંદ્રમાં ગાયન બજાયન કરવાનો ઠીક પ્રસંગ મલ્યો હતો. તેવણની જવાનીમાં તેવણે ભજવેલો આ પાર્ટ, અને હાવભાવ, તેમજ શારીરીક બાંધા અને કાંતીથી તમાશબીનો ઉપર ઘણીજ સારી અસર થઇ હતી. પણ ડોસાભાઇ મગોલ, જેવણ અત્યાર આગમચ કલબમાં ઇંદરરાજા થતા હતા, તેવણની 'ડાળ બળી ગઇ હતી,' કેમકે દાદી ઠુંઠીએ જે કામ કરી બતાવ્યું હતું, તે ખરેખર તારીફલાયક હતું. અને તેજ રીતે, ગુલફામનો ભાગ, જે અત્યાર આગમચ ખુરશેદ બાલીવાલા બજાવતા, હતા, તે મી૦ નશરવાનજી નવરોજી પારખે, પોતાના રાગેતાના એકટીંગથી બજાવી પ્રજાની પ્રસંનતા મેલવી હતી. ડોસાભાઇ દુબાશે, મુંબઇથી કલકતે આવી કલબને બે ફાયદા કરી આપ્યા હતા. એવણે આખી કલબના તમામ 'ટાપાંઓ' જે મુસાફરીમાં હાલહવાલ થઇ ગયાં હતાં, તે સુધારી, સમારી, ટીપટાપ કરી પાછા શોભાયમાન કરી આપ્યાં હતાં, કેમકે ડોસાભાઇ દુબાશ એ કામથી ખાસ માહીતગાર હતા, અને તે ઉપરાંત, એ ભાઇ પોતાના ફાલીફલી ગયલાં અંગને લીધે, લાલ દેવનો પાર્ટ તારીફલાયક બજાવી મુંબઇમા જાણીતા થયા હતા.

આ ઇંનદરસભા કલકતાની તમાશબીન આલમને, તેમજ કલકતાની પારસી કોમને દેખાડી, કુંવરજી નાજરે પોતાની વાહ-વાહ બોલાવી હતી. આ ઇંદરસભા

બે-તણવાર કલકત્તામાં સ્ટેજ કીધા પછી, એ ત્રણે સાહેબો કલકત્તા છોડી મુંબઇ ગયા હતા, કેમકે મુંબઇમાં એલફીનસ્ટન કલબનું કામ પાછું ગબડાવવું હતું.

વીક્ટોરીયા કલબ મુંબઇમાં પાછી!

મેં કહ્યું તેમ રૂપીયા, આના અને પઇનો હીસાબ તો માલેક અને ખજાનચી જાણે! પણ થોડાંક અઠવાડીઆ કલકત્તામાં ગુજારી કુંવરજી નાજરે મુંબઇ જવાનુ નકકી કીધું. તોપણ કલકતેથી પાછા ફરતાં બનારસમાં એકાદ બે ખેલ કરવાની તક, કુંવરજી નાજરે જતી મુકી નહી હતી, અને સાહેબને કેહું કે વીકટોરીયા કલબ અંતે બનારસથી પાછી મુંબઇ ફરી, અને વીકટોરીયા થીએટરમાં પોતાના ખેલો કરવા શરૂ કીધા હતા. પણ હવે પુનાની સીઝન સામે આવી ઉભેલી જોઇ, કુંવરજીએ પોતાના એકટરોને થોડાંક અઠવાડીયાં પુને લઇ જવા સમજાવ્યું. આ સમજાવટના પરીણામમાં વીકટોરીયા કલબને કુંવરજી પોતાની સાથે લઇ પુના તરફ ઉપડી ગયા હતા.

કુંવરજીની આ સઘળી હીલચાલ ઉપરથી જણાઇ આવતું હતું, કે ઉત્તર હીંદુસ્થાનની તેવણની મુસાફરી, નાણાં સંબંધી હાલતમાં જેવી જોઇયે તેવી ફાવી નહી હતી. એ ગણત્રી તુરતજ ખરી પડી હતી, કેમકે પુનેથી જ્યારે કુંવરજી નાજર વીકટોરીયા કલબ લઇ પાછા ફરયા, ત્યારે એ વમલના વધનમાં પડેલી વીકટોરીયા કલબના સંબંધમાં એક નહી ધારેલો જાણવાજોગ બનાવ બન્યો હતો! એ બનાવ શું હતો? જરા સબર કરો, હું તે જણાવવામાં ઢીલ કરનાર નથી!

એલફીનસ્ટનને પડતાં છકકાં!

એક હાથ ઉપર વીકટોરીયા કલબ, નાજરની માલેકી હેઠળ એવી રીતે ડોલા ખાતી હતી, તેજ વખતે તેવણની માલેકીની બીજી કલબ, એલફીનસ્ટન, સંકર શેઠના થીએટરમાં, દાદાભાઇ ઠુંઠીના ડીરેકશન હેઠળ, પોતાના ખેલો ભજવતી હતી. દાદાભાઇ ઠુંઠી એલફીનસ્ટન કલબમાં, તે વખતે એક એકટર, અને ડીરેકટર તરીકે, વીકટોરીયા કલબની માલેકીમાંથી જુદા પડી જોડાયા હતા. ત્યાં તેવણને દર મહીને રૂપીયા એક સોનો પગાર મળતો હતો. અને એ સબબને લીધેજ તેવણ ઇંદ્રસભામાં પોતાનો પાર્ટ કરવા, કુંવરજીની ફરમાસ અનુસાર, તેવણ કલકતે જઈ ઇંદ્રસભા ભજવી, થોડાક માસ થયાં મુંબઇ પાછા ફરેલા હતા.

યારો શું લખું, અને શું રાખું! આ દાદી ઠુંઠીનું દાસ્તાન ઘણુંજ લાંબુ છે! તે તેને ઘટીત પ્રસંગે ટુંકમાં લખાશે, પણ આ જગ્યે કાંઇક ઇશારો કરવાની ફરજ પડે છે. એ દાદી ઠુંઠી, નાટકના ધંધામાં પાર વીનાની કમાલ કરવા જનમેલા એક આદમી હતા! તેવણ જો કે યુનીવરસીટીની કેળવણીવાળા નહી હતા, પણ પોતાની આખી જીંદગી નાટકના ધંધામાં રગડાળી, સેંકડો ચઢતી અને સેંકડો પડતી અનુભવી ચુકેલા હતા. તેવણ

એવા તો ઠાવકા અને ઠરેલ હતા, કે સેહજ ભોળવાઇ જતા નહી હતા. નાટકના કામમાં પોતાના અખંડ અનુભવ અને અભ્યાસને આધારે, તેવણુ કદીબી પોતાની શકતીઓ માટે છલકાઇ કે મલકાઇ જતા નહી હતા, પણ 'પવન જોઇને પીઠ આપવામાં, તેવણુ હંમેશાં પોતાનું ડાહપણુ વાપરતા હતા. ખ્યાલ કરો, કે એવો એક અનુભવી નાટકવાળો, વીકટોરીયા કલબનો એક જોડયો માલેક, અને ડીરેકટર, પોતાનું પ્રધાનપદ છોડી, પોતાના વખતને શરણુ થઇ, કુંવરજી નાજરની એલફીનસ્ટન કલબમાં એક એકટર અને ડીરેકટર તરીકે, માસીક રૂપીઆ એક સોના પગારે રેહી જવામાં શું તેવણે 'પવનને પીઠ આપી નહી હતી?'

તેમજ તેવણે પોતાની આખી જીંદગી દરમ્યાન પોતાનું વર્તન તેવુંજ રાખ્યું હતું. અને અંતે તેમાં પોતાની જીંદગીને છેડે, ફાવી એક ફતેહમંદ ડીરેકટર, એક સાહસીક માલેક, અને એક અનુપમ એકટર થઇ ગયા હતા. એવણુની રેહબરી હેઠળ, કુંવરજી નાજરની એલફીનસ્ટનને ઠીક છકકાં પડતાં હતાં! રૂપીઆ, આના અને પઇની વાત તો કુંવરજી નાજર જાણે, પણ એલફીનસ્ટન કલબથી કુંવરજી છુટા પડવા કરતાં, વીકટોરીયા કલબને છોડી દેવા નારાજી થતા નહી હતા.

કુંવરજીએ છોડેલો બંબગોળો!

પુનેથી વીકટોરીયા કલબ મુંબઇ આવી, અને મુંબઇમાં પોતાના ખેલો પાછા કરવા લાગી. કુંવરજી નાજર હવે કાંઇ નવો ધડાકો કરવા તલપી રેહતા હતા! અંતે તેવણે એક દાહડો એક એવો બંબગોળો છોડયો, કે વીકટોરીયા કલબના સઘળા એકટરો 'ટાઇટ' થઇ ગયા! તેવણે જાહેર કીધું, કે અમુક દાહડે, સઘળા ધરખમ પગારવાળા, એટલે રૂપીઆ ૬૦) થી ૩૫-૩૦) ના પગારદાર એકટરોએ, કુંવરજી નાજરને ઘેરે, સહવારે દશ વાગે એક ખાનગી કામ મ.ટે બોલાવેલી મીટીંગમાં હાજર થવું!

આ ઇજનને માન આપી, જયાંસુધી મને યાદ છે ત્યાંસુધી, વીકટોરીયા કલબના નીચલા ખેલાડીઓ, એ મીટીંગમાં હાજર રેહવા ગયા હતા. જરા સબુર કરો મેહરબાન. આ મીટીંગમાં થયલાં કામકાજનો રીપોર્ટ, આવતા અંકમાં ચીત્રયુકત રજુ થશે.

(૪૮)

કુંવરજી નાજરે બોલાવેલી ખાસ ખાનગી મીટીંગમાં તેવણના ઈજનને માન આપી, સઘળા ધરખમ પગારવાળા એકટરો, હોંસ અને ઉલટમાં આવી હાજર થયા હતા. તેમાં નીચલા ગ્રહસ્થો મુખ્ય કરી હતા.

૧ ખુરશેદજી મે. બાલીવાળા,
૨ મેરવાનજી મ. બાલીવાળા
૩ ફરામજી દાદાભાઈ અપુ,
૪ ડોસાભાઈ ફરદુનજી મગોલ,
૫ ધનજીભાઈ આ. ઘડીયાળી,
૬ પેસ્તનજી લાલી
૭ કાવસજી માણેકજી કંત્રાકટર, વીગેરે બીજા હશે.

આ સઘળા તે વખતે વીકટોરીયા કલબના ધરખમ પગારદાર એકટરો ગણાતા હતા! શું કામ બોલાવ્યા હશે, શું ખાનગી કામ હશે, તે જાણવા બધાઓના જીવ સીકાં ઉપર ટંગાઈ રહયા હતા, તેવામાં કુંવરજી નાજરે મીટીંગનું કામ શરૂ કરત જણાવ્યું, કે "તમે બધા સાહેબોના આત્રા ધરખમ! પગારનો બોજો હવે મારાથી ઉઠાવી શકાતો નહી હોવાથી, અંતે મને મારૂં અને મારી કલબનું 'પોઝીશન' તમુને આજે જણાવી દેવા મેં બોલાવ્યા છે. મારાથી બબ્બે કલબના જોખમ માથે લેવાઈ શકાય નહી! કલકતાની મુસાફરી નીશ્ફળ ગઈ છે. હુ હવે કલબ વધુ વાર ચલાવી શકતો નથી. વાસ્તે તમો સઘળા સાહેબો સાથે મળી ભાગીદાર બનો, અને એ કલબ તમે પોતે ચલાવો.

એ પછી ભેગા મળેલા ખેલાડીઓએ એક પછી એક અનેક સવાલો કુંવરજીને પુછયા હતા, પણ કુંવરજી પોતાના ગળાંમાંથી વીકટોરીયા કલબનો ફાંસો કાહડવાજ માંગતા હતા.

આ લાંબી ટુંકી તકરારનું પરીણામ અંતે એ આવ્યું, કે વીકટોરીયા કલબ ખરીદી લેવા માટે નીચલા ચાર સાહેબો તઈયાર થઈ ગયા. ૧ ખુરશેદજી બાલીવાલા, ૨ ડોસાભાઈ મગોલ, ૩ ધનજીભાઈ ઘડીયાલી અને ૪ ફરામજી અપુ. કાવસજી કનત્રાકટરે કલબ ચલાવવાની જોખમદારી માથે લેવા ના પાડી હતી, પણ જરૂર પડવે એકટર તરીકેજ કામ કરવાની હા પાડી હતી.

કંપનીના 'મોટા બાવા.'

પણ એ ચાર સાહેબોમાં એકબી આદમી એવો અનુભવી નહી હતો, કે જેણે કોઈબીવાર કોઈબી નાટક કંપની, માલેક યા ડીરેકટર બનીને ચલાવી હોય. જો કે એકટર તરીકે તેઓ સઘળાઓ પોતપોતાનું કામ કરવા પુરતા લાયક હતા. આવી


પોતાની ડગમગતી હાલતને લીધે, તેઓએ ઠરાવ કીધો, કે વીકટોરીયા કલબ ચલાવવી, એ કાંઇ નાહની જેવી વાત નથી! ચપ દેતો કે મહીનો ભરાતાં વાર લાગશે નહી, અને એકટરો અને ઘરભાડાંનો ખરચ, ઘેરમાંથી કાહડી આપવો પડશે! વાસ્તે કલબ ચલાવવાને લાયક કોઇ બાહેરના માણસની મદદ લેવી! ખસરૂએ સઘળાઓને સુચવ્યું, કે કલબ ચલાવવા માટે, દાદી ઠુંઠીની આપણને જરૂર છે. પણ તેવણ તો એલફીનસ્ટનમાં પગારદાર છે, વાસ્તે આપણ તેવણને મળી, આ વાતના સેવટ ઉપર આવ્યે! સઘળાઓએ ઠુંઠીની સાથ ખાનગીમાં મસલત ચલાવી, અને જણાવ્યું કે કંપનીના તમે 'મોટા બાવા' થાવો, અને ભાગીદાર બની હમારી સાથે જોડાવો, અને ડીરેકટર બનવાનું કબુલો, તોજ હમો સઘળા સાથે મળી વીકટોરીયા કલબના માલેક અને ભાગીદાર બન્યે!

આ મસલતનું પરીણામ ઘણુંજ શુભ આવ્યું. દાદી ઠુંઠીના નાટકી વહીવટમાં, તેમજ ડીરેકટર તરીકેની ફરજોમાં અત્યાર સુધી તેવણે જે કાંઇ કીધું હતું, અને તમાશબીન આલમનો તેવણે વીશ્વાસ અને માન મેળવ્યાં હતાં, તે સઘળું જોતાં, દાદી ઠુંઠી સીવાય બીજો કોઈ, આ નવા માલેકોને મળે એમ હતું નહી. દાદી ઠુંઠીની સઘળી સરતો આ નવા ચાર માલેકોએ કબુલ રાખી, અને હવે ચારને બદલે વીકટોરીયા નાટક મંડળીના પાંચ માલેકો બન્યા, અને એ નવું ગાડું નવેસરથી પાંચ જણોએ ધપાડવા માંડ્યું.

વીકટોરીયા કલબના પાંચ નવા માલેકો.

જ્યારે વીકટોરીયા કલબના ચાર આગલા માલેકોને મેં રજુ કીધા, ત્યારે તેજ કલબના પાંચ નવા માલેકોને પણ મારે અત્રે રજુ કરવા ઘટે છે.

દાદાભાઇ ઠુંઠી.



વીકટોરીયા કલબના મોટાબાવા!

ડીરેકટર.

ખુરશેદજી મેરવાનજી બાલીવાલા.



ખશરૂ—કેબાદ.

ડાસાભાઇ ફરદુનજી મગોલ.



ડાસુ એકદસ્ત.

ફ્રામજી દાદાભાઈ અરપુ.



ફ્રામ અરપુ.

આ ચીત્રોની હારમાળામાં ધનજીભાઇ ઘડીઆળીનું ચીત્ર રજુ કરી શકાયું નથી.

(ધ. ન. પટેલ)

નાટક ઉત્તેજક મંડળનો જનમ—ઇ૦ સ૦ ૧૮૭૫–૭૬.

હવે સાહેબને કેહું કે, કેટલાક કારણોને લીધે, આ પારસી નાટક તખ્તાની તવારીખની બારીક હકીકત હું બંબાણુથી રજુ કરી શકતો નથી. કેમકે, તે એક મોટી તકલીફનું કામ થઇ પડવાનો સંભવ છે. તોપણ એક હાથ ઉપર, વીકટોરીઆ કલબની માલેકીમાં થયલો આ નવો ફેરફાર, અને ગ્રાંટરોડ ઉપરની શંકરશેઠની થીએટરમાં ચાલી રહેલી ચલવલ, દેશી નાટક તખ્તા ઉપર સ્ત્રીઓને લાવી તેઓ પાસે નાટક કરાવવાની હીલચાલ, તેમજ યાંત્રીક સીન–સીનરીઓનો ચાલી રહેલો ધુબારો, એ સઘળાના જોશબંધ પ્રવાહથી, નાટકનું વાતાવરણ આગળના જેવું રહયું હતુંજ નહીં! એવે વખતે, નાટક તખ્તો સુધારવા, અને નાટકના હુન્નરને રીબતો બચાવવાના હેતુથી, કેખશરૂ કાબરાજીએ નાટક ઉતેજક મંડળી નામની એક નવી નાટક મંડળી, ઉત્તમ પ્રકારના નાટકો ભજી બતાવવા, અત્યાર આગમચ ઉભી કરી હતી.

એ મંડળીએ, શુળી વચ્ચે સોપારી નામનો ખેલ સ્ટેજ કીધો હતો, પણ નાટકશાળાના દુકાળને લીધે, તે જોઇતી જાહેરાત મેળવી શકયો નહીં હતો પરંતુ હવે તે નાટક મંડળીને ધનના ભરેસ્પતી બેઠા હતા, કેમકે કેખશરૂ કાબરાજીના આગતમથી, ધોબીતળાવ ઉપર આવેલા ફરામજી કાવસજી હોલમાં, નાટક ઉતેજક મંડળી દર શનીવારે રાત્રે રાજા હરીશ્ચંદ્રનો ગુજરાતી નાટક ભજવતી હતી.

વળી એલફીનસ્ટન નાટક મંડળી, શંકરશેઠના થીએટરમાં અલાદીનનો નાટક કરતી હતી, દાદી પટેલ હેદરાબાદની બેગમો સાથ, ઇંદ્ર સભા બનાવતા હતા, અને સામટી રીતે લેતાં, નાટકની આબોહવા હવે બગડવાની શરૂઆત થઇ હતી.

દાદી ઠુંઠી—તેનું ડીરેકટર તરીકેનું ડાહપણ!

આવી રીતે બગડત્તા માંડેલી હવાનો વાસ, દાદી ઠુંઠીના નાકમાં જતાંજ, તેવણે પોતાના કામકાજનું સુકાન ફેરવત્તા માંડયું હતું! ઠુંઠીના કામ કરવાની રીત, તેવણની લાંબી નજર, અને ડાહપણ બેશક ઘણાજ વખાણવાજોગ હતાં. સેહજબી મતફેરી કે વલવસો દાદી ઠુંઠી પોતાના ભાગીદારોમાં બરપા થવા દેતા નહીં હતા. નાટક તખ્તાને લગતાં, તેમજ ખુદ નાટકને લગતાં સઘળાં કામો, દાદીએ પોતાના ભાગીદારોને જુદાં જુદાં વેંહચી આપેલા હતાં, જેથી સઘળી 'મશીનરી' એક ઘડીઆળની માફક સરળતાથી ચાલી રહી હતી.

તમાશબીન આલમ મોટે ભાગે દાદી ઠુંઠીને 'દાદી કરાઇસ્ટ'નેજ નામે ઓળખતાં હતાં! ઠુંઠીને નામે તો દાદીને કોઇજ બોલાવતું હતું. મુસલમીન તમાશબીનો 'દાદી ફીસ'ને માટે હંમેશ પુછપરછ કરતા જણાતા હતા! મેં આગળ લખ્યું છે, તેમ તેવણનો દેખાવ, અને દમામ, સામેવાળાને ડંગ કરતાં હતાં! વળી નાટકના કામમાં એવણ પુરેપુરા હોવાથી, લોકો એવણના કામ ઉપર વીસ્વાસની નજરથી જોતા હતા. અને એટલાજ માટે એવણના સઘળા ભાગીદારો, એવણને પોતાના વડીલ ભાઇ, યા મુરબ્બી તરીકે માનથી નવાજતા હતા.

વીકટોરીયા કલબની લગામ હાથમાં લીધા પછી, ગ્રાંટરોડનો નાટકી મામલો અને પોતાની નાણાં સંબંધી હાલત તપાસી, મુંબઇથી એકદમ ઉઠાગરી કરી જવાની

દાદીએ તઇયારી કીધી. જુના પુરાણા ડરેસોને ટીબી અને ડાક જડાવવા જરદોશોને બેસાડી દીધા, અને પુરાણા પરદાઓને 'ટચ-અપ' કરાવી લીધા. એકના એક ખેલ સીવાય બીજા કોઇ નવા ખેલો પુરાંતમાં નહી હોવાથી, દાદીએ એક નવું પ્રોગ્રામ રચ્યું! તેમાં કમ્પનીના સઘળા ગાયનકાર ખેલાડીઓને ખેલની શરૂઆતમાં જલસો કરવા બેસાડ્યા, અને એ રીતે પારસી નાટક તખ્તા ઉપર 'જલસો' કરવાની પેહેલ કાહડી, જેની પાછળથી અનેક ઉર્દુ કમ્પનીઓએ નકલ કરી હતી.

આ જલસાનું પ્રોગ્રામ ઘણુંજ ફતેહમંદ નીવડયું હતું, કમ્પનીને તેથી ઘણી સારી આમદાની થઇ હતી. દાદી પોતે એ જલસામાં ગાવા બેઠા હતા, એટલે બીજાઓથી ના કેહી શકાય નહી. ધરખમ પગારવાળાઓ પણ એ જલસાઓમાં ગાવા બેસતા હતા. દરએક જન વારા ફરતી એક એક ગાયન ગાતો હતો, અને છેવટે આખી કંપનીની એક કોરસ ગાઇ, જલસાનું પ્રોગ્રામ પુરૂં કરતી હતી.

ઇ૦ સ૦ ૧૮૭૬-મુંબઇમાં નાટકનો જમાનો!

વીકટોરીયા કલબ કુંવરજી નાજરે ફકત બે વરસજ, એટલે ૧૮૭૩ થી ૧૮૭૫) સુધી ચાલાવી હતી. એ મુદત પછી આગળ લખ્યું છે, તેમ ૧૮૭૬ ના જાનેવારી માસમાં આ પાંચ નવા માલેકોના હાથમાં તે કલબ ગઇ હતી.

આ નવા ભાગીદારોએ મજકુર મંડળી લીધા પછી તેઓ કલકતા, બનારસ, દીલ્લી, લાહોર અને જેપોર વગેરે જાણીતા શહેરોમાં મુસાફરી કરી, ત્યાં નાટકો કરી ઠીક કમાણી કીધા બાદ મુંબઇ પાછા ફરયા હતા.

પણ વળી આ વીકટોરીયાની ભાગીદારીમાં ફેરફાર થવાની ગરજત હશે, તે કેમે કરી મટી નહી! આ વખતે એ કલબના બે ધરખમ ભાગીદારો, પોતાનો સંબંધ છુટો કરવા નીકળ્યા, અને તેઓએ પોતાનો સંબંધ છુટો કીધો. ૧૮૭૭ ના સાલમાં, જે બે ભાગીદારો છુટા થયા, તે ફરામજી અપુ અને દાદાભાઇ ઠુંઠી હતા!

હવે વીકટોરીયાના ફકત ત્રણ માલેકો બાકી રહયા હતા. એ ત્રણ ભાગીદારો ૧૮૭૮ માં લાંબી મુસાફરી ઉપર વીકટોરીયા કલબને પોતાની સાથે લઇ નીકળ્યા હતા. આ વખતે જીવ ઉપર જોરાવરી કરી, દરીયા પારની સફર કરવાની તેઓએ હીંમત કીધી, અને રંગુન, સીંગાપોર વીગેરે શેહરોમાં નાટક કરી, દોલત લુટવા લાગ્યા હતા! સીંગાપોર અને રંગુનમાં તેમના નાટકોની જાબજા ફેલાઇ જવાથી, ૧૮૮૧ ના સાલમાં બરમાના પ્રખ્યાત રાજા ઠીબુએ, વીકટોરીયા નાટક કલબને પોતાની રાજધાની માંડલે ખાતે આવી નાટકો કરવાનું ઇજન કીધું હતું.

શું આપશો—શું લેશો!

શું આપશો, અને શું લેશોનો સવાલ નકકી થઇ ગયો હતો. ઠરાવ અને ગોઠવણ એવાં થયાં હતાં, કે વીકટોરીયા કલબે માંડલે રાજા અને રાણીની રૂબરૂ જઇ ૩૫) નાટકો કરવા, અને તે ૩૫) નાટકોના બદલામાં, રૂ. ૪૩૦૦૦)ની રકમ, રાજા ઠીબુએ વીકટોરીયા કલબના માલેકોને આપવી.

રૂ. ૪૩૦૦૦) ની રકમ કાંઇ નાહની નહી હતી, પણ ખશરૂ બાલીવાળાએ માંડલે જવા માટે માથે ઉઠાવેલો જોખમ પણ કાંઇ નાહનો નહી હતો! વીકટોરીયા કલબે કરેલી માંડલે શહેરની મુસાફરીના કેટલાક બનાવો અતી ઘણા રમુજી, તેમજ જાણવા જેવા છે, અને આ પારસી નાટક તખ્તાની તવારીખમાં બેશક તે નોંધવાજોગ છે, અને તેથીજ તે આવતા અંક સુધી હું તહકુબ રાખું છું.

(૪૯)

વીકટોરીયા કલબના પેલા બે ભાગીદારો છુટા પડયા હતા, તેનો સબબ પાછળથી મરહુમ હુંઠીના કહેવા પ્રમાણે એ હતો, કે દરીઆની મુસાફરી તે સાહેબોને માફક આવે તેમ હતું નહી, અને તેથી તેઓ શરૂઆતથીજ ભાગીદારી છુટી કરી, ઘેર બેઠા હતા. પણ દરજીનો દીકરો—જીવે ત્યાં સુધી સીવે, એ કેહવત પ્રમાણે આ ઘેરમાં બેઠેલા સાહેબોનું ધકધ્યાન તો બધું નાટકના ધંધામાંજ ભરાયલું હતું! મુંબઇમાં તે વખતે નાટક કરનારી ટોળીઓના જેમ વાહણ ફાટયાં હતાં, તેમ નાટક જોનારી પચરંગી પ્રજાનો શોખ પણ તેટલોજ વધવા લાગ્યો હતો.

મુંબઇ માહેલી તે વખતની નાટક ટોળીઓને હાલ તુરત પડતી મુકવી જરૂરતની છે, કેમકે વીકટોરીયા કલબનું મંડલીમાં શું થાય છે, તે તરફ જરા નજર કરવી ઘટે છે. મેહરબાન ધ્યાન રાખવું, કે માંડળા ખાતે વીકટોરીયા કલબે શું શું કીધું, અને શું શું નહી કીધું; કયારે ગયા, અને કયારે આવ્યા. એ સઘળી હકીકતો લખવાની મારી મરજી નથી. મારે તો એટલુંજ ટુંકમાં દરશાવવું છે, કે વીકટોરીયા કલબે માંડલે જઇ શું મેળવ્યું, અને તે કેમ મેળવ્યું, તેટલુંજ લખી તેની નોંધ લેવી છે.

વીકટોરીયા કલબનો ફેરવાઇ ગયલો 'બેચ.'

૧૮૭૭ માં દાદી હુંઠી અને ફરામજી અપુએ વીકટોરીયા કલબ સાથની ભાગી દારી છુટી કીધી, અને વીકટોરીયા સાથનો સંબંધ છોડયા પછી, તે કલબના કેટલાક ખેલાડીઓમાંથી માંડલે જવા અગાઉ ફેરફાર થઇ ગયો હતો. ખરશેદજી બાલીવાળા હવે કલબના ડીરેકટર તરીકે બની બેઠા, અને પોતાના અનુભવને આધારે માંડલે જવા માટે, નવા ખેલાડીઓની ભરતી કરવા રોકાઇ ગયા! માંડલે જઇ ૩૫) નાટક કરવા માટે, ખરશેદજી બાલીવાળાએ ચંચળ અને જાણીતા ખેલાડીઓને પોતાની કલબમાં દાખલ કીધા. અને સઘળા મળી, ૨૭) પારસી જરથોસ્તી નાટકકારોનો એક જંગી કાફલો, માંડલે જવા તલપી રહયો હતો! જયાં સુધી મને યાદ આવે છે ત્યાં સુધી નીચલા જાણીતા જરથોસ્તી ખેલાડીઓ ૧૮૮૧ ના સાલમાં માંડલે ગયા હતા.

૧ ખરશેદજી મેરવાનજી બાલીવાળા (માલેક).
૨ ધનજીભાઇ ખ. ધડીયાળી (માલેક).
૩ ડોસાભાઇ ફરદુનજી મગોલ (માલેક).
૪ પેસ્તનજી ખરશેદજી માદન (પેન્ટર).
૫ મેરવાનજી પેસ્તનજી મેહતા
૬ નશરવાનજી વીરજી ગોઇપુરીઆ.
૭ ધનજીભાઇ બરજોરજી અંજીરબાગ.
૮ હોરમજી શાપુરજી તાંતર (હોમલુ લઇલી).
૯ દેનશાહજી કાવસજી બજાં.
૧૦ બેહરામજી ,, તાંતરા.
૧૧ હોરમજી ,, મુલનાં
૧૨ બમનજી ,, ગરદા.
૧૩ રૂસ્તમજી પેસ્તનજી મેહતા.
૧૪ કેખશરૂ હોરમજી લાલા.
૧૫ બાપુજી ,, પુણેગર.
૧૬ પેસ્તનજી ,, લાલી.
૧૭ પેસ્તનજી જીજીભાઇ બાટલીવાળા.

૨૭ જરથોસ્તીઓમાંથી ફક્ત ૧૭) હમદીનોનેજ આ પ્રસંગે હું ઓળખાવી શકું છું બીજાઓના નામ મને યાદ પડતાં નથી. પણ એ ઉપરાંત કંપની સાથે ગયલા બીજા અનેક હતા. જેમાં મુનશી, સારંગીવાળાઓ, તબલા વગાડનારાઓ, પારસી બાવરચી, નોકરો વીગેરે હતા.

રંગુનમાં ખબર મળી કે માંડલામાં બરમીસ ભાશાનું ચલન હોવાથી, એક બરમીસ ઇનટરપ્રેટરને કલબના માલેકોએ પોતાની સાથે જરૂર રાખી લેવો ઘટે છે, કે જેથી અનેક મુશ્કેલી દુર થઇ શકશે. આ સુચના તુરતજ બાલીવાળાએ ઉપાડી લીધી, અને રંગુનથી મીᵒ કાવસજી ગાંધીને, બાલીવાળાએ પોતાના ખાસ દુભાશીઆ તરીકે રોકી લીધા હતા.

બેશક આ એક મોટો સાહસ હતો! માંડલામાં તે વખત ઘણુંજ અંધેર રાજ ચાલતું હતું! છતાં "આવે તો હુંડી, અને જાય તો મુંડી" એ કેહવત પ્રમાણે, ત્રણે માલેકોએ આ જોખમ માથે ખેંચી લીધો હતો. પણ આ ખેંચી લીધેલા સઘળા જોખમોનું સેવટ, ઘણુંજ સંતોશકારક આવ્યું હતું.

હીરા અને માણેકોની ચાલેલી લુટ!

એકટરોની બેહદ અજાયબી અને ઘણાજ ખીજવાટ વચ્ચે, એક દાહડો કેટલાક રાજાના ખીદમતગારો, પોતાના માથાં ઉપર, નાહની–નાહની નારંગીથી ભરેલી 'બાસ્કેટો' લઇ વીકટોરીયા કલબના મકાનમાં આવ્યા હતા! આ બાસ્કેટમાં ભરેલી નારંગીઓ તરફ એકટરોએ કેવળ બેદરકારીથી જોઇ, રૂમના એકાદ ખુણામાં તે મુકી જવા જણાવ્યું. રાજાના ખીદમતગારો તે બાસ્કેટ મુકી ગયા, અને તેઓના ગયા પછી, કોઇ પરવારતા એકટરે તે બાસ્કેટમાંથી એકાદ–બે નારંગી લઇ, તે ખાવા માટે છોલતાંજ, તેમાંથી હીરા–અને માણક તેને મળી આવ્યાં! દેખાઇતું હતું, કે રાજા થીબુએ આ નારંગીઓ કાંઇ ખાવા માટે મોકલાવી નહી હતી, પણ તેમાં છુપાવેલા હીરા અને માણેક ભેટ તરીકે મોકલાવ્યાં હતાં! આ ખબર તુરતજ કલબમાં ફેલાઇ જતાં, તે નારંગીઓ ઉપર એકટરો તુટી પડયા હતા, અને એવી રીતે જેઓને હાથ જેટલાં ફળ ગયાં હતાં, તેટલાં નંગ તેઓને ભેટ તરીકે મળી ગયાં હતાં! કેવો ઉદાર દીલનો બરમન રાજા થીબુ!

થીબુ રાજાએ લુટાવેલા રૂપીઆ!

બરમન રાજાની રૂબરૂમાં ખેલ કરવાના રંગઢંગની વાત ઘણીજ રમુજી કહેવાય છે! પણ તે લખવાની ઝાઝી જરૂર નથી. સારાંશ, આ નાટક જોઇ થીબુ રાજા એટલો તો ખુશ થઇ ગયો હતો, કે સઘળા ખેલાડીઓને ભેટ આપવા માટે, એક દીવસે તેણે પોતાની રૂબરૂમાં સઘળાઓને બોલાવી, રૂપીઆઓનો એક નાહનો જેવો પહાડો ઢગ બનાવી, હુકમ કીધો, કે દરેક જને પોતાના બે હાથે જેટલા રૂપીઆ તેનાથી ઉંચકી શકાય, તેટલા તેણે ઉંચકી લેવા! કંપનીમાં મજબુત બાંધા અને મોટા હાથવાળા જેઓ હતા, તેઓ આ રૂપીઆ ઉઠાવવા ગયા, પણ મરહુમ દોરાબ બજાં, જેવણના

હાથ બીજાઓ કરતાં મોટા હતા, તેવણે કરેલી કોશેશ પછી, માલમ પડયું, કે તેવણના બંને હાથમાં મોટી મુશ્કેલીથી, સો–સવાસો રૂપીઆ આવ્યા હતા !

આખી મંડળીને એવી જુદી જુદી રીતે નવાજ્યા પછી, માલેકોને ખાનગીમાં બરમાની ખાનના ઝવેરાતની ખાનગીમાં ભેટ કરેલી જણાઇ હતી, જેથી માલેકોએ પોતાને માથે ઉઠાવેલા સઘળા જોખમોનો બદલો, મળી ચુકેલો તેઓ સમજ્યા હતા. બરમાના રાજા તથા રાણીએ વીકટોરીયા કલબના માલેકો ઉપરાંત, ખેલાડીઓના એકટીંગથી ખુશી થઇ, દરેક જનને રૂ. ૪૦૦–૫૦૦ સુધીનાં ઇનામો, તથા સોના અને ઝવેરાત વીગેરેની નવાજેશ કીધી હતી. વીકટોરીયા કલબના માલેકો પોતાનો સઘળો ખરચ બાદ કરતાં, આશરે રૂ. ૫૦૦૦૦) ગાંઠે બાંધી પાછા ફરયા હતા.

બરમાનો રાજા થીબુ અને તેની રાણી.



જેણે વીકટોરીયા કલબને ૩૫) નાટકો જોઇ, લાખો રૂપીઆથી નવાજ્યાં હતાં.

વીકટોરીયાની બરમાની કમાઇ વેલાતમાં ગમાઇ!

બરમાના રાજમાં મળેલી આવી ફતેહથી વીકટોરીયા નાટક મંડળીના માલેકોએ ૧૮૮૫) ના સાલમાં, એક જબરી મોટી હીંમતભરી છલાંગ મારી હતી. તે તેમની વેલાતની સફર હતી! ૧૮૮૫) માં ઇંડીયન એન્ડ કોલોનીઅલ એકઝીબીશનના પ્રસંગ ઉપર તેઓ લંડન ખાતે નાટક કરવા ગયા હતા! કેવી કીસમની ગણતી, અને કોની સલાહથી એ જોખમ એ લોકોએ માથે લીધો હતો, તે વાત હજી જાહેર થઇ નથી! ઘણાકો આ સાહસ વીશે સાંભળી અજબ થઇ બોલ્યા કે "લુહારવાડે સોય વેચવા" જેવું એ કામ બાલીવાલા કરે છે!

આ વેલાતની મુસાફરીમાં દુભાશીઆ તરીકે કામ કરવા, મરહુમ કુંવરજી નાજરને બાલીવાળાએ રોકયા હતા, કેમકે મી. નાજર કરતાં વધારે લાયક માણસ બાલીવાલાને મળવું અતીશય મુશ્કીલ હતું. કંપનીમાં એ વખતે ૨૨) પારસી એકટરો વેલાતની સફરે ગયા હતા. જે ખેલાડીઓ ખરેખર કામ લાગી શકે એવા હતા, તેઓને લઇ જવાની કંપનીના માલેકોને ફરજ પડી હતી. પણ થોડાક એવાબી લેભાગુ એકટરો, માગી તાગી અને કાલાવાલા કરી, તેમજ લાગવગ ચલાવી એ વેલાતની સફર કરવામાં ઘુસી ગયેલા, આ અદના લખનારને યાદ છે.

વેલાતની સફરમાં બાલીવાલાએ, જે નવા ખેલાડીઓને સામેલ કીધા હતા, અને જેઓ માંડલેની સફરમાં જોડાયલા નહી હતા, તેમના નામો નીચે પ્રમાણે છે.

૧ મેરવાનજી એ. મુનશી, ૨ ડોસાભાઇ જ. દુબાશ, ૩ દોરાબ સચીનવાલા (મરમીલ બાઇડું!) ૪ કુંવરજી સોદલજી સીપાઇ, ૫ ફરામજી અ. ચોકસી વીગેરે હતા.

લંડનના ગેટી થીએટરમાં વીકટોરીયા કલબ!

લંડનની આ સફર, બીલકુલ તમામે તમામ નીશફળ નીવડી હતી. વગર લાઇસન્સે ખેલ કરવાના વેલાતના કોઇક કાયદાનો અંજાણતા ભંગ કીધાથી, એક મોટા જેવો દંડ વીકટોરીયા કલબને ભરવો પડેલો કેહવાય છે! હાંસીલ કલામ, બરમાની કમાઇ, મોટે ભાગે ગુમાવેલી બોલાઇ હતી.

વેલાતની સફરથી ખેખરા થઇ પાછા ફરતાંજ, ૧૮૮૬ ના સાલમાં વીકટોરીયા કલબના ત્રીજા ભાગીદાર ધનજીભાઇ ખ. ઘડીયાલી, કલબ સાથેનો સંબંધ છોડી છુટા પડયા હતા. ૧૮૮૬ ના સાલથી વીકટોરીયા કલબના ફકત બેજ માલેકો ખરશેદજી બાલીવાલા અને ડોસાભાઇ મગોલ રહયા હતા.

રજવાડામાં કેટલાક રાજેન્દરોની ખાસ મહેરબાની વીકટોરીયા મંડળીએ મેળવી હતી. તેમાં જયેપોરના મરહુમ મહારાજા રામસીંગજીએ ૧૮૮૦ ના સાલમાં એ મંડળીને માટે, જયેપોરમાં એક ખાસ નાટકશાળા, મોટી રકમ ખરચી બંધાવી હતી. વળી પતીઆલાના મહારાજાએ પણ ૧૮૯૧) ના સાલમાં, પોતાના શહેરમાં વીકટોરીયા કંપની માટે, એક ખાસ થીએટર બંધાવ્યું હતું. વીકટોરીયા કલબે પોતાની વહીવટદારી દરમ્યાન ઘણાક શેહરોમાં જુદે જુદે વખતે ધરમાદા ખેલો કરી, તેની ઉપજ ધરમ ખાતાઓને સ્વાધીન કરી હતી.

ડોસાભાઇ મગોલનું મરણ.

ઇ૦ સ૦ ૧૮૮૯) ના સાલના મારચ માસમાં, વીકટોરીયા કલબ જ્યારે ઉત્તર હીંદુસ્થાનની મુસાફરી કરતાં દીલ્હી શહેરમાં પડાવ નાખી પડી હતી, તે વખતે કંપનીના માલેક ડોસાભાઇ ફરદુનજી મગોલ, તાપની બીમારી ભોગવી, દીલ્હીમાંજ મરણ પાંમ્યા હતા. એ દુખદાયક બનાવ પછી ખરશેદજી બાલીવાલા વીકટોરીયા કલબના એકલા માલેક બન્યા હતા.

નાટકના ધંધામાં પડી બાહરગામમાં ગુજર પામેલા, થોડાક પારસી 'એકટરો'ના નામની નોંધ.

વીકટોરીયા કલબના માલેકના મોતની નોંધ લેતાં, એક વાત નજરમાંથી છટકી જવા દેવી ન જોઇયે, કે એ ધંધામાં પડેલા જ થોરતી એકટરોમાંથી, આજ સુધી નીચલા સાહેબો, બહારગામની મુસાફરી દરમ્યાન પોતાના દેશ, ખેશ અને વતનથી દુર પડી, બાહરગામમાં ગુજર પામ્યા હતા.

૧ કાવસજી પાલનજી ખટાઉ, ડાયાબીતીસના દરદથી. લાહોરમાં ગુજર્યા હતા.
૨ ડોસાભાઇ ફરદુનજી મગોલ. તાપની બીમારી. દીલ્હીમાં ગુજર પામ્યા હતા.
૩ ધનજીભાઇ બરજોરજી અંજીરબાગ. કોલેરાથી. બેંકોકમાં ગુજર પામ્યા હતા.
૪ હોરમજી શા૦ તાંતરા. ડકન હેદરાબાદમાં કોલેરાથી ગુજર્યાં હતા
૫ મેરવાનજી પેસ્તનજી મેહતા. નબળાઇથી. ઇનડોરમાં.
૬ એદલજી દાદભાઇ (એદુ કોલેજર). કલકતામાં.
૭ પેસતનજી જીજીભાઇ બાટલીવાલા (પેસુ પોખરાજ) આગ્રામાં.
૮ નવરોજી દોરાબજી દીતીયા. ડકન હેદરાબાદમાં.
૯ દીનશા દાદાભાઇ બાપુ (પા. ના. મંડળીના માલેક). મદરાસમાં.
૧૦ નસરવાનજી વીરજીભાઇ. ડકન હેદરાબાદમાં.
૧૧ દોરાબ બજાં (પા. ના. મંડળીના માલેક) નવસારીમાં.
૧૨ કુંવરજી સોરાબજી નાજર. જયપોરમાં.
૧૩ નસરવાનજી દોરાબજી આપઅખતીયાર. ઝાંનસીમાં.

વીકટોરીયા કલબનું આવેલું સેવટ.

એ રીતે એક પછી એક વીકટોરીયાના માલેકો ઓછા થતા ગયા, અને જ્યારે ડોસાભાઇ મગોલના ગુજરવાથી બાલીવાલાને માથે આખી કલબનો બાર આવી પડયો ત્યારે બાલીવાળાની મદદે તેમણા અનેક ઉતેજકો અને ખયરખાહો, બાલીવાળાને ઉલટ આપવા બહાર પડતાં ગયા હતા. એ સઘળામાં મરહુમ કેખશરૂ કાબરાજી, રાસ્ત ગોફતારના અધીપતી હરોલમાં હતા. જો કે પાછળથી તેવણે પોતાની દીલસોજી ખેંચી લીધી હતી. ત્યાર બાદ બીજા સાહેબોમાં મરહુમ અરદેશર ઉનવાલા (સોલીસીટર) અને અરદેશર માદન (સોલીસીટર) હતા. પણ એ સરવેના કરતાં બાલીવાલાના કામને વખાણનાર, અને જાહેર તેમજ ખાનગીમાં ભાષણો વીગેરે કરી, ઉલટ આપનાર બાલીવાલાના અંગી મીત્ર, મરહુમ સોરાબજી ખુરશેદજી ઘોઘી હતા. જેવણે વખત બેવખત, મોકા બમોકા, બાલીવાલાના ગુણ, નાટક તખતા ઉપર ગાઇ, તેવણને તેમના કામોમાં તેવણ હંમેશ ઉલટ આપતા રહયા હતા.

મરહુમ સોરાબજી ખરશેદજી ધોંડી.



બાલીવાલાના એક ચુસ્ત હીમાયતી, અને વખાણનાર.


એ બધળા બનાવો, હાલના જમાનાના નાટકના શોખીનોને કાચ યાદ હશે? બાલીવાલા ગ્રાંડ થીએટર કેમ ગ્રાંટરોડ ઉપર ઉભું થયું, તેની તવારીખ આ લેખોના આગલી હારમાળામાં હું લખી ગયો છું. એટલે હવે વીકટોરીયા નાટક મંડળી વીશે ઝાઝું લખવાનું, કે જણાવવાનું કાંઈ રહયું હોય, એમ મને લાગતું નથી. બાલીવાલા ગ્રાંડ થીએટર બાંધી, બાલીવાલા ઘણીજ મુશ્કેલીથી પોતાનો વખત કહાડતા હતા. તેવણ પોતાની નબળી દેહ છતાં, વીકટોરીયા કલબને ચાલુ રાખવામાં, તેવણ એક પરદુ:ખભંજન કામ કરતા હતા, કેમકે ઘણાક જરથોસ્તીઓની રોજી ત્યાં ચાલતી હતી. પણ અંતે ૧૯૨૩ ના સપટેમ્બર માસમાં, ૬૧ વરસની ઉમરે, લકવાની બીમારીને વશ થઈ, બાલીવાલા ગુજર પામ્યા હતા, અને ત્યાર પછી વીકટોરીયા કલબની પડતી શરૂ થઇ, અને અંતે તેનો અંત આવ્યો હતો.

(૫૦)

ખરશેદજી બાલીવાલાની હીંમતમાં જબરો હતો. જાણીતા પારસી એકટરો ઉપરાંત, બરમાની મુસાફરીમાં, બધા મળી ૪૧) માણસોનો એક જંગી કાફલો જમાવ કરી, માંડલે જવાની સફર તેણે શરૂ કરી હતી. એવો જંગી પારસી કાફલો, આજ સુધી અને અત્યાર આગમચ કોઇભી વખત માંડલે ગયો હતો નહી. ખુરશેદજી બાલીવાલાની આ હીંમત બેશક ઘણીજ જોખમભરી હતી, કેમકે બરમામાં તે વખતે બ્રીટીશ અમલ હતો નહી, તેમજ બ્રીટીશ પનાહ પણ કોઇને મળી શકે તેમ નહી હતું ! છતાં ખુદાની યાદ જબાન ઉપર ધરી, આ ૪૧) માણસોનો જંગી કાફલો બરમા જઇ પુગ્યો હતો.

મેં આગળ લખ્યું હતું, તેમ બરમાની સફર દરમીયાન વીકટોરીયા કલબમાં બધા મળી ૨૭) પારસી એકટરો શામેલ થયા હતા. તેઓમાંથી જેઓની મને યાદ પડી, તેઓના નામની નોંધ ગયા અંકમાં મેં ટપકાવી છે. દલગીર છું, કે એ ૨૭) સાહેબોમાંથી લગભગ એકાદ-બે અકરથો સીવાય સઘળા ગુજર પામ્યા છે. એ ગુજર પામેલા એકટરોમાંથી, જે જે જાણીતા એકટરોના ફોટોગ્રાફો હું મેળવી શકયો છું, તે આ પારસી નાટક તખ્તાની તવારીખમાં જળવાઇ રેહ અને ભવીશની ઓલાદ તેમના દર્શન કરી શકે, એવી નેમથી અત્રે રજુ કરું છું.

મરહુમ ખરશેદજી મેરવાનજી બાલીવાલા.



વીકટોરીયા કલબના માલેક.

આ જાણીતા અને અજાયીબ ખેલાડીની નાટકી કારકીરદીનું જાણવાજોગ બયાન, હવે પછી ચીત્રવૃત્ત રજુ થનાર હોવાથી, અત્રે વધુ લખવાની જરૂર નથી.

મરહુમ ડોસાભાઇ ફરદુનજી મગોલ.



ખુરશેદજી બાલીવાલાને સેવટ સુધી વળગી રહેલા વીકટોરીયા કલબના એક માલેક.


પરશીઅન ઝોરાસ્ત્રીઅન નામની એક કલબ, જે મરહુમ પેસ્તનજી વેલાતી નામના એક પરશીઅન કલબના એકટરે કાઉડી, ભરજો અને મેહર સીમીન ઓઝાર નામનો નાટક, ૧૮૭૧ માં જેણે સ્ટેજ કીધો હતો, અને જે ખેલ તે વખતના જાણીના લેખક 'બંદ પુરા'એ લખ્યો હતો, તે ખેલમાં, આ ડોસાભાઇ મગોલે, એકદસ્ત નામના એક હબસીની 'કેરેકટર' તારીફલાયક રજુ કીધી હતી. એ ઉપરથી મરહુમનું નામ 'ડોસુ એકદસ્ત' તરીકે પડી ગયું હતું. મરહુમનો અસલ ધંધો, પારસી મીઠાઇ બનાવનારનો હતો, તે પડતો મુકી, મરહુમે નાટકના ધંધામાં પડી, નામના મેળવી હતી. મરનાર સાધારણ પ્રકારના ગાયક હતા, અને મોજીલા સ્વભાવના હોવાથી, અમુક પ્રકારની કેરેકટરો અચ્છી રીતે સ્ટેજ કરી શકતા હતા.

મરહુમ મેરવાનજી પેસ્તનજી મેહતા.



નાટક ઉ-તેજક મંડળીમાંથી ખીલી નીકળેલા, અને પાછળથી વીક્ટોરીયા ક્લબને છેવટ સુધી વળગી રહેલા, એક અજબ જેવી નાટકી શક્તી ધરાવનાર 'ઓલ-રાઉન્ડ' એક્ટર. મરહુમ વીશે લંબાણુ વીવેચનની ખાસ જરૂરત હોવાથી આ તબકે લંબાણુ કરવાની જરૂરત નથી.

મરહુમ નશરવાનજી વીરજીભાઈ મોઢીપારીયા.



મોજીલા સ્વભાવના, અથંગ ગાયનકાર. પાછળથી નાટકકાર બની અંતે દુર દેશાવરમાં પોતાની કજાને વશ થયા હતા.


આ એકટર વીશે વધુ વીવેચન હવે પછી કરનાર હોવાથી, અતરે વધુ લખવાની જરૂર નથી.

મરહુમ ધનજીભાઇ બરજોરજી અંજીરબાગ.



એલફીનસ્ટન કલબમાંથી ઉગી નીકળી, વીકટોરીયાની અંકમાં જોડાઇ, દુર દેશાવરમાં સફર કરતાં, એકોકમાં કોલેરાનો ભોગ થઇ પડયા હતા. એક રમુજી ખેલાડી ઉપરાંત, પોતે 'સીનીક' આરટીસ્ટ હોવાથી, બાલીવાલાને ઘણાજ ઉપયોગી થઇ પડયા હતા.

મરહુમ હોરમસજી શાપુરજી તાંતરા.



પ્રથમમાં એલફીનસ્ટનમાં લયલા મજનુના ખેલમાં, લયલીનો ભાગ બજાવી જાણીતા થયલા, અને પાછલથી વીકટોરીયામાં દાખલ થઇ સેવટ સુધી તેમાં પોતાનું જીવન ગાળનાર. (વધુ હવે પછી)

હું ધારૂં છું, કે આજના અંક માટે આટલો મારો લેખ પુરતો થઇ પડશે. હજી બીજા નામાંકિત જરથોસ્તી એકટરો, જેઓ બાલીવાલા સાથ માંડલે ગયા હતા, અને જેઓ ગુજર પામ્યા છે, તેમના ફોટોગ્રાફ હું આવતા અંક માટે તહકુબ રાખી, આજનો લેખ ખતમ કરૂં છું.

ગુજર પામેલા પ્રસીધ્ધ પારસી એકટરો, જેઓ બાટલીવાલાની રેહબરી અને બાહેધરી હેઠળ મોડલે ગયા હતા, તે માહેલા થોડાકોના ફોટોગ્રાફ ગયા હફતામાં હું આપી ગયો હતો, અને આજે થોડાકોના ફોટોગ્રાફ રજુ કરી, આ પારસી કાફલાની મોડલેની મુસાફરીનો હેવાલ ખતમ કરૂં છું.

મરહુમ દોરાબજી કાવસજી બજાં.



પ્રથમ નાટક ઉત્તેજકનો ખેલાડી, પાછળથી દાદી ઠુંઠીની સાથે ભાગીદારીમાં જોડાઇ, નાટકના કામમાં આગળ વધેલાં

બેહરામજી બરજોરજી તાંતરા.



એક અમેચ્યુઅર તરીકે નાટકમાં શરૂઆત કરી, પાછળથી વીક્ટોરીયા કલબમાં એક આગેવાન ખેલાડીને દરજ્જે પુગેલા આ ભાઇ હજી હયાત છે, અને બુઝોરગીને લીધે નાટક કરવા નબળા થઇ પડયા છે

'પેસુ–પીખરાજને' નામે જણાયશે.

હવે વીક્ટોરીયા કલબની માંડલેની મુસાફરીનો આ ઉપર ટપકેનો ચીતાર અત્રે હું ખતમ કરૂં છું. પણ વાંચનારે એમ સમજવું નહી, કે વીક્ટોરીયા કલબની હયાતી અત્રે ખતમ થઇ હતી. ના, તેમ તો બન્યુંજ નહી હતું. કેમકે આ માંડલેની સફર પછી, આગળ જણાવ્યું હતું તેમ એ કલબે વેલાતની સફર કરી, મોટી નુકશાની હાંસલ કીધી હતી, અને ત્યાર પછી પાછી એકાદ બે સફર માંડલે કીધા ઉપરાંત, સીંગાપોર, અને બેંકોક જેવાં શહેરોમાં, બાજીવાલાએ પોતાના નસીબને અજમાવ્યું હતું. આ બેંકોક ઘણુંજ વીચીત્ર પ્રકારની પ્રકૃતીવાળું શહેર હતું, અને એજ શહેરમાં નાટક કરવા માટે પડાવ નાંખ્યા પછી, કંપનીના એક અતી ઘણા ઉપયોગી, અને જાણીતા પારસી ખેલાડી ધનજીભાઇ બરજોરજી અંજીરબાગ, કોલેરાના રોગમાં સપડાઇ, એજ શહેરમાં ગુજર પામ્યા હતા, અને હમદીન ખેલાડીઓએ, પોતાના એ માનીતા હમશરીકને ત્યાંજ દફન કીધા હતા.

ઉદય પછી અસ્ત !

અતી ઘણી જાહોજલાલી ભોગવી, રાજદરબારી કીરતીઓ મેળવી, સુના અને હીરા જડીત ચાંદાની ભેટ સોગાદો મેળવ્યા પછી, વીક્ટોરીયા કલબની કીરતીની કલગી હવે ઝાંખી થવા માંડી હતી. એ સઘળી વીગતોમાં ઉતરવાની જરૂર નથી, પણ જે જે બનાવોએ વીક્ટોરીયા કલબની હસ્તીનો પાયો ખણી અને કોતરી નાખ્યો હતો, તેમાં એક મુખ્ય બનાવ, જે પાછળથી પ્રગટી નીકળ્યો હતો, અને જેને માટે જાહેર છાપામાં જબરી ચુનોચરા થઇ હતી.

મરહુમ પેસ્તનજી જીજીભાઇ બાટલીવાલા.



પેલા દોરાબજી ધાભરની કલબમાંથી પેહલવેહલા જનમ પામી, પાછળથી વીકટોરીયા કલબનો થઇ પડેલો એક આગેવાન ખેલાડી. નાટકી આલમમાં સૈવટ સુધી

વીકટોરીયા કલબમાં સ્ત્રી ખેલાડીઓ

દાખલ કરવાની પેહલ હતી. આ સ્ત્રી ખેલાડીઓએ, બાટલીવાળાની વીકટોરીયા કલબને કદીબી જરથી ભરપુર કરી તો નહીજ હતી, પણ તેથી ઉલટું, બાટલીવાળાની કલબના

કામ ઉપર અનેક ટીકાઓ થઇ રહયા હતા. ઘણાજ મોટા પગારના ભોગે, જે સ્ત્રીઓને ઉરદુ નાટકોમાં પાત્રો ભજવવા માટે રોકવામાં આવી હતી, તેઓ જેવી જોઇયે એવી રીતે બાલીવાળાના નાટકોમાં મદદગાર થઇ પડી નહી હતી ! તેઓ ગાયનકાર વર્ગમાંથી પસંદ કરેલી હોવાને લીધે, તેઓ સ્ટેજની બાહર જેવી જોઇયે તેવી રીતે પોતાનો ટેક અને દરજજો જાળવવામાં નીષ્ફળ નીવડતી હતી, અને તે સઘળાનું સામટું અને ભેગું પરીણામ, વીકટોરીયા કલબની હસ્તીનો પાયો ખણાઇ, અંતે તે જમીનદોસ્ત થવામાં આવ્યો હતો. આ બાબદ ઉપર હું ઘણું, ઘણું અને ઘણું લખી શકું એમ છે, પણ જેઓ દોશીત હતા, તેઓ મરણ પામ્યા છે, એટલે તે વાત હવે હર્યાજ પડતી નાખવામાં શોભા છે.

સ્ત્રી ખેલાડીઓ મુંબઇના નાટક તખ્તા ઉપર !

મહેરબાન, આ વાત તમે જરૂર ધ્યાનમાં રાખજો, કે મુંબઇના નાટક તખ્તા અને તેની કારસાઇની જે પડતી આવી, અને તેની ખરાબી થઇ હતી, તે નાટક તખ્તા ઉપર સ્ત્રી-ખેલાડીઓને દાખલ કીધાથીજ થઇ હતી ! આ કાંઇ સાંભળેલી હકીકતને આધારે હું લખતો નથી, પણ લગભગ સઘળા દાખલાઓની નજર-નોંધ ટપકાઉં છું. અલબત્તા ઇનસાફને ખાતર મારે અત્રે નોંધવું જોઇયે, કે સઘળી નાટક ટોળીવાળાઓને માટે મારે આ ટીકા લખવા નથી, પણ જેઓ ખરા દોશીત હતા, તેઓને માટેજ મારે આ ટીકા કરવા પડયા છે. ઘણાક એવાબી નાટક મંડળીના માલેકો હતા, કે જેએ પોતાની મંડળીનું ભવીશ સુધારવા માટે, પોતાની નાટક મંડળીમાં સ્ત્રીઓને દાખલ કરવામાં મોટું પાપ સમજી, સ્ત્રીઓની સામેલગીરી લીધીજ નહી હતી. તેમ કેટલીક એવીબી મંડળીઓ હતી, કે જેઓ સ્ત્રીઓની સામેલગીરીમાં મોટી આબાદાની અને ફતેહમંદી સમજયા હતા ! પણ તે સઘળાનું પરીણામ, મોટી જેવી ખરાબી અને બરબાદીમાં આયંદે આવ્યું હતું. એ સઘળું જરા ધીરે અને ધીમેથી જોવાનું અને તપાસવાનું છે. તમે જરા સબર કરો, તો હું એ સઘળો ભુતકાળનો મામલો, ધીમે ધીમે રજુ કરી, ખુલ્લો કરીશ.

(૫૨)

હવે સાહેબને કેહું કે, આપણે જરા બીજી બાજુએ નજર કરયે. વીકટોરીયા કલબના જે જે ખેલાડીઓની સખી હું મેળવી શકયો હતો, તે મેં આજસુધી રજુ કરી છે. પણ એ ગુજર પામેલા સાહેબોની નાટકી કારકીરદી મારે હવે ઉપર ટપકેથી નોંધવી છે. પણ તેમ થાય તે આગમચ, આગલા અંકોમાં હું લખી ગયો તેમ, મરહુમ દાદી પટેલે ઉભી કરેલી ઓરીજીનલ વીકટોરીયાના બંધારણ અને તેના કામકાજ તરફ જરા નજર કરવી ઘટે છે.

પારસી નાટક તખતા ઉપર હેદરાબાદની કેહવાતી બેગમો!

દાદી પટેલે ઉભી કરેલી ઓરીજીનલ વીકટોરીયા કલબ માટે, હું અત્યાર આગમચના મારા લેખોમાં લખી ગયો છું. કમનસીબે આ નાટક ટોળી જો કે ઘણાક સારા અને કાબેલ પારસી ખેલાડીઓની બનેલી હતી, છતાં મુંબઇમાં આ મંડળે એક ફેફોડી શરૂઆત એવી કરી હતી, કે તેથી તે પારસી તમાશબીન આલમની કદરસનાશી મોટે ભાગે ખોઇ બેઠી હતી! હું આગળ લખી ગયો છું, કે દાદી પટેલ નાટક તખતા ઉપર, નવી નવાઇની વસ્તુઓ રજુ કરવા માટે ખાસ જણાયલા હતા. તેવણે આ પોતાની ઓરીજીનલ વીકટોરીયામાં, એક એવી કીસમની ઓરીજીનાલીટી' રજુ કરવાની હીંમતભરી પેહલ કીધી હતી, કે તેથી બીજી નાટક ટોળીઓ, આ પેહલ થયા પછી, તેને પગલે ચાલવા લાગ્યા હતા. આ પેહલ, પારસી નાટક તખ્તા ઉપર સ્ત્રી ખેલાડી-ઓને રજુ કરવાની હતી. અલબતાં તે દાદી પટેલ માટે ઘણીજ જોખમભરી પેહલ હતી. જોખમભરી એટલાંજ માટે, કે દાદી પટેલની કેળવણી, અને તેનો સંસારી દરજ્જો, તથા અમીરી ખાનદાન, એ સઘળું જોતાં દાદી પટેલ માટે તે બેશક જોખમભરી પેહલ હતી.

તોપણ, પેલી ગુજરાતી કેહવત 'વીનાશ કાલે વીપરીત બુધ્ધી' પ્રમાણે, દાદીએ ગ્રાંટરોડ ઉપર, વીકટોરીયા થીએટરની પડોસમાં બંધાયલાં એલફીનસ્ટન થીએટરમાં, ઓરીજીનલ વીકટોરીયા કલબ પાસે, ઇંનદર સભાનો ખેલ પેહલવેહલો સ્ટેજ કરવાનું કામ શરૂ કીધું હતું. કેવી ફેફોડી ભુલ, અને કાતીલ કારસાજી! ખરચ કરવામાં દાદીએ કઆસ રાખી હતીજ નહી. નવા નવા પેહરવેશો, અને નવા નવા પરદાઓ તઇયાર કરાવ્યા હતા. સઘળાઓને તાલીમ પોતેજ આપી હતી, અને સબઝ પરીના આશક ગુલફામનો પાર્ટ, મરહુમ દાદી પટેલે પોતે ભજવવાનો ઠરાવ કીધો હતો.

દાદી પટેલનો નવો 'ડરોપસીન!'

માફ કરજો મેહરબાન, પણ દાદી પટેલના અમુક કામની નોંધ લેતાં મને જણાવવું પડે છે, કે દાદી પટેલે, પોતાના હરીફ ધંધાદારીને અપમાન કરી પજવવાની જબરી તક પોતાને હાથ ધરી હતી! દાદીનો ધંધાદારી હરીફ, હવે કુંવરજી નાજર

એખલો હતો. તેમજ એલફીનસ્ટન થીએટરની પડોસમાં આવેલા વીક્ટોરીયા થીએટરમાં ખેલ કરતી વીક્ટોરીયા ક્લબ હતી! નાટક તખ્તા ઉપર ઇંનદર સભા જ્યારેથી કુંવરજીની એલફીન્સ્ટન કલબ સ્ટેજ કરતી હતી, ત્યારે તે મોટાં ભરચક હાઉસ લેતી હતી. આવી રીતે ઇંનદર સભાના નામ ઉપર લોકોની ફીદાગીરી જોઇ, દાદીએ પોતાના આ હરીફ ધંધાદારીને એક જબરો ફટકો શરૂઆતમાંજ મારવાનો, અને તેની ઇનદર સભાને તોડવાનો વીચાર કીધો હતો. અઠવાડીઆઓ આગમચથી વાત ફાટી હતી, કે દાદીની ઇનદર સભા અગર જો સ્ટેજ થવા પામી, તો નાજરની ઇનદર સભા જરૂર પડી ભાગવાની! અરે ચાર—ચાર તો ફક્કડ ગાનારીઓ છે! વળી ગુલફામનો પાર્ટ દાદી પોતે કરનાર છે! વળી સીન—સીનરી દાદી દલાલ—સીનીક-આર્ટીસ્ટીક—નવીજ રીતે રજુ કરનાર છે! વળી પટેલે એક ડરોપસીન એવો તઇયાર કરાવ્યો છે, કે આજ સુધી તે કોઇએ રજુ કીધો નથી!

અને બેશક તે એક તેવોજ ડરોપસીન હતો! આ ડરોપસીન જો કે ઘણોજ સાદો અને સુતરો હતો, પણ જ્યારે તે પેહલ્લા ખેલની રાતે જોવામાં આવ્યો, ત્યારે તે જોતાંજ માલમ પડયું કે તે પરદો મરહુમ પટેલના અંતરની લાગણીઓ, તેના હરીફ તરફ તે જાહેર કરતો હતો.

આ પરદા ઉપર શું હતું? હું તે ટુંકમાં દર્શાવીશ! તે પરદાની વચ્ચો વચમાં એક ઉંચી નકસીદાર બેઠક ઉભી કરી હતી! આ બેઠક ઘણીજ જડાવદાર દેખાતી હતી. આ બેઠકની ઉપર એક ઘણોજ સુંદર જડાવદાર બાદશાહી પેહરવેશ પેહરી, એક ખુબસુરત નવજવાન મરદ, એક સુંદર 'પોઝ' (pose) લઇ ઉભો હતો! મગર જે જડાવદાર બેઠકની ઉપર, તે મરદ ઉભો હતો, તે બેઠકની આસપાસ, એક ગંજાવર કદનો લાંબો ઝેરી નાગ વીંટળાઇ ગયલો દેખાતો હતો અને તે નાગ, બેઠક ઉપર ઉભેલા પેલો જવાનને પોતાની ઝેરી ફેણુ વડે ડંખ મારતો હોય, એમ દેખાડયો હતો! એ ઝેરી નાગને પેલો જવાન, જે જડાવદાર લેબાસ પેહરી બેઠક ઉપર ઉભો હતો, તે તેને પોતાના એક પગ વડે કચડી નાખતો હોય, એમ ચીતારયો હતો! વધુમાં આ જડાવદાર બેઠકની બંને બાજુએ, અનેક જાતના લોકો પેલા જડાવદાર લેબાસવાલા મરદને આજીજી કરતા ઉભલા દેખાડયા હતા! પણ આ પરદા ઉપર સરવેથી જોવા જેવી ચીજ તે પેલા જડાવદાર લેબાસમાં સજ્જ થયલો મરદ હતો, જે કોઇજ નહી પણ દાદી પટેલ પોતે હતો, અને તેની બેઠકની હેઠળ વીટલાઇ ગયલો ગંજાવર નાગ, તે કોઇજ નહી પણ કુંવરજી નાજર હતો!!

આ કાહણીથી ભરેલો પરદો દાદી પટેલે પહેલ્લા ખેલની રાત્રે સ્ટેજ ઉપર ટાંગ્યો હતો, અને તે સેવટ સુધી ત્યાંજ રહયો હતો એમ કહેવાય છે!

ચાર હૈદરાબાદની બેગમો!

એ ઉપરાંત દાદી પટેલની ઇંદ્રસભામા જે નવી નવાઇ રજુ થનાર હતી, તે ઇંદ્ર સભામાં કામ કરતી ચાર પરીઓ હતી. નાટકના તે જમાનામાં, આજના વખતમાં

જેમ છાપામાં મોટી મોટી રંગીન ઇબારતોમાં જાહેર ખબર પ્રજાની જાણુ માટે છપાય છે, તેમ તે વખતે છપાતી નહી હતી. તે વખતે છાપામાં છપાતી જાહેર ખબરો ઘણીજ સાદી અને સેહલ ઇબારતમાં હોવા ઉપરાંત, તે હંમેશ ટુંકી અને ટચ છપાતી હતી. એ જાહેર ખબરે આજના વખતમાં કરેલી જંગી અને જોરાવર ઉડલ પાઠલના બાબમાં, તેના સાહીત્યના બાબમાં, અને એની જાહેર ખબરોની શરૂઆત ક્યારે અને કેમ થવા પામી તેના બાબમાં ઘણું લખી શકાય એમ છે. પણ હાલમાં તે બાબદ અત્રે પડતી મુકી, દાદી પટેલના નાટકી જમાનામાં છપાની જાહેર ખબરોના બાબમાં એટલોજ ઈશારો કરેલો બસ થઇ પડશે, કે તે વખતે નાટકોની જાહેર ખબર હેન્ડબીલોના ફેલાવા મારફતે થતી હતી. કમમાં કમ નાટકના દસ હજાર હેન્ડબીલો છપાતા હતાં, અને તે છુટથી વેંહચાતાં હતાં, અને નાટકની જાહેર ખબરો છાપામાં ઘણીજ પતલી અને આછી છપાતી હતી.

દાદી પટેલની ઇંદ્ર સભાની જાહેરાત થતાંજ, નાટકની શોખીન પ્રજા, તે જોવાને તલપી રહી હતી, કેમકે દાદી પટેલે, ઇંદ્ર સભામાં ચાર પરીઓ તરીકે ચાર હેદરાબાદી ગાનારીઓને સ્ટેજ થવાની ખબર આપી હતી!

આ ચાર ગાનારીઓ ઉપર દાદી પટેલે પોતાના ખેલની ફતેહની મોટી મદાર બાંધી હતી. પણ કમનસીબે તે ખેલ નીષ્ફળ ગયો, અને દાદી પટેલની નાસીપાસીનો પાર રહયો નહી. નાટક તખ્તા ઉપર ગાનારી સ્ત્રીઓને લાવી નાટક કરાવવાથી, નફા કરતાં નુકસાન કેટલે દરજ્જે વધારે છે, તે અત્યાર આગમચ સમજદારોએ જોઈ લીધું છે.

મુંબઇનો નાટક તખ્તો ત્રણસો વરસ પછાત છે.

આપણા નાટકકારો પોતાના મનમાં પોતાને ભલે હેનરી ઇરવીન સમજી ખાંડ ખાતા હોય! પણ તેઓ જાણુતા નથી, હીંદુસ્થાનનો નાટક તખ્તો, નાટકના સુધારા વધારામાં વેલાતના સ્ટેજથી, પુરેપુરો ૩૦૦) વરસ પછાત પડેલો છે. તેમાં ખાસ કરી ઇંગ્લેંડના નાટક તખ્તા ઉપર, શેક્સપીઅરના વખતમાં, એટલે ઈ૰ સ૰ ૧૬૧૬ સુધી અને તે પછી, નાટક તખ્તા ઉપર સ્ત્રીના પાર્ટ, છોકરાઓ મુછો મોડાવી સ્ટેજ ઉપર રજુ કરતા હતા! ઇંગ્રેજી નાટક તખ્તાની એવી હાલત શેક્સપીઅરના મરણ પછી લગભગ ૩૦ થી ૪૦ વરસ સુધી ચાલુ રહેલી નોંધાઇ છે. અંતે આવી હીનપસ્તીભરી હાલત જ્યારે ઇંગ્રેજોને ડંખવા લાગી, ત્યારે

પેહલવેહલી મડમ ખેલાડીનું વેલાતના નાટક તખ્તા ઉપર

ઇ૰ સ૰ ૧૬૫૬ ના સાલમાં આગમણ થયું હતું. એ પબ્લીક એક્ટ્રેસનું નામ મીસીસ કોલમેન હતું, અને The Siege of Rhodes નામના નાટકમાં તેણીએ દેખાવ દીધો હતો. એ આગમચ ઇંગ્રેજના પોરીયાઓ મુછો મોડાવી સ્ત્રીના ભાગો ભજવતા હતા.

મુંબઇના નાટક ઉપર આવી ગયેલી સ્ત્રી ખેલાડીઓ.

પણ સ્ત્રી નાટકકારોનો અખતરો, મેં હમણાજ કહ્યું તેમ હીન્દી નાટક તખ્તા માટે જેવો જોઇયે તેવો ફતેહમંદ નથી નીવડયો, એવું અત્યાર આગમચ સાબીત થઇ ચુક્યું છે। તેના ગમે તેવાં બીજાં કારણો હશે, પણ એક કારણ જે વગર શકે મેં અનુભવ્યું છે, તે હું જાહેર છાપામાં, પ્રગટ કરવા ના પાડું છું। એ બાબે મારા આગલા લેખમાં હું ખુલ્લે ખુલ્લો ઇશારો કરી ગયો છું. તે સવાલ જાહેર છાપામાં ચરચાયો પણ હતો, એટલે મારે તે આ પ્રસંગે હાથ ધરવો નારવા છે.

કેટલાક લાલ બુઝોરગો, એ સીધ્ધાંત માનતા નથી, કે નાટક મંડળીઓમાં સ્ત્રી ખેલાડીઓને સામેલ કીધાથી, કોઇબી કીસમની ખરાબી થતી નથી। પણ તેથી ઉલટી રીતે નાટકમાં સ્ત્રીના પાર્ટ પુરૂશો મુછ મુડાવી, સાલ્લા અને ચણીઆ પેહડી તખ્તા ઉપર સ્ત્રીઓને અનુસરતા હાવભાવોની નકલ કરે, તેના કરતાં સ્ત્રીના પાટ સ્ત્રીઓજ ભજવે તો તેથી નાટકના હુન્નરમાં ઘણોક સુધારો થવા પામે। આ દલીલ બેશક ખરી તો છે, પણ આપણા દેશી નાટક તખ્તા ઉપર, તે સેહજબી ફતેહમંદ નીવડી નથી. જોવામાં અને જાણવામાં આવ્યું છે, તેમ આવી જાતના આ નવા સુધારાથી, કેટલાકોના સંસારની ખરાબી થઇ ગઇ છે। કેટલાકોને મોટી નુકશાનીમા ઉતરવું પડયું છે। અને પરીણામમાં એક મોટું જેવું મીંડું આવ્યું છે। ચાલો, હવે એ મહાન સવાલને હવે હીવાંજ પડતો મુકો, અને આજ સુધી મુંબઈના નાટક તખ્તા ઉપર કેટલી સ્ત્રી ખેલાડીઓ આવી ગઇ હતી, અને તે સપલીઓએ નાટક તખતા ઉપર એક્ટ્રેસ તરીકે હાજર થઈ, નાટકના હુન્નરનું અને નાટક મંડળીના માલેકોનું કેટલુંક દલદર ફેરવ્યું હતું, તેની સેહજ નોંધ તપાસવાની જરૂર છે। બનવાજોગ છે કે મારી એ ટીપમાંથી થોડાંક નામો ભુલાઇ જવાયાં હોય। પણ જ્યાં સુધી મુંબઇ શેહરના નાટક તખતાઓ ઉપર, એક યા બીજે પ્રસંગે એવી સ્ત્રી-ખેલાડીઓ આવી ગઇ હતી, તેમનાજ નામની આ નોંધ વાંચકોએ સમજવી.

મીસ મેરી ફેનટન:—મરહુમ કા. ખટાઉની કલબમાં પ્રથમ દેખાઇ હતી. ત્યાર પછી જુદી જુદી નાટક ટોળીમાં તે સામેલ થઇ હતી.

મીસ ગોહર:—મરહુમ બાલીવાલાની કલબમાં પ્રથમ જણાઇ હતી. ત્યાર પછી, જુદે જુદે ઠેકાણે તે જોડાઇ હતી.

મીસ મોતીજાન:— } બંને બેહનો હતી. ગ્રાંટરોડ ઉપરની એકાદ કલબમાં
મીસ આગાજાન:— } તેઓ પહેલવહેલવી જણાઇ હતી.

મીસ અમીરજાન—દેખાવલા ઘાટની હોવાથી, તખ્તા ઉપર હાજર થતાંજ, એક મુસલામી ગ્રહસ્થ સાથે નેકા કરી, તેના જનાનખાનામાં જઇ વસી હતી.

મીસ લતીફા:—આ સ્ત્રી ખેલાડી એક ગઝબ નાચનારી હતી. ઇંદ્ર સભામાં. રાજા ઇંદ્રની દરબારમાં નાચી, તે એવી તો ધુમ મચાવતી હતી, કે આખું થીએટર, ધુળથી ભરાઇ જતું હતું,અને તેણીના પગના મોજાં નાચતાં નાચતાં ફાટી જતાં હતાં. લતીફા જે કલબમાં નાચતી હતી, તે કલબનું નામ જાહેર કરવાની જરૂર નથી।

મીસ જુદાં બેહનો:—મરહુમ બાલીવાલા આ બે ગાયનકાર બહેનોને અમરીતસરથી મોટે પગારે મુંબઇ, અનેક સખત શરતો કરી લાવ્યા હતા. બંને બહેનોએ ગાયનકાર તરીકે નામના મેળવી હતી, અને લખતની મુદત પુરી થતાંજ, તેઓ પોતાને વતન ચાલી ગઇ હતી.

મીસ બીજલી:—
મીસ કમલી:—
મીસ ગુલાબ:—
મીસ ગંગા:—
મીસ ઉમદાજાન:—
મીસ હીસ:—

} સ્ટેજ ઉપર જુદે જુદે ખતે પોતાની શકતી મુજબ કામ કરી ગઇ હતી.

કહેવાતી હૈદરાબાદની બેગમો:—થોડોક વાર સ્ટેજ ઉપર આવી ગઇ હતી.

મીસ ગુલનાર:—આ સ્ત્રી રંગુનમાં એક પાનની દુકાન માંડી બેઠી હતી. પોતે દેખાવડી હોવાથી સ્ટેજ ઉપર ગઇ હતી. એને પાછળથી એક મોટી સોરતી લાગવાથી, રીટાયર્ડ થઇ ગયેલી કહેવાય છે.

મીસ મલકા:—વીકટોરીયા કંપનીમાં દાખલ થયા પછી, એક ચોકકસ રજવાડાના નવાબે, પોતાના જનાનખાનામાં જબરીથી લઇ લીધી હતી!

મીસ ખાતુંન:—આ એકટ્રેસના બાબમાં જાણવા જેવું એટલુંજ છે, કે તેણીના કોઇ આશકે તેણીનું નાક કાપી નાખ્યાથી, તેણીને હોસ્પીટાલમાં લાંબો વખત સારવાર માટે રહેવું પડયું હતું. પ્રખ્યાત એકટ્રેસ ગોહરની એ બેહન થતી હતી.

મીસ ફાતમા:—આ એકટ્રેસ બાલીવાળાની કલમમાં કામ કરતી હતી. કહેવામાં આવે છે, કે બાલીવાલાના મોતનું એ ફાતમા એક કારણ થઇ પડી હતી! તે એવી રીતે, કે બાલીવાલા પોતાના ગ્રાંડ થીએટરમાં એક બપોરે થાકેલા પોતાના રૂમમાં સુતા હતા, તેવામાં આ ફાતમાએ જઇ તેવણને અચાનક જગાડયા હતા, જને બાલીવાલા ઉંઘમાંથી ઝપકી ઉઠતાંજ, તેવણને તેજ ઘડી લકવાની (પેરાલીસીસની) બીમારી લાગુ પડી હતી. સ્નેહીઓ તેજ ઘડી બાલીવાલાને તેવણને ઘરે લઇ ગયા હતા, અને ઘણીબી સખત સારવાર કરવા છતાં, ગુજર પામ્યા હતા.

મીસ જમીલા:—જાણીતી યહુદી ખેલાડી.

મારી ઘણી ઇચ્છા છે કે આ સઘળી નામચીન એકટ્રેસોના ફોટોગ્રાફ હું રજુ કરૂં. પણ અનેક કારણે તેમ કરવા હું માંગતો નથી. આ સ્ત્રીઓએ નાટક તખ્તા ઉપર આવી નાટકના હુનરને ઘણુંજ નુકશાન પુગાડયું હતું, જો કે કેટલીક મંડળીના માલેકોએ પોતાના ખીસાંનોજ વીચાર કરેલો જણાયો હતો! આ સ્ત્રીઓના બાબમ ઘણુંક જાણવાજોગ લખી શકાય, પણ તે સઘળું લખવાની હું જરૂરત જોતો નથી.

(૫૩)

વીકટોરીયા કલબ કુંવરજી નાજરે લીધી, એટલે દેખાતું હતું, કે દાદી પટેલ કલબ વગરના થઇ પડયા! એટલે એક નવી કલબ કુંવરજીની સામે હરીફાઇમાં કાહડયા વગર, દાદી પટેલને છુટકોજ નહી હતો. દાદીએ તુરતજ એક નવી કલબ કાહડી, એકટરોબી જમાવ્યા, અને તે કલબનું નામ 'ઓરીજીનલ વીકટોરીયા રાખ્યું! એટલે કુંવરજી નાજર સામે જાણે war declare કીધા બરોબર તે થયું! વીકટોરીયા કલબના અરધા કાબેલ ખેલાડીઓ નાજરને ત્યાં રહી ગયા, અને થોડાક કાબેલ ખેલાડીઓ દાદી પટેલની કલબમાં ગયા, એટલે તે કલબનું નામ દાદીએ 'ઓરીજીનલ વીકટોરીયા' રાખ્યું! એ ઓરીજીનલ વીકટોરીયામાં કોણ કોણ ખેલાડીઓ હતા, તે મેં મારા આગલા લેખમાં દેખાડી આપ્યું છે.

ઓરીજીનલ વીકટોરીયાની સરજત!

આ પનોતી કલબને લાખો લાડથી ઉધારવાની દાદી પટેલને ઘણીજ હોંસ અને ઉમેદ હતી. કેમકે એક તો નાજર સાથની ખુલ્લે ખુલ્લી હરીફાઇ, અને બીજું તો મરહુમના મા-બાપ અને ખેશાવંદોની ઘણીજ નાખુશી અને મનાવટની વીરૂધ જઇ, દાદી પટેલ આ નાટક ટોળીને લઇ, લાંબી સફર ઉપર જવા નીકળ્યા હતા! એમ કમનસીબી ત્રણ જણોની હતી!

બે હજાર રૂપીઆના માસીક પગારને ઠોકર!

એ ત્રણ જણોની કમનસીબીમાં પેહેલી કમનસીબી મરહુમની પોતાની હતી. કેમકે ફરાંમજી સાન્ડસની કમ્પનીના એખલા માલેક દાદી પટેલના બાપ સોરાબજી પટેલ હતા, અને મજકુર કમ્પનીમાં, દાદી પટેલને લગભગ બે હજારના માસીક પગારે વડા કારોબારી તરીકે તેવણે રોકયા હતા. તે રોકાણને મરહુમે ઠોકર મારી, અને ઘણીબી સમજાવટ અને મનાવટ છતાં, ઓરીજીનલ વીકટોરીયા કલબને લઇ, દાદી બહારગામ નીકળી ગયા હતા. પણ આ હોઝાતોજી અને બજીદાઇનું આખેર અંજામ ઘણુંજ કરૂણારસ આવ્યું હતું!

દાદી પટેલ આખર પોતાનું ઘેર છોડી, પોતાની નાટક કંપનીને લઇ હીન્દુસ્થાનની મુસાફરી ઉપર નીકળી ગયા હતા. એ કમનસીબી મરહુમની પોતાની હતી, કેમકે રૂપીઆ બે હજારની આવી બાદશાહી આવકને ઠોકરે મારી, તેવણે આ નાટકનો ધંધો પકડયો હતો!

બીજી કમનસીબી મરહુમના મા બાપની હતી, કેમકે તેઓએ એક માનીતો અને કેળવણી આપી ઉધરેલો આવો નવજવાન બેટો, આ નાટકના ધંધાની મોહેણીને વશ થયાથી તેઓ તેને સદાનો ખોઇ બેઠાં હતાં. કેમકે દાદી પટેલ એક વખત ઘેર છોડી નીકળી ગયા પછી, તે પાછા પોતાના મા બાપોને મળવા પામ્યાજ નહી, અને જ્યારે મળવા માટે તેવણને મા બાપના ઘરમાં આવવું થયું હતું, ત્યારે મળવા નહી પણ મરવા માટેજ તેવણ લાંબી મુદતે આવ્યા હતા.

ત્રીજી કમનસીબી, પારસી કોમની હતી, કેમકે દાદી પટેલ જેવો કોમને શોભાવનારો, કેળવાયલો, પારસી કોમના અકબારનો એક દીકરો, ભરજવાનીમાં ૩૨) વરસની ઉંમરે, લાંબી બીમારી ભોગવી ગુજર પામ્યા હતા. અગર જો દાદી પટેલ જેવો ઉમંગી દીકરો જીવીને કોમની પડખે ઉભો રહેતે, તો બેશક તે કોમને ઘણોજ ઉપયોગી થઇ પડતે!

મરહુમ દાદાભાઇ સોરાબજી પટેલ. એમ. એ.



ઉમર વરસ ૩૨—જાણીતા પારસી અકબર સોરાબજી ફરામજી પટેલના દીકરા.
મરણ તા૦ ૧૭ મી મારચ ઈ૦ સ૦ ૧૮૭૬.

મેહરબાનો, આ ઓરીજીનલ વીક્ટોરીયાની કારકીર્દી ઘણીજ હાદસાથી ભરેલી છે. તે લંબાણથી લખવામાં હું કાંઇએ સાર જેવું સમજતો નથી. એટલુંજ જણાવેલું પુરતું થશે, કે મદરાસ પછી બેંગલોરની સફર દરમ્યાન દાદી પટેલ સખત બીમારીથી પટકાઇ પડયા હતા, અને અંતે લાચારીથી તેવણ પોતાના મા–બાપને બંગલે મરણ તોલ હાલતમાં આવ્યા હતા. અલબતાં બાહરગામમાં તેવણની સારવાર ઘણીજ સારી રીતે થઇ હતી, પણ લાગુ પડેલી બીમારીનો કાંઇએ ઇલાજ મોટા મોટા તબીબો કરી શકયા નહી, ત્યારેજ દાદીએ પોતાનું સેવટ આવેલું નક્કી જાણ્યું હતું! પણ પોતે મક્કમ વીચારના હોવા છતાં, મરતી વખતે પોતાના વાહલાઓની ગોદમાં, તેમની

નજર સામે મરવું પસંદ કીધું હતું, અને અંતની ઘડીએ મરવા માટે મા-બાપને ઘર તેવણુ પાછા ફર્યા હતા.

દાદીના મરણુ પછી ઓરીજીનલ વીકટોરીયાની હાલત.

દાદી પટેલના ગુજર પામ્યા પછી તેવણે સ્થાપેલી ધી ઓરીજીનલ વીકટોરીયા કલબ બીલકુલ નીરાધાર, અને ધણી ધોરી વગરની થઇ પડી હતી. દાદી પટેલ બીમાર પડી જ્યારે મુંબઇ આવ્યા હતા, ત્યારે તેવણુની કલબ પણુ તેવણુની પાછળ મુંબઇ આવી છુટી પડી હતી! કલબે પોતાના ખેલો મુંબઇમાં કરવાનું મોકુફ કીધું હતું, કેમકે દાદી પટેલની હાલત તેવણુની ગંભીર બીમારીને લીધે ધ્રડીપળ જેવી થઇ પડેલી સમજાતી હતી. પણુ અંતે દાદી પટેલ ગુજર પામ્યા હતા, એટલે ઓરીજીનલ વીકટોરીયાના આગેવાન ખેલાડીઓએ, સાથે મળી વીચાર કીધો, કે હવે કલબ ચાલુ રાખવી, કે બંધ કરવી. મોટે ભાગે આ સાહેબોએ ઠેરવ્યું કે મરહુમે સ્થાપેલી કલબ ચાલુ રાખવી. વળી આ વાતથી ધ્યાન આપવા જોગ જણાઇ હતી, કે અગર જો કલબ બંધ પડે, તો બીજા ચલેજાત્ર-ભલેજાવ ખેલાડીઓથી બેકાર થઇ પડે. પણુ સઉથી વધારે અગત્યનું તો એ હતું, કે ખુદ આગેવાન ખેલાડીઓનુ શું થાય, અને તે લોકોની નોકરી કોણુ ખરીદી લીએ! આ સઘળું જોતાં આગેવાન સાહેબોએ કલબ ચાલુ રાખવાનો ઠરાવ કીધો. કલબની મતા-પ્રોપરટી એ સાહેબોના હાથમાંજ હતી. તે પ્રોપરટીના બાબમાં શું ગોઠવણુ થઇ, તે જાહેરમાં જણાઇ નહી હતી, પણુ આ ઠરાવ થયાથી આગેવાન ખેલાડીઓ પોતે આ કલબના માલેક બની તેને ચાલુ કરવાનો પોત પોતામાં કરાર કીધો હતો.

ઓરીજીનલ વીકટોરીયાના નવા માલેકો.

હવેજ ખેલાડીઓને સમજ પડી, કે અગર જો મોટા પાર્ટ કરનાર મોટા પગારના ખેલાડીઓ, કલબ ચલાવવાનો જોખમ પોતાને માથે ઉઠાવી લેશે નહી, તો ઓરીજીનલ વીકટોરીયા કલબ ભાંગી પડશે, અને સઘળા જરથોસ્તી ખેલાડીઓની નોકરી જતી રહેવાથી, તેઓને બેકાર થઇ ઘેરમાં બેસવું પડશે. એટલે જે જે આગેવાન ખેલાડીઓએ બહાર પડી કલબ ચાલુ રાખવાની હીમાયત કરી હતી, તેઓના કામને અને તેઓની હીંમતને કલબના બીજા સઘળા ખેલાડીઓ ઉતેજન આપી, તેઓ સાથ સામેલ થવા તઇયાર થયા હતા. અને એવી રીતે દાદી પટેલના ગુઝર પામ્યા પછી, તેવણે સ્થાપેલી કલબ ચાલુ રાખવા નીચલા ચાર સાહેબો હીંમત કરી બહાર પડયા હતા. એ ચારે સાહેબો કલબના આગેવાન અને સ્થંભ સમાન એકટરો હતા, અને તેમના પગાર પણુ ધારયા પ્રમાણે મોટાજ હોવા જોઇએ. તેઓએ ઓરીજીનલ વીકટોરીયાનું કામ પાછું ચાલુ કરી તેને નવેસરથી સજીવન કીધી હતી.

શેઠ પેસ્તનજી ફરામજી માહન.




મરહુમ દાદી પટેલના અંગી મીત્ર, અને ઓરીજીનલ વીકટોરીયા કલબના આગેવાન ખેલાડી. પાછળથી એજ કલબના બીજાઓ ભેગા થયલા જોડયા માલેક.

મરહુમ નશરવાનજી ફરામજી માહન.




ઓરીજીનલ વીકટોરીયાના એક આગેવાન ખેલાડી, પાછળથી એજ કલબના એક જોડયા માલેક. સાધારણ રીતે 'નસલુ તેહમીના'ને નામે જણાયલા.

મરહુમ કાવસજી નશરવાનજી દારૂવાલા.



અસલ વીકટોરીયાના બીજી પંકતીના એક લેડી ખેલાડી. પાછળથી ઓરીજીનલ વીકટોરીયાના એક જોડયા માલેક. સાધારણ રીતે 'કાઉ–રોદાબે'ને નામે જણાયલા.

મરહુમ ભીખાજી ન. કલીયાણીવાલા.



અસલ આલફરેડ નાટક કંપનીના પ્રખ્યાત એકટર, જેણે શાહઝાદા સ્યાવક્ષનો પાટ ભજવી વીખ્યાતી મેળવી હતી. સાધારણ રીતે 'ભીખુ સ્યાવક્ષ'ને નામે મરહુમ જણાયલા હતા.

મારી અદના યાદ પ્રમાણે આ ચાર-પાંચ ગ્રહસ્થોએ ઓરીજીનલ વીક્ટોરીયા ચલાવવાની જોખમદારી પોતાને માથે, તેના માલેક બની, લીધી હતી, પણ સાંભળ્યા પ્રમાણે કહેવાતું હતું, કે એ ચાર સાહેબો ઉપરાંત બીજા કેટલાક એવાબી સાહેબો હતા, કે જેઓ એ કલબ ચલાવવાના સહાસમાં સામેલ થયા હતા.

મુંબઇથી ઉઠાંગરી—બેંગલોરમાં આખી કલબે ખાધેલી ઘીસ!

કલબ ચાલુ થતાંજ પેસુ આર્વાનની આગેવાની હેઠળ, મુંબઇમાં ગેટી થીએટરમાં થોડાક ખેલ કરવાની ઓરીજીનલ વીક્ટોરીયા કલબે શરૂઆત કીધી હતી. બે ઉરદુ ખેલ, શરારે ઇશ્ક, અને તંબીહુલ ગુરૂર, ગેટીમાં સ્ટેજ કીધેલા મને હજી યાદ છે! એ પછી કંપની પોતાની સફર ઉપર નીકળી હતી. એવું કહેવામાં આવે છે, કે બેંગલોરમાં એક કંપનીએ, એક રાત્રે, બેનઝીર અને બદરેમુનીર નામના ખેલનો ગાયન રૂપી નાટક સ્ટેજ કીધો હતો. એ ખેલના એક હાસ્યરસ ભાગમાં, એક એક્ટર નીચલું ગાયન ગાતો ચીતારેલો હતો.

"મરીઅમ પ્યારી મેરીરે—મરીઅમ પ્યારી મેરી,
જા કે એક બકરા લા, કાટ જલદી. (વીગેરે)"

એવું કહેવામાં આવે છે, કે એ ગાયનમાં "મરીઅમ" બોલ ઉપર બેંગલોરની બજાર માહેલા ખાટકીઓએ વાંધો લીધો હતો, અને તે બોલ ગાયનમાં નહી ગાવાનો તે ખાટકીઓએ દાવો કીધો હતો.

પણ તે ખાટકીઓની જીકર ઉપર કલબના આગેવાનોએ જેવું જોઇએ તેવું ધ્યાન નહીં આપ્યું હતું, અને બદરેમુનીરનો નાટક જ્યારે બીજીવાર સ્ટેજ કીધો, ત્યારે તે ગાયન કાંઇબી ફેરફાર વગર ગાયું હતું! આ બજીદાઇનું પરીણામ કેહ છે કે ઘણુંજ ગંભીર આવ્યું હતું. અને તે એ હતું, કે વલતે દીવસે તક શોધી, બજાર માહેલા સઘલા ખાટકીઓ, કલબના બંગલામાં લાકડી વીગેરે લઇ, બલજબરીથી ધસી જઇ, આખી કલબના સઘલા એક્ટરોને સખત રીતે માર મારી, ચાલી ગયો હતા! અલબતાં પારસી લોહી કાંઇ એટલું બધુ ઠંડુ તો નહીંજ હશે, પણ જણાવવામાં આવે છે, કે પાછલથી સઘલા મવાલી ખાટકીઓને ઇનસાફની દેવડી ઉપર ઘસડી, તેઓને સખત સજા કરાવી હતી!

ઓરીજીનલ વીક્ટોરીયાનું સેવટ.

આ ઓરીજીનલ વીક્ટોરીયા કંપનીની બી-તરની કાહણી ઘણી જાણવા જેવી છે, પણ તે લંબાવવી બીલકુલ બેજા છે. કેમકે હજી ઘણીક કમપનીની થોડી થોડી ખબર મારે અતરે રજુ કરવી છે. એટલું તો ખરૂં હતું, કે ઓરીજીનલ કમપનીએ પોતાની મુસાફરી દરમ્યાન કાંઇક કમાયા, અને કાંઇક ગુમાયાબી હતા, પણ સામટી રીતે જોતાં, આ મંડલની આમદાની જેવી જોઇયે તેવી ફલદરૂપ નહી થવે, એક્ટરો છુટા પડતા ગયા, અને માલેકોને આ કંમપની સેવટે બંધ કરવી પડી હતી! પેસતનજી માદન ઓરીજીનલ વીક્ટોરીયા છોડી, જ્યાં સુધી મને ધ્યાન છે ત્યાં સુધી,

તેવણુ કલકતે જઇ વસ્યા, અને ત્યાં પોતાના ભાઇ મરહુમ જમશેદજી માદનની માલેકીવાલી કંપનીમાં, એક ડીરેક્ટર, અને મેનેજર તરીકે સમિલ થઇ ગયા હતા, અને કલકતામાં તેવણે પોતાનો એક ફોટોગ્રાફીક સ્ટુડીઓ કાહડી, પોતાની આવકમાં વધારો કરવા માંડયો હતો।

બીજા માલેક નશરવાનજી માદન, મુંબઇમાં આવી, રીટાયર્ડ જીંદગી ભોગવવા લાગ્યા. કમપનીનો સામન વેચી નાખ્યો। નશરવાનજી કમપની કાહડી નાખ્યા પછી, કેટલેક વરસે, બીમારી ભોગવી, ગુઝર પામ્યા હતા.

ત્રીજા માલેક કાવસજી દારૂવાલા, જેવણ મરહુમ નશરવાનજીના એક જીવેજાનના સ્નેહી હતા, તેવણ પણ રીટાયર્ડ જીંદગી ભોગવી, હાલમાં થોડુંક થયું ગુઝર પામ્યા હતા. અને એ રીતે ઓરીજીનલ વીકટોરીયાનું અને તેના માલેકોનું સેવટ આવ્યું હતું.

(૫૪)

મે. ઇ૦ સ૦ ૧૮૬૧-૬૨ ના સાલમાં લગભગ ૨૦ પારસી નાટક મંડળીઓ અવારનવાર ઉભી થઇ, ટપોટપ મરી જતી હતી એવો ઇશારો કીધો હતો! એવી મંડળીઓના નામો હું આગળ આપી ગયો છું. પણ ૧૮૬૧ ના સાલની આગમચ મુંબઇમાં પારસી નાટક મંડળીઓ નહી હતી, એમ મારા વાંચકોએ સમજવું નહીં. કેમકે તપાસ કરતાં માલમ પડયું છે, કે ૧૮૫૫ ના સાલમાં કોઇ કોઇ પારસી નાટકવાલા, ધરમી–સકરમી બની, નાટક કરવાનો પોતાનો શોખ પુરો પાડતા હતા! આ ૧૮૫૫ ના સાલમાં બનતા નાટકી બનાવો, પેલી મશહુર ઇંગ્રેજી કહેવતને તાજી કરાવે છે, કે History repeats itself. તેમ નાટક કરવાના શોખને ખાતર ઉદાર તબેહના પારસી ગ્રહસ્થો નાટક કરતા હતા, અને તે નાટકની તમામ આવક લાગતાંવળગતાં ખાતાંને અરપણ કરતાં હતા. એ બનાવ આજ વરસો થયાં મુંબઈમાં ચાલતી કોઇ કોઇ નાટક મંડળીઓ ભજી બતાવે છે.

ધરમાદા ખેલ ઇ૦ સ૦ ૧૮૫૫ ના સાલમાં.

એવી રીતે થયલા એક ચોકસ નાટકની નોંધ, અત્રે લેવાની પ્રસંગોપાત તક મળી છે. ઇ૦ સ૦ ૧૮૫૫ ના વરસમાં, એટલે આજથી ૭૪ વરસની વાત ઉપર, તે વખતે છપાતા રાસ્ત ગોફ્તાર છાપામાં એક જાહેર ખબર છપાયલી મેં જોઇ છે, જે નીચે પ્રમાણે વંચાય છે. આ જાહેર ખબર ૨૫ મી ફેબરવારી ૧૮૫૫ અને રવીવારના રાસ્ત ગોફ્તારમાં છપાઇ હતી.

"પારસી નાટક.

પેટરીઆટીક ફંડના ફાએદા સારૂ.

પારસી નાટક મંડળી સરવે ખાસો આમની સેવામાં અરજ કરે છે, કે તેઓ પોતાનો ૧૨ મી વારનો નાટક, તારીખ ૨૭ મી ફેબરવારી અને વાર ભોમેને દીસે, ગરાંટરોડ ઉપરના તમાશાના ઘરમાં નીચે જણાવેલા ખેલ કરી બતાવશે.

પાદશાહ ફરેદુનનું દાસ્તાન

અને સાથે

ઉઠાઉગીર સુરતી નામનો રમુજી ફારસ.

ટીકીટોના ભાવ રૂ. ૨॥—રૂ. ૧॥—રૂ. ૧।—પીટ રૂ. ૧."

આ પારસી નાટક મંડળી બહુ પુરાણી હતી. પારસી ખેલાડીઓ તે વખતે મોટે ભાગે, શાહનામાની અંદરના દાસતાનોના કીસ્સાને નાટકોમાં ફેરવી નાંખી, તેના ખેલો કરતા હતા. કેમકે એજ વરસમાં એજ મંડળીએ, "રૂસ્તમ જાબુલી"નો નાટક કીધેલો નોંધાયો હતો, અને ત્યાર પછી, ૧૮૫૬ ના સાલની શરૂઆતમાં "રૂસ્તમ અને એકદસ્ત"નો પ્રખ્યાત કીસ્સો સ્ટેજ થયો હતો.

પારસીઓ તે પારસીઓજ!

સાહેબને કેહું, કે એવા એવા તો ઘણાક ફારાની નાટકો પારસી નાટકીઓએ કીધા હતા. પણ એ ફારાની નાટકો ઉપરાંત, ચતુર પારસીઓએ, તવારીખની બીજી બાજુ ઉપર જ્યારે નજર દોડાવી, ત્યારે તો બેશક હદ થઇ ગઇ હતી.

ઇ૦ સ૦ ૧૮૫૮ ના વરસમાં, પ્રખ્યાત ઝોરાસ્ત્રીઅન થીએટરીકલ કલબે, "હીન્દી અને ફીરંગી રાજ વચ્ચેનો મુકાબલો" એવે નામનો નાટક, હીન્દુસ્થાની ભાશામાં ભજી બતાવ્યો હતો! અને ખેલ પુરો થયા પછી, "બુઢા ખુશાલજીનું નાતરૂં" એવે નામનો ફારસ સ્ટેજ કીધો હતો! આવી કીસમનો નવો ફણગો ફુટેલો જોઇ, એક નવી મંડળી ઉભી થઇ હતી, જેણે પોતાનું નામ "ધી ઇન્ડીઅન થીએટરીકલ કલબ" રાખ્યું હતું, અને તે મંડળીએ હીન્દુસ્થાનની તવારીખમાં, બનેલા પેલા પ્રખ્યાત ૧૮૫૭) ના બળવાનો એક સફો હાથ ધરી, તેમાંથી પ્રખ્યાત,

નાના સાહેબનો

નાટક સ્ટેજ કીધો હતો. એ નાટક બહુજ વખણાયો હતો, અને તે માંહેલાં કેટલાંક ગાયણો માંહેલું એક ગાયણ, પારસી ઘરોમાં, તેમજ સરઅવસરે સઘળે ઠેકાણે ગવાતું હતું! એ ગાયણ હજી મને યાદ રેહી ગયું છે, અને કદાચ માનું છું, કે જુના જમાનાના પારસીઓને પણ તે યાદ હશે.

"મુજી બચ્ચા નાનાએ, કીધાં બુરાં કરમ,
છોડી તેણે આંખોમાંથી નીમકની શરમ.
એ પાપી ચોર ચંડાલ, એ નીર્દોશોના કાળ,
કરતુક મીસાલ થાશે તારા, બુરા બદ એહાલ—?

ઝોરાસ્ત્રીઅન થીએટ્રીકલ કલબના સ્થંભો.

નાટકનો પુરાણો જમાનો ઘણોજ વીચીત્ર પ્રકારનો હતો. ૧૮૫૫–૫૬ ના સાલમાં છપાતાં ન્યુસપેપરો જો કે આજના જેવી સુધરેલી હાલતે પુગેલા નહીજ હતાં, છતાં જે કાંઇ છપાતાં હતાં, તે છાપાની વેપારીઓ કે નાટકવાલાઓ મદદ મેલવવામાં કેવી રીતે નીશ્ફળ ગયા હશે, તેની સેહજબી સમજ પડતી નથી. કદાચ તેઓ એવાં ખ્યાલમાં હોય, કે ન્યુસપેપર કાંઇ ધંધાધાપાની જાહેર ખબર છાપવા માટે પ્રગટ થતાં નહી હતા! તોપણ ૧૮૫૬ ના વરસના પાછલા ભાગમાં પ્રગટ થયલાં રાસ્ત ગોફતારના એક અંકમાં, જાહેર ખબર છપાવા માંડેલી માલમ પડે છે. આ જાહેર ખબર લગાર ઘણીજ વીચીત્ર લાગવે, તેની નોંધ લેવી પડી છે, કેમકે જમાનાના તે કાલમાં મોટી ઉમરના પારસીઓ—માટીડઓ—ની રીતભાતનો તે કાંઇ ખ્યાલ આપે છે! જુવો સાહેબ, તે જાહેર ખબર ઉપર નજર કરો!

"એશકીઓને ખબર!

પતેતીને સારૂ વેલાતી નેતના સદરા, બધા ભરેલા વેચવાના છે. એપોલો સ્ટ્રીટ-ચાર્ઇના બજાર."

એ પછી પારસી નાટક મંડળીની જાહેર ખબર એજ જાહેર છાપામાં આપણું ધ્યાન ખેંચે છે!

સઘળી મશરૂમ કલબો દફન થયા પછી, કાંઇક ધરખમ રીતે કામ કરવા માટે ૧૮૬૬ના વરસમાં જુની ઝોરાસ્ત્રીઅન કલબ ઉભી થઇ હતી, અને તે કલબે રાસ્ત ગોફતાર છાપામાં પોતાની હસ્તી બાબે છપાવેલી જાહેર ખબર ઉપરથી એવું માલમ પડે છે, કે નાટક કરનારાઓનું ધ્યાન, હવે જાહેર છાપાની મદદ મેળવવા દોડયું હતું! એવી રીતે જાહેર છાપાની મદદે દોડતી કલબોમાં ઝોરાસ્ત્રીઅન કલબ પેહલવેહલીજ દેખાય છે. પણ તેની પાછળ બીજી 'મશરૂમ' મંડળીઓ પણ દોડતી હતી, જેમાં પારસી નાટક મંડળી, અને જેન્ટલમેન અમેચ્યુઅર્સ પણ હતી.

આવી ખેંચતાણુ થતી જોઇ, ઝોરાસ્ત્રીઅન કલબના કેટલાક આગેવાન સાહેબો પોતાની કલબની કાંઇક ધરખમ પાયા ઉપર રચના કરવાની મતલબથી, એવા ઠરાવ ઉપર આવ્યા, કે થોડાક સખતા સાહેબોએ, આ ઝોરાસ્ત્રીઅન કલબને નીભાવવા નવા નવા ખેલો કરવા, અને પોતાની મદદ અને સામેલગીરી આપવા જોડાઇ જઇ ભાગીદાર બનવું જોઇયે. આ દરખાસ્ત કાંઈ બેહુંદી નહી હતી, તેમજ કાંઇ જબરા મોટા ખરચવાળી પણ નહી હતી. શંકરશેઠની નાટકશાળા તેઓને માટે ખુલ્લી હતી. વળી એકટરો તઇયાર અને તતપર હતા. બંદેખુદા અને બાબુલી રૂસ્તમ જેવા શાએરો પણ તેઓની પડખે ઉભેલા હતા. થોડીક પ્રોપરટીબી તે લોક પાસે મોજુદ હતી, એટલે ખોટી ફકત આ નવા સાહેબોની સંમતીનીજ હતી.


અંતે થોડીક દલીલો અને મતફેરી થયા પછી, ઝોરાસ્ત્રીઅન કલબને કાયમને માટે સ્થાપવા અને નવા નવા ખેલો કરવા કરાવવા નીચલા ગ્રહસ્થોએ એકમતે નકકી કીધું, કે ઝોરાસ્ત્રીઅન કલબને સ્થાપવી, અને તેને ચલાવવામાં તન, મન, અને ધનનો ઉપીયોગ કરવો. વળી તેઓએ પોતાના સલાહકાર તરીકે, એક તેવાજ આગેવાન પારસીને પોતાની સંઘમાં લીધો હતો.

ઝોરાસ્ત્રીઅન કલબના સ્થંભો.

મરહુમ નશરવાનજી બેહરામજી ફારબસ.
„ ધનજીભાઇ રાણા.
„ ડોસાભાઇ બીલીઆ.
„ પેરતનજી દાદાભાઇ પાવરી.
„ રૂસ્તમ બાબુલી. (શાએર)
„ ધનજીભાઇ વાંમાદલાલ.
„ દાદાભાઇ પસતાકીઆ.
„ ફરામજી કાવસજી મેહતા.
„ બંદેખુદા (દાદાભાઈ પોંચખાનાવાલા).
„ આનંદરાવ.

આ દસ સાહેબો ઉપરાંત તેઓને જોઈતી સલાહ આપવા માટે, શેઠ મંચેરશાહ મેંજનજી મેહરહોમજી અને શેઠ મંચેરજી હોરમસજી જાગોશની સાથે મરહુમ રૂસ્તમ જાણુલીને નેમ્યા હતા. વળી મરહુમ એદલજી જમશેદજી ખોરીની જાદુકની મદદ લેવા માટે મરહુમ નશરવાનજી ફ્રામજી કમીટીમાં જબરી બાથ બીડી હતી, કેમકે એદલજી ખોરીની શકતીથી નશરવાનજી ફ્રામજી અચ્છી રીતે માહીતગાર હતા. તેવણુની ઇચ્છા મંડળના ભલા માટે એવી હતી, કે એદલજી ખોરી ઝોરાસ્ત્રીઅન કલબમાં જાદુક માટે જો સામેલ થાય, તો બીજી કોઈ કલબને તેવણુ પોતાના લખેલા ખેલો આપતા અટકે, અને ગ્રાંટરોડ ઉપર ઝોરાસ્ત્રીઅન કલબનોજ ડંકો વાગે!

મરહુમ નશરવાનજી બેહરામજી ફ્રામજી.



ઝોરાસ્ત્રીઅન કલબના આગેવાન સ્થંભ.

નશરવાનજી ફ્રામજીની આ સુચના તો સુના મોહોર જેવી હતી, પણ એદલજી ખોરી તો એક ઉડતું પંખેરૂં હતું! નશરવાનજીની સુચના અને સમજાવટ એદલજીના ભેજાંમાં ઉતરી નહી. તેવણે પોતાના લખેલા નાટકો, અમુક નાટક ટોલનેજ આપવા બંધાઈ જવા ના પાડયું, પણ એટલી કબુલાત તો તેવણે નશરવાનજીને આપી હતી, કે મારો દરેક નવો લખેલો નાટક, હું પહેલા ઝોરાસ્ત્રીઅન કલબને આપવાની માંગણી કરીશ, અને તેઓ જો ના પાડશે, તોજ હું બીજી મંડળીવાળાઓને આપીશ.

મરહુમ એદલજી ખોરી એક પ્રમાણીક નીષ્ટાવાલા ગ્રહસ્થ હતા. નશરવાનજી ફ્રામજીને તેવણે આપેલું ઉપલું વચન તેવણે સેવટ સુધી પાળ્યું હતું. તે પ્રખ્યાત ખોદાદાદના ખેલ વખતે જણાઇ આવ્યું હતું. આ ખુદાદાદનો ખેલ પ્રથમ વીકટોરીયા કલબ માટે લખ્યો હતો, અને તે લખાઇ રહયા પછી વીકટોરીયાવાળા-ઓએ તે નાટક લેવા આનાકાની કીધા પછી, મરહુમ એદલજીએ તે ખેલ ઝોરાસ્ત્રીઅન કલબને વેચ્યો હતો, અને ઝોરાસ્ત્રીઅન કલબવાળાઓએ તે ખોદાદાદનો ખેલ, શંકર શેઠની નાટકશાળામાં ઇ० સ० ૧૮૭૧ ના સાલની અતરાફમાં સ્ટેજ કરી, મોટી કીરતી હાંસલ કીધા પછી, વીકટોરીયા કલબના આગેવાનો જેઓએ મજકુર ખેલ 'નાપાસ' કીધો હતો, તેઓએ પોતાની ભુલ જોઇ હતી.

મરહુમ નશરવાનજી ફ્રામજી ઠરેલ વીચારના અને ઠાવકા સ્વભાવના ગ્રહસ્થ હતા. ઇંગ્રેજી ભાશાનું તેવણનું ગ્નાન અને કેળવણી ઉંચા પ્રકારની હતી. પાછળથી તેવણ પેહલા સર દીનશાહ પીટીટના સેક્રેટરી તરીકે લાંબો વખત સુધી રોકાયલા હતા. વલી તે આગમજ મી० ફ્રામજી જાણીતા સોલીસીટરોની પેહડીના મેનેજીંગ કલાર્ક તરીકે કામ કરતા હતા. નાટકના તે જમાનામાં સર્વે કોઇ માનની નજરથી નશરવાનજી જોતા હોવાને લીધેજ, મરહુમે જેન્ટલમેન એમેચ્યુઅરસ કલબ અને ત્યારપછી ઝોરાસ્ત્રીઅન થીએટ્રીકલ કલબ સાથેનો પોતાનો સંબંધ કાયમનો કીધો હતો.

એદલજી ખોરીએ લખેલા ખોદાદાદના ખેલ આગમચ, ઝોરાસ્ત્રીઅન કલબે ખુશરૂ અને શીરીનનો નાટક મરહુમ બંદેખુદા નામના લખનારે લખેલો, જે શંકર શેઠની નાટકશાળામાં ફતેહમંદી સાથ સ્ટેજ થયો હતો, તેમાં નશરવાનજી ફ્રામજીએ પરવીઝના રકીબ શાહપુરનો ભાગ એવી તો સીફતથી બજાવ્યો હતો, કે તે વખતના જોનારાઓ તેવણની અદા અને એકટીંગથી છક થઇ ગયલા મને હજી યાદ છે. નશર વાનજી ફ્રામજી, ખુશરો શીરીનનો નાટક થયા પછી, મને લાગે છે કે ઝોરાસ્ત્રીઅન કલબ સાથેનો પોતાનો સંબંધ છોડી ગયા હતા, કેમકે મજકુર ખેલની મોસમ પુરી થયા પછી, ઝોરાસ્ત્રીઅન કલબના કોઇબી ખેલોમાં નશરવાનજી ફ્રામજી સ્ટેજ ઉપર દેખાયા નહી હતા. એ તેમની ગેરહાજરી એટલી બધી તો આપોઆપ જણાઇ આવતી હતી, કે ઘણાકો હાઉસમાં બોલતા સંભળાતા હતા, કે "આ ખેલમાં ફ્રામજી કેમ જણાતા નથી ?"

ઝોરાસ્ત્રીઅન કલબની ચોકકસ સ્પેશ્યાલીટી!

હું જે જમાનાના નાટકો માટે લખું છું, તેમાં અમુક વસ્તુ તે વખતે ઝોરા સ્ત્રીઅન કલબમાં ખાસ કરી જોવામાં આવતી હતી. તે વસ્તુ એ હતી, કે ખેલની શરૂઆતમાં કલબના ત્રણ આગેવાન ગ્રહસ્થો સાથે મળી, ઇશ્વર સ્તુતી ગાતા હતા. આ ઇશ્વર સ્તુતી પુરી થતાંજ, એક 'પ્રોલોગ' બોલવા માટે એક ખેલાડી ડરોપસીનની બાહર નીકલી આવતો હતો, અને છેવટે જ્યારે આખો નાટક પુરો થતો, ત્યારે તમાશબીન આલમનો ઉપકાર માનવાના

હેતુથી, છેલ્લી સલામનું એક ગાયન રજુ થતું હતું. આ ત્રણે સ્પેશ્યાલીટીને સ્ટેજ ઉપર રજુ કરવા માટે ઝોરાસ્ત્રીયન કલબના આગેવાન ખેલાડી, મરહુમ નશરવાનજી ફ્રારમસ હતા. નશરવાનજી ફ્રારમસ, ખરૂં જોતાં તો ઝોરાસ્ત્રીયન કલબના એક સ્થંભ સમાન હતા. સલામ ગાવાનુ કામ, નશરવાનજી સીવાય કોઈ કરવાની હીંમત કરતું નહીં હતું. એવણે ગાયલી એક સલાંમ, જે ખુશરો શીરીનના ખેલની આખેરીએ મરહુમે રજુ કીધી હતી, તે હજી મને યાદ રહી ગઈ છે.

"કરીયે સલાંમ, કરીયે સલાંમ,
ખાબ ખોઇ આયા, તમો ખરચીને દામ—૧

આ સલામનુ ગાયણુ ચાલીસ–પીસતાલી વરસ ઉપર, મરહુમ નશરવાનજી ફ્રારબસે આખાં 'બેન્ડ' સાથે ગાઈ બતાવ્યું હતું. એ લીટીઓ હજી મને યાદ રહી ગઇ છે, એટલું તો ખરૂં, કે મરહુમ નશરવાનજીના નીકલી ગયા પછી, ઝોરાસ્ત્રીઅનનું જોર કેટલેક દરજજે નબલું પડી ગયું હતું.

પારસી બારોનેટ કલબની સ્થાપના.

પણ નશરવાનજી ફ્રારબસ ઝોરાસ્ત્રીયન કલબ છોડી નાટક તખતાને જાથુકની હજી સલામ કરી ગયા નહી હતા. સારા સારા નાટકો કરવા કરાવવા, અને લખાવવા નો મરહુમને ઘણોજ શોખ હતો. ઝોરાસ્ત્રીયન કલબ છોડયા પછી, મરહુમે પોતાના વડા ભાઇ એદલજી ફ્રારબસની પનાહ અને બાહેધરી મેલવી, બેરોનેટ નાટક મંડલી ઉભી કરી હતી. તે મંડલીનુ સુકાન નશરવાનજીએ પોતાનેજ હાથ રાખ્યું હતું, અને ડીરેકટર તરીકે પેસતનજી કાવસજી સંજાના, તે વખતે એલફીનસ્ટન સ્કુલના શીક્ષક હતા, તેવણને સપુરદ કીધું હતું. એ બેરોનેટ કલબમાંથી ઘણા આબરૂદાર પારસી ખેલાડીઓ સામેલ થયા હતા, અને તાજુબ જેવું તો એ હતું, કે અતરાફમા કામ કરતી કોઇબી કલબો માહેલો એકબી ખેલાડી, એ મંડલીમાં સામેલ થયલો જણાયો નહી હતો.

આ કલબનું નામ બારોનેટ કલબ હતું, એટલે એ કલબ માટે નશરવાનજી ફ્રારબસે એક નવોજ ડરોપ સીન ચીતરાવ્યો હતો. તે ડરોપ સીન ઉપર, પેહલા સર જમશેદજી જીજીભાઇનું રંગીન ચીત્ર, અને તેવણે બંધાવેલી હસ્પીટાલનો દેખાવ પડાવ્યો હતો. આ મહાન પારસીની તારીફમાં મરહુમ નશરવાનજી ફ્રારબસે એક ખાસ ગાયન, બંદે ખુદા નામના પારસી કવી પાસે જોડાવ્યું હતું, અને દર એક ખેલની રાત્રે, ખેલની શરૂઆતમાં, નશરવાનજી ફ્રારબસ ડરોપસીનની બહાર આવી, તે ગાયન જે એક ગઝલ હતી, તે તેવણ ગાતા હતા. તે ગાયન હજી મને યાદ રહી ગયું છે.

"આ પરદો રંગીન નસીહત કરે, કીરતી કંઇ કરો,
અગર જો કીરતી કરો તો હરગેજ નહી મરો."

આ બારોનેટ નાટક મંડળીએ બરજો અને મેહરસીમનોઝાર નામનો પુરાની ખેલ કીધો હતો. એ મંડળીનું કામ બારીકીથી તપાસવાનું મારા નસીબમાં નહી હોવાથી,

નશરવાનજી ફ્રારબસની નાટકી કારકીર્દીનો અભ્યાસ કરવાની મને સહેજબી તક મલી નહી હતી.

પણ અંતે આ બારોનેટ મંડળી વધુ નાટકો કરતી બંધ પડી હતી. એકજ નાટક કરવાની બારોનેટ કલબની સરજત હતી. જો કે તે અનેકવાર દર શનીવારે શંકર શેઠની નાટક શાળામાં રજુ થયો હતો. નશરવાનજી ફ્રારબસ ત્યાર પછી લાંબે વખતે આ અદના લખનારને આપા—બાગમાં મલ્યા હતા! ત્યાં હમારી જુની ઓલખાણ તાજી થઇ હતી. મરહુમ ઘણાજ ખુશ તબેહ અને મોજીલા સ્વભાવના હતા, અને જુના જમાનાના સોનેરી બનાવોને યાદ કરી, આજના વખતના નાટકોની પડતીના બનાવો સાથ તેને સરખાવી અફસોસ કરતા હતા.

જેન્ટલમેન એમેચ્યુઅર્સ, અને ઝોરાસ્ત્રીઅનના સ્થંભ.

ઉપલાં બંને મંડળમાં નશરવાનજી ફ્રારબસે આગેવાન ભાગ લેઇ તેની ઉન્નતીમાં મોટો સુધારો કરાવવાની સેહજબી તક જતી મુકી નહી હતી. ઝોરાસ્ત્રીયન કલબના તો મરહુમ એક સ્થંભ સમાન હતા, અને ખુશરો શીરીન પછી તેવણ છુટા પડી, બારોનેટને સ્થાપવામાં રોકાયા હતા, કે જે બારોનેટ નશરવાનજી ફ્રારબસના ભાઇ, એદલજી ફ્રારબસે સ્થાપી હતી. તે મંડળી બંધ પડયા પછી નશરવાનજીની નાટકી કારકીર્દી ગોયા ખતમ થઇ હોય, એમ જણાયું હતું. નશરવાનજી ફ્રારબસની અંગ્રેજી કેળવણી સંગીન પ્રકારની હતી. તેવણનું અંગ્રેજી ભાશાનું જ્ઞાન કેટલું બધું સંગીન હતું, તે એટલાં ઉપરથીજ જણાઇ આવ્યું હતું કે બંબે સોલીસીટરોની ઓફીસના મરહુમ નશરવાનજી ફ્રારબસ મેનેજીંગ કલાર્ક તરીકે કામ કરી જસ ખાટી ગયા હતા. વળી તે ઉપરાંત પેહલા સર દીનશાહ પીટીટના મરહુમ નશરવાનજી સેક્રેટરી તરીકે લાંબો વખત રોકાયા હતા.

આગલા વખતના પારસી નાટક તખતા ઉપર આવી ગયેલા પારસી ખેલાડીઓમાં મરહુમ નશરવાનજી એક નામી ખેલાડી તરીકે નોંધાઇ ગયા હતા. ઝોરાસ્ત્રીઅન કલબના તો તેવણ એક જબરા સ્થંભ હતા, પણ કમનસીબે કંઇક મતફેરીને લીધે તેવણ છુટા પડયા હતા.

(૫૫)

નાટક કંપનીના માલેકોને ટાપ મારવાની આદત કાજકાલની સમજવી નહી કે! તે તો છેક ૧૮૬૬ ના સાલથીજ એ લોકોને લાગુ પડેલી જણાય આવે છે. મેં ગયા અંકમાં જણાવ્યું, તેમ ઝોરાસ્ત્રીઅન કલબના નવથી બાર ખેરખવાડો હતા. તેમાં ભાગીદારો તરીકે ચોખ્ખા નવ જણ જાહેર રીતે જણાયલા હતા. એ નવ ભાગીદારોમાં મરહુમ નસરવાનજી ફ્રારમસ સઉથી પેહલ્લે દરજ્જે જણાયલા ભાગીદાર હતા. કાંઇબી નવો સવાલ ઉભો થાય, તો તે સેવટે તેવણની મુનસફી ઉપર લઇ જવામાં આવતો હતો, અને ત્યાર પછીજ તેની ઉપર અમલ થતો હતો.

હીન્દુ ભાગીદાર આનંદરાવ.

મેં ટાપ મારવાની આદત વીશે ઉપર ઈશારો કીધો છે! તે એમ માલમ પડયું કે હીન્દુ ભાગીદાર આનંદરાવ, જેવણ પુનાના વતનદાર હતા, અને બારે માસ પુનેજ રહેતા હતા, તેવણ એક 'પેન્ટર' હોવાથી ઝોરાસ્ત્રીઅન કલબને કોઇબી નવા ખેલ માટે જોઇતા એકાદ બે નવા પરદા, ફુલોનાં કુડાં વીગેરે પુનેથી બનાવી, તેવણ પોતાની સાથે લઇને મુંબઇ આવતા હતા, અને તે પરદાઓ માટે મોટી મોટી 'ડીંગ' મારી જાહેર ખબરમાં જણાવતા, કે "હજારો રૂપીઆના ખરચે તઇયાર કરાવેલી નવી સીન સીનરી" વીગેરે. આ ટાપ છેક ખુસરો શીરીનના નાટક સુધી લંબાઇ હતી. આનંદરાવ જાતે દક્ષણી હીન્દુ હતા, પણ પારસીઓ સાથ તેવણ એક પારસી મીસાલ હળીમળીને રહેતા હતા. ભાગીદારોનો સંબંધ કેવા પ્રકારનો અને કેટલો હતો, અને રૂપીઆ, આના અને પાઇની વાત તો લાગતાવળગતાઓજ જાણે. પણ એકાદ બે ખેલ સ્ટેજ થયા પછી આનંદરાવ પાછા મુંબઇથી પુને જતા હતા, અને સીનસીનરીની બાબદમાં હંમેશાં ઘટીત મદદ ચાલુ કરતા રેહતા હતા. મારા અદના વીચાર પ્રમાણે ઝોરાસ્ત્રીયન કલબના જરથોસ્તી ભાગીદારો વચ્ચે આ એક મરાઠા—હીંદુ ભાગીદાર, એક નમુનેદાર ભાગીઓ હતો. પણ નાટકવાળાઓને આવી આવી તોપ મારવાની આદત પડી ગયેલી, તે આજ સુધી ચાલુ રહી ગયેલી દીસે છે! તણ—ચાર કે પાંચ પરદા નવા રંગાવ્યા, તથા તીલી અને તાસ તથા ડાક લગાડી બનાવેલા થોડાક નવા પોશાકો સીવરાવી ટામ-ટામ કરવી કે ૩૫ હજારના ખરચે, અને ૫૦) હજારના ખરચે નવો ખેલ ઉભો કીધો છે, વીગેરે. 'હાંકે સુલેમાન ગાડી' વાળી કહેવત જેવી આ હકીકત છે! ભલે પચીસ હજાર ખરચો, પણ જાહેર પ્રજાને તેની સાથ શું લાગેવળગે વારૂ? ચાલો હશે! એ વાત હવે હયાંજ બંધ કરી આગળ ચાલો.

ઝોરાસ્ત્રીયન કલબના સઘળા ભાગીદારોમાં આ મરહુમ દાદાભાઇ મંચેરજી પેસતનાઇયા સઉથી વધારે ઉલટમંદ અને ઉમંગી ભાગીદાર હતા. દાદાભાઇ સ્વભાવે તેમજ ખ્વાસે ઘણાજ પસંદ કરવા જોગ ભાગીદાર મજકુર કલબને હાથ લાગ્યા હતા. કલબમાં દાદાભાઇ સઘળાઓના માનીતા હતા. પોતાના હસમુખા સ્વભાવને લીધે તેવણ

દરેક ખેલમાં મોટે ભાગે હાસ્યરસ પાર્ટ ભજવતા હતા, તેમજ વૃધ ઉમરના ઘરડા ખેલાડી બનવાના તેવણુ જબરા નકલબાજ હતા. મરહુમ નશરવાનજી આપઅખત્યારના દાદાભાઇ એક મીત્ર થતા હોવાથે, તેવણુ આપઅખત્યારના નાટકો જોવા તેમજ તેવણુને મલવા માટે તેવણુ આપઅખત્યારની 'રહરસલમાં' હંમેશ જતા આવતા હતા, અને કેટલીક વાર તો આપઅખત્યારના હાસયરસ 'રકેચ.સો'માં પોતે પાર્ટ પણ ભજવતા હતા. જો કે તેજ વખતે મરહુમ ઝોરાસ્ત્રીયન કલબના એક ભાગીદાર હતા. આ અરસપરસનો સંબંધ ઝોરાસ્ત્રીયન કલબ અને મરહુમ આપઅખત્યારના મંડળ વચ્ચે વગર વાંધે ચાલુ રહયો હતો, કેનકે આગલા મારા લેખોમાં હું લખી ગયો છું, કે નશરવાનજી આપઅખત્યારે ભજવેલા રૂસ્તમ અને સોહરાબના ઓપેરામાં, મરહુમ માણેકજી બારભાયાની ગેરહાજરીમાં ઝોરાસ્ત્રીયન કલબના એક બીજા ભાગીદાર મરહુમ પેરતનજી દાદાભાઇ પાવરીએ સોહરાબનો પાર્ટ આપઅખત્યારના ઓપેરામાં ભજવ્યો હતો, અને એજ રૂઢીને અનુસરી દાદાભાઇ પસતાકીયા,: મરહુમ આપઅખત્યારના ખેલોમાં જુદા જુદા પાર્ટ કરતા હતા.

મરહુમ દાદાભાઇ પોતાના મલતાવડા સ્વભાવને લીધે, ઝોરાસ્ત્રીઅન કલબના પોતાના હમશરીકોમાં 'દાદી ચીકોની' ને લાડકે નામે ઓળખાતા હતા! નાટકના તે જમાનામાં ઝોરાસ્ત્રીઅન કલબ, પારસી સંસારી ફારસો કરવા માટે પ્રખ્યાત થઇ ગઇ હતી. એ સંસારી ફારસો સ્ટેજ કરવા માટે ઝોરાસ્ત્રીઅન કલબ પાસે ઘણાજ કાબેલ ખેલાડીઓ હતા, અને તેવા ખેલાડીઓ માંહેલો એક, મરહુમ દાદાભાઇ પસતાકીયા હતો.


મરહુમ ફરામજી કાવસજી મેહતાને મુંબઇની આલમ સારી કાંની ઓળખતી હોવીજ જોઇયે. કેમકે મુંબઇમાં આજ લગભગ અર્ધી સદીની વાત ઉપર આ "કયસરે હી-દ" અઠવાડીક છાપો પેહલો પ્રગટ કરનાર એજ ફરામજી મેહતા હતા. મરહુમની અતરે આપેલી સબી, જો કે વૃધ ઉમરે પાડેલી જણાય છે, પરંતુ જે વેળા ઝોરાસ્ત્રીઅન કલબ સાથ એવણુનો [સંબંધ હતો, તે વખતે મરહુમનું શરીર ઘણુંજ પતળું હતું. શરીરની એવી પતળી હાલત હોવાને લીધેજ મરહુમ ફરામજી મેહતા, મરહુમ નશરવાનજી આપઅખત્યારના ખેલોની આખેરીએ, તેમજ ઝેરાસ્ત્રીઅન કલબના નાટકોની છેવટે ઇંગ્રેજી ડાન્સ, ઇંગ્રેજી બેન્ડના સરોદોની ચાલ ઉપર, બરોબર ઓસ્તવારીથી નાચી બતાવતા હતા. એ ડાન્સને રજુ કરવા માટે તે ડાન્સનો બરનો ઇંગ્રેજી લેબાસ એવણુ પેહરતા હતા, અને બાજે-બાજે ડાન્સમાં પોતાના હાથમાં એક 'ટીમ્બોરીન' લઇ ડાન્સ કરી તેનો ઉપયોગ કરતા હતા. મરહુમના ઇંગ્રેજી ડાન્સ તે વખતે ઘણાજ વખાણ મેળવતા હતાં.

મરહુમ ફરામજી કાવસજી મેહતા.



ઝોરાસ્ત્રીઅન કલબનો એક બીજો સ્થંભ—સ્ટેજ ઉપર ઇંગ્રેજી ડાન્સ કરનાર પહેલો પારસી—તે વખતના મીત્રમંડળમાં ફલુ ફોટોગ્રાફરને નામે જણાયલો।

મરહુમ દાદાભાઈ મંચેરજી પસતાકીઆ.



ઝોરાષ્ટ્રીયન કલબનો એક ભાગીદાર અને એક 'ઓલ-રાઉંડ' ખેલાડી. 'દાદી ચાકોના'

મેહરબાનો, ફરામજી કાવસજી મેહતાની જાહેર તેમજ સંસારી જીંદગીની તવારીખ ઘણીજ જાણવા જોગ છે, પણ તે સઘળી લખવાની જંજાળ મેં મારે માથે લીધી નથી. ફકત નાટકોની સાથનો મરહુમનો સંબંધ અગર જો હું અતરે પુરેપુરો દર્શાઉં, તો તેને માટે પણ મારી પાસે પુરેપુરી જગ્યા નથી. ફરામજી મેહતા એક શોખીન અને ઘણાજ મલતાવડા સ્વભાવના ફાંકડા જવાન

હના. ઝોરાસ્ત્રીઅન કલબમાંજ આ અદના લખનાર સાથ મરહુમનો મીલાપ પેહલવેહલો થયો હતો. તે વખતે મરહુમનો પેહરવેશ રંગીન 'વોટર સીલક'ના લાંબા ડગલા, અને પાટલુનનો હતો! પાઘડી નહી પણ, પણ 'ખોખું' મરહુમ પેહડતા હતા, અને તે પણ મોટે ભાગે તેવણ હંમેશાં હાથમાંજ રાખતા હતા! ફોટો ગ્રાફીનો તેમજ 'મ્યુઝીક'નો મરહુમને ઘણોજ શોખ લાગ્યો હતો, અને તે ઉપરથીજ, મરહુમને લોકો 'ફલ્લુ-ફોટોગ્રાફર' તરીકે ઓળખતા હતા! વરસોની ઉપર જવાનીમાં લાગેલો નાટકનો લત, મરહુમે પાછળથી વૃધ ઉમરે પુગતાં છોડયો હતો. કેમકે તે વખતે મુંબઇમાં મરહુમને એક મોતેબર અઠવાડીક-કપસરે હીન્દ-ચલાવવું પડયું હતું

રૂસ્તમજી કાવસજી જાંબુલી.



ઝોરાસ્ત્રીઅન કલબના એક બીજા સ્થંભ-જેવણ પોતાની કલમકસીથી કલબના મદદગાર થઇ પડયા હતા.

ઇ૦ સ૦ ૧૮૬૦)ના જમાનામાં થઇ ગયલા પ્રસીધ્ધ પારસી જાહેર લેખકો માંહેલા એક, મરહુમ રૂસ્તમજી કાવસજી જાંબુલી હતા. રૂસ્તમજી જાંબુલીની ખરી અટક 'સુરતી' હતી, પણ જાંબુલી અટક કેવી રીતે પડી, તેની ખબર આ અદના લખનારની જાણમાં નથી. રૂસ્તમ જાંબુલી એક અઠંગ શાએર હતા, અને એવણે રચેલાં કાવ્યોનો સંગ્રહ, બે મોટાં પુસ્તકાકારે, એવણના એક મીત્રએ પ્રગટ કરી છપાવ્યો હતો. વર્તમાન

છાપખાનાવાળા મરહુમ મનચેરજી જાંગોશ સાથ, રૂસ્તમ જાંબુલી એક લેખક તરીકે અંગત સંબંધમાં આવેલા હતા, અને તેથી વર્તમાન છાપખાનાવાળા મકાનમાં, ઝોરાસ્ત્રીઅન કલબે પોતાની 'રીહરસલ' ચલાવવાનું મુકામ રાખેલું હોવાથી, મરહુમ જાંગોશ મારફતે રૂસ્તમ જાંબુલીનો સંબંધ ઝોરાસ્ત્રીઅન કલબ સાથ બંધાયેલો હોવો જોઇયે.

પારસી શેઠીયાઓની 'પેટ્રોનેજ' લેવાનું ચેટક!

તે જમાનો એવો હતો, કે પારસી શેઠીઆઓને નાટક તખ્તા ઉપરથી માન–પાને વધાવવામાં નાટક ટોળીઓ આગેવાન ભાગ ભજવતી હતી. અલબતાં એવાં માનપાન કાંઇ લખેલા ખરીતા, તખ્તા ઉપરથી વાંચીને આપવામાં આવતાં નહી હતાં! પણ એક વધામણી તરીકે ગાયનો ગાઇ બજાવી, તે ગાયનોમા તેમની તારીફના સખુનો સંભળાવવામાં આવતા હતા. એ કામ કરવામાં ઝોરાસ્ત્રીઅન કલબ સઉથી આગેવાન ભાગ બજાવતી હતી.

પ્રખ્યાત 'માકુ–ઝેરીઆનુ' પરાક્રમ!

આવી રીતના માનપાન આપવા માટે ગોયા race ની ઝડપે નાટકવાલાઓ કામ કતા હતા! તેનો એકજ દાખલો અતરે આપી હું આગલ વધીશ. ઇ૦ સ૦ ૧૮૭૬ ના સાલમાં, તે વખતના મરહુમ શેઠ બેહરામજી જીજીભાઇ, સી. એસ આઇ. ને સરકારે માનપાને વધાવી, લેજીસ્લેટીવ કાઉનસીલના મેમ્બર તરીકે ચુંટી કાહડી, માન આપ્યું હતું. આ ખબર ઝોરાસ્ત્રીઅન કલબના એક વીરોધી ખેલાડી, માણેકજી માસતરને પડી. આ માણેકજી માસતર, નાટકી આલમમાં માકુ ઝેરીઆને નામે ઓલખાઇ રહયો હતો! તેણે ઝોરાસ્ત્રીઅન કલબને તોડવા, આલબર્ટ નાટક મંડલી ઉભી કરી હતી. માકુ ઝેરીઆને જેવી ખબર પડી, કે બેહરામજી શેઠને લેજીસ્લેટીવ કાઉનસીલના મેમ્બર સરકારે નેમ્યા છે, તેવીજ તેણે શંકરશેઠની નાટકશાલા, પોતાની આલબર્ટ કલબને માટે રોકી લીધી, અને બેહરામજી શેઠને બંગલે ચહડી જઇ, તેવણુની પેટ્રોનેજ મેલવી, તેવણુને જાહેર તખતા ઉપરથી માનપાન આપવાની દોડધામ કરવા પડયો હતો! ઝોરાસ્ત્રીયન કલબને આ ખબર સેહજ અસુરેથી મલવે, અને નાટકશાલા રોકી લીધેલી હોવાને લીધે, સખત પ્રકારની નાસીપાસી વેઠવી પડી હતી. માકુ ઝેરીઓ બેહરામજી શેઠને મલેલાં માનપાનની વધામણી તખતા ઉપરથી ગાવા માટે, મરહુમ બંદેખુદા પાસે ગયો, અને બે. જી. ની સીફતમાં એક ગઝલ જોડાવી, આ અદના લખનારને આપી, અને તે સ્ટેજ ઉપર ગાવા અરજ કરી હતી, જે અઇ બીજા જવાન સાથે મલી, સેવકે ભેગા અવાજે ગાઇ હતી. ૫૦) વરશ ઉપર, બંદેખુદાની જોડેલી ગઝલ નીચે પ્રમાણે હતીઃ—

ગઝલ.

કુદરતથી વરસી છે રેહમ, ખુશી બેસુમારરે,
શેઠ બેહરામજી કાઉનસીલર, થયા બીજી વારરે—૧

સરકાર અને રઇયત ખુશી, ખુશી છે મુંબઇ તમામ,
આશીરવાદ 'આલબર્ટના' છે, જીવો એ સરદારરે—૨

કેળવણી ને ઉતેજન, વીદયા ને ઉલટ બહુ,
પ્રજા હીતકારી ભારી, સરવેમા આફકારરે—૩

મરહુમ શેઠ ધનજીભાઇ વીમાદલાલ.



એક હાઇ-કલાસ કોમીડીઅન—ઝોરાસ્ત્રીઅન કલબના એક ચુરત સ્થંભ.

જ્યારે કચરા-પુંજા જેવા સ્ટેજ ઉપર આજના કોઇ કોમીડીઅનોને હું સાંભળું છું, ત્યારે આગલા વખતનો ધનજી સોલો, આગલા વખતનો કાકા-વાલ, આગલા વખતનો કાવસજી ગુરગીન, એ સઘળાઓના રૂહ, જાણે જીવતાં થઇ મારી નજર સામે ઉભાં રેહી કમકમતાં હોય, એમ મને દેખાતું સંભવે છે! આહ! હાહ! તે વખતના તમામ

અને ટેકાવદાર કોમીડીઓનો? કાંહુ તે વખતની તેઓની સજ ધજ અને કારસાજી! પેલી મશહુર કેહવત મને આ પ્રસંગે યાદ પડે છે, કેઃ—

ગુલ ગયે, ગુલશન ગયે,
જંગલી ધતુરે રેહુ ગયે—
દાના-દાના મર ગયે,
અઉર બેવકુફો રેહુ ગયે.

મરહુમ ધનજીભાઇ વીમાદલાલ એક અતી ઘણા જુના વીચારવાલા જરથોસ્તી હોવા છતાં, આ ઝોરાસ્ટ્રીઅન કલબમાં તેવણે સામેલ થઇ પોતાનું હાસ્યરસ પાણી દેખાડી આપ્યું હતું. તેવણે શું શું કામ કીધાં હતાં, તેની નોંધ ઘણી લાંબી છે, પણ એટલું તો ખરૂં, કે મરહુમની નાટકી શકતી, એદલજી ખોરીની સુચના, અને મરહુમ દાદી ઠોકાનની સાથ ફારસોમાં મલતી કેટલીક points ઉપરથી, તેવણ પોતાની શકતી વડે પોતાના સાંભળનારાઓનાં 'કલેજાં' કાપી નાખતા હતા!'

ધાવતાં બાળકને ઝોળીમાં મુકી ઝુલાવવાનો પ્રયોગ, તેમજ નાહના બાળકોને ઝોળીમાં નાખી રડતું મુગાં રાખવાનું તેવણનું ગાયન, ખચીત આખ્ખાં હાઉસને પસંદ પડતું હતું, અને તે બબ્બે વાર 'આં-કોર' થતાં હતાં! ધ્યાન રાખવું, કે કદીબી મરહુમ પોતાનો ભાગ, છકી જઇ, over act કરતા નહી હતા. તેમજ પોતાને લખી આપેલા પાર્ટ ઉપરાંત, સેહજ હરફ વટીકનો તેવણ ઉમેરો કરતા નહી હતા.

ધનજીભાઇ વીમાદલાલની છપાયલી પાયદસ્ત!!

ધનજીભાઇ વીમાદલાલ સ્વભાવે સાલેસ અને રમુજી ખવાસના હતા. સ્ટેજ ઉપર તેવણના હાસ્યરસ કામોથી, વીરોધી કલબના કોઇ વેરભાવીક ખેલાડીએ તેવણ તરફ અદેખાઇ અને વેરની લાગણી પોતાના મનમાં ધરી, ધનજીભાઇ વીમાદલાલને પજવવા ખાતર એક દહાડો તેવણની પાયદસ્તની જાહેર ખબર, જાહેર છાપામાં છપાવી જણાવ્યું હતું, કે ગેહ સારવાનો વખત સહવારનો હતો!

આ જાહેર ખબર વાંચી દોસ્ત આસ્નાવોના, તેમજ સગાં વહાલાંઓના દીલ ઘણાંજ રંજીદા અને દુખી થયાં હતાં. અને તે વખતના રેવાજ પ્રમાણે ધનજીભાઇ વીમાદલાલને ઓટલે અને પાયદસ્તે જવા ઘણાકો હાથમાં જામો પીછોડી લઇ, એવણના, ઘર તરફ ગયા હતા! પણ ધનજીભાઇ વીમાદલાલ, તે વખતના રેવાજ પ્રમાણે પોતાની હજામત કરાવવા ઘરના ઓટલા ઉપર બેઠા હતા, અને ઓળખીતાઓને, હાથમાં જામો પીછોડી લઇ જતાં જોઇ પુછ્યું, કે "બાવા, કોણને ત્યાં ફવાન થયું છ?"

ધનજીભાઇને જીવતા, જાગતા, અને બોલતા જોઇ, જે લોકો તેવણની પાયદસ્તે જવા આવ્યા હતા, તે લોકોએ ખુલાસો કીધો હતો, કે એવી તે કાંઇ મશ્કેરી હોય વીગેરે?

આ જાહેર ખબર પછી ઝોરાસ્ટ્રીઅન નાટક મંડળીના એક આગેવાન ખેલાડી પેસ્તનજી પાત્રરીએ, પોતાના નાટકની રાતે સ્ટેજ ઉપરથી ભાષણ કરી જાહેર કીધું

હતું, કે હમારી કલબના કોઇ દુશ્મનોએ આવું કામ કીધું છે. પણ જેબી ધણી એ કામ કરનારનું ખરૂં નામ હમુને પુરૂં પાડશે, તેને હમો રૂપીઆ એકસોનું ઇનામ આપવા કબુલ થઇયે છીયે.

એવો તે કોમીડીઅન હતો! એવો તે નાટકી હતો! તે આજે કયાં છે?

મેહરબાનો, ઝોરાસ્ત્રીઅન નાટક મંડળીના આગેવાનો જેઓના ફોટોગ્રાફ મને મલ્યા હતા તેઓને, મેં આજે રજુ કીધા છે. મરહુમ ડોસાભાઇ બીલીઆ, બંદેખુદા, ધનજીભાઇ રાણા અને પેલા હીન્દુ ભાગીદાર આનંદરાવના ફોટો હું મેળવી નહી શકયાથી, તે રજુ કરી શકાયા નથી. એટલે હવે આપણને આગળ ચાલ્યા વગર છુટકોજ નથી.

(૫૬)

લીયાનત હોજો જમાના તારી ચાલ ઉપર, કે પારસીઓના હાથમાંથી નાટક જેવો બેમુલ હુન્નર છીનવી લઇ, તેને આજના જેવી પડતી હાલતમાં લાવી નાખ્યો! મેહરબાને મન, જરા આ રમુજી કીસ્સાનું દાસ્તાન ધ્યાન ધરી વાંચશો, તો તમુને મારી ફરીઆદનું વાજબીપણું તુરત જણાઇ આવશે.

માનો યા ન માનો, પણ મારી નાહની ઉમરે મેં જોયલા નાટકો, તેમજ તેમની સાંભળેલી જાહેર ખબરોના ભાવટા, મને આજસુધી યાદ રહી ગયા છે. આજે શનીવારની રાતે નાટક છે, તેની યાદ જાહેર પારસી પ્રજાને આપવા માટે, રવીવારે નીકળતા છાપાની મદદ પુરતી નહી હોય, અને વેંહચવામાં આવેલાં હેન્ડબીલો પુરતાં નહી હોય, એમ માની લઇ, જુદી જુદી નાટક ટોલીના પેશકારો, પોતાના નાટકની જાહેર ખબરો, પારસીઓથી વસાયલા મોહલાઓમાં બુલંદ અવાજે પુકરાવી, તેની ખબર પારસીઓને આપતા હતા!

આ એક નવોજ અખતરો હતો, અને કમનસીબે તે અખતરાનો પવન, પાછળથી ધીમે ધીમે વીકટોરીયા કલબ જેવી તે વખતે ધરખમ ગણાતી કલબને પણ લાગુ પડયો હતો! યારો, આ અખતરાની ફતેહમંદી માટે હું કાંઇ કહી શકતો નથી, પણ એ અખતરો અમલમાં મુકવાનું પેહલું માન! (જો કે હું તેને માન કહેતાં શરમાઉ છું) આલફ્રેડ નાટક મંડળીના એક આગેવાન સ્થાપક મી૦ બાપાસોલાના ભેજાંમાંથી નીકળેલું જણાયું હતું.

ખરશેદજી બાપાસોલા—Once More!

આ ખરશેદજી શેઠને તમારા સેવકે અનેકવાર જોયલા હતા. એવણની યાદ આવતાંજ ૧૮૭૧)ના જમાનાના પારસીઓનો શારીરીક બાંધો મારે હઇડે ચહડી આવે છે! એ ખરશેદજી કદમાં ઘણાજ ઉંચા હતા! તેવણ લાંબો ડગલો પેહરતા! મોટી જેવી મોહોરાની પાઘડી માથે ઘાલતા! પોહળા પાયજામાની, લાલ ગાજની ઇજાર, અને કબી કબી તેવાજ લેંઘા કકડતી અસ્તરીના પેહડતા હતા! તેવણના જોરની તારીફ કરવી હું ધારૂંછ કે નારવા છે, કેમકે પાછળથી મેં જાણ્યું હતું, કે તેવણ બજાના કરતાં કલથી કામ કહાડી લેનારા એક જરથોસ્તી હતા. બળ તો બેશક ઘણુંજ શરીરમાં હતું, પણ મરહૂમ તેનો જવલેજ ઉપ્યોગ કરતા હતા.

આ ખરશેદજી બાપાસોલા આલફ્રેડ નાટક મંડળીના એક સ્થાપક હતા. તેવણ જો કે એક મહાભારત એકટર તો હતાજ નહી, પણ તેવણના શરીરના બુલંદ બાંધાને લીધે, જેહાનબખ્શ અને ગુલરૂખસારના નાટકમાં તેવણ એક આગેવાન જીનનો પાટ બજાવતા હતા.

આલફ્રેડ નાટક મંડળી મુંબઇમાં ૧૮૭૧)ના સાલમાં કાંઇક ચમત્કાર કરવા બરપા થઇ હતી! ઝોરાસ્ત્રીઅન અને વીકટોરીયા કલબો, પુરાની ખેલો કરી ધુમ

મચાવી રહી હતી, ત્યારે એ બંને કલબો ઉપર ચઢાવો કરી, કાંઇક એવું કરી બતાવવા ઓલફ્રેડ કલબે માથું ઉંચકયું હતું, કે આજસુધી કોઇએ તેવું કામ નાટક તખ્તા ઉપર રજુ કીધું નહી હોય! એકટરો સઘળા જરથોસ્તીઓ હતા. ખુદા જરથોસ્તી સીકકાની બોલબાલા કરે, પણ દરેક એકટર કદમા અને શરીરના બાંધામાં તેમજ જોરમાં એક એકથી સરસ હતા. તે સઘળાઓમાં આ મારા બાપાસોલા એક હતા.

એ બાપાસોલા ભાઇએ પોતાના હમશરીકોને સુચવ્યું, કે જે દહાડે નાટક હોય તે દહાડે એક મોબેદ પાસે પારસી મોહલ્લાઓમાં આપણા નાટકની જાહેર ખબર બાંગે બુલંદ અવાજે બોલાવવી! હમશરીકોનેબી તે ઠીક લાગ્યું, અને એવી રીતે ખરશેદદારૂ છમણીને એ કામ માટે તેઓએ રોકયા. મુખ્ય વાત એ હતી. કે જેહાંબખ્શ અને ગુલરૂખસારના નાટકમાં આવતા કેટલાક ચમત્કારીક દેખાવો વીશે લોકોને ખબરદાર કરવા. દાખલા તરીકે "એક દેવનું ગગનમાંથી ઉડી આવી પોતાની જાદુઈના ચારાથી ગુલરૂખસારને પકડી હવામાં ગુમ થઇ જવું." ૨, "એક આબેદનું પહાડથી અધ્ધર ઉભેલો દેખાવો." ૩, "દેવોનું જમીન અંદર ગરક જવું, અને પરીઓનું હવામાં ઉડી આસમાન ઉપર જવું વીગેરે." એવા એવા સાત હફતેખાનોના દેખાવો વીશે લોકોને જાહેર કરવાની આ તરકીબ બાપાસોલાએ પેશ કીધી હતી, અને જેહાંબખ્શના ખેલના લખનારે સીફતભરી રીતે તે લખી, ખરશેદદારૂને મોહડે કરાવી, પારસી મોહલ્લાઓમાં તે પુકારવા જણાવ્યું હતું.

'કોટ ને દહીનો ગોટ!'

મેહરબાનો, આજે મુંબઇના કોટની બરબાદી અને ધુળધાણી થઇ ગઇ છે! હું જે હકીકત લખું છું, તે જમાનામાં સઘળા માલેતુઝાર તવંગર પારસી શેઠીઆઓ, એ મુંબઇના કોટમાંજ રહેતા હતા. મલબારહીલ, વાલકેશ્વર, કે ગોવાલીયા તળાવ તો તે વખતે વેરાન સમાન હાલતમાં પડેલાં હતાં. કાવસજી પટેલનો મોહલ્લો પારસીઓથી ચીકાર ભરપુર હતો. પારસી બજાર સ્ટ્રીટ, બજારગેટ સ્ટ્રીટ, પારસીઓથીજ વસાયલા મોહલ્લા હતા. વળી ધોબીતળાવ, ખેતવાડી અને બહારકોટના મોહલ્લા ફકત પારસીઓથીજ ભરાયલા હતા. કોટેકોટના રસ્તા ઉપર પારસી શેઠીયાઓના ઘરો હતાં. મુંબઇના કોટની એવી હલમલી રહેલી આબાદી જોઇ, તે વખતના પારસી બઇરાંઓ કોટને માટે બોલતાં કે 'કોટ ને દહીનો ગોટ!' આ બધા પારસી મોહલ્લાઓમાં નાટકની જાહેર ખબર બોલાવવા, આલફ્રેડ નાટક મંડળીએ મજકુર મોબેદને રોકયો હતો, અને તે પ્રમાણે તે જાહેર ખબર બોલી લોકોનું ધ્યાન ખેંચતો હતો.

પણ એક સારી ચીજની નકલ જેમ બીજાઓ કરે છે, તેમ આલફ્રેડવાળાઓની આ બાબમાં નકલ કરવામાં પેહલા ઝોરાસ્ત્રીઅનવાળાઓ, અને તેઓની પાછળ વીકટોરીયા કલબવાળાઓ બાહર પડયા હતા.

આલફ્રેડ નાટક મંડળી—આગલી અને પાછલી.

યારો, આ આલફ્રેડ નાટક મંડળી અનેક અવતારો લઇ તે સેવટે સદાની શાંતીમાં સુતી છે! એ મંડળીએ બે જનમ લીધેલા મને યાદ છે. એનો આગલો જનમ

ખરેખર ઘણીજ જાણવાજોગ બીનાઓથી ભરેલો છે. પણ તે સઘળા બનાવો દર્શાવવા નહી બને તેવું છે, કેમકે હજી બે–ત્રણ મંડળીઓની નોંધ લેવાની જરૂરતની છે.

આ આલફ્રેડ મંડળીએ જબરી ધુમ ગ્રાંટરોડ ઉપર મચાવી હતી. મેં આગળ લખ્યું તેમ તેણે યાંત્રીક દેખાવોની પેહલ કાહડી, બીજી મંડળીવાળાઓને તેવાજ દેખાવો કરવાની ફરજ પાડી હતી. આ યાંત્રીક સીન–સીનરી કરવા માટે સારા નસીબે આલફ્રેડ નાટક મંડળીને દાદી રતનજી દલાલ નામનો એક સાદોમાદો પારસી મલી ગયો હતો! દાદી હતો તો બીલકુલ સાદો, પણ તપખીરની ચમટી વગર કદીએ તે આપણી નજરે પડતો નહી હતો. એ દાદીએ જેહાંબખ્શના ખેલમાં ઉપર વર્ણવેલા સઘળા યાંત્રીક સીન–સીનરીવાળા દેખાવો સ્ટેજ કીધા હતા. ઘણાકો આ દેખાવો જોઇ ચકીત થઇ ગયા હતા! લોકોને તે ફરી ફરી જોવાનું જાણે ઘેલું લાગ્યું હતું! વળી એકટરોબી બીલકુલ નવા અને 'પીટ–પાટ' કીધા વગરના હતા! પીટ–પાટ એટલે તમે સમજ્યા કે? પીટપાટ એટલે હરીફ કલબમાંથી સમજાવી પટાવી ખેંચી લીધેલા! આખ્ખો લોટ બીલકુલ નવો! અને એ સઘળાઓને તાલીમ આપવા માટે, મરહુમ હીરજીભાઇ ખંબાતાને ડીરેકટર તરીકે મોટી ખુશામદી અને કાલાવાલા કરી ઘસડી લાવેલા!

મરહુમ હીરજીભાઈ ખંબાતા.



આલફ્રેડ કલબના ડીરેકટર–ચુનંદા પારસી લેખક અને એકટર.


આ ચાલુ જમાનાના લેભાગુ નાટકીઓ, આ મહાન લેખક અને ડીરેકટરને, તેની જવાનીના દીવસોમાં જોવાને નસીબવંત નહી થયા હોય, તેમાં હું કસુર તે લોક ના નસીબનોજ કાહડી બેસું છું. બીજું શું કરૂં ? હીરજીભાઇ ખંબાતાની કેલવણી માટે હું આગલા અંકમાં લખી ગયો છું. નાટકી હુન્નરના તેઓ એક ચુનંદા પરસ્તાર હતા. એક એમેચ્યુઅર તરીકે, હીરજીએ અપુર્વ લોકપ્રીયતા ઇંગ્રેજી ખેલોમાં મેળવી હતી. જ્યારે ઝોરાસ્ત્રીયનમાં એદલજી ખોરી, અને વીકટોરીયામાં કેખશરૂ કાબરાજી જેવા ડીરેકટરો તાલીમ આપે, ત્યારે આલફ્રેડ વાલાઓએ આ બાહોશ હીરજી ખંબાતા ને કાલાવાલા કરી પોતાનો ખેલ બાહર પાડી આપવાની અરજ કીધી હતી. તે વખતે શાહજાદા શીયાવક્ષનો છરાની ખેલ કીધા પછી, જેહાંબક્ષ ગુલરૂખસારની તાલીમ આપવા ની ખાસ જરૂરત જણાઇ હતી. હીરજી ખંબાતા પથ્થરને ઘસીને હીરો બનાવી શકતા હતા ! તાલીમ આપવાની તેવણુની રીતભાત, કાંઇક જુદાજ પ્રકારની હતી ! અને ગમે એવો પોંકફોડો એકટર થોડા વખતમાં ચલકીઝલકી રેહતો હતો ! મરહુમે કરેલી વેલાતની સફરો દરમ્યાન જોયલા નાટકો પછી એવણુની નાટકી રીતભાત અને કુશળતા હદબહાર ખીલી નીકળ્યાં હતાં, અને તેનો આખરે લાભ આ આલફ્રેડ નાટકવાલાઓ ને મલ્યો હતો.

હીરજી ખંબાતાની કેટલીક ખુબીઓમાં મુખ્ય ખુબી, Make-up અને Get-up ને સંપુરણતાની ટોચ ઉપર લઇ જવાની હતી. મરહુમ હીરજી ખંબાતાએ પાછળથી લખેલ

આબે ઇબ્લીસ

નામના ખેલમાં પોતે ભજવેલા પાર્ટનો Make-up ભુલાય નહી એવો હતો ! મરહુમ જેહાંગીર પેસતનજી ખંબાતા, જેની યાદ પારસી તમાશબીન આલમ હજી ભુલી ગઇ નહી હશે, તેવણુના આ હીરજીભાઇ ખંબાતા મામા થતા હતાં. પોતાના મામાનો આ શોખ મરહુમ જેહાંગીરને ઓધે ઉતરેલો હતો, અને જેહાંગીર મોટે ભાગે 'મેક-અપ' ના બાબમાં, હીરજી ખંબાતાની નકલ કરવામાં ફતેહમંદ નીકળ્યા હતા. હાલના ચાલુ જમાનામાં આપણા કેહવાતા એકટરોમાં એ મેક-અપનો સેહજબી ખ્યાલ હોય, એમ જણાયું નથી ! મગર એ સઘળાઓમાં ફક્ત એક મી૦ મંચેરશાહ પોચખાનાવાલા હતા, જેવણુ મરહુમ જેહાંગીર ખંબાતાને છેવટ સુધી વલગી રહયા હતા, અને તેવણુ પોતાના 'મેક-અપ' માટે હંમેશ ઘણાજ ખંતી જણાતા હતા.

મરહુમ ભીખાજી કલીઆણીવાલા.



આલફ્રેડ કલબમાં મરહુમ હીરજી ખંબાતાનું શીક્ષણ લઇ, પોતાની નાટકી શકતી ખીલવી, પાછલથી દાદી પટેલને ત્યાં મોટે પગારે ખેલાડી તરીકે રહેલા.
સાધારણ રીતે ભીખુ શીયાવક્ષને નામે જણાયલા.

દાદાભાઇ મીસતરીનો જાતી ધંધો, નાટકમાં જોડાયા તે આગમચ, સુથારનો હતો. તેવણ એક કાચા નહી પણ પાકકા મીસ્તરી હતા. નાટકમાં તેવણુની પેહલ્લી સામેલગીરી, આલફ્રેડ કંપનીમાંથી શરૂ થઇ હતી. આલફ્રેડ કલબના જેહાંનબખ્શના ખેલમાં નાહના પાર્ટો કરી, તેવણ આગળ વધ્યા હતા. જે યાંત્રીક દેખાવ, જેહાંન બખ્શના નાટકમાં, ગુલરૂખસારને હવામાં ઉંચકી જવાનો આવતો હતો, તે દેખાવમાં એક દેવનો પાર્ટ બજાવવા, અને ગુલરૂખસારને તેની બગલમાંથી પકડી લઇ ઉડી જવાનું યાંત્રીક કામ કરવા, કોઇબી એકટર ધાસ્તી ખાઇ, બાહર પડયો નહી હતો! દાદી દલાલે ઘણીજ મુજાકેમત કરી, એકટરોને સમજાવ્યું કે એમાં નુકશાન કે ધાસ્તીભરેલું કાંઇબી નથી, પણ આખ્ખી કલબમાંથી કોઇબી એકટરે, આ યાંત્રીક કામ કરવા, અને તે સીનમાં રોકાવા હા પાડી નહી હતી.

દાદી મીસ્તરી બાહર પડયો!

આ સીનની બનાવટ અને ગોઠવણ કરવાના કામમાં, દાદી મીસ્તરી પોતે એક સુથાર હોવાથી, અને પોતે કલબનો એક એકટર હોવાથી, તેની યાંત્રીક બનાવટથી તે પુરેપુરો માહીતગાર હતો. જ્યારે સઘળા ખેલાડીઓએ એ સીનમા 'બંધાઇ રૂઢાઇ' ચહડવા ના પાડયું, ત્યારે દાદી મીસ્તરી એકદમ બાહર પડયો હતો, અને હવામાં ઉડવાનો પ્રયોગ, જે કોઇબી ખેલાડી બાહર નહી પડવાથી લગભગ અટકી પડયો હતો, તે ચાલુ કરી

શકાયો હતો. દાદી મીસ્તરી, એક અથંગ કસરતબાજ અને બળવંત જોરાવર પારસી હતો. તેણે આ જોખમભરેલું હવામાં ઉડવાનુ કામ માથે લીધું, અને તે માટે લઇ નાટકશાળાના માલેકો, તેમજ તે વખતની તમાશબીન આલમની શીદાગીરી હાંસલ કીધા ઉપરાંત, નાટકના ધંધાની સડક ઉપર, પોતાની મુસાફરી સરળતાથી કરવાની શરૂઆત કરી હતી. હીયાંથીજ દાદી મીસ્તરીની પુછપરછ ચાલી રહી હતી! હીયાંથીજ દાદી કોણ છે, અને કેવો છે, તે જોવા લોકોની ઇન્તેજારી ઉભરી નીકળી હતી. હીયાંથીજ, તે વખતે, વખત બેવખત ઉભી થતી નવી નવી કલબોમાં, દાદીની સામેલગીરી થવા લાગી હતી.

મરહુમ દાદાભાભાઇ અસ્ફંદીઆરજી મીસતરી.



આલફ્રેડ કલબમાં શરૂઆત કીધા પછી, જુદી જુદી નાટક ટોળીઓના ચકરમાં ચકરાવા લેઇ, સેવટે ઠર પડેલા ખેલાડી—સુરીલા ગાયનબાજ—બદનના બળવંત બાંધાવાલા—પારસી કલબના માલેક.

દાદીનું ગાવાનું કામ બેશક પસંદ કરવાજોગ હતું. અસલના વખતમાં, જે આબરૂદાર જરથોસ્તીઓ, પોતાના શારીરીક બાંધાની ખીલવણી માટે, એક નાહલી જેવી ઓરડીમાં તાલીમખાનુ બનાવી, પોતાનુ શરીર કસવા, કુસ્તીની કસરતો કરતા હતા, તેવા પારસીઓ માહેલા એક દાદી મીસતરી હતા. તેઓના તે વખતના તાલીમ

બાજ મીત્રમંડળમાં, દાદી ઘણુજ જાણીતા અને માનીતા હોવા ઉપરાંત, જોરાવરીમાંથી તેવણુ ચહડતા હતા. બાહરકોટમાં આવેલા

ખારાકુવાવાળી બમનજી ઉસ્તાદની તાલીમની

અંદર બાહરકોટના સઘળા જાણીતા આબરૂદાર ધંધાદારીઓ તાલીમ માટે ભેગા મળતા હતા. દાદી પોતે એ તાલીમખાનાનો એક સભાસદ હતો. તે સઘળા પારસીઓ, તે વખતના રેવાજ પ્રમાણે, તુરાના ગાયનો ગાવાના શોખમાં, અને દફરાં વગાડવાની લેહમાં એવા તો લીન થયલા હતા, કે તે લોક સામે કોઇબી કલગીરવાલાઓ ગાવાની હીંમત કરી બાહર પડતા નહી હતા. એ મંડળનો દાદી મીરતરી એક આગેવાન ગાનાર, અને દફરૂં વગાડનાર પારસી હતો. એના ગળામાં સમાયલી મધુરતા, વૃધ્ધ ઉમરે પણ ઓછી થયલી નહી હતી. તે ઘણોજ એકમારગી, સ્વભાવે સાલસ, જોરાવર છતાં નમાનો અને મળતાવડા સ્વભાવનો હતો. પારસી નાટક મંડળી, જે ફરામ અપુની કલબ તરીકે ઓળખાતી હતી, તે કલબનો મરહુમ દાદી એક આગેવાન ભાગીદાર અને સ્થંભ-સમાન હતો.

(૫૭)

આલફ્રેડ નાટક મંડળની કારકીર્દી બેશક જેટલી વચ્ચંત્ર છે, તેટલીજ તે લાંબી પણ છે. એમ તો વીકટોરીયા નાટક મંડળની હયાતી અને કારકીર્દી બી લાંબી હતી, પણ જેવી રીતે વીકટોરીયાનો અંત આવ્યો હતો, તેવી રીતે આ આલફ્રેડ નાટક મંડળીનો અંત આવ્યો નહી હતો! મેં ગયા અંકમાં 'આલફ્રેડ આગલી અને પાછલી, એવાં બે મથાળાં કીધાં હતાં. તેનું જાણવું એ છે, કે આગળ આલફ્રેડ મંડળી જેહાંગબખ્શ ગુલફખજ્ઞારના ખેલ પછી શેકસપીઅરના ટેમીંગ ઓફ ધી શરૂનો ગુજરાતી ખેલ સ્ટેજ કીધા પછી, મને એવું નકકી ધ્યાન છે કે તે બંધ પડી હતી. તે આલફ્રેડ નાટક મંડળીના આગલા માલેકો માંહેલા એક મી૦ માણેકજી જીવનજી માસ્તર પણ હતા. તેવણે પોતાની જવાનીના વખતમાં પોતાની માલેકીની એ કલમમાં થયલા

શાહઝાદો શીયાવખ્શ

વાળા ખેલમાં, અફ્રાસીઆબના વઝીર પીરાંનનો ભાગ ભજવ્યો હતો, અને તે ઉપરથી માણેકજી માસ્ટરનું નામ 'માણેકજી પીરાંન' પડયું હતું. તે વાતને આજે એક જમાનો ગુજરી ગયો છે, પણ મને એવો ઝાંખો ખ્યાલ હજી છે, કે ત્યાર પછી મરહુમ હીરજીભાઇ ખંબાતાની કલમથી લખાયલો પેલો પ્રખ્યાત નાટક,

આબે ઇબ્લીસ

મરહુમ દાદી ઠુંઠીએ પોતાની હીન્દી નાટકશાળા, જે પોતાના ખેલો કરવા માટે તેણે બંધાવી હતી, ત્યાં તે સ્ટેજ કીધો હતો. એ નાટકમાં મુખ્ય આગેવાન ભાગ મરહુમ હીરજીભાઇ ખંબાતાએજ ભજી બતાવ્યો હતો. તે પછી એ આલફ્રેડ નાટક મંડળી, આપણી નજરે પડતી બંધ પડી હતી. મગર તેની સરજત પાછી સજીવન થવાની હતી, એટલે તે કેમ કરી ટલે? અંતે તે સજીવન થઇ હતી. એક રોજ ઇ. સ. ૧૮૮૧ ના સાલમાં મુંબઇ શહેરના એક આગેવાન ગ્રહસ્થ, અને એક પાકકા જર્નાલીસ્ટ અને જાહેર લેખક

નાનાભાઇ રૂસ્તમજી રાણીનાએ.

કુંભકરણની ઉંઘમાં પડેલી આગલા વખતવાળી આલફ્રેડ નાટક મંડળીને, તે વખતની જુદી જુદી નાટક ટોળીઓના આગેવાન એકટરોને ભેગા કરી, પોતાની રેહબરી અને જાતી દેખરેખ હેઠળ તેને પાછી સજીવન કરી હતી.

યારો શું લખું અને શું બાકી રાખું? જો એક વસ્તુ લખવા જાઉં છું, તો બે-ત્રણ વસ્તુ યાદદાસ્ત શકતીની મોહકાંણમાં છટકી જાહેછ! તો પણ જે બાકી રહે છે, તે લખ્યા વગર છુટકો નથી. ત્યારે એવી રીતે ઉભી થયલી આ આલફ્રેડ નાટક મંડળીને હું પાછલી આલફ્રેડને નામે આજે ઓળખાવી, આજે તેનું દાસ્તાન હું આગળ ચલાઉં છું.

મરહુમ નાનાભાઇ રૂસ્તમજી રાણીના.



એક જાહેર લેખક અને નાટકનવેશ-મ્યુનીસીપાલીટીના જોડયા ઓડીટર—અને સરકાર દરબારમાં વગવસીલાવાળા પારસી ગ્રહસ્થ.

પ્રખ્યાત મદમ નાટકકાર-મીસ મેરી ફેનટન.

જ્યારે મીસ મેરી ફેનટનની નાટકી કારકીર્દીનું હું બ્યાન રજુ કરીશ, ત્યારે હું તેની બારીક વીગતો રજુ કરીશ. પણ આ પ્રસંગે પાછલી આલફ્રેડ નાટક મંડળીની સ્થાપના થયા પછી, તેની ગતીને કેવી રીતે વેગ મેળવ્યો હતો, અને તે પ્રસંગે મીસ મેરી ફેનટનની ગ્રાંમેલગીરી કેવી રીતે, અને કેવા સંજોગ વચ્ચે થવા પામી હતી, તેજ અતરે હું દેખાડવા માગું છું.

મારે કાંઇ વધારે ઉંડાણમાં ઉતરવાની જરૂર નથી, કેમકે હાલના જમાનાના ઉછરતા જવાનો, આ "આરટીકલો"ના વાંચકો, તે સમજી શકે એમ મને લાગતું નથી ! વળી બીજી અગત્યની બાબદ તો એ છે કે આ આરટીકલો લખી, અને ગુજર પામેલા મીત્રોની રીતી નીતી, તેમજ તેમની ચાલચલણ ઉપર કાંઇબી છાંટા ઉડારવાની મારી નેમ કે મતલબ કેજ નહી.

સરફરાજ મેહરબાન, ઇ૦ સ૦ ૧૮૭૭–૭૮, ના સાલમાં આ અલફ્રેડ નાટક મંડળી સાથ નીકટના સંબંધમાં આવેલા સાહેબો, ધોબીતળાવ ઉપર રેહુતા હતા, એ તમારે જાણવું જરૂરનું છે. આલફ્રેડ નાટક મંડલીને, પોતાના લાગવગ, અને બલ ફલનો ટેકો અને મદદ આપી તેને ઉભી કરનાર, તે વખતના જાણીતા શેહરી મરહુમ નાનાભાઇ રૂસ્તમજી રાણીના હતા. મી૦ નાનાભાઇ, તે વખતે ધોબીતળાવ ઉપર કુકકર બજારની સામે આવેલાં ત્રણ માળના એક મોટાં મકાન ઉપર, ત્રીજે માળે રેહુતા હતા. એજ મકાનને પેહલે મજલે મરહુમ કુંવરજી સોરાબજી નાજર રેહના હતા.

આ મકાનની સામે એક સાંકડી ગલી આવેલી હતી, જે ગલીમાં જતાં એક બીજી 'આડ–ગલી' જમણા હુય ઉપર આવેલી હુતી! એ એક અતી સાંકડી ગલી હોવા છતાં, ત્યાં પારસીઓ પોતાની ગરીબ હાલતને લીધે વસતાં હતાં! એ ગલીમાં બે–કે ચાર નાના ઘરો હતાં. એ ચાર ઘરો માહેલાં એક અની સાંકડાં, અને નાહનાં ઘરના પેહલા મજલા ઉપર, મરહુમ કાવસજી પાલનજી ખટાઉ, દેના ભાઇઓ અને કુટુંબીઓ સાથ વસતા હતા. કેહવાનું જરૂર છે, કે એ ઘરથી મરહુમ શેઠ નાનાભાઇનું મકાન, ફકત ત્રણ ચાર મીનીટના તફાવતે આવેલું હતું. પરંતુ હાલમાં થયલા શેહર સુધારાને સબબે, તે મકાનોવાલી ગલી, તેમજ બીજાં મકાનો આજે ત્યાં રેહા નથી, મગર મોટા રસ્તા ઉપર આવેલું મરહુમ નાનાભાઇ રાણીનાવાલું મકાન હજી સુધી રહ્યું છે.

કાઉ ખટાઉ!

મરહુમ કાવસજી પાલનજી ખટાઉ.



ગરીબ હાલતમાં ઉછરેલો—નાટકના ચેટકમાં પડી પાછલથી એક પેહલી પંક્તીનો ખેલાડી થઇ ગયેલો.

મીસ મેરી ફેનટન દીલ્હીની વતનદાર હતી. કાવસજી ખટાઉ, મરહુમ જેહાંગીર ખંબાતાએ દીલ્હીમા સ્થાપેલી એક નાટક કંપની માટે એક સાધારણ એક્ટર તરીકે જેહાંગીરને હાથ લાગ્યો હતો. જેહાંગીરની કંપની જ્યારે દીલ્હીમાં ખેલો કરતી હતી, ત્યારે મીસ મેરી ફેનટન તે ખેલો જોવા જતી હતી. ઇનદર સભા અને એવાજ બીજા ગાયન યુકત ખેલોમાં કાવસજી ખટાઉ આગેવાન ભાગ ભજવતા, અને ત્યાંથી મીસ મેરી ફેનટન સાથ કાવસજીને પીછાન થઇ હતી. મીસ ફેનટનને નાટક જોતાં જોતાં નાટકનું ચેટક લાગી ગયું હતું, અને એ ચેટકના એક પરીણામ તરીકે કાવસજી ખટાઉ સાથ તે નાટકો કરવાના હેતુથી દીલ્હીથી મુંબઇ નીકલી આવી હતી. મુંબઇ માં આવ્યા પછી, શરૂઆતમાં મીસ ફેનટને કાવસજી ખટાઉના મજકુર ઘરમાં, તેના કુટુંબ વચ્ચે ઉતારો લીધો હતો.

એક મડમ નાટક કરવા માટે, 'કાઉ–ખટાઉ' સાથ દીલ્હીથી મુંબઇ આવી, ખટાઉના ઘરમાં રહી છે, એવી ખબર તેજ વખતે પોબીતળાવ ઉપર પારસીઓ વચ્ચે ફેલાઇ ગઇ હતી! કાવસજી ખટાઉએ, ગ્રાંટરોડના એકાદ થીએટરમાં, મીસ ફેનટન સાથે નાટકો કરવાની પેહલવહેલી શરૂઆત કીધી હતી. બે–ત્રણ યા તેથી વધુ નાટકો બંને જનોએ પોતાના ભેગાં બલથી જમાવેલી એક કલબ સાથે કીધા હતા, પણ પુરતી જાહેરાતની તેમજ બીજી જોઇતી સામગ્રોની ગેરહાજરીમાં તે ખેલો નીષ્ફળ નીવડયા હતા. કાવસજી ખટાઉને પુરેપુરી એવી વકકી અને ઉમેદ હતી, કે એક ઇંગ્રેજ સ્ત્રી, ઉરદુ ઝબાનમાં, મુંબઇના નાટક તખતા ઉપર ગાયન વાદન કરશે, તો તે સાંભળવા અને જોવા મુંબઇના તમાશબીન આલમ, તુટી પડશે! પણ ખટાઉની તે ગણત્રી બે સબબને અંગે ખોટી પડી હતી. પહેલો સબબ તો એ હતો, કે મીસ ફેનટનને સ્ટેજને લાયકની પુરતી તાલીમ નહી હતી. અને બીજો સબબ, કાવસજી ખટાઉ એક 'ઓપરેટીક એકટર' નહી હતો. વળી વધારામાં ત્રીજું કારણ, નાણાં સંબંધી તંગી હોવાને લીધે, કાવસજી પોતાનું કામ જેવી જોઇયે તેવી રીતે આગળ ચલાવી શકયો નહી હતો.

એક પારસી પોરીયો દીલ્હીથી એક મડમ પોતાની સાથ લઇ આવ્યો છે, અને તેણે કરેલા ખેલો બીલકુલ નીષ્ફળ ગયા છે, અને હવે તે પોતાનું કામ આગળ ચલાવી શકતો નથી, એવી ખબર મરહુમ નાનાભાઇ રાણીને કાને ઉડતી ગઇ, અને તેવણને ખબર કાહડતાં તે ખરી માલમ પડી હતી. વચમાં વખતનો ગાળો બેશક વહી ગયો છે, એટલે હવે કાવસજી ખટાઉ સાથ નાનાભાઇની મુલાકાતો થયા પછી, એક કલબનું કામ મરહુમ નાહનાભાઇની મદદ અને રાહબરી હેઠળ ઠીક ગબડતું થયુ હતું. કેમકે નાનાભાઇએ ખટાઉની કલબને ગબડતી કરવા પુરતી દીલસોજી અને (હું ધારૂં છું કે) નાણાંની મદદ વટીક કરી હતી. એ કલબનું નામ આલફ્રેડ આપ્યું હતું.

રફીક મારા, આ બનતા બનાવોને એક એક સાથ જોડવાની તજવીજ કરજો. સાંભળો હવે હું ઇ૦ સ૦ ૧૮૮૪ ના વરસમાં બનેલા એક જાણવાજોગ બનાવની નોંધ રજુ કરૂં છું. એ સાલમાં મુંબઇમાં ધુમ મચાવી; દોલતનો ડુંગર જમાવી રહેલી જાણીતી નાટક ઉત્તેજક મંડળીની કચેરીમાં કચરો પડયો હતો! તેનો તમામ સામન, પરદા, કપ્પી–કપ્પા અને દોરડાં તથા ડરેસો, નાનાભાઇ રાણીનાએ પોતાની આ આલફ્રેડ નાટક કલબ માટે ખંડી લીધા હતા. તે વખતે મીસ ફેનટન અને કાવસજી ખટાઉ પોતાના ખેલો, ગ્રાંટરોડ ઉપર કરી પરવારી ગયેલા હોવાથી, મરહુમ

રાણીનાએ પોતાના લાગવગથી, ફ્રામજી કાવસજી હોલમાં, એક સ્ટેજ બંધાવી ત્યાં ફ્રેનટન પાસે ખેલો કરાવતા હતા.

હીયાં મેરી ફ્રેનટને, પોતાની શરૂઆતની કીરતીનો સ્થંભ ઉભો કીધો હતો. હીયાં ઉરદુ ખેલો ઉપરાંત, મેરી ફ્રેનટન પારસી સંસારી ફારસ–નાજાં–શીરીન–મા, એક કેળવાયલી પારસી છોકરીનો ભાગ, ઘણીજ મનમાનતી રીતે ભજવતી હતી, અને પારસીઓ સાથના પોતાના વસ્વાટ અને રાત દીવસના સમાગામને લીધે, પારસી ભાષા ઉપર તેણીએ મનપસંદ કાબુ એવો તો મેલવ્યો હતો, કે કોઇબી તેણીને પારસી સ્ત્રી તરીકેજ માની લેતાં સહેજબી અચકાતો નહી હતો.

નાનાભાઇ રાણીનાની રહેબરી હેઠલ, અને પોતે રોકેલા નાણાંની સલામતી માટે નાનાભાઇએ, નાણાંના જવાબદાર તરીકે, ત્રણ વીશ્વાસુ ગ્રહસ્થોને કમપનીના ભાગીદાર બનાવ્યા હતા! તે ત્રણમાં એક માણેકજી જીવનજી માસ્તર, બીજો કાવસજી પાલનજી ખટાઉ, અને ત્રીજો એક વોરો મહમદઅલી હતો, જેઓની જવાબદારી નાહનાભાઇએ મંજુર કીધી હતી. એ ઉપરાંત માણેકજી માસ્તરને કલબના મેનેજીંગ પ્રોપ્રાયટર બનાવી, સઘળા નાણાં સંબંધી વહીવટ અને હીસાબ કીતાબ તેવણને સ્વાધીન કીધો હતો. એ માણેકજી મારતર ઉપર મરહુમ નાનાભાઇનો સંપુરણ વીશ્વાસ હતો, અને માણેકજીના બોલવા ઉપર સહેજબી શક કે શંકા લેઇ જતા નહી હતા, અને માણેકજીબી તેવાજ પ્રમાણીક હતા.

માણેકજી જીવનજી માસ્તર.



આગલી આલફ્રેડના માલેક 'માણેકજી પીરાન'–પાછલી આલફ્રેડના મેનેજીંગ પ્રોપ્રાયટર.

કોઇએ એમ સમજવાની હરગીજ ભુલ કરવી નહી, કે હું આલફ્રેડ નાટક મંડળીની સંપુરણ તવારીખ લખું છું. નહી સાહેબ! સંપુરણુબી નહી, અને અપુરણુબી નહી. એ મંડળીની હયાતીનો કીસ્સો લગાર ગુંચવણભરેલો, અને વળી વચમા 'બધર' આવેલું, એટલે તે કીસ્સો કેવો હોવો જોઇયે, તેનો ખ્યાલ વાંચેહો પોતેજ કરી શકશે! સઘળાઓ ધારતા હતા, કે મીસ મેરીના કલબમાં જોડાવાથી, કંપનીનું કામ ઘણુંજ ફતેહમંદીથી ચાલશે. પણ તે ધારેલું ખોટું પડયું! થોડાક વખત ગયો નહી, એટલે કંપનીનું લંગર તુટી ગયું, અને આલફ્રેડ મંડળી બંધ પડી હતી! પણ તે પાછી સજીવન થવા માટેજ બંધ પડી હતી! અને જયારે તે પાછી સજીવન થઇ, ત્યારે પેલા પ્રખ્યાત પારસી કોમીડીયન સોહરાબ ફરામજી ઓગરાની રેહબરી અને 'ડીરેકટરી' હેઠળ તે મેલાઇ હતી અને તે કંપની ગ્રાંટરોડ ઉપર મહમદઅલીની કંપનીને નામે ઓળખાતી હતી, જેનું ગમખાર સેવટ, એ કંપનીની નાટકશાળા, આગથી તારાજ થઇ જવાને લીધે આવ્યું હતું.

આગલા પારસી ખેલાડીઓની આ ટુંકી તવારીખ સાથ, મીસ મેરી ફેનટન, ગોયા એક ઘણીજ મજબુત સાંકળની કડીથી જોડાઇ હતી, અને એ મેરીની તવારીખ ટુંકમાં રજુ કરવા જતાં, કાવસજી ખટાઉ અને જેહાંગીર ખંબાતા જેવા જુના એકટરો પણ સાથે સાથે સંડોવાયલા હતા! વળી સોહરાબ ઓગરા જેવા કાબેલ કોમીડીયન, આલફ્રેડને સજીવન કરવામાં મુખ્ય મુખડે હતા. તે સઘળાઓ ભુલાઇ જવા જોઇતા નથી, એમ મને લાગે છે. એટલા માટે મીસ મેરી ફેનટનગો કીરસો આવતા અંક ઉપર તહકુબ રાખવો પડયો છે.

(૫૮)

મેહરબાને મન, કાઉ ખટાઉને મીસ મેરી ફ્રેનટન જેવું ગોહર, કેમ અને કેવી રીતે હાથ લાગ્યું હતું, તે તપાસવાનું કામ આ આરટીકલોનું નથી, અને તે બનાવના ભીતરમાં ઉતરી, કોઇની ખાનગી વરતણુંકની ઉપર ટીકા કરવાની આ પ્રસંગે કાંઇબી જરૂર નથી. એટલું જાણવું પુરતું છે, કે ખટાઉએ દીલ્લીથી મીસ મેરીને મુંબઇ લાવી પોતાના ઘરમાં, પોતાના કુટુંબીઓ સાથ વસવાટ કીધો હતો.

મેરી ફ્રેનટનની ઓળખ.

મીસ મેરી ફ્રેનટન, હીન્દુસ્થાનમાં બચપણથીજ વસેલી હોવાથી, ઉરદુ ભાશા ઉપર તેણીનો કાબુ ઘણોજ ઉતમ પ્રકારનો હતો, અને એજ કારણથી તે ઉરદુ ઘણુંજ સારી રીતે બોલી શકતી હતી. મેરીનો બાપ સાંભળ્યા પ્રમાણે એક લશકરી અમલદાર હતો. તે તોખમે આઈરીશ હતો, અને મેરી ફ્રેનટન બચપણથીજ હીન્દુસ્થાનમાં તેની સાથ આવી વસેલી હોવાથી, પોતાની માદર-ઝબાન કરતાં ઉરદુ ભાશા સારી રીતે બોલી તેમજ સમજી શકતી હતી. એ ઉપરથીજ સમજી શકાય છે, કે મીસ મેરી ફ્રેનટન, મુંબઇમાં પારસીઓની સંગતમાં થોડોક વખત વસ્યાથી, તે પારસી ભાશા ઘણી સહેલથી શીખી ગઈ હતી.

મેરી ફ્રેનટનને તેની કલબના સઘળા એકટરો, તેમજ તેણીના સંબંધમાં આવતા સઘળા ઓળખીતાઓ, મેહરબાઇને પારસી નામે બોલાવતા હતા! કેમકે હવે તેણીએ પોતાનો ઇંગ્રેજી પેહરવેશ છોડી દઇ, પારસી પેહરવેશ અખત્યાર કીધો હતો. ધ્યાન રાખજો સાહેબો, પારસી પેહરવેશ અખત્યાર કીધો હતો, તેનો અર્થ એવો નહી કરવો કે મીસ મેરીને સદરો કસ્તી પેહરાવી પારસી ધરમમાં લઇ લીધી હતી! પારસી પેહરવેશમાં ફકત સદરા અને કસ્તી સીવાય સઘલો પેહરવેશ સમજવો! આ પેહરવેશ સેવટે તેણીને એવો તો પસંદ પડી ગયો હતો, કે જયાંસુધી તે મરણ પામી, ત્યાં સુધી તેણીએ તે તજયો નહી હતો! હા, સદરા જેવો એક 'ખલકો' બ્લાઉઝની સાથે તે પેહરતી હતી ખરી, પણ તે કાંઇ ખરેખરો સદરો નહી હતો!

મેરી ફ્રેનટન—એક વાણીયણી તરીકે.

એક બાબદ ઉપર જયારે હું વીચાર કરૂં છું, ત્યારે મને તેજ વખતે સાંભરી આવ્યું હતું, કે મીસ ફ્રેનટનની નાટકી શકતીનો જેવો જોઇયે તેવો ઉપયોગ, તેની પાસે કામ લેનારા ડીરેકટરોએ કાં કીધો નહી હતો? એક વખત કલબમાં મરહુમ મી૦ રાણીનાની સુચનાથી, મેરી ફ્રેનટનને એક ફારસમાં વાણીયણી તરીકે બાહર કાહડવાની ભલામણ કરી હતી, અને તે ભલામણને અનુસરી, મેરી ફ્રેનટન વાણીયણીનો પેહરવેશ સજી, સ્ટેજ ઉપર આવી હતી! હીન્દુ ફેશન સાડી, બદનપર તતરબંધ ચોલી, ઉંઘાડા પગ, અને માથાના બાલનો અંબોરો બનાવી, કપાલે લાલ કંકુનું ટીલક,

અને કાનોમાં કુંડલ વીગેરે સાજથી, તે સ્ટેજ ઉપર શોભી રહી હતી, અને તમાસ બીન આલમ, આ મડમ નાટકકારને હીન્દુ વેશમાં સજ થયલી જોઇ, ઘણાજ ખુશ થઇ ગયા હતા! તેણીના બોલવાના ઉચાર પણ. તેવાજ શુધ સંભલાતા હતા, પણ તેવામાં તેણીને મલેલા પાર્ટ પ્રમાણે, જ્યારે તે છાતી ઉપર ઢબકરા લઇ બોલી કે:— "હાયરે પીતીયા, હાય–હાય! આ શું કીધું—આ શું થાયું—હાયરે પીતીયા હાય—હાય" ત્યારે તેણીના એકટીંગથી હાઉસમાં ફેલાઇ રહેલી હસાહસ, અને તાલીઓના ગગડાટનો પાર રહયો નહી હતો.

મેરી ફેનટન—પારસણ તરીકે!

જેમ ફારસોમાં એક વાણીયણી તરીકે મેરી ફેનટન ખીલી નીકલી હતી, તેમ પારસી ખેલોમાં એક પારસણ તરીકે, તેણીએ ઠીક ધ્યાન ખેંચ્યું હતું. જો કે પાછલાં વરસોમાં, સંસારી ખેલોના મીસ મેરીએ પારસી સ્ત્રીઓના ઘણાખી ભાગ ભજવ્યા હતા, પણ હું જે બાબદ રજુ કરવા માગુ છું, તે જ્યારે મીસ મેરી મુંબઇમાં પેહલવેહલી આવી, ધોબીતલાવ ઉપર આવેલા ફરામજી કાવસજી હોલમાં, આલફ્રેડ મંડળીએ, એક કામચલાઉ સ્ટેજ ઉભું કરી, પોતાના નાટકો કરવા શરૂ કીધા હતા, તે વખતે આલફ્રેડ કલબ માટે, મરહુમ મી૦ રાણીનાએ ખાસ તે વખતને અનુસરતો એક સંસારી 'સ્કેચ' લખ્યો હતો. તે સ્કેચમાં મીસ ફેનટનને એક ઉછાછલી, એરકી, અને ફતર પારસી છોકરીનો પાર્ટ આપ્યો હતો. તે સ્કેચનું નામ

નાજાં અને શીરીન

હતું. એ નાજાં–શીરીનના ખેલમાં શીરીનનો પાર્ટ મીસ મેરી ભજવતી હતી. તે પાર્ટ પણ તેવીજ બાહોશી અને ચાલાકીથી, આ મડમ નાટકકારે ભજવી, પારસી તમાશબીન આલમની તેણીએ એકસરખી પ્રસન્નતા મેળવી હતી.

એ ઉપરાંત ઉરદુ ખેલોમાં મેરીએ કીસમ કીસમના ઉરદુ પાર્ટો ગાઇ ભજાવી, પ્રસીધ્ધતા મેળવી હતી. જેમ જેમ મીસ મેરી સ્ટેજ ઉપર વધારે ઓ વધારે કામ કરતી ગઇ, તેમ તેમ તે નાટકી હાવ–ભાવ અને ગાયન ગાવાના કામમાં પ્રવીણ થતી ગઇ હતી; એટલું તો કહયા વગર ચાલતું નથીજ, કે માહુમ મડમ નાટકકાર, ગાવાનું કામ જો કે મન પસંદ કરતી હતી, પણ તાન–પલટાનું કામ કરવાની તેણીએ સેહજબી દરકાર કરી નહી હતી. મગર જો તેણીના ડીરેકટરે તે જ્ઞાન આપવાની તજવીજ કરી હોત, યા તેણીને તેવું સંગીત શીખવવાની કાળજી કરી હોત, તો આ ઇંગ્રેજ બાનુ એક પેહલી પંકતીની ગાયનકાર થઇ શકતે.

મીસ મેરી ફેન્ટન, ઉરફે 'મેહરબાઇ'.



નાજાં શીરીનના સ્કેચમાં શીરીન તરીકે.

મીસ મેરી ફેન્ટન—ભોલી ગુલ તરીકે.

અનેક પારસી સંસારી ખેલોમાં, મીસ મેરી ફેન્ટને જાણુવાજોગ કામ કીધું હતું. પણ તે સર્વેના કરતા, ભોલી ગુલના ખેલમાં મરહુમે ગેઇટી થીએટરમાં ભજવેલો ભોલી ગુલનો પાટ', બેશક તારીફ લાયક હતો. એવું મીસ મેરીએ સીધ્ધ કીધું હતું, કે જેવી રીતે નાજાં શીરીનના સ્કેચમાં હાસ્યરસ ભાગ ભજવી તેણીએ પોતાનું પાણી દેખાડયું હતું, તેવીજ રીતે ભોલી ગુલમાં તેણીએ કરૂણારસ ભાગ ભજવી બતાવ્યો હતો.

[કોઇએ એમ નહી સમજવું. કે હું ભોલી ગુલવાળા નાટક, જે આજકાલ સ્ટેજ થયા કરે છે, તેના બાબમાં આ વીવેચન કરૂં છું. હું જે નાટક સાથ મેરીનો સંબંધ જણાવવા માગું છું, તે જામ-બોધ ચોપાનીયામાં મરહુમ કેખશરૂ કાબરાજીએ લખેલી 'દુખીઆરી બચ્ચું'વાલી વારતા, જે મરહુમ 'એદુ-કાલેજરે ડ્રામેટાઇઝ કરી હતી, અને જે પાછળથી ગેઇટી થીએટરમાં મરહુમ ફરામજી અપુએ સ્ટેજ કીધી હતી.]

મીસ મેરી ફ્રેનટન ઉરફે મેહરબાઈ!



મેરી—ભોલી ગુલના નાટકમાં ગુલ તરીકે.

પણ એટલેથીજ મેરી ફ્રેનટનની નાટકી કારકીર્દી અટકી જતી નથી. મેરીની નાટકી હુનરમંદીનું એક પીકચર તો હું હવે પછી આ લેખમાં રજુ કરવા ધારૂં છું. કે જ્યારે મીસ ફ્રેનટને, મરહુમ બાલીવાલાને માટે થયલી એક બેનીફીટ નાટકમાં, બાલીવાલાનાં બેનતું ખેંચાણ વધારવા, ગોપીચંદ રાજાના નાટકમાં, વગર સ્વારથે, જોગનનો પાર્ટ કરવા તે સ્ટેજ ઉપર ઉતરી હતી. એ ચીત્ર, બાલીવાલાની કારકીર્દી પ્રસંગે રજુ કરી શકાશે.

મેરી ફ્રેનટનની કમનસીબી! તેનો કવખતે આવેલો ગમખાર અંત!

મેરીની સરજત કદીબી કમનસીબ હતીજ નહી. મેરી એક ભલા અને બીલકુલ ભોળા ખવાસની, મીલનસાર સ્વભાવની અને દીલસોજ દીલવાળી હતી. મગર તે જેને બસ પડી હતી, તેની દસ્તગીરી છોડી દીધી, અને તેથીજ તેની કમનસીબી થઇ હતી. નાનાભાઇ રાણીનાએ આલફ્રેડ કલબને સ્થાપી, તેને તન, મન, અને ધનનો ટેકો આપી, પોતાના વગવસીલાથી તેને ટેકાવી રાખી, એક આબરૂદાર મંડળ તરીકે પંચમાં

ઉંચું કીધું હતું. પણ અંતે નહી ઇચ્છાજોગ બનાવો બનવા લાગ્યાથી, સેવટે રાણીનાએ પોતાની રેહબરી અને દીલસોજી સદાબરી બંધ કીધી હતી. બુરી મનશાનાં પાખંડીઓએ મેરીની પુઠ છોડીજ નહી. પરીણામમાં મીસ મેરી ફ્રેનટન એક કલબ છોડી બીજી કલબમાં, અને ત્યાંથી ત્રીજી કલબમાં ઉડતી ફરી, અને અંતે તેનું સેવટ ઘણુંજ નાશકારક આવ્યું હતું! અફસોસ જેવું તો એ બન્યું, કે મીસ મેરી જ્યારે સ્ટેજને શોભાવનારી અને નાટકના હુન્નરને જેબ દઇ ઝળકાવનારી બની રેહવા લાગી, ત્યારેજ તેની નાટકી કારકીર્દી ઉપર મોતનો પરદો પડયો હતો! જવાનીના બાહરમાં ઉછાછળી બની, પોતાના સાચા દરતગીરોની રેહબરી છોડી દઇ, બગડ્યાની અને બુરાઓની ફુસલવણી અને ખોટી સલાહને આધીન થઇ, અને તે સઘળાનો આખીર અંત, લાચારી અને બેચારીમાં આવ્યો, અને સેવટે ૪૨) વરસની જવાનીમા, ઇસ્પીટાલમાં તનાહ બની પોતાની કમનસીબ સરજતને આધીન થઇ, ગુજર પામી હતી.

પાલી માછી એક પાયધોણીનો પોરીયો!



ઘણી મોટી ઉમર છતાં નાહના કદનો—સ્ત્રીના પાર્ટ બજાવી ગાતો અને નાચતો. પાછળથી 'મેરીનો ખાનગી સેક્રેટરી'!

પોરીયો પાયધોણીનો, એટલે તેને વાસ્તે પુછવું નહી પડે! આ છોકરાને 'પાલી' કરી કેહવામાં તે કંઇ અપમાન સમજતો નહી હતો. રાતના કે દીવસના, સહવારે કે સાંજે, યા તો મધ્યાન બપોરે, પાલી (પાલનજી) હંમેશાં પાયધોણી ઉપર પોતાના યા

તો ત્યાં આવેલા બીજા હમદીનોના તબેલામાંથી મલી આવતો હતો! પોરીયો પાય ધોણીનો પડયો, એટલે તેને માટે કોઇપણ જાતની ગેરંટી આપી શકાય એમ નહી હતું! પાલી કદમાં ઘણોજ ખટુકલો હતો, અને મોટી ઉમરે પુગ્યા છતાં, તે તેવાંજ કદનો રહી જવાથી, નાટકમાં તે સ્ત્રીઓના પાર્ટ કરતો હતો. આ પાલી પોતાની 'સ્પેશ્યાલીટી' માટે શરૂઆતથી તે છેવટ સુધી બીનહરીફ રહી ગયો હતો. તેની મુખ્ય સ્પેશ્યાલીટી માછણનો પાર્ટ, અને માછણનો નાચ, ફારસોમાં વખાણવાજોગ રીતે ભજવતો હતો. તેમજ માછીઓની ભાશા બોલવામાં, તે પોતાની ચાલાકીનો સારી રીતે ઉપયોગ કરતો હતો.

પાલી-મેરીની ખાનગી સેવામાં!

એ પાલી પાછળથી આલફ્રેડ કલબમાં એક એકટર તરીકે રહયો હતો. એ પાલી બોલવા ચાલવામાં ઘણોજ નમાનો હોવાથી, સઉના સમાગમમાં તે સેહલથી આવી શકતો હતો. કાવસજી ખટાઉની કેટલીક નબળાઇઓ માંહેલી એક નબળાઇ એ હતી, કે મેરી કોઇ સાથ ઘણી વાતચીત કરે નહી, ઘણા ઘરાંપરાં કરે નહી, કોઇ સાથ ખાનગી સંદેશા ચલાવે નહી, તેની ઉપર છુપછાપ નજર રાખતા રહેવું! આ કામ કાવસજી ખટાઉએ પાલીને પોતાના વીશ્વાસમાં લઇ તેને સોંપ્યું હતું! કેમકે ખટાઉને મોટામાં મોટી ધાસ્તી એ હતી, કે મેરીને કોઇ ખેલાડી ભોળવી ભમાવી કંપનીમાંથી નહસાડી લઇ, જાય! પાછળથી પાલી મીસ ફ્રેનટનના કાન કાજમાં થોડો થોડો આવવા લાગ્યો, અને સેવટે પાલીએ મેરીનો વીશ્વાસ એટલી હદ સુધી મેળવી લીધો, કે જે કામ તેને વફાદારીથી કરવું રવા હતું, તે કામનો તેણે નાશ કીધો! પાછળથી સમજ્યા પ્રમાણે મેરીને જુદે જુદે ઠેકાણે, જુદી જુદી કલબોમાં નહસાડવામાં આ મીસ્ટર પાલનજી માછીનો મુખ્ય હાથ હતો. કાવસજી ખટાઉની મીસ મેરી તરફની વર્તણુંક જેમ ભલી નીષ્ટાવાળી હતી, તેમ તે એક જાતની જુલમગુજારી જેવી હતી. હદ બાહરની સખતાઇને લીધેજ, મેરી ફ્રેનટન કાવસજી ખટાઉની બાંદુધરી છોડી પાછળથી ફેરાવન બની, તે બીજી કલબોમાં એકટ્રેસ તરીકે રેહવા નીકળી ગઇ હતી. તે નીકળી જઇ ફરામજી અપુવાલી કલબમાં જોડાઇ ગઇ, અને ત્યાં તેણીએ પેહલવેહલો દેખાવ, દુખીઆરી બચુ યાને ભોળી ગુલના ખેલમાં ગેઇટી નાટકશાળામાં દીધો હતો. હયાં મેરી ફ્રેનટનને બધી વાતનું છુટાપણું મલ્યું હતું; હયાં બધાઓ સાથ બોલવા ચાલવાની અને હસવાની તેણીને છુટ મળી હતી, કે જે કાવસજી ખટાઉની કલબમાં બીલકુલ મળી નહી હતી! હયાં તે દરરોજ સાંજે મી० અપુની મેલ ફાઇટનમાં બેંડ સ્ટેન્ડ ઉપર ફરવા જતી હતી, અને ત્યાંથી તે ફરામજી અપુની સંભાળભરી બાંદુધરી હેઠળ, ગ્રાંટરોડ ઉપર આવેલાં તેણીના નવાં મકાનમાં જતી હતી! એ સઘળો વખત પાલી માછી, મેરી ફ્રેનટનની અંગત સેવામાં હાજર રેહતો હતો. એ પાલી ઉપરાંત એક બીજો જવાન પારસી પણ મેરીને અપુને ત્યાં લઇ જવામાં સામેલ હતો, જેને ફરામજી અપુએ એક સારા જેવા પગારની આશા આપી, પોતાની મતલબ સાંધી હતી. પણ મેરી ફરામજી અપુને ત્યાં તેની નવી

જગ્આમાં જઇ ઠરીઠામ થયા પછી, ફરામજી અપુએ તે જવાનને કાંઇક ખરૂં યા ખોટું બાહનું કાહડી રૂખસદ આપી હતી. તે જવાન શખ્સ કોઇજ નહીં પણ કાવસજી ખટાઉનો નાહનો ભાઇ રતનજી ખટાઉ હતો! એ વાત તો ઘણી લાંબી છે, પણ તે લંબાવવામાં સાર નથી. પાલી ઉર્ફે પાલનજી જો કે પાયધોણીનો 'પ્રોફેટ' હતો, પણ તે કાંઇ તે વખતના બીજા બળવંત પાયધોણીના પારસીઓ જેવો સોટા ફેરવનાર નહી હતો! તે સ્વભાવે નરમ અને નમાનો હતો. સાંભલ્યા પ્રમાણે તે ગુજર પામ્યો છે, પણ તે કયારે અને કયાં ગુજર પામ્યો તે મને ખબર નથી.

મીસ મેરી ફેનટનની આખી નાટકી જીંદગીનું આ એક ટુંકામાં ટુંકું વર્ણન છે. એ મેરીની હકીકત વીસ્તારીને લખવા જેટલી અતરે જગ્યા નથી. એની નાટકી જીંદગીની ફકત એકજ બાજુને અતરે નોંધ લીધી છે, તેમજ એની સાથના સમાગમમાં આવેલા ખેલાડીઓનીજ માત્ર નોંધ ટપકાવી છે. મીસ મેરીના નીકળી ગયા પછી આલફ્રેડ નાટક મંડળી મરણ પામી નહી હતી, પણ પાછી તે કેટલીક ડામાડોલ હાલતમાં ડોલ્યા કીધા પછી, જ્યારે તેને તતાર હાલતમાં મુકનાર એક બીજો લાયક ડીરેકટર અને એકટર મલ્યો, ત્યારે તે કલબે પાછો એવો તો રંગ મચાવ્યો હતો, કે જે મુંબઇના તમાશબીનો ભુલી ગયા નહી હશે. તે એ ડીરેકટર અને એકટર કોણ હતો, તેના વીશે હું આવતા અંકમાં વધુ લખીશ.

---

(૫૯)

આ ટુંકે હકીકત ઉપરથી રસીકો જોઇ શકશે, કે આગલી અને પાછલી આલ ફ્રેડ નાટક મંડળી કેવી રીતે ઉભી થવા પામી હતી, અને કેવી રીતે તે બંધ પડી હતી. પણ પાછલી આલફ્રેડ મંડળી બંધ પડે, તે આગમચ મુંબઇમાં તેણે મહાભારત પરાક્રમો સ્ટેજ કીધાં હતાં ! અને તેનું છેલ્લું વખાણવા જોગ પરાક્રમ, કેથી નાટક તખતા ઉપર સ્ટીમ એનજીનથી ચાલતી રેલવે ત્રેન, આવતી અને જતી દેખાડી હતી ! એ પાછલી આલફ્રેડ મંડળીમાંથીબી થોડાક પારસી એકટરો એવા બાહર પડયા હતા, કે જેઓ પોતાના કામથી નાટકી આલમ તેમજ તમાશબીનોમાં પોતાનું નામ પોતાની પાછળ મુકી ગયા છે.

પાછલી આલફ્રેડ મંડળીનો એ સઘળો રંગ જમાવનાર, એ કલબનો એક જબરદસ્ત રેહબર અને ડીરેકટર હતો, જે "મરતાંને મર કરી કેહતા બજાવતો હતો." તે ઘણોજ 'હયુમરસ' સ્વભાવનો, મોજીલા ખવાસનો, મળતાવડા મનનો, મજબુત શારીરીક બાંધાનો, અને ગળાંબાઝ 'કોમીડીઅન' હતો. તે પારસી કોઇજ નહી, પણ સોહરાબ ઓગરા હતો.

સોહરાબ ફ્રરામજી ઓગરા.

એક ચીતે, એક મને, અને ઠરેલ વીચારે કામ કરનાર, આ પાછલી આલફ્રેડ મંડળીનો સ્થંભ સોહરાબ ઓગરા છે. અગર જો એ ધણી ચાહતે, તો આલફ્રેડ મંડળના 'બોર્ડ' ઉપર, હીન્દુ યા મુસલમીન ઓરતોને એકત્રેસ તરીકે રોકી, પોતાના નાટકોમાં, તેઓને તે આમેજ કરી શકતે. કેમકે હું જાણું છું કે મી૦ ઓગરાની મુનસફી ઉપર કલબના માલેકને પુરતો ઇતબાર હતો. પણ મી૦ ઓગરા લાંબો વીચાર કરી કામ કરનાર એક ઠાવકા ડીરેકટર હતા, અને તેથી તેવણે ઠરાવ કીધો હતો, કે ઓરતોને પોતાની કલબમાં આમેજ કરી, સડાનું બીજ રોપવું નહી. એવો ઠરેલ વીચાર કરેલો હોવાથીજ તેવણે પોતાની નાટક મંડળીમાં, ત્રગાલાના જવાન છોકરાઓને આમેજ કરી, સઘળા બીના પાર્ટો તેઓ હસ્તકજ સ્ટેજ કરાવતા હતા.

સોહરાબ એક કોમીડીઅન એકટર હતા. કોઇબી ખેલમાં એવણની હાજરી હોવીજ જોઇયે, એવી તમાશબીન આલમની એ એકટર માટે હંમેશાં આરજુ રેહતી હતી. ઉરદુ ભાશા ઉપરનો કાબુ, તેમજ ઉરદુ શાએરીના રમુઝ, સોહરાબ અચ્છી રીતે સમજતા હતા. સ્ટેજ ઉપર એ ખેલાડી હંમેશાં Natural એકટીંગ કરતા હતા, જેથી એવણનું કામ બેહદ પસંદગી પામ્યું હતું. આજકાલના બેભાગુ લહુવાઓ, જેઓ પોતાને 'કોમીડીઅન' માં ખપાવી, તરેહવાર ભમરડા ઘુમાવી બેવકુફોમાં ખપે છે, તેઓએ જો સોહરાબ ઓગરાને બરોબર Study કીધો હોત, તો હું ધારૂંછ કે તેઓ પોતાના હકમાં ઘણોજ મોતેબર સુધારો કરી શકત.

સોહરાબ ફરામજી ઓગરા.



પાછલી ઓલફ્રેડ નાટક મંડળીનો એકપુરો સ્થંભ.

હલકા પ્રકારની મશ્કરીઓ, તેમજ અવીવેકી ચાળાચસ્કાથી, તથા લોકો જ્યારે નહીજ હસી શકતા હોય, ત્યારે ધબ્બાધબ્બી કરી તમાશબીનોની હસાવવાની, આજના

વખતના બહુવાઓ જે રીત અખત્યાર કરી બેઠેલા દેખાય છે, તે ખચ્ચીત નાટકના હુન્નરનું ખુન કરવા જેવું કામ તેઓ કરે છે! સોહરાબ ઓગરો તેવી કીસમનો કોમીડીઅન નહી હતો.

સોહરાબની ઉરદુ ભાષા બોલવાની લઢણ, ઉત્તર હીન્દુસ્થાનના મુસ્લામીઓ સાંભળી, હયરત થઇ બોલતા હતા, કે એક પારસી હોઇ, એવી સફાઇથી ઉરદુ ઝબાન કેવી રીતે બોલી શકતા હતા! એ લઢણ ઓગરાએ કાનપોરની કોલેજમા પંડીત કેદારનાથના હાથ હેઠલ લાંબા વખતના અભ્યાસથી મેલવી હતી તેમજ અનુભવથી નકલ કરી હતી. આટલું તો બેશક મુકરર છે, સોહરાબ ઓગરાનો કોઇ હરીફ, આજ સુધી દેશી નાટકતખ્તા ઉપર બરપા થયો નથી.

મરહુમ રતનશાહ જીવાજી દાવર.



એરેક પારસી કલબમાંથી ધકાઇ, સેવટે આલફ્રેડ કલબમાં ઠર પડેલો, કોમીડીઅન.

આલફ્રેડ નાટક મંડળીએ બે પારસી કોમીડીઅન ખેલાડીઓ બહાર પાડયા હતા. તે બંને સગા ભાઇઓ હતા. વડો ભાઇ નશરવાનજી જીવાજી દાવર, જેને માટે હું આગળ લખી ગયો છું, તે નશરવાનજીનો સગો ભાઇ, આ રતનશા જીવાજી દાવર હતો.

રતનશાહ દાવર એક પક્કો અને પુરેપુરો ભરચો હતો. કામજોગી ઇંગ્રેજી કેળવણી કાંદાવાલા મોહલ્લાઓમાં આવેલી, જીજીભાઇ દાદાભાઇની પારસીઓ માટે સ્થાપેલી સ્કુલમાં લીધા પછી, પોતાના ભાઇ નશરવાનજીને કસરી વેજનો, પાર્ટ સ્ટેજ ઉપર કરતો જોઇ, રતનશાહ દાવરનું ભેજું, નાટો જોવા અને નાટકો કરવામાં ભરાયું હતું. સ્કુલમાં ઘણીજ મસ્તીખોર જીંદગી અને મોજશોખમાં વખત પસાર કીધા પછી, અધુરી કેળવણી લઇ સ્કુલ છોડી, તે વખતે હસ્તી ભોગવતી કલબોમાં સામેલ થવાની તજવીજ કીધા પછી, અંતે ઝોરાસ્ત્રીઅન કલબમાં પહેલવહેલો રતનશાહ દાવર

પાછલે બારણે દાખલ થવા પામ્યો હતો. રતનશાહ તે વખતે પણોજ સલુક વગરનો, સાદોમાદો એક ખેલાડી હતો. ઝોરાસ્ટ્રીઅન કલબના આગેવાન ખેલાડી અને એક માલેક દાદાભાઇ ચીકોને એક ફારસ લખી કલબને આપ્યો હતો, અને તે ફારસ ઝોરાસ્ટ્રીઅન કલબે કરવાનું બીડું ઝડપ્યું હતું. એ ફારસમાં કેટલાક જુદી જુદી નાતજાતવાલા રમતા પંચી, રાતને સમે ચીલઝડપનો દાવ રમવાનો ધંધો કરનારા હતા. એક વાણીયો, એક કામાટી, એક મુસલમીન અને એક ખોજો એવી ચાર ન્યાતવાલાઓનું તે ટોળું હતું! આ ચાર ભાશા બોલનારાઓ-માંથી ત્રણ જણ તો કલબમાંથી મળી આવ્યા હતા! પણ એક ચોઠા રમતા પંચીની ખુટ પડી હતી, કેમકે ખોજાની ભાશા બોલનાર કોઇબી ખેલાડી, તે વખતે ઝોરાસ્ટ્રીઅન કલબમાં જણાયો નહી હતો.

એક ફારસની કાંહાણી!

રતનશાહ જીવાજી દાવર તુરતનોજ કલબમાં ખેલાડી તરીકે પાછલે બારણેથી ધુસી ગયલો હતો! તેની ચીલઝડપનો પાર નહી હતો! ઝોરાસ્ટ્રીઅન કલબના કાએદા પ્રમાણે. જવાન છોકરાઓને તેમના માં બાપની લેખીત પરવાનગી, અને ચાલ ચલણની ભલામણ સીવાય દાખલ કરતા નહી હુતા. તે રીહરસલમાં બે દીવસથી વખતસર આવી બેઠો હતો, અને સઘળાઓએ તેની હાજરી માટે ઝાજી કેનવાર નહી કીધી. પણ આ નવા ફારસમાં ખોજાની કેરેકટર કરનાર જ્યારે કોઇ બહાર પડયો નહી, અને દાદાભાઇ ચીકોને કહયું, કે જો ચાર રમતા પંચ મળે નહી, તો ફારસ પડતો મુકવો!

એક ખોજાની કેરેકટરને માટે જયારે ફારસ પડતો મુકવાની વાત ચાલી રહી ત્યારે આ રતનશાહ દાવર બધાની અજાએબી વચ્ચે બોલી ઉઠયો:—

"આસાંજી ગાલ સુનો! હકરો તુજે, હકરો મુજે, હકરો સારો ધર બંને તો બંને."

દદભાઇ પરતાકીયા તો આ નવા એકટરને એમ કચ્છી ભાશા છટાદાર બોલતો સાંભળી, પોતાના ફારસની અર્ધી ફતેહ જોઇ ખુશી થઇ ગયો, અને રતનશાહને કાંઇબી પુછવાનું પડતું મુકી, ફરમાલી ખોજાનો પાર્ટ તેને સ્વાધીન કીધો! અને એ રીતે રતનશાહ દાવર ઝોરાસ્ટ્રીઅન કલબમાં પાછલે બારણે ધુસી ગયલા, તે વીશે વધુ ચર્ચા થતી અટકી પડી હતી.

એ પાછલે અને આગલે બારણેની વાત હીયાંજ પડતી મુકી, આગળ ચાલશું. અંતે તે ફારસમાં રતનશાહ દાવર એક પકકે પકકો ખોજો બની સ્ટેજ ઉપર પોતાના બીજા ગોઠીઆઓ સાથ નીકલ્યો હતો! પણ તેની છાતી ગજ ગજ ખીલેલી દેખાતી હતી! રતનશાહનો તે પેહલવેહલો દેખાવ શંકરશેઠની નાટકશાળાની બોર્ડ ઉપર હતો, અને તેના ભરૂચા મોહલ્લાના થોડાક દોસ્તો, જે પીટમાં બેસી મોટે મોટે તાબડા ફોકતા, તેઓને જોઇ રતનશાહથી હરખઇ હરખઇ હસી જવાતું હતું.

ભાડેના ફુલ અને તુરરાનો વરસાદ!

એ તો હોય! મેં ઘણાક આજકાલના વકટ લેન એકટરોને જોયા છે, કે તેઓ પોતાના દોસ્તોને પોતાના નાટકમાં તેડી લાવી બેસાડે છે, અને તેઓ પાસ 'તાળડા' અને ફુલના તુરરા પોતાની ઉપર સ્ટેજપર નખાવે છે! વલી મેં એક એવા મારા ઓળખીતા મીત્રની બેવકુફાઇના નમુનાની નોંધ લીધી હતી, કે એક સંસારી મેળાવડામા, ગેટી થીયેટર મધે તેણે એક ગાયન ગાયું હતું, ત્યારે તેણે કીધેલી ગોઠવણ પ્રમાણે, તેના જેવાજ એક ઇચમજી સાહેબને, તેણે મંગાવી આપેલાં ફુલની નાહની જેવી બારકીટ, છુટાં ફુલો નાખવા બદલ, તેણે આખી બારકીટ તેની ઉપર નાખી હતી! ગરીબ બીચારો! પણ રતનશાહે સારે નસીબે એવા ફુલના ગજરા ને તુરરા પોતાની ઉપર ફેંકાવવાની તજવીજ કીધી હતી નહી! એક એકટર તરીકેની પોતાની કીરતી જાલવવા રતનશાહ ઘણોજ ખંતી હતો, અને એક નામાંકીત ખેલાડી બનવાનો રતનશાહને ઘણોજ શોખ હતો. તે શોખ રતનશાહે ખંતથી અને ડરઢ વીચારથી અંતે પુરો પાડયો હતો.

કાવસજી ખટાઉના પેટમાં પડેલો ધસ્કો!

ઝોરાસ્ત્રીયનમાંથી હવે તે નીકલી કયાં ગયો હતો, તેની ભાલ બરોબર મલતી નથી. પણ એવું જણાય છે, કે રતનશાહ દાવર, મરહુમ દાદી પટેલે સ્થાપેલી પેલી ઓરીજીનલ વીકટોરીયામાં દાખલ થયો હતો. ત્યાં તેને 'લીડીંગ' કેરેકટર કરવાનું સારૂ ચાન્સ મલ્યું હતું. ત્યાંથી એલારપેલાર ગોલાંટ ખાધા પછી, રતનશાહ નાહનાભાઇ રાણીનાવાલી આલફ્રેડ કલબમાં જોડાયા હતા. રતનશાહ જેવી વીખ્યાતીવાલા એક એકટરને મરહુમ નાહનાભાઇએ તુરતજ સારા પગારે રાખી લીધા, પણ આ દેખાવલા અને દમામદાર ખેલાડીને પોતાની કલબમાં દાખલ થયલો જોઇ, કાવસજી ખટાઉના ડોલા, ઉંચા અને ઉંચા રેહવા લાગ્યા હતા! અને તેનું કારણ! તેનુ કારણ મીસ મેરી ફેનટન હતી!!

એ લાંબી વીગત છે. રતનશાહ દાવર જેવા એક 'કોમીક' ખેલાડીને રાખવાનો, જેમ નાહનાભાઇ રાણીનાને, કલબના બંધારણ પ્રમાણે હક હતો, તેમ બીજા હાથ ઉપર કાવસજી ખટાઉને પોતાની માનીતી એકટ્રેસ મીસ મેરી ફેનટનની, ઇજ્જતની સલામતી માટે સાવધ રેહવાનો, અને ચાર બાજુ ઉપર બે નહી પણ ચાર ચાર અાંખે જોઇ, તેણીની જાળવણી કરવાનોબી દરએક હક હતો! કદાચ એમબી હોય, કે જે વાત અને શંકા કોઇનાબી ધ્યાનમાં નહી હોય, તે એખલા કાવસજી ખટાઉના દીલમાં ઉતપન થઇ હોય! પણ જે ધારતી કાવસજી ખટાઉને શરૂઆતમાં હતી, અને જે ધાસ્તી મરહુમ નાહનાભાઇને સ્વપને પણ નહી હતી, તે ધાસ્તી અંતે મોડેથી જનમ પામી હતી, અને તેને જનમ આપનાર બનખ્યાનીઓ, જો કે કલબમાંજ હતા, અને તેઓ આજે ગુજર પામ્યા છે, તેમના બુરા કરતુકોનો ફેજ તેઓ પણ ભોગવવા

પામ્યા હતા! આ બંબાળુ કીસ્સો ખુલ્લો કરવામાં કોઇ નાટકી તવારીખની નોંધ જળવાતી નથી, પરંતુ એવા બનાવોના પરીણામને અંગે, એ આલફ્રેડ નાટક મંડળી એક નહી પણ બબેવાર ઉભી થઇ ભાંગી પડી હતી, અને કેહવામાં આવે છે, કે મરહુમ નાહનાભાઇ રાણીનાને તેથી કાંઇક નુકશાન પણ જવા પામ્યું હતું.

"ચોરની ચાર, જોનારની એ."

તમે સહેલથી સવાલ કરશો કે કાઉ–ખટાઉએ છોરાઓ ઉપર તકેદારી કે અટકાવ કેમ નહી રાખ્યો?

કાવસજી ખટાઉ કાંઇ ઓલીઓ ગપાટ નહી હતો! તેણે મરહુમ મેરીની ઇજ્જતની સલામતી ખાતર, બબ્બે નીગેહબાનો જાસુસ તરીકે રાખ્યા હતા! એક તો પેલો પ્રમાણીક પાલી માછી, અને બીજો કાવસજી ખટાઉનો નાહનો ભાઇ રતનજી, એ બંનેને ખેલને દીવસે સખત તાકીદ કાવસજીએ કીધી હતી, કે જ્યારેબી 'મેહરબાઇ' સ્ટેજ ઉપર કોઇબી એકટર સાથ પાર્ટ કરવા જાય, ત્યારે બંને બાજુને wingsમાં એ બંને જાસુસોએ જઇને ઉભું રેહવું, અને એઉ જણોએ બંને જણોની તમામ હીલચાલ જોતા રેહવું, અને તેનો રીપોર્ટ કરવો. આ બંદોબસ્તની ખબર કલબમાં તુરતજ ફેલાઇ ગઇ હતી, અને એરી એરી જાસ્તી અને જબરીના ચાલુ જુલમથી 'મેહરબાઇ' કંટાળી બેદીલ બની ગઇ, અને ટુંકમાં અનેકવાર કલબ છોડી બીજી કલબમાં ચાલી ગઇ હતી!

રતનશાહે વગાડેલો ડંકો! રતનશાહ દેવનું ડોકું!

હવે રતનશાહ આલફ્રેડ કલબમાં પગભર થઇ ગયો હતો. તે દરએક ખેલમાં તેમજ ઓપેરામાં મુખ્ય ભાગો ભજવતો હતો. કલબમાં તે ગોયા દેવના ડોકાં જેવી વર્તણુંક બાહરગામમાં ચલાવતો હતો! કોઇ જો એક સખુન બોલતું, તો તેને ચાર બોલીને તે ઉભો રેહતો હતો. દેખાવે સરૂપો, કદમાં ખીલેલો, મજબુત બાંધાનો આ ભરૂચો રતનશાહ, કલબના આખ્ખા 'બેચની' ગોયા શોભા સમાન હતો. રતનશાહ જો કે દારૂડીઓ ખેલાડી નહી હતો, તેમ તે દારૂ નહીજ પીતો હતો, એવું કાંઇ હતું નહી. સ્વભાવે રમુજી, પણ મીજાસે રતનશાહ ગેપ હતો! પોતાના કામ ઉપર રતનશાહ ઘણોજ 'પંકચુઅલ' હતો. પણ નળીયું ખસક્યું, તો તે સગા બાપનો પણ થતો નહી હતો.

બાપ પત્થર ઉપર–દીકરો સ્ટેજ ઉપર!

મેહરબાન, એમ ના સમજતા કે તે વખતના ધંધાદારી નાટકનું 'બીછાણું', ગુલાબનું બીછાણું હતું.' ખેલની રાતે ગમે તેવી આફત યા દુખામણુ કે પીડાકારી હોવા છતાં, ખેલાડીઓને તેઓની નોકરી બજાવવીજ પડતી હતી! ચાર ડીગ્રી તાપ શરીરમાં હોવા છતાં, યા સખત પ્રકારનો ચાલુ દુખારો પેટમાં 'કોલીક'નો હોવા છતાં, યા મા–બાપ

મરી ગયેલા હોવા છતાં, એકટરને સ્ટેજ ઉપર પાર્ટ કરવા જવાની ફરજ પડતી હતી. એમાં સેહુજબી સરાહુગાત સમજવી નહી. અને તેનો હાલ તુરત એકજ દાખલો, આ રતનશાહ દાવરના બાબમાં બનેલો ટાંકી અત્રેજ હું અટકીશ.

અને તે દાખલો એ હતો, કે એક શનીવારની રાત્રે, ઝાજકા તમાશાવાલા ખેલમાં રતનશાહનો મુખ્ય પાર્ટ હતો. તે ખેલ માટે તેવણ સેહજ અસુરેથી આવ્યા હતા. સવાલ કરતાં રતનશાહે જવાબ આપ્યો કે, "હા—મોડું થયું. મારા બાવા ગુજરી ગયા. તેવણુની પાયદસ્ત સહુવારના કાહડવામાં આવશે."

ખેલનું કામ આગળ ચાલ્યું. દીકરા રતનશાહે દરેસ કીધો, અને રાબેતા પ્રમાણે મોહડું રંગી, સ્ટેજ ઉપર પોતાનો પાર્ટ ગાઇ નાચી પુરો કીધો. કેવો ધંધો! બાપ પાથર ઉપર—દીકરો સ્ટેજ ઉપર!

(૬૦)

આ નાટક તખ્તાની તવારીખના સંબંધમાં, કોઇક બાબદમાં કોઇ કોઇ વાંચકોને કાંઇક સુચના કરવાની ઉલટ, તેમજ કોઇકોને પોતાના લાગતાવળગતાઓની સીફારસમાં વધારો કરાવવાની ઇચ્છા હોવાથી, તેઓ તરફથી મને કાંઇક પુછપરછ થઇ ગઇ છે. અત્યાર સુધી મેં તેવી પુછપરછને ઝાજુ વજન આપ્યું નહી હતું, પણ ૮ મી જાનેવારી ૧૯૩૦ ને દીને, એક ખેરખાહ મીત્રએ, એક એવું પુરાણું નાટકના સંબંધી સાહીત્ય મને ટપાલથી મોકલી આપ્યું છે, કે જેની પોહચ માન સાથ સ્વીકારી, તેવણનો હું ઉપકાર માનું છું. આ સાહીત્ય એક નાહનું જેવું છાપેલું ચોપાન્યું છે. તે ઇ. સ. ૧૮૬૮) ના વરસમાં છપાયલું છે. એટલે તે આજથી ૬૨) વરસનું જુનું છે. એ ચોપાન્યું, ઇ. સ. ૧૮૫૭) ના વરસમાં થઇ ગયલા જાણીતા બળવાખોર નાના સાહેબના નાટકના સારને લગતું છે. એ મોકલનાર ગ્રહસ્થ પોતાનું નામ, ઠામ, છુપું રાખતા હોવા છતાં, મારી ફરજ તેવણનો ઉપકાર માનવાની છે. થેંક યુ! તમારૂં નામ–ઠામ મેળવતાં, મને ઝાઝીવાર લાગશે નહી સાહેબ! તમારૂં ચોપાન્યું મને હવે પછી કામ લાગશે.

૨ એક્યા ત્રણ શોખીન જીવા મુબાહેમત કરી ગયા, કે મીસ મેરી ફેનટનની હકીકત ઘણી ટુંકી લખાઇ છે, અને તમે બીજી જાણીતી સ્ત્રી–નાટકકારોના નામોજ લખી, તેઓ વશે કાંઇ લખ્યું નથી! જવાબમાં મારે જણાવવું પડે છે, કે સઘળી સ્ત્રી–નાટકકારોનો મને કાંઇ અનુભવ કે અભ્યાસ હતોજ નહી. સ્ત્રી–નાટકકારો, મુંબઇમાં મોટે ભાગે ખુરશેદજી બાલીવાળાની કંપનીમાં હતી. પણ ત્યાં તેઓની નીતી રીતી માટે મોટી ચકચાર ફેલાઇ હતી! રાસ્ત ગોફતારમાં તે વીશે સખત લખાણો મરહુમ કેખશરૂ કાબરાજીને કરવા પડયાં હતાં. અને અંતે સઘળો મામલો સડેલો જણાયો હતો. એકાદ–બે યા વધુ પારસી એકટરોની વાંધાભરી ચાલનું તે પરીણામ હતું. એવી ખેલાડી સ્ત્રીઓ માટે જેટલું ઓછું લખાય, તેટલું વધારે સારૂં. એ નીયમને ધ્યાનમાં રાખી એવી સ્ત્રીઓના બાબમાં કાંઇબી વધુ લખવાનું મેં દરૂસ્ત ધાર્યું નથી, તેમજ તેઓની સંખ્યા પણ એજ કારણને અંગે આપવી વાજબી લાગી નથી.

૩ એકાદ–બે જણાએ મને સવાલ કીધો, કે ફલાણાને નાટકો સાથ ઘણો સંબંધ હતો, અને નાટકવાળાઓને તે જાણીતો હતો, છતાં હજી તેને લગતી કાંઇ નોંધ કેમ લેવાઇ નથી. સવાલ બેશક ખરો હતો, પણ હું તેવાં નામની નોંધ લેવા ના પાડું છું, કેમકે નાટકના ધંધાને ઉતેજન આપવા, કે સુધારવા કે તેની પડતીમાંથી તેને ઉગારવા તેણે નાટકો સાથે સંબંધ રાખ્યો હતો, એવું હું માનવા ના પાડું છું! આ ટીકા કોઇનું દીલ દુખવવા, કે કોઇને નારાજ કરવા માટે કરતો નથી, પણ મારૂં એવું માનવું છે, અને તેથીજ એવી નોંધ લેવાથી હું આજસુધી બાજ રહયો છું.

ખરશદ ચીનાઇ.

હવે હું આપણી અસલ વાત ઉપર જાઉં છું. આલફ્રેડ નાટક મંડળીના લગભગ સઘળા આગેવાન એક્ટરોના નામ-કામની નોંધ લીધી છે, પણ હજી એકાદ બે રહી ગયલા છે. એ એકાદ બે માહેલો સહુથી પેહલો મી૦ ખરશેદજી અરદેશી આરજી ચીનાઇ છે.

ખરશેદજી અ. ચીનાઇ.



ઇસ્કોલમાંથી ઉંચકાઇ જઇ નાટક કલબમાં સામેલ થયલો—જવાનીમાં દેખાવલો—
પાછળથી આલફ્રેડ કલબનો આગેવાન એક્ટર—
લેડી તેમજ મેલ ખેલાડીમાં ખીલી નીકળેલો.

કોઇ કોચરાના આલમાં, એટલે આસરે ઇ૦ સ૦ ૧૮૭૧) ના સાલને સુમારે જ્યારે નાટક કરવા માટે, જુદી જુદી કલબો ડપોડપ અને ટપોટપ જનમ પામતી હતી, ત્યારે તેવા નાટકોમાં બઇરાં મનીખના પાર્ટ કરવા માટે સોજા, દેખાવલા અને સરૂપા છોકરાઓ મેળવવા, નાટક મંડળીના માલેકો આરોગમ છોકરાઓની શોધમાં ફરતા હતા! યારો, તે વખતે કોઇ આજના જેવી કલબો અને જીમખાના, કે ક્રીકેટ કલબો નહી હતી! આગેવાન નાટક કલબો, પોતાના પેશકારો અને માલેકોના લાગવગ અને વગવસીલાથી, લેડીઝ કેરેકટરો કરવા માટે, દેખાવલા અને સોહામણા જવાનો, પોતપોતાની કલબ માટે, ગોટી કાહડી મેલવી લેતા હતા, પણ બીચારી ખડખડ પાંચમ કલબો, પોતાના વગવસીલા વીના એવા કોઇ પોરીયાઓ વગર રખડી જતા હતા.

ધી નોશીરવાન આદીલ નાટક મંડળી!

એવા અધયામમાં, જેમ પ્રખ્યાત પારસી એક્ટર માકુ ઝેરીયો, અને પેલો ધુંધી ખેલાડી દોરાબજી ધાભર, (ઉરફે દોલુ ધાભર), જે રીતે ઝટાપટક કરી નવા

નવા પારસી પોરીયાઓને સ્ટેજ ઉપર રજુ કરી પોતાના ફરમાસુ નાટકો સ્ટેજ કરેલા હતા, તેમ તેવાજ કોઇ અરસામાં એક નવી નાટક મંડળી ઉભી થઇ હતી, જેણે ધી નોશીરવાન આદીલ નાટક મંડળી એવું નામ ધારણ કીધું હતું. આ મહાન નામ રાખી, એ કલબના માલેકોએ, સાસાની જમાનાના મહાન પાદશાહ નોશીરવાન આદેલના રૂહને નકામું ધુજાવ્યું હતું! એ મંડળીની હરતી કાંઇ તે વખતના કકાકડીના વખતમા ઝાઝી નીભી નહી હતી, કેમકે તેના ખેલમાં બાઇઓ મનીખનો દુકાળ પડયો હતો, એટલે તેવા પાર્ટ કોણ કરે, તેની મોટી વમાસણમાં કલબના પેશકારો પડયા હતા! અંતે તે નામીચા પેશકારોએ

પારસી પોરીયાઓની ઇસ્કોલ ઉપર હરોડા

નાખ્યો હતો! મેહરબાન વાંચકોએ એમ નહી સમજવું, કે પારસી પોરીયાઓની ઇસ્કોલ લુટવા માટે નાટકના પેશકારોએ હરોડા નાખ્યો હતો! ના, તેમ નહી. પણ પોરીયાઓ જયારે સમી સાંજના ઇસ્કોલમાંથી છુટી ઘરે જતા, ત્યારે, તેઓના ટોળાની અંદર ખુબ તરેહ નજર કરી, પોતાના કામને લાયક છોકરો ચુંટી કાહડી, તેઓને મલી ભેટી, સમજાવી પટાવી, તેઓ પોતાની કલબમા તેઓને લેઇ જતા, અને ત્યાં તેને રીજવી રીઝાવી, નાટક કરવાને સમજાવી, તે બીચારા નાદાનોને પોતાની કલબમાં દાખલ કરતા હતા. યારો, નવા નવા પારસી પોરીયાઓની જેમ જેમ નાટક તખતા ઉપર એવી રીતે આમદ થતી ગઇ, તેમ તેમ ઘણાક જુવાન જમાન છોકરાઓ નાટકના પાછલા જમાનામાં, નાટકનો ધંધો અખત્યાર કરી પોતાના ભવીશને ખરાબ કરતા હુતા, એવી નોંધ તેજ વખત રાસ્ત ગોફ્તાર છાપામાં લેવાઇ હતી. અને તે એટલે સુધી વાત બગડી હતી, કે નાટકના છોકરાઓને કોઇ પરણવા સારૂ ના પાડતું હતું! આવા બનાવોની નોંધ ૧૮૮૦–૮૫ ના સાલમાં અનેક લેવાઇ હતી!

આ નોશીરવાન અદલ મંડળીએ પોતાને માટે જોઇતો લેડી એકટર શોધવા માટે આગળ લખ્યું છે, તેમ પારસી પોરીયાઓની સ્કુલ ઉપર, તેઓએ પોતાની જાલ નાખી હતી! અને તે જાલમાં એક જીવતું જાગતું અને તરફડતું માછલું, ઘણીજ સહેલાઇથી પકડાઇ ગયું હતું! એ માછલું તે કોઇજ નહી, પણ આ લેખને મથાલે, લખાયલો ખરશેદજી મ. ચીનાઇ નામનો એક પારસી છોકરો હતો! તે બીચારે ઇસ્કોલેથી છુટી ઘેર જતો હતો, પણ આ નાટકીઓની જાલમાં સપડાઇ જવાથી ઘેરને બદલે પેલા નાટકીઓની સાથે તેઓના રીહરસલ રૂમમાં ગયો! ત્યાં તેને હસાવી, રીઝાવી, ખવડાવી પીવડાવી રવાના કીધો, અને આ નવી કલબમાં લાગેલા નવા ચસકાથી તે રોજ સાંજના ઘેરને બદલે કલબમાંજ જતો હતો.

થોડીજ તે વખતે મી૦ ખરશેદજી ચીનાઇને પોતાને, તેમજ તેના વાલીઓને ખબર હતી, કે તેઓનું આ ખુબસુરત ફરઝંદ, ભવીશમાં એક એવો એકટર થશે, કે કેટલીક બાબતોમાં તેના કામની નકલ કરનાર એકબી પારસી ભેઆડી પારસી સ્ટેજને

નહી મળશે ! હું તેનો એકજ દાખલો આપીશ. મરહુમ નાનાભાઇ રાણીનાએ આલફ્રેડ કલબ માટે લખેલા હોમલા હાઉના નાટકમાં, મરહુમ કાવસજી ગુરગીનો એક ભરૂચા પારસી એદલ હરીમનો ભાગ જ્યારે ભજવ્યો હતો, ત્યારે આ ખરશેદ ચીનાઇએ,

હીરાં ભરૂચી

વાલો પાર્ટ એવી તો સીફતથી, એવી તો નીખાલેસ રીતે સ્ટેજ કીધો હતો, કે જેઓએ તે નાટક જોયો હશે, તેઓ હીરા ભરૂચીને ભુલશે નહી !

ખરશેદ ચીનાઇ માટે વાંચકે એમ સમજવું નહી, કે તે એક લેડી એકટર હતો. બેશક શરૂઆતમાં તે એક લેડી ખેલાડી હતો ખરો, પણ પાછળથી ઉમરના વધવા સાથ શરીરનો બાધીબી વધતો ગયો, અને અંતે તે એટલી હદે પુગ્યો, કે અલી બાબા અને ચાલીસ ચોરના નાટકમાં ચાલીસ ચોરોના સરદાર તરીકે તે એક વખત જ્યારે સ્ટેજ ઉપર આવ્યો, ત્યારેજ તેના બદનના બાંધાનો ખ્યાલ આવ્યો હતો ! મરહુમ દાદી પટેલની ઓરીજીનલ વીકટોરીયા કલબ છોડયા પછી, મી૦ ચીનાઇ પાછલી આલફ્રેડ નાટક કલબ સાથ જોડાયો હતો, અને એ કમનસીબ મંડળીની નાટકશાળા આગમાં તારાજ થયા પછી, આ એક 'ઓલ રાઉન્ડ' ખેલાડી, એકાંત વાસમાં જઇ વસ્યો હતો.

મરહુમ એદલજી બેરામજી ચીમગર (સેલાંની.)



અનેક નાટક મંડળીમાં રમુજી ખેલાડી તરીકે રહેલા–ગાયન વાદનના કામમાં ઠીક
કામ કરવા ઉપરાંત, નાચવાના હુનરમાં એકકા ગણાયલા–સેલાની નાટક
એઓના મીત્રોએ આપેલી ધારવામાં આવે છે,

મુંબઇમાં એક વીઠલદાસ નામના જવાન હીંદુને નાટક જોવાનો જબરો શોખ લાગી ગયો હતો. પોતાની પાસે થોડીક પુંજી હશે, તે નાટકો જોઇ, ખાઇ–પીઇ તેનો નીકાલ કીધા પછી, તે હાથ અને વમાસણમાં પડયો હતો. મગર નાટક જોવાનો તેને લાગેલો શોખ કેમે કરી ગયો નહી. એ જવાન હીંદુએ અંતે એક યોજના પોતાના ભેજાંમાંથી એવી ઉભી કીધી હતી, કે તેવી યોજના તે વખતે કોઇબી નાટકીઓને સુઝ પડી નહી હતી.

વીઠલદાસે પોતાના લાગવગવાળા મીત્રો, અને સગાં સ્નેહીઓ વચ્ચે રૂપીયા પચીસ હજારની ડાપણ ભેગી કરી,

ધી બોમ્બે વોલંટીયર્સ થીએત્રીકલ કું૦ લીમીટેડ

નામની એક મંડળી ઉભી કીધી હતી. આ મંડળીની ડાપણ વીશે જેવું જાહેર થયું, તેવાજ પ્રાટરોક ઉપર ભમતા પારસી ભમરાઓ, વીઠલની ચારે બાજુએ લાધી ગયા હતાં! વીઠલ ઘણોજ મોજીલા સ્વભાવનો જવાન હતો. સાથ ઘણોજ હસમુખો અને ઠોલીઓ હતો. તેણે ઉભાવેલી રૂ. ૨૫૦૦૦) ડાપણ, આ અદના લખનારે જેમ નજરે જોઇ નહી હતી, તેમ ગણીબી નહી હતી. પણ સાધારણ રીતે સઘળાઓ બોલતા હતા, કે ડાપણ રૂ. ૨૫૦૦૦)ની હતી.

એ ખબર જાહેર થતાંજ મરહુમ કંપનીમાં ગયલા ઘણાક એકટરો વીઠલનેત્યાં માસીક પગારે રહેવાની ગોઠવણ કરવા લાગ્યા. તેમજ કેટલાકો 'નાઇટ' ઉપર કામ કરવાની દરખાસ્ત કરવા લાગ્યા. પણ વીઠલ, જાતે વાણીયો, તે વાણીયા ગત લડતો રેહો! તે પોતે દરએક ગાયન યુકત ખેલમાં આગેવાન ભાગ લેઇ સ્ટેજ ઉપર ઉતરતો હતો. કોપી રાઇટના કાયદાનો તે વખતે કોઇને ખ્યાલ કે ભાન નહી હોવાથી, રોનક મુનશીના રચેલા ઓપેરાઓ, તે કરવા લાગ્યો. એવી તેની ચળવળ જાણી મરહુમ લેખક નશરવાનજી મેરવાનજી ખાનસાહેબે વીઠલને એક ઉર્દૂ ખેલ લખી આપવાની તઇયારી જણાવી. વીકટોરીઆ કલબના એક આગેવાન લેખક એક ખેલ લખે, અને વીઠલ તે ભજવે, તેમાં તે ઘણુંજ માન સમજવા લાગ્યો. ખાનસાહેબે રોકડા રૂપીઆ ૩૦૦) વીઠલ પાસે ખેલની લખામણના લીધા, અને

હીરા

નામનો એક ઉર્દૂ ખેલ લખીને મોકલી આપ્યો. એ ખેલના ગુણદોષમાં ઉતરવું નથી, પણ એ ખેલમાં મુખ્ય ભાગ એદલજી સેલાની ભજવવા ઉતર્યા હતા. આ ખેલની છેવટે એક રમુજી ફારસ, જે એદલજી ભાઇએ વીઠલને પઇસા લેઇ પેહડાવ્યો હતો, તે ફારસનું નામ બગલો હજામ હતું. અને જાણવાજોગ તો એ હતું, કે એ બગલા હજામનો પાર્ટ મરહુમ સેલાનીએજ ભજવ્યો હતો. એ ફારસ માહેલું ગાયન તે વખતે ઘણુંજ લોકપ્રીય થઇ પડયું હતું, અને એદલજી સેલાની તે દાહડાથી બગલા હજામને નામે ઓળખાવા લાગ્યા હતા! એ ગાયન માટે કેહ છે, કે એદલજીએજ જોડયું હતું, અને તેની પેહલી લાઇનો તે વખતે ઘણાકો, કલબોમાં ગાઇ મોજ મેળવતા હતા.

ગાયન

'મારૂ નામ ભગલો હજામ—હજામરે હું અમદાવાદનો,
લાલ મહારાજનો-ભગલો હજામ. વીગેરે.

પણ એ ફરમાસુ ગાયનને અત્રે લંબાવવાની જરૂર નથી! વીઠલની જોઇન્ટ સ્ટોક કમ્પનીનો કોઇબી ધણી કે ધોરી હતોજ નહી. પાંજરાપોલની એક ગલીમાં આવેલી કોઇ મ્યુનીસીપલ શાળાવાલા મકાનમાં, એ કલબનું રીહરસલ ચાલતું હતું. ખુદ વીઠલદાસ આઠ સાડાઆઠ વાગે રીહરસલમાં પધારતા હતા, અને બીજા ખેલાડીઓ જેમ ફાવે તેમ આવતા અને જતા હતા! મોટે ભાગે વીઠલ સીવાય સઘળા પારસી ખેલાડીઓજ હતા. ખરૂં જોતાં તે એક કલબ રૂમ હતો, અને નાટક કરનારા અને કરાવનારા કોઇ હતાજ નહી! પરીણામ એ આવ્યું કે, રૂ. ૨૫૦૦૦) ની થાપણ, જો તે પુરેપુરી ભરાઇ હોય તો, તેનું સેવટે તલીયું આવ્યું! ઉપરથી કેહતા હતા કે કરજ થયું હતું! અને વીઠલ તે માટે બધાને હાથ તાલી આપતો હતો! અંતે એક દાહડો ખબર પડી, કે વીઠલ બનારસની જાત્રા કરવા ગયો છે, એટલે સઘળા ખેલાડીઓ આપોઆપ વીખરાઇ છુટા પડયા હતા, અને આ ફરમાસુ કલબનું સેવટ આવ્યું હતું.

પણ ભગલો હજામ કયાં ગયો હતો? તેની પુઠ પકડવાનું કામ તો તેની સાથવાળાઓનુંજ હતું. જુદી જુદી કલબવાલાઓ, મી૦ એદલજી સેલાનીને હવે 'એદુ સેલાની'ના લાડકાં નામથીજ ઓળખતા અને બોલતા હતા! સેવટે આલફ્રેડ નાટક મંડળી, માનકજી માસ્તરની માલેકી અને મરહુમ નાહનાભાઇ રાણીનાની રેહબરી હેઠળ, મીસ મેરી ફેનટન અને ખટાઉના એક મજબુત 'સ્ટાફ' સાથે રાવલપીંડીની સફરે ફરતી ફરતી જઇ પુગી, ત્યારે એ એદુ સેલાની તે સ્ટાફમાં સામેલ થયલો હતો. આલફ્રેડ નાટક મંડળીના હાથમાં તે વખતે એક એવો નવો ઉરદુ નાટક આવી ગયો હતો, કે તેથી તેઓને ઘણીજ સારી આવક થઇ રેહી હતી. એ નાટક હીન્દુસ્થાનમાં

ઝોનકા તમાશા

એવે નામે ઓળખાતો હતો. રાવલપીંડીમાં, એ આમદાનીની ફતેહમાં એકાદ-બે એકટરોની નામોશીભરી, નહી માફ થાય એવી નીમકહરામીને લીધે, મરહુમ નાહનાભાઇના ટેલીગ્રાફીક ફરમાનને અનુસરી, આખી કલબને મુંબઇ લાવવામાં આવી હતી, અને આખી કલબને મુંબઇમાં લાવી તેને વીખેરી નાખી, નવા ખેલાડીઓની ભરતી કરવામાં આવી હતી. એ વખતે આ એદલજી સેલાની આલફ્રેડ નાટક મંડળીમાં કાંઇક પાર્ટ કરતા દેખાયા હતા. એક એકટર તરીકે રમુજી કામ કરવામાં મરહુમ સેલાની કાંઇક કમાલ કરતા હતા. મગર 'make-up' અને 'Get-up' માં એવણ બીલકુલ નાકામ હતા! મરહુમને ત્રગાલા છોકરાઓને નાચ શીખવવા માટે આલફ્રેડમાં રોકયા હતા, અને મંડળીના પડી ભાગવા સાથ, મરહુમના સંબંધનો છેડો આવ્યો હતો.

આલફ્રેડ નાટક મંડળીની કારકીર્દી હવે હું અહીંયાં ખતમ કરૂં છું. જો કે એટલાજ પારસી ખેલાડીઓ એ મંડળીમાં હતા, એમ કોઇએ માની લેવું નહી. બીજાબી હતા, પણ તે સઘળાંની નોંધ લેવાજોગ કારકીર્દી મને જણાતી નહી હોવાથી, હવે આવતા અંકમાં નવો હીસાબ શરૂ કરવો છે.

---

(૬૧)

પુરાણી નાટક મંડળીઓ માહેલી આ એક મંડળી કાંઇ બેલાગુ કામ કરનારી કલબ નહી હતી, શરૂઆતથીજ જેમ વીકટોરીયા કંપનીને પહેલી પંકતીના આગેવાન કેળવાયલા પારસી શહેરીઓની મદદ અને સામેલગીરી મળી હતી, તેમ આ ઝોરાસ્ત્રીઅન મંડળીને પણ તેવીજ રીતે પાર પાડનારા આગેવાન પારસીઓ મલ્યા હતા, એમ તે મંડળીના કામકાજના રીપોર્ટ ઉપરથી માલમ પડે છે. એ ઝોરાસ્ત્રીઅન કલબ કેટલી જુની હશે વારૂ?

પારસી મીતર.

ઇ૦ સ૦ ૧૮૫૮ ના વરસમાં, એટલે આજથી બરોબર ૭૨ વરસની વાત ઉપર, મુંબઇમાં 'પારસી મીતર' નામનો એક અઠવાડીક છાપો પ્રગટ થતો હતો. એ છાપાનો અધીપતી, નાટકની હુન્નરમંદી અને નાટકના ગુણદોશ ઉપર, એક લંબાણ લેખ પોતાના એજ વરસના જુલાઇ માસના અંકમાં લખી, આ ઝોરાસ્ત્રીઅન કલબની, અને તેના ખેલોની તારીફ કરતા લખે છે કેઃ—

> "ઝોરાસ્ત્રીઅન કલબ નામની ટોળી, પોતાના નાટકમાં હાલ ઘણોજ સુધારો કરતી ચાલી છે, તે જોઇને હમુને ઘણીજ ખુશાલી અને સંતોશ ઉપજે છે. અને સઘળી ટોળીઓને તેનો દાખલો લેવાની હમે ભલામણ કરીયે છઇયે."

એ ઝોરાસ્ત્રીઅન કલબે, શંકર શેઠની નાટકશાળાનો તખ્તો ખુલાવવામાં, અને પારસીઓને નાટકની લેહ લગાડવામાં કાંઇ બાકી રાખ્યું નથી. બેશક આ વાત તો ખરી છે, કે શંકર શેઠવાલી જુની નાટકશાળા, જો મુંબઇમાં બંધાઇ હોતે નહી, તો પારસી નાટક, અને પારસી એકટરો આજના જેટલા, અને આજનં જેવા ખીલી નીકળતે નહી! કેમકે શંકર શેઠની નાટકશાળા બંધાયા પછી, અને વીકટોરીયા નાટક ટોળીવાળાઓ મગરૂર થયા પછીજ, મેં આગલા લેખોમાં લખ્યુ છે, તેમ વીકટોરીઆ નાટકશાળા બંધાવવાનું તે મંડળીવાળાઓને સુઝ પડયું હતું.

આ અદના લખનાર જયારે ઝોરાસ્ત્રીઅન કલબના સમાગમમાં પહેલવહેલો આવ્યો, ત્યારે એ મંડળ, શંકર શેઠવાળી નાટકશાળામાં

ખુશરો—શીરીન

નો નાટક સ્ટેજ કરતી હતી. આ ખુશરો શીરીનનો ખેલ જોવા, તે વખતે હજારો પારસી કુટુંબો હર વખત હર ખેલમાં ઉતરી પડતાં હતાં. નાટકનો તે જમાનો કેની રીતે પોતાનું કામ કરતો હતો, તે લગાર આજના વખતની 'ટીનટાઉ' પારસી કોમને જાણવાજોગ છે.

જરા ધ્યાનથી વાંચજો મેહરબાન. તે વખતે થતા નાટકો ફકત પારસી માટીડાઓ માટેજ થતા હતા! બઇરાંઓને બીલકુલ 'બોયકોટ'! કીધાં હતાં! બઇરાંઓ એખલા કે પોતાને ઘેરના માટીડાઓ સાથેબી નાટક જોવા જઇ શકતાં નહી હતાં! પહેલા

થોડાક નાટકો, દરએક ખેલના થઇ ગયા પછી, ૩ જો યા તો ૪ થો નાટક, ફેમીલી માટે થનાર છે, એવું છાપાઓમાં અગાઉથી જાહેર થતું હતું! અને તે જાહેરાત પ્રમાણે દરએક યા બે માટીડાઓ સાથે, કુટુંબના બઇરાઓ નાટક જોવા જતાં હતા! ફેમીલીના નાટકમાં કોઇબી એકલા આવનારા માટીડાને, કોઇબી કલાસમાં દાખલ કરવામાં આવતા નહી હતા, તેમ માટીડાઓ માટે થનારાં ખેલોમાં, કોઇબી બઇરા મનીખને દાખલ કરવામાં આવતાં નહી હતા!

આ ખુશરો શીરીનના નાટકમાં એકાદ બે વસ્તુએ પારસી કોમનું તે વખતે ખાસ ધ્યાન ખેંચ્યું હતું. એક તો આખા નાટકમાં કામ કરતા પારસી એકટરો, એકએકને ભુલાવે, એવી પ્રકૃતી અને હાવભાવ કરનારા હતા. તેમાં બેહરામ ચોબીનનો ભાગ બજાવનાર, મરહુમ ડોસાભાઇ બંલીયા, એક અતી દેખાવલા અને કાબેલ શકતીવાલા એકટર હતા. ખેલનો મુખ્ય નાયક ખુશરો પરવીઝ, પણ તેવોજ નામી ખેલાડી હતો. વળી મરહુમ નશરવાનજી ફારબસ પણ ભુલી જવાય એવા નહી હતા. પણ એ સઘળાને બાજુએ મુકે એવો એક ખેલાડી, જે શીરીનનો પાર્ટ ભજવતો હતો.

શીરીનમાં સમાયલી ખુબીઓ!

આ તે ખેલાડી હતો, કે જેણે ઝોરાસ્ત્રીઅન નાટક મંડળીને, તેના ખુશરૂ—શીરીનના ખેલને, અને ઝોરાસ્ત્રીઅન કલબની તમામ કારકીર્દીને અનેક 'નાઇટો' સુધી ખડી અને ટટ્ટાર ઉભી રાખી હતી! ખશરૂ હાથીરામ, તેનું કદ, તેનો ચીત્ર નમુન દેખાવ, તેનો રણકાદાર અવાજ, તેની ઠણકાભરી ચાલ, અને બોલતી વખતે તેના હાવભાવ, એ જોનારનું ચીત આકરશી રાખતાં હતાં. ખશરૂ જો કે એક ગાયનકાર ખેલાડી નહી હતો, છતાં તે એકાદ બે ચીજ પોતાના પાર્ટમાં એવી તો અસરકારક રીતે ગાઇને રજુ કરતો હતો, કે તે સાંભળનારને ફરી સાંભળવાની ઇચ્છા થતી હતી. ઝોરાસ્ત્રીઅન કલબે પુરાની ખેલો ઘણાક રજુ કીધા હતા, પણ તે સઘળામાં ખુશરૂ શીરીનના ખેલમાં વપરાતા પુરાની લેબાસો, આજના વખતમાં રજુ થતા પેહરવેશ કરતાં સેહજબી ઉતરતા તો નહીજ હતા. તેમાં શીરીનનો લેબાસ એવો તો મોહક હતો, કે આ લખતી વખતે તે નજર સામે આવી ઉભો રહેતો હોય!

તળાવમાં અંઘોલ કરતી શીરીન!

ખુશરૂ શીરીનના ખેલની ફતેહ મોટે ભાગે શીરીનને આધારે હતી. એ ખેલમાં ઝોરાસ્ત્રીઅન કલબે, બે ત્રણ વસ્તુ જે ખેંચાણ કરનારી સ્ટેજ કરી હતી, તે માહેલી પહેલી ચીઝ, શીરીનને વેરાન વનમાં મદાયન શહેર તરફ જતાં, પોતાનાં શરીર અને માથાંના બાલો ઉપર લાગેલી ધુળને સાફ કરવાના હેતુથી; એક પાણીના તળાવને કીનારે અંઘોલ કરતી, અને પોતાના માથાંના લાંબા બાલો, જે મુસાફરી દરમીયાન ધુળથી ભરાઇ ગયા હતા, તેને પાણીથી સાફ કરતી નાટક તખતા ઉપર તમાશબીનોની નજર સામે દેખાડી હતી! આ દેખાવ એટલો બધો તો મોહક અને ચીત ચકીત કરનારો થઇ પડયો હતો, કે ઘણાક તમાશબીનો આ દેખાવ જોવા, ફરી અને ફરી આવતા હતા! એક તો શીરીનની કાંતી દેખાવલી, અને તેમાં ચશ્માના નીરમલ પાણીમાં બેસી, પોતાના નગ્ન શરીરને ધોવાનું કામ એવી તો મરીયાદા-ભરી રીતે રજુ કરતી હતી, કે આખા ખેલની તે એક ખુબસુરતી સમાન હતું.

મરહુંમ ખુરશેદજી બેહરામજી હાથીરામ.



અતી ધણા કોમળ હાવભાવવાળો—કેળવાયલો—સરૂપો—મેડીકલ કાલેજમાં
અભ્યાસ કરતો જવાન.

બીજી વસ્તુ તે મેહરામ શ્રોબીને ખુશરૂ પરવેઝ સામે ઉઠાવેલા જંગમાં રજુ થયલો

કીયાંની ઝુંડો

હતો. આ ઝુંડો સ્ટેજ ઉપર ખુશરૂના લશ્કરમાં રજુ થતાંજ, જરથોસ્તી તમાશબીનો લોયા ભડકીને ખુશાલીમાં આવી સલગી ઉઠતા હોય, એવું જોમ એકેકે એક જણના તનબદનમાં પ્રગટી નીકળેલા દેખાતું હતું! અફસોસભરેલું તો એ દેખાય છે, કે પા સદી ઉપરના પારસી હમદીનોની કીયાંની ઝુંડા તરફ જે દીલસોજી હતી, તેવી આજે ઝળકતી તે રહી નથી. મુંબઇની જશન કમીટીના સેક્રેટરીની હઇયાતી દરમીયાન, એક પારસી ઝુંડો બનાવવાની મરહુમે અથાગ મેહનત કરી હતી, તે પણ તેવણના મરણ સાથ, હવે મરણ પામી છે, અને હું નહી ધારતો કે હવે પારસી ઝુંડો કોઇબી પારસી માતાનો પુત આજ પછી સજીવન કરી, પારસી કોમને તે અરપણ કરે.

સ્ટેજ ઉપર ખુશરૂ પરવીઝનું 'દખમું'!

એક વધુ જોવા લાયક ચીઝ, જે ઝોરાસ્ત્રીયન કલબે તે વખતે સ્ટેજ કરી હતી, તે સ્ટેજ ઉપર રજુ કરેલો ખુશરૂ પરવીઝના દખમાનો દેખાવ હતો! દખમાનો ફક્ત બહારનો દેખાવ, ઘણીજ તજસુસ અને તદબીરભરી રીતે પાહડના એક ઉંચા ટેકડા ઉપર દેખાડયો હતો! દખમાની અંદર દાખલ થવાની સીડીઓ, દખમાના દરવાજા આગળ ઉભી કરેલી હતી, અને અંદર દાખલ થવા માટે એક સગવડભરેલો દરવાજો પણ ઉઘાડ બંધ થઇ શકે, એવો બનાવ્યો હતો! આખ્ખું દખમું, તેની ગંભીરતાનો પુરતો ખ્યાલ આપતું હતું! એ દખમાની સીડીઓના ઉપર, શીરીન ખુશરોના દીદારનો છેલ્લો સેઝદો કરી બહાર નીકળી, ઇરાનની અંજુમનને પોતાની હકીકત જણાવી, ખંજર ખાઇ ઉપરથી તે નીચે ગબડી પડતી દેખાઈ હતી. ખચીત આ દેખાવ હરૂદયભેદક થઇ પડયો હતો. પારસી તવારીખના એવા ઘણાક બનાવો છે, જે નાટકરૂપે પારસી કોમ સમક્ષ રજુ કરી, જુના જમાનાની પુરાતન તવારીખને સજીવન કરી શકાય!

ખરશરૂ હાથીરામ.

આ જવાન ખેલાડી અથોરનાન ટોળાને લગતો એક હમદીન હતો. તેનું નામ ખુરશેદજી મેહરામજી હાથીરામ હતું. રંગે તે ધોળા રૂપનો હતો. કદમાં તે મનપસંદ હતો. મુંબઇની યુનીવરસીટીની મેત્રીકયુલેશનની પરીક્ષા પસાર કરી, ખુરશેદ હાથીરામ ગ્રાંટ મેડીકલ કોલેજમાં તબીબી અભ્યાસ કરવા દાખલ થયો હતો. કોલેજમાં પોતાના અભ્યાસ ઉપરાંત, દવાદારૂની બાબદમાં તે ઘણાજ ધ્યાનથી રોકાઇ રહેતો હતો. હજી તો વઇદાની છેલ્લી પરીક્ષા પસાર કરી ડાકટરીનું કામ શરૂ કરે, તે આગમચ, કેમીસ્ટના ધંધામાં તે પોતાનું ધ્યાન રોકવા લાગ્યો હતો, અને મારકેટમાં જ્યાં હાલ દવાદારૂની દુકાનો જુમામસીદ સામે આવેલી છે, ત્યાં ખુરશેદજીએ વાઘજી નામના એક હીંદુ સાથ ભાગીદારીમાં કેમીસ્ટની દુકાન ઉઘાડી, અને ખરશેદજી વાઘજીની કંપનીને નામે

તે દુકાન ચલાવવા લાગ્યો. પણ નસીબ જે કરે તે કોઇ કરતું નથી! પાંચમા વરસની કોલેજની છેલ્લી પરીક્ષા તે પસાર કરે, તે આગમચ ખુશરૂને કાતીલ ખઇનો જીવલેણ રોગ લાગુ પડયો હતો. તેના જીવવાની આશા છોડવામાં આવી, અને અનેક ઉપાયો છતાં, ભરજવાન ઉમરે, એક ભવીશની ઝળકતી આશા આપનારો સીતારો ગુમ થયો હતો! તેનું મરણ ઇ. સ. ૧૮૭૭ ના જુન માસની ૧૧ મી તારીખે થયું હતું. દોસ્તો અને ખેરખાહો, તેને ખશરૂને લાડકે નામે બોલાવતા હતા, અને આ લેખના લખનાર પણ તેને ખશરૂને નામેજ બોલાવતો હતો.

મરહુમ પેશતનજી દાદાભાઇ પાવરી.



ઝોરાસ્ત્રીયન કલબનો એક માલેક—તેનો એકપુરો આગેવાન ખેલાડી—અને કોમીડીયન.

મરહુમ પેશોતન દાદાભાઇ પાવરી.

ઝોરાસ્ત્રીઅન કલબના આ આગેવાન ખેલાડી, એક હાઇ કલાસ કોમીડીઅન હતા. હલકા વરગના તમાશબીનોને હલકી મશ્કેરીઓથી હસાવવાને બદલે, પોતાના પાર્ટ મારફતેજ રમુજને પ્રગટ કરી, સમજદાર તમાશબીનોને હસાવવાનો હુન્નર, મરહુમ પેશોતન સારી રીતે સમજતા હોય, એમ લાગતું હતું. મરહુમની મજાકો તમામે તમામ નીરદોશ, અને તેટલા માટે તે વધારે પસંદ પડવા જોગ થઇ પડી હતી. મરહુમ જો કે એક ગાયનકાર ખેલાડી નહી હતા, છતાં હંમેશાં કલબમાં ગવાતા ગાયનો વીગેરેમાં પુરતો ભાગ લેતા હતા. શાહનામાના એક જાણીતા ખુશરો અને શીરીનના ખેલમાં મરહુમે ખુશરો પરવીઝનો પાર્ટ બજાવી, જેમ પોતે એક નાટકી તરીકે કીરતી મેળવી ગયા, તેજ રીતે ઝોરાસ્ત્રીઅન કલબે પણ એ નાટક રદેજ કરી, ખુશરે

પરેવીઝની ચાસાંની પાદશાહીને કદીબી નહી ભુલાય એવો છાપ, પારસી આલમના મન ઉપર આબાદ મારયો હતો. પેશોતન પાવરી એક મોજીલા અને મીલનસાર સ્વભાવનો ખેલાડી હતો. ગંભીરપણે રજુ થનારા દેખાવોમાં જેમ પેશોતન પાવરી તમામ ગંભીર દેખાવ ધારણ કરી, તેને ટેકવી રાખતો હતો, તેમજ હાસ્યરસ પાર્ટમા પણ તેણે તેવીજ પ્રજા પ્રસન્નતા મેલવી હતી.

અને એ પોતાની શકતી મરહુમ પેશોતને, એદલજી ખોરીએ લખેલા એક બીજા અતીશય કોમીક ખેલમા, 'ખોદાબખશ'નો ભાગ બજાવી, દેખાડી આપી હતી. ભાઇ સાહેબ, મને લખ્યા વગર ચાલતું નથી, કે એ ખોદાબખશનો ખેલ, અગર જો કોઇ આજના વખતની 'મશરૂમ' કલબે કીધો હોતે, તો આજના પૈલા કેહવાતા 'કોમીડીઅનો,' કોણ જાણે કેવાં નવાં નવાં કઉટક દેખાડી, પોતાની ફરમાસુ ફીલસુફી ભરી મશ્કરીઓથી, એ નામાંકીત નાટક લખનારના રૂહને બેહસ્તમાં ધ્રુજાવ્યું હતે!

પટેટીની ફજેતી—સ્ટેજ ઉપર પડેલું ખાસડું!

પણ રાજપાત અને તવંગરીની જેમ ચહડતી પડી પડતી આવે છે, તેમ આ એક વખતની પારસી કોમની માનીતી નાટક મંડળીને, તેજીના કંગુરા ઉપરથી ધીમે ધીમે મંદી ના મયેદાન ઉતરવાની ફરજ પડી હતી! મેહરબાન વાંચકોએ એમ સમજી લેવું નહી, કે ઝોરાસ્ત્રીઅન કલબ હવે સબરદબર એકદમ બંધ પડી ગઇ હતી! ના, તેમ થયું નહી હતું, કેમકે તેના સ્થંભો ઘણાજ ધરખમ હતા, અને એવા નહી હતા, કે પોતાની માનીતી કલબને એમ એકદમ બંધ પડી જવા દીયે. પણ જુવો, કે કુદરત કેવી રીતે ઝોરાસ્ત્રીઅનને ડોલાવે છે! શરૂઆતથી ઝોરાસ્ત્રીઅન કલબે એવો રેવાજ અખત્યાર કીધો હતો, કે પોતાના દરએક નાટકને છેડે, હંમેશાં એક નસીહતકારક રમુજી ફારસ ભજવવો. અને એવા પોતાના ફારસો માટે ઝોરાસ્ત્રીઅન કલબ ખાસ કરી પંકાયલી હતી. એ ફારસો હંમેશાં સંસારી થતા હતા, જેમાં હસી, મશ્કરી ઉપરાંત નસીહતના ચાબકાઓનો માર ઘણોજ રેહતો હતો. ખુશરૂ-શીરીનના નાટક પછી, એક નવો ખેલ એ કલબવાળાઓ, આ નવાં વરસની બહારમાં સ્ટેજ કીધો હતો, અને તે ખેલની છેવટે, આ નવો ખાસ લખાયલો, પટેટીની ફજેતીવાળો ફારસ તઇયાર કીધો હતો. એ ફારસમાં સઘળા આગેવાન એકટરો પાર્ટ કરવા બાહર પડયા હતા. કલબના એક એડયા ભાગીદાર મરહુમ ધનજીભાઇ રાણા, મરહુમ ડોસાભાઇ બીલીયા, મરહુમ દાદાભાઇ પસ્તાકીયા, તેમજ કલબના જાણીતા ખેલાડી ભાઇ હોરમસજી હાથીરામ ઉપરાંત બીજાઓ પણ હતા.

એક મશરૂમ કરૂપનીની દાદાગીરી!

પણ ઝોરાસ્ત્રીઅન કલબના ફારસની ફતેહ, અને ખેલાડીઓની વધતી જતી કીર્તી, મશરૂમ કલબવાળાઓ જોઇ શકતા નહી હતા, અને આ નવા ફારસમાં એક નવી જાતનું તુફાન કરવાના વીચારથી, તેઓ ખેલની રાત્રે ટીકીટો ખરીદી, ગ્યાલરી ઉપર આવી બેઠા હતા. ખેલ ફતેહમંદી સાથ પુરો થયા પછી, આ પટેટીની ફજેતીનો

ફારેસ શરૂ થયો હતો. એ ફારસમાં ખાસ કરી પાછળ પડેલા પારસી વર્ગના કેટલાક લેભાગુ છોકરાઓને બોધ આપવાના હેતુથી, તેઓના રંગઢંગની નકલ રજુ કરી હતી' એવું દેખાડવા, કે તેમની એવી રીતીનીતીથી, પારસી કોમને ઘણી ખેઝાલત લાગતી હતી! આ દેખાવ રજુ થતાંજ, ગ્યાલરી ઉપરના કેટલાક ગધેડાઓએ, એક ધાટીનું જુનું પુરાણું 'ચંપલ,' સ્ટેજ ઉપર એવી રીતે ફેંક્યું હતું, કે તે 'ફુટ લાઇટ' આગળ ધમ દઈ અવાજ કરતું પડયું!

આ બનાવ જોઈ, કલબના એક આગેવાન ખેલાડી, ડોસાભાઇ બીલીયા, ઘણાજ ગુસ્સે થઈ ગયા, અને ફુટ લાઇટ આગળ જઈ એક ઘણુંજ ટુંકુ ભાશણ કરી, એ કામ કરનાર ઉપર લ્યાનતના સખુનો નાખ્યા હતા અને આખી નાટકશાળાએ ડોસાભાઇના ભાશણને એકમતે ટેકો આપ્યો હતો. મગર આ ખેલ થયા પછી ઝોરાસ્ત્રીઅન કલબના ઉલટ અને ઉમંગ ધીમા અને મંદ પડી ગયા હતા! ડોસાભાઇ બીલીયા, ચીન તરફ વેપાર સંબંધે નીકળી ગયા. ધનજીભાઇ વીમાદલાલે કાંઇક કારણે કલબ છોડી દીધી, અને ઝોરાસ્ત્રીઅન કલબનો એકપુરો જીવ અને જીવનગાળો, ખશરૂ હાથીરામ, ઉરફે 'ખશરૂ શીરીન,' ખહીના જીવલેણ દરદની લાગુ પડેલી બીમારી સબબે, તેમજ ઝોરાસ્ત્રીઅન કલબના એક બીજા અગત્યના જવાન ખેલાડી, ભાઇ હોરમસજી હાથીરામ અલગા થઇ ગયા હતા. આ સબબને લીધે ઝોરાસ્ત્રીઅન કલબનું જોર ઘણુંજ નબળું પડી ગયું હતું.

પણ ત્યારપછી એ ઝોરાસ્ત્રીઅનનો સીતારો ફરી એકવાર ચમકવા લાગ્યો હતો! ડોસાભાઇ બીલીયા, તેમજ થોડાક ઉપર જણાવેલા આગેવાન ખેલાડીઓ જો કે એક યા બીજાં કારણે કલબ છોડી ગયા હતા, પણ તેના એવઝમાં થોડાક નવા પારસી હમદીનો ઝોરાસ્ત્રીઅન કલબમાં સામેલ થયા હતા, અને તેઓને માટે મરહુમ એદલજી ખોરીએ, પ્રખ્યાત ઇંગ્રેજી નાટક લખનાર શેરીડનના પીઝારો ખેલને આધારે, જાલમ જોર નામનો એક નાટક લખ્યો હતો, અને તે નાટક શંકર શેઠની નાટકશાળામાં, ઝોરાસ્ત્રીઅન કલબે સ્ટેજ કરી, પોતાની નાટકી શકતી પ્રજાને બતાવી આપી હતી. એ ખેલમાં બે નામીચા પારસી નવા ખેલાડીઓ ખીલી નીકળ્યા હતા. અને તે બે માહેલો એક ઓરતના પાર્ટમાં કામ કરી પોતાની કીરતી અમર કરી ગયો હતો, જયારે બીજો એક પારસી ગ્રહસ્થ વેપારી, થોડાક વરસ ઉપર નાટક કરી, પોતાને વતન જઈ આરામ ભોગવી, ગુજર પામ્યો હતો. આ બંને ગ્રહસ્થોની યાદ આવતા આંકમા તાજી કરી, આ ઝોરાસ્ત્રીઅન કલબનો કીસ્સો ખતમ કરી આગળ નજર દોડાવીશું.

(૬૨)

જુની ઝોરાસ્ત્રીઅન નાટક મંડળીનો હીસાબ હજી ઘણો લંબાવી શકાય તેવો છે. પણ તેમ કરતાં મને પરવડે તેમ નહી હોવાને લીધે, એ પ્રખ્યાત પુરાણી નાટક ટોળીના ત્રણ વીખ્યાત એકટરોના નામોની નોંધ, આ તવારીખમાં લેવાવી ઘટે છે, પેહલાં તો એ મંડળીએ પોતાની હયાતીને છેડે આવતાં, મરહુમ એદલજી ખોરીએ લખેલો, શેરીડનના ખેલ પીઝારોના એક એડેપ્ટેશનવાલો જાલમ જોર નામનો નાટક, શંકરશેઠવાળી નાટકશાળામાં સુમારે ઇ૦ સ૦ ૧૮૭૬) ના સાલમાં સ્ટેજ કીધો હતો, એ ખેલના ગુણદોષમાં ઉતરવાનો આ પ્રસંગ નથી. પણ એ ખેલમાંથી પ્રગટેલા બે ખેલાડીઓના નામની મારે અત્રે ટુંકી નોંધ લેવી છે.

૧. એબીસીનીઆની લડાઇમાં, ઘેધા નોકરી અર્થે ગયેલા, એક ભલા દીલના હસમુખા સ્વભાવના, હીંમતવાન હમદીન પારસી, મરહુમ ડોસાભાઇ ફરામજી કાગા, જ્યારે લશ્કરી નોકરીમાંથી ફારેગ થઇ મુંબઇ પાછા ફર્યા, ત્યારે મુંબઇમાં તેવણે વીલાયતી બુટ અને શુઝ, તથા ઘોડાના હારનેસ બનાવવાની દુકાન કાલકાદેવીના રસ્તા ઉપર સ્થાપી, પોતાનો રોજગાર શરૂ કીધો હતો. એ ડોસાભાઇ કાગા, ઝોરાસ્ત્રીઅન કલબમાં 'પીઝારોનો' આગેવાન ભાગ ભજવવામાં રોકાયા હતા. એવણના શરીરનો બાંધો, અને કદ એક સુરા સીપાહને લાયક હોવાથી, એ નાટકમાં જાલમ જોરનો પાટ, તારીફલાયક કીધો હતો. હીંયાથી મરહુમ ડોસાભાઇ, દાદાભાઇ ઠુંઠીએ ઉભી કરેલી હીન્દી નાટક મંડળીની અંદર સામેલ થયા હતા, અને ત્યાં કેખશરૂ કાબરાજીના લખેલા ઇરાની નાટક 'ફરીદુન'માં, જોહાકના સીપાહસાલાર જરસાહનો પાટ પણ તેવીજ રીતે ભજવી સંતોશ આપ્યો હતો. મને એવું ખ્યાલ છે, કે એ ફરીદુનના નાટક પછી ડોસાભાઇ કાગા પોતાના વતન નવસારીમાં જઇ આરામ માટે વસ્યા હતા, અને ત્યાંજ ગુજર પામ્યા હતા,

૨ બાન્ને ખેલાડી, જેણે નાટક તખ્તા ઉપર પેહલવહેલો દેખાવ દીધો હતો. તે મરહુમ મેરવાનજી પેસતનજી મેહતા હતો. આ ખેલાડી પ્રથમ તો નાટક ઉતેજક મંડળીમાં, સુળી વચ્ચે સોપારીના ખેલમાં બાહર પડયો હતો, અને ત્યાંથી આ ઝોરાસ્ત્રીઅન કલબે પોતાના જાલમ જોરના ખેલ માટે તેને ઉપાડી લીધો હતો. મેહરવાન મેહતો એક ઘણોજ કમનસીબ ખેલાડી હતો! જો કે પોતાની ખીલતી જવાનીમાં, નાટક તખ્તાના પ્રતાપે તેણે અનેક માતબર મીત્રોની મેહરબાની મેલવી હતી, પણ અંતમાં કોઇ તેને કામ આવ્યું નહી હતું! મજગામ ખાતે આવેલી સર દીનશાહ પીટીટની એક મીલમાં, ત્યાંના માતબર સ્પીનીંગ માસ્તર મરહુમ હીરજીભાઇ વારકનની નીગેહબાની હેઠલ, મેહરવાનને પોતાના એક આસીસ્ટંટ તરીકે તેવણે રાખ્યો હતો, અને ત્યાં દરએક રીતની સગવડો તેને મલતી હતી, તેમજ એક સારો જેવો પગાર પણ મલતો હતો. પણ તે સઘળી સગવડોને ઠોકર મારી, મેરવાન

મેહતો, ત્યાંથી નીકળી જઇ, નાટકના ધંધામાં જાથુકનો પડયો હતો। વીક્ટોરીયા કલબ મો તે એક આગેવાન અને 'ઓલ-રાઉંન્ડ' એક્ટર થયો હતો. પણ અંતે મેં ઉપર લખ્યું તેમ, અંત સમે તેને કોઇ કામ આવ્યું નહીં હતું, અને લાચારીને સબબે કનેહાર, પોતાની દીકરીને ઘરે જઇ વસ્યા પછી, થોડાક માસમા તે ગુજર પામ્યો હતો.

૩ એક ત્રીજો પણ પારસી પ્રજાને તે વખતે સંસારી ખેલોમાં સ્ત્રીના પાત્રો ભજવવા, તેમજ ધરાની ખેલોમાં આગેવાન ભાગો સ્ટેજ કરવા માટે, વીખ્યાતી મેળવનાર જવાન, તે ભાઇ હોરમસજી બેહરામજી હાથીરામ હતા. એ ખેલાડી પોતાન સ્ટેજ ઉપરના આકરશીત દેખાવ અને હાવભાવથી, લોકોનો ઘણોજ માનીતો થઇ પડયો હતો. પણ નાટક તખ્તો સદાને માટે છોડી, મીલ ઉદયોગ માં જોડાઇ જવાથી, નાટકી આલમ તેમજ જાહેર પ્રજાની જાણમાંથી તે બીલકુલ ભુલાઇ ગયો છે.

હોરમસજી બેહરામજી હાથીરામ.



ઝોરાસ્ટ્રીઅન કલબનો જાણીતો—પારસી સંસારી નાટકોમા તેમજ ધરાની નાટકોમા સ્ત્રીના આગેવાન ભાગ લેનાર ખેલાડી.

પુરાણી એલફીન્સ્ટન નાટક મંડળી.

આ હારમાળાના આગલા લેખો લખતાં, વીકટોરીયા કલબના પારસી ખેલાડી ઓના નામની એક નાહની જેવી ટીપ મે આપી હતી. હવે આજે આ પુરાણી પારસી એલફીન્સ્ટન નાટક મંડળીના પારસી ખેલાડીઓની ટીપ મને આપવી જરૂરતની લાગે

છે. પરંતુ એકજ કારણને અંગે એ કામ કરવા જતાં હું અચકાઉં છું. અને તે કારણ એ, કે વીકટોરીયા કંપની જ્યારે પોતાની કારકીર્દી ખતમ કરી, હયાતી ભોગવતી બંધ પડી છે, ત્યારે આ પુરાણી એલફીન્સ્ટન કંપની હજી સુધી જીવતી, જાગતી, કલકતામાં પોતાનું કામ કરતી રહી છે. એટલા માટે દેખાઇતું છે કે તે મંડળીમાં અસંખ્ય ફેરફારો થઇ ગયા છે, અને તે ફેરફારોની સાથે તેમાં કામ કરતા ખેલાડીઓ બદલાઇ ગયા છે, એટલે તે બદલાઇ ગયેલા તત્વોની નોંધ લેવી અશક્ય થઇ પડે છે।

એલફીન્સ્ટન નાટક મંડળી શરૂઆતમાં એલફીન્સ્ટન કાલેજમાંથી જન્મ પામી હતી. તેને જન્મ આપનાર મરહુમ કુંવરજી નાઝર હતા. તેમાં પાત્રો ભજવનાર મુંબઇના જાણીતા પારસી કમદીનોના નબીરાઓ હતા, કે જેઓએ પાછળથી મુંબઇ શેહરમાં જાહેર જીંદગી ગુજારી નામના મેળવી હતી. તે સઘળાઓના બે ફોટોગ્રાફ, આ પત્રના ૨ જી જુન ૧૯૨૯ ના અંકમાં મેં આપ્યા હતા. એટલે હવે એ જાણીતા જુના સાહેબોને, તેમજ આજકાલ કલકતામાં કામ કરી રહેલી એ જુની એલફીન્સ્ટનના હાલમાં કામ કરતા ખેલાડીઓના નામની ટીપ આપવી, મને કેવળ ફુઝુલ લાગે છે. જતાં જાણીતા પારસી ખેલાડીઓની નોંધ લેતી વેળા, તેઓની કારકીર્દીને યાદ કરવાની ફરજ પડે એમ હું ધારૂં છું.

પુરાણી એલફીન્સ્ટન કલબની લગભગ સઘળી બાબતો મેં ટુંકમાં એ મજકુર અંકમાં નોંધી છે. મગર હજી થોડીક બાબદો, જે મને પાછળથી યાદ પડી છે, તેની નોંધ હું આજે લેવા ધારૂં છું. મરહુમ દાદી પટેલને નાટક તખ્તા ઉપર કાંઇબી નવું અને નવું કરવાની ઘણીજ ખંત હતી. તેની તેવી ચટપટની પુછવાડે, મરહુમ કુંવરજી નાઝરને પણ ધસડાવું પડયું હતું! કુંવરજી નાઝરે અનેક નવી બાબદની નાટક તખ્તા ઉપર પહેલ કહાડી, તેની શરૂઆત કરી હતી.

કરણઘેલો—ગુજરાતનો છેલ્લો રાજા.

એવા એક પેહલ તરીકે મરહુમ નાઝરે એલફીસ્ટન કલબ પાસે, એક પ્રખ્યાત તવારીખી ખેલ, કરણઘેલો—ગુજરાતનો છેલ્લો રાજા, શંકરશેઠની નાટકશાળામાં સ્ટેજ કરાવ્યો હતો. એ ખેલ વીશે, હું આગલા અંકમાં લખી ગયો છું. એ ગુજરાતની તવારીખનો એક સફો હતો. તે રજુ થનાર છે, એમ સાંભળી હરીફ કલબોના ખેલાડીઓ રમુજ કરવા પડયા હતા. પણ તે રજુ થઇ ગયા પછી, તેવી રમુજ કરનારને ભારી પડી ગયું હતું! ત્યાર પછી એ ગુજરાતી હીન્દુ ખેલોને સ્ટેજ કરવાની નકલ થઇ હતી, અને તે નકલ તરીકે પ્રખ્યાત નાટક ઉતેજક મંડળીએ, રાજા હરીશ્ચંદ્રનો જાણીતો ખેલ, કેખશરૂ કાબરાજીની રાહબરી હેઠળ, ધોબીતલાવ ઉપર આવેલા ફ. કા. હોલમાં બરાબર ૧૦૦) વખત રજુ થઇ ગયો હતો.

અરેબીઅન નાઇટનો કીસ્સો—
તે માંહેલા તીલેસ્માતી દેખાવો.


એવી પહેલની નોંધમાં બીજે નંબરે નોંધાયલો નાટક, તે પ્રખ્યાત અરેબીઅન નાઇટમાં લખાયલા, અલાદીન, યાને ચમતકારીક ફાનસગાલો નાટક હતો. એ નાટક તે વખતના એક જાણીતા પારસી શીખાબી, અને આગેવાન શહેરી ફરામજી સોરાબજી

ભરૂચાએ રચ્યો હતો. એ નાટક પાછળ મી૦ નાઝરે ધુમ ખરચ કીધો હતો. તેમાં આવતા તીલેસમાતી દેખાવો સ્ટેજ કરવા માટે, આખ્ખાં સ્ટેજને એક નાહની જેવી Factory માં ફેરવી નખાવી હતી, કેમકે એ નાટકમાં, આકાશ ઉપરથી જીનો અને જમીનમાંથી દેવો નીકળી આવતા દેખાડવાની તજવીજ કરી હતી.

ઇંદ્ર સભા!

એવીજ કીસમની ત્રીજી પેહલ, નાઝરે શંકરશેઠની સ્ટેજ ઉપર એક તમામ ગાયનયુકત ખેલ, મુંબઇમાં પહેલવહેલ્લો રજુ કરાવી કીધી હતી. આ ગાયનયુકત ખેલ રજુ કરવાનું કામ બેશક ઘણુંજ જોખમભરેલું હતું! દેશી ગાયન વાધનની તે વખતે હાલત એવે અને એટલે દરજ્જે નહી પુગી હતી, કે તમામ ગાયન યુકત ખેલો સ્ટેજ ઉપર રજુ થઇ શકે! પેહલ ગમે એવી જોખમભરી હતી, મગર તે ફતેહમંદ ઉતરવાનો એકજ ધરખમ સબબ એ હતો, કે આપો નાટકે એકજ કીસમની રાહ ઉપર ગવાતો હતો! વળી એ ફતેહની બુલંદીમાં ઉમેરો કરનારા બે ધરખમ ખેલાડીઓ, જે તે વખતે કુંવરજી નાઝરને સારે નસીબે મળી ગયા હતા, તે મેં આગળ લખ્યું તેમ, ભાઇ નશરવાનજી નવરોજજી પારખ (હાલમાં ડાકટર), અને એક પારસી જવાન છોકરો, જે ભાગ્યે તે વખતે ભાઇ નશરવાનજીની કંમર સુધી આવે તેવો, માસ્તર રૂપાવક્ષ રૂ. માસ્ટર (હાલમાં રીટાયર્ડ બેરીસ્ટર) હતા. આ ગાયન યુકત ખેલ પછીજ વીકટોરીયા કલબ માટે 'ઓપેરા' લખાયા અને ભજવાયા હતા.

ભાઇ નશરવાનજી નવરોજજી પારખ.



પારસી નાટકના આગલા જમાનામાં પોતાની જવાનીના તોરમાં—ઇંદ્રસભામાં ગુલફામ થયા તે વખતે.

મરહુમ નાઝરે તે વખતે કરેલો ગઝબ.

આ ઇંદ્રસભા સ્ટેજ કીધા પછી, અને જેમ કહેવામાં આવે છે તેમ, મરહુમ નાઝરે તે પાછળ કરેલા ગંજાવર ખરચે મેળવેલી દોલતની વાત ફેલાતાંજ, મુંબઇની જુદી જુદી નાટક ટોળીવાળાઓને, એવી જાતના નાટક કરવાનું ગોયા દીવાનાપણું લાગ્યું હતું! કેમકે ત્યારપછી એવી એવી 'સભાઓ'વાળા નાટકો, અનેક થવાનું જાહેર થયું હતું! તેવા નાટકો લખાયા હતા, અને તે સ્ટેજ પણ થયા હતા! એવી રીતે સ્ટેજ થયલી 'સભાઓ'માં ૧ ખુરશેદ સભા, ૨ ફરરોખ સભા, ૩ હુવાઇ સભા યાને હવાઇ મજલીસ, ૪ બંદર સભા! આ છેલ્લી સભા કોઇ 'ટીનપાટ' કંપનીએ કરેલી મને યાદ છે. તે ખરૂં જોતાં ઇંદ્રસભાની ટેકડી કરવા માટેજ લખાઇ અને ભજવાઇ હતી.

બુલબુલી ઇંદ્રસભા!

આ સભાઓ અને મજલીસોનો આવો મામલો ગ્રાંટરોડ ઉપર ધમધુકાર ચાલતો જોઇ, મરહુમ નાઝરનું નસીબ કાંઇક ચમકી રહયું હતું. વાંચક મેહરબાને ધ્યાન રાખવું, કે કુંવરજી નાઝરની એલફીનસ્ટન કલબને, પેલું પનોતું શંકરશેઠનું થીએટર ખાલી કરી, કાંઇક નવા સંજોગ અને સબબને લીધે, ગ્રાંટરોડના નાકા ઉપર ખસડાઇ આવવું પડયું હતું. ત્યાં પેલી પ્રખ્યાત એલફીન્સ્ટન થીએટરમાં નાઝર પોતાના ખેલો કરતા-કરાવતા હતા. તે સમો નાટકની પડતીનો શરૂ થઇ ચુકયો હતો. તેવે સમે મરહુમ નાઝરે, એજ ઇંદરસભા નાહના ભુલકાંઓ પાસ સ્ટેજ કરાવવાનું નકકી કીધું હતું. એ કામ દેખઇતી રીતે મુશ્કીલ હતું. હજી સુધી ત્રાગાલા છોકરાઓ નાટક તખ્તા ઉપર ઉતરેલા નહી હતા. તેવે સમે એક સુફેદ પાઘડીવાળા આથોરનાન, પોતાના બે પપઇયાં, જેવાં બુલબુલોને, એલફીન્સ્ટન થીએટરમાં થતો નાટક દેખાડવા લાવ્યા હતા! આ અથોરનાન સાહેબને હું પોતે સારી રવેસે ઓળખતો હતો. તેવણ સાથ હું મારી ઝોરાસ્ત્રીઅન કલબમાં સમાગમમાં આવ્યો હતો., કેમકે તેવણ ઝોરાસ્ત્રીઅન કલબમાં ઇશ્વર સ્તુતી ગાવા માટે, હંમેશાં ત્રણ જનમાં એક તરીકે બેસતા હતા. તેવણે નાઝરને પોતાના આ છોકરાઓ પાસ કાંઇક કામ લેવા અરજ કીધી હતી. તે છોકરાઓએ સેહજસાજ ત્યાંજ કાંઇક ગાઈ જતાવ્યું, અને નાઝરે તે સાંભળી પોતાનું 'પ્રોગ્રામ નકકી કીધું હતું.

બાલાપોરીયા બીરાદરો-અને સગા ભાઈ.



બીરાદર કાવસ અને માણેક—ગ્રાંટરોડના તમાશબીનોના માનીતા ગાયક.

બસ નવી ઇંદરસભા કરો! રાજા ઇંદર નાહલો છોકરો! સઘળી નાચતી ગાતી પરીઓ નાહલા છોકરાઓ! ગુલફામ પણ નાહલો છોકરો! અને બીજા સઘળા પાત્રો તેવીજ રીતે રચ્યાં. એ નવાં પાત્રો જેઓ તે વખતે જવલેજ ૧૦–૧૨ વરસની ઉમરના હશે, તેઓએ આ મુશ્કીલ કામ માથે લીધું હતું, અને તે એવી તો સરળતા અને સફાઇથી પાર પાડયું હતું, કે જણાવવામાં આવે છે તેમ કુંવરજી નાઝરને તેથી મોટી જબરી આવક થઇ હતી! એ ચાર જવાનોમાં બે જવાનો બાલાપોરીયાના ચેરાગ હતા. બંને સગા ભાઇઓ હતા. બંનેના અવાજ બીનહરીફ અને મધુર હતા. બીજા બે જવાનો તે મુંબઇના જાણીતા હીરા માણેક કુટુંબના ચેરાગ હતા. એ બંને પણ સગા ભાઇઓ હતા, અને બંને ગાયન વાદનમાં બેશક કુશળ હતા. આ સઘળાં

ઝુલંઝુલી હલકવાળાં ઝુલકાઓનો કુંવરજી નાઝરે ઘણોજ સારો જેવો ઉપયોગ કીધો હતો. તેઓના મધુર હલક ઉપર ગ્રાંટરોડના તમાશબીનો, શું પારસી, મુસલમીન કે હીન્દુ કુરબાન થઇ ગયા હતા, અને કુંવરજી નાઝરને તેથી તડાકા પડયા હતા.

હીરા માણેક બીરાદરો-બંને સગા ભાઇ.



ઝુલઝુલી ઇંદરસભાના મુખ્ય સ્થંભો.

બીરાદર જેહાંગીર અને ફરોખુશરૂ.

પુરાણી એલફીન્સ્ટન કલબનો મુળ સ્થાપક એકજ હતો. અને તે કોઇજ નહી પણ મરહુમ કુંવરજી સોરાબજી નાઝર હતો. મારા આગલા લેખમાં હું એ વીશે લખી ગયો છું. કુંવરજી નાઝરને જે કે બીજા જાણીતા કોલેજીઅન મીત્રોની એ નાટકના કામમાં મદદ અને સામેલગીરી હતી, અને કેવા કેવા જાણીતા ગ્રહસ્થોની સામેલગીરી હતી, તેનો એક ફોટોગ્રાફ પણ હું આપી ગયો છું.

પણ પાછળથી નાટકોની ગતી જેમ જેમ બદલાતી ગઇ, તેમ તેમ તે ગુણીજનો, એક પછી એક કલબ એલફીન્સ્ટનને છોડી ગયા, અને અંતે કુંવરજી એકલા એ કલબ ચલાવવા લાગ્યા હતા. પણ એવે વખતે કુંવરજીના મુખ્ય મદદગાર, નશરવાનજી નવરોજજી પારખ તો એવણુને વળગીજ રહયા હતા, કેમકે દરેક નાટકમાં નશરવાનજી પારખ મુખ્ય ભાગ બજાવતા હતા.

ત્યાર પછી અનેક વંટોળીઆના વમલના વર્ગામાંથી, કુંવરજીની એ નાટક ટોળી સલામત બહાર નીકળી હતી, અને કુંવરજી નાઝર પાછા બીજીવાર એલફીન્સ્ટનના માલેક બની બેઠા હતા, એ વાંચનારે આગલા લેખમાં વાંચ્યું છે.

મરહુમ કુંવરજી નાઝરનો એક ધકારો!

કુંવરજી નાઝરની નાટકમાં થતી ચડતી પડતી વીશે, હું લખી ગયો છું, મરહુમને લાગેલા અનેક ધકારામાં કંઇ એક ધકારો ખરો યા ખોટો એવો લાગી ગયલો જણાયો હતો, કે કલકતામાં ઘણા માતબરો અને ઘણા શ્રીમંતો વસે છે, અને નાટક જો સારી હાલતમાં ત્યાં સ્ટેજ થયે હોય, તો એક નાહની જેવી દોલત કલકતામાંથી સેહલમાં મેળવી શકાય! પણ કલકતે પોતાની કલબ કુંવરજી નાઝર લઇ જઇ શકે તેમ હતુંજ નહી, કેમકે એવણુની નાટ્ટ કલબ, કર કસરના ધોરણ ઉપર ચાલતી હોવાથી, અને પોતાના સઘળા એકટરો, 'નાઇટ કલબ'માં જોડાયલા હોવાથી, અને દીવસના તેઓ ચાકરી-ધંધે રોકાયલા હોવાને લીધે, બાહર ગામ કુંવરજી સાથે તેઓ જઇ શકે એમ હતું નહી. ખુબ તરેહથી લાંબો વીચાર કરી, કુંવરજીએ નાતાલના તેહવારો આવી પુગતાં, સઘળા ખેલાડીઓને મનાવી-પતાવી, સમજાવ્યું, કે ફકત દશ-બાર દીવસ નાતાલના તેહવારો ઉપર આપણુ કલકતે ફરવા જઇએ છીયે, વાસ્તે તમો આવો તો વધારે સારૂં! કેટલાકો જેઓએ કલકતા જોયલું નહી, તેઓએ ઉલટમાં આવી કલકતે જવા માટે હા પાડી; કેટલાકોએ પોતાની નોકરી ઉપરથી રજા લીધી, અને જેઓને રજા નહી મળી શકતી હતી, તેઓના શેઠોને કુંવરજી પોતેજાતે મળી, પોતાના કામમાં મદદ કરવાની તેઓને અરજ કરી, તેઓને એક એક મહીનાની રજા મેળવી આપી હતી.

કલકતાની મુસાફરીમાં ખેલાડીઓની સગવડ!

એવી રીતે કલકતે જતા ખેલાડીઓને રાજી રાખવા, તેઓને જો કે તેમના પગારમાં કાંઇબી વધારો તો મળ્યો નહીજ હતો, પણ નીચલી સરતો ખેલાડીઓ સાથ વધારામાં કીધાથી, તેઓ રાજી થઇ ગયા હતા, કેમકે કલકતા જોવા તેઓ સઘળા અધીરા પડી ગયા હતા.

એકટરો સાથ કરેલી સરતો.

૧ કલકતે આવવા-જવા સેકન્ડ કલાસની મુસાફરી વગર દામે.

૨ રહેવાનું તેમજ ખાવા પીવાનું સઘળાઓને, રાત દીવસ વગર દામે. સહવારના પહોરમાં ચાહ, માખણ, પાંઉ વીગેરે. નવ-દસ વાગે નાસ્તો. એક વાણીનું ગોસ, યા ઇંડાં, માખણ-પાંઉ અને ચાહનું કપ વીગેરે.

૩ બપોરના બાર-એક વાગે એક વાણીનું ગોસ, પાંઉ, ચાવલ અને દાળ, યા તો ખીચડી અને પાતીયો, યા ધાન-સાક વીગેરે.

૪ સાંજના ૩-૪ વાગે, ચાહ અને કાંઇક ચ્યાઉ-મ્યાઉ! જેવું કે કરકરીયાં, પોપટજી, સાધના, વીગેરે.

૫ રાતના સાડાસાત યા આઠ વાગે, સઘળાઓએ એક સુફરે બેસી ખાવું. બે વાણીનું ગોસ, એક વાણી તળેલી, અને એક રાંધેલી, અને પાંઉ.

૬ સઘળા એકટરોની હજામતનો ખરચ કુંવરજી નાઝરે આપવો. પછી ગમે તેઓએ રોજ, યા ગમે તેઓએ પોતાની સગવડ પ્રમાણે હજામત કરાવવી. હજામ સાથ ઠરાવ કરેલો હતો, કે શેઠ લોક જયારેબી કહે, ત્યારે તેઓની હજામત તેઓએ કરી આપવી.

૭ નાહવાનું ગરમ પાણી રોજ, જેને જોઇયે ત્યારે હોકમ કરવે મળી શકે?

૮ ધોબી ધોવામણ, કુંવરજી નાઝરે દરએક એકટરના મેલાં કપડાંની આપવી.

આ સરતોથી સઘળાઓ રાજી થઇ છલકાઇ મલકાઇ ગયા હતા, અને એ સરતોને આધારે, મરહુમ નાઝરે પોતાની કલકતાની મુસાફરી સરૂ કરી હતી. સઘળા ખેલાડીઓ, પારસી હમદીનો હતા. સઘળાઓ મરહુમ નાઝરને તેના કામમાં મદદગાર થઇ પડયા હતા. એ વખતે એલફીન્સ્ટન કલબની માલેકીમાં નીચલા સાહેબો જોડાયલા હતા, જો કે મેનેજીંગ ડીરેકટર તરીકે, C. S. Nazir ઓળખાતા હતા. એલફીન્સ્ટનના માલેકો તે વખતે નીચલા ગ્રહસ્થો હતા.

મરહુમ કુંવરજી સોરાબજી નાઝર.

„ ફરામજી સકલાત (ફરામ સકલાત).

„ જમશેદજી ફરામજી માદન, અને

ડાકટર નશરવાનજી નવરોજજી પારખ.

આ સઘળા માલેકોમાં એક સદગ્રહસ્થ, મરહુમ નશરવાનજી એદલજી વાચ્છા પણ હતા, જેવણ ખેલોની તમામ આવક જાવકના હીસાબ કીતાબ બારીકીથી રોજ

ચોપડે નોંધતા, તેમજ ખરચ ખુટનની નોંધ પણ તેવણ કરતા હતા, જેથી હું ધારું છું કે મરહુમ પણ એક ભાગીદાર હોવા જોઇયે. જો કે જાહેરમાં તેવો વસવસો ઉભો થવા પામે, એવું કદીબી બનવા પામ્યું નહી હતું.

ફરામના પાટલુનની મોંહકાણ !

કલકતાની સફર આયદે પાર પડી હતી. અને સઘળાઓની રજાના દીવસો લગભગ પુરા થવા આવેલા હોવાથી, હવે મુંબઇ તરફ જવાની ધધુખર ચાલી રહી હતી. પણ કુંવરજીને તેવામાં ભાન આવ્યું, કે મુંબઇ જતાં જતાં રસ્તામાં અલાહબાદ જેવું મોટું અને નામીચું શેહર આવે છે, તો ત્યાં મુંબઇ જવા આગમચ નસીબ અજમાવેલું ઠીક થઇ પડશે ! એવા ઠરાવ ઉપર આવ્યાથી ચાર માલેકોની ચોકડીએ ઠરાવ કીધો, કે અલ્લાહબાદ 'જરની-બ્રેક' કરવી અને ત્યાંના રેલવે ઠીયેટરમાં, થોડાક ખેલો કરી નસીબ અજમાવવું ! ચાલો ભાઇ, એમ તો એમ ! અંતે એકાદ જનને ઠીએટરની ગોઠવણ કરવા, અલ્લાહબાદ રવાના કીધો, અને આખી કંપની કલકતેથી નીકળી અલ્લાહબાદ જઇ પડી !

મેહરબાને મન, આ કંઇ વીકટોરીયા કલબ નહી હતી, કે તેમાં ખરશેદ બાલીવાલા, ધનજીભાઇ ઘડીયાલી અને ડોસુ મગોલ તમારી નજરે પડે ! આએ તો એલફીનસ્ટન કલબનો એક નવોજ 'બેચ' હતો ! અલબત્તાં તેમાં થોડાક નવા દાણા દેખાતા હતા ખરાં, પણ જાણીતા ખેલાડીઓમાં ફકત, ડા૦ ન. ન. પારખ, જ. દ. માદન, નસરવાનજી ધ. વાચ્છા, ફરામ સકલાત (એક માલેક), અને બીજાઓ હતા. પણ તે સાથે આપણને કાંઇ કામ નથી. કામ તો અલ્લાહબાદમાં, કલબના બાબમાં બનેલ, એક ઘણાજ કમપસંદ બનાવ સાથ છે.

રૂ. ૫૦૦, અચબુચ ગુમ !

સાહેબને કેહું કે, એક રોજ સહવાર પડતાં, ડા૦ પારખ અને મરહુમ ફરામ સકલાત અને એકાદ બીજા ગ્રહસ્થ મળી, કાંઇક તાકીદના કામે, ગા ડી મંગાવી બાહર જવા નીકળ્યા ! એ વખતે ફરામ સકલાતને રૂ. ૫૦૦) ની પાંચ નોટ, જતાં જતાં મરહુમ જમશેદ માદને આપી હતી, અને મરહુમ સકલાતે તે નોટો, તેજ વખતે જતાં જતાં પોતાના પાટલુનના ગજવામાં મુકી, તેઓ પોતાને કામે નીકળી ગયા હતા ! બપોર પડયા પછી, એ ત્રણે સાહેબો પાછા પોતાને કામથી પાછા ફર્યા હતા, અને કપડાં કહાડી જમવાની તઇયારી કરે, તેટલાં સઘળાઓની અજાએબી વચ્ચે, મરહુમ ફરામ સકલાતે એક નાહલ્લી જેવી બુમ પાડી જણાવ્યું, કે મારા ગજવામાંથી કોઇ રૂપીઆ પાંચસો કાહડી લઇ ગયું છે, વીગેરે.

આ ચોરીનું બોહતાન લગાર ગંભીર થઇ પડયું હતું ! એકટરોના કાંહા ખીલી ગયા હતા ! કોટવાલીમાં ખબર આપવામાં આવી. ખેલાડીઓને ગળે એ વાત ઉતરી નહી. અને મરહુમ જમશેદ માદને એકટરો તરફથી હીમાયત કીધી, કે સઘળા માલેકો એક અલાહેદા ઓરડામાં પોતાના બીછાણા રાખે છે, ત્યારે તેવા અલાહેદા ઓરડામાં કયો ખેલાડી આવી પાટલુનના ગજવામાંથી રૂપીઆ કહાડી લઇ જાય ?

મરહુમ જમશેદજી માદને જરા બરખીબાજ થઈ સકલાતને પુછ્યું કે, "એ રૂપીયા તમારા પાટલુનના ગજવામાંથી ગયા છે, ને તમારૂં પાટલુન તમારા રૂમ અંદર હતું, અને રૂમમાં કોઈનો આવવા જવાનો પગદંડો નહી, એટલે એ રૂપીયા ચોરાયા નથી, પણ ખોવાયા છે, અને તેને માટે તમે પોતે જવાબદાર છો."

આ વાત ઘણી લાંબી વધી હતી। કોટવાલીને ખબર આપવા છતાં રૂપીયાનો કાંઈબી પતો મલ્યો નહી, અને પરીણામ મોટા જેવા મીંડામાં આવ્યું હતું, પણ જમશેદજી માદનની આવી કીસમની બરકતથી તે વખતના કલબના એકટરો જમશેદજી ઉપર ઘણાજ ખુશ ખુશ થઈ ગયા હતા, કેમકે મરહુમ સકલાતે થોડાક છોટા એકટરોને ઉરાડવાની કાંઈક તજવીજ કરી હતી. અંતે એ રૂપીયાની ફાળે પડતી રકમની પ્રોમીસરી નોટ, મરહુમ સકલાતે પોતાના ભાગીદારોને લખી આપી હતી, અને એ રીતે એ ચોરીની વાત દફન થઈ હતી.

જમશેદજી માદનની એખલી માલેકી હેઠળ કલબ એલફીન્સ્ટનનું જવું.

અનેક ઉલટપાલટના ફેરફારો થયા પછી, આખરે કલબ એલફીન્સ્ટનની માલેકી મરહુમ જમશેદજી ફરામજી માદનને હાથ ગઈ હતી. મરહુમે એ મંડળીને ઘણા અંગત ભોગે નીભાવી, કલકતામાંજ ચાલુ રાખી હતી, જ્યાં તે હજી પોતાની હસ્તી ભોગવે છે.

મરહુમ જમશેદજી ફરામજી માદન.



પુરાણી એલફીન્સ્ટનને હજી સુધી નીભાવી રાખનાર-એલફીન્સ્ટનના એખલા માલેક-નાહની શરૂઆત ઉપરથી ધીમે કદમે આગળ વધી કલકતાની પારસી અંજુમનના એક તરકી અને સખાવતે પુર અફાબર.

મરહુમ જમશેદજીએ પુરાણી એલફીન્સ્ટન કલબ લીધા પછી, તેમાં અનેક ફેરફારો થઇ ગયા છે. આગલા ખેલાડીઓ એ કલબમાં હવે રેહા હોય, એમ હું ધારતો નથી, કેમકે હું લગભગ ચાલીસ વરસની હકીકત લખું છું. જમશેદજી માદન આજ કેટલાક વરસ થયાં ગુજર પામ્યા છે. મરહુમ સ્વભાવે ઘણાજ સૌલેસ અને સાહાસીક હતા. પોતાના મરણ આગમચ મરહુમે કલકતામાં, સીનીમાના ઉદયોગને ખીલવવા માટે, એક જોઇન્ટ સ્ટોક કમ્પની સ્થાપી હતી, જેનો કારોબાર તેવણના મરણ બાદ તેવણના દીકરાઓ અને જમાઇ મી૦ રૂસ્તમજી દોટીવાળા સાથે મળી ચલાવે છે.

સ્ટેજ ઉપર નૃત્યકળાની શરૂઆત કરનાર.

જવાનીની શરૂઆતમાં સ્ત્રીના પાર્ટ કરવામાં જમશેદજી માદન ઘણાજ વીખ્યાત હતા. જવાનીમાં તેવણ અતી રૂપાળા, અને ચેહરેનુમન હતા. તમાશબીન આલમ હુંમેશાં મરહુમને 'જમશેદ માદન'ને લાડકે નામે ઓળખતી હતી. ગાયન કરવામાં, હાવભાવ કરવામાં ઘણાજ કુશળ હતા. સારે નસીબે સંગીતનું શીક્ષણ આપનાર, જાણીતા દાદી વરકીંગબાકસવાળા નામના એક કાબેલ ગાયક એ મંડળને હાથ લાગી જવાથી, મરહુમને સંગીતની અચ્છી તાલીમ મળી ગઇ હતી. અલાઉદીનના ખેલમાં, જે કંઇણ પ્રકારના ગાયનો સ્ટેજ થયાં હતાં, તે એજ વરકીંગબાકસવાળાની કારસાજી હતી. એ દાદાભાઇ તે વખતે પ્રખ્યાત ગાયન ઉતેજક મંડળીના જાણીતા ઉસ્તાદ ઇમદાદખાનના હાથ હેઠળ ગાયનની તાલીમ લેતો હતો. તેના અનુભવનો લાભ, કલબ એલફીન્સ્ટને લીધો હતો.

હીંદુસ્થાની નૃત્યકળાનો પહેલવહલો ભાસ મુંબઇમા તમાશબીન આલમને મરહુમ જમશેદજી માદને આપ્યો હતો. માથાં ઉપર બતીનું ઝુંમર, અને પાણીની ભરેલી ઘાગર રાખી નૃત્યકળાની હુનરમંદી દેખાડવાનું કામ શંકર શેઠની નાટક શાળાના તખતા ઉપર મરહુમ જમશેદજી માદને પહેલવહેલું સ્ટેજ કીધું હતું. સામટી રીતે લેતાં જમશેદજી માદન, તે વખતની તમાશબીન આલમના એક પ્યારા અને અતી માનીતા ખેલાડી હતા. પોતાની વધતી જતી વેપારી રોકાણો, અને બીજી અગવડોને લીધે, જમશેદજી માદને સ્ટેજને જાથુકની છોડી દીધી હતી, અને પોતાની કલબને બીજા કારોબારીઓને સ્વાધીન કરી, તેની તમામ જોખમદારી પોતે પોતાને માથે રાખી લીધી હતી. મરહુમને હસ્તક કોઇ એકજ નાટક મંડળી ચાલતી હતી, એમ સમજવું નહી. એ માદન સન્સને હસ્તક આજે એક નહી પણ અનેક નાટક ટોળીઓ કલકતામાં ચાલી રહી છે. તે માંહેલી એક અતી ઘણી મોઘી કીંમતે માદન સન્સે ખરીદી લીધેલી, મરહુમ કાવસજી ખટાઉની આલફ્રેડ નાટક મંડળી હતી. સાંભલ્યા પ્રમાણે એ દોઢ લાખ રૂપીએ, તેની તમામ મીલકત

સાથ ખંડી લીધી હતી, જે મંડળી ગયાં સાલમાં, મુંબઇમાં ખુશરૂ–શીરીનનો પ્રખ્યાત ખેલ કરી ગઇ હતી.

મરહુમ જમશેદજી માદન દરએક રીતે ડાહ્યા, અને ગણત્રીબાજ હતા. ટુંક પુંજીમાંથી ધંધો વેપાર વધારી પોતાનો કલકતા જેવા શેહરમાં એક આગેવાન શાહ સોદાગર તરીકે મચી રહયા હતા. પોતાની કોમના ગરીબ હમદીનોની દાજને, મરહુમ પોતાને હઇડે સદા ધરતા હતા. આ અદના લખનારની ગણત્રી પ્રમાણે નાટકના ધંધામાં માલેક તરીકે પડેલા સઘલા હમદીન પારસીઓમાં, ફકત બેથી ત્રણ જનોજ, કાંઇક જર મેળવી સદાના શાંતીની નીંન્દમાં સુતા છે ! એ ત્રણ જનોમાં પેહલી પંકતીએ ઉભેલા

મરહુમ જમશેદજી ફરામજી માદન.

મરહુમ કાવસજી પાલનજી ખટાઉ.

મરહુમ દાદાભાઇ રતનજી ઠુંઠી.

એ ત્રણ સીવાય, મારા અનુભવમાં કોઇ ચોથો જરથોસ્તી નથી. મગર કોઇ મેહરબાને મન મને તેવાં ભાગ્યશાલી નામની યાદ આપશે, તો ખચ્ચીત તેનું નામ હું આ કટારોમાં આમેજ કરીશ.

(૬૪)

તમુને ખબર હોય કે નહી, તે હું જાણુતો નથી, પણ મરહુમ જમશેદજી માદનના મારી જાણ પ્રમાણે પાંચ ભાઇઓ હતા. એ પાંચે ભાઇઓ નાટકના ધંધામાં શરૂઆતથીજ પડેલા હતા. એ માદન બીરાદરોના નામની સામટી નોંધ, આ પારસી એકટરોની તવારીખમાં જળવાઇ રેહવી જોઇયે, એવું મારૂં માનવું છે. એ પાંચ ભાઇઓ નીચે પ્રમાણે હતા.

મરહુમ ખરશેદજી ફરામજી માદન,
મરહુમ નશરવાનજી ફરામજી માદન,
મરહુમ જમશેદજી ફરામજી માદન,
મરહુમ જેહાંગીર ફરામજી માદન, અને
ભાઇ પેસતનજી ફરામજી માદન.

૧. ખરશેદજી માદને, નાટક તખ્તા ઉપર ઝાજી વીખ્યાતી મેળવી હોય, એવુ મારા સાંભળવામાં કે જાણુવામાં આવ્યું નથી. પણ સાંભળવા પ્રમાણે, મરહુમ દાદી પટેલના ગુજર પામ્યા પછી, ઓરીજીનલ વીકટોરીયા કલબમાં, એવણ સામેલ થયા હતા, અને પરદેશમાંજ ગુજર પામ્યા હતા. એ ખેલાડી વીશે કાંઇ ઝાજી ખબર મેળવી શકાઇ નથી, કેમકે મુંબઇના સ્ટેજ ઉપર એવણે કાંઇખી કામ, કોઇબી કમ્પની સાથે કરેલું જણાયું નથી.

૨. નશરવાનજી ફરામજી માદનની ખેલાડી તરીકેની કારકીર્દી હું આગલા લેખોમાં વર્ણવી ગયો છું, એટલે તે ફરી અત્રે લખવાની જરૂર નથી.

૩ જમશેદજી ફરામજી માદન, માદન બીરાદરોમાં સઘળા ભાઇઓમાં ઠરેલ, ઠાવકા, કેળવાયલા, સાલેસ અને સખાવતી દીલગુરદાના હોવા ઉપરાંત, સહાસીક જીગરવાલા નીતીરીતીના ધોરણ ઉપર ચાલનારા એક ચુસ્ત હમદીન જરથોસ્તી હતા. સરકારે તેવણને માનપાનથી નવાજી, તેમના કામની કદરશનાસી કરી હતી.

૪. જેહાંગીર ફરામજી માદન, એક નમાના અને ઘણાજ મીલનસાર તથા માયાળુ સ્વભાવના માદન ભાઇઓ માંહેલા એક સહુથી નાહનાભાઇ હતા. નાટકના ધંધામાં મરહુમ જેહાંગીર થોડાક વરસ રહયા પછી, તેને એ ધંધો પસંદ નહી પડયો, અને સ્ટેજને છોડી મુંબઇમાં આવી, યુનાની હકીમું કરવા માંડયું હતું. મરહુમનુ સાધુ-સંતની દોસ્તી ઉપર ચીત લાગ્યું હતું, અને એ દોસ્તીના પરીણામમા, મુંબઇમાં તેણે 'બાઝી તેલ' નામની લકવા અને સંધીવાની બીમારી ઉપર કારગત લાગે એવું તેલ બનાવી, તે વેચવા માંડયું હતું. જેહાંગીર માદન, મુંબઇમાં ગુજર પામ્યો હતો.

પેસતનજી ફરામજી માદન, માદન બીરાદરો માંહેલા એકજ હાલ, કલકતામાં હયાત છે. અતી ઘણી બુઢાંરગીને લીધે સ્ટેજ છોડી અલગ થઇ ગયા છે. એક

વખતના મેહરે નમુન, જવાનીમાં ઝુલતા, અને પારસી સ્ટેજને ડોલાવતા આ ખેલાડીનો ફોટો આ અંકમાં રજુ કીધો છે.

એ રીતે મરહુમ ફરામજી માદનના આ પાંચ દીકરાઓમાં ફક્ત પેસતનજી માદન કલકતામાં હાલ વસે છે. પોતાની ઉપરતી જવાનીમાં, પેસતનજીએ મુંબઇમાં જેમ વીકટોરીયા કલબમાં પોતાના મધુર હલક, અને નાટકી હાવભાવથી ધુંમ મચાવી હતી, તથા ઓરીજીનલ વીકટોરીઆમાં પણ તેવીજ રીતે કામ કરી લોકપ્રીયતા મેળવી હતી, તેમજ પોતાના ભાઇ જમશેદજી માદનની કલબમાં જોડાઇ, પોતાની શક્તી મુજબ કામ કરી કલકતામાં પોતાની અગત્યતા પુરવાર કરી આપી હતી.

પેસતનજી ફરાંમજી માદન. પેસતનજી ફરાંમજી માદન!



શેરપીઆરના એકાદ ઉરદુમાં ભજવેલા નાટકમાં મુંબઇનો 'પેસુ આવાંન.'



એક વખતનો પારસી સ્ટેજનો 'હીરો.' (બુઝોરગી!)

એ રીતે જોતાં માદન ભાઇઓનું આખ્ખું મંડળ, શરૂઆતથીજ નાટકના ધંધામાં પડયું હતું. પેસતનજી માદન, અને નસરવાનજી માદન, બંને ભાઇઓ વીકટોરીયા કલબમાં તેની શરૂઆતથીજ સામેલ થયા હતા. જમશેદજી માદન એલફીનસ્ટન કલબમાં તેની શરૂઆતથીજ સામેલ થયા હતા, અને જેહાંગીર માદન પાછળથી પોતાના ભાઇ મરહુમ જમશેદજીની કલબમાં સામેલ થઇ, પાછળથી તેવણ છુટા થયા હતા. ખરશેદજી માદનની ચળવળો કાંઇ ઝાઝી જણાઇ ન હતી, એટલે તે વીશે વધુ કાંઇ નોંધાઇ શકાતું નથી.

પરશીઅન ઝોરાસ્ત્રીયન કલબ.

માલેક પેસ્તનજી વેલાતી.

હવે ચાલો મારા મેહરબાનો, મારી સાથે હું તમુને ઇ. સ. ૧૮૭૦) ના આલમમાં લઇ જવાની રજા માગું છું. માફ કરજો. આ નાટકની તવારીખ એવીજ ઢંગધડા વગરની છે, મગર તેમાં અતરાગાત જેવું જરાએ સમજવું નહી.

ગ્રાંટરોડ ઉપર જ્યારે ઇરાની નાટકોની ધમાલ ચાલતી હતી, અને તરેહવાર યાંત્રીક દેખાવોના પ્રદરશન દરેક કંપનીવાળાઓ કાંઇ અને કાંઇ કરતા હતા, ત્યારે તેવે પ્રસંગે, શરબત અને સોડાવાટર વેચનારા ઇરાની ભાઇઓએ, ઇરાની નાટક મંડળી ઉભી કીધી હતી. એ મંડળીના મુખ્ય મદદગાર મરહુમ દાદાભાઇ પટેલ હતા. એ સઘળું હું આગલા મારા લેખોમાં વીગતવાર લખી ગયો છું. એ મંડળીએ

બરજોર અને રૂસ્તમ

નામનો એક ઇરાની ખેલ સ્ટેજ કીધો હતો. એ ખેલમાં ગુરગીન નામના ઇરાની પેહલવાનનો ભાગ, એક હમદીન જરથોસ્તીએ ભજવ્યો હતો. એ ભાઇનું નામ પેસ્તનજી ફરામજી વેલાતી હતું. એ ઇરાની નાટક મંડળીમાંથી ફારેગ થઇ પેસ્તનજી વેલાતીએ

પરશીઅન ઝોરાસ્ત્રીઅન નાટક મંડળી

ઉભી કીધી હતી. એ મંડળી માટે મરહુમ લેખક દાદાભાઈ એદલજી પોહચખાનાવાળા, જેવણ 'નંદેખુદા'ના તખલ્લુસથી ઓળખાતા હતા, તેવણે બરજોર અને મેહરસીમીન ઓઝાર નામનો એક ફાંકડો નાટક લખ્યો હતો. એ નાટકમાં કેટલાક યાંત્રીક દેખાવો (હફતેખાન) આવનાં હતા. પેસ્તનજી વેલાતીએ એ યાંત્રીક દેખાવો સારી રીતે સ્ટેજ કીધાં હતાં. પોલાદવંદ દેવ અને મોરજાંન જાદુગરણીના પાત્રો એ નાટકમાં વીશેષ ધ્યાન ખેંચતાં હતાં. પેસ્તનજી વેલાતી, પોતે એ નાટકમાં કાંઇ ભાગ ભજવતા હતા, પણ તેવણનું 'એકટીંગ' એવું મનહરણ નહી હતું, કે લોકપ્રીય થઇ પડે! વળી પોતે કલબના માલેક, એટલે મકદુર કોણની કે એવણને કોઇ કાંઇથી સુચના કરી શકે! એવી ગુમાની અને જાહેલીને વશ થઇ, પોતાને ખાહલપસંદ એકટીંગ કરવા જતાં, એક પ્રવેશમાં એવો છબરડો ગરકુમથી થઇ ગયો હતો, કે ગ્યાલરી ઉપરના ટુફાની બારકસોએ એવણને

"ગેઇ! ગેએઇ! ગેઇ—ગેઇ!"

એવે નામે પાછળથી સતાવવા માંડયું હતું! આ 'ગેઇ—ગેઇ' શબ્દો પેસ્તનજીના પાર્ટનો એક ભાગ હતો. મોરજાન જાદુગરણી પોતાના તખત ઉપર બેસી, હવામાં ઉડી જતી હતી, ત્યારે તેથી અજબ થઇ મરહુમ પેસ્તનજી એ બોલો બોલતા હતા. પણ તે જેવી ઢબછબ અને એકટીંગ સાથ બોલવા જોઇતા હતા, તેમ નહી બોલાવાથી ટુફાની બારકસો પેસ્તનજીને તે દીવસથી 'ગેઇ ગેઇ'—એવા શબ્દો બોલી, તેવણને પજવતા

હતા. આ નાટક ઇ. સ. ૧૮૭૧ ના સાલમાં શંકર શેઠના થીએટરમાં સ્ટેજ થયો હતો. પણ પેસતનજીએ તેમાં નફા કરતાં નુકશાન વધારે અનુભવ્યું હતું. એટલે પેસતનજીએ ધરાની નાટકો સ્ટેજ કરવાનું પડતું મુકી, ઉરદુ નાટકો કરવાનું શરૂ કીધું.

ઉરદુ નાટકનો જમાનો જો કે પુરેપુરો હજી શરૂ થયો નહી હતો, છતાં પેસ્તનજી વેલાતીએ તે અખતરો અજમાવ્યો હતો. સ્ત્રીના પાર્ટ કરવા લાયક ખેલાડીઓની હવે તાણ પડવા લાગી હતી. ઘણી તલાશ કરવા છતાં તેવા લાયક છોકરાઓ નહી મળ્યાથી, મરહુમ પેસતનજી વેલાતીએ અંતે પોતાના એક સગા ભાઇને એ ઉરદુ ખેલમાં ભાગ લેવાની ફરજ પાડી હતી. તેવણનું નામ કાવસજી ફરામજી વેલાતી હતું.

કાવસજી ફરામજી વેલાતી.



પરશ્યન ઝોરાસ્ત્રીઆન કલબના 'હીરાઇન!'

પણ મરહુમ પેસતનજી વેલાતી પોતાની ગણત્રીમાં કેવળ નીસફળ થયા હતા, અને કલબ તેની શરૂઆતની મરજતે પુગી હતી! કાવસજી વેલાતી ત્યાર પછી સ્ટેજ છોડી ગયા નહી હતા. તેવણે સ્ટેજને પોતાના ધંધા તરીકે લઇ લીધું હતું, અને

મુંબઇની લગભગ સઘળી નાટક મંડળીઓમાં, તેમાં ખાસ કરી નાટક ઉત્તેજક મંડળીએ કરેલ હીંદુ ગુજરાતી નાટકોમાં, તેવણે પોતાની સેવા થોડી કે ઘણી આપી, આખરે તબીઅતની નાદુરસ્તીને લીધે તેવણ સ્ટેજથી ફારેગ થઇ ગયા હતા.

મરહુમ પેસ્તનજી ફરામજી વેલાતી

પણ પેસ્તનજી વેલાતી, નાટકના મેયદાને જંગમાં એકદમ હારી ખાઇ ગયો નહીં હતો. પોતે એક અચ્છો લેખક હતો, અને કલમકસી કરવામાં તે કાબેલ કહેવાતો હતો. એટલે જેમ આજે 'ટકે સેર દેખાતા' પારસી લેખકોના ભેજાંમાં ગુમાનીનો પર રેહતો નથી, તેમ મરહુમ વેલાતી, તે વખતે પોતાને એક સહુથી આહોશમાં આહોશ લખનાર અને નાટકનવેશ સમજતો હતો! તેની તેવી અમેમાની અને વર્તનને લીધેજ, તેના નાટકો કદાચ નીશફળ નીવડયા હોય, એ બનવા જોગ છે! ગુજરાતનો એક કવી કૃષ્ણરામ લખી ગયો છે કેઃ–

"વાટે વાટે વ્યાસ, થઇને માણ વજાડે,
પાચે બેઠા ખાસ, ટેહ તાળીઓ પાડે.
સ્તુતી સ્મૃતીની વાત, કાળ જીવ ઈશ્વરની,
જાણે નહી કંઇ જાત, રાગ તાળ કે સ્વરની.
પીંગળ રીતે છંદ, કવીતા કરી ન જાણે,
પોતાતણા પ્રબંધ, રચી રાગડા તાણે.

*   *   *

વેદ શાસ્ત્રની વાત, કદી ધરે નહી કાને,
રાજી રહે દીન રાત, ગુણીકા કેરે ગાને."

આ નાટકનવેશ અને ખેલાડી, થોડાક પારસી–ઇરાની અને ત્યાર પછી હીંદુ નાટકો સ્ટેજ કરી, પોતે એકાએક સ્ટેજ છોડી અલોપ થઇ ગયા હતા, અને ત્યાર પછી તે કયારે ગુઝર પામ્યા તેની કાંઇબી ભાળ કે ખબર જણાઇ ન હતી.

શેકસ્પીઅર નાટક મંડળી (૧૮૭૬.)

બીરાદરેમન, આ જરા ધ્યાનથી વાંચજો, કેમકે આ શેકસ્પીઅર નાટક મંડળી થોડાક જાણીતા, કેળવાયલા જવાનોની સામેલગીરીથી બનેલું હતું. જ્યારે આસપાસ ઉભી થયલી કલબો ઇરાની ખેલો કરવા પડી, અને તેઓની તેવી કોશીસો મોટે ભાગે ઉચકાવા લાગી, ત્યારે થોડાક નવાં ભેજાંઓએ એકનું એક પીજન નહી કરવાનો વીચાર કરી, તેઓએ એવો ઠરાવ કીધો, કે શેકસ્પીઅરના ખેલો ગુજરાતી જબાનમાં સ્ટેજ કરવા, અને તેવા ખેલો તરફ 'જુનાં ધુખરાયલાં ડોબાઓના કરતા, કેળવાયલા વર્ગનું ધ્યાન ખેંચવું'. આવા વીચારોથી થોડાક ઉત્સાહી જવાનોએ એક કલબ ઉભી કરવાનો ઠરાવ કીધો હતો. વળી તેઓએ એવોબી વીચાર સાથે સાથે કીધો, કે એવા નાટકો શેકસ્પીરીઅન

જમાનામાં વપરાતા લેબાસમાં સ્ટેજ કરવા. તેઓએ એ કામ શરૂ કરવા આગમચ પેહલાં થોડાક જોઇતા એકટરો જમાવ્યા હતા, અને તે એકટરોમાં થોડાક મેટ્રીકયુલેટ થયલા, અને થોડાક F. E. A. (First Examination in Arts) પસાર કરેલા. એને એકઠા કીધા બાદ, ચાકરી ધંધામાં પડેલાઓને ભેગા કરી લીધા હતા-એ થોડાક સાહેબોએ પોતાની કલબનું નામ શેકસપીઅર રાખ્યું હતું.

હવે તેઓને એક નાટક લખનારની જરૂર પડી. તેથી કોઇ એવો લખનાર જોઇતો હતો, જે સારો જેવો નાટક ગુજરાતી ઝબાનમાં લખી આપે. એદલજી ખોરી કે કેખશરૂ કાબરાજી જેવા નાટકનવેશો પાસે જવાની તેઓએ હીંમત કરીજ નહી, કેમકે તેઓ તો વીકટોરીયા અને ઝોરાસ્ટ્રીઅન કલબના લાભ તપાસનારા હતા. અંતે તેઓએ એક નવો નાટક લખનાર શોધી કાહડયો, અને તે લખનાર

મરહુમ ડોસાભાઇ ફ્રરામજી રાંડેલીઆ

હતા. આ નાટક લખનાર એક લેખક તરીકે તે વખતે જાણીતા હતા, કેમકે તેવણે-અત્યારસુધીમાં બે-એક પુસ્તકો છપાવી પ્રગટ કીધાં હતાં. નાટકના ધમધમી રહેલા તે વખતના જમાનામાં, મરહુમ ડોસાભાઇનો શોખ એક નાટકનવેશ તરીકે બનવાનો જો તેવણને થયો હોય, તો તેમાં કાંઇબી નવાઇ જેવું હતું નહી! ભાઇ સાહેબ, એ વાત કાંઇ આજકાલની સમજવી નહી. ઇ○ સ○ ૧૮૭૬ ના સાલનો તે પ્રસંગ હતો, એટલે આજે તેને લગભગ પચાસ ઉપર ચાર (૫૪) વરસ થઇ ગયાં છે. આ લેખના આગલા અંકો અગર જો આપ સાહેબે વાંચેલા ધ્યાનમાં હોય, તો જાણો કે નાટક લખનારા અનેક હરીફો તે વખતે બાહર નીકળી ચુકયા હતા, અને તેઓ વચ્ચે કાતીલ હરીફાઇ ચાલતી હતી. તેવે સમે મરહુમ ડોસાભાઇ રાંડેલીઆ સાહેબને, ઉપલી શેકસપીઅર કલબના સ્થાપનાર સાહેબોએ જઇને, પોતાની કલબ માટે એક શેકસપીઅરનો નાટક લખવાની ફરમાસ કીધી હતી, અને ટુંકમાં તેવણે એક નાટક શેકસપીઅર, એ નાટક મંડળીવાળાઓ માટે લખવા કબુલ્યું હતું.

ડોસાભાઇ રાંડેલીઆએ આ નાટક લખવા હા પાડી, અને શેકસપીઅર કલબનો માલેક જે એક એવો પારસી હતો, કે આખો નાટક અગર જો તે એખલો સ્ટેજ કરી શકતો હોય, તો તેમબી કરવા તે ચુકે નહી! તેના એવા ચુલબુલીઆ સ્વભાવને લીધેજ, આ સારી આશા આપનારી શેકસપીઅર કલબ, પાછળથી ભાંગીને ભુકો થઇ ગઇ હતી. તે માલેકનુ નામ મંનચેરશા નવરોજી મેહતા હતું. પણ આતરે આપણ જરા અટકીશું, કેમકે આ શેકસપીઅર કલબની હકીકત લગાર જાણવા જોગ છે.

(૬૫)

ડોસાભાઈ રાંડેલીઆએ એક મુશ્કીલ કામ માથે ઉઠાવ્યું હતું! શેક્ષપીઅરનો રોમીઓ જુલીઅટવાલો નાટક તેવણે લખવાનું કામ માથે લીધું ખરૂં, પણ મને લાગે છે કે તેવણે અત્યાર આગમચ કોઈબી નાટક લખેલો નહી, એટલે ઉલટમાં આવી નાટકનવેસ બનવાની તક જતી મુકી નહી હતી. ગરીબ બીચારો શેક્ષપીઅર કલબનો માલેક! હોંસ અને ઉલટમાં આવી, સારા અને કેળવાએલા એક્ટરોની કુમક ઉપર કુદી, પોતાની પાસે જે કાંઈ પુંજી હતી, તે ખરચી નાખી, હજારો રૂપીઆ કમાવાની તેણે ગણત્રી કરી હતી! પહેલાં તો તે પોતે, એક એક્ટર તરીકે, અને વળી ડીરેક્ટર તરીકે પોતાને સઉથી વધારે કાબેલ સમજતો હતો. બીજું તો મરહુમ ફરામજી કાવસજી મેહતા, જે રીતે ઓરાઅીઅન કલબમાં ઇંગ્રેજી ડાન્સ કરતા હતા, તેસ તેવા ડાન્સ કરવાનો અભખરો, એ ભાઈને હદ વગરનો હતો. ત્રીજું તો મેં આગળ લખ્યું છે, તેમ નસરવાનજી પારખના 'સ્ટારલીંસ-એક્ટીંગ'ની નકલ કરવાનો તેને ચરટો લાગેલો, એટલે એ બધાનું સેવટ કેવું આવે, તે જોવાનું બાકી રહ્યું હતું.

ડોસાભાઇ રાંડેલીઆનો રોમીઓ જુલીએટ.

અંતે ડોસાભાઈ રાંડેલીઆએ રોમીઓ જુલીએટનો નાટક લખ્યો, અને તે ભજવવાનો હક શેક્ષપીઅર કલબને આપ્યો. પણ એ ખેલ લખ્યા પછી મરહુમ રાંડેલીઆએ, તે નાટકના લખનાર તરીકે પોતાનું ખરૂં નામ આપવાને બદલે Delta ના તખલ્લુસ હેઠળ તે ખેલના લખનારને જણાવ્યો હતો. એનું કારણ મરહુમ રાંડેલીઆએ નાટક લખ્યા પછી, તેવણે એવું જાણ્યું હોય, કે રોમીઓ જુલીએટનો નાટક જે તેવણે ઇ. સ. ૧૮૭૬ માં લખ્યો હતો, તે નાટક તો,

સ્ટુડંટસ એમેચ્યુયર કલબે

ઇ. સ. ૧૮૫૮ ના સાલમાં, એટલે મરહુમ રાંડેલીઆએ શેક્ષપીયર નાટક મંડળી માટે પોતે લખ્યો તેની બરોબર ૧૮) વરસ અગાઉ, તેઓએ તે સ્ટેજ કીધો હતો. એ બાબદ કદાચ મરહુમની જાણમાં આવ્યાથી, પોતાનો રોમીઓ જુલીએટ Delta ના તખલ્લુસ હેઠળ છપાવી, પોતાનું નામ જાહેર થતું અટકાવ્યું હોય, એ બનવાજોગ લાગે છે! પરંતુ એક બીના આ મકઆર દરમ્યાન જે છુપી રહી ગઈ છે, તે એ છે કે ઇ. સ. ૧૮૫૮) ના સાલમાં લખાએલો રોમીઓ જુલીએટનો નાટક લખનાર ધણી કોણ હતો, તેનું નામ આજસુધી જાહેર થયું નથી. આ નાટક સ્ટુડંટસ એમેચ્યુયર કલબે સ્ટેજ કીધો હતો, અને તેની તારીફ તે વખતના જાહેર છાપા 'પારસી મીતરે' બાબજા કીધી હતી, તે ઉપરથી એ લેખકનું નામ જાણવાની ઇંતેજારી ઉત્પન્ન થવા પામ્યા છતાં, તેનું નામ આજસુધી છુપુંજ રહ્યું છે.

પણ શેક્સપીયરનો રોમીઓ જુલીએટનો નાટક તે વખતે ખાસ વખણાયો હતો, તેનું એક મુખ્ય કારણ, તે ખેલના ખેલાડીઓ, પેલા જાણીતા ડીરેકટર હીરજી ખંબાતાના શીક્ષણમાંથી પસાર થયા હતા. સઘળા ખેલાડીઓમાં મુખ્ય ધ્યાન ખેંચનારો એકટર, તે રોમીઓનો પાર્ટ કરનાર જવાન મી૦ હોમી આંટીયા હતો. આ ખેલાડી પોતાની ઉંચા પ્રકારની ઇંગ્રેજી ભાષાની કેળવણીને પ્રતાપે, શેક્સપીયરના રોમીઓને એવી રીતે સ્ટેજ ઉપર તે રજુ કરતો હતો, કે તેથી તમાશબીન આલમ તેના હાવભાવ અને બોલવાની ઢબછબથી ગોયા ચકીત થઈ ગઇ હતી. આવા ઉંચી કેળવણી પામેલા ખેલાડીઓના ભેગાં બળથી ઉભી થયલી શેક્સપીયર કલબ, એ નાટક બે—ત્રણ વખત કરી, સદાની શાંતીમાં જઇ પડી હતી.

ખાનબહાદુર હોરમસજી જમશેદજી આંટીયા.



ઉંચા પ્રકારની નાટકી શકતીવાળો એકટર—ડેપ્યુટી આ૦ પોલીટીકલ એજંન્ટ કાઠીઆવાડ—ફર્સ્ટ કલાસ માજીસ્ટ્રેટ, અને સ્મોલકોઝ કોર્ટના જજ રાજકોટ—આ૦ પોલીટીકલ એજંન્ટ. ઝાલાવાડ પ્રાંત—દીવાન, છોટા ઉદેપુર સ્ટેટ—વાઇસ પ્રેસીડંન્ટ બેન્ડોરા—મ્યુનીસીપાલીટી.

ખાનબાહદુર હોરમસજી આંટીયા, એક એમેચ્યુઅર ખેલાડી તરીકે મુંબઇના ફાંકરશેઠની નાટકશાળા ધ્રુજાવી, સરકારી તેમજ રાજ રજવાડાની સેવા બજાવી મુક્ત

સુધી ભજાવી, અનેક માનપાન, અને બાદ મેલવી હવે 'રીટાયર્ડ' લાઇફ ભોગવી રહયા છે. કેહવાની જરૂર છે, કે હોરમસજી આંટીયા, શેક્ષ્પીઅર કલબમાં જોડાયા, તેનુ એક કારણ એ હતું, કે તેવણ શેક્ષ્પીઅરના લેખો, અને નાટકોના સાહીત્યના એક ચુસ્ત અભ્યાસી હોવાને લીધેજ, રોમીઓના નાટકમાં રોમીઓ થવાની, અને પોતાને મન પસંદ નાટકી શકતી, તખતા ઉપર દાખવવાની તક તેવણે લઇ લીધી હતી. તેવામાં એક વધુ વધારો મરહુમ હીરજીભાઇ ખંભાતાએ, એ કલબમાં ડીરેકટર બનીને હોરમસજીને ખીલી નીકલવા માટે પોતાનું એકટીંગ બતાવ્યાથી થયો હતો. એવાજ પારસી એમેચ્યુઅરો, અગર જો આજના વખતમાં ઘણા નહી પણ ફકત ત્રણ—પારસી નીકલે, તો બેશક પારસી નાટક તખ્તો, જે આજે સીંહા અંધકારમાં ગબડી પડી મોટાં ખાઇ રહયો છે, તે પાછો ચલકી—ઝમકી, પોતાની અવલ કીરતીમાં ઉમેરો કરી શકે.

ધી ઝોરાસ્ત્રીઅન ડ્રામેટીક સોસાયટી.

(ઇ. સ. ૧૮૭૯—૮૦.)

શેક્ષ્પીઅર નાટક મંડળી રોમીઓ જુલીઅટના બે–એક નાટકો કરી વીખરાઇ ગઇ હતી. તે ઇ૦ સ૦ ૧૮૭૭–૭૮ ના સાલમાં ખેલો કરી પરવારી ગઇ હતી. પણ તે કલબમાં સમાયલા કેટલાક પારસી એકટરો એવા હતા, કે જો તે લોકોને સારી રેહબરી અને તાલીમ મલી હોય, તો બેશક તેઓ અચ્છા ખેલાડી બની શકે. હોરમસજી આંટીયાએ હવે રોમીઓ થવા સાફ ના પાડી, અને પારસી નાટક તખ્તાને તેવણ છેલ્લી સલામ કરી ગયા હતા. ઘણુંએ સમજાવ્યું, પણ હોમી આંટીયા એકથી બે થયો નહી! ભલાં મનીખ જબરો હઠીલો! ચાલો, જવા દો! શેક્ષ્પીઅર કલબ બંધ પડી, તેનો માલેક પોતાનો નાટક અને ડરેસો લઇ પોતાને ઘરે ગયો, અને તેના આગેવાન એકટરો એક નવી કલબ કહાડવાના વીચારમાં પડયા હતા! તેઓ બધા નોકરી—ચાકરીના ધણી હતા, પણ નાટક કરવાનો શોખ તેઓને જબરો લાગ્યો હતો. તુરતજ શેક્ષ્પીઅર કલબના ત્રણ આગેવાન ગ્રહસ્થોએ સાથે મલી ઠરાવ કીધો, કે ત્રણે જનોએ ભાગીદાર બની એક નવી કલબ ઉભી કરવી, અને જો જરૂર પડે તો પોતાની સંઘમાં બીજા ભાગીદારો લેવા. આ ત્રણ સાહેબો—માહેલા એક મરહુમ પેસ્તનજી દીનશાહ કાંગા, જેવણ તે વખતે એક જાણીતા ક્રીકેટર હતા, અને જેવણ આ બુકના લેખક સાથ ખાડા સંબંધમાં આવેલા હતા, તેવણે મારી સુચનાથી એક નવી મંડળી ઉભી કરી, અને તેને ઝોરાસ્ત્રીયન ડ્રામેટીક સોસાઇટીનું નામ આપી, ખરાની ખેલો સ્ટેજ કરવાની હીમાયત કીધી હતી. એ સુચના પેસ્તનજી કાંગાએ પોતાના મીત્રો મરહુમ બેહરામ કલેકટર, જેવણ એક ઘણાજ રમુજી અને હાસ્યરસ ખેલાડી હતા, તેમજ મેહરામ કાત્રક જેવણ મીલ ઉદયોગમાં રોકાયલા હતા, તેવણને જણાવી, અને ટુંકમાં એ નવી ઝોરાસ્ત્રીયન કલબનું કામ શરૂ કીધું. પેસ્તનજી કાંગાએ મુળ આગેવાની લીધી. થોડાક નવા એકટરોબી કીકેટના

મયેદાનમાંથી તેવણે જમાવ્યા, અને ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટીની સ્થાપના બહારકોટ, બલાડી બાગની પડોશની ગલીમાં આવેલી, મરહુમ દીનશાહ માસ્તરની છોકરા-છોકરીઓની સ્કુલના કુશાદે ઓરડામાં એક દાહડે રાત્રે કરી હતી.

મરહુમ પેસ્તનજી દીનશાહ કાંગા.



ધી ઝોરાસ્ટ્રીયન ડ્રામેટીક સોસાયટીના એક માલેક—અને એક
ઉલટમંદ એમેચ્યુઅર ખેલાડી—તે વખતના એક જાણીતા આગેવાન ક્રીકેટર.

આ ક્લબની સ્થાપના જે રાત્રે થઈ, તેજ રાત્રે આ યાદના લખનારને પણ ડીનર કરેલું હોવાથી, ક્લબે શું શું કરવું, અને કેવા કેવા ખેલો કરવા જોઈએ, તેનું કાંઈક તાતપર્ય સભાસદોને જણાવી જાહેર કીધું, કે ઝોરાસ્ટ્રીયન સોસાયટીએ તેના પેહલા ખેલ તરીકે

રૂસ્તમ અને સોહરાબનો ઓપેરા

સ્ટેજ કરવો. આ ખુલાસો સાંભળ્યા પછી, તેજ વખતે બે નવા ગ્રહસ્થોએ પોતાની સામેલગીરી ભાગીદાર તરીકે આપવા, પોતાની મરજી જણાવી હતી. એટલે હવે આ મંડળના ત્રણને બદલે પાંચ ભાગીદાર થયા હતા.

મરહુમ બેરામજી પેસ્તનજી કલેક્ટર.

„ બેરામજી ન. કાતરક.

„ પેસ્તનજી દીનશાહ કાંગા.

„ ફરામજી હોરમસજી બાલકાકા.

„ રૂસ્તમજી હોરમજી બામજી.

ભાગીદારોની સંખ્યા વધે તેથી દલગીર થવા જેવું કાંઈ હતું નહી, કેમકે શરૂઆતમાં જે ખરચ થનારો હતો, તે ખરચમાં વધારે ભગતડ થઇ જાય તેમ હતું, એટલે આ નવા ભાગીદારો બેશક આવકારદાયક થઇ પડયા હતા. વધુ આવકારદાયક એટલા માટે, કે રૂસ્તમજી બામજી આંટરોડની નાટકશાળાઓમાં થતા નાટકોમાં ઘણોજ બારીક રસ લેતા હતા, અને મોટે ભાગે દર શનીવારની રાત્રે, વીકટોરીયા થીએટરમાં થતા નાટકોમાં તેવણ નજરે પડતા હતા. મરહુમ ફરામજી બાલકાકા સ્કુલ માસ્તર તરીકે કામ કરતા હતા, અને તેવણ પાસથી નાટકોના બાબમાં કાંઈ જાણવાજોગ લાભ કલબના પેશકારોને મળ્યો નહી હતો.

રૂસ્તમ સોહરાબના બન્ને ખેલોનો અનુભવ આ અદના લેખકને અત્યાર આગમચનો મળેલો હતો, એટલે સેવક જરા ચમકી અને ચેતીને આગળ વધતો હતો. મરહુમ ખોરીના રૂસ્તમ સોહરાબના ખેલને આધારે, એ બાબો ખેલ સેવકે લખ્યો હતો, મગર તે તમામ ખેલ બેતબાજી અને ઉંચી ફીસમના ગાયનોથી મઢી લીધો હતો. ઉંચી ફીસમના ગાયનોનો ઉપયોગ કરવાની સેવકને ફરજ એટલા માટે પડી હતી કેમકે મરહુમ દાદાભાઇ ઠુંઠીએ ઉરદુ ઝબાનમાં અલાદીનનો ઓપેરા રચી વીકટોરીયા કલબ પાસે તે સ્ટેજ કરાવ્યો હતો, અને પોતે તેમાં અબનેઝાર–જાદુગરનો ભાગ ભજવતા હતા !

આહ ! શું લખું રડીકો ! દાદાભાઇનો તે ભાગ જોઇ લોક ચતરાઇ ગયું હતું ! તેવણનો દમામદાર દેખાવ, તેવણનું કદાવર કદ, અને ગાયન ગાવાની સઘળી ઢબછબ અને અવાજે, લોકો ઉપર જબરી અસર કરી હતી. એ નાટકમાં દાદાભાઇએ સઘળા ગાયનો ચુંટી ચુંટીને ઉસ્તાદી મુકયાં હતાં, અને તે સઘળાં તે વખતના લોકપ્રીય મુનશી રઉનકે જોડયાં હતાં. હવે જ્યારે અલાદીન જેવો ધરખમ ઓપેરા ઉંચી ફીસમના ગાયનો સાથે રજુ થતો રહે, ત્યારે આ અદના સેવકને હાથે રચાયલો એક ઓપેરા, નજીવી અને સેહલી રાહ ઉપર રચાય, તે લોકોને કેમ પસંદ પડવાના હતા, એવો મને શક પડયો હતો ! આ અને એવાજ બીજા સબબને લીધે રૂસ્તમ–સોહરાબનો ઓપેરા, બીકટ રાગોવાળી નવી નવી ચીજો ઉપર મેં જોડયો હતો, અને તે આ ઝોરાસ્ત્રીઅન ડ્રામેટીક સોસાયટીના સારે ભાગ્યે મળી આવેલા કેળવાયલા જરથોસ્તી ખેલાડીઓએ ભજવ્યો હતો.

મરહુમ ખેલાડી ખેરામજી કલેકટરે, એ ખેલમાં ગુરગીનનો ભાગ, ઘણીજ સીફતભરી રીતે રજુ કીધો હતો, અને તે એક રમુજનું અચ્છુ સાધન થઇ પડયું હતું. વળી મરહુમ ખેરામજી કાતરકે, પેહલવાન હજીરનો ભાગ ભજવી, લોકની પ્રશંસા મેળવી હતી. પેરતનજી કાંગા પાદશાહ કયકાઉસ થયા હતા, અને મરહુમ રૂસ્તમજી બામજી, અફરાસીઆબ વઝીરના પેહલવાન હોમાન બની, એવાં તો કરતુકભરી રીતે પોતાના પાખંડ સોહરાબ ઉપર ચલાવી, તેને ભંભેર્યો હતો, કે રૂસ્તમ બામજી, હોમાન તરીકે સ્ટેજ ઉપર જેવો દાખલ થતો હતો, તેવોજ લોકો તેને "હરધુત–શેમ–

શેમ"ના પુકારોથી વધાવી લેતા હતા! રૂસ્તમ બામજી ખેલાડી તરીકે ગોયા એક બેધારી તલવાર હતી, કેમકે જેમ તે ગંભીર પ્રકારના પાત્રો આશ્ચરકારક રીતે રજુ કરતો હતો, તેમજ હાસ્યરસ પાર્ટ પણ તે તેટલીજ સરસ રીતે કરતો હતો.

મરહુમ રૂસ્તમજી હોરમસજી બામજી.



બે ધારી પારસી ખેલાડી-કોમીક તેમજ ગંભીર પ્રકારના પાર્ટ સ્ટેજ કરી, ઝો૦ દ્રા૦ સોસાયટીને દીપાવી ગયલો.

રતાઇ મદમનો ફારસ.

જેમ બીજી ત્રીજી કલબોના મદદગારો, તેઓને ઉત્તેજન આપવા તઇયાર થઇ ગયા હતા, તેમ આ ઝો૦ દ્રા૦ સોસાયટીને ઉંચકી આપનાર કોઇ હતું નહી. અંતે ખેલની સેવટે એક સંસારી ફારસ કરાવવા, મરહુમ પેસુ પેત્રીજ પોતાનો લખેલો રતાઇ મદમનો ફારસ આપવા તઇયાર થઇ ગયો હતો! તે તપાસી જોઇ, અંતે કાંઇક ફેરફારો સાથે કરવાની તઇયારી કીધી હતી. એ ફારસમાં એક મોબેદ કાંઇક રમુજી પાત્ર રજુ કરતો હતો. લોકલાગણી ફારસ જોવા વીશેસ હતી. એ ફારસમાં રૂસ્તમ બામજીએ પોતાની મરજીથી મજકુર મોબેદનો પાર્ટ ભજવ્યો હતો, મગર તેનાં ઉલટ અને ઉમંગથી દોરવાઇ જઇ, રૂસ્તમ બામજીએ એવો તો કાંઇક છબરડો કીધો હતો. કે કોટની બજાર ગેટ ઓટના દાદાઓની પાર વગરની ખફગી, રૂસ્તમે, તેમજ આ ઝો૦ દ્રામેટીક સોસાયટીએ ખેંચી લીધી હતી! આ રૂસ્તમજી બામજીએ તે વખતની નાટકી ચળવળોમાં, પોતાની જવાનીના ઝુમમાં એવાં એકાદ બે પ્રાક્રમો કીધાં હતાં, કે તેની નોંધ નાટકની આ એક પુરી તવારીખમાં લેવાવી જોઇએ છે. એ વીગત હું આવતા અંકમાં આગળ ચલાવીશ.

(૬૬)

ઈ૦ સ૦ ૧૮૭૯—૮૦)ના સાલમાં, નાટકની હાલત બગડવા માંડી હતી. એવો સમે ઝોરાસ્ત્રીઅન ડ્રામેટીક સોસાયટીને પોતાનો રૂસ્તમ—સોહરાબનો ખેલ કરવા માટે એક નાટકશાળા મળવી મુશ્કીલ થઇ પડી હતી. વીકટોરીયા નાટકશાળામાં વીકટોરીયા કલબ પોતાનું કામ કરતી હતી, અને શંકર શેઠની નાટકશાળામાં કુંવરજી પડંગો મારી બેઠેલા, એટલે ઝોરાસ્ત્રીયન કલબ કયાં નાટક કરે?

એ વખતે કરાફર્ડ મારકીટની સામે, પ્રખ્યાત નાટક ઉ-તેજક મંડળી પોતાનું પીલપીલના લાકડાંનું થીએટર બાંધી, ત્યાં પોતાના ગુજરાતી ખેલો કરતી હતી. ઝોરાસ્ત્રીયન વાળાઓની એજ નાટકશાળામાં પોતાનો રૂસ્તમ સોહરાબનો ઓપેરા અને સંસારી ફારસ કરવા ઘણાજ ખંતી હતા, કેમકે પારસી કોમનો મોટો ભાગ, તે વખતે કોટ, ધોબીતળાવ અને બહારકોટમાં વસ્તો હોવાથી, તે મોટા ભાગની આમદ ઉપર મોટી વકી રાખતા હતા. એ એકજ નેમ ધ્યાનમાં રાખી, નાટક ઉતેજકવાળું થીએટર, જે એસ્પ્લેનેડ થીએટરને નામે ઓળખાતું હતું, તેના થોડાક આઠ દાહડા, રૂસ્તમ સોહરાબનો ઓપેરા કરવા માટે, દર રાતના રૂ. ૩૦) ને હીસાબે ભાડે લીધા હતા. આઠ દહાડા એટલે શની અને બુધવારની રાત સીવાય, સઘળા દહાડા. કેમકે એ દહાડા ઉપર નાટક ઉત્તેજક મંડળી પોતાના નાટકો કરતી હતી. ઝોરાસ્ત્રીયન સોસાવટીવાળાઓ કભી તો મંગળવારની રાતે, અને કભી તો શુક્રવારની રાતે રૂસ્તમ—સોહરાબ કરતા હતા. થોડંક અઠવાડીયાં તો કામ ઠીક ગબડયું, પણ અંતે એક દહાડો રૂસ્તમ બામજીની મોહકાણમાં ગડબડની શરૂઆત થઇ હતી.

પરદાનું દોરડું કાપી નાખવા એક નીકલેલો પારસી.

"એ સા—ની શું તાકાત, કે એવો ફારસ કરે!"

રતી મડમના ફારસમાં મરહુમ રૂસ્તમ બામજી એક મોબેદનો પાર્ટ કરતા હતા. આ ખેલાડી મેં આગળ લખ્યું છે, તેમ ઘણોજ ઉમંગી હતો. તેણે રતી મડમના ફારસમાં પોતાનો મોબેદનો પાર્ટ કરતાં, એકાદ flukeનો ઉપયોગ કીધો હતો, અને કહેવામાં આવે છે, કે એક દીનશાહ હારવર નામનો પારસી તેથી ઘણોજ ઉશ્કેરાઇ ગયે હતો. તે પારસી પોતાના જેવા બે—એક જન સાથ, પેલની બપોરના નાટકશાળાના મેનેજર અને સુથારને આવી દમડાટી કરી કહી ગયો હતો, કે જેવી રીતે ફારસમાં પેલા રૂસ્તમ બામજીએ ગઇ વખતે કીધું હતું, તેવું જો આજે રાતે કરશે તો હમો તેજ વખતે સ્ટેજ ઉપર આવી પરદાના દોરડાં કાપી નાખશું. એ સા—ની શું તાકાત કે એવો ફારસ કરે!"

આ સનાનના સમાચાર રાતના સ્ટેજ મેનેજરે હમુને જણાવ્યા. મરહુમ પેસ્તનજી કોગા, જેવણ કોટમાંજ રહેતા હતા, અને જેવણ તે વખતના મશહુર પંજાબી ઉસ્તાદ

'અમદુ'ની તાલીમમાં નીયમીત કસરત કરવા જતા હતા, તેવણુ આ દીનશાહ હારવરનું નામ સાંભળી હસી પડયા, અને બામજીને સ્ટેજ ઉપર પોતાનું કામ કરવા હીંમત આપી.

રૂસ્તમ સોહરાબના ગાયનો સાંભળી મરહુમ ફ્રામજી કાવસજી મેહતાએ પોતાની તરફથી ખરચ કરી, સઘળાં ગાયનોની એક ક્રોકડી ચોપડીની એક હજાર નકલ તેના કરતાં ડા૦ ધનજીભાઇ પટેલને ભેટ કરી હતી. આ ચોપડીની એક એક નકલ મરહુમ મી૦ મેહતાએ તે વખતના સઘળાં જાહેર છાપાઓ ઉપર રીવ્યુ માટે મોકલાવી હતી હવે બનાવ એવો બન્યો, કે મરહુમ બેરામજી મલબારીનું અઠવાડીક પત્ર 'ઇન્ડીઅન સ્પેકટેટર' ફ્રામજીના કબજાએ હીન્દ પ્રેસમાં છપાતું હતું. તેવણ એ ગાયનનું પુસ્તક વાંચી, એક રાત્રે રૂસ્તમ સોહરાબ જોવા આવ્યા હતા, અને તે ગાયનો વીગેરે સાંભળી તેવણે પોતાના છાપામાં સીફારસના બે બોલ લખ્યા હતા, તે વાંચી મરહુમ કેખશરૂ કાબરાજી રૂસ્તમ સોહરાબ સાંભળવા આવ્યા હતા.

એવું સામાન્ય રીતે કહેવાતું હતું, કે મરહુમ કેખશરૂ કાબરાજી તેમજ મલબારી, કોઇબી નાટક જોવા જવલેજ જતા હતા, કેમકે રાસ્ત ગોફતારના અધીપતી અને ગાયન ઉતેજક મંડલીના સ્થાપક અને ગાયક તરીકે, તેવણુની નામના એટલી બધી તો નાટકવાળાઓમાં ફેલાએલી હતી, કે મરહુમની હાજરી કોઇબી નાટકશાલામાં ખેલાડીઓને તેઓને ઢકકાવતી હતી. તેમાં મરહુમ દાદાભાઇ ઠુઠી તો કાબરાજીને પોતાના ગુરૂ જેટલું માન આપી વર્તતા હતા.

મેહરબાને મન, એ ઓપેરામાં તમારો ખાકસાર સેવક મોહરાબનો ભાગ બજાવતો હતો. મેં એ ઓપેરાની ચોપડીની એક નકલ મરહુમ કાબરાજી ઉપર મોકલાવી, અને ખેલના ગાયનો આગળ ગાહ્યાં હતાં. તમાશબીન આલમબી એવી દોરવાઇ ગઇ હતી, કે જરાબી સ્ટેજ ઉપર કોઇબી ખેલાડી ગાયન ગાતો કે લોકો સાંભળવાનું પડતું મુકી, કાબરાજીના મોહડાં ઉપર થતા ફેરફારો જોતા હતા. કાબરાજી જેવો એક આદમી, રાસ્ત ગોફતારનો અધીપતી, નાટક ઉતેજકના ડીરેકટર, એક તરતનીજ ઉભી થયલી જવાન પારસીઓની કલબનો નાટક જોવા જાય, એ તો અવધી થઇ! પણ કેખશરૂના બુલંદ સીતારાની એ એક નીશાણી હતી.

હવે બનાવ એવો બન્યો, કે એજ રાત્રે મરહુમ કેખશરૂ કાબરાજી, રૂસ્તમ સોહરાબનો ઓપેરા જોવા આવી લાગ્યા હતા. તેવણુના આવવાની ખબર સ્ટેજ ઉપર પુગી ગઇ હતી, અને સઘળા ખેલાડીઓ પોતાનું કામ કરવા રાબેતા કરતાં વધારે ઉલટમાં આવી ગયા હતા. મરહુમ ફ્રામજી ગુસ્તાદજી દલાલ, જેવણુ નાટક ઉતેજકના એક મેનેજીંગ ભાગીદાર હતા, તેવણુ કાબરાજીને નાટકશાળામાં બેઠેલા જોઇ બોલ્યા, "અરે એને શાનુ એટલું બધું ઉતેજન આપવું જોઇએ."

"જેને ઘટે તેને કાંય નહીં ઉતેજન આપીએ, મને તો ગાયન ઘણુંજ ગમે છે."

આ વાતચીત થવા પછી રાસ્ત ગોફતાર છાપામાં રૂસ્તમ સોહરાબ એક રીવ્યુ મરહુમે

છાપ્યો હતો. તે વાંચ્યા પછી ફરામજી ગુસ્તાદજીએ ઝોરાસ્ત્રીઅન ડરેમેટીક સોસાયટીના પેશકારોને જણાવ્યું, કે હવે તમુને આજે નાટકશાળા વધુ વાર નાટક કરવા મળશે નહીં. કેમકે શુક્રવારે તમે લોક ખેલ કરો, અને શનીવારે હમો ખેલ કરીયે, તો તેથી હમારાં હાઉસ બેસી જાય છે."

આ બનાવ પછી ઝોરાસ્ત્રીયન ડ્રામેટીક સોસાયટીના દરવાજા બંધ કરવાની તે લોકને ફરજ પડી હતી. એલ્ફીનેટ થીએટર, નાટક ઉ-તેજકશાળાઓએ આપવાનું બંધ કીધું, અને ગ્રાંટરોડ ઉપર એવો ઇરાની નાટક ચાલે નહી, કેમકે એવા ખેલો ગ્રાંટરોડ ઉપર જ્યારે નહી ચાલ્યા હતા, ત્યારેજ ઉરદુ નાટકો કરવાની શરૂઆત થઇ હતી. આ ખબર સાંભળી ઝે.રાસ્ત્રીયન કલબના ખેલાડીઓ ઘણાજ નાખુશ થયા હતા, કેમકે રૂસ્તમ સોહરાબનો ઓપેરા લગભગ અગીઆર વખત થયાથી, તે લોકોને માટે બેજન અને મનીજેહનો ઓપેરા તઇયાર કરી, તેનું કામ પણ શરૂ કીધું હતું. પણ જ્યારે નાટકશાળાના માલેકોએ, પોતાની નાટકશાળા ભાડે આપવા સાફ ના પાડી, અને બીજી નાટકશાળાઓ નકામી થઇ પડવા જેવો દરેક સંભવ હોવાથી, ઝોરાસ્ત્રીયન ડ્રામેટીક સોસાયટીના સભાસદો વીખરાઇ ગયા હતા.

રૂસ્તમ બામજીએ જગાડેલું 'રોખડું!'

ઝોરાસ્ત્રીયન ડ્રામેટીક સોસાયટી ઘણેજ કવખતે વીખરાઇ ગઇ હતી. અગર જો તેને નાટકશાળા નાટક કરવા માટે ભાડે મળી હોત. તો થોડાક બીજા નવા ઇરાની નાટક થવા પામતે. પણ કમનસીબે તેમ થયું નહી, અને તે ટોળી બંધ પડી. રૂસ્તમ બામજી જેવણ ઝોરાસ્ત્રીયન મંડળીના એક આગેવાન ખેલાડી ગણાતા હતા, તેવણ હવે ગ્રાંટરોડ ઉપર નાટકો કરતી જુદી જુદી મંડળી માંહેલા પોતાના ઓળખીતાઓને મળવા, રાતના નાટકને સમે ગ્રાંટરોડ ઉપર જતા હતા. એ વખતે વીકટોરીયા નાટક ટોળીવાળાઓનો નવો ઓપેરા, "અલાદીન યાને અજીબો ગરીબ ચેરાગ" એવે નામે અરેબીયન નાઇટવાળો પ્રખ્યાત કીસ્સો, વીકટોરીયા નાટકશાળામાં ભજવાતો હતો. આ ઓપેરા માટે મેં આગળ કાંઇક ઇશારો કીધો છે. એ ઓપેરા ઘણોજ ખેંચાણકારક થઇ પડયો હતો, કેમકે એક તો તેમાં તમામ પેહલી પંકતીના પારસી એકટરો પાર્ટ કરતા હતા, અને બીજું તો દાદી ફીશ ! (દાદાભાઇ ઠુંઠી), અને તે ઉપરાંત એક નવો વછેરો, પેલો એદુ ફ્રાલેજર! ચીનની શાહઝાદી બની પોતાના ખુલબુલી હલકથી તમાશબીન આલમને વીકટોરીયા નાટકશાળામાં ખેંચી રહયા હતા.

મહેરબાને મન, એક હાથ ઉપર નાટકની વૃધ્ધી જોવા ચાહનારાઓ જ્યારે સારા નાટકને ફતેહમંદ બનેલા જોવા રાજી હતા, ત્યારે બીજી ત્રીજી નાટકશાળામાં નાટકોની પડતીની નીશાણીઓ દેખાતી હતી. અલાદીનનો નાટક, ઘણોજ ઉંચા ટેસ્ટથી, અને ઉંચી કીમતના સાધનોથી સંગારેલો હોવાથી, તેમજ પેલો પ્રખ્યાતીમાં આવી ગયેલો

એદુ કોલેજર તેમાં મુખ્ય પાર્ટ કરતો હોવાથી, વીકટોરીયા કલબને ધનના ભરેસપતી બેઠેલા દેખાતા હતા. એદુને જોનારા, અને એદુને પસંદ કરનારા પારસીઓ ઉપરાંત મુસલમીનો ખાસ કરી વધારે હતા ! તે લોક અલાદીનનો નાટક જોવા માટે ટીકીટો ખરીદવા પહેલાં ટીકીટ વેચનારને પહેલો સવાલ એ કરતા હતા કે

"એદુકા પાઠ હયે કયા ?" "એદુ પાઠ કરેગા કયા ?"

એટલે એદુ જો પાર્ટ કરવાનો હોય, તોજ તેઓ ટીકીટ ખરીદે, અને નાટક જોવા જાય ! અને નહી તો ખેરસલ્લાહ ! સારાંશ, એદુના ગાયન અને એકટીંગ ઉપર લોકોની એટલી બધી ફીદાગીરી હોવાથી, લોક તેને માટે એટલી બધી કાળજીભરી પુછપરછ ચલાવતું હતું.

પણ, બીરાદર રૂસ્તમ બામજીના રોખડાની વાત કરતાં કરતાં, એમ આડું તેડું ફાટવું પડે છે, માટે દરગુજર કરવું ! મગર જેબી કોઇ લખ્યું છે, તે તમારે કામજનું છે ! અલાદીનના ઓપેરા માહેલાં ગાયનો, પારસી તેમજ બીજા તમાશબીનોને દીનપરદીન ઘણાજ મનપસંદ થઇ પડવા લાગ્યાં હતાં. ખાસ કરી દાદાભાઇ ઠુંઠીના, તેમજ એદુ કોલેજરના તથા ખરશેદ બાલીવાલાના ગાયનો ઘણાજ વખાણને પાત્ર ગણાયાં હતાં. પણ એ નાટક માહેલાં ગાયનોની ચોપડી, કલબના માલેકોએ છપાવેલી નહી હોવાથી, ઘણાજ રસીલાં ગાયનો ખોરંભે પડયાં હતાં ! એનો સબબ શું હતો ?

તે તો દાદાભાઇ ઠુંઠી જાણે ! પણ અલાદીન જેવો એક દીલચસ્પ ઓપેરા, તેના ગાયનોની ચોપડી વગર રાહમાલ જતો હતો. ખાસ કરી દાદી ઠુંઠી અને એદુ કોલેજરના ગાયનોને માટે લોક ઘણીજ માગણી કરતું હતું.

મરહુમ એદલજી દાદાભાઈ કોલેજર.



પાયધાણી ઉપરથી મળેલો પારસી એકટર—જવાનીની ઝુમમાં—નાટકના કામમાં પાછળથી ઉત્તમ પ્રકારે ઉપયોગી થઇ પડેલો.

કાએદાની બારીકી કુટી નીકળી!

પણ એ એદુ કોલેજરની વાત હવે પછી. પેહલાં રૂસ્તમ બામજીએ શું શોખડું જગાડયું, તેની નોંધ લેવી ઘટે છે. ભાઇ સાહેબોને કેહું, કે જે વખતે આ બનાવ બન્યો, તે વખતે મુંબઈમાં 'કાપી રાઇટ'ના કાયદા, કોઇના ધ્યાનમાં નહી હતો! અને તો એવુંબી કાંઇ ધ્યાન છે, કે કોપીરાઇટના હકનો ભંગ થવાનો એકાદ બનાવ બન્યોબી નહી હતો, એટલે રૂસ્તમ બામજીના ભેજાંમાં તે સવાલ કયાંથી આવે? એવા સંજોગ વચ્ચે રૂસ્તમ બામજીએ કાંઇ એવુંજ પોતાના મનમાં માની લીધું, કે જો એ અલાદીનના નાટકના સઘળાં ગાયનો, ચોપડીના આકારમાં છપાવી જો નાટકની રાતના વેચ્યાં હોય, તો ઠીક આવક થઇ શકે! રૂસ્તમે તુરતજ એ કામ આરંભ્યું, અને અલાદીનના નાટકમાં, એકાદ બે ઓલખીતાઓને હાઉસમાં લઇ જઇ બેસાડયા, અને જેવાં સ્ટેજ ઉપર ગાયનો ગવાય, તેવાં તે લખી લેવા માંડયાં! આ સંચળ લખનારાઓએ આ ગાયનો ચપોચપ લખી, તેમણે સોપેલું કામ પુરતી ખાતરીપુર્વક રીતે લખી, રૂસ્તમને સ્વાધીન કીધું હતું. એ ગાયનોમાં જે કાંઇ ભુલભાલ રેહી ગઇ હતી, તે બામજીભાઇને એક બીજા સામજીભાઇએ સુધારી આપી હતી, અને તે સુધારી આપનાર સામજી કોઇજ નહી, પણ મરહુમ હોરમસજી શાપુરજી તાંતરા હતો!

અલાદીનના નાટકની ચોપડી. આના ૪.

અંતે એ નાટકના ગાયનોની પેલા સામજીભાઇએ ભુલભાલ સુધારી, અને રૂસ્તમ બામજીએ તે ચોપડી છપાવી પ્રગટ કીધી, અને નાટકની રાત્રે નાટકશાળામાં તે વેચાવા લાગી! દાદાભાઇ ઠુંઠી, આ મામલો જોઇ "ઠંન્ડર અક" થઇ ગયા! તેવણે રૂસ્તમ બામજીને બોલાવી મંગાવી, અનેક સવાલો પુછયા, અને બીજે દાહડે વકીલોને ત્યાં દોડયા! કાંઈ સમજ પડે નહી, કે કેવી રીતે કામ લેવું! એ કાયદાનો એક ગંભીર ખર્ચાળો સવાલ થઇ પડયો હતો! પણ દાદાભાઇ ઠુંઠીનો લખાવેલો આ ઓપેરા આવી કરામતભરી રીતે ઉચકાઇ ગયો હતો, અને તે ઉઠાવી જનાર કોઈજ નહી પણ મરહુમ રૂસ્તમ બામજી હતો.

પણ એક વાત આ શોખડાંમાંથી જે કાયમને માટે બનવા પામી, તે એ હતી, કે એક વીકટોરીયા તેમજ બીજી નાટક મંડળીવાળાઓ પોતાના નાટકની ચોપડીઓ આજ સુધી છપાવતા નહી હતા, તે તેઓ હવે છપાવી વેચવા લાગ્યા હતા. જ્યારે લેભાગુ મંડળીઓ પોતાના આખા નાટકની ચોપડી નહી છપાવતાં, માત્ર ગાયનોનીજ ચોપડીઓ છપાવી, તેમાં ભારોભાર જાહેર ખબરો છાપી, છપામણીનો ખર્ચ કાહડી લેઇ, એક નાહની જેવી આવક કરતા હતા.

---

(૬૭)

મેહરબાનો, મને શક છે, કે કટકે-ટુકડે લખાતા આ લેખ ચાહેલી સઘળી બીનાઓ તમુને યાદ રહી હોય. તેથીજ મને તમો આગળ થોડી આગલી પાછલી રજુ કરવી પડે છે.

વીકટોરીયા નાટક મંડળી મરહુમ દાદી પટેલ (એમ. ઓ.) વેચાતી લીધી. પેલી ધરખમ કમીટીના સેક્રેટરી કેખશરૂ કાબરાજીએ પોતાનું રાજીનામું આપી, વીકટોરીયા કલબ સાથનો સંબંધ છુટો કીધો, અને તેવણુના ગયા પછી, તે કમીટીબી ભાંગી પડી હતી. એ બીના હું આગલા લેખમાં લખી ગયો છું. ત્યાર પછી સાહેબને કહું, કે મરહુમ દાદાભાઇ રતનજી ઠુંઠી જેવણુ વીકટોરીયા કલબના એક જોડયા ભાગીદાર હતા, તેવણુ પણુ વીકટોરીયા કલબ સાથનો સંબંધ છોડી ગયા હતા.

દાદી પટેલ અને દાદી ઠુંઠી-તેલ અને પાણી!

નાટકના ધંધામાં આ બંને દાદીઓની 'રાશ' કોઇબી દાહડો સારી આવી નહી હતી! જેઓ નામે એક હતા, તેઓ વીચારે અને આચારે એક હતાજ નહી! તેઓ તેલ અને પાણી મીસાલ હતા! એ સામલો બંને દાદીઓ પોતાના અંતરમાં સારી કીની સમજતા હતા. દાદી પટેલે વીકટોરીયા કલબ ખંડી રાખેલી, એટલે દાદી ઠુંઠી જેવો એક ધરખમ અને પ્રજામાં એક મતે પ્રીય થઇ પડેલા એકટર, ઓવા તે જરાબી રાજી નહી હતો. બીજા હાથ ઉપર દાદી ઠુંઠી જેવો નાટકી ભંડોળથી ભરેલો એકટર, પોતાની શકતીઓના જોર ઉપર કુદકા મારતો, દાદી પટેલ જેવા એક માલેકની સાથે, તેના પગારદાર ખેલાડી તરીકે રહેવામાં, તેમજ ચોકકસ અધીકાર વગર દાદી પટેલને ત્યાં એકટર તરીકે રહેવા, ઠુંઠીએ ના પાડી હતી. એવા સંજોગ વચ્ચે આ બંને વીરલાઓએ એકબીજાથી છુટા પડવાનું વાજબી ધારયું હતું.

પણુ છુટા પડી ઠુંઠીએ શું કીધું? દાદી ઠુંઠી એ નાટક કરવા અને નાટક કરાવવા, તેમજ પારસી નાટક તખ્તાની સડેલી હાલત સુધારવા માટેજ જનમ લીધો હતો, એમ જો હું લખું, તો તેમાં કોઇબી સરાહગાત જેવું વાંચકે સમજવું નહી. દાદી પટેલે કરેલા બેનઝીર અને બદરે મુનીરના ઓપેરામાં, મહારૂખ પરી, બેનઝીર ઉપર મોહી પડી, તેનો આખો પલંગ હવામાં ઉડાવી લઇ જઇ, તેને પોતાને વતન પરસ્તાનમાં પોતાના મહેલમાં રાખે છે! આ યાંત્રીક દેખાવ, દાદી પટેલના યાંત્રીક મદદગાર, પેલા આલફ્રેડ કલબવાળા પારસી દાદી રતનજી દલાલે, વીકટોરીયા કલબે જ્યારે મજકુર ખેલ રજુ કીધો હતો, ત્યારે કાંઇક હસી કહડવા જેવી હીકમતનો ઉપયોગ કરી, તેણે બેનઝીરનો પલંગ સ્ટેજ ઉપર, મહારૂખ પરી લઇને ઉડી જતી દેખાડી હતી! દાદી ઠુંઠી, જે એજ ઓપેરામાં બેનઝીરના બાપનો પાર્ટ કરતા હતા, તેવણે આવી રીતે ઉડતા પલંગ માટે, દાદી પટેલને ટીકા કરી કહ્યું કે "અરે ખુદાને ખાતર એ રીત બદલી નાખો. એ તો બચ્ચાંના ખેલ જેવું લાગેછ?"

દાદી પટેલને આ ટીકા ગમ્યા નહી, અને તેજ વખતે કહ્યું કે, "એના કરતાં સારી રીતે એનજીરનો પલંગ, તું તારી કલબમાં ઉડારી દેખાડજે!"

આ સખુનો ડુંઠીને ગળે ઉતર્યા નહી, અને તેજ વખતે જવાબ દીધો. "ધનસાહબા! જો ખુદાની મરજી હશે, તો તેમબી થશે!" એટલા સખુનો કેહી દાદી ડુંઠી પોતાના ડરેસીંગ રૂમમાં ચાલી ગયા, અને વાત ઠંડી પડી ગઇ. ખરી વાત તો એ હતી, કે એક જણના વીચાર, બીજા જણને કવચીતજ ગળે ઉતરતા હતા! દાદી ડુંઠી અનેક વખત બડબડતા હતા કે, "તેલ અને પાણી કદીબી એક થાયજ કેમ?" આ ખટપટ થયા પછી આગળ જણાવ્યું તેમ, બંને દાદીઓ એકબીજાંથી જુદા પડયા હતા.

હીંદી થીએટર.

તેઓ જુદા પડયા ખરા, પણ દાદીના મનમાં મોટી ઉમેદો રમતી હતી. તેણે પહેલો વીચાર એ કીધો કે, "એનજીરનો પલંગ કેમ હવામાં મહારૂખ પરી ઉડારી લઇ જાય, તે દેખાડી, લોકોની ખાત્રી કરી આપવી." તુરતજ દાદીએ એક નવી કલબ ઉભી કરવાની ચળવળ ચાલુ કીધી, અને તે ચળવળની સાથે, એક કુશાદે નાટકશાળા પણ ઉભી કરવાની તેણે ગોઠવણ કીધી હતી. આ ગોઠવણ માટે જોઇતાં નાણાં પણ દાદી ડુંઠીને ધીરનારો મળી આવ્યો હતો. ગ્રાંટરોડ ઉપર હાલમાં કોરોનેશન થીએટરને નામે જે ઇમારત ઉભી છે, તેની બરોબર સામે, દાદીએ એક કુશાદે જગ્યા પસંદ કીધી, અને ત્યાં અમેરીકન ઢબની ઉપર, એક અલી સાદુ અને સમકદું થીએટર ઉભું કરાવ્યું હતું. પોતાના આ માનીતા થીએટરનું નામ, દાદીએ હીન્દી થીએટર આપ્યું હતું.

એ નાટકશાળા બંધાઇને તઇયાર થાય, તે આગમચ દાદી ડુંઠીએ એક કલબ જમાવવા માંડી હતી. સુખલાજી સ્ટ્રીટને છેડે, એક કુશાદે કંમ્પાઉન્ડવાળા મકાનમાં, દાદી ડુંઠીએ પોતાની નવી નાટકશાળા બાંધવાનું કામ શરૂ કરવા સુતારો કામે લગાડી દીધા હતા, અને એજ મકાનના ઉપલા મજલા ઉપર, નવી કલબના નવા ખેલનું કામ શરૂ કીધું હતું. નાટકના માલેક બની, તેની જોખમદારી પોતાને માથે ખેંચી લઇ, નાટકનું કામ કેમ કરવું, અને કલબ કેમ ચલાવવી, તે દાદી સીવાય કોઇનેબી ખબર હોય, એમ હું માનવા આજેબી ના પાડું છું. સુથારોને સહવારે નવ વાગે કામપર બોલાવી તેઓ કામ શરૂ કરે, તે આગમચ દાદી ડુંઠી પોતે ત્યાં હાજર થતા હતા, અને તેઓને મુકરર કરેલું કામ સ્વાધીન કરી, પોતે એક મુનશી સાથ ખેલ લખવા-લખાવવા રોકાતા હતા. બપોર પડતાં પોતાનું ખાણું ત્યાંજ આવતું, તે તેવણ ખાઇ લેતા હતા, અને તેવણ પાછા સપરાં માણસો ૭ વગ્યા સુધી કામે લાગતાં હતાં. હજી જંજાળ અધુરી હોય તેમ ૭ વાગે યા સાડાસાત વાગે, ખેલનું 'રીહરસલ' ચાલતું હતું, અને તે રાતના દસથી સાડાદસ વાગે પુરૂં થતું હતું.

દાદી હુંડીએ જમાવેલો નવો 'સ્ટાફ.'

એક બાજુ નાટકશાળાના કામની ધડુખર, બીજી બાજુ નવો ખેલ લખાવવાની ચળવળ, અને તે ખેલને માટે જોઇતા ડરેસો સીવવાનું કામકાજ ઉપરાંત નાટકને છાજતા પરદા અને સીનસીનરી બનાવવાની ગડબડ ચાલી રહેતી હતી. એ સઘળી ગડબડ વચ્ચે, દાદી હુંડી કદીબી પોતાના નવા ખેલને માટે જોઇતા ખાસ એકટરો રાખવા કયાસ કરતા નહી હતા. એ સઘળી રીતીનીતી લંબાવવામાં સાર નથી, પણ એવા કડક સંજોગો વચ્ચે પણ દાદી હુંડીએ, પોતાની હીન્દી કલબ માટે એક એવો સુંદર 'ગેંગ, જમાવ્યો હતો, કે તેની લાયકાત માટે બીજી કલબવાળાઓ વખાણના સબુનો કાહડતા હતા.

૧ દાદી રતનજી હુંડી, (માલેક, એકટર અને ડીરેકટર)

૨ દાદી અસપંદીઆરજી મીસ્ત્રી (દાદી જાદુબાજ)

૩ અરદેશર શરાફ (વેપારી લાઇનમાં પડેલો કેળવાયલો જવાન)

૪ જેહાંગીર પેરતનજી ખંભાતા (જેહાંગીર લાંબો)

૫ કાવસજી કલીંગર (કાઉ કલીંગર!)

૬ નવરોજી બાટલા

૭ નવરોજી એદલજી તંબોલી

૮ કાવસજી પાલનજી ખટાઉ

૯ કાવસજી મીસ્ત્રી (કાઉ હાડો)

૧૦ ફરામજી ગુસતાદજી દલાલ. (વીકટોરીયાનો એક ભાગીદાર)

૧૧ જમશેદજી કા. દારૂ (જમસુ મનીજેહ)

૧૨ જેહાંગીર નવરોજી મીનવાલા (જેહાંગીર નાહલો!)

૧૩ ડોસાભાઇ ફરામજી કોગા (વેપારી)

૧૪ માણેકજી અ. મીસ્ત્રી (માકુ ધાનસાખ!)

૧૫ બરજોરજી કુટાર, અને એ ઉપરાંત બીજા કેટલાક પારસીઓ એ મંડળીમાં સામેલ થયા હતા.

કાઉ કલીંગર—કાલો દેવ!

આ બેનઝીરનો ખેલ એક નાયાબ તમાશો હતો. મરહુમ દાદી હુંડીએ, વીકટોરીયા કલબે કરેલા બેનઝીરના ખેલ ઉપર ગાયા ચહડાઇ કરી, તેના પુરચા ઉડારવાના હેતુથી તે લખાવ્યો હતો! આખા ખેલમાં મહારૂખ પરી અને બેનઝીરને ઘણીજ અગત્યતા આપી હતી. પણ તેમ કરતાં બીજી કેરેકટરોને સેહજબી વીચારી દેવામાં આવી નહી હતી. એ ખેલમાં પેલો તકરારી યાંત્રીક દેખાવ, જે વીશે આગળ મેં જણાવ્યું છે, તે મરહુમે એક બાહોશ યાંત્રીક હીંદુ ગ્રહસ્થ, જે બાઉને નામે જણાયલો હતો, તેની પાસે પોતાની ઇચ્છાનુસાર બનાવવાની ખાએશ રજુ કરી હતી.

અને તે ભાઉએ કંઇક યાંત્રીક કળાથી, બેનઝીરને તેના પલંગમાંથી સુતેલો ઉઠાવી જવાની કળા રચી હતી.

યાંત્રીક દેખાવનું બયાન—અકસ્માતનો ઇલાજ !

આ દેખાવ રજુ કરવામાં જો કે ઘણો જોખમ હતો, અને અગર જો કાંઇપણ અકસ્માત બને, તો ગરીબ બીચારો કાઉ કલીંગર જે કાળો દેવ થતો હતો, તે, તેમજ બેનઝીરનો ભાગ ભજાવનાર જવાન અરદેશર શરાફ, બંને જણ એકસરખી રીતે અકસ્માતનો ભોગ બનવાને પાત્ર થાય, એમ નક્કી હતું ! તેનો એક ઇલાજ મરહુમ દાદીએ યોજી કાહડી, કાઉ કલીંગર અને અરદેશર શરાફની સલામતીને ખાતર, સ્ટેજ ઉપર રૂના ગોદડાં બીછાવ્યાં હતાં ! હવે એ યાંત્રીક દેખાવની તે સ્ટેજ ઉપર રજુ થાય, તે આગમય નાટકી આલમમાં ચકચાર ચાલી રહી, કે પચાસ ફીટની ઉંચાઇ સુધી કાળો દેવ, બેનઝીરને પોતાની બગલમાં પકડી, મહારૂખ પરીના હુકમથી ઉડી જાય છે, અને મેહલનું દીવાનખાનુ નાબુદ થઇ, બીયાબાન જંગલમાં, કાલો દેવ બેનઝીરને લઇ ઉડતો દેખાય છે !

અને તેમાં કાંઇ શરાહુગાત નહી હતી. યાંત્રીક ગોઠવણુથી તે દેખાવમાં તેવીજ હતી. ફક્ત જોખમ વીશેશ હતો ! પણ તે જોખમને માથે લેવા કાઉ કલીંગર તેજ ઘડી તઇયાર થયો હતો ! તેનો જ્યો જીવ ફક્ત તાબરા (applause) ફુટે, તેમાં ભરાયો હતો. કાઉ કલીંગર એક જબરો તાલીમબાજ, અને જોરાવર આદમી હતો, અને તે સાથ હીંમતવાનબી જબરો હોવાથી, તે બેનઝીરને પોતાના બંને હાથોમાં સુતેલો ઉઠાવી, યાંત્રીક ચોકઠામાં જકડાવા વગર આનાકાનીએ તઇયાર થઇ ગયો, અને બેનઝીરને હીંમત આપવા બોલ્યો હતો કે "અરે પણ મારા બાપ, મારા હાથમાં તું બીલકુલ સલામત છે !"

આ યાંત્રીક દેખાવ તઇયાર થતાંજ, અરધો ડજન વખત તેની 'પ્રેકટીસ' દાદીએ કરાવી હતી. અધુરામાં પુરૂં, કાઉ કલીંગર પોતાનો 'make-up' કરવામાં હદ બાહર ઉલટમાં આવી ગયો હતો. કાઉ કલીંગર લગભગ છ ફીટ જેટલો ઉંચો, અને કદાવર બાંધાનો મર્દ હતો. પોતે પોતાને સોંપેલું કામ પુરેપુરૂં સંપુરણુતાની ટોચે પુગાડવા તે ઘણોજ ખંતી હતો ! કાવસજી કલીંગર, કાળો દેવ થતો, ત્યારે તેને જોવાની તક, તમાશબીન આલમ જરાબી જતી મુકવા રાજી નહી થતી હતી. પેહલવાં તો કાવસજી નો અવાજ જબરો હતો, કે જેથી આખું સ્ટેજ ઉપરાંત આજુબાજુવાલાઓ પોતાના કાનમાં આંગલાં ખોસતા હતા ! બીજું મહારૂખ પરી કાલાદેવને બોલાવતી હતી, ત્યારે, કાળો દેવ તેના હુકમને માન આપી હાજર થવા આગમય, તે વેરાન જંગલમાંથી બુમ પાડતો હોય, એવા ઉંડા પુકારોની ચીસ તમાશબીનોને સંભળાતી હતી ! એવી અસર તમાશબીનો ઉપર ઉપજાવવા માટે, કાળો દેવ, હીન્દી થીએટરની બાહાર, પછવાડેના કમ્પાઉન્ડમાંથી, બુમો પાડતો સંભળાતો હતો, અને ધીમે ધીમે તે

દુરથી આવતો અવાજ સ્ટેજ ઉપરથી આવતો, અને છેવટે તે તખ્તા ઉપર મહારૂખ પરીની સામે આવી હાજર થતો હતો.

તે હાજર થતો હતો ખરો, પણ દેના તમામ શરીર ઉપર ફક્ત એક નાહનું જેવું કાળા રંગનું ચોદ્દું, અને તેનું આખ્ખું શરીર તમામ કાળા રંગમાં રંગાયલું હતું! બીજી ત્રીજી બાબદો બંધાવવાની જરાબી જરૂર નથી, કેમકે તે કાળા દેવના acting ને લગતી છે, પણ બેનઝીરને પોતાના બંનો હાથોમાં સુતેલો ઉઠાવી, પેલા યાંત્રીક ચોકઠાંની મદદથી તે હવામાં ઉડતો, અને તેજ વખતે, આખ્ખું દીવાનખાનું નજર આગળથી ગુમ થઇ, તેની પછવાડે એક ઘોર બીયાબાન નજરે પડતું હતું, અને તે બીયાબાનના બી-તરમાં કાઉ કલીંગર બેનઝીરને લઇ, ઉડી જતો તમાશબીનોને દેખાતો હતો.

આ દેખાવની યાંત્રીક કળા પુરેપુરી ફતેહમંદીથી પાર પડેલી જોઇ, દાદી ઠુંઠી હરખાઇ ગયા હતા, અને ગ્રાંટરોડ ઉપર તમાશબીન આલમને યાંત્રીક કળાનું ચેટક, લગાડનાર પેલા પારસી દાદી રતનજી દલાલને હીન્દી થીએટરમાં બોલાવી મંગાવી તેની કેટલીક મશ્કરી કરી, અને તાણા મારી કહયું, કે "બેનઝીરનો પલંગ તમો ઉડારયો તો, અને હવે આવીને જોઇ જા, કે મેં બેનઝીરને કેવી રીતે ઉડાયો છે!"

"ઠીક છે જોઇશું-જોઇશું." દાદી દલાલે જવાબ દીધો. "પણ એ સીન કોને કીધો છે? ભાઉએ કીધો હશે?"

મરહુમ દાદાભાઇ રતનજી દલાલ.




ગ્રાંટરોડ ઉપર પેહલવેહલા યાંત્રીક દેખાવો દેખાડનાર પારસી–મુંબઇના એકસાઇઝ ખાતામાં રોકાયલા–આજે વખત બોડો દાદી મોટા ડારાવાળો કરી ઓળખાવતા હતા.

બેનઝીરનો ખેલ ઉરદુ ઝબાનમાં સ્ટેજ થયો હતો. તે ખેલની ભાષા લગાર કઠ્ઠ હતી. પોશાકો ઘણાજ ભપકાભરેલા અને ટેસ્ટદાર હતા. પરદા અને દેખાવો

ઘણુંજ ઉતમ પ્રકારના હતા. ફકત આખા ખેલમાં જોઇયે તેટલાં ગાયનોની ગેરહાજરીને લીધે ખેલ નીશફળ ગયો હોય, એમ ધારવામાં આવ્યું હતું. બેનઝીરનો પાર્ટ કરનાર તેમજ મહારૂખ પરીનો પાર્ટ કરનાર ગાયનકાર ખેલાડીઓ નહી હોવાથી, તેઓને ગાયન ગાવા માટે આપ્યાં નહી હોય, એ બનવા જોગ છે, પણ બદરેમુનીરનો પાર્ટ કરનાર, એક ફાંકડો મુસલમીન જવાન, જેને લકનોથી ખાસ મંગાવી રોકયો હતો, તેના સીવાય કોઇબી ગાયનકાર ન હોવાથી, લોકનું દીલ એ ખેલ વધુવાર ખેંચી શકયું નહી.

મરહુમ દાદાભાઈ રતનજી ઠુંઠી.



હીંન્દી કલબના માલેક—જવાનીના તોરમાં.

ઇરાની નાટક હીંદી થીએટરમાં.

બેનઝીરનો નાટક થયો ખરો, પણ હીન્દી નાટક મંડળીનું સુકાન ઘણા થોડા વખતમાં ડોલવા લાગ્યું. કેમકે પઇસા સંબંધી ફતેહ બીલકુલ થઇ નહી, જો કે નાટક તો ખરેખર બીનહરીફ થઇ ગયો હતો. તુરતજ દાદીએ પોતાની નબળાઇ જોઇ કેખશરૂ કાબરાજીની મદદ લેવા ગયા, અને કાબરાજીએ એક ઇરાની નાટક દાદી ઠુંઠીને લખી આપી, તેનું રીહરસલ ચલાવવા તાકીદ કીધી. તે નાટક ફરીદુનનો હતો. કેખશરૂએ તે નાટકની કીમત વટીક દાદી પાસે માગી નહી હતી, મગર કરાર થયો હતો, કે ખેલ જો ચાલે તો તેના રૂપીયા એક સો જયાં સુધી દાદી ઠુંઠી કાબરાજીને આપે નહી, ત્યાંસુધી ફરીદુનનો ખેલ દાદીની મીલકત તરીકે ગણાવી જોઇયે નહી.

પણ ફરીદુનનો ખેલ હીંદી નાટકશાળામાં ભજવાય, તે આગમચ ભાવનગરના ઠાકોરને ત્યાં લગન પ્રસંગ આવી લાગ્યો હતો, અને એવા માંગલીક પ્રસંગે મેહમાનોને નાટકની મોજ ચખાડવા માટે ઠાકોર સાહેબને સુચના થયાથી, દાદી ઠુંઠીને ભાવનગર

નાટક કરવાનું યોજન થયું હતું, અને તે યોજનને માન આપી દાદી ઠુંઠી પોતાના એકટરોને એકાદ બે અઠવાડીયા નાટક કરવા માટે ભાવનગર લઇ ગયા હતા. ભાવનગરમાં વસતા કેટલાક દાદી ઠુંઠીના અંગત પારસી દોસ્તોની સીફારસથી, દાદીને ભાવનગર જવાનું ખાસ યોજન થયું હતું. ખાસ કરી ભાવનગરના એજ્યુકેશનલ ઇન્સ્પેકટર મરહુમ જમશેદજી ઉનવાલા, જેવણુ એક અમેચ્યુઅર એકટર હતા, અને જેવણુ માટે હું આગલા અંકમાં ઇશારો કરી ગયો છું, તેવણુની ભલામણથી, દાદીને ભાવનગર જવાનું માન મળ્યું હતું. ભાવનગર જઇ નાટક કરવા જેટલા નાટકો દાદી પાસે હતા નહી, પણ એક હાતમ‌ંદ 'બેગ' તેવણુ પાસ હતો. દાદી હીંમત હારી જતા નહી, અને સઘળા એકટરોને લઇ ભાવનગર જવા, ગ્રાંટરોડના સ્ટેશન ઉપરથી ઉપડયા હતા.

ખરોડા રેલવેની માલવાળી ગાડી!

યારો, જરા ધ્યાનથી સાંભળો. ભાવનગર જવા માટે, તે વખતે રેલવે જેવુ કોઇબી સાધન હતું નહી. મુંબઇથી ઉપડી પહેલાં સુરત જતા, અને સુરતથી એક 'પેડલ સ્ટીમર' મારફતે, ખંભાતનો તુફાની દરીઓ પસાર કરી, ભાવનગર જવાતું હતું. વળી બરોડા રેલવેની ગાડીઓ, તે વખતે આજના જેવી કુસાદે હતી નહી. ત્રીજા કલાસની ગાડીઓ ઉપર, એક માળ આવતો હતો! અને તેમાં ચહડી બેસવાની ગોઠવણ કરેલી હતી. સુરત અને ભરૂચ જતાં ઉતારૂઓને વલાવવ માટ, તેમનાં સગાં સ્નેહીઓ સ્ટેશન ઉપર આવતાં હતાં, અને જેવી ગાડી સ્ટેશન ઉપરથી ઉપડતી, કે લોકો પોત પોતાના સ્નેહીઓની શીખામણ આપવા મોટે અવાજે બોલતાં કે,

"આ ધરીને બેસજો—બે કાગજ લખજો!"

આ માળવાળી ગાડીનો દાદી ઠુંઠીના એકટરોએ કબજો લીધો, અને ગાડીના માળ ઉપર બેસવાની મોજ મેળવવા જતાં, કેટલાકો આપસ આપસમાં વઢી પડેલા હતા.

હાથીતાંનમાં નાટકશાળા.

એક કુસાદે નાટકશાળા હાથીતાંન નામે જગ્યાપર મંજાવર જગ્યામાં બાંધવાનો ઠાકોર સાહેબે હુકમ કીધો હતો, અને તે તઇયાર થતાંજ, દાદીએ પોતાના નાટકો શરૂ કીધા હતા. પેહલા ખેલ તરીકે બેજન અને મનીજેહનો નાટક મારફુટે જાફર અને કેસરના ફારસ સાથ બેવડી રીહરસલો ચલાવી સ્ટેજ કીધો હતો! ત્યાર પછી બેનઝીરનો નાટક અને હુલ્લક જાનવરની નકલ, અને ત્યાર પછી ફરીદુનનો નાટક, અને લેપડુ ગલેપડુની નકલ કરી હતી! એવી રીતે ચવચવનો પ્રારંભો છેલ્લી રાતે ભજવી, હીંદી નાટક મંડળીએ પોતાની ભાવનગરની 'સીઝન' ખતમ કીધી હતી. પોતાના આ કામ માટે દરબાર તરફથી દાદી ઠુંઠીને એક સારી જેવી રકમ, અને માનપાન સાથ ઇનામ પણ મલ્યાં હતાં.

ભાવનગરથી મુંબઇ.

મુંબઇ આવી ફરીદુનનો નાટક હીન્દી થીએટરમાં સ્ટેજ કીધો હતો. એ નાટકે જેવી જોઇયે તેવી યારી દાદી હુંઠીને આપી ન હતી, કેમકે દાદીના કરજનો ખાડો એટલો ઉંડો હતો, અને તેને ધીરનાર એટલો અધીરો પડયો હતો, કે તેની વીગત બંખાવવી ફુઝુલ છે. ફરીદુનનો નાટક દાદી હુંઠીએ કાબરાજીને પાછો સ્વાધીન કીધો હતો, કેમકે તેની કીંમતના નાણાં દાદી હુંઠીએ હજી સુધી કાબરાજીને આપ્યા નહી હતાં. અફસોસ જેવું તો એ બન્યું, કે એક જરથોસ્તી હમદીનના ખીલી નીકળેલા સહાસને તેનીજ કોમના એક સુફેદ પાઘડીવાળા હમદીને, અધીરો પડી, હીંદી નાટક વાળાનો, તેમજ નાટકના કામને લગતા તમામ સાજનો કબજો લઇ લીધો હતો, અને એ રીતે દાદી હુંઠીની એક ધરખમ કમપની આગળ વધી નાટકો કરે, તે આગમચ તે બંધ પડી હતી.

---

[૬૮]

હીંદી નાટક મંડળીનું કેવી રીતે સેવટ આવ્યું, તે ગયા અંકમાં હું દેખાડી ગયો છું. તે કલબ ફુટી ગઇ, વેહવાર બંધ થયો, એટલે દાદી દુંઠી, હવે પોતાના રોજ ધંધા અર્થે નવી નવી બાજુએ નજર કરતા હતા, તે વાત હવે અહીંયાજ પડતી મુકવી ઘટે છે.

પેલી હેદરાબાદની બેગમોની કાંહણી!

ભલા જાણે તે બેગમો હેદરાબાદની હતી, કે બસરા—બગદાદની હતી! પણ મરહુમ દાદી પટેલે, ગ્રાંટરોડના સ્ટેજ ઉપર સ્ત્રીઓને લાવી, મુંબઇમાં ભારી ચર્ચા ઉભી કીધી હતી. એ બેગમો વીકટોરીયા કલબમાં દાખલ થતાંજ, તેના જુના માલેકોનો મીજાજ બરખેલાફ થયો હતો, અને તેથી કંપની સાથનો પોતાનો સંબંધ છોડી, તેઓ ચાલી ગયા હતા. એ વાત હું આગળ લખી ગયો છું, પણ એ જુના માલેકો હવે નાટકના તખ્તા ઉપર નવો રંગ જમાવવા બહાર પડયા હતા. એ જુના માલેકો, તે કાવસજી ગુરગીન, હોરમસજી મોદી અને ફ્રામજી ગુસતાદજી હતા. વીકટોરીયા કલબ, સ્ત્રીઓના સંબંધને લીધે, તેઓ છોડી ચાલી ગયા, તે વાત જાણી કેખસરૂ કાબરાજી ઘણાજ નારાજ થયા હતા. કેમકે કાબરાજી એવું માનતા હતા, કે નાટક તખ્તા ઉપર સ્ત્રીઓનું આગમન અવશ્ય જરૂરનું હતું! પણ તે મત સાથ આગલા માલેકો એકમત નહી થયા, અને સ્ત્રી એલાડીઓથી નાટકની હાલત સુધરવાને બદલે ઉલટી બગડશે, એવું મત ત્રણે જણાએ જણાવ્યું હતું. મરહુમ કાવસજી ગુરગીને જણાવ્યું હતું કે, નાટક કરવા માટે સામેલ થનારા પોરીઆઓની ઉંમર અને તેમની કેળવણી, તેમજ તેમની સંસારી સ્થીતી જોતાં, નાટકમાં સ્ત્રીઓને સામેલ કીધાથી, સત્યાનાસીનો પાયો નખાશે! પણ કાવસજી ગુરગીનની એ અગમચેતી પાછળથી મોટે ભાગે ખરી પડી હતી. નાટકમાં સ્ત્રીઓને સામેલ કીધાથી, સત્યાનાશી બેશક સંસારની થઇ હતી. ઘણાકોના સંસાર લુલા લંગડા થઇ ગયા હતા, અને કોઇ કોઇના ઘરબાર ભાગી ગયાં હતાં!

એક નવું મંડળ—નવું કામ.

હવે સાહેબને કેહું કે, નાટકોનો મામલો ધીમે ધીમે સરકવા લાગ્યો હતો! પેલી પ્રખ્યાત શંકરશેઠની નાટકશાળા થોડી થોડી ઝુંફન ઝાંફનમાં પડી હતી! તેની તેવી હાલત જોઇ, મને પેલી જગમશહુર કેહવત યાદ આવે છે, કે:

> આભનો કાગજ કરૂં, દરીયાની કરૂં સીહાઇ;
> દુનીયાના લાકડાંની કલમ કરૂં, તોએ ન રહે લખાઇ.

એવા તે દીવસો હતા, કે જ્યારે શંકરશેઠની નાટકશાળાનો મહીમા ગાજીવાજી રહેતો હતો! એવા તે રંગીલા દીવસો હતા, કે જ્યારે નાટકનો દીવસ ગોયા એક

તહેવાર સમાન પારસીઓ પાળતા હતા ! પણ તેની તેવી ફીરતીના દીવસો ધીમે ધીમે ઝાંખા પડતા ગયા. કારણ, એવી એક હકીકત જાણવા જેવી છે, અને તે બેશક નાટક સાથ ઘાડો સંબંધ ધરાવતી હોવાને લીધે, તેની ખરી તવારીખની નોંધ લેવી ઘટે છે.

વાંચક મહેરબાનો જાણે છે, કે નાટક ઉત્તેજકના મુળ સ્થાપકો ત્રણ જરથોસ્તીઓ, હતા. પણ તે મંડળને નીભાવનાર થોડાક જાણીતા પારસી ખેલાડીઓની તેમાં સામેલગીરી હતી. શરૂઆતમાં એ નાટક ઉત્તેજક મંડળ એક આગેવાન ધરખમ મંડળી ગણાતી હતી, પણ ધીમે ધીમે, જેમ વીકટોરીયા કલબના અવતાર બદલાતા ગયા હતા તેમ એ નાટક ઉત્તેજકની દશા બી થઈ હતી.


નાટક ઉત્તેજકના મુળ માલેકો.

ફરામજી ગુસ્તાદજી દલાલ. (ફલુ ધુસ !)



મરહુમ ફરામજી ગુસ્તાદજી દલાલ, મરહુમ કાવસજી ન. કોહીદારૂ અને મરહુમ હોરમસજી ધ. મોદી એ ત્રણ સાહેબોએ, એક નવી નાટક ટોળી ઉંચા ધોરણ ઉપર ઉભી કરવાની પોતપોતામાં મસલત ચલાવી હતી. એ બનાવ લગભગ ઇ. સ. ૧૮૭૪–૧૮૭૫ ના સાલથી શરૂ થયો હતો. એ વરસોમાં ગ્રાંટરોડ ઉપર હીન્દુસ્થાની ભાષામાં નાટકો થવા લાગ્યા હતા. એટલે નાટક તખ્તા ઉપર શુધ્ધ ગુજરાતી ભાષામાં નાટકો થાય, તે તો એક નવાઇ જેવુંજ લાગ્યું ! અને હજી યાદ છે, કે કુંવરજી નાજરે, ગુજરાતનો છેલ્લો રાજા 'કરણ ઘેલો' વાળો નાટક સ્ટેજ કરાવ્યો હતો, પણ તે વખતે તે કેવળ નીશફળ ગયો હતો. મેં એ વીશે આગલા લેખોમાં તેની નોંધ લીધી છે. ત્યારે હવે આ ત્રણ સાહેબો સાથે મળી, આ નવી નવાઇ મુંબઇના વતનદારોને ગળે ઠોકવા બહાર પડયા હતા.

કાવસજી નશરવાનજી કોહીદારૂ. (કાવજી બા!)



કૈખશરૂ કાબરાજી—Once More.

પાછા આ ત્રણે સાહેબો કૈખશરૂની મદદ માંગવા દોડયા હતા! એ ત્રણે સાહેબોનો આ એક મુદ્રાલેખ હતો કે, "કૈખશરૂ વગર કોઇબી નાટક ફતેહમંદ થઇ શકેજ નહી." કૈખશરૂનેબી નાટક લખવાનું, અને સારા પાયા ઉપર નાટકો કરાવવાનું જનમથીજ ચેટક લાગેલું હોવું જોઇયે! કેમકે બચપણથીજ મરહુમે એ હુન્નરને ખીલવવાની નેમથી, જુદી જુદી કલબત્રાબાઓને પોતાની મદદ આપવી શરૂ કરી હતી,

અને તે પ્રમાણે, આ ત્રણ સાહેબોની નવી યોજનાને સાંભળી લઇ, પોતાથી બનતી દરેક મદદ આપવા કબુલી હતી. આગલાં સાલમાં જેમ વીકટોરીયા કલબને ઉભી કરી, તેને માટે એક ધરખમ કમીટી ગોઠવી હતી, તેમ આ નવી કલબને માટે પણ કેખશરૂએ એક ધરખમ કમીટી ગોઠવી હતી, તેમ આ નવી કલબને માટે પણ તેવણે એક તેવીજ ધરખમ કમીટી ગોઠવી, અને કાબરાજીએ જેમ પોતાની માનીતી ગાયન ઉતેજક મંડળીને ઉભી કરી, તેનું નામ આપ્યું હતું, તેમ આ નવી નાટક કલબનું નામ પણ તેવણે નાટક ઉતેજક મંડળી આપી, તેનું કામ શરૂ કીધું હતું.

હોરમસજી ધનજીભાઇ મોદી. (કાકાવાળા!)



સુડી વચ્ચે સોપારીનો નવો નાટક.

ફરામજી ગુસતાદજી દલાલે ખેલાડીઓ જમાવવા માંડયા, અને કેખશરૂ કાબરાજીએ એક નવો ઘરાની સંસારી નાટક લખી, કલબને સપુરદ કીધો હતો. તે ખેલનું નામ "સુડી વચ્ચે સોપારી" આપ્યું હતું. તે એક ચોખ્ખી 'કોમીડી' હતી. આ નાટકનું રીહરસલ લગભગ બે ત્રણ મહીના ચાલ્યા પછી, તે સ્ટેજ કરવા એકાદ ગ્રાંટરોડની નાટકશાળાની મદદ લેવી પડી હતી. પણ જે ધાર્યું હતું, તેજ આ નાટકના બાબમાં બન્યું, અને તે એ, કે નાટક જોનારો આગલો વર્ગ, બીલકુલ બદલાઇ ગયો હતો, અને તે સબબને લીધે, આ એક પેહલી પંક્તીની "હાઇ કલાસ કોમીડી'ની કદર, જેવી જોઇયે તેવી મુલ્વાઇ નહી, અને તેથી નાટક ઉત્તેજકના માલેકોને નીરાસ થવું પડયું હતું.

મારા મહેરબાન, ભેજાં તો દરએક માણસની ખોપરામા પરવરદેગારે મુકેલા હોય છે! પણ કેખશરૂની ખોપરીમાં કંઇ સાધારણ પ્રકારનું ભેજું હતું નહી. નાટક ઉ-તેજકના માલેકો પોતાના નાટકની બરબાદી થઇ ગયેલી જોઇ, પોતાના ડાચાં વકાસી વીચારમાં પડયા! કેખશરૂએ આ નાટકવાળાઓને એવી રીતે રડમસ અને બાઇલાજ થઇ ગયેલા જોઇ, કમીટીની મીટીંગ બોલાવી. એ કમીટીમાં મરહુમ રણછોડભાઇ ઉદયરામે, અને મનસુખરામ સુર્યરામ જેવા વીદ્વાન સાક્ષરો હતા, તેઓએ કાબરાજીને એકમતે સુચવ્યું, કે હવે બીજી ત્રીજી બાબદો પડતી મેલી, હમો તમુને એવી ભલામણ કરયે છીયે, કે તમો એ નાટક ઉ-તેજક મંડળીને માટે

હરીશ્ચંદ્ર નાટક

લખી, તે સ્ટેજ કરાવવો. રણછોડભાઇએ તે નાટક પોતે લખેલો હતો, તે કેખશરૂને વાંચવા માટે આપ્યો, અને કેખશરૂએ તે વાંચી, તેને સ્ટેજને લાયક બનાવવા માટે, રણછોડભાઇની પરવાનગી મેળવી, કેટલોક ફેરફાર કરી, તેમા ગાયનો વીગેરે વધારી, સુધારી, નાટક ઉતેજકના માલેકોને તે વાંચવા આપ્યો હતો. રણછોડભાઇ એક પ્રખ્યાત ગુજરાતી લેખક હતા. તેવણે લખેલી ભાષા શુધ્ધ અને કડક હતી, અને પારસીઓએ તે સેહલથી સ્ટેજ કરવાની હીંમત કીધી હતી.

પણ મુળ સવાલ એ હતો, કે એ નાટક કઇ નાટકશાળામાં સ્ટેજ કરવો! કેખશરૂએ પોતાની અકકલમંદી અને લાગવગનો આ વખતે એવો ઉપયોગ કીધો, કે તેથી ગ્રાંટરોડ ઉપર નાટક કરનારા સઘળા પારસી માલેકોના પેટમાં ખલભળાટ ચાલી રહયો! કેખશરૂએ લાંબી નજર દોડાવી, ધોબીતળાવ ઉપર આવેલા ફરામજી કાવસજી હોલમાં, એક કામ ચલાઉ સ્ટેજ ઉભી કરવાની, અને ત્યાં એક વરસ સુધી, નાટકો કરવાની રજા મેળવી હતી આ હરીશ્ચન્દ્રનો નાટક, ધોબીતળાવ જેવાં એક સગવડભરેલા મધ્યસ્થાને સ્ટેજ થયો હતો.

જોયું સાહેબ, એક કામેલ બેજું શું શું કરી શકે છે તે? ઘણા નાટકવાળાઓએ મુસ્તકીમ એવું માની લીધું હતું, કે નાટક ઉતેજક મંડળીને નાટકશાળા નહી મળવાથી તે દફન થઇ હતી! પણ નહી, તેમ થયું નહી હતું! નાટક ઉતેજકના માલેકો, ધોબીતળાવ ઉપર તેઓને માટે કેખશરૂએ કરેલી નવી ગોઠવણ સાંભળી, કેખશરૂ ઉપર થોડા થોડા થઇ ગયા હતા! જાહેર પ્રજાને એક મોટી સગવડ મળી ગઇ હતી. હરીશ્ચંદ્ર નાટક તઇઆર થતાંજ, અને તેની જાહેર ખબર છાપાઓમા વંચાયા પછી, તમાશબીન આલમ તે જોવા ઘણીજ અધીરી બની ગઇ હતી. અંતે તે નાટક ફરામજી કાવસજી હોલમાં રજુ થનાર છે, એવું સાંભળી ખેલને દાહડે રાત્રે, આઠા આઠ વાગે, નીચલા હોલના દરવાજા બંધ કરવાની લાગતા વળગતાઓને ફરજ પડી હતી. એ નાટક શની, બુધ, અને સોમવારની રાત્રે, મજકુર હોલમાં, લોકોની ગંજાવર ઠઠ વચ્ચે એક વરસ સુધી થતો રહેલો હતો. હરીશ્ચંદ્રના સ્ટેજ થયા પછી, અલબતાં, ગ્રાંટરોડની વીકટોરીઆ નાટકશાળામાં, વીકટોરીઆ નાટક મંડળીની આવક ઉપર, કાંઇક અસર થવા પામી હતી. એવી મંદી જોઇ, વીકટોરીયાના માલેકો તુરતજ બહારગામ જવાની તઇયારી કરવા પડયા, અને પોતાનો છેહલો ખેલ

ચવચવનો મુરબ્બો!

સ્ટેજ કરી તેઓ ઉપડી જનાર હતા! આ ચવચવના મુરબ્બાની પેહલી શોધ, પ્રખ્યાત ખેલાડી ખુરશેદજી બાલીવાળાએ કરી હતી. હું એ ખેલમાં સમાયલો ભરમ ખુલ્લો કરૂં, તે આગમચ એ ચવ–ચવના મુરબ્બાનું નામ સાંભળી, એક જબરો મોટો ધસારો, તે ખેલની રાત્રે વીકટોરીયા નાટકશાળામાં થયો હતો, કેમકે મંડળી એ ખેલ કરી બહારગામ ઉપડી જનાર હતી. ત્યાં બનેલા એક યાદગાર બનાવની નોંધ લીધા વગર ચાલે એમ નથી. ઓરચેસ્ટ્રામાં લોકની ગીરદી એટલી બધી હતી, કે એકબી બેઠક ખાલી નહી હતી. છતાં ટીકીટ વેચનાર કમ્પનીના લાભ સાચવવાના હેતુથી ટીકીટ વેચ્યો જતો હતો! એવે સમે એક રંગીલો મુસલમીન જવાન, પોતાના ગોઠીયાઓ સાથ ટીકીટો આપી નાટકશાળામા દાખલ થયો, અને એકબી બેઠક નહી મલ્યાથી, ફુટ લાઇટને છેડે તે સ્ટેજ ઉપર કુદીને ખુણામાં ચોતે ગોઠવઇ ગયો હતો. એવામાં ખેલ શરૂ થયો. શરૂઆતમાં જલસામાં દાદી ઠુંઠી પોતે ગાયન કરનાર હતા, પણ લોકોની ગીરદી અને ગડબડ વચ્ચે ગાયન સંભળાય તેમ નહી હતું, એવામાં ઠુંઠી સાહેબની નજર, સ્ટેજ ઉપર ચહડી બેઠેલા પેલા મુસલમીન ઉપર પડતાંજ, તેવણ પોતાની ખુરસી ઉપરથી ઉઠી, ફુટ લાઇટ આગળ ધસી ગયા, અને લગાર કડક દમમાં મોટે આવાજે બોલ્યા.

"આ કાંઇ બાસણુ કરવાનો તખ્તો નથી, પણ નાટકશાળા છે, વાસ્તે સ્ટેજ ઉપરથી ઉતરી જાવ!"

આ ટીકા દેખાઈતી રીતે નાટક ઉતેજક મંડળી, જે ફ. કા. હોલમાં નાટક કરતી હતી, તેને માટે મુકરર કરેલા હતા.

ચવચવનો મુરબ્બો તે શું?

મેહરબાને મન, હવે ચવચવનો મુરબ્બો એટલે શું, તેનો ખુલાસો થવો જોઈયે! નાટક મંડળીઓ પાસે જ્યારે નાટક કરવા ખેલ નહી હોય, યા તો જ્યારે મુસાફરી, માટે નાટકોની તમામ સામગ્રી બાંધી રૂઢી પેક કરી નાખી હોય, ત્યારે જતાં જતાં એક ખેલ કરી જેબી આવક આવે, તે ખીસામાં સેરવવા, આ ચવ–ચવનો મુરબ્બો રટેજ કરે છે! એ મુરબ્બામાં મીઠાસ કે સ્વાદ જેવું કાંઈબી હોતું નથી, પણ ઓછામાં ઓછી મેહનતે, જે કાંઈ રજુ થઈ શકે, તે રજુ કરવા માટે એક પ્રોગ્રામ ઘડાય છે. દુલ્લભજી આવી એક ગાયન ગાઈ જશે! સક્કરજી અને કકકરજી પોતાના હાસ્યરસ ભાગ ચીત્રસેન નાટકમ.થી રજુ કરશે! દોરાબજી ડબ્બલ પોતાના હાથ ચાલાકીના ખેલો રજુ કરશે, અને મીસ ઝીલુબાઈ છટાંક પોતાનો પ્રખ્યાત નાચ રજુ કરશે વીગેરે;! અને તેવા એક ખેલનું નામ ચવચવનો મુરબ્બો મરહુમ બાલીવાળાએ પેહલવેહલું આપ્યા પછી, મુંબઈ અને બહારગામની કલબોએ તેનું અનુકરણ કરી લીધું હતું.

આ હરીશ્ચંદ્ર નાટક, ફ. કા. હોલમાં એક વરસથી વધુ વખત લોકોની જબરી ઠઠ વચ્ચે ચાલુ રહયો હતો. તે લગભગ એકસોથી દોઢસો વખત થયો હતો. એ ગુજરાતી હરીશ્ચંદ્રની આવી ફતેહ જોઈ, પાછલા સાલમાં મરહુમ બાલીવાળાએ, એ નાટકને ઉર્દુ ભાસામાં ફેરવી પોતાના મુનશીઓ પાસે રચાવ્યો હતો, મગર તેના હાસ્યરસ ભાગમાં કાંઈક ફેરફાર કરાવ્યો હતો. ગુજરાતી હરીશ્ચંદ્ર મરહુમ હોરમસજી ધનજીભાઈ મોદી (કાકાવાલા) પોતે ભજવતા હતા. વીશ્વામીત્ર મરહુમ ફરામજી ગુસ્તાદજી દલાલ થતા હતા, અને નક્ષત્ર કાવસજી ગુરગીન ભજાવતા હતા. હરીશ્ચંદ્રની રાણી તારામતી અરદેશર હીરામાણેક નામનો એક જવાન ભજાવતો હતો. ખેલમાં બીજાં પાત્રો ઘણાબી હતાં, પણ તે સઘળા માહેલો એક ખેલાડી, જે હરીશ્ચંદ્રમાં ઢેડીનો પાર્ટ કરતો હતો, તે તેણે એવી તો બાહોશી અને ચાલાકીથી કીધો હતો, કે જેથી તેનું નામ 'પેસુ ઢેડી, એમ પાછળથી પડી ગયું હતું. આ પારસી જવાનનું નામ પેસ્તનજી હતું, અને તે રેલ્વેમાં નોકર હતો, પણ તેનો તમામ હાવભાવ સ્ત્રીના જેવોજ હતો.

એક વરસ થયું પસાર!

અંતે ફ. કા. હોલમાંથી ખાલી કરી જવાનો વખત આવી લાગ્યો, કેમકે થયલા કરાર પ્રમાણે એક વરસ પુરૂ થયું હતું. આવી રીતે નાટક ઉતેજકના માલેકોએ એક મોટી દોલત હરીશ્ચંદ્રનો ખેલ કરી મેળવ્યા પછી, તેઓને એ ધંધો મુકવા ગમ્યો નહી. કેખશરૂ કાબરાજીબી આવી એક કલબ ખોરવાઈ જાય, તે જોવા રાજી નહી હતા. તેવણે લાંબી નજર કરી, કરાફર્ડ મારકીટની સામે જે જગા ખાલી

પડેલી હતી, અને જ્યાં સાંજને સમે મોચીઓ બુટ, સપાટ અને જોડા વેચવા બેસતા હતા, તે જગ્યા ઉપર એક કામ ચલાઉ નાટકશાળા બંધાવવાની પોતાની ખાહેશ નાટક ઉતેજકના માલેકોને જણાવી. તે વખતે સારે નસીબે એકઝીકયુટીવ એનજીનીયર મરહુમ શેઠ મંચેરજી મરઝબાન હતા. તેવણુની મેહરબાનીથી આ ખાલી જગ્યા ઉપર એક લાકડાંની ફરતી દેવાલવાળી નાટકશાળા, મજકુર કલબના માલેકોએ ઉભી કીધી, અને ત્યાં મરહુમ રણછોડભાઇ ઉદયરામની કલમથી લખાયલો પ્રખ્યાત નળ દમયંતી નાટક સ્ટેજ કીધો હતો.

આ દમયંતી નાટકે વળી એક નવું ખેમાણુ જગાડ્યું હતું ! એ નાટકે હીંદુ કોમમાં જબરી ઉશ્કેરણી જગાડી હતી. હીંદુ સ્ત્રીઓ એ નાટક જોવા ટોળાબંધ પોતાના ધાવતાં બાળકો સાથ આવવા લાગી હતી, પણ તેમના દુધમલ ધાવતાં બાળકોના રડવાના અવાજથી, નાટકના કામમાં બહુ ખલલ ચાલુ થતી રહી હતી.

નાટકશાળાના કંપાઉંડમાં બાળકો માટે ગોઠવેલી ઝોળીઓ.

આ નાટકના કામમાં થતી ખલલ અટકાવવાના ઇલાજ તરીકે, મરહુમ કેખશરૂ કાબરાજીએ સુચવ્યું, કે નાટકશાળાના કંપાઉંડમાં થોડીક ઝોળીઓ મંગાવી ગોઠવવી ! અને બાળકો જ્યારે રડવા લાગે, ત્યારે તેઓને તે ઝોળીમાં લેટાડી હીંડાળવાં, એટલે બાળકો સુઇ જશે ! આ સુતેલા બાળકો ઉપર 'ડોરકીપરો'એ પોતાની નજર રાખવી. જ્યારેબી કોઇ બાળક રડતું, ત્યારે તેની માતા તુરતજ જઇ તેને ધવડાવી, પાછી સુવાડી દેઇ, પોતાની બેઠક ઉપર તે આવી બેસતી !

આ ઇલાજ હીંદુ માતાઓને ઘણોજ પસંદ પડયો હતો. નળ દમયંતી નાટક મોટે ભાગે ધાર્મીક બનાવોથી ભરપુર હોવાને લીધે, હીંદુ સ્ત્રીઓનું તે જોવા માટે જબરૂ ખેંચાણુ થયું હતું, અને કલબના માલેકોએ નાણુંબી ઠીક કમાઇ લીધું હતું. માતબર હીંદુની બાનુઓ પોતાને ઘરના પાળણા પોતાના નોકર પાસે મોકલાવી, તે સારી જેવી જગ્યા ઉપર ગોઠવાવી દેતાં, અને તે નોકરોને તે પાલણાની તપાસ માટે રાતે ત્યાં બાળક આગળ રેહવાની શેઠાણીઓ તાકીદ કરતાં હતાં ! અને તે બાળક જ્યારેબી જાગતું યા રડતું, ત્યારે તે નોકર પોતાની શેઠાણીને જણાવવા જતો હતો.

આવી રીતે કેખશરૂની આ બીજી યોજનાથી માલેકોના ખીસાં તર થયાં હતાં. પણ અફસોસનો એક ઉદગાર કાહડવાની દુખભરી ફરજ પડે છે, કે ત્રણે માલેકોએ આવી એક નાયાબ યોજનાથી મેળવેલી કીરતી અને દોલતનો સેહજબી ભાલો કે ઇનામ કેખશરૂને સેવટ સુધી આપ્યાં નહી હતાં. નાટકના માલેકો બેશક નગુણા તો ખરા !

---

[૬૯]

નાટક ઉતેજકની જીંદગીની હયાતી બરાબર ૧૬) વરસની હતી. ઇ. કા. હોલમાં હરીશ્ચંદ્રનો નાટક થયો ખરો, તે નાટક આગમચ એક ફારસી નાટક, સુડી વચ્ચે સોપારીનો એ મંડળીવાળાઓએ કીધો હતો. એ વીશ ગયા આંકમાં હું જણાવી ગયો છું. એ સુડી વચ્ચે સોપારીના નાટકમાં, મનીજેહ નામની સ્ત્રીનો પાર્ટ, એક પારસી છોકરો કરતો હતો. તે છોકરો દેખાવમાં અને કદમાં અતી ઘણો મેંગાણુ કરનારો હોવાથી, નાટક ઉતેજક છોડી, તે ઝોરાસ્ત્રીયન કલબમાં પેસડાઇ ગયો હતો. ઝોરાસ્ત્રીયન કલબમાં કોણુ તેને પસાડી કે લલચાવી લઇ ગયું તેની ખબર પડી નહી હતી, પણુ ત્યાં તે છોકરાએ, પોતાની નાટકી શક્તીથી, અને પોતાના હાવ ભાવથી એક મોટું મીત્ર મંડળ મેળવ્યું હતું! ઝોરાસ્ત્રીયન કલબમાંથી તે છોકરો ઠીર ઠરયો નહી, અને ત્યાંથી તે વીક્ટોરીયા કલબમાં પેસડાઇ ગયો હતો, જ્યાં તેણે પોતાની તમામ નાટકી કારકીર્દી પુરી કરી હતી. તે છોકરો કોઇજ નહી, પણુ મરહુમ, મેહરવાનજી પેસતનજી મેહતા હતો, જેને માટે હું અત્યાર આગમચ લખાણુ કરી ગયો છું.

ફેરીદુન નાટક.

એ પછી કેખશરૂએ પોતાનો લખેલો ફેરીદુન નાટક, સ્ટેજ કરાવવાનો વીચાર કીધો. એ ફેરીદુન તેજ નાટક હતો, કે જે મરહુમ દાદી ઠુંઠીને, કેખશરૂએ હીન્દી નાટક મંડલી માટે ખાસ લખી આપ્યો હતો, પણુ તેની કીંમતના નાણુા નહી મલ્યાથી, પાછી તે કેખશરૂની મતા થઇ હતી. તે ફેરીદુન નાટક, સુધારા વધારા સાથ કેખશરૂએ નાટક ઉતેજકને આપ્યો હતો. તે નાટક પણુ થોડાક માસ ગભડયો હતો, અને ત્યાર પછી, કવી નરમદા શંકરે લખેલો પ્રખ્યાત સીતા હરણુનો ખેલ હાથ ધરયો હતો.

પણુ જેમ હરીશ્ચંદ્ર અને નળ–દમયંતી નાટકો, હીંદુ સાક્ષરોએ લખ્યા હતા, પણુ તે સ્ટેજને ભરના નહીં હોવાથી, કેખશરૂ કાબરાજીએ તેમાં કાપ–કુપ અને સુધારા વધારા કરી તેને સ્ટેજને ભરના કીધા હતા, તેમ કવી નર્મદાશંકરનો લખેલો સીતા હરણુ, પણુ તેવીજ રીતે કેખશરૂને માથે પડયો હતો, જેથી તેમાં સ્ટેજને અનુસરતા સુધારા કરી, ગાયનો ઉમેરી, તે નાટક ઉતેજકે સ્ટેજ કીધો હતો. આ નાટકે પણુ નાટક ઉતેજકના માલેકોને સારી કમાઇ કરાવી આપી હતી.

રસ્તાખેઝ અને સીતા હરણુ નાટકો.
એ બંને વચ્ચે એક અજબ જેવી સરખામણી.

એટલું તો નક્કી આપણે સમજ્યે છીયે, કે દરેક પ્રજા પોતાના ધર્મ તરફ દીલગીરી બતાવતી, તવારીખમાં નોંધાઇ ગઇ છે. આ સીતા હરણુ નાટક પ્રસંગે

બનેલા એક બનાવની અને અત્રે નોંધ લેવાની ફરજ પડે છે. જ્યારે પ્રખ્યાત રસ્તમજી નાટક, શાપોરે ઉશ્કેરી રચી ઇરાનમાં તેને સ્ટેજ કીધો હતો, ત્યારે તે નાટક જોવા હજારો જરથોસ્તી ઇરાનીઓ, તેમજ માલદાર ઇસ્લામીઓ હાજર થયા હતા. તે નાટકમાં પેગંબેર ઝરથોસ્ત્ર સાહેબનું રૂહ, તેઓને શીખામણ દેવા અને તેઓની રેહબરી કરવા નાટક તખતા ઉપર જેવું હાજર થયું હતું, ત્યારે તેજ વખતે, નાટકશાળામાં હાજર રહેલા તમામ ઇરાની જરથોસ્તીઓ તેમજ ઇસ્લામીઓ એકદમ વખતે ઉભા થઇ ઝરથોસ્ત્ર સાહેબના રૂહને અદબથી નમન કરી ઉભા રહયા હતા. વળી એજ ઉશ્કેરીના રસ્તમજી નાટકનું ગુજરાતી ભાષામાં બેતબાજી અને સંગીત સાથ એક કીરતન, આ ગ્રહના લખનારે જ્યારે મુંબઇ તેમજ કલકત્તામાં રજુ કીધું હતું, ત્યારે હાજર રહેલાં તમામ જરથોસ્તી બાનુઓ અને ગ્રહસ્થો તેજ વખતે ઉભા થઇ, પેગમ્બર સાહેબના મુખમાંથી નીકળતા સખુનો ધ્યાનથી સાંભળ્યા હતા.

આ સીતા હરણ નાટકમાં પણ તેમજ બન્યું હતું. સીતા હરણનો નાટક જોવા હીંદુ શેઠીયાઓ અને મહારાજોની મંજાવર ઠઠ મળતી હતી. એ નાટકમાં જેવા સ્ટેજ ઉપર રામ અને સીતા પ્રથમ દાખલ થતાં, કે તુરતજ તેઓ પોતાની બેઠક ઉપરથી ઉઠી, હાથ જોડી તેમને નમન કરતાં હતાં. આ બંને બનાવો કેટલી બધી રીતે એક બીજાને મળતા આવે છે, તે ફક્ત દેખાડવા માટેજ અત્રે તેની નોંધ લેવાની જરૂરત લાગી છે.

હીંદુ અને પારસી નાટકો.

પોતાની લાંબી હયાતી દરમીયાન, નાટક ઉતેજકે, અનેક હીંદુ અને પારસી નાટકો સ્ટેજ કીધા હતા. પણ જે રીતે કાબરાજીએ વીકટોરીયા કલબ સાથનો સંબંધ તોડી, કમીટીને વીખેરી નાખી હતી, તેમ આ નાટક ઉતેજક મંડળીના બાબમાં પણ તેમજ બનેલું મને ધ્યાન છે. એ નાટક ઉતેજકનો સાથનો સંબંધ તોડતાંજ, તે મંડળી–છુટી થવા લાગી હતી. પોતાની મરજી પસંદ ખેલો નહી કરવાને લીધે કદાચ એવું પરીણામ આવ્યું હોય, એ બનવાજોગ છે. બે આગેવાન હીન્દુ લેખકોના હીન્દુ નાટકો સ્ટેજ કીધા પછી, કેખશરૂએ નાટક ઉતેજક માટે બે–ત્રણ હીન્દુ નાટકો લખ્યા હતા. અને તે નાટકો સ્ટેજ થયા પછી, કેખશરૂએ એક પારસી સંસારી નાટક, એજ નાટક કંપની માટે લખી, ઇ. સ. ૧૮૮૩ ના સાલ માટે ભજવવા માટે આપ્યો હતો. એ નાટકનું નામ

નીંદાખાનું

હતું. ઇ.સ. ૧૮૮૩ ના સાલમાં તે વખતના પારસી સંસારનો તે એક ઉમદામાં ઉમદા ચીતાર હતો. જો કે તે એક પ્રસીધ્ધ ઇંગ્રેજ લેખક Sheridan ના નાટક, School for Scandal ને આધારે લખ્યો હતો, તોપણ તે લખવામાં કેખશરૂએ જે હુંન્નરમંદી અને પારસી સંસારનો ચીતાર આપવામાં જે કુશળતા વાપરી હતી, તેવો નાટક ૧૮૮૩ પછી, કોઇબી લખનારે લખ્યો હોય, એવું આ લખનારને યાદ નથી.

તે નાટક માહેલા પાત્રોના કેટલાક નામો ઉપરથીજ લોકો અટકળી શકતા હતા, કે તે પાત્ર ભજાવનારની ખાસીઅત કેવી હોવી જોઇયે ! દાખલા તરીકે, પીલાંમાય પીસાતા અને જરી જુહાક, એહલી ભગત અને ચાનજી ચાડીયો. પણ એ સહુ કરતાં જાણુવા જોગ એક પાત્રનું નામ કેખશરૂએ 'નાજાંમાય નસકોરૂ' આપ્યું હતું, અને જેને તે પાત્ર ફાવે ગયું હતું, તેણે તે વખતના સઘળાં જાહેર છાપાની એકસરખી પ્રસંનતા મેળવેલી હતી. ખુદ Times of India વટીક એ ખેલાડીના એકટીંગની જાબજા તારીફ કરી, પોતાના છાપામાં તેની નોંધ લીધી હતી.

દારાશા નવરોજજી પટેલ. (નાજાંમાય નસકોરૂ !)



નાટક ઉતેજક મંડળીનો એક આગેવાન ખેલાડી. સ્ત્રીના ઘણાએક પાર્ટ કરી મેળવેલી પ્રસીધ્ધતા.

નાજાંમાય નસકોરૂ !

આ નાજામાય નસકોરૂનો પાર્ટ કરનાર ખેલાડી, એક talented artist હતો. તેણે પોતાની આખી કારકીર્દીમાં લેડી કેરેકટર સીવાય કદીબી બીજાં પાત્રો કરવાની તજવીજ કરી નહી હતી. લેડી કેરેકટર જ્યારેબી તે કરતો, ત્યારે તે હંમેશાં પાર્ટના spirit માં ઉતરીને તે ભાગ ભજવતો હતો, જેથી તેણે ભજવેલાં દરેક પાત્ર, જ્યાંબી તેણે ભજવ્યા હતા, તે ઘણાજ લોકપ્રીય થઇ પડતાં હતાં. આ નાજાંમાય નસકોરાનો પાર્ટ ઘણોજ સાદો હતો. નીંદાખાનામાં ભજવાતા બીજા સ્ત્રીના પાર્ટો સાથ સરખાવતાં તે એક વીધવા સ્ત્રીનો ભાગ હતો, પરંતુ કેખશરૂએ જેવી રીતે

એ પાત્રને પોતાના ખેલમાં ચીતારયો હતો, તેવી રીતે તે ભજવવો, કોઇબી સાધારણ પ્રકૃતીના ખેલાડીથી બની શકે તેમ નહી હતું. આ નાજાંમાયના પાર્ટમાં સમાયલી મોટી મુશ્કેલી તેના નાકના 'નસકોરાં'ની અંદર હતી, જે આ ખેલાડીએ એવી રીતે પોતાના નાકના નસકોરાંને સીફતથી વલણ આપી પોતાનો પાર્ટ ભજવ્યો હતો, કે જેને માટે ટાઇમ્સ ઓફ ઇન્ડીયા જેવા પેપરે તેના એકટીંગ માટે તેને તે વખતે ધન્યવાદ આપ્યા હતા. એ ઉપરાંત કાળો મેંઢાવાળા પારસી સંસારી નાટકમાં પોતાના એકટીંગથી શીરીનનું પાત્ર ભજવી આખા ખેલની રસીકતા એ ખેલાડીએ દીપાવી હતી. નળ-દમયંતી ખેલમાં દમયંતી તરીકે, સુભદ્રા હરણમાં સુભદ્રા તરીકે, આબે ઇબ્લીસમાં ઉરીકા તરીકે, રૂસ્તમ સોહરાબમાં તેહમીના તરીકે, અને ઘણી નાહની ઉંમરે પરશીઅન નાટક મંડળીએ કરેલા ફરીદુન અને ઝોહાકના નાટકમાં 'બાલ-ફરીદુનનો ભાગ, ફારસી ઝબાનમાં ભજવી, પોતાનું કામ શરૂ કીધું હતું.

ધનજીભાઈ નશરવાનજી માસ્તર.



નાટક ઉત્તેજકનો આગેવાન ખેલાડી—નીંદાખાનાના મેહલી ભગત—સીતા હરણના રાવણ વીગેરે.

બેહલી ભગત!

ધનજીભાઇ નસરવાનજી માસ્તર પેહલવેહલ્લા પેહલી આલફ્રેડ નાટક મંડળીમાં, જેહાબક્ષના ખેલમાં એક બેહરા જીનનો પાર્ટ કરી, પોતાની નાટકી કારકીર્દી એ ભાઇએ શરૂ કરી હતી. ધનજીભાઇ માસ્તર, પાછળથી નાટક ઉત્તેજક મંડળમાં સામેલ થઇ, શુધ્ધ ગુજરાતી હીન્દુ ખેલોમાં જેમ આગેવાન ભાગ લેતા હતા, તેમ નીંદાખાનાના નાટકમાં એવણે બેહલુભાઇ નામનો ભાગ ભજવ્યો હતો. ખેલ લખનારે, આ પાત્ર, સફેદ સાહુયામાં એક શયતાનને દેખાડવા જેવું ચીતાર્યું હતું, અને તે મી૦ ધનજીભાઇ માસ્તરે એવી સફાઇથી ભજવ્યું હતું, કે બેહલી ભગતના નામને છાજતુંજ તે બન્યું હતું. સીતા હરણમાં ધનજીભાઇ માસ્તરે રાવણનો ભાગ ઉતમ પ્રકારે રજુ કીધો હતો, તેમજ બીજા ગુજરાતી હીન્દુ નાટકોમાં પણ તેવીજ રીતે પોતાના પાર્ટ ભજવતા હતા.

નીંદાખાનામાં સમાયલી ખુબી.

એક ખેલમાં સમાયલી ખુબી જ્યાં સુધી તે સ્ટેજ થઇ પ્રગટે નહી, ત્યાંસુધી જણાતી નથી. તો પણ ઘણાક બેભાગુ ડીરેકટરો અને માલેકો, તેવા કોઇ ખેલની ખરી ખુબીનું તોલ, રીહરસલ ચાલતાંજ કરવાની હેમાકાત કરે છે. એવી હેમાકાતના બાબમાં લખવાની જરૂર પડી છે, કે આ નાટક ઉત્તેજક, તેમજ આલફ્રેડ નાટક મંડળીના ડીરેકટરો, કોઇબી રીતે બાકાત નહી હતા. અને તે આ નીંદાખાનાના ખેલ દરમીયાન, તે મંડળીના માલેકોએ પોતાની તેવી કસુર દેખાડી આપી હતી. વાત એમ બની કે નીંદાખાનાનો નાટક જ્યારે તઇયાર થઇ રહયો, ત્યારે તેનું એક 'ઓક રીહરસલ' કમીટીને દેખાડવાની ગોઠવણ કીધી હતી. એ ગોઠવણ પ્રમાણે, રીત અને રેવાજ પ્રમાણે, ખેલ કેટલા કલાક ચાલે છે, તેની નોંધ 'પ્રોમટરે' શરૂઆતથીજ લીધી હતી. જ્યારે રીહરસલ પુરૂં થયું, ત્યારે સવાલ થયો કે નાટક કેટલા કલાક ચાલ્યો હતો! પ્રોમટરે પોતાની નોંધ જોઇ કહયું, કે નાટક દોઢથી બે કલાક ચાલશે!

નાટક ઉત્તેજકનો એક માલેક જે ઘણાજ મીજાજના જાહેલ હતા. તેવણે અજબ થઇ, ચીરડાઇ જઇ, પેલા પ્રોમટરને વાહરી ખાધો, શું નાટક દોઢ—કલાક ચાલ્યો? ગરીબ બીચારો પ્રોમટર. તેણે ભાર મુકી જણાવ્યું કે મારી નોંધ ઉપરથી તેમજ જણાય છે. પેલા માલેકે ચીરડાઇ જઇ મોટેથી કહયું, "તારી નોંધ ગેઇ ઝાનમમાં" આ શબ્દો સાંભળી મરહુમ કાબરાજી જેવણ ત્યાં હાજર હતા, તેવણ મોટે અવાજે હસી પડી બોલ્યા. "પણ તેમાં પ્રોમટર શું કરે? તમે નવ વાગે શરૂ કીધો, અને પોણા બાર વાગે પુરો થયો, તેમાં પ્રોમટર શું કરે?"

અંતે અનેક ઘલાઓ સુચવાયા હતા. કોઇ કેહ વીસામો લાંબો વખત આપો! કોઇ કેહ નાટક નવને બદલે 'સાડા નવ વાગે' શરૂ કરો! કોઇએ સુચવ્યું કે સાહેબ

થોડાં ગાયન ઉમેરો! પણ કાબરાજીએ સઘળી સુચનાઓથી એકબી સ્વીકારી નહી, અને નાટક એમનો એમ શરૂ કરવા જણાવ્યું હતું.

અને અંતે માલેકોને કાબરાજીના તે હુકમના તાબે થવાની ફરજ પડી હતી. ખેલમાં સમાયલી ખરી ખુબીનું તોલ નાટક ઉ-તેજકના ત્રણ ત્રણ માલેકોમાંથી કોઇબી કરી શક્યું નહી. અને તેજ નીંદાખાનાનો નાટક, જ્યારે પેહલવેહલો એલફીનસ્ટન નાટકશાળામાં સ્ટેજ થયો, ત્યારે સઘળાઓની પાર વીનાની અજાએબી વચ્ચે, તેજ નીંદાખાનાનો ખેલ, રાતના એકથી દોઢ વાગ્યા સુધી ચાલ્યો હતો! એનો ખરો ભેદ શું, તે રાતોરાત તો કોઇથી કલ્પી શક્યું નહી, પણ વળતે દીવસે આતવાર હોવાથી જ્યારે આખી કલબ બપોરે ત્રણ વાગ્યા પછી રાબેતા પ્રમાણે ભેગી મળી, ત્યારે મરહુમ કેખશરૂ કાબરાજીએ, આગલી રાતની પોતાની નોંધમાં કરેલી, ખેલ બાહેલી ખાત્રીઓ સઘળાઓને જણાવ્યા પછી કહ્યું, કે ખેલ જે સાડા અગીઆર વાગે પુરો થવાનું કેટલાકોએ અટકલ્યું હતું, તેને બદલે, તે લગભગ દોઢ વાગે પુરો થયો હતો, તેનું એકજ કારણ એ હતું, કે એ દોઢ કલાક લોકોએ હસવાનો લીધો હતો.

કેખશરૂનો આ ખુલાસો ઘણોજ સંતોષકારક લાગ્યો હતો. એ આખો ખેલ જો કે છાપેલી ચોપડી વાંચવાથી સહેજબી રમુજ જેવું લાગ્યું નહી હતું, તેજ ખેલ ભજવી બતાવતાં તમાશબીન આલમ એટલી બધી તો હસી હતી, કે આખો ખેલ રાતે લગભગ દોઢ વાગે પુરો થયો હતો.

એવા છાલકા અને બીનઅનુભવી ડીરેક્ટરોના એવાં હેમાકીત ભરેલાં ‘જજમેન્ટની મોહકાણમાં, ખુદા ખબર કેટલાક ખેલો અત્યાર સુધીમાં ખોરંબે પડયા હશે, તે કલ્પી શકાતું નથી!

[૭૦]

કોઈ વાંચનાર ભુલેચુકે એમ નહી સમજવું, કે નાટક ઉ-તેજકમાં એજ નામી એકટરો હતા. હતા તો બીજા ડજન બે, પણ તેમાં સરસમાં સરસ રીતે, કામમાં આવી શકે એવા બીજા ઝાઝા નહી હતા.

એક તો હરેલમાં હંમેશાં જે નજર પડતાં, તે મરહુમ ડોસાભાઈ મીસ્તરી નામના એક ઠોઠીયા ગ્રહસ્થ હતા. આ ગ્રહસ્થ 'ડોસાભાઈ ગોદરેજ'ને નામે સેવટ સુધી ઓળખાઈ ગયા હતા. તેવણે વીકટોરીયા કલબની શરૂઆતથીજ એ ધંધામાં પડયા હતા. અને વીકટોરીયા કલબ છોડયા પછી, નાટક ઉતેજકમાં સામેલ થયા હતા. પણ કાંઈપણ જાણવાજોગ ભાગ તેવણે ભજાવ્યો નહી હતો.

મરહુમ મનચેરશાહ રૂસ્તમ ફ્રરામના, એક એવાજ જુના ખેલાડી હતા. એવણે લખેલો ખલામેલાના વખનમાં વધનવાળો નાટક, કેવી રીતે ઉંચકાઈ ગયો હતો, તે વીશે હું આગલા અંકોમાં લખી ગયો છું. નાટક ઉ-તેજકમાં સેવટ સુધી એ ભાઈએ એક મધ્યમ વર્ગના ખેલાડી તરીકેનું કામ ઘીંડુ ખેલોમાં કીધું હતું, પણ આને તેની ખાસ નોંધ લેવા એવું એકપણ કામ કીધું હતું નહી.

મરહુમ દોરાબજી બજાં, એ ખેલાડીએ નાટક ઉ-તેજકમાં પોતાની શરૂઆતની કારકીર્દી, સીતા હરણના ખેલમાં રામનો પાર્ટ કરી નામના મેળવી હતી, પણ પાછળથી એ ભાઈ નાટક ઉ-તેજક છોડી પારસી નાટક મંડળીમાં એક ભાગીદાર તરીકે જોડાયા હતા, અને ત્યાં પોતાના પાર્ટ કરી પ્રકાશવા લાગ્યા હતા. એ ભાઈની નાટકી કારકીર્દી પારસી નાટક મંડળીની વીગત લખતાં, ભુલાઈ જવાની નહી હોવાથી અત્રે એટલીજ નોંધ લીધી છે.

આતશબેહરામને માનેલું સુખડ!

મરહુમ નવરોજજી દીતીયા. એ ખેલાડીની નાટકી કારકીર્દી બગાર વીચીત્ર જેવી હતી. નાટક ઉ-તેજકમાં એક સાધારણ ખેલાડી તરીકે શરૂઆતમાં રહયા હતા, અને આસપાસનો સઘળો મામલો જોઈ, ફ્રરામજી ગુસ્તાદજી દલાલ જે એક ભાગીદાર હતા, તેવણની મીત્રાચારી અને દીલસોજી મેળવી, આઈંકે સીતા હરણના ખેલમાં એક નાહનો જેવો પાર્ટ શવણના દીકરા ઇંદ્રજીતનો મરહુમે મેલવ્યો હતો. સીતા હરણના પેહલા ખેલને દાહડે, આ લેખના લખનારને મરહુમ અચાનક રસ્તે મળી જતાં મેં સવાલ કીધો હતો, કે "નવરોજી કાહં જાવો છો?" જવાબ તુરતજ નવરોજીએ આપ્યો કે: "આતશબેહરામ જાઉંછ. મેં માનતા લીધી હતી, કે જ્યારેબી હું પેહલો પાર્ટ સ્ટેજ ઉપર કરવા ઉતરીશ, ત્યારે આતશબેહરામ સુખડ ચહડાવશ!"

આ ખેલાડીની નાટકી કારકીર્દીમાં એવા અનેક બનાવો બનેલા મને યાદ છે, પણ તે સઘળા નાટકના ધંધા ઉપર મરહુમની ફીદાગીરી દેખાડનારા હતા.

મરહુમ નવરોજી દોરાબજી ચીતીયા.



નાટક તખતા ઉપર ફીદાગીરી દેખાડી અંતે ગુજર પામ્યો.

મરહુમ સોરાબજી રૂસ્તમજી વાચ્છા:—એક વખત નાટક ઉતેજકના તખતા ઉપર આ સોરાબ ઘણોજ દેખાવલો ખેલાડી હતો. તે એક આલી ખાનદાનનું ફરઝંદ હતું. કદમાં ઉંચો, અને સ્ત્રીના પાર્ટ કરતાં શોભી રહે તેવો ખેલાડી હતો. રામ અને સીતાના નાટકમાં, મરહુમ સોહરાબે સીતાનો પાર્ટ તારીફ લાયક રીતે ભજવ્યો હતો. સોહરાબે સીતાનો પાર્ટ કીધા પછી, નાટકી આલમ તેમજ મીત્રમંડળ તેને 'સોલુ સીતા'ના નામે ઓળખતા હતા. મરહુમના પીતા રૂસ્તમજી વાચ્છા પણ નાટક ઉતેજકમાં એક ખેલાડી તરીકે સારી રીતે જાણીતા થયલા હતા. રામ સીતાના ખેલમાં રૂસ્તમજી વાચ્છા રાવણના ભાઈ વીભીક્ષનનો પાર્ટ ભજવતા હતા. બંને બાપ—દીકરા એકજ કલબના એકજ નાટક તખતા ઉપર જો કે એકટર તરીકે કામ કરતા હતા, છતાં પીતા રૂસ્તમજીનો ધાક પોતાના દીકરા સોહરાબ ઉપર વીશેષ હતો. તેવણ પોતાનો દીકરો ખરાબ સંગતમાં રખે ફરે, તે ઉપર ભારી તકેદારી રાખતા હતા. અંતે રૂસ્તમજી વાચ્છા કોઈક સારા પગારની આવકવાળી નોકરી મલ્યાથી, તેવણ ડકન હયદરાબાદ ગયા હતા, અને પાછળથી સોહરાબ પણ પોતાના પીતાના લાગવગના પરીણામે, ડકન હયદરાબાદની સરકારી નોકરીમાં એકાદ માનભરેલો ઓધ્ધો મેળવવા પામ્યો હતો. પાછળથી સોહરાબ કોઈક બીમારી ભોગવી ગુજર પામ્યો હતો. મરહુમ રૂસ્તમજી વાચ્છા સોહરાબના મરણ આગમચ ગુજર પામ્યા હતા. એ બંનેના ગયાથી નાટક ઉતેજકના કેટલાક નાટકો બીલકુલ ખોરવાઈ ગયા હતા.

મરહુમ પેસુ બહુતસેના ઉર્ફે પેસુ ઢેડી ! આ ખેલાડીએ નાટક ઉતેજકમાં સામેલ થવા આગમચ; કોઈબી બીજી નાટક કલબ સાથ સંબંધ રાખ્યો નહી હતો.

પેસ્તનજી જી. આઇ. પી. રેલવે કંપનીમાં એક ફીટર તરીકે નોકરી કરતો હતો. એને પોતાની નાટકી કારકીર્દી નાટક ઉત્તેજકના નાટક હરીશ્ચંદ્રના નાટકથી શરૂ કીધી હતી. કદમા બટકો, અને હાવભાવે અને શરમાવે એવો નખરાલો હોવાથી, નાટક ઉત્તેજકમાં સઘળા નવા તેમજ જુના નાટકોમાં સ્ત્રીનાજ પાર્ટ એને મળતા હતા! નીંદાખાનામાં જરી જોહાકનો પાર્ટ એજ એક્ટરે કીધો હતો. હરીશ્ચંદ્રમાં ઢેડીનો પાર્ટ મળ્યાથી, તે પાર્ટ તેણે એવો તો કુશળતાથી કીધો હતો, કે તે દીવસથી તેનું નામ પેસુ ઢેડી પડી ગયું હતું! બહુતસેનાનું નામ, એ એક બીજા નાટકમાં મરહુમે બજાવેલા પાર્ટ ઉપરથી તે ઓળખાતો હતો.

બીરાદરેમન, નાટક ઉત્તેજકની આખ્ખી તવારીખ એટલામાં ખતમ થતી નથી. એટલું તો ખરૂં કે એક નાટક મંડળીમાં એક્ટરો તરીકે ઘણા જીસમો કામ કરતા હોય છે, પરંતુ તેમાં મુખ્ય કામ કરનારા તો ગણુગીનાજ દાણા હોય છે. અને તે કારણે જ્યારે તેનું મરવાનું કહાડવામાં આવે છે, ત્યારે આગેવાન કામદારોનેજ દરશનમાં ધરવા પડે છે. પણ નાટક ઉત્તેજકે મારેલો ચક્કાવો બમાર મોટો હતો. અલબત્તા તે કાંઇ ડે-ક્લબના ખેલાડીઓથી વસાવલી કલબ નહી હતી. દરેક ખેલાડી નાહનો કે મોટો, પોતાના ગુજરાન અરથે દીવસના નોકરી કરતો, અને રાતના 'રીહરસલ' કરવાનું કામ કરતો હતો. એટલે બહારગામ મંડળીથી જવાય એમ હતુંજ નહી. છતાં એ મરહુમ ફરામજી ગુસ્તાદજીના મનમાં એવુંજ ઠાંમી ગયું હતું, કે બહારગામ જવા વગર નાટક કંપનીવાળાઓનું દળદર ફીટે નહી!

જુના ભાગીદારોનું છુટું પડવું—નવા ભાગીદારનું સામેલ થવું.

મેં પહેલ્લેથીજ કહ્યું છે, કે ફરામજી દલાલ ઘણાજ આકરા સ્વભાવના, અને ઝટ ઉશ્કેરાઇ જાય, એવા હતા. જેમ જેમ વખત વધતો ગયો, તેમ તેમ નાટક ઉત્તેજકનો રંગ બદલાતો ગયો. જેમ જેમ આવક ઘટવા લાગી, તેમ તેમ ફરામજી અને બીજા બે ભાગીદારો વચ્ચે બડબડાટ અને કચવાટ જાહેરમાં તેમજ ખાનગીમાં બરપા થતો ગયો. આ બડબડાટ સેવટે એટલી હદ સુધી ધીમે ધીમે વધ્યો હતો, કે જેથી ફરામજી દલાલ અને બીજા બે ભાગીદારો વચ્ચેની ભાગીદારી છુટી પડી હતી. અને એ રીતે કાબરાજીની સહાયતાથી ઉભી થયલી, આ ગુજરાતી નાટક કરનારી એકપુરી પારસી કંપનીના ફરામજી દલાલ હવે એખલા માલેક થયા હતા.

પણ ફરામજી દલાલનો જીવ હવે ગુજરાતી નાટકો કરી ધરાઇ ગયો હોય, એમ લાગતું હતું. જો કે કાબરાજીએ નાટક ઉત્તેજકને પોતાના નાટકો આપવાના બંધ કીધા હતા, પણ કાબરાજીને બદલે ફરામજીને એક બીજો એવો હીન્દુ લેખક મળ્યો, કે તેણે નાટક ઉત્તેજક માટે કેટલાક ધારમીક ખેલો લખી આપી, પડતી નાટક ઉત્તેજકને થોડાક વખત ટેકાવી રાખી હતી.

મરહુમ શોકર બાપુજી મીલોકેકર.

એવણુ એક અચ્છા ગુજરાતી લેખક હતા. પોતે દક્ષણી હોવા છતાં, ગુજરાતી ભાશા ઉપર એવણુને સંપુરણ કાબુ હતો. એમ હોવાનું કદાચ એક કારણ એમ હોઇ શકે, કે શોકર બાપુજી, મુંબઇની હાઇ કોરટના ત્રાનસ્લેટર હતા. એરણે લખેલા થોડાક નાટકો નાટક ઉતેજકે સ્ટેજ કરી, હીન્દુ પ્રજાનું ઠીક ધ્યાન ખેંચ્યું હતું. મુખ્ય કરી, દમયંતી સ્વયંવર, વીક્રમ ચરીત્ર યાને શની ગ્રહનો કોપ, સુભદ્રા હરણ અને ચીત્રસેન ગાંધર્વ વીગેરે નાટકો હતા. શોકર બાપુજી એક કવી તરીકે પોતાના નાટકોમાં પોતેજ ગાયનો જોડી આપતા હતા. સ્વભાવે શોકર બાપુજી ઘણાજ મળતાવડા અને હસમુખા હતા, અને ત્યારે તો નાટક ઉતેજકના પારસી પોરીયાઓની સાથ ઘણીજ સેહલાઇથી મળી ગયા હતા.

રફીકો, જુવો મરજાત કેવી વલણ પકડે છે! નાટક ઉતેજકના ભાગીદારો જુદા પડયા, અને ફરામજી દલાલે નાટક ઉતેજક રાખી લીધી હતી. એટલે હવે ફરામજીના ભેજાંમાં નવી નવી યોજના ઘુંમવા લાગી! મરહુમે ફલાના ભાઇને રોકવા તેને બોલાવ્યો, અને ચીના ભાઇને બોલાવી તેની સથ ગોઠવણો કરવા માંડી. એ વખતે વીકટોરીયા કલબના આગલા માલેક મરહુમ દાદી કાઇરસ્ટ, વીકટોરીયા કલબથી છુટા પડી, પરવારી ગયેલા હતા. ફરામજી દલાલે દાદી કાઇરસ્ટ સાથ સંદેશા ચલાવ્યા, મુલાકાતો લીધી, મીટીંગો થઇ, અને સાહેબને કેહુું કે, એ ચળવળાનું પરીણામ એ આવ્યું હતું, કે દાદી કાઇરસ્ટ નાટક ઉતેજક મંડળવાળા ફરામજી દલાલ સાથ, એક ભાગીદાર તરીકે જોડાયો હતો. અલબતાં, ફરામજી, દલાલ, દાદી કાઇરસ્ટની નાટકી શકતી, અને એક ખેલાડી તરીકે તેમની નામના, પોતાના કરતાં વધારે બરતર હતી, એવું જો કે પોતાના અંતરમાં તેવણ સમજતા હતા, પણ જાહેરમાં તેવું દેખાડવા કે જણાવવા જરાબી રાજી નહી હતા.

દાદાભાઇ હવે માલેક તરીકે જોડાઇ, નાટક ઉતેજકની એલ્ફીનસ્ટન નાટકશાળામાં રોજ આવવા લાગ્યા. તે વખતે 'નાઇટ કલબ' હોવાથી રીહરસલ રાત્રેજ ચાલતું હતું, પણ દાદી હુંડીના જોડાયા પછી, ફરામજી દલાલના દીલમાં ભરેલી લાંબા વખતની ઉમેદ પ્રમાણે, દાદીએ તુરતજ 'ડે-કલબ' કરવાના પગલાં ભર્યાં. દાદીએ એક મુનશી રાખી ઉર્દુ ઓપેરા લખાવવા માંડયો, અને ડે-કલબના નવા નવા એકટરો સાથ નવાં નવાં બખતો કરવા માંડયા. અને એવી રીતે તે ખેલ લખાઇ તઇયાર થતાંજ, તેનું રીહરસલ ચાલુ થયું હતું.

કચેરીમાં કચરો! નવો અમલો કઠ્ઠડડભુસ!

એટલી વારમાં કચેરીમાં કચરો! તાજુબ! તાજુબીની વાત થઇ! ઉર્દુ ખેલના પાર્ટ વેહચાઇ રીહરસલ શરૂ થતાંજ ફરામજીનું નસીબ ચહડેલું એકટરોને દેખાવા લાગ્યું! એ શું થયું? પણ ફરામજી દલાલે પોતાના એક જાની દોસ્ત આગળ

ખાનગીમાં જણાવ્યું કે "દાદીએ કરારનો ભંગ કીધો છે! દરએક નવા ઉર્દુ ખેલમાં પાર્ટ કરવાની મને કબુલાત આપેલી હતી, તે પ્રમાણે આ નવા ઉર્દુ ખેલમાં એ પાર્ટ કરતો નથી, અને પાર્ટ હવે મારી પાસે કરાવે છે વીગેરે!

ઉલ્લઠાપ અને ભુલઠાપનો જમાનો!

પણ દાદી કાઈસ્ટ જેનું નામ! તે ફરામજીના સ્વભાવથી બરોબર જાણીતો હતો. તેણે ફરામજીની નાડી બાબુત પકડી, અને તેને સમજાવી લઇ વલાવી લીધો હતો, અને નવા ઉરદુ ખેલમાં ફરામજી દલાલનેજ, એક નાનો જેવો પાટ આપી, તે નવો ઓપેરા એલ્ફીનસ્ટન નાટકશાળામાં સ્ટેજ કરાવ્યો હતો.

આ મામલા દરમ્યાન, દાદી ઠુંઠીએ જબરી ચાતુરી વાપરી હતી! હું બાર મુજી લખું છું, કે નાટકના ધંધામાં તે ઉલઠાપ અને ભુલઠાપનો જમાનો હતો. જે ઉરદુ ઓપેરા દાદી ઠુંઠીએ મોટી ઉકમાઇથી લખાવ્યો હતો, અને જેને માટે તેણે ખાસ પરદા ચીતરાવ્યા હતા, તે નાટકનું નામ 'પરસ્તાનના પરીઆં' આપેલું હતું. તે નાટક ઉપર ફરામજી દલાલે મોટી આશા બાંધેલી હતી! કેમકે તેમા થોડાક દેખાવો ખાસ રંગાવેલા હતા. ખેલાડીઓના ડરેસો વટીક નવા સીવરાવ્યા હતા, અને ફરામજી દલાલે એવી ઉમેદ રાખી હતી, કે દાદી ઠુંઠી પોતે ખેલમાં પાર્ટ કરશે, અને તેનુ નામ છાપામાં છપાયાથી, આવકની દરેક ગણત્રી રાખી હતી. પણ હવામાં બાંધેલો ફરામજી દલાલે તે અમલો, પહેલી બે-ત્રણ નાઇટમાજ જમીનદોસ્ત થઇ ગયો. દાદી ઠુંઠીએ પાર્ટ કીધો નહી. ઓપેરા જેવો જોઇયે તેવો ગવાયો નહી. અને અધુરામા પુરૂં ફરામજી દલાલનો ગાયનનો ભાગ ઘણોજ નબળો ગયો, એટલે ફરામજીની નાસીપાસીનો પાર રહ્યો નહીં.

ખુણે બેસીને કરેલા બખતમાં, ખુદાને ખબર કેવી રીતે દાદી ઠુંઠીએ, ફરામજી દલાલ જેવા બાહોશ, અને શેર બજારના જાણીતા વહીવટદાર સાથ બેખીત કરાર કીધા હશે, કે આ બંને ભાગીદારો એક બીજાથી છુટા પડયા, અને સઉથી વધારે અફસોસ કરવા જેવું સેવટ તો એ આવ્યું, કે આખી નાટકશાળા, ઉખડી ગઇ, એકટરોને એક મહીનાની નોટીસો મલી, અને નાટક ઉતેજક મંડલીનો તમામ સામાન, અને ડરેસો વીગેરે વીગેરે, મરહુમ નાહનાભાઇ રાણીનાની આલફ્રેડ નાટક મંડલી માટે તેવણે ખંડી લીધો હતો. જોયું! નાટક ઉતેજક મંડલીની કેવી સરજત! જેના નાટકો મુંબઇના ગવરનરો અને આગેવાનોએ જોઇ વખાણેલા, જેના મદદગારો અને સલાહકારો મુંબઇના આગેવાન અકાબરો થયલા, અને જેના નાટકોની વખાણો જાબજા થઈ રહેલી, તેનું આખેરી સેવટ કેવું દુખદાયક આવ્યું.

ગરીબ બીચારો ફરામજી! તેવણ પાછા શેર બજારમાં ધંધે લાગા ગયા, અને ઉરદુ કલબ કાહડવા જતાં, પોતાની જુની સોલ વરસની કલબના દાદા વેચાઇ ગયા, અને——દાદી ઠુંઠી! વલી કોઇ નવી કલબમાં જોડાવા ચાહ્યા! આબલા, બલબતાં બંનેના દાઝી તો ગયા હશે ખરા!

---

(૭૧)

જેહાંગીર ખંભાતા અને હું ઘણાજ બાળપણની મીત્રાચારીથી, બચપણના દીવસોમાં હમો એકબીજા સાથ જોડાયલા હતા. હમો એકજ સ્કુલમાં, એકજ ક્લાસમાં સાથે શીખતા હતા, એટલે હમોએ એકબીજાના ખ્યાલ અને સ્વભાવને સારી રીતે જાણી ચુકેલા હતા.

જેહાંગીર ખંભાતા.



એક સુકકા જુમલાની મોહકાણુ!

એક દહાડો જેહાંગીરે મને સહવારનો ક્લાસ બેસે તે આગમચ, બાજુ ઉપર ખુણામાં લઇ જઇને કહ્યું: "જોની બાએ સુકો જુમલો હું ઘેરથી લઇ આવ્યોછ. આપણો માસ્તર હરકીસન રોજ કટકાવ્યા કરે છે, તેની આજે ખબર લેસી જોઇએ! આએ જુમલો તું લે, અને એની ટેબલના ખાનામાં હાજરી પુરવાની ચોપડીની નીચે મુકી આવ! વીગેરે."

ઓલો ના મહેરબાન! મને કંઇ એવીજ બાવળી બુધ્ધી સુજ પડી, કે હું જેહાંગીરના કહ્યા પ્રમાણે ચાલ્યો! પેલો જુમલો મેં હરકીસનદાસની ટેબલના ખાનામાં

મુકયો, કેમકે ટેબલનું ખાનું હંમેશાં ઉઘાડું રહેતું. હરકીશન જરા તાતા સ્વભાવનો માસ્તર હતો. તેણે મેત્રીકયુલેશન પસાર કરેલી હતી, તેથી છોકરાઓ ઉપર જરાજરામાં ઇંગ્રેજીમાં દમ ચલાવતો' હતો, અને રૂલની પટી વડે ફટકાવતો હતો. જુમલો ટેબલના ખાનામાં મુકી દઇ, હમો બંને જણ સરજુ શ્યાણા બની, ઘંટો વાગતાંજ કલાસમાં ગોઠવાઇ ગયા હતા. રાબેતા પ્રમાણે હરકીશનદાસ છોકરાઓને નાહનું જેવું લેકચર આપી, પોતાની ખુરસી ઉપર જઇ બેઠો, અને હાજરી પુરવા માટે ટેબલનું ખાનું ઉઘાડતાંજ સુકા જુમલાનો બેહફાટ હરકીશનના નાકમાં સાબુત ઘુસી ગયો! તેણે હાજરી પુરવાનું પુસ્તક ખાનામાંથી બહાર કહાડયું! અને બહાર કહાડતાંજ 'છી-છી-છી-છી-છી-છી!" એવા બોલો નાકનો દાંડો પકડી બોલ્યો, અને ખુરસી ખીસાડી ઉઠી ગયો વીગેરે.

મહેરબાનો, આખો કલાસ નીરદોશ હોવાથી, હરકીશનને શું થયું તેની ખબર તેમને હતી નહી, પણ જેહાંગીર અને હું એ મરતીમાં સામેલ હોવાથી, હમો બે જણાંજ હરકીશનને જોઇ બેધડક હસી પડયા. આ મરતીની મોસમ પુરી થતાં વાર લાગી નહીં. હરકીશનદાસે એ કેસ હેડમાસ્તર જીજીભાઇ કાપડીઆ ઉપર રવાના કીધો, જેહાંગીરના એક આતલગના સગાં, હોરમજી દોરાબજી ચીનાઇ જે સેકંડ કલાસના માસ્તર હતા, તેવણના બાગવગે જેહાંગીર સાબુત બચી ગયો હતો, અને મરતીખોર પોરીયા તરીકે હેડમાસ્તરે મને જાહેર કરી, જુમલો લાવી માસ્તરની ટેબલમાં મુકવાના કરેલા વાંક માટે, સખત સજા કરવાનું જાહેર કીધું! સખત સજા! એટલે જાડી નેતરના છ ફટકા હાથની ઉપર!

ખુદાના બંદા હોવો તો માનજો મેહરબાન, કે મારે મનથી એ સજા ઘણીજ ન ખમાય તેવી હતી. મને દોરાબજી માસ્તરે ઘણુંએ સમજાવ્યું, કે બે ત્રણ ફટકા મારી તુંને જવા દેશે! અધુરામાં પુરૂં મારો દોસ્ત જહાંગીર બાબો મને સમજાવવા લાગ્યો, કે એમાં કંઇ ઘણું ખમવું પડે એમ નથી! પણ મેં સાફ ના પાડી, કે એવા ઇનસાફ અને એવી સજાને હું શરણ થનાર નથી. બંદો એવો દ્રઢ ઠરાવવાળો પારસી હતો, કે બીજે દહાડે સ્કુલે જવાને બદલે, સ્કુલ છોડી બીજી કોઇ સ્કુલની શોધમાં નીકળ્યો. અને એ હમારી મરતીની મોસમ ઉપર હીવાંજ પરદો પડયો. કેમકે એ બહાને હું અને મારો દોસ્ત જેહાંગીર સદાના જુદા પડયા હતા. પણ એમ જુદા પડવા આગમચબી હમો વચ્ચે સ્કુલમાં ઘણીજ ચાતકી મશકરીઓ અવારનવાર થયા કરતી હતી, પણ જેહાંગીર તરફથી તેની સેહજબી ફરીયાદ માસ્તરને થઇ નહી હતી, મગર આ જુમલાની મોંહકાણમાં હમો બંને જુદા પડયા હતા.

જેહાંગીર એક લેડી એકટર તરીકે.

બચપણથી જેહાંગીર નાટક કરવા સરજાયલો હતો, એમ જ્યારે હું વીચાર કરૂં છું, ત્યારે મને યાદ આવે છે. જેહાંગીરના એક મામા મરહુમ હીરજીભાઇ ખંબાતા, એક પહેલી પંક્તીના ઇંગ્રેજી સ્કોલર અને જરનાલીસ્ટ હતા. તેવણની વલાણ પણ નાટકના

ધંધા તરફ હદ વગરની વળેલી હતી. તેવણુ એક બાહોશ પેહલી પંક્તીના ડીરેક્ટર અને એમેચ્યુઅર એક્ટર હતા. તેવણુની સંગતમાં જેહાંગીર શરૂઆતથીજ પલોટાઇ ગયલો હોવાથી, એક ખેલાડી તરીકે પોતાનું પાણી દેખાડવા જેહાંગીરે પાણીપાણી જરાબી કરી નહી હતી. વીક્ટોરીયા કલબે કરેલા, કેખશરૂ કાબરાજીના લખેલા નાટક જમશેદમા જેહાંગીરે પેહલ વેહલો દેખાવ આરનવાઝ નામની લેડી કેરીક્ટરમાં દીધો હતો. મગર જેહાંગીરને સ્ટેજને લાયકનો બનાવવા માટે, કેખશરૂ કાબરાજી અને દાદી ઠુંઠીને આસમાનના તારા નીચે લાવવા પડયા હતા. પેહલમાં તો જેહાંગીરની 'ડીલીવરી' પંજાબ મેલની ઝડપે જતી હતી! બીજી ખામી જેહાંગીરનું શરીર બહાર લાંબટાંગ હોવાથી, મરહુમની ચાલવાની ઢબ સ્ટેજને જેબાએશ દેતી નહી હતી! આ બંને ખામીઓ મરહુમ દાદી ઠુંઠીએ જેહાંગીરમાં મોટે ભાગે સુધારી હતી, અને જેહાંગીર કેહતો હતો, કે દાદાભાઇએ મને ઘણીક વખત રીહરસલમાં માર વટીક મારેલો હતો.

હીંદી નાટક ટોળીમાં જેહાંગીર.

જેહાંગીર ખંબાતો ખરૂં પુછાવો તો 'એક ભમતા ભુત' મીસાલ ભમતો ખેલાડી હતો. તે કદીબી એક ઠેકાણે જંપી બેઠોજ નહી હતો. વીક્ટોરીયા કલબમાં અગર જો તે જંપી ચીટકી બેઠો હતે, તો તે વીક્ટોરીયા કલબનો માલેકબી બનતે. કેમકે તે એક આગેવાન ખેલાડી હતો, અને તેનામાં ઘણાક એવા ગુણો હતા, કે જેથી તે એક આગેવાન કલબનો ડીરેક્ટર અને માલેક બની શકે. પણ તેની શરૂઅત કાંઇક એવી કરામત ભરી હતી, કે તેથી તે તેની ફીરતીની ટોચે પોહચી શકયો નહી હતો.

દાદી ઠુંઠી, વીક્ટોરીયા કલબ સાથનો સંબંધ છોડી, જ્યારે હીંદી કલબ સ્થાપી, ત્યારે જહાંગીર દાદી ઠુંઠીની સાથે હીંદી કલબમાં શામેલ થવા ગયો હતો. ત્યાં તેણે એક ઉરદુ ખેલ બેનઝીર અને બદરે મુનીરમા, મહારૂહ પરીનો પાર્ટ કીધો હતો, તે હજી મને બરોબર યાદ છે. બેનઝીરને મહારૂહ પરીએ આપેલા કરામતી ઘોડાની બરકતથી, તેણીને પોતાનો વાહલો બેનઝીર કેવી રીતે ખોવો પડયો હતો, તે જાણી મહા રૂહએ ગવાવેલી 'હા—વ—રીમાં'વાળું એકટીંગ, જેહાંગીર પોતાની સાથેજ લઇને ગયો છે! ના, એટલુંજ નહી, પણ જેહાંગીરને તે એકટીંગ દેખાડનાર તેનો ઉસતાદ, દાદી ઠુંઠી પણ તેની પાસે જઇ સુતો છે.


જેહાંગીરે મારેલો મોટો ભુસકો!

તમે એમ સમજતા હશો, કે જેહાંગીર ખંબાતાની રમેરઅની હું નોંધ લઇશ. ના, તેમ બને તેમ નથી. ફકત નાટકના કામને લગતી, અને તેબી મારી જાણ અંદર આવેલી બાતમીની નોંધ હું લેવા ધારૂં છું. એમ તો ભમતા ભુતના ભેજામાં એક વખત એવોજ ધખારો ભરાયો, કે હું વેલાત

જઇ ત્યાંના મહાન એક્ટરોના સમાગમમાં આવી, નાટકના ખરા હુન્નરને ખીલવું! એવા વીચારમાં જેહાંગીર એકાદ સ્ટીમર ઉપર ચહડી બેઠો હતો! જ્યારે એ પાછો ફરયો, અને મને મલ્યો, ત્યારે પોતાની સફરનું બયાન રસ લઇને કરવા લાગ્યો, અને છેવટે ઉમેરયું, કે મેં મારા બાજુ ઉપર, મારી દરીયાઇ સફરની નીશાની તરીકે, મેં પણ 'ટેટુ' કરાવ્યું છે! એમ કહી મરહુમે પોતાના શરીર ઉપરનું ટેટુ મને દેખાડ્યું હતું. વાંચનાર જોઇ શકશે, કે એવી એવી ઘણીક બાબદો જે નાટકી જીંદગીથી નીરાળી છે, તે આ લેખમાં લખવી કેવલ ફુઝુલ સમજું છું.

પણ જેહાંગીર જે એક મોટા જુસ્સો મારેલો, તે તો બમાર લાંબી વાત છે. છતાં હું તે મુખ્તેસેર રજુ કરીશ. વીક્ટોરીયા કલબમાં એક એક્ટર તરીકે મુસાફરી કરતો જ્યારે જેહાંગીર દીલ્હી જઇ પુગો હતો, ત્યારે ત્યાંના માલદાર લાલાજીઓને લાગી ગયલા નાટકનો શોખના પરીણામમાં, જેહાંગીરના સમાગમમાં તેઓ આવ્યા હતા, અને ત્યાં તેઓ સાથ થયલી ગોઠવણના છેવટના પરીણામમાં, જેહાંગીરની સામેલગીરી સાથ, તે દીલ્હીના લાલાજીઓએ એક મોટી રકમની જોઇન્ટ સ્ટોક કંપની ચાલુ કીધી હતી, અને તે કંપની ચલાવવા માટે જેહાંગીર ખંભાતા, એક્ટરો ભેગા કરવા માટે, આટેરોક ઉપર થતા નાટકોની રાત્રે, જુદા જુદા એક્ટરોને મળી, પોતાની સાથે દીલ્હી લઇ જવા સમજાવી, લખત કરી લેતો હતો.

મરહુમ કાવસજી પાલનજી ખટાઉ.



કાઉ ખટાઉ—જ્યારે જેહાંગીર સાથ પેહલવેહલો દીલ્હી ગયો ત્યારે.
એક રમુજી પેન્ટોમાઇમ.

બરાબર એજ અરસામાં મને યાદ છે, કે થોડાક કાબેલ એકટરો, જે આજે નાટકના ધંધાના શણગારસમાન છે, અને જે તે વખતે કેવળ બચ્ચું જેવા હતા, તેઓ જેહાંગીરને મળી ગયા હતા. તેઓમાં મુખ્ય બે એકટરોમાં એક તો કાવસજી ખટાઉ, અને બીજો નસરવાનજી સરકારી હતો. આ નસરવાનજી સરકારીને તેની જવાની પછી હું આજસુધી જોવા પામ્યો નથી. પરંતુ એ ભાઇના બાબમાં એક ગંભીર બનાવ બનેલો મને યાદ રહી ગયો છે, અને તેટલા વાસ્તે તેની નોંધ લેવાની મારી ફરજ છે.

વાત ટુંકમાં એમ છે, કે જેહાંગીર ખંબાતા અને નસરવાનજી સરકારી ઉપલા પેન્ટોમાઇમમાં ભેગો પાર્ટ કરતા હતા. એ પેન્ટોમાઇમમાં જેહાંગીર ખંબાતા એક બુઢો ડાકટર થતો હતો, અને નસરવાનજી સરકારી તેનો કમ્પાઉન્ડર બનતો હતો. ફારસમાં થતી ગુલામાલ, અત્રે લંબાવી દર્શાવવા જેટલી જગ્યા નથી, પણ ટુંકમાં જે કાંઇ બન્યું તે એ હતું, કે ગોવાલીઅરની પડોસ (મોરાર)માં જેહાંગીર આ ફારસ કરતો હતો, અને ન. સરકારી તેનો હમસરીક થયો હતો. એકાએક ગુસ્સાના આવેસમાં, પેલા બુઢા ડાકટરે પોતાના કમ્પાઉન્ડરની કાંઇક કસુર માટે, તેની સામે પીસ્ટોલ ફોડી ! અને કમ્પાઉન્ડરની એક આંખમાં તે વાગી ! નસરવાનજી સરકારીને, ઓઇસ કંપનીવાળા સાહેબો રાતોરાત હોસ્પીટાલમાં લઇ ગયા હતા, અને ઘણી તાકીદ ભરી સારવારથી નસરવાનજી સરકારીની એક આંખ બચી ગઇ હતી. અને એકને સખત નુકસાન થયું હતું. નસરવાનજી સરકારી એક અચ્છો ગાયનકાર જરથોસ્તી કહેવાય છે. તેના ગળામાં મીઠાસ હતો, તે જો હજી રહયો હોય, તો તેની કદર બુજાવી ઘટે છે. પણ જેહાંગીરની જાહેલીનું આવું ખેદકારક પરીણામ આવ્યું હતું, તેની આ માત્ર નોંધ લીધી છે.

દીલ્હીમાં સ્થાપેલી જોઇન્ટ સ્ટોક નાટક કુંo.

મહેરબાનો, હવે જેહાંગીરની દીલ્હીવાળી કલબના રૂદન પાટલા કરવા, અને તેની પાછળ પાછળ ફરવામાં કાંઇ સાર્થક નથી. તે કંપની ચાલી, ઘણી સારી ચાલી, અને છેવટને સબબે બંધ પડી હતી ! પણ એ દીલ્હીની કલબની સફર દરમ્યાન એક એવી સ્ત્રી ખેલાડી કાવસજી ખટાઉને હાથ લાગી હતી, કે જેણીએ મુંબઇમાં આવી નાટક તખ્તાને શોભાવી, એક હાઇ કલાસ એકટ્રેસ તરીકે પોતાનું નામ, નાટકની તવારીખમાં નોંધાવી જવાનો પોતાનો હક સાબેત કરી ગઇ છે. તે કોઇજ નહી, પણ પ્રખ્યાત મરહુમ નાટકકાર મીસ મેરી ફેનટન હતી.

મીસ મેરી ફેનટન ઉરફે મેહરબાઇ !



કાવસજી ખટાઉ સાથ મુંબઇ આવી, નાટકો કરવા માંડયા, અને મરહુમ નાહનાભાઇ રાણીનાના સંસારી ફારસમાં પારસણ તરીકે ક. કા. હોલમાં દેખાવ દીધો હતો.

[૭૨]

તે કંપનીનું નામ જેહાંગીરે, ધી એમપ્રેસ વીકટોરીયા થીએટ્રીકલ કલબ રાખ્યું હતું. ધ્યાન રાખજો મહેરબાન, હું બરાબર પંચાવન વરસની વાત લખું છું. મને એવું યાદ છે, કે એ કંપની જેહાંગીરે ઇ. સ. ૧૮૭૬ માં સ્થાપી હતી. તેની મોટી થાપણ હતી, છતાં તે કંપની જેહાંગીર સેવટ સુધી કેમ નીભાવી નહી સકયો, તે એક સવાલ થઇ પડે છે. એવડી મોટી થાપણ, અને થોડાક કારસાજ ખેલાડીઓ છતાં, જેહાંગીરે એ કંપનીને નીભાવવાની જીગરતોડ મેહનત કરવા છતાં, તે મંડળી અંતે બંધ પડી હતી. મેહરબાનો, મરહુમ જેહાંગીરની આ માનીતી કલબની બારીક વીગત માં ઉતરવાની મને જરૂર નથી, પણ એ એમપ્રેસ (વીકટોરીયા) થીએટ્રીકલ કલબ, બંધ પડયા પછી, થોડાક જાણીતા પારસી એકટરો જે તેમાંથી પ્રગટી નીકળ્યા, તેમાં વીકટોરીયા કલબના બે જાણીતા ખેલાડી હતા, જેઓએ પોતાની નાટકી જીંદગી ની સરૂઆત, જેહાંગીર ખંબાતાની બાહેધરી હેઠળ કીધી હતી. તે બે સગા ભાઇઓ હતા, અને તેમના નામ રૂસતમ સચીનવાલા, અને દોરાબજી સચીનવાલા હતા. વળી એજ કલબમાંથી, એદલજી બગબો હજામ નામનો એક કોમીક ખેલાડી પેહલવેહલો બાહર પડયો હતો, જેણે પોતાની જીંદગીના પાછલા દાહડા, આલફ્રેડ નાટકી મંડળી માં કાહડયા હતા, અને જે 'એદુ સેલાની'ને નામે નાટકી આલમને જણાઇ ગયો હતો. આપણા જાણીતા પારસી કોમીડીઅન સોહરાબ ફરામજી ઓગરા, પણ ઘીયાંથી બાહાર પડેલા હતા.

જીવેજાનના દોસ્ત, જીવેજાનના દુશમન!

જેહાંગીર ખંબાતાની એ કંપની બંધ પડયા પછી, જેહાંગીર જંપી બેઠો નહી હતો. કોઇ નહી અને કોઇ, નવું અને નવું નાટકના સંબંધમાં તે કરતો રહયો હતો. મરહુમ દાદાભાઇ ઠુંઠી, વીકટોરીયા નાટક ટોળાથી છુટા પડી મુંબઇમાં હવે બેકાર ફરતા હતા. તેવણુથી નાટક વગર બીજું કાંઇ કરી સકે એમ હતુંજ નહી. એવે સમે જેહાંગીર ખંબાતાએ, વળી કોઇની મદદગારી મેળવી, પોતાની ધી એમપ્રેસ વીકટોરીયા કલબને ઉભી કીધી, અને બોરીબંદરના સ્ટેશન સામે બાંધેલી, પેલી ટીવોલી થીએટર, જેને માટે હું આગલા અંકમાં લખી ગયો છું, ત્યાં તે પોતાના નવા નવા નાટકો કરવા લાગ્યો. જેહાંગીરની વાતો લખતાં લખતાં, મને લગભગ આધુનીક જમાનાની ઉપર ઉતરી પડવું પડે છે.

એ વખતે કાવસજી ખટાઉ પોતાના શેક્ષપીયરના ઉરદુ ખેલો ગેઇટી થીએટરમાં કરતો હતો. નોવેલટીમાં કોણ નાટક એ વખતે કરતું હતું તેની મને યાદ નથી, પણ આ એક વખતના જીવેજાન દોસ્તો, ખટાઉ અને ખંબાતા, કોટના મેદાનમાં પોત પોતાની કલબો સાથ નાટકો કરતા હતા. ખટાઉ ગેઇટીમાં ખુને નાહકનો નાટક કરતો હતો, ત્યારે જેહાંગીર ખંબાતો, ટીવોલીમાં ઝુલમે નારવા નામનો ઉરદુ નાટક કરતો

હતો, જે હું ધારૂં છું, કે શેક્ષપીયરના સીમ્બેલાઇન કે ઓથેલોના ખેલનુંજ 'એડપ્ટેશન' હતું.

અરદેશર મામી—નવો વછેડો!

આ બંને ખેલોએ તમાકુબીન આલમનું ઠીક ધ્યાન ખેંચ્યું હતું. બહાઉના ખેલો તરફ ઘોડબાગણી વીશેષ હતી, કેમકે તેમાં ગાનારા પાવઇયાઓના છોકરાઓ ઉપરાંત પારસી ખેલાડીઓ પણ હતા. ખંબાતાના ખેલમાં પણ કાંઇક તેવુંજ તત્વ હતું, તેમાં ખાસ કરી બે નવા પારસી ખેલાડીઓ સ્ટેજ થયા હતા. એ માહેલો એક જો કે વીકટોરીયામાં આજ તલક પડી રહેલો હતો, પણ તેને પ્રકાશવાનો વખત, અત્યાર આગમચ આવી પુગ્યો નહી હતો. એ ખેલાડી મરહુમ અરદેશર ચીનાઇને નામે જણાયલા હતા, પણ કલબના મીત્રો તેને અરદેશર મામીને નામે બોલાવતા હતા. અરદેશર મામી ઘણાજ મલતાવડા સ્વભાવનો અને ઠોલીયા ખવાસનો પારસી ખેલાડી હતો.

મરહુમ અરદેશર ચીનાઇ.



ઝોરાસ્ત્રીયન અને વીકટોરીયા કલબનો જાણીતો ખેલાડી.
અરદેશર મામી!

આ ખેલાડીને હું નવો વછેડો કરી લખું છું, તેનું એક કારણ છે. એ ખેલાડી ઝોરાસ્ત્રીઆન કલબમાં હનીમુનવાલા ખેલમાં, સ્ત્રી પાર્ટ કીધા પછી, ત્યાંથી બીજી કલબમાં ગયો હતો, પણ આખરે તે કુંવરજી નાજરે બાંધેલી વીકટોરીયા કલબમાં લાંબી મુદત દેખાયો હતો. ત્યાં એ ભાઇને જેવું જોઇયે તેવું મયદાન પોતાની હુંન્નરમંદી દેખાડવા માટે મળેલું નહીં હોવાથી, અંતે અરદેશર મામી જેહાંગીર ખંબાતાને ત્યાં, ટીવોલી થીએટરમાં, ઝુલ્મે-નારવાવાલા ખેલમાં મારી નજરે પડયો હતો.

એ અરદેશર, એક ડરેમેટીક ખેલાડી હતો. કદમાં તે ઉંચો હતો. ગાયન ગાવામાં તે ઠણ હતો. ડાક્ટર નસરવાનજી પારખના એકટીંગની મોટે ભાગે નકલ કરતાં, તે ગાજીવાજી નીકળ્યો હતો. ઝુલ્મે નારવામાં તેને ઘણું સારૂં કામ કીધું હતું.

મેહરજી એન. સરવેયર.

સહુથી વધારે ધ્યાન ખેંચનારો જે ખેલાડી મરહુમ ખંભાતાને તે વખતે મળ્યો હતો, તે સરવેયર નામનો પારસી એકટર હતો. હું ધારૂં છું, કે તેનું નામ મેહરજી સરવેયર હશે! આ ખેલાડીની જીંદગી નાટકી આલમને રોશન હોવીજ જોઇએ. તે એક 'કોમીક' ખેલાડી હતો. નાટકના ધંધામાં પડવા આગમચ, એ બાઇ બેકાર જેવો હતો, અને તેથીજ નાટકમાં શામેલ થયો હતો. જેહાંગીર ખંભાતાની ઉપલી કલબમાં, ઝુમે નારવાના નાટકમાં કશિક કોમીક પાર્ટ કરેલો મેં જોયો હતો. પણ જેમ હંમેશાં બને છે તેમ, સરવેયરે, ખંભાતાને ત્યાંથી નીકળી જઇ, પોતે

ધી પારસી રીપન થીએત્રીકલ કું૦

સ્થાપી, પોતે તેનો માલેક થયો, અને આખા હીંદુસ્તાનમાં લગભગ ૫૦—૫૨ જાણીતાં શહેરોની મુલાકાત લઇ, ત્યાં પોતાના નાટકો કીધા હતા, અને તે ઉપરાંત બરમા અને સ્ટ્રેટ સેટલમેન્ટમાં પણ ફરી વળ્યો હતો. મેહરજી સરવેયરે પોતાની નાટકી જીંદગીની શરૂઆત જેહાંગીર ખંભાતાના હાથ હેઠલ કરેલી હોવાથી, 'મેક—અપ' કરવાના કામમાં ઠીક નામના મેલવેલી હોવી જોઇયે, કેમકે તેના હાસ્યરસ પાર્ટના કેટલાંક ચીત્રો ઉપરથી તે જણાઇ આવે છે.

મેહરજીભાઈ ન. સરવેયર.



જેણે પોતાની કલબ મારફતે પચાસ નાટકો હીંદુસ્થાન, બરમા વીગેરે દેશોમાં ભજવી પરવારી ગયો હતો.

મેહરજી સારવેયરની નાટકી જીંદગીની પડતી—મહદતીની વાતો ઘણી જાણવા જેવી છે, પણ હાલમાં તો જેહાંગીર ખંબાતાનું દાસ્તાન ચાલે છે, એટલે એ નવી વાત હાલ તુરત તકુબ રાખી છે.

માથાનો ફરેલ અને ગુમાની પારસી.

ઝુલમે નારવાનો ખેલ દાદાભાઇ ઠુંઠી સાથ હમો એક રાતે જોઇ આવ્યા પછી, દાદાભાઇ, જેહાંગીરના એક્ટરોના 'એક્ટ'ને જોઇ સંતોષ પામ્યા હતા, અને બોલ્યા હતા કે, "જો આ એક્ટરોની પાસે બરોબર કામ લીધું હોય, તો એક પેહલે નંબરની કલબ બની શકે. પણ બીજા હાથ ઉપર હમુને નાટક શાળામાં બેઠેલા જોઇ, જેહાંગીર ખંબાતાના પેટમાં કુતરાં દોડવા લાગ્યાં, કે રખે એ લોક મારા એક્ટરોને ઘસડી જાય.

ઘણો વીચાર કરી દાદી ઠુંઠીએ મારી સાથ ગોઠવણ કરી, મને જેહાંગીર પાસ જવા ફરમાવ્યું હતું, અને હું દાદી ઠુંઠીનો તે પેગામ લઇ ટીવોલી થીએટરમાં એક દાહડે સુમારે બાર વાગ્યાને આસરે જેહાંગીરને મળવા ગયો હતો. જેહાંગીર એકલોજ બેઠો હતો, અને મને મલતાંજ સવાલ કીધો. "ડાક્ટર, શું ફરમાવ છે, બોલો."

મેં જવાબ દીધો, "ભાઇ જેહાંગીર, હું તારી આગળ એક ખાનગી વાત કરવા આયોછ. દાદાભાઇ ઠુંઠી તારો ખેલ અને એક્ટરો જોઇ ખુશી થયા હતા, અને તેવણે મારી પાસે તુંને કહેવાડયું છે, કે તારી જો મરજી હોય, તો હું તારૂં બધું કરજ પગાર કરવાનું માથે લેઉંછ, અને એ શરતે તેવણ તારી સાથે તારી કલબમાં સરખા ભાગીદાર થવા માગે છે."

મારી વાત જેહાંગીરે ધ્યાનથી સાંભળી લીધી, અને પોતાની ખુરસી મારી પાસે લાવી જવાબ દીધો: "જુવોની ડાક્ટર, હમણા બરાબર સાડાબાર થયા છે. આજે રાતના ખેલ છે. અને સાંજના છોકરાઓનો પગાર કરવો છે, અને મારા ગજવામાં હમણા ફક્ત સવારૂપીઓ છે. એવી મારી ટંગ હાલત છતાં, હું દાદાભાઇ ઠુંઠી સાથે ભાગીદાર થવા સાફ ના પાડુંછ." એવી પોતાની કફોડી હાલત છતાં, જેહાંગીરે દાદી ઠુંઠી સાથે ભાગીદાર થવા સાફ ના પાડયું હતું. કેવો ગુમાની અને માથાનો ફરેલ પારસી! પણ તેનુંબી કાંઇ કારણ તો હશેજ!

જેહાંગીરનો હું અંગત દોસ્ત હતો, એટલે મારે જે કાંઇ ટીકા કરવા હતા તે કરી હું ત્યાંથી ચાલી ગયો હતો. ત્યારપછી તે કંપનીનું શું 'સેવટ' આવ્યું, તે જાણવાની મેં દરકાર કરી હતી નહી. પણ મને કાંઇક મુદતે જેહાંગીર રસ્તા ઉપર એક દાહડો મળ્યો હતો, અને મને જણાવ્યું કે મારો નવો નાટક જરૂર જોજે. મેં જુદ્દીન ઝગડો લખ્યો છે, અને તે હું સ્ટેજ કરનાર છું. એ જુદ્દીન ઝગડો ફરામજી કાવસજી હોલમાં સ્ટેજ થયો હતો. તે એક farcical Comedy હતી. લોકોને તે પસંદ પડી હતી, પણ તેમાં કેટલીક absurdity હોવાથી મેં તેની નોંધ

લીધી હતી. જેહાંગીરનો કાલો ચીમપાન, તેનો વીચીત્ર મેક-અપ છતાં, લોકોને પસંદ પડયો હતો. મરહુમ જેહાંગીર ઍક્ટીંગના બાબમાં હું અત્યાર આગમચ ઘણું લખી ગયો છું એટલે ફરી ફરી લખવું ફુજુલ છે.

જેહાંગીર સામટી રીતે જોતાં, એક born actor હતો, કેમકે તેણે પોતાનો આખો ભવ નાટકનેજ અર્પણ કીધો હતો. એની જીંદગીના જાણવાજોગ બનાવોની નોંધ; આ કયસરે હીન્દના આગલા અંકમાં મેં લીધી છે. તે ઉપર વાંચકોનું ધ્યાન ખેંચું છું. મરહુમ પોતાની તમામ આબાદીયામતમાં, પોતાની માનીતી ધી એમપ્રેસ વીકટોરીયા કલબ પોતાની પાછળ મુકી ગયા છે, અને તે મરહુમના માનીતા ચેલા, અને જીંદગીના છેવટ સુધી તેવણ સાથે જોડાઇ રહેલા, પેલા જાણીતા મશહુર એમેચ્યુઅર મનચેરશા પાંચખાનાવાલાને બક્ષેશ તરીકે આપી ગયા છે, જે હજી કોઇ કોઇ વાર સંસારી નાટકો, મુંબઇમાં સ્ટેજ કરતા રહયા છે. મનચેરશાહ એક અગલી પંકતીના ખેલાડી છે. તેમાં ખંભાતાની 'ડીસીપલીન'નો અંશ મોટે ભાગે ઉતરેલો છે. અને એક એક ટેલનટેડ એકટર હોવા છતાં, આજે તેના ખરીદદાર કોઇ રહયા નથી.

---

[૭૩]

માકુ ઝેરીયો.

ઈ. સ. ૧૮૮૦–૮૫ ના સાલની અરસામાં, મુંબઈમાં ગેઈટી થીએટરવાળી જગ્યાની પાસે આવેલા મયદાનમાં, એક ઘણો ઉંચો માંડવો કોઈએ ઉભો કરાવ્યો હતો. એ માંડવો જ્યારે તઈયાર થઈ રહયો, અને પુછપરછ કરવામાં આવી, ત્યારે જણાવવામાં આવ્યું, કે અમેરીકાવાલો પ્રખ્યાત પ્રોફેસર બ્લોનડીન, એ માંડવામાં અજાયબ જેવા ખેલો કરનાર છે. એક જાડું જેવું દોરડું તે માંડવાની છેક ઉંચાઈ આગળ, એક નાકેથી તે બીજા છેડા સુધી બાંધી લેવામાં આવ્યું હતું. આ માંડવો, લગભગ સોથી સવાસો ફીટ જેટલો ઉંચો દેખાતો હતો. પ્રો. બ્લોન્ડીનની કંપનીમા બીજા તેના મદદગારો ઉપરાંત, બ્લોન્ડીનની બાયડી પણ હતી. જે બ્લોન્ડીનને, તેના કામમાં ઘણીજ મદદગાર થઈ પડી હતી.

ધી કીંગ ઓફ નાએગ્રા!

એ બ્લોન્ડીને પોતાને માટે ઉભા કરેલા મંડપને મથાળે, છેક ઉપરથી ફરતું જાડું દોરડું બાંધી લીધું હતું. એ દોરડાની ઉપરથી બ્લોન્ડીન એક બાઈસીકલ ઉપર બેસી, તે ચલાવી જતો હતો. બાજે વખત બ્લોન્ડીન પોતાની બાયડીને પણ પોતાની પછવાડે ઉભી રાખી, પોતાની સાઈકલ દોરડાં ઉપરથી ચલાવી જતો હતો. જમીનથી લગભગ એકસોથી વધારે ફીટની ઉંચાઈએ બાંધેલાં આ દોરડાં ઉપરથી, બીજો કોઈબી તમાશબીન જો તેની પછવાડે ઉભો રહે, તો બ્લોન્ડીન તેને સહીસલામત પોતાની સાઈકલ ઉપર બેસાડી ફેરવી લાવવાની રોજ રાત્રે, પોતાના ખેલ દરમ્યાન માંગણી કરતો હતો. પણ મંડપની બેહદ ઉંચાઈ જોઇ, કોઈબી તમાશબીને હીંમત કરી નહી હતી.

કીંગ–ઓફ ફાયર!

બીજો જે તમાશો બ્લોન્ડીન સાહેબ પોતાના મંડપમાં દર શનીવારની રાત્રે કરતો હતો, તે પ્રજાનુ ખાસ ધ્યાંન ખેંચી રહયો હતો. તમામ લાલ રંગના ચકચકીત કપડાંમા, બ્લોન્ડીન સાજ થઈ આ ખેલ કરતો હતો. બ્લોન્ડીન જેવો હાજર થતો, કે તેની બાયડી એ બલતી મસાલ, પોતાના હાથમા લઈ દાખલ થઈ હતી, અને બ્લોન્ડીનને ચારો બાજુથી તે સળગાવી દેતી હતી! એમા કાંઈ શક જેવું હતુંજ નહીં. જોત જોતામાં બ્લોન્ડીનનું આખ્ખું શરીર ભભુકદાર બળતાના શોળામાં વીટલાઈ ગયું હતું, અને વાજીંત્રોના સરોદ વચ્ચે બ્લોન્ડીન નાચી કુદી તમાશબીનોને રીજવતો હતો. અંતે બ્લોન્ડીન પોતાનું પાત્ર પુરું કરી નાચતો કુદતો અંદર જતો હતો.

માકુ ઝેરીયાનો કાલચંદર!

એતેફાક એક શનીવારની રાત્રે માકુ ઝેરીયાને તેનો કાલચંદ્ર, બ્લોન્ડીન સાહેબના મંડપમાં ઘસડી લઈ ગયો હતો. ત્યાં તેણે બ્લોન્ડીન સાહેબનો આ આતશબાજીનો

તમાશો જોયો હતો. આ તમાશો જોતાંજ માકુ ઝેરીયાનું ભેજું ફુલી ગયું ! મંડપમાંથી નીકળી તે ઘરે ગયો, અને તેણે એકજ વીચાર કીધો, કે આવો ચમતકારીક ખેલ અગર જો હું મારા નાટકમાં કરૂં તો——

તેણે એ તમાશો કેમ કરવો, તેની યોજના ખુબ તરેહથી પોતાના ભેજાંમાં ભરી. બીજે દહાડે, કોઇ ગુજરાતી ચોઇ દરજીને બોલાવી, પોતાના ધ્યાનમાં આવ્યું તેમ તેણે પોતાને માટે એક પેહરણ સીવડાવ્યું ! ત્યાર પછી કરાફર્ડ મારકેટમાં વેચાતી આતશબાજી તેણે ખરીદી, અને કેરોસીન તેલ વીગેરે લાવી, આ

પારસી જોન્ડીને

એક રાત્રે એ તમાશો સ્ટેજ કરવાનું જાહેર કીધું. એમાં શું મોટું કામ છે ? શું અમેરીકનોજ એવાં કામ કરી શકે છે ? જુવો હું એજ ખેલ કેવી રીતે ગ્રાંટરોડ ઉપર રજુ કરૂં છું. હેન્ડબીલો ચટાકેદાર છપાવી કહાડયાં અને તે વહેંચાયાં, અને તે વાંચતાંજ તમાશબીન આલમની ધુલની ધુમ જોવા દોડી આવી. આ આતશબાજીનો ખેલ તો ફકત પાંચ મીનીટ માટેજ હતો, પણ તે કોઇ બીજા નાટકને છેડે હોવાથી, લોકોને ઘણુંજ તપવું પડયું હતું.

નાટકનું કામ પુરૂં થતાંજ, માકુજીએ હુકમ કીધો, કે નાટકમાં કરનાર દરએક ખેલાડીએ સ્ટેજ ઉપર રહેવું નહી, કેમકે આતશબાજીના ખેલની કરામત તેવણ કોઇને દેખાડવા કે શીખવવા મંગતા નથી. એકટરોને સ્ટેજની બહાર કહાડયા ! સ્ટેજના દરવાજા માકુ ઝેરીયાએ અંદરથી બંધ કરાવ્યા ! અને બે ખબરદાર ભીસતીઓને પખાલ ભરીને પાણી સાથ બે બાજુની બંને વીંગોમાં તાકીદનો હુકમ આપી ઉભા રાખ્યા. માકુ ઝેરીયાનો હુકમ ભીસતીઓને એવો હતો, કે જ્યારેબી હું બોલું કે "છોડો, ત્યારે તમોએ તુરતજ પખાલ માંહેલું પાણી મારા અંગ ઉપર છોડવું !"

ખરી વાત તો એ હતી, કે માકુ ઝેરીયો, પોતે માથે ઉઠાવેલાં કામ માટે મોટે ભાગે ખાત્રીપુર્વક હતો નહી. તેણે એવું ધાર્યું હતું, કે જો મારી યોજના નીસફળ જશે, તો પખાલીઓની પખાલના પાણી મને બચાવી લેશે ! તાજુબ ! આવો વીચાર માકુના ભેજાંમાં ભરાવા આગમજ, તેણે એમ વીચાર કાં નહી કીધો, કે જોન્ડીને કોઇ ભીસતીઓની તઇયારી કરી રાખી હતી ! કાંઇજ નહી ! જોન્ડીનનું કામ જુદીજ જાતનું હતું. અને આ હુલ્લડ પારસી, એકદમ અગનીદેવ થવા નીકળ્યો ! એ તેની કમનસીબી હતી !

બજારમાંથી ખરીદેલી આતશબાજી, એવા પ્રકારની હતી, કે સ્પર્શ લાગતાંજ સળગી ઉઠે તેવી. તે સઘળી માકુએ પોતાની અકકલ અનુસાર પોતાના શરીર ઉપર બંધાવી, અને ટુંકમાં માકુઝેરીયો, આ મહા મુશ્કીલ કામ કરવા સ્ટેજ ઉપર જવા તઇયાર થયો ! દાદાર તારી મદદ !

કામ બેશક જોખમભરેલું હતું. એટલે માકુએ પોતાની રાબેતાની રીત પ્રમાણે સ્ટેજ ઉપર જવા આગમચ એક 'પુલ પેગ' ચહડાવ્યો. પેલા ભીસતી મીયાંને બંને બાજુએ

તઇયાર ઉભા રાખ્યા, અને પોતે સ્ટેજ ઉપર દાખલ થયો. દાખલ થતાંજ માકુના મદદગારે એક બળતી મશાલ વડે માકુને સળગાવ્યો! તુરતજ તડાકા ભડાકા થવા લાગ્યા! આતશબાજીએ જ્યાં સુધી જોર પકડયું નહી, ત્યાંસુધી માકુ ઝેરીયાનું કામ સડસડાટ ચાલ્યું! પણ શરીર ઉપર પેહરેલાં પેહરણને લગાડેલું પાસતેલ જ્યારે સળગવા લાગ્યું, અને તેની સાથે સઘોલી આતશબાજી જેમ જેમ ફુટવા લાગી, તેમ તેમ માકુ ઝેરીયાનો મામલો બગડતો ગયો! તેના શરીરની ચામડી દાઝવા લાગી, અને માકુ હવે ગભરાટમાં પડી કુદા કુદ કરવા પડ્યો!

ભોગ ચોપડીએ તમાશબીન આલમ માકુના આ કુદકા ભુસકાને તેનું ફરમાસુ 'એકટીંગ' સમજી તાબડા ઉપર તાબડા ફોડી રમુજ મેળવવા લાગ્યા! અને કાલચંદ્રથી ઘેરાયલો માકુઝેરીયો, હવે ઠાલી જઇ સ્ટેજ ઉપર અટોપાટ નસોસ થઇ પડ્યો, અને બીજાતીઓને કહેવા લાગ્યો. "છોડો–છોડો."

બીજાતી મીયાં, લોકોના શોરબકોર અને તાબડાઓના અવાજ વચ્ચે, માકુ ઝેરીયાની આગળ દોડી ગયા, અને બંને બાજુથી પાણીની પખાલ છુટી, અને પરદો પડયો! માકુ ઝેરીયાને ગાતોરાત હસ્પીટાલમાં લઇ ગયા, જ્યાંથી તે ઘણે દાહડે સાજો થઇ બહાર નીકળ્યો હતો.

માકુ ઝેરિયો કદીબી એક એકટર તરીકે જણાયો નહી હતો. અલબત્તા ત્રણે પોતાની જીંદગી એક આબરૂદાર કંપનીમાં એક ત્રીજી પંકતીના ખેલાડી તરીકે શરૂ કરી હતી, પણ ત્યાં તે ઠરીઠામ થઇ રહયો નહી. તેણે તુરતજ ત્યાંથી નીકળી જઇ પોતાની ઝટકપટક જીંદગી શરૂ કીધી હતી, અને તે સઘળાનું સેવટ માકુ ઝેરીયાની ઝળકતી કારકીર્દીની બરબાદી અને ધુળધાણીમાં આવ્યું હતું. માકુ ઝેરીયાને અત્રે પડતી રાખી તેની જીંદગીના બીજા બનાવોને લંબાવવા કરતાં, બીજા એક પારસી એકટરની કારકીર્દી નોંધી આપણ આગળ ચાલશું.

દોરાબજી રૂસ્તમજી ધાભર.



નાટકના કામને ભીઠી–ઠાઠા જેવું કામ સમજનાર પારસી—એક અઠંગ તુરરાના ખ્યાલ ગાનાર, અને જોડનાર પારસી શાએર—એક કાબેલ એકટર–'ડોસુ' ધાભર.

મેહરબાને મન, તારીખ ૪ થી માર્ચ ૧૯૨૯ ના કયસરે હીંદના અંકમાં આ પ્રખ્યાત પારસી લેખક અને શાએરને માટે મેં કાંઇ નોંધ લીધી છે. એક લેખક તો ખરો, કેમકે જે શખ્સ ખ્યાલો પોતે જોડી પોતે ગાય, અને નાટકો પણ પોતે લખી, પોતે ભજવે, તે કેવો હોવો જોઇયે, તેનો ખ્યાલ વાંચનારને ઝટ આવી શકે એમ છે.

ડોલુ ધાભર કાંઇ બેભાગ્ય પારસી કલાસનો મેમ્બર નહી હતો. તે થોડું ઘણું ઇંગ્રેજી જાણતો હતો. બુટ ફરસ્ટકલીંગ પેહડતો હતો, પણ નેકટાઇ કે કાલર વગર પોતાનું કામ સાદા કપડા ઉપર તે ચલાવતો હતો. જે ડંબલમાં બેસી ફેરા ઠોકી ગાય, અને જરૂર પડે તો 'નોકે જબાન' શાએરીબી કરે, અને જો કાંઇ અસાધારણ બને, તો ઠોકાઠોકી ઉપર ઉતરી પડવાનેબી ચુકે નહી, એવો એ જવાન હીંમત અને જીગરવાળો હતો.

“મરહુમ પેસુ વેલાતીએ કલબ કહાડી; ઇરાનીઓએ નાટકો કીધા, દાદી પટેલ ઉરદુ કીસ્સાઓના નાટકો કરે, ત્યારે હું કાંય નહી નાટક કરૂં વારૂં? શું હું નાટક લખી કે કરી શકું નહી?” આવો પકારો ડોલુ ધાભરના ભેજાંમાં ભરાયો, અને બસ થઇ ચુક્યું! તેણે એક નવી કલબ ઉભી કીધી. તે કલબનું નામ વીકટોરીયા કલબ ઉપર ચહડાવો કરવા જેવું રાખ્યું! રાણી વીકટોરીયા હીંદુસ્થાનની રાણી, અને તે નામ દાદી પટેલની કંપનીનું હોય, તો મારી કંપનીનું નામ તે નામથી ચહડતું રાખવું મને લાજમ છે! તુરતજ ડોલુએ વીચાર કરી પોતાની નવી કલબનું નામ,

ધી શાહે આલમ નાટક મંડળી

રાખી, દાદી પટેલની સામે વીકટોરીઆ થીએટરમાં જઇ કહ્યું, કે લેઓ સાહેબ, તમારા સેત્રોથી એક નવી કલબ કહાડી છે, અને તેનું નામ, શાહે આલમ, રાખ્યું છે, વળી નાટકશાળાબી તમારી પાસેની એલફીનસ્ટન થીએટર લખાવી છે, વીગેરે.

એક અલાહી બાગીઓ.

દાદી પટેલ તો ડોલુ ધાભરનું આવું ફાટે મોહડે બોલવાનું સાંભળી એક અલાહી બાગીઆ તરીકેજ ગણતો હતો. ડોલુએ પોતાનું કામ ચાલુ કીધું. તેના ભાઇ સોહરાબ ધાભરે, મયેદાનમાં રમતા કરી કેટરોમાંથી અનેક સારા અને આબરૂદાર પારસીના છોકરાઓ મેળવી, પોતાના ભાઇને કીંમતી મદદ કીધી હતી. ડોલુ ધાભરનું કદ મરહુમ દાદી પટેલના જેવું ઉંચું અને ધાટધડમ સેહજ મળતો આવતો હતો. ડોલુએ પોતાનો પેહલો ઉર્દુ ખેલ

જાને આલમ અને અંજુમન આરા

સ્ટેજ કીધો હતો. એ નાટકમાં જાને આલમનો પાર્ટ ડોલુ ધાભરે પોતે લીધો હતો, અને પોતે પોતાના ચેહરાનો make-up એવી સફાઇથી કીધો હતો, કે આખું હાઉસ

ઠસાઇ ગયું, કે જાને આલમનો પાર્ટ દાદી પટેલ કરવા આવ્યો છે. મગર તે તુરતજ બોલવા ચાલવાની ઢબછબ ઉપરથી માલમ પડી ગયું હતું.

એક બીજો ઇરાની ખેલ ડાલુ ધાભરે જે કીધો હતો, તેનું નામ બજાર વીચીત્ર જેવું વાંચી, ધાભરની નાટકી શકતી વીશે મને બહુ હસવું આવ્યું હતું.

જાણુથી સેલમ, અને આફતાબુન જીન,
ગુલબાલા પરી, ને પાક દામન શીરીન.

એવું નામ તે ઇરાની ખેલનું હતું. ધાભરના ખેલો બેશક ફતેહમંદ થતા હતા. તેના એકટરો આજકાલના અમેચ્યુઅર એકટરો કરતાં, વધારે સારા અને વધારે આબરૂદાર હતા. ખુદ ધાભરની ડીરેકશન આપવાની રીત ઘણીજ કરડી અને સખત હતી. ડાલુ ધાભર પોતે એક 'ઓલ-રાઉન્ડ' એકટર હતો. કોઇબી પાર્ટ કરવા તે કુદી પડતો હતો. એને એક ઉરદુ ખેલમાં એક હીજડાના પાર્ટમાં દેખાડેલી કાબેલીઅત બેશક વખાણપાત્ર હતી. વળી એક બીજા ખેલમાં ડાલુ ધાભરે એક આરીણીનું કામ પણ તેવીજ તારીફ લાયક કીધું હતું. ડાલુ ધાભર પોતે કાંઇક નાચી જાણતો હોવાથી, તે પોતાના પાર્ટમાં અનેક પ્રકારના રસ આમેજ કરી શકતો હતો. એક હીજડા તરીકે તેમજ એક આરીણી તરીકે ડાલુ ધાભરે જે કાંઇ કીધું હતું, તેવું ત્યારપછી બીજા કોઇબી પારસી એકટરે સ્ટેજ ઉપર કાર્ય કીધું હોય એમ જણાયું નથી. પોતે એક ખયાલી હોવાથી, ઉરદુ ભાશા ઉપર ઘણો સારો કાબુ હતો, અને ઉરદુ ભાશા શુધ્ધ બોલાવવાનો હંમેશાં પ્રયાસ કરાવતો હતો. એના જોડેલા તે વખતના ગાયનો ઘણાંજ ઉલટથી ગવાતાં હતાં. ડાલુ ધાભરના તે વખતના જોડેલા ગાયનો, આજના એમેચ્યુઅરોના કરતાં વધારે સારાં, અને પસંદ પડે તેવાં હતાં. એણે એક, બે, નહી, પણ અનેક ઉરદુ નાટકો લખ્યા હતા, જેને પાછળથી વીકટોરીયા કલબે સુધરાવી પોતાના મુનશી પાસે લખાવ્યા હતા.

ખતમ કરતાં, ડાલુ ધાભરના ખેલાડીઓમાથી એવા અનેક પારસી એકટરો ઉત્પન્ન થયા હતા, કે જેઓએ વીકટોરીયા કલબને તેના પાછલાં સાલોમાં ઘણીજ ઝળકાવી હતી. જમસુ ગુલલાલા, અને પેસુ પોખરાજ, એ બે ઘરખમ ખેલાડીઓ જે વીકટોરીયા કલબમાં થઇ ગયા, તે ડાલુ ધાભરને ત્યાંના હતા.

(૭૪)

વીસ–પચીસ રૂપીઆના માસીક પગારે, વીકટોરીયા કલબમાં દાદાભાઇ ઠુંઠીએ પોતાના પાંચ ભાગીદારોની મંજુરીઆત મેળવી, આ એકટર રૂસ્તમજીને જ્યારે રોકયો, ત્યારે તે સાહેબોએ સ્વપને પણ એવી આશા નહી રાખી હતી, કે એ રૂસ્તમ એક લાખ રૂપીઆની સખાવત પોતાની જીંદગીના છેવટના પ્રસંગે, પોતાની કોમને માટે કરી જશે! સખાવત તો નાટક ટોળીવાળાઓએ ઘણી વખત કરી હશે, પણ આ રૂસ્તમે કરેલી સખાવતથી, તેનું નામ મુંબઇમાં તેમજ દેશાવર (આગ્રા)માં ઘણો વખત યાદ રહી જશે.

રૂસ્તમજી ન. રૂસ્તમ ફરામનાની મજકુર સખાવત માટે ખાસ નોંધ લેવાની જરૂર એમ પડી છે, કે તેણે મુંબઇમાં કરેલી સખાવત કોમઉપયોગી થઇ પડી છે. મુંબઇમાં દાદર કોલોનીમાં બંધાવેલી અગીઆરીના માટે હું બોલું છું. એ અગીયારી ઉપરાંત મરહુમ રૂસ્તમે આગ્રા શહેરમાં એક ધર્મશાળા પણ બંધાવી છે, જે હજી સુધી આવ્યાં ગયાને કામ લાગે છે.

ઇ. સ. ૧૮૭૫–૧૮૭૬ નો સમો!

આવો ત્યારે મારી સાથે ૧૮૭૬) ના સાલના સમા ઉપર. એટલે આજથી લગભગ ૫૦–૫૫ વરસ ઉપર હું તમુને ઘસડી જાઉં છું.

તમે જો આ નાટકની તવારીખમાં ખરેખર રસ લેતા હોવો, તો તમુને યાદ હોવુંજ જોઇયે કે ઇ. સ. ૧૮૭૩ માં મરહુમ દાદી પટેલે વીકટોરીયા કલબ બે વરસ ચલાવ્યા, બાદ તે પાછી કુંવરજી નાજરને સ્વાધીન કરી હતી. કુંવરજીને તે કલબ ચલાવ્યા વગર છુટકોજ નહી હતો. કુંવરજીએ પણ વીકટોરીયા કલબ બે વરસ ચલાવી, ઇ. સ. ૧૮૭૬ ના સાલમાં આખી વીકટોરીયા નાટક કંપનીની ઝુસરી, પોતાના ગળાંમાંથી કહાડી નાખવાની તજવીજ કીધી હતી. નાટકના કામમાં પગાનો ગોઠવવામાં મરહુમ નાજરને પુછવું પડે તેમ નહી હતું! તેવણે વીકટોરીયા કલબના આગેવાન એકટરોને બોલાવી, એવો બંદોબસ્ત કીધો, કે વીકટોરીયા કંપની ૧૮૭૬ ના જાનેવારી માસથી ભાગીઆઓ બની ખરીદી લેવી. વીકટોરીયા થીએટરનું ભાડું દર માસે તેઓએ રૂ. ૨૫૦) આપવું, અને તેઓએ તેમાં બુધવાર, શનીવાર અને રવીવાર ઉપરાંત તેહવારો ઉપર ખેલો કરવા, યા હાઉસ ગમે તો ભાડે આપવું. વળી રૂ. ૨૫૦) ના બદલામાં વીકટોરીયા કલબના સઘળા નવા તેમજ જુના નાટકો ભજવી બતાવવાનો, તેમજ છપાવવા વીગેરેનો સઘળો હક સ્વાધીન કરૂં છું. એ ભાડું દર માસે મને ચહડાચહડી તમો તરફથી મલવું જોઇયે.

બીજી કબુલાત એ કીધી, કે દર માસે રૂ. ૨૫૦) ની એક બીજી રકમના બદલામાં કલબના સઘળા નવા તેમજ જુના ડરેસીસ, તેમજ પરદા, સીન–સીનરી, દોરડાં, કપ્પા–કપ્પી વીગેરે તેઓએ વાપરવું, અને ગમે તો જરૂર પડવે તે બાહરગામભી લઇ જવું. એટલે દર માસે રૂ. ૫૦૦) કુંવરજીને મુંબઇમાં મળે તેમ કરવું.

નવી કલબના પાંચ નવા માલેકો.

આ નવી દરખાસ્ત સાંભળી કલબના આગેવાન ઍક્ટરો ગભરાઇ ગયા, અને ટુંકમાં એનું સેટલ એ આવ્યું, કે ઇ૦ સ૦ ૧૮૭૬ ના જાનેવારી માસમાં, નીચલા પાંચ સાહેબો, એ વીક્ટોરીઆ કલબના નવા માલેક મુકરર થયા.

૧ દાદાભાઇ રતનજી ઠુંઠી.

૨, ધનજીભાઇ ખરશેદજી ઘડીઆળી.

૩, ખરશેદજી મેહરવાનજી બાલીવાળા.

૪, ડોસાભાઇ ફરદુનજી મગોલ.

૫, ફરામજી દાદાભાઇ આપુ.

ખરશેદજી મે. બાલીવાળા.




અશરૂ ડોબાદને નામે જણાઇ ગયેલા.

ધનજીભાઈ ઘડીઆળી.




ધનજી ઘડીઆળીને નામે ઓળખાયલા.

ડોસાભાઈ મગોલ.



ડોસુ ઓકદરતને નામે જણાયલા.

ફરામજી અપુ.



ફલુ અપુગે બાડકે નામે જણાયલા.

ત્યારે સાહેબને કહું કે આ નવા પાચ માલેકો, જુની વીકટોરીઆ કંપનીના માલેક થયા. તેઓમાંથી કુંવરજી નાજર સાથેનો આપવા લેવાનો બંદોબસ્ત કીધા પછી, દાદાભાઈ હુંડીને પોતાના વડા માલેક અને ડીરેકટર મુકરર કરી કામ ચાલુ કીધું. દાદી હુંડીઓ પોતાના કામના ભાગલા નીચે પ્રમાણે કીધા, અને પોતાના ભાગીદારોને સોકડું

પરખાવ્યું, કે "આગે કામમાં દર મહીને પાંચસો રૂપીઆનો પહેલો. જોખમ નાજરને આપવાનો છે. તે ઉપરાંત પોરીઆઓના પગાર, અને ત્યાર પછી વધે તે મારૂં ને તમારૂં! વાસ્તે ગરદન વાંકી કરી, મુંડી ખજવાળી જો કોઈ ભાગી નહી ગયા, તો આગે જુની વીકટોરીઆ કલબ બંધ કરવી પડશે, કેમકે આપણી હાલત કાંઈ એવી માતબર નથી, કે દર મહીને ઘેરમાંથી નાણાં લાવી નાટક ચલાવે, વીગેરે."

ચાલો ત્યારે સાંભળજો બો. દાદી હુંઠી માલેક અને ડીરેકટર બની ખુરસીએ બેઠા તેવણે પહેલથી ગરદન પોતાના ભાગીદારોની ભચડી, અને તેઓને નીચે પ્રમાણે કામ વેંહચી આપ્યું હતું.

મી૦ ધનજીભાઈ ધરીઆળી કલબની આવક-જાવકનો હીસાબ રાખવા ઉપરાંત, એકટર તરીકે કામ કરે.

મી૦ ખરશેદજી બાલીવાલા. એકટર ઉપરાંત દાદી હુંઠીના દરેક કામમાં મદદ કરે.

મી૦ ડોસાભાઈ મગોલ. સ્ટેજના પરદા અને સીનસીનરી તપાસે.

મી૦ ફરામજી અપુ. ડેસ અને પ્રોપરટીની ઉપર જોઈતી તકેદારી રાખી વહીવટ કરે.

મી૦ દાદાભાઈ હુંઠી. રીહરસલનું તમામ કામ, તેમજ નાટક લખાવવા કરાવવાનો વહીવટ કરવા ઉપરાંત, સઘળાઓના કામપર દેખરેખ રાખે, અને 'મેનેજીંગ ડીરેકટર' તરીકે કામ કરે.

ભાઈ, અસલ ખરી વાત બાતેનમાં તો એ હતી, કે દાદી હુંઠીના અવાજ, દોર, દમામ, અને કામ કરવાની રીતભાત આગળ સઘળા ભાગીદારો લાચાર થઈ ગયા હતા. જાહેરમાં તેમજ ખાનગી વહીવટમાં દાદી હુંઠી જે માન અને ટેકાવ મેળવી જતો હતો, તેવી રીતભાતની બીજા ભાગીદારોમાં બીલકુલ કોટાઈ હોવાથી સઘળાઓએ આ દાદી હુંઠીને મોટાઈ આપી, બાવા-બાવાને લાડકે નામેજ બોલાવતા અને બોલતા હતા. આ બાવા શબ્દ પાછલાં સાલોમાં એટલો બધો તો સ્ટેજ ઉપર કામ કરનારાઓમાં માનીતો થઈ પડયો હતો, કે આખી કલબમાં કામ કરતા નાહના તેમજ મોટા, સુમારે ૬૦) માણસો, દાદી હુંઠીને બાવાનેજ નામે બોલાવવા લાગ્યા હતા.

ફીસસએ રૂસતમ કારીઆવલ.

ફરેલવાડીના રસ્તા ઉપર આવેલી પાડની મસ્ત મોટી ચાલી, જે પારસીઓથી ચીકાર ભરાયલી છે, તે ચાલીના એકાદ માળાના બીજા મજલા ઉપર, એક ગરીબ પારસી કુટુંબ વસતું હતું. એ ઘેરના બીજે માળથી એક દાહડો, આ લખનારે નીચલો ઝીણો જેવો અવાજ સાંભલ્યો:—

"અરે પહેલ્લે માળના 'ફલાના બઈ,' જરા તમારા રામાને કેહવો, કે નળ બંધ કરે. મને ચાહેતું પાણી મુકાતું છે, ને વાસણુથી બધા પડી રેહાછ", વીગેરે.

ખબર કાહડતાં જણાયું, કે એ ઝીણા અવાજવાળો તે કોઈજ નહી પણ

ભસ્તાંપુરીના રૂસતમને

નામે જણાયલો, એક જવાન છોકરો હતો. તેનું નાન રૂસતમ હતું. તેના માયની નબળી તબીયતને લીધે, ઘરનું તમામ કામકાજ એ રૂસતમ કરતો હતો, અને તે સઘળું કામ

કરવા ઉપરાંત, વળી તે શીખવા માટે સ્કુલે પણ જતો હતો. પણ શીખવામાં કાંઇ ધ્યાન હતું જ નહી, એટલે—બોબો ના! પુછો ના!

ગરીબ બીચારો રૂસતમ! એ કેવો હતો, તેનો ખ્યાલ મારે તમુને આપવો જોઇયે. દેખાવે સામળા રંગનો, કદમાં પતલો, અને ખાસ કરી લાંબો વધારે! કંટાયલા શરીરનો. અવાજ બઇરાંઓના જેવો! મોહડા ઉપર મુછના બાલ, કે ગાલ ઉપર બાલની કાંઇબી નીશાણી નહી. ગાવામાં હેઠે ગીયું ગાડું. બોલવામાં બઇરાંના જેવો લેહકો! વીગેર!

આ છોકરાનું રૂસતમ કારીઆવાલ શા ઉપરથી લોકોએ નામ આપ્યું હશે, તેની મને કસ્સી ખબર નથી. એ રૂસતમ, એક દાહડે વીકટોરીયા થીએટરમાં સુમારે અગીઆર વાગે આવી મોટે અવાજે બોલતો સંભળાયો:—"દાદી કરાઇસાટ છે કે? એવણે એકટરો વાસ્તે છપાવ્યુંતું, તે હું રેહવા આવ્યોછ!"

આજુબાજુ ઉભેલા પારસી એકટરો રૂસ્તમને જોતાંજ તેને બનાવવા લાગ્યા! કોઇ કંઇ પુછે, કોઇ કંઇ બોલે, પણ રૂસ્તમ બંદો બધાને ઠાવકા જવાબ દેતો હતો. ફક્ત એની વીરૂધમાં જે કાંઇ જતું હતું, તે તેના શરીરનો બંબાઇ અને તેનો ઝીણો અવાજ હતો.

આ રૂસ્તમનો કીસ્સો હું લંબાવવા માંગતો નથી! ટુંકમાં જણવું કે રૂસ્તમને કાંઇક વીસ—બાવીસ રૂપીઆને પગારે દાદી ઠુંઠીએ રાખી લીધો હતો મુંબઇમાં તેમજ બહારગામમાં મુસાફરી કરવાનું કબુલ કરી, ત્રણ વરસની મુદત માટે વીકટોરીયા કલબના માલેકો સાથે લખત કરી, તે ઉપર તેણે સહી કીધી હતી, અને તેને કેટલાક બેડીના પાર્ટ મહેડે કરવા ફરમાવ્યું હતું, જે કામ રૂસ્તમે ઉલટ અને ઉમંગથી માથે લીધું હતું.

રૂસ્તમજી ન. રૂસ્તમફ્રામના.



રૂસ્તમ કારીઆવાલ!

પણ એ પાટ કરવાનું કામ ઉમંગથી માથે લઇ રૂસ્તમે સ્ટેજ ઉપર શું કીધું અને એક લાખ રૂપીઆની કોમી સખાવત કરનાર આ પારસીએ, તે બાદશાહી રકમની દોલત કેમ અને કેવી રીતે મેળવી, તે બાબદ આવતા અંકમાં ખુલાસાવાર જણાવીશ.

---

(૭૫)

બાજકા લોકના પાર્ટ કરાવા જેટલા એકટરો રાખ્યા હતા, તે સઘળાઓમાં રૂસ્તમજ ઘણો ઉંચો લાગતો હોવાથી, તમાશબીન આલમનું તે તુરતજ ધ્યાન ખેંચતો હતો. તુરતજ તેના એવાં ખાપીભરેલાં કદ ઉપર લોકો તેને જોતાંજ હસી પડતાં હતાં. શરૂઆતમાં એ ખામી ઉપર દાદી ઠુંઠીનું ધ્યાન ખેંચાયું નહી, પણ પાછળથી જ્યારે બાલીવાલાએ જણાવ્યું ત્યારેજ તેવણે જાણ્યું, કે આ બલામતનો રસ્તો થવો જોઇએ! દાદી ઠુંઠીએ રૂસ્તમને કેટલીક 'કોમીક' કેરેકટર આપી, પણ તેમાંથી રૂસ્તમ કારીઆવાલા છુપો રહી શકયો નહી. પણ તેમાં રૂસ્તમ શું કરી શકે?

દીલ્હીથી જયેપુર.

દીલ્હીની સફર કરી કંપની જ્યારે જયેપુર ગઇ, ત્યારે ત્યાં રૂસ્તમને જરા દમ ખાવાનો વખત મળ્યો, કેમકે કલબમાં દોસ્તોની મશ્કરી અને તાણા ટપલાથી તે બેજાર થઇ ગયો હતો. હવે જયેપુરમાં રૂસ્તમે નક્કી વીચાર કીધો, કે યા તો કલબ છોડી દેવી, યા કાંઇબી નાહલો જેવો ધંધો, યા તો નોકરી શોધી તે પકડી લેવી. આપણે રૂસ્તમની બારીક વીગતમાં જરાબી ઉતરશું નહી. એટલુંજ કહેવું અને નોંધવું બસ થશે, કે રૂસ્તમે જયપોરમાં એક નાહનું જેવું Guest House, જયપુરના તે વખતના મહારાજા સાહેબ રામસીંગજીની પરવાનગી લઇ ચાલુ કીધું હતું. મહારાજા રામસીંગજી ઘણાજ ઉદાર અને ભલા દીલના હતા. મરહુમને નાટકનો જબરો શોખ લાગી ગયો હતો. વીકટોરીયા કલબના નાટકો જોઇ, તેવણે પોતાના રાજમાં એક પાક્કી બાંધણીની નાટકશાળા બાંધવાનો હુકમ કીધો હતો. એટલુંજ નહી પણ સારા સારા જવાન ખેલાડીઓને, એ નાટકશાળામાં ખેલો કરવા માટે રોકી લીધા હતા. એવી રીતે રોકી લીધેલા એકટરોમાં સર્વેથી પહેલ્લે દરજ્જે એદુ કેલેજર, પેસુ પોખરાજ, રૂસ્તમ કારીઆવાલા અને બીજા એવા એકાદ બે રોકાયા હતા. એ અને એવી રીતે રોકાયલા એકટરો જ્યાંસુધી વીકટોરીયા કલબ જયેપુરમાં રહી, ત્યાંસુધી વીકટોરીયા કલબમાં પાટ કરતા હતા અને મહારાજા સાહેબ તરફથી મુકરર કરેલો પગાર પણ વસુલ કરતા હતા.

જયેપુરમાં બીલીઅર્ડ સેલુન.

જયેપુરના આ માલેકને જેમ નાટક જોવાનો શોખ લાગ્યો હતો, તેમ બીલીઆરડનો પણ જબરો શોખ હતો. તેવણે પોતાના અમલદારોને મળવા ભેટવા, તેમજ દોસ્તોને માટે એક સુંદર બીલીઆરડ સેલુન બંધાવ્યું હતું, અને તે સેલુન, મુંબઇવાલા જોન રોબર્ટની કંમપની મારફતે સરવે જાતની બીલીઆરડને લગતી સામગ્રીથી સજજ કરાવી હતી. આ સેલુનમાં મહારાજા પોતે રોજ પધારી બીલીઆરડ ખેલતા

હતા, અને તેમ કરી તેવણુ પોતાના અમલદારો, તેમજ અતબગના મીત્રોને ગળા શકતા હતા.

વીકટોરીઆ કંપની જયેપુર છોડી ગઇ, અને મજકુર છોકરાઓ જયેપુરમાંજ વસવાટ કરી પડયા. જયેપુરમાં નાટક કાંઇ શરૂ થયા હતા નહી, કેમકે બાંધવા ફરમાવેલી નવી નાટકશાળા હજી બંધાઇ રહી નહી હતી. છોકરાઓનો પગાર તો ચાલુ થઇ ગયો હતો. એ મુદત દરમીયાન પેસું રૂસ્તમ કારીઆવાલાનું guest house ઠીક ગબડવા લાગ્યું હતું. યુરોપીઅન વીઝીટરો અને ટુરીસ્ટો, જેઓ સીઝનમાં આવી થોડાક દીવસ રહી, ફરી હરી, આગ્રા અને દીલ્હી તરફ નીકળી જતા હતા, તેઓ રૂસ્તમને ઠીક આવક કરાવી જતા હતા. મેહરબાનો, આ જયેપુરના પારસી એકટરોની જબરી કાહાણી છે, અને તે એકાદ ઘણીજ જાણવા જેવી છે, મગર રૂસ્તમના કીસ્સાને તેની સાથ કાંઇબી લાગતું વળગતું નથી, એટલે તે ઢીલાજ પડતી મુકવી પડે છે. મગર એ જયેપુરના રાજમાં, એકટર તરીકે નોકરી રહેલા ખેલાડીઓમાં ખરો ભાગ્યશાળી, ખરો દુરંદેશ, અને ખરો સમજદાર ખેલાડી, પેસુ પોખરાજ નામનો એક લેડી એકટર હતો, જેનું આખું નામ પેસ્તનજી ભાટલીવાલા હતું. આ ખેલાડી ઘણોજ નામી શકતી ધરાવતો હતો. લેડી કેરેકટર કરવામાં ઘણોજ કુશળ હતો. નાચવામાં પણ નીપુણ હતો, અને સ્વભાવે ઘણો મીલનસાર હતો. એની કારકીર્દી જાણવાજોગ હોવાથી હવે પછી હું અલાહેદી જગ્યાએ રજુ કરીશ, પણ એટલુંજ લખવું અત્રે બસ થશે, કે પેસુ પોખરાજ, ખેતરીના રાજમાં તેના રાજાની નોકરીમાં રોકાયો હતો, અને પરતાબગઢ રાજમાં રાજાના મહેલમાં અચાનક હાર્ટ ફેલ થવાથી, ઈ૦ સ૦ ૧૯૧૯ ના મે માસમાં ગુજર પામ્યો હતો. મરણ વખતે મરહુમની ઉમર ૫૮ વરસની હતી.

મરહુમ પેસ્તનજી બાટલીવાળા.



એત્રીના રાજાના કમ્પેનીઅન તરીકે.
સાધારણ રીતે પેસુ પોખરાજને નામે જણાયલા.

રૂસ્તમ કારીઆવાલાનું 'ગેસ્ટ હાઉસ.'

વીકટોરીયા કંપની જયેપુરથી નીકળી પોતાની સફર ઉપર ગઇ, અને તેના થોડાક એકટરો, વીકટોરીયા કલબ સાથે તેઓના લખત હોવા છતાં, જયેપુરમાં મહારાજાની નોકરીમાં રહી ગયા. મહારાજાએ તે લોકને છુટા કરવા, ફાઠી ટુંઠીને અરજ કરી હતી, અને કલબના માલેકોએ તે લોકને છુટા કીધા હતા. મહારાજા રામસીંગજી ને પારસીઓ ઉપર ખાસ પ્રેમ હતો, અને એવું પણ બોલાયું હતું, કે પારસીઓ અગર જો મારા રાજમાં આવી વસે, તો તેઓના વસવાટને લાયક સરવે પ્રકારની ગોઠવણ કરી આપું. પણ મહારાજાની તે ઉમેદ પાર પડી નહી હતી.

દરમીઆન રૂસ્તમ કારીઆવાલાને તેનું ગેસ્ટ હાઉસ ઘણુંજ માફક આવી ગયું. એ ગેસ્ટ હાઉસ ચલાવવાની કુનેહ અને કારસાજી રૂસ્તમે તુરતજ ટુંક મુદતમાં જોઇ લીધી, અને પોતે ચંચલ ઝેનવાલો હોવાથી, નાટકની નોકરીમાંથી ફારેગ થઇ, એવીજ કીસમના ધંધા ઉપર તેને પોતાનું ધ્યાન લગાડયું હતું.

આગ્રાનું 'સેવોય' હોટેલ.

જયેપુરથી થોડેક છેટે આગ્રા શહેર આવેલું હોવાથી, રૂસ્તમે સેવોય હોટેલ એક કુમારે બંગલામાં ઉઘાડયું હતું, એટલુંજ નહી, પણ રફતે રફતે હરીફાઇમાં ઉતરવા અને યુરોપીઅન ટુરીસ્ટો છટકી નહી જાય, એવી નેમથી કહે છે કે આગ્રામાં એક બીજુંબી હોટેલ ઉઘાડયું હતું, અને જાહેરમાં એવું દેખાડયું હતું, કે સેવોય હોટેલનો તે હરીફ છે! આ બંને હોટેલનો આ બંદના લખનારને કડવો અનુભવ ૧૯૧૨ ના સાલમાં મળ્યો હતો. જયારે મેં આ મારા જુના મીત્ર રૂસ્તમ કારીઆવાલાને પછે પછે વરસે આગ્રામાં સેવોય હોટેલના માલેક તરીકે ઓલખ્યો હતો, આગ્રામાંજ નહી, પણ જુદી જુદી મોસમની ટેકરીઓ ઉપર, રૂસ્તમ કારીઆવાલા પોતાના હોટેલો ઉઘાડી ચલાવતો હતો. રૂસ્તમની ખાનગી જીંદગી માટે મારે કાંઇ બોલવું નથી, મગર એ મરહુમે મેલવેલી દોલત પોતાના કુટુંબનાજ કોઇ વારેસને મળે, એવી મરનારને ખાહેશ હતી. પણ રૂસ્તમ ફરામના કુટુંબના કોઇબી શખ્સના નસીબમાં રૂસ્તમ કારીઆવાલાની આ દોલત જાય, એવી કુદરતનીજ મરજી નહી હતી. એ બંજાવર દોલત, જે એક લાખથી વધુ કહેવાય છે, તે દોલત મરહુમે જેહમત અને મેહનતે જમાવ કીધી હતી. મરહુમને કાંઇબી ફરજંદ નહી હોવાથી, તેણે પોતાના ભાઇ મનચેરજી રૂસ્તમ ફરામનાના એક દીકરાને પોતાનો દીકરો કરી લઇ, તેને પોતાના ધંધામાં સામેલ કીધો હતો. મરહુમ મનચેરજી આસલ નાટક ઉતેજક મંડળીમાં એક એકટર તરીકે કામ કરવા ઉપરાંત,

કોમેસરીયતના પોતે કનત્રાકટ લેતા હતા. મનચેરજીએ ઠીક નાણું જમાવ્યું હતું. સાધારણ રીતે આ મનચેરજીને

મંનચુ ચીમપાંન

એવે નામે મત્રો તેમજ નાટકવાળાઓ પીછાણતા હતા. એ મંનચુ ચીમપાન બાબે હું મારા આગલા લેખોમાં લખી ગયો છું. રૂસ્તમ કારીઆવલે પોતાના વારેસ તરીકે પોતાના આ ભાઇ મનચેરજીના દીકરાને પોતાના વારેસ તરીકે મુકરર કીધો હતો. પણ કમનસીબે, તે છોકરો ભરજવાનીમાં ગુજર પામ્યો હતો. સેવટે આચારીએ રૂસ્તમ કારીઆવલે પોતાની મોટી દોલત, આંતે કોમી સખાવતના કામમાં રોકી, પોતાનું પુન્ય હાંસલ કીધું હતું. બેશક દાદર કોલોનીમાં બંધાયલી આ આગીઆરી, એવી જગ્યા ઉપર બંધાઇ થઇ છે, કે તે પારસી કોમના એક મોટા ભાગને ઘણીજ સગવડભરી તેમજ ઉપયોગી થઇ પડી છે. વળી એ આગીઆરીની રહેબરી એક એવા કાબેલ એરવદ કેખશરૂ કુટાર, એમ. એ. જેવા ધરમગુરૂને સપુરદ થઇ થઇ છે, કે આજે તે આગીઆરી વધારે સારી રીતે લોકપ્રીય થઇ પડી છે.

રફીક મેહરબાન, આ રૂસ્તમ નસરવાનજી રૂસ્તમ ફરામના ઉરફે રૂસ્તમ કારીઆવલની ફકત ઓળખ આપી, આ નાટકની તવારીખ સાથ તેનો સંબંધ મેં દેખાડયો છે. હું એ ભલા મીત્રને અચ્છી રીતે ઓળખતો હતો. મરનારની ખાસીઅતો અને ગુણોથી હું વાકેફ હતો. મગર ગુજર પામેલા આદમીની કબ્ર પછી તેના ઉપર બાપટીટ ટીકા કરવા નારવા સમજી, હું એટલુંજ લખી આ હકીકત ખતમ કરૂં છું, કે મરહુમના રૂહને પરવરદેગાર મીનોઇમાં શાંતી બક્ષો.

---

(૭૬)

આજકાલના ચુલબુલીઆ ધંધાદારી તેમજ એમેચ્યુઅર નાટક કરનારાઓએ પોતાની હુશ્યારી અને ફીશ્યારીથી નાટકને તેની આજની હાલત ઉપર લાવી નાખ્યો હોય, અને તેની હાલની હાલત ગમે એવી અધમ હોય, તો પણ એટલું તો નક્કી કહી શકાય છે, કે નાટકની અસલ મોટાઇ વીશે કોઇબી શક કોઇનેબી હોઇ શકેજ નહી. હાલની નાટકની હાલત માટે કોઇ નાસકારક ટીકા કરવાની જરૂર રહી નથી, મગર આગલા વખતના પારસી એક્ટરોની ધજતદારી, કાબેલીઅત, અને કેળવણીનો જ્યારે વીચાર કરીએ છીયે, ત્યારે તેઓએ નાટક તખ્તા ઉપર નાટક કરવા માટે જે શરૂઆત કરી હતી, તે બેશક પઇસા કમાવાની ઉમેદ કે લાલચને ખાતર નહીંજ હતી, પણ કેવળ શોખને ખાતર શોખની સેવા હતી. એવા આગલા વખતના નાટકીઓ, ઇ. સ. ૧૮૭૦ ના સાલની ઘણાક વરસો આગાઉના જાહાર પડેલા હતા. તે માંહેલા જાણીતા ખેલાડીઓના નામ અને કામની નોંધ અત્યાર આગમચ, આ લેખના આગલા અંકોમાં આવી ગઇ છે, મગર હવે જે કંઇ રહ્યું છે, તે આગલી વીક્ટોરીયા ક્લબે ભજવેલા એ જુરાની ખેલો માંહેલા થોડાક પારસી એક્ટરોના નામ અને કામની નોંધ લેવાની રહી ગઇ છે.

ધનજી બેજન.

બેજન મનીજેહનો જુરાની નાટક આજથી ૬૦) વરસ ઉપર ગ્રાંટરોડની વીક્ટોરીયા નાટકશાળામાં ભજવાયો હતો. તે ભજવનાર વીક્ટોરીયા ક્લબ હતી, અને તેના ખેલાડીઓ પારસી હતા. એ નાટકના લખનાર મરહુમ કેખશરૂ કાબરાજી હતા. ખેલનું નામ બેજન અને મનીજેહ હતું. બેજનનો પાર્ટ એક ઘણાજ દેખાવલા ખુબસુરત જવાનને હાથે પડયો હતો. એ જવાનનું નામ ધનજીભાઇ ફરતમજી કેરાવાલા હતું. ધનજીભાઇ કેરાવાલા પોતાની જવાનીમાં જ્યારે એક છોકરા સમાન હતા, ત્યારથીજ તે વખતે ઉભી થતી 'મશરૂમ' ક્લબના માલેકોએ એવણ ઉપર જાળ નાખી, પોતાની ક્લબમાં તેને ઘસડી જવાની અનેક તજવીજો કરતા હતા. તેવી રીતે ઉભી થતી એક ક્લબ જેના માલેક મરહુમ ફરામજી મુસાતાદજી દલાલ હતા, અને જેવણ ફલુ ધુસના મશ્કેરી ભરેલા નામથી ઓળખાતા હતા, તેવણે આ ધનજીભાઇ કેરાવાલાને પોતાની

જેન્ટલમેન એમેચ્યુઅર્સ ક્લબ

લેડી કેરેક્ટરનો પાર્ટમાં કરવા ઘસડી ગયા હતા. એ ક્લબ શેક્સપીઅરનો 'કોમીડી-ઓફ-એરર્સ'નો ખેલ સ્ટેજ કરનાર હતા. તે ખેલમાં ધનજીભાઇ કેરાવાલાને એક લેડીનો પાર્ટ આપ્યો હતો, અને મરહુમ ફરામરોજ જોશી, પણ એજ ખેલમાં એક લેડીનો પાર્ટ કેરાવાલા સાથ કરવા સ્ટેજ ઉપર ઉતરેલા હતા. આ ખેલ મોટી ઉકળાઇથી રજુ થતો હતો. એ નાટકનું ગ્રાંડ રીહરસલ શંકરશેઠના બંગલાના કુવારે દીવાનખાનામાં થયું હતું. જવાન ધનજીભાઇ કેરાવાલાની આ પેહલીજ શરૂઆત હતી,

પણ પાછળથી તેવણને નાટકની લંપટની લેહ લાગ્યાથી, તેવણે વીક્ટોરીયા કલબમાં ઝંપલાવી દીધું હતું. દેખાતું હતું કે આ બેલ વીક્ટોરીયા કલબ સ્થપાઈ તે આગમચ થયો હતો, કેમકે ફરામજી ગુસ્તાદજી દલાલ, એલ્ફીન્સ્ટન કલબનો માલેક હતો, અને મરહુમ હોરમજી મોદી ઉરફે કાકાવાલા, એ કલબમાં ખેલાડી તરીકે, પાર્ટ કરવા સ્ટેજ ઉપર ઉતરેલા હતા. કાકાવાલનો ડોળો ધનજીભાઈ કેરાવાલામાં પહેલેથીજ ભરાયલો હતો, અને તેથી વીક્ટોરીયા કલબ જેવી સ્થપાઈ, અને કાબરાજીની સામેલગીરી થયા પછી બેજન અને મનીજેહનો નાટક જેવો લખાઈને એક્ટરોમાં વેંહચાયો, ત્યારે તેજ વખતે કાકાવાલ આ જવાન ફાંકડા છોકરા કેરાવાલાને વીક્ટોરીયા કલબમાં એક્ટર તરીકે ઘસડી ગયા હતા, અને ફરામજી દલાલે તે કામમાં ઉલટભરેલો ભાગ લીધો હતો.

ધનજીભાઈ રૂસ્તમજી કેરાવાલા.



'ધનજુ બેજન' તરીકે આગલા વખતમાં બેજનનો પાર્ટ કરી વખણાઈ ગયેલા ખેલાડી.

એ રીતે એક લેડી કેરેક્ટરના પાર્ટ કરતાં કરતાં, ધ. કેરાવાલા એકદમ હવે 'મેલ કેરેક્ટર' કરવાને, અને તેબી વીક્ટોરીઆ કલબ જેવી એક ધરખમ કલબમાં નસીબવંત થયા હતા. જવાનીના બહારમાં ધ. કેરાવાલા કેવા ખુબસુરત હશે, તેનો કાંઈક અનુભવ, આ તેમના ફોટોગ્રાફ ઉપરથી અટકળી શકાય છે. બેજનના પાર્ટમાં એ ખેલાડીએ કમાલ કરી હતી. તેવણને મળેલાં કાબરાજીના ઉમદા એક્ટીંગને પુર છટાથી રજુ કીધા પછી, તે વખતના છાપાએ તેમજ તમાશબીન આલમે વખાણેલી

ખાવી લીધો હતો. એની જોડમાં એક બીજો ખેલાડી, જે મનીજેહનો ભાગ રજુ કરતો હતો, તેની પણ તેવીજ તારીફલાયક વખાણ થઇ હતી. બેજનનો પાર્ટ, ધ. કેરાવાલાએ પુરતી કાબેલીઅતે રજુ કીધા પછી, જાહેર આલમમાં જેઓ નાટકનો શોખ રાખતા હતા, તેઓ સઘળા ધ. કેરાવાલાને, 'ધનજી બેજન' ને નામેજ હવે બોલાવવા અને ઓળખવા, તેમજ ઓળખાવવા લાગ્યા હતા. એ વખતે 'ધનજી બેજન' ની ઉમર ૨૧ વરસની હતી, અને એ બેજન મનીજેહનો ખેલ તે વખતે સઘળો મળી ૫૦) વખત સ્ટેજ થયો હતો.

ધનજી બેજન મધ્યમ કેળવણી પામેલો જવાન હતો. વીક્ટોરીયા કલબે બેજન મનીજેહના ખેલ પછી, 'જમશેદ' નો ખેલ સ્ટેજ કીધો હતો, તેમાં પણ ધનજી બેજને 'કારન' નામના ગામડીઆ પહેલવાનનો પાર્ટ ઘણીજ અસરકારક રીતે રજુ કીધો હતો.

જેમ સરદાના રંગ બદલાયા કરે છે, તેમ વીક્ટોરીયા કલબેબી અનેક રંગ બદલ્યા હતા. ફતેહમંદ રીતે ચળકતા ઇરાની ખેલો પડતા મુકી જ્યારે ઉરદુ ખેલો ભજવવા માંડ્યા, ત્યારેથી ધનજી બેજને ધુમ મચાવી હતી.

સુનાંના મુલની ખોરશેદ

વાલો નાટક, જે પારસી નાટક તખ્તાની તવારીખનું બીજુ દર્શન હતું, અને જે તમામ ઉરદુ ઝબાનમાં ભજવવાનું કામ મરહુમ દાદી પટેલે પોતાના આ કાબેલ એક્ટરોને સોંપ્યું હતું, તેમાં 'આ ધનજી બેજને' કોટવાલનો પાર્ટ ઘણીજ અસરકારક રીતે ભજવી, પોતાના માલેકનીજ માત્ર નહી, પણ તમાશબીન આલમની પણ પ્રસન્નતા મેળવી હતી. સાઠ વરસની વાત ઉપર પારસી એક્ટરોની નાટકી શક્તી કેવી હશે, તેનું આ ધનજી બેજનના કાર્યની કારકીર્દી ઉપરથી, સહેલથી આંકી શકાય છે. આ બેજન અને મનીજેહના નાટકમાં, બેજન ઉપરાંત કેટલાક એવા પારસી stars ચલકી નીકળ્યા હતા, કે જેઓના કામથી તેઓના નામ આજ સુધી અમર રહી ગયાં છે! દાખલા તરીકે દાદી ફરાંઇસ્ટ, ડોસુ ગોદરેજ, કાવસજી મુરદીન, દારાશા અફ્રાસીઆબ, ખસરૂ કોબાદ, જમશુ મનીજેહ, ધનજી કાકુલ, કાકાવાલ, જેહાંગીર વાબો (અરનવાજ) વીગેરે અનેક.

ખરી વાત છે કે ધનજી બેજન કોઇ એક ગાયનકાર એક્ટર નહી હતો, પણ તે એક ડરામેટીક એક્ટર તરીકે કોઇ કમતી નહી હતો. તેણે જેમ ઇરાની નાટકોમાં ઇરાની પેહલવાનોના પાર્ટ કરી, તે વખતનો નાટક તખતો ધુંજાવ્યો હતો, તેમજ ઉરદુ નાટકોમાં પણ ધનજી બેજને કોઇ કમી કામ કીધું નથી. પણ એ બાઇને બે ફરજો બજાવવાની હતી. એક તો નાટકના માલેકો તરફની, અને બીજી પોતાની નોકરી તરફની. આ સબબને લીધે, આપણા જવાન ધનજી બેજનને પોતાના ધણીઓની સેવા બજાવવા મુંબઇ છોડી, આરસી તરફ જવાની ફરજ પડી હતી, એટલે વીક્ટોરીયા કલબ સાથેનો સંબંધ છોડવાની ફરજ પડી હતી.

---

(૭૭)

'કલેજે લગાડયો કારી એક ઘા,
જખમી કીધી મજને મરદ બેગાના.'

(મનીજેહ)

અઢાર વરસની ઉમરનો એક પારસી જવાન છોકરો, બેજન મનીજેહના નાટકમાં જ્યારે આ છેલ્લી બે લીટીઓ બોલી, ચાલી જતો હતો, ત્યારે તે એવું તે શું મરોડદાર—લલચાવનારૂં નખરૂં કરતો હતો, કે આખ્ખું હાઉસ તેના હાવભાવ ઉપર મોહી પડી, તેને ફરી અને ફરી બોલાવવા તાળીઓથી વધાવી લેતા હતા.

પણ જમસુ દાજી જરા નબળા મનનો છોકરો હોવાથી, તે ફરીથી સ્ટેજ ઉપર દેખાવ દેવા ઘણોજ તત્પર થઇ રહેતો હતો. પણ બીજા હાથ ઉપર તેનો ડીરેકટર દાદી કરાકરટ એવા તો નક્કી નીયમ ઉપર કામ લેનારો પારસી હતો, કે તેની મરજી વગર, કોઇબી એકટર પોતાની આંખ પણ ફરકાવી સકતું નહી હતું. "હું જે બતાઉં છ, તેજ પ્રમાણે કરવું. સહેજ વધારેબી નહીં, ને સહેજ ઓછુંબી નહી. ઓછું જો હશે તો ચાલશે, પણ વધારે તો કદીબી ચાલવા દેવશ નહી." દાદી કરાકરટનાં આ સુત્રો તે પોતાના એકટરોને હંમેશાં કહેતો હતો, અને તેની 'પરસનેલીટી' એવી હતી, કે નાહના તેમજ મોટા એકટરો ધ્યાનથી મનન કરી તેના કહ્યા પ્રમાણે કરવાની તેઓ તજવીજ કરતા હતા. અને ત્યારે તો તેના કેળવેલા એકટરો જેઓ પાછળથી નાટકના ધંધામાં પડયા, ત્યારે તેઓ તેને યાદ કરવા લાગ્યા. તેની નકલ કરવા લાગ્યા, અને તેઓ દાદી કરાકરટના ચેલા છે, એમ જણાવવામાં કાંઇક ઉંમાઇથી માન મેળવવા લાગ્યા હતા.

જમસુ મનીજેહ.

જમશેદજી કાવસજી દાજી, કોઇ કોલેજ કે સ્કુલની કેળવણી લઇ કેળવાયલો છોકરો નહી હતો. તે ચાર પાંચ સ્ટેન્ડર્ડ જેટલું શીખી, yes અને no કરતો હતો, પણ તેનામાં ધાંધલ અને ધરપચ ઘણી હતી. અને એવાં તેના જ્ઞાન ઉપરથી, તે કોલાબામાં આવેલી મનકેજીએજ ફેકટરીમાં રૂપીયા ૬૦) ના પગારે કારકુનની નોકરી ઉપર ગોઠવાઇ ગયો હતો. તેની નોકરીનો વખત સહવારના દશથી સાંજના પાંચ સુધીનો હોવાથી, જમશેદજી દાજીને નાટકના રીહરસલમાં રાતના જવા અને નાટકો કરવા પુરતો અવકાશ મળતો હતો. જમશેદજી દાજી એક કુદરતી એકટર હતો, પણ તેની તેને સહેજબી ખબર હતી નહી! એ તો જ્યારે એનું મગજ ગુમાનથી ફુલવા લાગ્યું, ત્યારેજ એને જાણ્યું કે હુંબી જગતમાં એક મહાન એકટર છેઉ ખરો! એણે બેજન અને મનીજેહના નાટકમાં મનીજેહનો પાર્ટ કીધા પછીજ એનું એવું દેમાગ બન્યું હતું. એ બેજન-મનીજેહનો નાટક ૫૦) વખત ચાલુ થયો હતો, અને

તે વખતના જમાનામાં એક નાટક ૫૦) વખત ચાલુ ભજવાય, એવી એક નવાઇ ગણાતી હતી. એ મુદ્દત દરમીયાન વીક્ટોરીયા ક્લબે એક બીજો ધરાનો નાટક તઇયાર કીધો હતો. તેનું નામ—

રૂસ્તમ અને સોહરાબ

હતું. એ નાટકમાં સોહરાબનો પાર્ટ, જમસુ મનીજેહને ફાળે ગયો હતો. એ નાટક મરહુમ એદલજી ખોરીએ લખ્યો હતો, એટલે હવે જમસુને ખોરીના ડીરેક્શનમાં જવું પડ્યું હતું. પણ કાબરાજીનો આ ચેલો, સોહરાબ તરીકે ગાજી વાજી નીકળ્યો હતો. એક તો પોતે દેખાવડો, બીજુ તો તેનું 'બાફના જેવું" અવાજ, ત્રીજુ તેના હાવભાવ અને બોલવાની ઢબછબ, એ સઘળું જમસુની એવી તો તરફદારી કરતાં હતાં, કે દાદી કરાઇસ્ટ જે રૂસ્તમનો ભાગ ભજવતા હતા, તેવણની સાથ જમસુની જોડી ઘણીજ બંધબેસતી——થઇ પડી હતી. જમસુએ સોહરાબનો પાર્ટ કીધા પછી, ગુમાન અને ગરૂરથી ફુલી, પોતાને તે એક નામચીન એક્ટર સમજવા લાગ્યો હતો. આવી રીતનું જમસુનું દેમાગીપણું જોઇ, દાદી કરાઇસ્ટે જમસુને ઠંડો કરવાની કોઇક તજવીજ કીધી, અને હજમાબાદના ખેલમાં લોકોની નજરમાં ગમી રહેલા જમસુને, પાછો એક નોકરાણીનો પાર્ટ આપી તેનો બહાર પાડયો હતો!

નાટક કમ્પનીના ડીરેક્ટરો અને માલેકોમાં આ એક જાતની ધીક્કારભરી ઇલ્લત હોય છે, કે પોતાથી ચહડતે પ્રકારના કોઇબી ખેલાડીને, જો તોડી પાડવો હોય, તો તેને હલકા જેવા પાર્ટમાં સ્ટેજ ઉપર કહાડવો. આવી કીસમની ખાસીઅત મરહુમ કાવસજી ખટાઉમાં ખાસ ખીલી નીકળેલી હતી, અને તે ખાસીઅતના ભોગ તેની કલબમાં ઘણા જન થઇ પડયા હતા. જમસુ મનીજેહ દાદીની આવી ચતુરાઇ તુરતજ સમજી ગયો હતો, પણ હજમબાદનો ખેલ કીધા પછી, જમસુ વીક્ટોરીયા કલબના સ્ટેજ ઉપર દેખાયોજ નહી હતો. અર્થાત તે વીક્ટોરીયા કલબ છોડી ગયો હતો.

જમસુ ફેરીદુન તરીકે

કલબ છોડી ગયો હતો ખરો, પણ જમસુએ નાટક છોડી દીધો નહી હતો. તે કોઇ પોતાને બરની ધરખમ કલબ શોધતો ફરતો હતો. એવામાં વીક્ટોરીયા કલબમાંથી દાદીએ પોતાની ભાગીદારી છુટી કરી, હીન્દી કલબ સ્થાપી, તેમાં એક્ટરોની ભરતી કરતા હતા. જમસુ નક્કી જાણતો હતો, કે દાદીને જમસુ વગર ચાલશે નહી. ફેરેદુનના ખેલમાં દાદીને મળેલા ફરીદુન બીલકુલ ગમ્યા નહી હતા. કોઇ લાંબો પડતો, કોઇ ઠીંગણો લાગતો, કોઇ કંમરમાંથી વાંકો વળેલો દેખાતો હતો. સઘળાઓ મેહનત કરી નારાજ થઇ ના પાસ થયા પછી, જમસુને યાદ કરવો પડયો હતો, અને જમસુ મનીજેહ દાદીની નજરમાં ઘણોજ ગમી ગયો હતો. પરીણામ, જમસુને ફરીદુનનો પાર્ટ મળ્યો, અને તે તેણેજ હીન્દી થીએટર પર સ્ટેજ કીધો હતો.

જમસુની કમનસીબીની શરૂઆત!

ઈંદી નાટક મંડળી ભાગી પડી હતી. જમસુની મનકેરીઓજની ચાકરી જતી રહી હતી. એટલે હવે જમસુની આગલી ગુમાની તેના દેમાગમાંથી નીકળી ગઇ, અને હવે તે હલકો થઇ ગયો હતો. યાદ રાખવું મહેરબાન, કે જમસુના વખતમાં થતા નાટકો ગાયન બજાયનવાળા ઝાઝા નહી હતા. વળી કમનસીબી જમસુની એ હતી, કે તે પોતે કોઇ ગાઇ–વગાડી જાણતો નહી હતો, એટલે તેની ઝાઝી કદર ગુજાઇ નહી હતી. વળી હવે વીકટોરીયા કલબ સીવાય બીજી કોઇબી ધરખમ કલબ રહી નહી હતી. જે કોઇ બરપા થતી, તે સઘળી પરપોટા નાટક કંપનીઓ હતી. એટલે જમસુ તે ઉપર શું ભરૂસો રાખી શકે? અંતે બન્યું એમ, કે જમસુ પોતાના દોસ્ત આશનાવોને જણાવ્યા વગર પોતે મુંબઇથી દુર દેશાવરમાં એકાદ ભમતી ફરતી કોઇ નાટક ટોળી જો મળી જાય, તો નોકરી મેળવી લીયે. તે માટે એવા ઇરાદાથી તે મુંબઇ છોડી ગયો હતો.

પ્યારો જમશેદની કમનસીબી ઘણીજ કંગાલ હતી! વળી તે સઘળી સીલસીલાબંધ લખવા જેટલી મને ફુરસદ પણ નથી! જમશેદ જ્યાંબી જતો, ત્યાં તે પોતાની પુરાણી કીરતી ઉપર ટટાર ઉભો રહેવાની તજવીજ કરતો હતો. તે પોતાને જમસુ મનીજેહના નામથીજ ઓળખાવતો, કે જે મનીજેહના નાદર એકટીંગથી વીકટોરીયા કલબ નામી થઇ હતી, અને જે મનીજેહના કામથી તે ખેલ પચાસ વખત વીકટોરીયા કલબે મુંબઇમાં ભજવ્યો હતો! આ તેની બડાઇ તે બહારગામવાળાઓ સમજી તેને પોતાનો આસરો આપતા હતા! જમસુએ પોતાની કમનસીબીને આધીન થઇ, સુરતમાં, રાંદેરમાં, અને ત્યારપછી ઓલપાડમાં પોતાના નાટકો, થોડાક તે વખતના ખેલાડીઓની સામેલગીરી મેળવી કીધા હતા. આ ખેલાડીઓના નામ હું જાણું છું, મગર તે જાહેર કરી શકતો નથી, એવી મારી પોતાની ખાએશ છે. રાંદેરમાં જમસુએ કરેલા ખેલ, ત્યાંના એક તબેલામાં નાનું જેવું સ્ટેજ ગોઠવી કીધા હતા, અને તેને મદદ કરનાર વેના ઠીલસોજ ખેલાડીઓમાં, કાઉ ખટાઉ અને નસરવાનજી સરકારી મુખ્ય હતા. આ નોશીરવાન સરકારી ઇંદ્ર સભામાં એકકી વખતે જણે પરીઓનો પાર્ટ કરતો હતો! તાજુબ! તે બીચારો પોતાના જોનારાઓને ગધેડા સમજીનેજ ગાડું ગબડાવતો હતો! છતાં આ ફરમાસુ થીએટરમાં પણ જમસુ મનીજેહની કમનસીબીનું છેવટ આવ્યું નહી હતું.

જમસુની હીંમત—જમસુની ધીરજ!

નાટક તખતો છોડયા પછી, અને મન–કરીઓજની નોકરી છુટી ગયા પછી, જમસુ ઘણોજ હેરાન અને પરેશાન થયો હતો. જમસુ પોતા ઉપર આવી પડેલાં દુખો અને પરેશાનીથી સેહજબી ગભરાઇ કે ડખાઇ ગયો નહી હતો. તેને મોટી ધીરજ હતી, અને તે એમ માની લેતો હતો, કે મારી કમનસીબીનું જ્યારેબી સેવટ આવશે, ત્યારે મને આપોઆપ બીજો રસ્તો સુઝ પડશે. એવી આશામાં તે હીંમતથી પોતાની પરેશાનીઓનો અંત આવવાની રાહ જોતો હતો.

અને સાહેબને કહ્યું કે બન્યું પણ તેમજ! જમસુની કમનસીબીનું જ્યારે સેવટ આવ્યું, ત્યારે તેને કુદરતે એક નવોજ રસ્તો સુઝાડયો, કે જેથી તેની હેરાની અને પરેશાની ઉપર તે ફાવી નીકળ્યો. હું ધારૂં છું કે મુંબઇમાં તે વખતે થોડાક શેકસપીરીઅન એકટરો ઇંગ્લેંડથી અવારનવાર પોતાની વીઝીટ આપતા હતા, તે ઉપરથી જમસુને તે વીચાર સુઝ પડેલો હોવો જોઇએ.

જમસુ શેકસ્પીઅરના 'રેસીટેશન' કરનાર તરીકે.

ખચીત એ વીચારથીજ તે ફુલાઇ ગયો. અને તેને તરેહવાર ગણત્રી કરી એ જોખમ માથે ખેંચી લીધો હતો. અજબ તેની હીંમત! પોતે ચોથા સ્ટેન્ડર્ડ જેટલું ઇંગ્રેજી શીખી પરવારી ગયેલો, અને શેકસપીઅરની ભાષાની બારાખડી જેટલીબી પોતાને સમજ નહી છતાં, તેણે આ ઇંગ્રેજી રેસીટેશન કરવાના કામમાં જીવપર ખેડી હોમાવ્યું હતું. અલબત્તા તેની પછવાડે કોઇ સલાહકાર હોવો જોઇયે, એમ તુરતજ જણાઇ આવતું હતું. જમસુએ શેકસપીઅરના જાણીતા નાટકોના થોડાક 'રીસાઇટ' કરવા લાયક નાટકના ફકરા એકદમ મોહડે કીધા, અને ત્યારપછી તે મુંબઇમાંથી થોડાક વરસ સુધી અલોપ થઇ ગયો હતો! તેના દોસ્તો સમજ્યા કે કોઇ નાટક ટોળીમાં રોકાઇ ગયો હશે.

જમસુ આલબ્લેસ બાગમાં!

પણ સાહેબને કહું, કે એક દહાડો સામી સાંજના પાંચ—૭ ને સુમારે, એક પારસીને પોતાના ડગલાની ઉપર, અરધો ડજન મોટા અને નાહના ચાંદ લટકાવી, આલબ્લેસ બાગમાં ગયેલી લગનની મીજબાનવાલા કમપાઉંન્ડમાં, ધીમે ધીમે કદમે, હાથમાં એક ફાકડી લાકડી લઈ દાખલ થતો, મેં જોયો. લાંબે વખતે જોયલો હોવાથી, અને 'ડાન—કવીઝોટ' જેવા પોતે પોતાના ડરેસમાં કરેલા ફેરફારથી, હું તેને સાબુત ઓળખી સકયો નહી. મગર તે જમસુ મનીજેહ હતો, એમ મેં તુરતજ નજદીકથી જોતાં પીછાન્યો.

ખબરદાર, તમોએ એમ હરગીજ માની કે સમજી લેવું નહી, કે જમસુ ઓલબલેસ બાગમાં ખાવા માટે વગર ઇજને આવેલો હતો! ત્યાં કોઇ તેનું પીછાનવાળું હતું નહી, પણ કોઇબી નવા કે જુના પીછાનવાલાને શોધવા તે ત્યાં આવેલો હતો. જમશેદ મારો મીત્ર થતો હતો. મને જોઇને તે એકદમ ઠંમ થઇ ગયો! અને મને જોતાંજ તે બોલ્યો! "ઓ! ધન! હું તુંનેજ શોધું છ!"

"જમશેદ, તુને કોણે જણાવ્યું કે હું આલબલેસ બાગમાં તુને મળીશ" મેં લગાર અજબ થઇ પુછ્યું. "ને આએ શું ઢોંગ? આએ ડગલા ઉપર ચાંદ લટકાવી શાનો ફરેછ? કેમ બબ્બા, સમજયું કે કેમ?"

"નહી ડીયર, ચસકયું નથી. જમસુએ જવાબ દીધો. "જોની, આજે કેટલુંક થયું મેં શેકસપીઅરના રેસીટેશન કરવાનું શરૂ કીધું છે! હેમ્લેટ, રોમીઓ–જુલીઅત, જુલીઅસ સીઝર વીગેરે શેકસપીઅરના ઇંગ્રેજી નાટકોના મુશ્કીલ ભાગો હું 'રીસાઇટ' કરૂં છું! મેં કલકતાના આગેવાન ઇંગ્રેજ અમલદારોની, ગવરમેન્ટ હાઉસમાં વાઇસરોયના સેક્રેટરીની, કમીશનરો અને કમાનડર–ઇન–ચીફ વીગેરેની રૂબરૂ 'રીસાઇટ' કરી, તેઓની પાસે મારી કાબેલીઅતના બાબમાં 'સરટીફીકેટો' લીધા છે." એમ બોલતાંજ જમસુએ ખીસામાંથી એક નાહની જેવી નોંધ બુક કાહડી, તેમાં દાખલ કરેલી સરટીફીકેટો દેખાડવા લાગ્યો. હવે મેં નાટક કરવાનો ધંધો મુકી દીધો છે, અને આજ વરસો થયાં એજ કામ ઉપર લાગેલો છઉં. કોઇબી ઠેકાણે રીસાઇટ કરવા માટે, મેં મારી ફી મુકરર કીધી છે. વળી ગરીબ તેમજ તવંગરોને મારાં રેસીટેશન સાંભળવાનું માન મળે, એવી નેમથી મારી ફી સહડઉતર રાખી છે. મને સર ફીરોઝશાની ચેંબરમાં તેવણે બોલાવ્યો હતો, અને મેં મારૂં જુલીઅસ સીઝરનું રેસીટેશન તેવણને સંભળાવ્યું હતું, ને તેવણે મને સરટીફીકેટ પણ આપી છે. આજે લગનનો કરનાર ધણી જો મને કાંઇ માન આપે તો—"

પણ હવે જમસુની વાત ઝાઝી લંબાવવી ફુઝુલ છે. તેને એકવાર કુદરતે પાછો સજીવન કરી સીધે રસ્તે જવા ફરમાવ્યું, પણ તેના ભેજાંમાં પાછો ગરૂર ભરાયો! અને તે પાછો આડો ફાટો! તે પોતાને મોટા મોટા ઇંગ્રેજી એકટરોની બરોબરીઓ સમજી, તે લોકોને ભાંડવા લાગ્યો! નાટકના માલેકોને શીકાયત કરવા લાગ્યો, અને પાછું જરા મોહને પીપીઉ લાગ્યું, એટલે જમસુ પોતાની પાછી મેળવેલી કીરતી જાળવી શકયો નહી, અને અંતે એક દાહડો પોતાના દુખ અને દરદને વશ થઇ, પોતાની કબ્રને શરણ થયો હતો.

(૭૮)

મેહરબાનો, ચહડતી ઉપરથી પડતી ઉપર આવી પડવાનો એક બીજો દાખલો હું જે દેખાડવા માગું છું, તે મુંબઈમાં જાણીતી ઈટાલીઅન મેલ સ્ટીમર કંપની, જે રૂબેટીનો સ્ટીમ નેવીગેશન કંપનીને નામે આશકાર થઈ હતી, તે કંપનીનો આ પારસી દારાશા સોરાબજી તારાપોરવાલા એક આગેવાન, ધુંધી જાને ફરતો ફારવતો મેનેજર હતો. અલબત્તા દારાશાને એ ઓધ્ધો કંઈ શરૂઆતથીજ મળ્યો નહી હતો, પણ ધીમે ધીમે આગળ વધીને, એ મેનેજરના ઓધ્ધા ઉપર મરહુમ આવ્યો હતો.

મરહુમ દારાશા સોરાબજી તારાપોરવાલા.



બેજન મનીજેહમા અફરાસીઆબનો પાર્ટ કરી, છેવટ સુધી તે નામની કીરતી જાળવી રાખનાર ખેલાડી.

જ્યારે વીકટોરીયા કલબની રીહરસલ ધોબીતળાવ ઉપર ચાલતી હતી, ત્યારે આ દારાશા લુહારચાલ સ્ટ્રીટમાં આવેલી પોતાની કુટુંબી મીલકતમાં રહેતો હતો. પણ જેમ હંમેશા બને છે તેમ, માણસ માત્ર પોતાના લાભને જોવા આગળ અને આગળ વધે છે તેમ, આ ચટપટીઆ ખવાસના પારસી ભાઈને વીકટોરીયા કલબમાં એકજ ઠેકાણે ઠર પડી રહેવા ગમ્યું નહી, અને કોઈબી રીતે નાટકમાં આગળ વધવાની તેણે તજવીજ કરવા માંડી.

રૂસ્તમ અને સુફેદ દેવનો નાટક.

લોહાર ચાલ ઓટવાલા મકાનમાં મોડી રાતવેર જાગરણ કરી, દારાશાહે ફીરદોસી તુસીના શાહનામા ઉપર નજર દોડાવી હતી. જમાનાના તે કાળમાં શાહનામાનો ગુજરાતી તરજુમો એકબી સીલસીલાબંધ લખાયો કે છપાયો નહી હતો. પણ મરહુમ મરઝબાનજીએ છપાવેલાં એક નાહના શાહનામા ઉપરથી, દારાશા તારાપોરે રૂસતમ અને સુફેદ દેવના દાસતાનને આધારે, એક નાટક લખી કહાડયો હતો. એ નાટક મરહુમ દાદી પટેલ જ્યારે વીકટોરીયા કલબને પેહલવેહલી દખન હયદરાબાદની બીકટ મુસાફરીએ લઈ ગયા હતા, ત્યારે પોતાની પાછળ, મુંબઈમાં મુકી ગયલા એક નાહના પણ જોરાવર 'સ્ટાફ'ને સ્ટેજ કરવા સપુરદ કીધો હતો. એ નાટકનું દામ તે વખતે લખાતા નાટકોની કીંમતના પ્રમાણમાં દારાશાને જો કે મલ્યું હતું, પણ તે નાટક મુંબઈમાં કોઈ કાળે ચાહ્યો નહી હતો. જો કે સઘળા ધરખમ ખેલાડીઓ ઉપરાંત, મરહુમ દારાશાહે પોતાના ખેલને દીપાવવા અને લોકપ્રીય થઈ પડે એવો બનાવવાની નેમથી, પોતે સુફેદ દેવનો ભાગ ભજવ્યો હતો. કાવસજી ગુરગીન, હોરમસજી કાકા વાલ ફરામજી, ગુસતાદજી ખુરશેદજી મીનોચેહરજી જોશી, ડોસાભાઈ ગોદરેજ, વીગેરે ખેલાડીઓ ઉપરાંત, મરહુમ કાઉ રોદામે વીગેરે એકટરોની તેમાં શામેલગીરી હતી. આ સઘળા ખેલાડીઓ જો કે પેહલથી પંક્તીના હતા, અને ખેલને દીપાવવા અને ચેંચાણકારક બનાવવાની નેમથી, મરહુમ દાદી દલાલ ઉરફે દાદી મોટા ડોલાવાલાએ, પોતાની કારસાજીથી એક બીચીત્ર પ્રકારનું illusion સ્ટેજ કીધું હતું, જે પાદશાહ કાઉસ, જે પોતાની હેમાકાતથી માઝીનદરાનમાં પોતાના રસાલા સાથ, કેદમાં ગીરફતાર થઈ પડયો હતો, તેના સેવટના અંજામનું બનીસ જાણવા માટે ગોઠવ્યું હતું.

દાદી રતનજી દલાલ.



મુંબઈના સ્ટેજ ઉપર પહેલવહેલ્લુ 'ઇલ્યુઝન' દેખાડનાર પારસી.

છતાં તે ખેલે ઝાઝી લોકપ્રીયતા મેળવી નહી હતી. એ નીરાસી દારાશાને કોઇ જેવી તેવી નહી હતી. છતાં મરહુમ દાદી પટેલ સાથે થયેલા કરાર મુજબ એજ ખેલની એક બેનીફીટ નાઇટ દારાશાહને આપવાનું મુકરર થયું હતું, અને તે બેનીફીટ નાઇટનો મેળાવડો, જેમ બને તેમ ફતેહમંદ બનાવવાના હેતુથી દારાશાહે મેહનત અને જેહમત કરી, પોતાના લાગવગથી એક દમામદાર મેળાવડો જમાવ્યો હતો, અને તે ખેલની તમામ આવક મરહુમ દારાશાહે લીધી હતી.

દારાશા સ્ટેજ ઉપર!

એજન મનીજેહના નાટકમાં દારાશાહે અફ્રાસીઆબનો પાર્ટ કરી જબરી નામના મેળવી હતી. દારાશાનો અવાજ કેવો બુલંદ હશે, તે તેવણના અંતરે આપેલા ચીત્ર ઉપરથી વાંચનાર કલપી શકશે. ખચીત, દારાશાહને અફ્રાસીઆબનો પાર્ટ કરતાં સાંભળવો, એ મારે મન એક treat હતી!

અરે! તે દીવસો સ્વપના સમ થઇ ગયા! એક દાદી કરાશસ્ટને જમશેદનો પાર્ટ કરતાં સ્ટેજ ઉપર સાંભળવો! એક ધનજી સોહલાને જમશેદમાં કાકુલનો પાર્ટ કરતાં જોવો! પેસુ આવાંનને દાદે દરીઆવમાં ગાયન કરતાં સાંભળવો, એના જેવી મોજ હવે સ્વપનેજ ગઇ.

દારાશાહની ચહડતી પડતી!

કોઇક મતફેરી હોય કે શું, તેથી દારાશા અંતે વીક્ટોરીઆ કલબ છોડી ગયો! સુંના જેવી ફ્રેમેલીનો કમ્પનીની નોકરી ઉપરાંત, દારાશાને ધણીનો લોભ લાગ્યો, અને તેણે એક જુદી નવી કલબ કાહડી હતી. તે કલબનું નામ

ધી ખોજા દ્રામેટીક કલબ

રાખ્યું હતું. તેમાં તેણે જો કે પારસી એક્ટરો રોકયા હતા, પણ તેની નાણાં સંબંધી જોખમદારી બીજા ખોજા ગ્રહસ્થો ઉપર હતી. એ ખોજા કલબ માટે મરહુમ દારાશાહે એક બીજો ઇરાની ખેલ લખ્યો હતો. એ ખેલનું નામ મરહુમે

કયેકાઉસ અને સઉદાબા.

આપ્યું હતું. શાહનામાનો આ કીસ્સો ઘણોજ ચેંગાણુકારક હતો, પણ દારાશાને એ ખેલમાં સોદાબાનો પાર્ટ કરનાર કોઇ ખેલાડી શોધ્યો જડયો નહી! દારાશાહે ઘણી તજવીજ કીધી! જો બને તો ખોજા કોમમાંથીજ કોઇ છોકરો મેળવી, તેને કેળવવો. પણ તેમાંથી દારાશા નીસ્ફળ નીવડયો હતો. અંતે એક દાહડો રાત્રે, ગ્રાંટરોડ ઉપર લડન હોટેલ આગળથી પસાર થતાં, દારાશાને કાઉ ખટાઉ આગણુય મળી ગયો, અને તેજ વખતે દારાશાહે તેને પકડી પાડી, પોતાની મુશ્કેલીનું સેવટ લાવી દીધું. દાસીબે કર્યાસ, કાવસજી ખટાઉ કયેકાઉસ અને સોદાબેના ખેલમાં સોદાબેનો પાર્ટ કરવા

ધી બોમ્બે ડ્રેમેટીક ક્લબની સ્ટેજ ઉપર ઉતર્યો હતો. પણ આદમીનું ધારેલું કદીબી પાર પડતું નથી. દારાશાહે આ બોમ્બે ડ્રામેટીક ક્લબ ઉપર ઘણી આશા બાંધેલી, પણ તે સઘળી આશાનો નાશ થયો. ક્યેરાઉસ સોદાબાના ખેલ પછી, કાંઈ ખટાઉ થીએટ્રીક નાટક પોતાનો પાટ જબ્બરી 'ટીરી' ગયો અને દારાશા ઘણોજ નીરાશ થઈ ગયો.

ત્યુરીનની લોટરી!

હજી દારાશા રૂબેતીનો સ્ટીમ નેવીગેશન કંપનીમાંજ હતો. જ્યાં સુધી એ રૂબેતીનો કંપનીમાં હતો, ત્યાં સુધી એને જાહેરમાં માન પણ ઠીક હતું. એ રૂબેતીનો કંપનીના જોર ઉપર મુલાકાત બની, દારાશાહે થોડાક હજાર રૂપીઆ મુંબઈમાંથી કુટી કાહડવાની એક યોજના રચી હતી! દારાશાહે ત્યુરીનની લોટરીના નામે, એક લોટરી મુંબઈમાં કાહડી હતી. તેની ટીકીટ ખરીદનારને ઇનામમાં મોટી મોટી રકમના ઇનામો આપવાનું જણાવ્યું હતું. દાખલા તરીકે પીઆનો, આરગન, સોફા, ખુરસી, ઘોડા, ગાડી વીગેરે ઇનામો આપવાનું છાપામાં, તેમજ ટીકીટોની પછવાડે જણાવ્યું હતું. આ ટીકીટો રૂબેટીનો સ્ટીમરની ઓફીસમાંથી મળશે, અને તે દારાશા તારાપોર પોતે તેનો વહીવટ કરશે, કેમકે એ ટીકીટોના વેચાણથી ઉપજતી રકમ, ટ્યુરીનમાં ભરાનારા એક્ઝીબીશનની સહાયતા માટે મોકલી હતી, વગેરે.

આવી જાહેરાત, અને વળી રૂબેટીનો કંપનીની ઓફીસનું ઠેકાણું, ઉપરાંત દારાશા તારાપોરવાળા જેવા એક ઓફીસરની રેહબરી વીગેરી જાણી, એ લોટરીની હજારો ટીકીટો પારસી, હીંદુ તેમજ મુસલમાનોએ ચપોચપ ઉંચકી લીધી હતી. ટીકીટો વેચાઈ ગઈ, અને તેના નંબરોને લાગેલાં ઇનામો પણ જાહેર થયાં હતાં. ફલાના નંબરને પીઆનો, ફલાનાને આરગન અને ફલાનાને સોફા, એવાં મોટાં અને મોંઘાં ઇનામોનું એક લાંબુ લીસ્ટ પણ પ્રગટ થયું હતું! આ ઇનામો લેવા ટીકીટ ખરીદનારાઓ રોજબરોજ તેહકીક કરવા લાગ્યા, અને દારાશા તારાપોરવાલાએ તે લોકને અનેક વાયદા આપ્યા પછી, અંતે એક દહાડો ઇનામો મેળવનારાઓને, પોતપોતાના ઇનામો આવીને લઈ જવું એમ જાહેર કીધું.

ઇનામોની વહેંચણી.

મોટાં મોટાં કીંમતી ઇનામો લેવાની આશામાં, ઘણાક ટીકીટ ખરીદનારાઓ રૂબેટીનો કંપનીની ઓફીસમાં દારાશા તારાપોરવાળા પાસે ગયા. દારાશાએ ઓફીસની સામેનો એક મોટો હોલ, જે ખાલી હતો, ત્યાં તરેહવાર ઉંચી નીચી ટેબલો, અને ફરતી અભરાઈઓ ઉપર નાહનાં મોટાં રમકડાંનું એક મંજાવર એક્ઝીબીશન ભરાડેલું, અને તે દર એકની ઉપર એક એક નંબર બાંધેલું જણાયું. વળી બે ત્રણ પારસી જવાનોને ટીકીટોના નંબર પ્રમાણે ઇનામો વેંહચી આપવા

ની તાકીદ કરી, દારાશાએ તે લોકને કામે લગાડી દીધેલા જણાયા હતા. ઓરડાનો દરવાજો મોટો હતો, છતા તેની ઉપર બે મજબુત લાકડાંના આડા કટેરા જડી લીધેલા હતા, અને દરવાજાની બહાર દારાશાહે એક ઇંગ્રેજ પોલીસ કોન્સટેબલને ખુરસી આપી બેસાડી દીધેલો હોઇ, સઘળાઓ જેઓ ઇનામ લેવા આવ્યા હતા, તેઓ જરા દબકી ગયા હતા. ટીકીટ ખરીદનાર જો કાંઇ બડબડ કરે, તો તે લોકને પોલીસ નીચે જઇ મી૰ દારાશાહને મળવા કેહતો, અને નીચે જઇ દારાશાહને મળવા માગે તો માણસે કેહતાં કે 'આજ મેલકા દીન હય—સાહાબ બોત કામમે હયે.'

આ ખબર સાંભળી લોકો ઘણાજ ઉશ્કેરાઇ ગયાં હતાં, અને તેઓ બડબડ કરી તરેહવાર ટીકાઓ કરી, અંતે જે મળ્યું તે લઇ રૂખસદ થયાં હતાં. "પણ મારા સાહેબ વાંચાની ટીકીટની પછવાડે શું છાપ્યું છ તે." એના જવાબમાં એક શેઠીઆએ જવાબ દીધો, "શું વાંચે શું, એનું કપાલ! ટીકીટની પછવાડે તો બધું ઇટાલીઅન ભાષામાં છાપેલું છે તે જુવોની"

આ સઘળાનો નક્કી નીવેડો અને સેવટ એ આવ્યું, કે આ રમકડાં જે ઘણા મોહક હતાં, અને જે ઇટાલીઅન બનાવટના અને મોટાં કદના હતાં, તે લઇને ટીકીટ ખરીદનારાઓ સંતોષ પકડી બેઠા, અને દારાશા તારાપોરવાલાએ પોતાની 'પ્રેસ્ટીજ'ને જાહેરમાં ધોકો લગાડયો હતો. જાહેર છાપામાં પણ એ વીશે ચકચાર થયલી મને હજી યાદ છે. દારાશાની જીંદગીની એક બાજુ મેં ટાંકી છે, પણ બીજી બાજુ ઉપર કાંઇબી ટીકા કરવા હું ના પાડું છું.

જુના પારસી એકટરો નવા લેબાસમાં.

મરહુમ કાવસજી ખટાઉએ એવી ગણત્રી કરી હતી, કે અગર જો આગલા વરસના નામીચા પારસી એકટરોને પાછા ભેગા કરી, તેઓ પાસે પારસી સંસારી ખેલ કરાવ્યા હોય, તો કાંઇ ઠીક રંગ જમે. એવી ગણતી કરી જે જે જુના પારસી એકટરો કાઉ ખટાઉને મળ્યા, તેઓને તેણે ભેગા કીધા હતા.

ધ્યાન રાખજો મેહરબાન, હું ફક્ત દારાશા તારાપોરવાલાનાજ કામની નોંધ લેવા આ ફકરો લખું છું. ગેટી નાટકશાળામાં ખટાઉએ, જમનજી કાબરાજીનો લખેલો કોઇ પારસી સંસારી ખેલ, એ સાહેબો પાસે સ્ટેજ કરાવ્યો હતો. તેમાં દારાશાહનો પાર્ટ મુખ્ય હતો, પણ તે એવો તો નીષ્ફળ ગયો, કે દારાશાહે પોતાની આગલી કીરતીની ધુળધાણી કરી નાખી હતી. દારાશા પોતે તે સારી કની સમજી ગયો, અને ફરીથી સ્ટેજ ઉપર પગ મુકવાનું તે ભુલી ગયો.

મુંબઇથી ઉઠાંગરી.

મરહુમ દારાશા એક સારો લેખક હતો. વળી ઇટાલીઅન ભાષા ઉપર તેને મોટો કાબુ હતો. તેણે થોડાંક પુસ્તકો લખી પ્રગટ કરેલાં મને યાદ છે, જે માટે હું લખી ગયો છું. સ્ટેજ ઉપર નીષ્ફળતા મળ્યા પછી, દારાશાહ હું ધારૂં છું કે રંગુન યા સીંગાપોર તરફ નીકળી ગયો હતો. જણાવવામાં આવે છે, કે ત્યાં મરહુમે Bakery નો ધંધો ચાલુ કીધો હતો. પણ કજા કોઇને છોડતી નથી, અને એક વખતનો આ સ્ટેજની ધુજાવનારો 'આફતાબીઆબ' સેવટે પોતાની કજાને વશ થઇ, મુંબઇની પારસી જનરલ હોસ્પીટાલમાં ગુજર પામ્યો હતો.*

---

* અગર જો મારી આગલી, નોંધમાં મેં લખ્યું હોય, કે મરહુમ રંગુન કે સીંગાપોરમાં મરણ પામ્યો હતો, તો તે સુધારવાની ખાતરે જરૂર છે. મરહુમના દીકરા કહે છે કે મરહુમ મરણતોલ હાલતમાં મુંબઇમા આવી પા. જ. હોસ્પીટાલમાં મરણ પામ્યા હતા.

[૭૯—૮૦]

ચાલો મેહરબાન, અત્યાર સુધી તો નામાંકીત પારસી એકટરોની બાબદના કીસ્સા, આ તવારીખી કીતાબમાં રજુ કીધા હતા, હવે નાહના નાહના એકટરોની ઉપર ટપકેની નોંધવા જોગ વાદી, હું નોંધી લઇ આગળ ચાલીશ. ગભરાશો ના બીરાદર, હવે આપણને ઘણે છેટે જવું નથી.

નશરવાનજી પ્રોમ્પટર (Prompter) ની વાત શરૂ કરવા આગમચ, હું જે છે તે ખરૂં કેહું છું, કે એ ભાઇના બાપનું નામ મને બીલકુલ ખબર નથી, વીકટોરીયા, અને તે પછી ઓરીજીનલ વીકટોરીયા, બંને કલબમાં, એટલુંજ નહી, પણ બીજી સઘળી કલબોમાં, એ ભાઇને તેની પીઠ પાછળ

નસલુ પ્રોમ્પટર

ને બાડકે નામે સહુકોઇ બોલાવતા હતા, પણ મોહડાં ઉપર તો તેને નશરવાનજી કરી કેહતા હતા. કેમકે કલબમાં તેને બીજા સઘળા એકટરો ઉપર સેહજ સરફરાજી મળેલી હતી, સબબ તેના હાથમાં 'પ્લેબુક' આપી હતી, એટલે તે 'આસીસટન્ટ ડીરેકટર થઇ ગયો હતો. ડીરેકટરની ગેરહાજરીમાં નશરવાનજી ડીરેકટર તરીકે કામ ચલાવતો હતો, અને દરેક જન, તેના સખુન તેમજ કેહણને માન આપી ચાલતા હતા.

નશરવાનજી પ્રોમ્પટર, કોઇ અનપડ કે બીનકેળવાયલો જવાન નહી હતો. તેણે મેટ્રીકયુલેશન સુધી અભ્યાસ કીધો હતો.

કલબના માલેક દાદી પટેલ મોટે ભાગે, આ 'એડયુકેટેડ' એકટર સાથ અંગ્રેજીમાંજ વાતચીત કરતા હતા. વળી પ્રોમ્પટીંગનું જોખમ ભરેલું કામ, એ નસ્લુનાજ હાથમાં આવ્યું હતું, અને તે ઉપરાંત ડરેસીંગ, અને સ્ટેજ પણ નસલુજ મેનીજ કરતો હતો.

નશરવાનજી પ્રોમ્પટર!



નસલુ પ્રોમ્પટર!

કલબની તરફથી કોઇની ઉપર કાગળ પતર લખવું હોય, કલબની બહારગામની મુસાફરી માટે રેલવે કંપનીના એજંટો સાથ ખતપતર ચલાવવા હોય, તો તે સઘળું કામ નસલુ પ્રોમ્પટર કરતો હતો, કેમકે નસલુ કરતાં વધારે કાબેલ કલબમાં બીજો કોઇ ખેલાડી હતો નહી.

પતલા કાનો, માથે ભરાવદાર બાલવાળો, સામળા રંગનો, મુલાએમ અવાજવાળો, ગાયન ગાઇ શકે તેવો, મરદ તેમજ સ્ત્રીના પાર્ટ જરૂર પડે તો કરે તેવો, નસલુ હતો. એના ગુજરાતી તેમજ ઇંગ્રેજી હરફ ઘણાજ ફાંકડા હતા, એટલે દાદી પટેલે એ બીચારાને માથે એવડી ફરજ નાંખી હતી! આ એવડી ફરજ તે એ હતી, કે જરૂર પડે ત્યારે ઇંગ્રેજીમાં ખતર પતર કરવાં, અને નવા નાટકો Fair કરવાની હતી. નસલુ બેહદ ઉમંગી એકટર હતો. પ્રોમ્પટીંગના પોતાના કામ ઉપરાંત નસલુ સ્ટેજ મનીજ પણ કરતો હતો. તે બરોબર સમજતો હતો, કે સ્ટેજના કામમાં અગર જો સહેજબી ખામી રહે, તો કલબના મેનેજમેન્ટને ઘણુંજ ખરાબ લાગે. એવા પોતાની ફરજના ખ્યાલથી, આ ઉમંગી ખેલાડી પોતાની ફરજો ઉપરાંતબી એ કામ વધારે કરવા જરાબી અચકાતો નહી હતો. આવી તેની તન તોડનારી મહેનત, અને કાળજીભરી ઇનતેજારીને લીધે દાદી પટેલનો તે માનીતો થઇ પડેલો હતો.

નસલુની ખરી હુન્નરમંદી!

સાહેબને કહું, કે નસલુ કાંઇ એવો ફરસ્ટ કલાસ કે સેકન્ડ કલાસ એકટર નહી હતો. તે કાંઇ ખાસ કુશળતા ધરાવતો નહી હતો. પણ તેની ખરી કુશળતા તેના પ્રોમટીંગની હુન્નરમંદીમાં સમાયલી હતી. વીકટોરીયા તેમજ ઓરીજીનલ વીકટોરીયામાં મોટા પાર્ટ કરનારા નામી ખેલાડીઓ, આ નસલુ પ્રોમટર તરફ હંમેશ માનની નજરથી એટલાજ માટે જોતા હતા, કે પ્રોમ્પટીંગનું તેનું કામ ઘણુંજ તારીફ લાયક હતું. ઘણીવાર તેણે સ્ટેજ ઉપર ચાલતા કામનો બગડી જતો મામલો, પ્રોમટીંગ સાવખતે આપી, બીલકુલ સુધારી નાખ્યો હતો. ઘણીવાર કલબના આગેવાન ખેલાડી, અને નસલુ ઝનુની મીજાજના માલેકની છટકી ગયલી કમાનને, સાવખતે પોતાના પ્રોમ્પટીંગથી સુધારી લેતો હતો. પ્રોમ્પટીંગ કરવાની નસલુની હુન્નરમંદી કાંઇક જુદીજ કીસમની હતી. આજકાલના સ્ટેજ ઉપર ચાલી રહેલું પ્રોમ્પટીંગ, ખેહરાઓને સંભળાય એવી રીતે નસલુ કરતો નહી હતો. નસલુનું પ્રોમ્પટીંગ એવી તો સફાઇ અને સુંદર રીતે થતું હતું, કે સ્ટેજ ઉપર તેની પડોસમાં ઉભા રહેલા તેના મીત્રો વટીક સાંભળી શકતા નહી હતા! એવી તેની કુશળતા માટે મરહુમ દાદી ઠુંઠી, તેમજ દાદી પટેલ જેવા કડક સ્વભાવના માલેકોએ, સીફારસના ઉદગાર નસલુની પીઠ પાછળ કહાડેલા મેં સાંભળ્યા હતા.

એક સ્ત્રી ખેલાડી તરીકે નસલુ કાંઇ બીલકુલ નકામો નહી હતો. ધ્યાન રાખવું કે, તેને માથે પડેલી પ્રોમટીંગની જોખમભરી ફરજોને લીધે, સ્ત્રીના કે મરદના મોટા પાર્ટ આપવાની, કલબના માલેકો, હંમેશા આનાકાની કરતા હતા, કેમકે નસલુ વગર

પ્રોમટીંગ કરી શકે, એવો એકબી ખેલાડી, દાદી પટેલને વીકટોરીયા કલબના તે વખતના એકટરોના બાકબા ટોળામાંથી મળી શકયો નહી હતો. છતાં નસલુને ઘુઘા છવાયા તેને બાયકના પાટ મળતા હતા.

ગુલબા સનોબર નાટક.

ગુલબા સનોબર નાટકમાં નસલુને એક દેહકાંની સ્ત્રીનો પાર્ટ મલ્યો હતો. તેણીનો ખાવીંદ એક બેવકુફ દેહકાંની હતો. તેની સ્ત્રીનું નામ બાલા હતું. આ દેહકાંની સ્ત્રી, પોતાના પાળેલાં મરઘાં, બટકાંને તેમના નામથી બોલાવી, પોતાની આસપાસ ભેગાં કરતી હતી. આવી રીતે પોતાના પાળેલાં મરઘાં બટકાંને બાલા તેમના નામથી પોતાની પાસે બોલાવી, પોતાના શરીરના જુદા જુદા ભાગો ઉપર બેસાડી, તેઓ સાથ ખેલ કરતી હતી. તાજુબ જેવું તો એ હતું, કે આ મરઘાં બટકાં સાથ, નસલુએ એકબી દીવસ, સ્ટેજ ઉપર રીહરસલ કીધું નહી હતું, અને નાટકને દહાડે રાત્રે, આ બે મુરઘીઓ તે પોતાને ત્યાંથી લાવ્યો હતો, અને તેઓની સાથેજ તે સ્ટેજ ઉપર દાખલ થયો હતો. માલમ પડ્યું હતું, કે નસલુએ આ મરઘીઓને પોતાના રહેવાના ઘરમાં રાખી, તેઓને ખવાડી-પાઇને પોતે 'પ્રેકટીસ' કરી હતી, અને તેની તે પ્રેકટીસ ફતેહમંદ નીવડી હતી. નસલુની ઉલટ અને ઉમંગના એવા અનેક દાખલા જડે એમ છે. પણ એનો ખાસ હુન્નર તો prompting નો હતો, અને સમજદારોજ તેની કદર બુજતા હતા.

[૮૦]

નસલુ પ્રોમ્પટર પછી, હવે વીકટોરીયા કલબના એક બીજા અમલના ખેલાડીની ટુંકમાં નોંધ લઇ, આજનો આ લેખ ખતમ કરીશ.

મરહુમ પેસ્તનજી રૂસ્તમજી બાલી.

સાધારણ રીતે પેસુ બાલીને નામે ઓળખાયલો આ ખેલાડી, જો પોતાની આદતોને સીધ્ધે અને સરલ રીતે સાચવી રાખી હતે, તો બેશક એ એક નામી પારસી ખેલાડી નીકળતે. પણ કમનસીબે તેમ બન્યું નથી.

પેસુ બાલી સ્વભાવે કોઇબી રીતે આકારો પડે તેવો એકટર નહી હતો. મરહુમ ફરદુન દાદરસ (સંજાંના), જ્યારે પેલો ચોરાઇ ગયેલો જાણીતો નાટક, ઘસાયેલાના બચનમાં વઘનનું ઓલબરટ નાટક કલબમાં રીહરસલ ચલાવતો હતો, ત્યારે મેં તે કલબમાં પેસુ બાલીને તેની જવાનીના તોરમાં જોયો હતો. પેલો માકુ ઝેરીયો, આ પેસુ બાલીનું એકટીંગ રીહરસલમાં જોઇ દંગ થઇ ગયો હતો! હું પેસુ બાલીને તેની રીહરસલમાં

બોલતો સાંભળી, બીલકુલ પસ્તાંહીજ થયો હતો! તેની બે-ચાર લાઇનો હજી મને યાદ રહી ગઇ છે, જે લાઇનો વખતે પેસુ લાલીએ બતાવેલા હાવભાવ હું હજી યાદ કરૂં છું:-

"જુઠું ફેલાવી બાઇરનનું મરન,
સઘળે ઠેકાણે નાખી છે. જુઠી સાહેતમ.
ફસામેલાને કાહડી મુકી છે ઘરમાંથી બહાર,
વીલશેય પરણે, તો બંને થાય ખુવાર."

પેસુ લાલી આ લાઇનો બોલીને ચાલી ગયો, અને તેને સુધારવાનું કે રોકવા ટોકવાનું કોઇને સુઝ પડયું નહી હતું. એવો ઠસકાવાળો, અને ભરેલા બાગવાળો, અને ઇન્ડીઅન કલબે કરેલા પ્રખ્યાત નાના-સાહેબના નાટકમાં પાટ કરી વખણાઇ ગયેલો પેસુ લાલી, આલબરટ કલબમાં જુદો પડયો હતો!

ઇંયાથી જુદા પડયા પછી પેસુ, મેં વીકટોરીયા કલબના થતા ફારસોમાં, ઘણાંક વરસોની મુદત બાદ વાણીઆના પાર્ટ કરતાં મેં અચાનક જોયો હતો! ધ્યાન રાખજો સાહેબો, કે એ વખતે નાટક તેની અધમ હાલતમાં સબડતો હતો. વાણીઆના પાર્ટ કરવા માટે તો મરહુમ


હોરમજી કાકાવાલ, અને માણેકજી મોરીનેસની

જોડીએ, મોયા તે વખતે જનમ લીધો હતો, એમ લખું તો ચાલે! એટલે કાકાવાલ વાણીઆ થતા હતા, અને મરહુમ માણેકજી મોરીનેસ, તેવણની બાલી બનતા હતા. પીયાં તો મેં પેસુ લાલી અને કાઉ શેદાબેની જોડી જોઇ? ખબર કાહડતાં જણાયું હતું, વીકટોરીઆના આગલા માલેકોએ પોતાનો સંબંધ છોડી દીધો હતો, એટલે કાકાવાલનો તે વારસો પેસુ લાલીને મલ્યો હતો.

પેસુ લાલી—'નાથ વગરનો બળદીઓ!'

પેસુ લાલીની નાટકી જીંદગી કાંઇ એવી વખાણવાલાયક નીવડી નહી હતી, કે તેની નોંધ લેવાની લાલચ થાય! છતાં તેને માટે લખવાની જે ફરજ પડે છે, તે તેને હાંસલ કીધેલી બડી હતી. વીકટોરીયા કલબનો ઠાઠો પાછલા સાલોમાં જેમ જેમ બગડતો ગયો, તેમ તેમ તેની આગલી 'ડીસીપ્લીન' રહી નહી. કલબે દેસ પરદેસ મુસાફરી કરવા માંડી, અને પેસુ લાલી કલબની તે હાલત પ્રસંગે, નાથ વગરના બળદીઆ જેવો થઇ પડયો હતો! કોઇ કેહતું કે પેસુની બાઇડી મરી ગયાથી તેના ગમમાં તે ગીરફતાર થઇ પડયો હોય—અને પોતાનો ગમ ભુલાવવા, તેને દારૂનો લત લાગ્યો હોય! આ વાત ખરી હોય યા ખોટી, પણ પેસુ લાલી હદબાહર દારૂ પીતો હતો. સવારનો પોહોરમાં ઉઠતાંને વાર, ચાહે પીવાની આગમચ, તે દારૂનો એક મોટો ડોઝ પીતો હતો! ત્યારપછી દસ-અગીઆરને સમે, અને ત્યારપછી બપોરના બાર વાગે, અને એમ બબ્બે કલાકે તેને દારૂ પીધા વગર ચાલતુંજ નહી હતું. જો પઇસા મોજુદ હોય તો બ્રેન્ડી, અને તે ન હોય તો મામઠી દારૂ ઉપર તેને ગુજર કરવો પડતો હતો. દારૂની બાટલી તેના બીછાણા આગળ હંમેશ જોવામાં આવતી હતી.

મરહુમ પેસ્તનજી રૂસ્તમજી લાલી.



પેસુ લાલીને નામે જણાયલો નાટકી.

મરતાં બચેલો ખશરૂ બાલીવાલો.

પેસુ લાલી એક મજબુત બાંધાનો કસરતબાજ પારસી હતો. લાઠી ફેરવવામાં તે ઘણોજ કુશળ હતો. ગુલબા સનોબર નાટકમાં મરહુમ બાલીવાલા બહાદર ખીદમતગારનો રમુજી પાર્ટ કરતો હતો, ત્યારે આ પેસુ લાલી શાહજાદીના બાગનો દરબાન, એક પુરબઇયાના વેશમાં આવી તેને ત્યાંથી હાંકી કહાડવા જતાં, બંને વચ્ચે રમુજી તકરાર થતી હતી. એ તકરાર દરમીઆન પુરબઇયા દરબાન, પોતાના હાથ સાહેલો સોટો બહાદરના માથા ઉપર ફેરવી તેને હાંકી કહાડતો હતો! એ પ્રસંગે પેસુ લાલીએ ફેરવેલી લાઠી, એવી તો સીફતથી બાલીવાલાના માથા ઉપરથી નીકળી ગઇ હતી, કે જોનારાઓ તેથી ચકીત થઇ ગયાં હતાં! પણ મરહુમ બાલીવાલાનો તડખાટ એટલો બધો કાટીલ હતો, કે મરહુમે એવી રીતે લાઠી ફેરવવાની પેસુને સખત મનાઇ કરી હતી. અગર જો પેસુ લાલીની લાઠી, જે તેણે ફેરવી હતી, તે જો બાલીવાલાને સેહજબી લાગતે, તો બેશક તે બાલીવાલાના મોત જીવતનો સવાલ થઇ પડતે.

પેસુ લાલીનું મરણ.

એવા એક દારૂડીઆ ખેલાડીની ઉપર કોઇબી ભરૂસો રાખી શકાય એમ નહી હતું. પેસુને લાગુ પડેલો દારૂનો શોખ, વધતોજ ગયો. અને અંતે દારૂના લતમાં તેને દીવાનપણું લાગ્યું હતું. તે નાટકી નોકરી કરવાના કામમાંથી રદબાતલ થઇ ગયો હતો. તેની હોશ અને સુધ્ધી રહી નહી હતી. પેસુને અંતે એક હોસ્પીટલમાં રાખ્યો, હતો અને ત્યાંજ તેનું મોત તેને ઘસડી ગયું હતું.

(૮૧)

ડોસુ ધાભરે એક 'મશરૂમ કલબ,' વીકટોરીયા કલબના તે વખતના એખલા માલેક, મરહુમ દાદી પટેલ એમ. એ. ની સામે ચેલેંન્જ ફેંકી સ્થાપી હતી, તે જો કે ઝાઝી નીભી નહી હતી, પણ ડોસુ ધાભરની તે કલબે, તે વખતની તમામ આગેવાન કલબોની, એક યાદગાર સેવા બજાવી હતી, એમ કહેવું કાંઇબી ખોટું નથી. અને તે હું અત્રે દેખાડવાની તજવીજ કરૂં છું, કે ડોસુ ધાભરની તે ફરમાસુ કલબ,

ધી શાહે આલમ નાટક મંડળી

માં તે વખતે એવા કાકરી–ચીબડા જેમાં અજ્ઞાન અને ભોટ, નવજવાન પોરીયાઓને લાવી ભરેલા હતા, કે જેઓ તે વખતે તમાશબીન આલમનું જો કે સહેજબી ધ્યાન ખેંચતા નહી હતા, તેઓ પાછળથી નાટક તખતાની શોભા અને શણગાર સમાન થઇ પડયા હતા. જો કે ડોસુ ધાભરેબી તે વખતે એવી આશા નહી રાખી હશે, કે આ મારી કલબમાં આવી ખેલનારા પારસી ડુકતાઓ, પાછળથી આગેવાન કલબોમાં જઇ, આગેવાન ભાગ બજાવી બબ્બા જાહેરાત મેળવશે. હવે જુવો કે તેવા કોણ કોણ દાણા હતા, જે પાછળથી ઝળકી નીકળ્યા હતા.

હું ઇ૦ સ૦ ૧૮૭૫ અને ૧૮૭૬ ના સમાની વાત કરૂં છું. સઉથી પહેલો એકટર જે ધાભરની મજકુર કલબમાંથી કાંઇક નાટકનું ખરચુરણ લઇ બહાર પડયો, તે મરહુમ કાવસજી પાલનજી ખટાઉ હતો. જેના વીશે આ નોંધોના અનેક ઇશારા થયા છે. બીજો જે ખેલાડી એવીજ રીતે બહાર પડયો, તે 'જમસુ ગુલબાલા નામનો નવજવાન સ્ત્રીના પાર્ટ ભજવતો ખેલાડી હતો, જેણે પાછળથી મરહુમ બાટલીવાલાની વીકટોરીયા કલબમાં લાંબો વખત સુધી રેહી, પોતાની સેવા અર્પણ કરી હતી. મેહરબાનો ધ્યાન રાખી યાદ કરો, કે એ જમસુ ગુલબાલા, તેજ ખેલાડી હતો, કે જેણે ધાભરભાઇની કલબના પેલા બે ગજ લાંબા નામવાલા નાટકમાં આગેવાન ભાગ લીધો હતો, અને તેથી તેનું નામ, ખેલના 'ટાઇટલ'માં ધાભરભાઇએ સામેલ કીધું હતું.

"જાણુલી સેલમ—બફ્રુલાતુન જીન,
ગુલબાલા પરી—અને પાકદામન શીરીન."

પેસુ પોખરાજ.

આ ગુલબાલા પરી અને ખટાઉભાઇનો હીસાબ, મેં તમુને આપ્યો છે. હવે બાકી પાકદામન શીરીનને માટે મારે કાંઇ ઝાઝુ કેહવું પડે એમ નથી. એ પાકદામન શીરીન તે કોઇજ નહી, પણ પેસતનજી જીજીભાઇ બાટલીવાલા નામનો એક બહુ જવાન ઉમરનો છોકરો હતો. તે ધાભરની મજકુર કલબમાં અચણુમ એક દાહડે ચહડી આવ્યો, અને પોતે નાટક કરવાની મરજી દેખાડી, કલબમા સામેલ થવા ચાહયું.

ધાબરે પોતાની રીત પ્રમાણે પુછપરછ કરી તેને સામેલ કીધો, અને એ રીતે પેસુભાઇ કલબમાં આવતો જતો થયો હતો.

રીહરસલમાંથી પેસતનજીએ પોતાના હાવભાવ એવા તો દેખાડયા, કે કલબના બીજા એકટરો જોઇને ખુશ થયા, અને આ બચુકલા સુચા પેસુને બધા જન ઘણાજ વાહલથી ચાહી, પોતાની પાસે બેસાડવા લાગ્યા. પેસુના નાઝ અને નખરાં ઘણાજ દીલખુશ હતાં. તેના આખ્ખા શરીરમાં ગોયા હાડકાં જેવું ઘણું જુજ દેખાતું હતું. અને તેની કંમર અને ગરદન જાણે એક 'પેવીક' ઉપર ગોઠવેલાં હોય, એમ માલમ પડયું હતું! હાંસીલ કલામ, પેસુની ગરદનના લેહકાં અને ગરદનનો મરોડ, એવી રીતે જરૂર પડવે જવાબ દઇ કામ કરતાં હતાં, કે જોનારાઓના દીલ ખુશ ખુશ થતાં હતાં.

વલી પેસુની બધી બચપણની આ ખુબીઓ આ ઉપરાંત, જે એક ખુબી કુદરતે નવાજેશ કીધી હતી, તે તેના દીલખુશ અવાજની હતી, કે જેથી તે પોતાના સાંભળનારને રીજવી રાજી રાખી શકતો હતો. પણ એ સઘળી ખુબીઓ પોતામાં હતી, છતાં પેસુ તેથી જરાબી ગુમાની કે અભીમાની થતો નહી હતો. અગર જો કોઇ આ બચ્ચાં જેવા ત્રણ કે સાડાત્રણ ફુટના પેસુને બે બોલ કાચા પાકકા મશકરીમાં કહેતું, તો પેસુ તે હસીને હજમ કરી જતો હતો!

પેસુને આવેલી પાંખ!

પણ રફતે રફતે પેસુને હવે પાંખ આવવા લાગી. કોઇએ ફુંક મારી, કે કોઇ તેને ચઢાડી ગયું, તે હું જાણતો નથી. એક શતના નાટક તખતા ઉપર, વીકટોરીયા નાટક શાળામાં, પેસુને મેં ઇંદ્ર સભામાં પોખરાજ પરીનો પાર્ટ કરતાં જોયો! વળી તે ખેલમાં પેસુને રાજા ઇંદ્રની દરબારમાં, પુરતા હાવભાવ અને છટાથી મેં નાચતાંબી જોયો. હીયાં તેને પોતાની અદા અને નાઝ બતાવવાને પુરતો અવકાશ અને પુરતી છુટ મળી હતી. નાચતાં અને ગાતાં તેની કંમરના બળદાર ઝોંકા, તેની ત્રણે બાજુ રબરના રમકડાં મીસાલ ઘુંમતી ગરદન, અને આંખોના પલકારાથી તમાશબીન આલમ એટલી તો ખુશ બની ગઇ, કે તે દહાડેથી શું કલબની બહાર કે કલબની અંદર, ઓળખાણ પીછાનમાં, તેમજ દોસ્ત આશનાવોમાં, આ જીજીભાઇ બાટલીવાળાના દીકરાને, પેસુ પોખરાજને નામે સહુ કોઇ ઓળખવા લાગ્યા હતા. ધાબરની કલબના આ એકટરને કોણ ઉંચાકી ગયું! કોણે એના કાનમાં ફુંક મારી કે એ મશહુર કલબ મુકી કોઇ ધરખમ કલબમાં જા, કે તારૂં નસીબ ખીલે, અને તુંનેબી કાંઇ સારૂ સુઝે! પેસુએ તે અપસુગ્રક ટીકાનો એકદમ લાભ લઇ લીધો, અને પરીણામમાં તે પેસુ–પોખરાજ બની ગયો. જો કે ડોસુ ધાબરની પેલી ફૂરમાસુ કલબની હવે કાંઇબી હસ્તી જણાતી નહી હતી, પણ પોતાને ત્યાંના, પોતાના શીખવેલા એકટરો આવી રીતે ધરખમ કલબમાં ખીલી નીકળતા સાંભળી બેશક તે ઘણો ખુશી થતો હતો.

મહારાજા રામસીંહજીની નેક નજર, આ પોખરાજ પરી ઉપર બીનાઓ કરતાં

વધારે હતી. પણ પેસુ પોતાની કોઈક ખાસ મતલબમાં એવો તો ગત ભેદ રમતો હતો, કે જયપુરમાં જ્યારે વીક્ટોરીયા કલબના કેટલાક એક્ટરો રાજી રજાથી, બાલીવાળાની પરવાનગી મેળવી રેહી ગયા, ત્યારે આ પેસુ પોખરાજ જ્યાંનો ત્યાંજ રેહવામાં પોતાનું સુખ સમજવા લાગ્યો હતો.

વીક્ટોરીયા કલબમાં ધીમે ધીમે રેસુએ સ્ત્રીના પાર્ટ કરવાના બંધ કીધા, અને મોટે ભાગે તે મરદના ભાગોજ હવે ભજાવવા લાગ્યો, કેમકે હવે તેનું કદ કદાવર દેખાવા લાગ્યું, અને સ્ત્રીના પાર્ટ માટે શોભે તેવું પણ નહી હતું. મોહમુદશાહ ગઝનવીના નાટકમાં, પેસુએ વઝુલકમરના પાસબાન યકીનનો ભાગ એવી તો છટાદાર રીતે ભજવ્યો હતો, કે તેની અનેક ખામીઓ છતાં, તે ખીલી નીકળ્યો હતો. એ પછી પેસુ મોટે ભાગે વીક્ટોરીયા કલબમાં મરદનાજ પાર્ટ કરતો રેહ્યો હતો. બરમાની પેહલી સફર જે વીક્ટોરીયા કલબે કરી હતી, તે સફરમાં પેસુ–પોખરાજ પણ ગયો હતો, પણ કમનસીબે જ્યારે વીક્ટોરીયા કલબ વેલાતની સફરે પધારી હતી, ત્યારે આ બાહોશ ખેલાડી તેઓમાં સામેલ થયો નહી હતો. પેસુ જેવા એક્ટરને પડતો મુકી બાલીવાળા કેટલાક ઢંક એક્ટરોને વેલાત લઇ ગયો, તે જાણી બાલીવાળાના ઘણાક મીત્રો અજબ તેમજ દલગીર થયા હતા.

પેસુનું સુતેલું નસીબ જાગરૂત થયું.

વીક્ટોરીયા કલબ વેલાતની સફરે ગઇ. પેસુ કેવી રીતે પાછળ રેહી ગયો, તે વાત બાલીવાલા કે પેસુ જાણે. પણ પેસુ, એ તકનો લાભ લઇ ખેતરીના મહારાજાની નોકરીમાં તેવણના પરસનલ કમ્પેનીઅન તરીકે રોકાઇ ગયો, એ વાત તો બેશક ખરીજ હતી, મહારાજાનો અંગત વીશ્વાસ અને ચાહ, પેસુએ એટલો બધો તો સંપાદન કીધો હતો. કે મહારાજાની સાથે એક નહી પણ અનેકવાર પેસુ પોખરાજે ઇંગલંડની સફર કરી હતી. પરસનલ કમ્પેનીઅન તરીકે પેસુનો દરજ્જો અને દમામ કેવો વધી ગયો હતો, તેનો ખ્યાલ પેસુના મીલીટરી પેહરવેશ અને તેના રૂઆબદાર દમામથી જણાઇ આવતો હતો.

પેસુ પોખરાજ જો કે એક ગરીબ વર્ગમાંથી ઉપરી મોટો થયો હતો, છતાં તે જે હાલતે પુગ્યો હતો, તે આપબળથી હતો. તેને માટે કોઇએ ભરભલામણ કે સીફારસ કરી નહી હતી. છતાં તે આપબળથી આ દરજ્જે પુગ્યો હતો. પેસુએ કોઇ કોલેજની કે મોટી જાણવા જેવી કેળવણી લીધી નહી હતી, તોપણ તે સઘળાની નજરમાં ભલો થઇ રહેલો હતો. તે ઘણોજ હસમુખા સ્વભાવનો, અને મોજીલા ખવાસનો, ખાનારપીનાર દોસ્ત હતો. ૧૯૧૨ ના સાલમાં જ્યારે જયેપોરથી હું આગરા શહેર તાજમહાલ જોવા ગયો હતો, ત્યારે મે સેવોય હોટેલમાં ઉતરવાનું આગમચથી નક્કી કરી રાખેલું હતું. પણ તેજ દાહડે બપોર પછી એ મારો જુનો દોસ્ત પેસુ પોખરાજ મને અચાનક રસ્તા ઉપર મળી ગયો, ત્યારે અજબ

થઈ મારા ઉતારા માટે મને પુછવા લાગ્યો. મેં સેવોય હોટેલનું ઠેકાણું જણાવતાંજ તે હસી પડયો, અને જે કાંઇ મને કહેવાનું હતું તે કહી, પોતાને ત્યાં મને તેડી ગયો હતો. પણ ચાલો મેહેરબાન, એ વાત ઘણી લાંબી છે, એટલે મારે તે ટુંકી કરવીજ જોઇયે. પેસુ પોખરાજની દોસ્તીનો જેઓને અનુભવી હશે, તેઓજ તેની દીલદારીની કદર બુજતા હશે. નાટક મુકયા પછી, પેસુએ પરતાબગઢ રાજની નોકરી ઉંચકી લીધી હતી. ત્યાં તેને જરાબી દુખ કે મેહનત જેવું હતું નહી. પોતાના દીકરાઓને કેળવણી ઉધારી મોટા કીધા પછી, આગરા શહેરમાં તેઓને એક મોટરનું કારખાનું કહાડી આપાવ્યું હતું. મને જ્યારેબી તે મુંબઇ આવતાં જતાં મળતો, ત્યારે તે પોતાના heart ની ફરીયાદ કરતો હતો. મેં તે દુખ ભુલી જવાની સખત ભલામણ કરી હતી. પણ અંતે એક રોજ ઇ૦ સ૦ ૧૯૧૯ ના મે મહીના પેહલી તારીખે, સહવારના ૮) વાગ્યાને સુમારે પરતાબગઢ રાજમાં, રાજાના મેહેલમાં, કહે છે કે વાત કરતાં કરતાં Heart બંધ થતાંજ, તે ગુજર પામ્યો હતો. એ વખતે મરહુમની ઉમર ૫૮ વરસની હતી.

(૮૨)

દાદાભાઈ રતનજી ઠુંઠી એક born એક્ટર હતા. એવણની શરૂઆતની જીંદગીમાં એવણ એક સ્કુલ માસ્તર હતા. પણ નાટકની વળગણ તો જનમથીજ એવણને વળગેલી હતી. એ નાટકની વળગણ એવી તો ચીટકી બેઠી હતી, કે મરહુમની આખી જીંદગી એ નાટકનો ધંધામાંજ આટવાઈ ગઈ હતી.

'દાદી ક્રાઈસ્ટ' એ નામ કેમ પડયું !

હા સાહેબ, દાદાભાઈ ઠુંઠીનું નામ 'દાદી ક્રાઈસ્ટ' કેમ પડયું, તે જાણવું, તેમજ નોંધવું જરૂરનું છે. દાદાભાઈની કીસમતની તે કહાણી, જવાનીના દીવાનપણાની કહાણી છે. એ દીવાનગી, થોડાક વારની લાગુ પડેલી ક્રીશ્ચીઆનીતી તરફની ફીદાગીરીનું પરીણામ હતું. મેહરબાન ધ્યાન ધરી વાંચજો, કે દાદાભાઈને ક્રીશ્ચીઆનીતીની ગોળીની જે લાગી હતી, તે એવણને કંઈ એખલાનેજ નહી, પણ એવણની સાથે એવણના ૩–૪ જરથોસ્તી જવાન દોસ્તો, ક્રીશ્ચીઆનીતી તરફ ખેંચાઈ, વટલઈ જવાની નેમથી પોતાના ઘરમાંથી નીકળી ગયા હતા. પણ સારાં નસીબે અને સાવખતે, આ ફેરાવન મગજના પારસી ડુકરાઓને ગાડીમાં ઘાલી પાછા ઘેરે લાવવામાં આવ્યા હતા. એ ડુકરાઓના નામઠામ આ જગે જાહેર કરી, તેમના ઓલાદ-વારસોના દીલ રંજીદા કરવા હું ચાહતો નથી. સર દીનશાહ વાચ્છાએ લખેલા Shells from the Sands of Bombay માં એ બાબદનો ઇશારો કીધો છે. "...Dady Christ, the last name being given because at one time he had avowed Christianity as his religion, till brought back to the old path of his Zorastrian ancestors."

આ બનાવ બન્યા પછી, દાદી ઠુંઠી, 'દાદી ક્રાઇસ્ટ'ને નામે ઓળખાવા લાગ્યો.

એ વખતે ગ્રાંટરોડ ઉપર કુતરાં અરડાતાં હતાં !

એ વખતે ગ્રાંટરોડની હાલત નખોદતર જેવી હતી ! શંકરશેઠવાળાઓનું એક નાટકગ્રહ હતું ખરૂં, પણ પારસી નાટક ટોળીઓ તે વખતે નહી જેવી હસ્તીમાં હતી. આ ગ્રાંટરોડને ગજાવનાર, અને પારસી કોમના આગેવાન કુટુંબોને નાટકનો શોખ લગાડનાર પ્રખ્યાત દેવ કારસન નામનો એક આઈરીશમેન હતો. ખરૂં જોતાં તો ગ્રાંટરોડને તેની નીસ્તીમાંથી હસ્તીમાં લાવનાર એ દેવ કારસન હતો.

દેવ કારસનબી જુબોચુગો મુંબઈમાં જુબો પડયો હતો ! પણ શંકરશેઠની નાટકશાળામાં પોતાની હીકમતથી તે હજારો રૂપીઆ ઉંચકી ગયો, અને હઝારોને તેના નામની ગોળીની લાગી હતી ! એ દેવ કારસન એક પક્કો એક્ટર હતો. પોતાના તમાશબીનોને કેમ હસાવવા, તેની તેને પુરતી ખબરદારી હતી. પોતાના તમાશબીનોની ચટપટ જોઈને, તેણે પ્રખ્યાત રતી મેકગનો સ્કીટ સ્ટેજ કીધો હતો. મરહુમ કુંવરજી નાજર પાસે

તેણે રતી મેકમનું એક ઇંગ્રેજી નાચન જોડાવ્યું હતું, અને પોતાની મંડળી માંહેલી જાણીતી મડમ એબાટી પ્રેસ કારસી અને, પારસી ઇજારી બાનુ તરીકે, પારસી ડરેસમાં સ્ટેજ ઉપર ઉતારી હતી, અને પોતે એક ઇજારી પારસી જવાન બની રતી મડમ સાથ ઠીઠી ઠાઠા એવી તો સરસ રીતે તે કરતો હતો, કે તે જોઇ, તે વખતના આગેવાન પારસી કુટુંબો વટીક ખુશખુશ થઇ જતાં હતાં.

દાદાભાઇ રતનજી ઠુંઠી.



પાછળથી દાદી કાન્ટ્રાક્ટ—જવાનીના તોરમા.

પણ એ દેવ.કારસાનની વાતને જવા દેઓ. દેવ કારસાને ઓટરોડને ભજાવ્યું હતું, અને તે પછી બીજાઓએ તેને વગાડ્યું હતું. દાદી કરાક્ટરની પુરાણી કઠાનો આજે ખુલાસો થઇ ગયો છે. એ વખતના અરસામાં, થોડાક મંગલ ઝેનવાલ પારસીઓએ, ફરામજી ગુસ્તાદજીની રેહબરી અને માલેકી હેઠલ

ધી ઇનડીઅન થીએટરીકલ કલબ

નામની એક નાટક ટોલીએ, ઇ○ સ○ ૧૮૫૭ મા હીંદુસ્તાનમાં ચાલેલા બળવાનો ચીતાર આપતા, પ્રખ્યાત નાહના સાહેબનો નાટક સ્ટેજ કીધો હતો. આ નાટક કોણે લખ્યો હતો, તેની ખબર પડી નથી, પણ તેમાં

નાહના સાહેબ અને તાતીઆ ટોપી,

એ બંને જનોએ મળી કાનપોરમાં કરવા ધારેલા બળવાના ભયંકાર કાવતરાનો ચોખ્ખો ચીતાર દરશાવેલો હતો. એ નાટક ઇ○ સ○ ૧૮૬૮ ના સાલમાં, ઉપલી મંડલીએ ભજવ્યો હતો. એતેફાક એવો બન્યો કે દાદી કાન્ટ્રાક્ટ એજ વખતના અરસામાં, પોતાની વપારણોમાંથી મોકલો થઇ રહયો હતો, અને ફરામજી ગુસ્તાદજીની મજકુર ઇનડીઅન કલબમાંથી છુટો થઇ ગયો હતો, એટલે આ બંને જનોએ સાથે

મળી વળી એક નવો ઉલ્લાસ સાથે લીધો. મરહુમ કાવસજી કોઠીદારૂને દાદીએ પોતાની સાથે ધસડી, વીકટોરીયા કલબ ઉભી કીધી હતી, એ આગલ નોંધાઇ ગયું છે. એ વીકટોરીયા કલબે, બેજન અને મનીજેહ નાટક સ્ટેજ કીધા પછી, દાદીએ નવા ધરાની નાટકની ચળવળ ચાલુ કીધી હતી.

જમશેદ અને ઝોહાક નાટક.

હવે ધરાની નાટકનો પવન ગ્રાંટરોડ ઉપર જરા જરા ફુંકાવાની શરૂઆત થવા માંડી હતી. વીકટોરીયા થીએટર, ગ્રાંટરોડના નાકા ઉપર દર શનીવારે ધમધમી રેહતું હતું. બેજન અને મનીજેહનો નાટક ૧૦૦) વખત થયા પછી, નવો નાટક જમશેદ સ્ટેજ થવાની તઇયારીમાં આવ્યો હતો. જમશેદના નાટકે લોકોનું દીલ અજબ જેવી રીતે જીતી લીધું હતું. એ નાટકની મોહેની વળી લોકોને અજબ જેવી રીતે લાગી હતી. રશીકો હું લોકો કરીને લખું છું, ત્યારે તમો હીન્દુ, મુસલમીનોને સમજતા ના હો! તે વખતનો જમાનો એવો હતો, કે હીન્દુ-મુસલમીનો નાટક એટલે શું, તે સમજતાબી નહી હતા! એ નાટકો જોવા પારસી કોમનોજ મોટો ભાગ જતો હતો. વળી નાટક બઇરાંઓને દેખાડવા માટે, ખાસ ગોઠવણો થતી હતી. તે નાટકો માટે ખાસ જાહેર ખબરો છપાતી હતી. એખલાં બઇરાંઓને દાખલ કરવામાં આવતાં હતાં, તેમજ માટીડાઓને પોતાને ઘરના બઇરાંઓ સાથે દાખલ કરવામાં આવતા હતા. પણ એખલા આવનારા માટીડાઓને દાખલ કરવામાં આવતા નહી હતા. મને હજી યાદ છે કે મારો એક દોસ્ત, એ જમશેદનો નાટક જોવા માટે એવો તો અટપટ થઇ રેહો હતો, કે તેણે પોતાનું રૂપાનું જીનીવા વોચ (ઘડીઆલ) અને તેની સાથનો રૂપાનો છેડો, તેના એક દોસ્ત નામે સાકુ શરીઆને બે કે અઢી રૂપીઆમાં ગીરવી મુકી, એ જમશેદનો નાટક જોઇ આવ્યો હતો.

સારો, એ નાટક તો થઇ ગયો, અને તે ભજવનારા પારસીઓબી ગુજર પામ્યા, પણ આ લખતી વખતે, મારી નજર સામે તે સઘળા ખેલાડીઓ, એક સીનેમાના પરદા ઉપર દેખાતા હોય, એમ હું આજેબી અનુભવુ છું. એ જમશેદના પાર્ટમાં દાદી કાંઇરટે પોતાની તમામે તમામ નાટકી શક્તીઓની મદદ લીધી હોય, એજ બનવા જોગ છે! કેમકે મરહુમ કેખશરૂ કાબરાજી કલબ ફીનીક્ષમાં એક વખત મારી પાસે બોલ્યા હતા, કે "દાદીએ જમશેદનો પાર્ટ તેના ખરા 'સ્પીરીટ'માં કીધો હતો. કેમકે તે પોતાના 'એકટીંગની' ધુનમાં, સ્ટેજ પરથી અંદર આવ્યા પછી, મને ધુનતો દેખાતો હતો! દાદી પોતાની ખરી હાલતમાં મને પોતાને દેખાતો નહી હતો."

દાદી, એક કોમીડીઅન તરીકે 'ફેલ્યોર.'

દાદી કાંઇરટ, એક ટ્રેજીડીઅન તરીકે બીનહરીફ હતો. પણ એક 'કોમીડીઅન' તરીકે બીલકુલ નીશ્ફળ નીવડ્યો હતો. એના બે દાખલામાં બનેલા ટાંકી શકાય છે. વીકટોરીયા કલબમાં મરહુમ ખોરીનો લખેલો હજમબાદ અને ઠગનનાજનો નાટક

જે એક ચોખ્ખી કોમીડી હતી. ખોદાબખશનો નાટક ઝોરાસ્ત્રીઅન કલબવાળાઓએ ફતેહમંદીથી ભજવ્યો હતો. તે નાટકની ફતેહ જોયા બાદ, મરહુમ દાદીનો વીચાર તે નાટકમાં હજમબાદનો પાર્ટ કરવાનો થયો હતો. મરહુમ દાદીના મીત્રો, તેમજ મરહુમ કેખશરૂ કાબરાજીએ દાદીને જણાવ્યું હતું, કે એ પાર્ટ દાદીએ કોઇ બીજાને, યા તો ધનજી સોબાને આપવો. પણ દાદીએ તે માન્યું નહી, અને હજબાદનો પાર્ટ પોતે સ્ટેજ કીધો હતો. અને સાહેબને કેહું, કે એ આખો હજમબાદનો નાટક 'ફેલ્યોર' ગયો હતો! જો કે એ ખેલમાં પાહક જેવા બીજા એકટરોએ પાર્ટ કીધા હતા. કાવસજી ગુરગીન, હો૰ કાકાવાલા, જમસુ મનીજેહ, દારાબ્જી અફ્રાસીઆબ તથા ધનજુ બેજન વીગેરે આ ખેલમાં સાથે હતા.

* * *

બીજો દાખલો જુવો કે કેવો હતો. દાદી ફ્રાઇસ્ટે, હીંદી નાટક કમપની જે મરહુમની પોતાની માલેકીની હતી, તેની પાસે કેખશરૂ કાબરાજીનો લખેલો 'ફરીદુન નાટક' કરાવ્યો હતો. આ નાટકમાં શીયાસક નામનો એક બેવકુફ ચોધરી, જેનું પાત્ર ઘણુંજ હાસ્યરસ હતું, તે પાત્ર દાદીએ પોતે કરવા પોતાને માથે લીધું હતું. હીયાં દાદીએ ફરીથી બીજી ભયંકર ભુલ કીધી હતી. હજમબાદના પાર્ટમાં પોતે નીસફળ નીવડવા છતાં, આ શીયાસક ચોધરીની 'કેરેકટર' સ્ટેજ કરવા કેખશરૂ કાબરાજીએ ના કહી, છતાં દાદીએ શીયાસકની 'કેરેકટર' પોતેજ કીધી, અને પોતાની મોટી પશેમાની વચ્ચે, દાદીએ અંતે જાણ્યું, કે 'કોમીક' કેરેકટર કરવામાં તે કેવળ નીસફળ નીવડયો હતો.

આવો એક અનુભવી નાટકનો ઉસ્તાદ, જે કરૂણારસ (ત્રેજીક) પાર્ટ કરવામાં બીનહરીફ ખેલાડી હતો, તે એક હાસ્યરસ (કોમીક) ખેલાડી તરીકે, નીસફળ નીવડયો હતો. દાદાભાઇ ઠુંઠીએ પોતાની એવી નબળાઇ ઘણીજ અફસુસેથી જાણી હતી.

દાદી ફ્રાઇસ્ટ—જયેપોરમાં.

ધ્યાન રાખજો મેહરબાનો, કે દાદીની નાટકી જીંદગીની નોંધ, કાંઇ સીલસીલાબંધ અને સરળ રીતે, તારીખ, દહાડો અને વારની સાહદત સીકે લખાતી નથી. હું જે કાંઇ નોંધું છું તે ફકત દાદીની જીંદગીના જાણવાજોગ હેવાલની ફકત નોંધ આ લેખમાં જાળવી રાખવાના હેતુથી લખું છું.

જયેપોરમાં જે ઉમદા નાટકશાળા મહારાજા રામસીંહજીએ બંધાવી હતી, તે બંધાઇને તઇયાર થઇ હતી. તે નાટકશાળામાં પાર્ટ કરવા માટે દાદી ફ્રાઇસ્ટને, મહારાજા સાહેબે રૂ. ૭૦૦) ના માસીક પગારે રોકયા હતા. સરત લખતની એ હતી, કે આખ્ખી કલબના ખેલાડીઓ અને નાટકશાળાનો તમામ 'ચાર્જ' દાદીએ લેવો, ખેલાડીઓને ઉતમ પ્રકારની તાલીમ આપવી, અને મનપસંદ નાટકો કરવા અને કરાવવા.

આ વખતે દાદી પોતાની સાથે, પેલો પ્રખ્યાત પાઆધોની ઉપરથી પામેલો પારીઆ અદો, જે વીકટોરીઆ કલબમાં, એદુ કોલેજરની સાથે મુંબઈથી ગયો હતો, તે પારીઆને દાદી પોતાની સાથે જયેપોર લઈ ગયો હતો, અને જયેપોરની કલબમાં તેને નોકરી રખાવ્યો હતો. આ છોકરા ઉપર દાદીનો અતી ઘણો મોહ દીસતો હતો, કેમકે તેના નાચના કદમની ઝડપ ઘણીજ અસાધારણ પ્રકારની હતી, અને તે કારણે તે દાદીની નજરમાં ઠસી ગયો હતો. આ છોકરાની કાહાણી બેશક ઘણીજ જાણવાજોગ છે.

અદો ઉરફે અરદેશર પીરોશાહ તબેલાવાલા.



વીકટોરીયા કલબમાંથી દાદી ઠુંઠી સાથ જયેપોર ગયેલો નટી !

આ કમનસીબ છોકરો પોતાની જવાનીના બહારમાંજ રગતપીતના બુરા મરજનો ભોગ થઈ પડયો હતો. તે એવો તો ખરાબ રીતે ફસાઈ ગયો હતો, કે તેનો ચેહરો બીલકુલ એવો તો બદરૂપો બની ગયો હતો, કે જેથી તેના અતબારના દોસ્તો વટીક તેને પાછળથી ઓળખી શકતા નહી હતા. પોતાની આવી કમનસીબ હાલત જોઈ, અદો જે પોતાના નાચથી પોતાના જોનારાઓના દીલ જીતી લેતો હતો, તેણે આતેજ પોતાનો સ્ટેજ સાથનો સંબંધ તોડી દીધો હતો. સંબંધ તોડી તે કેવી રીતે અને કેમ મરણ પામ્યો તેની હકીકત આ બહના લખનારના જાણમાં આવી નથી.

રામસીંહજીના 'દાદાભાઈજી !'

જયેપોરના મહારાજા રામસીંહજીનો ચાહ દાદી કાઉસ્ટ ઉપર વીશેષ હતો, એમ કહેવાય છે. પેલું પ્રખ્યાત બીલીઅરડ સેલુન, જે વીશે હું ઈશારો કરી ગયો છું, ત્યાં મહારાજાના દરશન કરવા દાદી કાઉસ્ટ નીત રોજ સાંજને સમે જતા હતા. મહારાજા દાદી કાઉસ્ટને 'દાદાભાઈજી'ના નામે બોલાવતા હતા. અને જવાબમાં દાદાભાઈજી

મહારાજાને આદબથી નમન કરી હંમેશાં 'જી અન્નદાતા—હાં અન્નદાતા' એમ વળતો જવાબ દેતા હતા. નવી નાટકશાળામાં નવો ખેલ પહેલીવાર સ્ટેજ કરવાનો દીવસ મુકર્રર થયા પછી, મોટી ધામધુમ વચ્ચે ચંદ્રપ્રભાનો સંગીત ખેલ, રજપુત રાજવંશીઓના મહાન મંડળ રૂબરૂ ફતેહમંદી સાથ રજુ થયા પછી, મહારાજાએ દાદાભાઈજીને લાયક સનમાન આપ્યું હતું.

નાટકના બાબમાં દાદી ક્રાઇસ્ટના થોડાક 'પ્રીનસીપલ.'

૧. ભાગીદારોએ નાટકનું કામ એક નોકરી સમજીને કરવું. ૨. જો નાટકશાળા ભાડે યા જાથુકને પ-તે લીધી હોય, તો ભાગીદારોએ ૧૦ થી સાંજના ૬ સુધી નાટકશાળામાં હાજર રહેવું. ૩. કોઇબી ભાગીદારે complimentary ટીકીટ લેવી નહી. ૪. રીહરસલમાં દરેક પ્રકારની 'ડીસીપ્લીન' દરેક ભાગીદારે અદબથી જાળવવી. ૫. કોઇબી ભાગીદાર બેદીલ થયો હોય, તો તેણે કલબના બીજા ભાગીદારો સાથ મળી, તેની બેદીલીનું કારણ જણાવી તેનો ઇલાજ કરવો.

આ સાદા અને સુતરા ધોરણ ઉપર દાદીએ અનેક નાટક મંડળીઓની સાલેકી ચલાવી હતી. દાદી પોતાના નાટકના 'રીવ્યુ' જાહેર છાપામાં અધીપતીઓ સાથ ગોઠવણ કરીને લેવાડવાની સખત વીરૂધ હતો. અધીપતીઓ ઉપર complimentary ટીકીટો મોકલવી નહી, એવી મરહુમે સખત તાકીદ કીધી હતી. "મારૂં કામ આવીને જુવો, અને જો તે વખાણ કરવાજોગ હોય, તો તેનો 'રીવ્યુ' તમારા છાપામાં લેવો" એમ હીંમતથી દાદી અધીપતીઓને 'ચેલેંજ' મોકલતા હતા. પોતાની નાટક શકતી અને સંગીત કળાના ગ્નાન છતાં, દાદી મરહુમ કેખશરૂ કાબરાજી માટે, મારી સાથે કલબ પ્રીનીક્ષમાં વાત થતાં એક વખત બોલેલા, કે "મારા ગુરૂ સમાન હું એને ગણું છ."

દાદી ક્રાઇસ્ટ ગયો! તે જમાનો ગયો! તે સ્ટેજ છોડી ગયો! અને તેની યાદ જુના જોનારાઓને રહી ગઇ! પણ દાદી જેવા ફકત બે કે ત્રણ જણ આજે હયાત હોય, અને કેખશરૂ કાબરાજી જેવા બે નાટકનવેશો જો આજે હોય, તો ખચીત પારસી નાટકો અને નાટકતખ્તો આજના જેવી અધમ હાલતમાં આવી પડે નહી.

પણ તેઓ કયાં છે? તેઓ જીવતા નથી એજ પારસી નાટકતખ્તાની કમનસીબી છે.

(૮૩)

રફીક મેહરબાન, મને કાંઇ એવી અટકળ બુધ્ધી સુઝી હશે, કે ગયા હફતામાં ઇ. સ. ૧૮૫૭ બળવાના સંબંધમાં, કાનપોરવાળા નાહનાસાહેબ અને તાતીયા ટોપીનો એક નાટક, જે ઇ. સ. ૧૮૬૮ ના સાલમાં ધી ઇંડીયન નાટક કંપની સ્ટેજ કીધો હતો, તેની નોંધ ચાલુ જમાનાના નાટકવાળાઓના લાભ અર્થે, આ કટારોમાં લીધી, કે જેથી નવા નાટકનવેસો, તે ઉપર પોતાની કલમ અજમાવે. પણ તેવો કોઇ નાટકનવેસ બહાર પડે તે આગમચ, એક જરથોસ્તી હમદીન ધમધમ કરતો મારે મકાને ચઢી આવી દરવાજો ઠોકી બેધડક મારી સ્ટડીમાં ધસી આવ્યો, અને દમસાજ બોલ્યો: 'ધનજીભાઇ શેઠ, માફ કરજો, તમે નાહના સાહેબના બળવાનો ખરો ચીતાર કાંહ આપ્યો છે? મેં તમારી નાટકની નોંધ વાંચી. પણ તમે નાહનાસાહેબને કાંઇજ ઇનસાફ આપ્યો નથી! અરે એ નાહનાસાહેબ તો મારા 'ફાધર' થતા'તા."

આ જુના પુરાણા જમાનાની નવી ખબર સાંભળી, મેં પુછ્યું:

"ભાઇ, તમારા 'ફાધર'નું નામ?"

"મારા ફાધરનું નામ ફરામજી કોનટ્રાક્ટ! તમારા દાદી કાશરટ અને ફુલ ધુળ, તેવણ આગળ પાણી ભરે, એવા તેવણ એકટર હતા. આજે તેવણે જોડેલું, તે નાટકમાંનું ગીત પુરે પાધરૂં તમે છાપ્યુંબી નથી! લેવો આએ રહ્યું તે ગીત! એ આખું છાપી, મારા મરનાર બાપને ઇનસાફ આપો."

ફક્ત ફરામજી કોનટ્રાક્ટને ઇનસાફ આપવા ખાતર, ફરામજીના ચેરાગે આપેલુ ગાયન જે ૬૦ વરસ ઉપર ગવાયલું હતું, તે અત્રે હું નોંધી બેઠું છ.

નાહનાના ઘાતકી કામો ઉપર ફીટકાર.

(હયુસી નીલની રાહ ઉપર)

"મુજી જનમ્યા નાહનાએ કીધાં બુરાં કરમ,
છોડી તેણે આંખમાંથી નીમકની શરમ,
ઓ પાપી ચોર ચંડાળ, ઓ નીરદોશોના કાળ,
કરતુક મીસાલ થશે તારા, બુરા બદ એહાલ.
જયેહ કીધી તુંએ નાજુક નારો રે રંગીન,
કીધી કુમળાં બાળક રેહેસવા છાતી તેં સંગીન—ઓ પાપી.
વીકટોરીયાની ધણનો, થયો તું સુદદ્રોહ,
જુલમથી પુત પીતા વચ્ચે, કીધી તેં જુદઇ—ઓ પાપી
ચાહયું કે તું બીજો બ્રોટનોનું રાજ,
પણ કીધો તારાં કરતુકેજ, તુનેર તારાજ—ઓ પાપી
આજલ આવી પકડી જશે, તે દાદગરની દરઘેહ,
સવાલ કરશે "શું કામ કીધાં, માનવીઓ જયેહ—ઓ પાપી
નહી ફાવશે કોઇબી જગતમાં, કરી એવાં કામ,
'ઇનડીઅન કલબ' પીએચ ગમના સરાબનીરે જામ—ઓ પાપી

આખ્યો રસ્તો મુકી વાંકા ફાટવામાં મજાહ જેવું કાંઇ નથી. વીક્ટોરીયા કલબના કામ ઉપર થોડો ઘણો હવે વીશામો મુકવાની જરૂરત લાગે છે. કેમકે તેના નવા તેગાયલા પાંચ ભાગીદારો, મુંબઇ છોડી, પોતાની યોજેલી સફર ઉપર નીકળી ગયા હતા. વીક્ટોરીયા થીએટર હવે ખાલી પડી હતી. શનીવાર જેવી રળીવાણી રાતો, વીક્ટોરીયા થીએટરનો ખાલી પડેલો હાલ જોઇ ગેયા માહેતમમા પડી હતી! નાટકની સાથે સંબંધ રાખતા ખેલાડીઓ, અને શોખીક જવાનોમાંથી થોડાક આગેવાનોએ ગોઠવણ કરી, કે શનીવારની રળીવાણી રાતો, જે નાટક કરી કમાવાની મોસમ હતી, તે જતી મુકવી નહી જોઇએ. તેઓએ સાથે મેલી લાંબી ટુંકી દલીલો કીધી, અને થોડાક ગટપટીયા જરથોસ્તી ભાઇઓએ, એક નવું નાટક મંડળ ઉભું કીધું, અને તેને

ધી પારસી નાટક મંડળી

એવું નામ આપ્યું હતું.

બીરાદરે મન, આ પારસી નાટક મંડળીને આગલાં સાલોમાં થઇ ગએલી પેલી પ્રખ્યાત પારસી નાટક મંડળી સાથે ભેળી નાંખવાની ભુલ કરવી નહી. આ નવી મંડળીએ પોતાનું કામ વીક્ટોરીયા નાટકશાળામાં શરૂ કીધું હતું, કેમકે હાલમાં તે ખાલી પડી હતી. કામ તો શરૂ કીધું, પણ શહેરતી નામના મેળવવામાં તે મંડળી ફાવી નહી. તે કાંઇ પગારદાર ખેલાડીઓવાળી કલબ નહી હતી, પણ માલેક તરીકે ઉભા થયેલા ત્રણ–ચાર સાહેબો માહેલા એક, મરહુમ દીનશાહ દાદાભાઇ આપુ, જે કોઇજ નહી પણ મરહુમ ફ્રામજી દાદાભાઇ આપુનાં નાહાના ભાઇ હતા, તેવણ પોતાની મીઠી મીઠી વાતોથી, થોડાક મકે કલાક એક્ટરો, જે હજી ગ્રાંટરોડ ઉપર ભમતા ફરતા હતા, તેઓને, તેમજ બાકીના એખરોખેખરો જરથોસ્તીઓ, જેઓ સ્ટેજ ઉપર નીકળવાનો આભખરો રાખતા હતા, તેઓને સમજાવી પટાવી, એક્ટર તરીકે ઘસડી લાવ્યા હતા. મરહુમ દીનશાહ જવાનીના બહારમાં ઘણાજ ખટમારા અને મળતાવડા સ્વભાવના હોવાથી, આ બધાં નવાં બોકરાં, તેવણની બોલી ઉપર મોહી પડી રાજી રાજી થઇ ગયા, અને એક્ટર તરીકે, પારસી નાટક મંડળીમાં કામ કરવા કબુલ થયા હતા.

મેદાન ખાલી પડેલું હતું, એટલે પારસી કલબના માલેકોને તે લોકનું ભવીસ આશાથી ભરપુર લાગ્યું હશે! વીક્ટોરીયા કલબ તો લાંબી સફરે નીકળી ગઇ હતી, એટલે આ માલેક સાહેબોએ સાથે બેસી વીચાર કીધો, અને એકમતે ઠરાવ્યું, કે ગાનારી સ્ત્રીઓને સ્ટેજ ઉપર દાખલ કરવાનો અખતરો અજમાવવા ઘટે છે. આ અખતરાની શરૂઆત તેઓએ તુરતજ શરૂ કીધી, અને

પેલી પ્રખ્યાત લતીફાબેગમ

ને પગારદાર રોકી. તેણીને ઇંદ્ર સભામાં સ્ટેજ ઉપર ઉતારી. નાટક તખતાની ખાના ખરાબી અને બરબસ્તીનો જમાનો, મને યાદ છે ત્યાંસુધી હવાથીજ શરૂ થયો હતો.

લતીફા ખરૂં પુછો તો એક બે બદામની કીંમતની ઓરત હતી! ફક્ત નાચ અને ગાયન કરવામાં તે કામ લાગતી હતી. અલબત્તા તેનો પોખારી અવાજ, અને પગોમાં કુદરતે બક્ષેલાં જોરથી, તેમજ સ્ટેજ ઉપર તેણીના મોકળા વધારેલા હાવભાવ, તે એવી તો અસરકારક રીતે કરી, પોતાના સાંભળનારાઓને સલગાવી, તેઓની વખાણ મેળવતી હતી. લતીફાને સાંભળનારા, અને વખાણનારા વર્ગોજ તેણીથી રાજી થઇ જતા હતા. ભાઇ જાન, આ લતીફા બેગમને સાંભળનારા જેમ માલેતુજાર તેમજ હલકી નીતીના પણ હતા. વળી લતીફાને વખાણનારો ભંડારી ફલાણ કંઇ ઓછો નહી હતો. લતીફાના આશકો અસંખ્ય ઉગી નીકળ્યા હતા. પણ શું લખુ રસીક! લતીફાનો પાર્ટ ઇન્દર સભામાં જેવો ખતમ થતો હતો, તેવાજ તે પાઉડર અને પફમાં લપટાયલી પરીને, એક પારસી—પોતાનો લાંબો ઓવર કોટ, તેણીના સ્ટેજ ડરેસની ઉપરજ પેહડાવી, સ્ટેજને પાછલે બારણે, ભાડેની વીકટોરીયા ગાડીમાં પોતાની સાથે બેસાડી, હુંકારી જતો હતો!! કલબના માલેકો, આ તાજુબ તમાશાની વચ્ચે સેહજબી પડવાની હીંમત કરતા નહી હતા! પણ લતીફાની આવી રીતે વધી ગયેલી ધરપકડ, અને લોકોની તેણીની તરફની ફીદાગીરીની વાત, લતીફાની ઓળખીતીઓમાં ફેલાઇ ગઇ, અને થોડાક માસ ગયા નહી, તેટલાં

અમીરજાંન અને મોતીજાંન

નામની બે પંજાબી નાચનારીઓ, પારસી કલબમાં એક્ટ્રેસ તરીકે દાખલ થઇ ગઇ હતી. આ બંને ઓરતો જો કે નાચવાના કામમાં ઝાઝી કામ નહી લાગતી હતી, પણ ગાવાના કામમાં મુસલમીન ઉમરો તેઓએ હચમચાવવાનો રસ્તો અખત્યાર કીધો હતો. અમીર જાંન અંગે ભરેલી હોવાથી, અને સુરી ગઝલો જે અદાથી તે ગાતી હતી, તે એટલી તો લોકોને પસંદ પડતી હતી, કે અનેક માલદાર મુસલમાનો તેણીની મુલાકાત માટે મુસ્તાક બન્યા હતા. અલબત્તાં, આ પંજાબી બઇરાઓ, જે દાહડાથી ગાવા વગાડવા, આ પારસી કલબમાં સામેલ થયાં હતાં, તે દાહડાથી એ નાટક કંપનીને ધનના ભરેસ્પતી બેઠા હતા તો ખરા, પણ તેવામાં એક એવો બનાવ બન્યો, કે તેથી થી પારસી નાટક મંડળીના અર્ધાં 'ડોસલાં' બેસી ગયાં હતાં!

મેહરબાને મન, જરા સાંભળો, કે અમીરજાંન અને મોતીજાંન, એ બંને પંજાબી બઇરાં હતાં, અને તેથી તે બંને બેહનો, રંગ રૂપે પેલી લતીફા બેગમના કરતાં બેવડાં બલકે ચોવડાં ચહડીઆતાં હોવાથી, મુંબઇના એક માલેતુઝાર મુસલમીન ગ્રહસ્થે, અમીર જાંનનો હાથ નેકાહા પકડી, તે તેણીને પોતાના જનાનખાનામાં લેઇ ગયો હતો.

'ચાર મલે ચોટલા—ત્યાં ભાંગે ઓટલા.'

આ બહુ પુરાણી કેહવત, પારસી નાટક મંડળીને લાગુ પડી ગઇ હતી. બેગમ લતીફા, અને પેલી બે પંજાબી બેહનો હવે કલબમાં જંપીને રેહી નહી.

કલબના માલેકોની સહુકાઇ, અને સાલેસાઇ છતાં, અંતે પારસી નાટક મંડળી બાજ ફોડના વમળમાં આવી પડી હતી! રોજની ખટપટ અને કટકટ વચ્ચે, બાબી અમીર જાન, પોતાની બેહન મોતી જાનને પોતાની સાથે લઇ, એક દાહડો થી પારસી નાટક મંડળી છોડી ગઇ હતી. તપાસ કરતાં પાછળથી માલેકોને ખબર મળી, કે અમીર જાનના નેકા થવાને લીધે, બંને બેહનો નાટક સાથનો પોતાનો સંબંધ છોડી ગઇ હતી. એવી રીતે ઉપર લખેલી કેહવત પ્રમાણે આ પારસી નાટક મંડળીનું સુકાન ભાંગી ગયું હતું.

એ કલબના એક્ટરોનો જમેલો સઘળું જોતાં સંતોષકારક હતો. નીચલા એક્ટરોનો ઝમેલો તે વખતે આ પારસી નાટક મંડળીમાં મળેલો હતો.

મરહુમ નવરોજી દો. મજગામવાલા ઉરફે દીવીઆ.
,, કાવસજી મીસતરી ઉરફે કાલે હોડો.
,, ધનજીભાઇ ફોટોગ્રાફર ઉરફે ધનજુ બાગો
,, માણેકજી મીસ્ત્રી ઉરફે માકુ ધાનસાખ
,, પેસુ પોખરાજ.
,, પેસુ સુરાની
,, ખશરૂ જેક
,, દાદાભાઇ મેહતા ઉરફે દાદીબા.
,, દીનશા દાદાભાઇ અપુ.
,, બાપુ ઠરઠરી.
,, મોબેદ શેહરીઆરજી.
,, કુવરજી બુચીઆ (માલેક લંડન હોટલ તે વખતે)

એ ઉપરાંત એક પારસી મીકેનીક મીસ્તરી, અને એક પેન્ટર, વીગેરે જણાતા હતા. વખત એટલો બધો વહી ગયો છે, કે ૪૫–૫૦ વરસની યાદ આજે પાછી બરોબર ઉપજાવી શકાતી નથી! પણ જે એક્ટરોના નામો મેં ઉપર રજુ કીધાં છે, તે માંહેલા થોડાકની ઓળખ આપવી હું ધારૂં છું કે વાંચનારને જાણવા જોગ થઇ પડશે.

સરવેથી જાણવાજોગ નામ, તે મરહુમ મોબેદ શેહરીઆરજીનું દેખાય છે. એવણની ઓખર ભરૂચા હતી! એવણ કાંઇ એક્ટર તરીકે નહીં, પણ કલબના મીત્ર અને મેહમાન તરીકે આવી, ખેલને દહાડે રાતે ટીકીટ વેચવા બેસતા હતા, અને તેનો તમામ હીસાબ બીજે દહાડે સહવારે ભાગીદારોને તેમના સંતોષ વચ્ચે આપતા હતા. એવણનું મુખ્ય કામ પોતાના નાણાં ધીરી વ્યાજ વટાવ ખાવાનું હતું. પણ તેમ કરતાં અધીરા બની, એક મહાન નાટક કંપનીને અને તેના જરથોસ્તી માલેકને એવણે કાચું દીવાળું કેહડાવ્યું હતું!

બીજું જાણવાજોગ નામ, મરહુમ કુંવરજી બુચીઆનું જણાય છે. કુંવરજી બુચીઆનું લંડન હોટેલ બાર અને બીલીઆર્ડ, હાલમાં જ્યાં પેરીસીઅન બારને નામે

ચાલતું દુકાન, જે રીપન થીએટરની સામે આવેલું છે, તે લંડન હોટેલ અને બારને નામે આજથી ૪૦) વરસ ઉપર જણાયલું હતું. ત્યાં જવાન પારસીઓનો મોટો ફેરોડો, વખતે બાર, બીલીઆર્ડ અને રીફ્રેશમેંટ રૂમ ઉપર પડતો હતો! એ બારની દુકાનના મરહુમ કુંવરજી ભેખલા માલેક હતા, અને પોતાના બેટીઓની દેખરેખ અને સંભાળ હેઠળ, તે ખાતું ચલાવતા હતા. એવણ મજકુર કલબના માલેકોના ખાસ ખેરખવાહ મીત્ર હતા, અને તે લોકના મેહમાન તરીકે કલબમાં આવી વસતા હતા. પણ એ ભાઇનો એક બીજોબી ધંધો, નાટકવાળાઓના માલેકોની આવક જોઇ, નાણાં ધીરવાનો, તેમજ ખેલોના 'કંત્રાકટ' લઇ લેવાનો હતો. કુંવરજી સ્વભાવે ઘણાજ રમુજી, ઉમરે મધ્યમ વરસના, સલાહસંપજને ચાહનારા ગ્રહસ્થ હતા.

કલબના સઘળા એકટરોમાં એક ખેલાડી 'ખશરૂ જેક' નામનો હતો. આ જવાન રેલ્વે કંપનીમાં, ડ્રાઇવરનું કામ શીખી રહેવા આવેલો હતો, યાને 'ટરનર'ની ફરજ બજાવતો હતો. દેખાવમાં તે અતી રૂપાળો, અતી દેખાવડો, ઉજળા રંગ અને ઘટમ બાટનો હતો. તેના કમનસીબે તે નોકરી છોડી નાટક કરવા જુદી જુદી નાટક ટોળીઓમાં દાખલ થઇ, જુદા જુદા પારટો કરી પરવારી ગયો હતો. હવે તે આ પારસી નાટક મંડળીમાં દાખલ થયો હતો. પણ તે દાખલ થાય, તે આગમચ પેલી બે પંજાબી બેહનો કલબ છોડી ગઇ હતી! ખશરૂ તેથી ઘણોજ નીરાશ થયો હતો!

ખશરૂ જેકનો કીસ્સો મારે લંબાવવો નથી. આગળ જણાવ્યું છે તેમ, આ પારસી નાટક મંડળીમાં દાખલ થઇ, તે કલબ સાથે બરૂચની મુસાફરીએ તે ગયો હતો, અને ત્યાં જઇ, ખશરૂએ ઘરાની નાટકમાં મનીજેહનો પાર્ટ તારીફલાયક કીધો હતો. આ કલબની પાસે નાટોનું જોર ઝાઝું હતું નહી. એકના એક નાટક તેઓ કરતા હતા. જ્યાબી બહારગામ તેઓ જતા, ત્યાં

૧ ઇંદ્ર સભા,
૨ લઇલા મજનુ,
૩ બદરે મુનીર, બેનઝીર
૪ પદમાવત,
૫ શકુંતલા,
૬ જેહાંગીરશાહ ગવહર,
૭ ઉલબટાઉ—મોહીના રાણી.

ભજવતા હતા. એ સઘળા ખેલો ગાયનરૂપી આરામ કવીના જોડેલા હતા. અને સઘળા એકટરો તે હંમેશાં ભજવતા હતા. રચનાર કે રચાવનાર (copyright) ના હકની વાત તે વખતે કોઇ જાણતુંજ નહી હતું. તેની કોઇને ખબરબી હતી નહી. સઘળા મંડળીઓ આ ખેલો મુંબઇમાં તેમજ બહારગામમાં ભજવતી હતી. જાણે તે લોકના "બાપ-દાદાનોજ માલ!"

---

[૮૪]

મુંબઇ જેવા એક શહેરમાં એવી એકબી નાટકશાળા મળે નહી, કે જે આજે મુંબઇ શહેરની મગરૂરી તરીકે ઓળખાઇ શકે. તમે કહેશો કે આટલાં બધાં પ્લેહાઉસ કોટ અને ગ્રાંટરોડ ઉપર હોવા છતાં, નાટકશાળાને નામની હજી ગુમ કેમ પડે છે! મગર એ સઘળાં પ્લેહાઉસ, જે તમે તમારી નજર સામે આજે જુવો છો, તે માંહેલું એકબી પ્લેહાઉસ; ઇ૦ સ૦ ૧૮૬૦) ના સાલમાં હતું નહી. ચારો વાંચીને કંટાળશો નહી, પણ એ નાટકશાળાઓનીબી એક એવી તવારીખ મુંબઇને ગળે ડોકાઇ છે, કે જે ફક્ત નાટક અને સીનેમાના શોખીનોજ, વાંચવાને ખંતી હશે!

મુંબઇ શહેરનાં પુનોતા પહેલવહેલ્લા પ્લેહાઉસના માલેક.



શેઠ વીનાયક જગન્નાથ શંકર શેઠ.
ઉપલા પ્લેહાઉસના માલેક.

મહાન શંકર શેઠના કુટુંબના એક જાએનશીને, ગ્રાંટરોડના બતા ઉપર, પોતાની માલેકીની જગ્યાનો એક ટુકડો આપી, તેની ઉપર મુંબઇમાં પહેલવહેલી એક આલીશાન નાટકશાળા બંધાવી હતી. તે ઉદાર દીલના પ્રભુ કોમના આગેવાન શેઠનો આ મુબારક ફોટો અત્રે આપ્યો છે. ગમે તો એને વીનાયક શંકર શેઠ કહો, યા તમુને જો ગમે તો જગન્નાથ શંકર શેઠ કહો. એ મહાન મરાઠા નરનું એક સંગેમરમરનું, મોટા કદનું પુતળું, મુંબઇના ટાઉન હોલની અંદર આજેબી ફખ્રામદાર રીતે ઉભું છે. એ નાટકશાળાનું નામ

આપ્યું હતું. મુંબઈની ખાસો આમ; અને તમાશબીન આલમને, આ ગ્રાંટરોડ થીએટરથી મોટી સગવડ થઈ ગઈ હતી. પણ ત્યાર પછી થોડાંક વરસમાં ગ્રાંટરોડના લતા ઉપર ઈ૦ સ૦ ૧૮૭૦ ના વરસ પછી, ધીમે ધીમે અરધો ડજન તબેલા જેવા પતરાંની નાટકશાળાઓ બંધાવાથી, નાટકશાળાનો જે દુકાળ હતો, તે દુકાળને બદલે સુકાળ થઈ પડયો હતો.

જગનનાથના જાનશીનો કોઈ નાટકશાળાના ભાડાં ખાવા સરજાયલા નહી હતા. વળી એ ગ્રાંટરોડ થીએટરના ભાડાંબી કોઈ આજના જેવાં દુકાળમાં અને દીવાળીઓમાં ભાડાં નહી હતાં! આજે મહીને દહાડે ત્રણ હજાર અને ચાર હજારના ભાડાં કર્યા, અને તે વખતના દર રાતના ૩૦ થી, ૪૦ ના ભાડાં કર્યા! યારો, ડેહા વગર ચાલતું નથી, પણ તે વખતના કરતાં આ વખતે લોકના શોકનો ધારો જબરો થઈ પડયો હતો! આજના વખતની નાટકશાળાના ભાડાંઓની બાબદ જેટલું જાહેરમાં લખાય તેટલું થોડું છે. એ ભાડાંના જુલમાટથી નાટક જેવા બેમુલ હુનરને, મોટો મરણતોલ ફટકો પડયો છે, અને પડતો રહયો છે. એ ઉપર જાહેર જાણ વાસ્તે ઘણુંબી લખી શકાય એમ છે.

મુંબઈમાં નાટકશાળાનો દુકાળ!

આજે મુંબઈમાં બરપા થયલી નાટકશાળાઓની તમામ તવારીખ હું આ લેખના આગલા ભાગમાં પુરેપુરી આપી ગયો છું. મગર હજી તે પુરેપુરી હોય, એમ મને લાગતું નથી! પણ હવે તેને લંબાવવામાં કાંઈ સાર જેવુંબી જણાતું નથી. જગનનાથ શંકર શેઠનું ગ્રાંટરોડ થીએટર, બેશક કોઈ એવે શુભ વખતે બંધાયું હશે, કે તેની પાછળ મુંબઈમાં આજે નાટકશાળાઓની હાર લાગી રહી છે. છતાં નાટક કરનારાઓને મન મુંબઈમાં નાટકશાળાનો તો દુકાળ છે.

શંકર શેઠની નાટકશાળાના બદલાયલાં નામ.

શંકર શેઠની નાટકશાળા જ્યારે પહેલવહેલી બંધાઈ તઈયાર થઈ, ત્યારે ગ્રાંટરોડ ઉપર તેનું નામ "ગ્રાંટરોડ થીએટર" એવું આપ્યું હતું. વાંચનાર મહેરબાનોને ખ્યાલ આપવા ખાતર લખું છું, કે એ નાટકશાળામાં, જમાનાના તે કાળમાં એવા તો જાણીતા જગપ્રસીધ્ધ ખેલાડીઓ અને ગાયકો ખાસ વેલાયતથી આવી, મુંબઈને ગજાવી ગયા હતા, કે તેમના નામોની નોંધ અત્રે લેવી બેશક લલચાવનારી થઈ પડે છે.

૧ ઈટાલીઆન ઓપેરા કંપની—આ ઈટાલીઆન ગાયકોના મંડળને એક યુરોપીઅન સીનડીકેટે ખાસ ઈંગ્લાંડથી બોલાવી હતી.

૨ દેવ કારસન—આ પ્રખ્યાત કોમીડીઅને ગ્રાંટરોડ થીએટરને બજાવી, મોટી પ્રશંસા મેળવી હતી. આ દેવ કારસન વીશે હું કાંઇક અત્યાર આગાઉ લખી ગયો છું.

૩ મેડમ કારલોટા ટારસ્કા—ત્યાર પછી ઘણુંજ ચુનંદા ખેલાડીઓની બનેલી એક કંપની, મેડમ કારલોટા-ટારકાના વડપણ હેઠળ આવી ગઇ હતી. એ મંડળમાં,

૪ મીસ એલશય મે—નામની એક જવાન એકટ્રેસ પણ હતી, જેની નાટકી શકતી ઘણીજ ઉંચા પ્રકારની હતી.

૫ ફેરકલવ—એજ મંડળમાં પ્રખ્યાત શેકસપીરીઅન ખેલાડી ફેરકલવ પણ હતો, જે પાછળથી મુંબઇમાં બીજીવાર આવી ગેટી થીએટરમાં કાંઇ કામ કરી ગયો હતો. આ ફેરકલવ અને મીસ એલશયા મેએ બંને જણીએ ભેગા મળી, શેકસપીરીઅન નાટકોથી ગ્રાંટરોડ થીએટર બજાવી મેલ્યું હતું. આ બંને જણોના ભેગા બળથી શેકસપીઅરના હેમ્લેટ, ઓથેલો, મેકબેથ, વીગેરે નાટકો સ્ટેજ થયા હતા, અને તેમાં ઓફીલીઆ, ડેસ્ડીમોના, અને પોરસ્યાનો પાર્ટ, એલશયા મેએ બજાવી પોતાની નાટકી શકતી બતાવી હતી.

૬ જનરલ ટોમ ઠંબ—છેલ્લે છેલ્લે જનરલ ટોમ ઠંબે આવીને મુંબઇને ઘેલું લગાડયું હતું! આ ટોમ-ઠંબ વેંહતીઆઓનું એક નાહલ્લું જેવું કુટુંબ હતું. તેઓ કાંઇ છુટાછવાયા એકટરો નહી, પણ એકજ કુટુંબના સભાસદો હતા. તેઓ સઘળા વેંહતીઆઓ હતાં. જનરલ ટોમ ઠંબ તે સહુનો વડો વડીલ હતો. તેઓ આખ્ખી યુરપની સફર કરી આવેલાં હતાં. તેઓ ઘણાંજ સુધરેલાં અને કેળવાયલાં હતાં. તે લોકના પહેરવેશ ઘણાજ ઉમદા ફેશનના હતા, અને યુરપના શાહી કુટુંબોની રૂબરૂ, તેમજ તે વખતના જગત આશકાર શહેનશાહ લુઇ નેપોલીઅન આગળ પણ તેઓ પોતાની હાજરી આપી આવેલા હતા. લોકો આ વેંહતીઆઓની પાછળ ઘેલાં થઇ ગયાં હતાં! એ પછી ગ્રાંટરોડ થીએટરની પડતી આવતી હોય, એવું દુરથી દેખાવા લાગ્યું હતું. ઇ. સ. ૧૮૬૦ ના સાલમાં, કેટલાક જવાન જરથોસ્તીઓએ એક કલબ પોતપોતામાં ઉભી કરી, તે કલબને

એલફીનસ્ટન ડ્રામેટીક કલબ

એવું નામ આપ્યું હતું. તેઓ મોટે ભાગે સઘળા એલફીનસ્ટન કોલેજના પારસી વીદયાર્થીઓ હતા. એઓમાં પ્રખ્યાતી પામેલા

હીરજીભાઈ અ. ખંભાતા એક પેહલી પંકતીના ઇંગ્રેજી સ્કોલર હતા, અને નાટકો કરવાની ઉત્તમ પ્રકારની શકતીની, જનમથીજ એવણ ઉપર કુદરતે નવાજેશ કરી હતી.

હીરજીભાઈ ખંભાતા.



એક પહેલી પંક્તીના ઇંગ્રેજી સ્કોલર.

ખંડાલાવાળા, પેસ્તનજી ન૦ વાડીયા, ડા૦ ધનજીશાહ પારખ, ડા૦ નશરવાનજી પારખ. એ સઘળા અને બીજા સિવાજ બાહોશ એમેચ્યુઅર પારસીઓ ઉપરાંત સેક્રેટ કુંવરજી સોરાબજી નાજર, આ એલફીનસ્ટન ક્લબના માલેક ઘણાંક વરસો સુધી બની રહયો હતો.

એ આખી મુદત દરમ્યાન આ શંકર શેઠની નાટકશાળા જુદે જુદે વખતે જુદે જુદે નામે, થોડો થોડો વખત ઓળખાઈ ગઈ હતી. દાખલા તરીકે જ્યારે ગ્રાંટરોડના નાકા ઉપર પતરાંની નાટકશાળા બંધાઈ હતી, ત્યારે લોકોની જાણ માટે આ નાટકશાળાના કંપાઉન્ડમાં એક ઉંચી વાવટા કાઠી ઉભી કરી હતી, અને નાટકને દાહડે તેની ઉપર અખ્યાત યુનીયન જેકને ઉડતો કરી, હેંડબીલોમાં છપાવવામાં આવતું હતું કે

વાવટા કાઠીવાળી નાટકશાળા.

વળી કોઈ બીજી નાટક ટોળીવાળાઓ, પોતાના ખેલ, મજકુર નાટકશાળામાં કરતા, તો તેવે વખતે એ નાટકશાળાને

જુની બાદશાહી નાટકશાળા

એવે નામે ઓળખાવતા હતા, અને વાવટા કાઠીનું નામ ભુલી જતા હતા. કોઇ નાટક ટોળીવાળા તો શંકર શેઠની જુની નાટકશાળાને નામે ઓળખાવી, તેહથીજ નીશાણી ઉપર સંતોષ પકડતા હતા.

બાદશાહી નાટકશાળાની પાયમાલી!

પણ રફીક દીલજાન, શું કહું. મુંબઇને શોભાવી રહેલી, આ બાદશાહી નાટકશાળાનો અંતે ભાંગીને ભુકો કરવામાં આવ્યો હતો! એ આ નાટકશાળાની તવારીખના, આખા દફતરમાં બેશક એક કરૂણારસ બનાવ ગણી શકાય.

શંકર શેઠની આ નાટકશાળા ખરેખર એક બાદશાહી મકાન હતું. બહારથી તે એક ગંજાવર કીલ્લા જેવી રચનાવાળુ દેખાતું હતું, મગર અંદરથી તેની બે માળની રચના એવી હતી, કે અંદર બેસી કોઇબી ઠેકાણેથી નાટક જોનારને, સેહજબી ફરીઆદ કરવી પડતી નહી હતી. એ ભાગ્યશાળી નાટકશાળામાં, મુંબઇના તે વખતના ગવરનરો, કમાન્ડર–ઇન–ચીફો, શેરીફો, અને કમીશનરો વીગેરે, જુદી જુદી નાટક ટોળીઓને, પોતાની હાજરીથી નવાજી નાખેલી; તેમજ પારસી નાટકીઓની મંડળીના એલો, પારસી કોમના તે વખતના પારસી અકાબરો, અને માલેતુઝાર આગેવાન બાનુઓ અને મહરથો જોવા પધારી, મંડળીના પેશકારોને હરશીત બનાવી, માન આપી માન મેળવતા હતા. જ્યાં કેળવાયલા પારસી નાટકકારોએ, પોતાના અદભુત એકટીંગથી નહી ભુલાય એવો છાપ મારેલો, જ્યાં પ્રસીધ્ધ પારસી નાટકકારોએ ઇંગ્રેજી ઝબાનમાં શેકસપીઅરના નાટકો ભજી, પારસી આલમને તેના દર્શન કરાવેલાં; અને જ્યાં ઇરાનના શાએર ફીરદોસીના શાહનામાને પારસી વીરલાઓએ સજીવન કરેલું; તે નાટકશાળા લગભગ પચાશ વરસની હસ્તી ભોગવી, પોતાની કમનસીબ સરજતને શરણ થઇ, એક આટાની ચંટી, અને પાઉ બનાવવાની 'બેકરી' (Bakery)માં બદલાઇ ગઇ હતી. ત્યાં પદરખાનાને બગતા તરેહવાર સંચાઓ ગોઠવેલા હતા, અને તરેહવાર જાતના આટા દલાટા હતા. ત્યાં ઇનજીન, અને બોઇલર, તેમજ શાફટીંગ અને યાંત્રીક રચનાની રમત રમાતી જોઇ, આગલી રચનાની હસ્તીને બદલે તમામ નીરતી દેખાતી હતી.

પણ હજી આ બાદશાહી નાટકશાળાની છેવટની સરજત તો બાકી રહી ગયેલી હતી. એક દહાડો એ આખું મકાન ભાંગી નાખી જ્યારે તેને જમીનદોસ્ત કીધું, ત્યારે તેની દેવાલમાં વાપરેલા પથરા, અને લાકડકામે, ઇમારતના બાંધનારાઓનું જાણુવાજોગ ધ્યાન ખેંચ્યું હતું. અંતે રફીક દીલજાન, તે મકાનને ભાંગી, તેજ જગ્યા ઉપર આજે તતનખાર ઉભી રહેલી સૌબાકોરી બીલડીંગ બંધાઇને ઉભી છે, અને એ જગા ઉપર અસલ એક બુલંદ નાટકશાળા હતી, એવો ઝાંખો ખ્યાલ વટીક કોઇને આજે આવતો નથી.

જુની બાદશાહી નાટકશાળામાં સ્ટેજ થઇ ગયેલા ઇરાની અને બીજા નાટકો.

એ રીતે વીનાયક શંકર શેઠની નાટકશાળાએ, પચાસ વરસની તેની હયાતી દરમ્યાન, ખરૂં જોતાં મુંબઇની તે વખતની જાહેર પ્રજાની બેમુલ સેવા બજાવી હતી. એ નાટકશાળા બંધાઇ તઇયાર થયા પછી, અનેક નવી નવી નાટક મંડળીઓ ઉભી થઇ ઉગી નીકળી હતી, અને અનેક નવા નવા નાટક જાહેર પ્રજાને જોવાની તક મળી હતી. એકાદ બે યા ત્રણ ઇંગ્રેજી નાટકવાળાઓ સીવાય, એ નાટકશાળાનો મોટો ઉપયોગ ફક્ત પારસી નાટકવાળાઓએ કીધો હતો, એમ દાનેશ વાંચનારે આ તમામ હકીકત વાંચ્યા પછી જોઇ લીધું હશે. વળી એ નાટકશાળા બંધાયાથી, કેળવાયલા પારસી જવાનો મોટે ભાગે નાટક તખ્તા ઉપર દેખાવ દેવા લાગ્યા હતા, એ પણ વાંચકે જોઇ લીધું છે. હવે ફક્ત હું ખાતરે નોંધી લેવાનું વાસ્તવીક ધારૂં છું, કે એ પચાસ વરસની મુદતમાં, એ બાદશાહી નાટકશાળામાં, તેમજ બીજી નાટકશાળાઓમાં, કયા કયા ઇરાની તેમજ બીજા નાટકો સ્ટેજ થઇ ગયા હતા, તેની એક ટીપ ખાતરે રજુ થવી જરૂરતની છે, કે જેથી હવે પછીની નવીશની ઓલાદની જાણ માટે, તે ટીપ જળવાઇ રહે. વળી આવી એક ટીપની ખાસ જરૂર એટલા માટે લાગે છે, કે એ થઇ ગયેલા નાટકો માહેલા કેટલાક નાટકોને, ચાલુ જમાનામાં કેટલીક મંડળીઓ ઉરદુ ઝબાનમાં, તો કેટલીક મંડળીઓ અસલ નાટકના રૂપ રંગ ફેરવી, પોતાની બનાવટના હતા, એમ ગણે પડી, "ઓરીજીનલ" તરીકે ઠેલવવાની કોશીસ કરતા જણાયા છે. તાજુબ જેવું તો આ બદના લખનારે એ જોયું હતું, કે તમાશબીન આલમમાંથી કોઇએબી તેના ઉપર કાંઇબી ચરેહ કે ટીકા જાહેરમાં કરવાની કોશીસ કરી નહી હતી. એટલા કારણને અંગે આ એક લાંબી ટીપ, મારી બદના યાદદાસ્તને આધારે મેં ઉપજાવી કહાડી છે, જે આવતા અંકમાં વીગતવાર રજુ કરવામાં આવશે.

(૮૫)

હવે આ લંબાણુ લેખને છેડે હું આવી લાગતો જાઉં છું. આ લેખ ટુંકા કરવાની મુળ મતલબ એ છે કે, તે કંટાળાભરેલા થઇ નહી પડે! આજથી પચીસ અને પચાસ વરસની આગમચ, મુંબઇની જુદી જુદી નાટકશાળાઓમાં થઇ ગયેલા પ્રસીધ્ધ નાટકોના નામોની એક ટીપ રજુ કરવાની ગયા અંકમાં આપેલી ખબર પ્રમાણે, આજે તે ટીપ હું રજુ કરૂં છું. વાંચનાર જોઇ શકશે, કે પારસી નાટક લખનારાઓ પચાસ વરસની આગમચ, નાટકના કામમાં કેવો રસ લેતા હતા. સઉથી પુરાણો નાટક આજથી ૬૫) વરસ ઉપર લખાયલો, એક પારસી કલબે સ્ટેજ કીધો હતો, અને તેનો લખનાર પણ પારસીજ હતો, મગર તે લખનારનું નામ હું મેળવી શકયો નથી,

૧ નાહના સાહેબ. (૧૮૫૭ ના બળવાનો ચીતાર.)
૨ મઝકઝઇ શેહરીઆર. (બંદે ખુદા.)
૩ ધણા.એલાના લગનમાં વધન. (મ. ન. રૂ.)
૪ બેદી આફ બીઓન. (એ. ખોરી)
૫ સતનો નીગેહબાન ખુદા. (મે. ન. વાડીયા.)
૬ કરણી તેવી પાર ઉતરણી. (ના. રૂ. રા.)
૭ કોમીડી આફ એરર્સ. (ના. રૂ. રા.)
૮ રોમીઓ—જુલીયત. (ડા. ફ. રા.)
૯ દુખીઆરી બચું. (એદુ કોલેજરે એક વારતા ઉપરથી નાટકનું રૂપ આપ્યું હતું.)
૧૦ પઇસા—પઇસા! " " " ")
૧૧ "હની-મુન." (મે. ન. વા.)
૧૨ ઝબ્બેઝર અને શીરીન. (ખ. ન. કા.)
૧૩ ખરલતે શયતાન. (ધ. ન. પ.)
૧૪ ફેરાઉન. (ધ. ન. પ.)
૧૫ તુફાન. (ધ. ન. પ.)
૧૬ લઇલા. (ધ. ન. પ.)
૧૭ ઇંદ્ર સભા.
૧૮ કમરલ ઝમાન. (મ. જ. ખો.)
૧૯ ફુલકસુર સલીમ (ન. ન. પા.)
૨૦ મુલેમાની સમશીર. (ન. ન. પા.)
૨૧ બેજન અને મનીજેહ. (કે. ન. કા.)
૨૨ જમશેદ. (કે. ન. કા.)
૨૩ ફરીદુન. (કે. ન. કા.)
૨૪ જેહાંબક્ષ-ગુલરૂખસાર. (ખ. બ. ફ.)
૨૫ બરજો-મેહરસીમીન. (બેરોનેટ કલબ) (પે. કા. સં.)

૨૬ બેહરામગુર-બાનુ હોશંગ. (કા. દી. ફી.)
૨૭ રૂસ્તમ અને સોહરાબ. (એ. જ. ખો.)
૨૮ રૂસ્તમ સોહરાબ (સંગીતમાં) (ધ. ન. પ)
૨૯ શાહાઝાદો શીયાવક્ષ. (ખ. બ. કે.)
૩૦ કયેકાઉસ-સુદાબા. (દા. સો. તા.)
૩૧ ખુશરૂ અને શીરીન. (બંદે ખુદા)
૩૨ બાબુલી સેલમ વીગેરે (દો. ધા.)
૩૩ સીયાહ બખ્તાની સજની. (ક. ન. કા.)
૩૪ ઝબ્બેઝર. (ક. ન. કા.)
૩૫ રૂસ્તમ અને બરજો. (ઝબાને ફારસી)
૩૬ ફરીદુન અને અફરાસીઆબ. (ઝબાને ફારસી)
૩૭ બરજો અને મેહરસીમીનઓઝાર. (બંદે ખુદા.)
૩૮ બાલમજોર. (એ. જ. ખો.)
૩૯ નુરજેહાન (" " ")
૪૦ ગુલનાર. (ખ. બ. કે.)
૪૧ જેહાંગીર. (એ. જ. ખો.)
૪૨ જેહાંગીરશાહ ગઉહર (ન. મે. ખા.)
૪૩ ખુદાબક્ષ (એ. જ. ખો.)
૪૪ હજરબાદ. (એ. જ. ખો.)
૪૫ અલાદીન. (ગુજરાતી) (ફ. સો. બ.)
૪૬ અલાદીન (સંગીત) (ના. ર. કું.)
૪૭ અબ્બુલ હસન (એ. જ. ખો.)
૪૮ સુંનાના મુળની ખુરશેદ (એ. જ. ખો.)
૪૯ નીરકાબાનુ. (કે. ન. કા.)
૫૦ બેબીજાન. (કે. ન. કા.)
૫૧ કાકા પાલન. (" ")
૫૨ હરીશ્ચંદ્ર. (" ")
૫૩ નન્દબત્રીસી (" ")
૫૪ સીતાહરણ (" ")
૫૫ લવ કુશ. (" ")
૫૬ ભોલાનાથ (" ")
૫૭ નન્દબત્રીસી (" ")
૫૮ બેનજીર-બદરેમુનીર. (ન. મે. ખા.)

૫૯ ગુલ-બા-સનોબર (ન. મે. ખા.)
૬૦ હેમલટાઉ-મોહેના રાણી (" ")
૬૧ પદમાવત. (" ")
૬૨ શકુનતલા (" ")
૬૩ લાલો મઉહર (" ")
૬૪ કુરરોખ લભા (" ")
૬૫ ચંદ્રાવલી (" ")
૬૬ હાતમ બીન તાઇ (" ")

નંબર ૫૮ થી ૬૬ સુધીના સઘળા સંગીત ખેલો આરાંબના તખલ્લુસ હેઠળ નસરવાનજી મેરવાનજી ખાનસાહેબે લખ્યા હતા

૬૭ આલમગીર. (ક. જ. ખે.)
૬૮ કાલી મેંઢી. (ના. રૂ. રા.)
૬૯ હોમલો હાઉ (" ")
૭૦ નાજાં શીરીન. (" ")
૭૧ વેહમાયલી જર (" ")
૭૨ ભોળી ગુલ. (બ. ન. કા.)
૭૩ કાબરેની મારી. (" ")
૭૪ કલજુગ. (" ")
૭૫ દોરંગી દુનીઆ. (" ")
૭૬ સુડી વચ્ચે સોપારી. (કૈ. ન. ક.)
૭૭ વેહમાયલી જર. (ના. રૂ. રા.)
૭૮ સતી સાવીત્રી. (ના. રૂ. રા.)
૭૯ ખાલબાજી. (ખુ. મે. બા.)
૮૦ નવીબાઇ વીરૂપ જુનીબાઇ. (ક. મે. ૫.)
૮૧ સાકરમી વરની સાકરમી બઇરી. (એક પારસી)
૮૨ હાબીલ. (પેરેડાઇઝ લોસ્ટને આધારે લખેલો.) (ધ. ન. ૫.)
૮૩ ધરતી કંપ. (જે. પે. બ.)
૮૪ જુદદીન ઝઘડો. (" ")
૮૫ હોશીયાર કનફયુઝન. (" ")
૮૬ કડક કન્યા ને ખીસેલા પરણીઆ. (કુ. સો. ના.)
૮૭ નેક બખ્ત તેહમીના. (ફી. રૂ. બા.)
૮૮ કયેકાઉસ સોહાબા. (પેસુ-પેત્રીજ. આ નાટક બે જને લખ્યો હતો.)
૮૯ રૂસ્તમ-સોહરાબ સંગીત. (ન. દો. આ.) " " "
૯૦ અલીબાબા અને ચાલીસ ચોર. (કા. પા. ખ.)

૬૧ ચાલ મારા બાપ. (ધ. ભ. અં)
૬૨ હક ઇનસાફ. (શા. ન. બે.)
૬૩ આબે રૂબીજ. (હી. અ. ખં.)
૬૪ કુપરચંદ પાનાચંદ. (મા. દા. મા.)
૬૫ જમશેદ અને શમનનાઝ. (પે. ફ. વે.)
૬૬ જમશેદ અને ઓહાક. (એક વીદ્યાર્થી)
૬૭ મારી બધરીનો ગલેબંદ. (પ્રા. મે. બા.)
૬૮ ખરીદેલો ખાવીંદ. (પી. ૨. બા.)

આ અને સેવાજ બીજા રહી ગએલા નાટકો, આજથી પચીસ પચાસ વરસ ઉપર પારસી કલમકસોથી લખાયા હતા, અને તે વખતે ચાલતી પારસી કલબોએ તે ભજવ્યા હતા. તે સઘળા લેખકો અાજે ગુઝર પામ્યા છે, અને તેમના લેખો મોટે ભાગે આજે ખોરવાઇ ગયા છે. બનવા જોગ છે, કે ઉપલી ટીપમાં કોઇ નામ મારી યાદદાસ્તમાંથી નીકળી જવાને સબબે, ભુલાઇ ગયું હોય.

નવી વીકટોરીઆ કલબના પાંચ માલેકો.

પારસી કલમથી લખાયલા નાટકો અને સંગીતોની આ લાંબી ટીપ હું હજી અધુરી સમજું છું, મગર આ જગે તેને પુરતી મુકું છું. વીકટોરીયા કલબના પાંચ માલેકો જે બ્રહ્મ દેશની લાંબી સફરે નીકળી ગયા હતા, તેઓની ગેરહાજરીમાં, વીકટોરીયા નાટકશાળામાં, પેલી નવી ઉભી થએલી પારસી નાટક મંડળીએ આ ખેલાડી ઓને નાટક તખ્તા ઉપર લાવવાની શરૂઆત કીધી હતી. પરંતુ તેમના એ કામને ઝાઝો તકેવો મળ્યો ન હતો.

વીકટોરીયા નાટકશાળા મરહુમ પાઉવાલાની જમીન ઉપર બંધાઇ હતી, અને તે બાંધવાની તમામ તવારીખ હું આ લેખના આગલા ભાગમાં લખી ગયો છું. મરહુમ દાદી ઠુંઠીએ એ જમીન ઉપર નાટકશાળા બાંધવાનું લખત, વીકટોરીયા કલબના તે વખતના ચાર માલેકોને નામે, દર માસે નજીવી જેવી રકમને ભાડે, વીસ-પચીસ વરસની મુદતને માટે કીધું હતું, તે મુદતનો એક મોટા ભાગ વહી જવાને લીધે, હવે કંઇ નાહની જેવી મુદત બાકી રહી હતી. મને કાંઇક એવો ઝકઝાતો ખ્યાલ છે, કે એ પછીની મુદતના ૮) કે ૧૦) વરસ હવે બાકી રહેલાં હતાં. ગરીબ બીચારા પાઉવાલા! તેવણે કરી આપેલા લખતની રૂએ, જ્યારે તેવણને દર માસે ફક્ત તેવણની જમીનના ભાડાં તરીકે એક નાહની જેવી નજીવી રકમ મળતી હતી, ત્યારે વીકટોરીયા કલબના પાંચ માલેકોને દર માસે એક ધરખમ રકમ, એ નાટકશાળાના ભાડાં તરીકે મળતી હતી.

પણ રફીક મેહરબાન જરા સાંભળો, કે હવે એ નાટકશાળાના બાબમાં કેવો બનાવ બને છે.

ફરામ આપુનું વીકટોરીયા કલબમાંથી છુટું પડવું.

કચેરીમાં કચરો પડવાથી, ફરામજી આપુ વીકટોરીયા કલબ છોડી દઈ, મુંબઈ આવ્યા હતા. તેવણ મુંબઈ આવ્યા ત્યારે, પેલી પારસી નાટક મંડળી ધમધુકાર, આરામના સંગીત ખેલો કરતી હતી, અને વધારામાં લતીફા બેગમ, અમીરજાન અને મોતીજાન, વીકટોરીયા નાટકશાળાનો તખતો ધ્રુંજાવતી હતી. વીકટોરીયા કલબ છોડી મુંબઈ આવી, ફરામજી આપુએ કાંઈક નવો રંગ જમાવવાની ચતુરાઈ ચલાવી. મને કાંઈક એવું ધ્યાન છે, કે ફરામજી આપુએ, વીકટોરીયા નાટકશાળાના 'લીઝ'ની બાકી રહેલી મુદત સાથે વેચાતું લેઈ લેવા પાઉંવાળા સાથે સંદેસા ચલાવ્યા હતા. પાઉંવાળાને દર માસે એક નજીવી રકમ, જમીનના ભાડાં તરીકે મલે, તેના કરતાં એક સારી જેવી રકમ એકદમ હાથમાં આવે, તે તેમણે વધારે પસંદ પડયું, અને એક લાંબી રીકઝીક, અને માથાદુખન થયા બાદ, અંતે પાઉંવાળાએ, વીકટોરીયા નાટકશાળાની જમીન ઉપરનો હક, બાકી રહેલી મુદત માટે, ચોકાસ રકમને બદલે ફરામ આપુને વેચ્યો હતો, અને તે મુદત પુરી થયા પછી, નવાં લખત બંને બાજુએ કરી નવેસરથી નવું કામ આરંભવું, એવી ગોઠવણ થઈ હતી.

દાદી ઠુંઠીનું વીકટોરીયા કલબમાંથી પાછું છુટું પડવું.

ફરામજી આપુ હવે દર માસે જમીનનું ભાડું પોતે વસુલ કરવા લાગ્યા, અને કરારની મુદત પુરી થવે, વીકટોરીયા થીએટર, પાંઉવાલાની જમીન ઉપરથી ઉંચકી, હંલમાં જ્યાં તે ઉભું છે, ત્યાં તે ઠરીઠામ થયું હતું. એ મુદત દરમીયાન, વીકટોરીયા નાટક મંડળી બરમાની બાજુએ સફર કરી, પાછી મુંબઈ ફરી હતી. મરહુમ દાદી ઠુંઠી પોતાની રાજીખુશીથી વીકટોરીયા કલબની માલેકી છોડી દઈ મુંબઈમાંજ રહ્યા હતા, અને આગળ લખ્યું છે તેમ, વીકટોરીયા કલબ હવે ત્રણ માલેકોની બની ગઈ હતી. મરહુમ ખ. મે. બાલીવાલા, મરહુમ ડા૦ મનોલ અને મરહુમ ધ. ઘડીઆળી. હવે ત્યાંથી તેઓએ લંડનની સફર કરવાનું કામ શરૂ કીધું હતું, અને વેલાતની સફરથી મોટી નુકશાની ખમી તેઓ પાછા ફર્યાં હતા.

વીકટોરીયા કલબ લંડન ગઈ, અને દાદી ઠુંઠી મુંબઈમાં રહી ગયા. પણ મુંબઈમાં દાદી ઠુંઠી કાંઈ આળસુ થઈ પડી રહ્યા નહી હતા. તેવણે મુંબઈમાં રહી, પારસી નાટક મંડળી, અને બીજી મરાઠા હીન્દુ નાટક કલબોના નાટકો અને સંગીતકાર ખેલાડીઓના ખેલો જોવા માંડયા, અને જુદી જુદી હીન્દુ કલબમાંથી પોતાને મનપસંદ એકટરો ચુંટી, તે લોકને સારા સારા પગારોની આશા આપી, મુંબઈમાં એક નવી કલબ કેમ ઉભી કીધી, અને ઉરદુ નાટકનો શોખ કેવી રીતે લોકોમાં ફાએલો કીધો, તેની જાણવાજોગ હકીકત ઉપર હવે આપણ આવી લાગ્યે છીએ.

[૮૬]

યારો, નાટકના ધંધામાં તમો પડયા નથી, એ ઠીકજ થયું છે. આ ઇંગ્રેજી કહેવત તો તમુને યાદ હશે, કે Uneasy lies the head who wears the Crown. તેમ એક નાટક ટોળીના માલેકને, રાતની ઉંઘ અને દીવસની ભુખ લાગતી નથી! તેની બેતાબી અને બેચેનીનો સુમાર રહેતો નથી.

દાદી ઠુંઠી વીકટોરીયા કલબ છોડી, મુંબઇમાં આવી નીરાતે પંડયો નહી. ફરીથી તેની નજર નાટકના ધંધા ઉપર ગઇ, અને ફરીથી એક નવી કલબ કહાડવાની તે ખટપટમાં પડયો.

બે મરાઠા ખેલાડીઓ—બાલા અને સકીઆ.

દાદી ઠુંઠીની બગલમાં આ વખતે કોઇ એવા 'લેફટનંન્ટ' હતા નહી, કે તેઓ તેને આ વખતે કામ લાગે, અને મદદગાર થઇ પડે. એટલે સાહેબને કહું, કે જે જે કલબો ગ્રાંટરોડ ઉપર નાટકો કરતી હતી, તેના નાટકો જોવા દાદીને પોતાનેજ જવું પડતું હતું, સબબ કોઇ સારા ગાયક ખેલાડીઓ ત્યાં જો નજર પડે, તો તેઓને ઉંચકી લેવા કામ લાગે! એમ કરતાં એક મરાઠા કંપનીમાંથી, બે નવજવાન છોકરાઓ, મરહુમના ધ્યાનમાં આવી ગયા, અને તે બંને છોકરાઓને દાદીએ ઉંચકી લીધા હતા. એ બે છોકરાઓએ પાછળથી હિંદુ નાટક તખતાનું સુકાન એવું તો ફેરવી નાખ્યું હતું, કે નાટક જોનારો દરેક પારસી તેના ગાયનો સાંભળવા એવા તો તલબગાર બન્યા હતા, કે તેમના નાટકોની ટીકીટો જબ્બે નાટક આગમચથી 'રીઝર્વડ' થતી હતી. એ ખેલાડીઓ બાલા અને સકીઆને નામે ઓળખાતા હતા જેઓએ હામાન, બકાવલી, ચતરા વીગેરે સંગીત નાટકો સજીવન કીધા હતા. ખરેખર આ બે હીન્દુ જવાનોએ દાદી ઠુંઠીના કામને બેહદ મદદ આપી હતી. દાદી ઠુંઠી આ વખતે પોતાની ગણત્રીમાં જબરો ફાવ્યો હતો, કેમકે બાલા અને સકીઆની મદદથી મુંબઇ નાટક મંડળીના ખેલો દરેક રીતે ઘણાંજ ફતેહમંદ નીવડયા હતા.

“છોટા દાદી કીરીસ!”

મરહુમ નવરોજી દોરાબજી દીતીયા નામના એક પારસી ખેલાડીના નામની મેં અત્યાર આગમચ નોધ લીધી છે. એ ખેલાડીને નાટક કરવાનો શોખ, બચપણથીજ લાગેલો હતો, પણ તે પુરેપુરો બર પાડી નહી શકવાથી, આગલા લેખમાં લખ્યા પ્રમાણે તેણે નાટક ઉતેજકમાં પ્રવેશ કીધો હતો, અને ત્યાંથી નવરોજી દીતીયા, પારસી નાટક ટોળીમાં શામેલ થયો હતો. જીયાં તેને મનપસંદ મોટા મોટા પાર્ટો કરવાનું ચાન્સ મળ્યું હતું. મરહુમ નવરોજી દીતીયાએ પોતાની નાટકી ઢબછબ મરહુમ દાદી ઠુંઠીના જેવા અખત્યર કરવાની પુરેપુરી નકલ કરી હતી. સ્ટેજ ઉપર ચાલવા હાલવાની, સ્ટેજ ઉપર બોલવા ચાલવાની, સ્ટેજ ઉપર ગાઇને હાવભાવ કરવાની, તેમજ આંખોના ડોળા ચઢાવવા વીગેરે દરેક બાબદની સંપુર્ણ નકલ કીધી હતી, જેથી ગ્રાંટરોડના તમાશબીનો મરહુમને “છોટા દાદી—કીરીસ” તરીકે ઓળખવા લાગ્યા હતા! નવરોજી દીતીયાનું. દાદી ઠુંઠીની નકલ કરવાનું કામ

એટલેથીજ અટક્યું નહી હતું, પણ એક દીવસ મરહુમ નવરોજી દીતીયા, વીકટોરીયા થીએટરમાં એક દહાડો એક દીવાસળી પોતાની સાથે લઇ, મરહુમ દાદી ઠુંઠી પાસે ગયા, અને તેવણના ટેબીયાની લંબાઇ અને ચોહરાઇનું માપ લઇ જણાવ્યું, કે તેવણ પોતાના ટેબીયા તે માપ પ્રમાણે રાખવા માગે છે!!

નવરોજી દીતીયા.



અને તે બાપ પ્રમાણે મરહુમ દીતીવાએ પોતાના ડેબીયા રખાવ્યા હતા, અને રાજા ઇંદ્ર તેમજ અબમેઝાર વીગેરે પાર્ટો, જે દાદી ઠુંઠીની 'ઓરીજીનેલીટી' હતી, તેની નકલ કરી પોતે છોટા દાદી કીરીસ બનવામાં અને લોકો તેને છોટા દાદી કીરીસને નામે ઓળખે અને ઓળખાવે, તેમાં માન અને મગરૂરી સમજવા લાગ્યો હતો.

એ નવરોજી દીતીવાને, દાદી ઠુંઠીએ પોતાનો કામનો સમજી પોતાની નવી કલબમાં સામેલ કીધો હતો.

મરહુમ દોરાબ બજાં.

સુફેદ પાઘડી માથે પેહડી, હાથમાં ચોખ્ખા પાણીનો કલસીઓ લઇ, સહવારના એકાદ બે ઘેર ભણતર ભણી, કોઇ સાહેબની ઓફીસમાં કલાર્ક તરીકે કામ કરતા, અને સાંજ પડતાં પોતાની ઘરે પાછા ફરી, વખત મળતાંજ નાટક ઉતેજક મંડળીના રીહરસલ રૂમમાં જતા હતા. તે વખતના એકટરોના પગાર રૂ ૭) સાત હતા. મરહુમ બજાંને એટલી રકમથી ઘણીજ મદદગાર થઇ પડતી હતી. નાહના નાહના પાર્ટ કરતાં રામ અને સીતાના નાટકમાં, મરહુમ બજાંને રામનો પાર્ટ મળ્યો હતો, અને તે પાર્ટ, માલેકો તેમજ મરહુમ કેખશરૂ કાબરાજીના સંતોષ વચ્ચે ભજવી, નાટક ઉતેજકમાં બજાં પગભર બની, એક આગેવાન ખેલાડી થયો હતો. હવે તેનો પગાર રૂ. ૧૮-૨૦).

હીવાં નાટક ઉતેજકના માલેકોના પાકા સમાગમમાં, બજાં પોતાના બોલકણા અને મળતાવડા સ્વભાવથી આવી પલોટાઇ ગયો હતો. મરહુમની એવી સંતોષકારક સ્થીતી જોઇ, નવલુ મજગામવાલો, (ઉરફે નવરોજી દીતીયો), તેની સાથ ઘણોજ હળમળી ગયો હતો. રફતે રફતે બંને દોસ્તોની મીત્રાચારી એટલી બધી ગાઢી થઇ ગઇ હતી, કે મંડળીના માલેકો તેમજ બીજાઓ મશ્કરીમાં કડક–ટીકા વટીક કરતા હતા. આ મીત્રાચારીનો એક અંજામ એ આવ્યો હતો, કે દાદી ઠુંઠીએ જ્યારે મુંબઇ નાટક મંડળી શરૂઆતમાં ઉભી કરી, અને નવલુ મજગામવાલાને જ્યારે પોતાની ફંદમાં લીધો હતો, અને બીજા લાએક એકટરોને પોતાની સાથમાં રોકવાની ખાએશ જ્યારે મરહુમ ઠુંઠીએ જણાવી હતી, ત્યારે નવલુએ પોતાના આ જની દોસ્ત બજાંની ભલામણ કરી હતી, અને એ રીતે દોરાબ બજાં અને નવલુ મજગામવાલા ઉર્ફે દીતીયા એકજ કલબમાં ઠરીઠામ થઇ પડયા હતા.

એ ઠુંઠીની કલબમાં દોરાબ બજાં ધણાઇને હીરો થયો હતો. કમનસીબે દોરાબ બજાં ગાઇ જાણતો નહી હોવાથી, તેની કીંમત જેવી જોઇએ તેવી સ્ટેજ ઉપર થઇ નહી હતી. પણ દોરાબને દાદી ઠુંઠીએ ગાવાની જબરી કરી, જહાંદલીના નાટકમાં અપંગ બાદશાહનો પાર્ટ આપી, તેની પાસે ગવાડયું હતું.

"અફસોસ આંખોસે દેખાઇ નહી દેતા."

આ ગાયન સઘળાઓની ભારી બબાએબી વચ્ચે, દોરાબ બજાંએ ગાઇ લોકોની કાંઇક પ્રશંનસા મેળવી હતી, એટલે હવે દોરાબ બજાં દાદી ઠુંઠીની કલબમાં એક

માનાર ખેલાડી તરીકે ખપવા લાગ્યો હતો। દોરાબ જીજાંના શરીરનું કદ અને ચેહરાનો ઘાટ, તેમજ તેના હાવભાવ બેશક સ્ટેજને શોભાવે તેવા હોવાથી, તેને આશકના પાર્ટમાં તે ઘણોજ ફાવી નીકળતો હતો.

મરહુમ દોરાબ જીજાં.



મુંબઇ નાટક મંડળીનો એક ભાગીદાર.

ખલીફ અલ રશીદ અરબના વેશમાં નગર ચર્ચા જોવા નીકળેલો.

દોરાબ જીજાં નાટક ઉતેજક છોડી, મુંબઇ નાટક મંડળીમાં સામેલ થયો હતો' જ્યાં તે નવલુ મજમામવાલા ઉર્ફે દીતીયા સાથે સેટ સુધી થંભી રહ્યો હતો. દાદી ઠુંઠીના સમાગમમાં, તેમજ તેની તાલીમ વરસો સુધી લીધા પછી, આ બંને દોસ્તો ધરાકને ઘણાજ અચ્છા ખેલાડી થયા હતા. વળી ભાગીદાર તરીકે દાદી ઠુંઠીએ પોતાની સાથે એ લોકને જોડેલા હોવાથી, પગાર ઉપરાન્ત દર મહીને એ લોક ઘણી સારી રકમ ઉંચકતા હતા. પણ-પણ જેમ હંમેશાં બનતું આવેલું છે, અને બનતું રહે છે, તેમ ઘણેક વરસે એક બીજાંઓ વચ્ચે મતફેરી ભરપા થઇ હતી. અને મરહુમ દાદી ઠુંઠી જેમ કહે છે, તેમ એ મતફેરી ઉભી કરનાર અને કરાવનાર, તથા આ બંને જણોના કાન ભંભેરી તે લોકને ઉશ્કેરનાર, એક ત્રીજો ભાગીદાર હતો, જેની ઉશ્કેરણીથી આ બહુ પુરાણી કંપની, જેણે ગ્રાંટરોડ ઉપર ઉર્દુ નાટકોની હાલત, અને નાટકના

સંગીતની રચીતી સુધારી કલબને કમાતી કીધી હતી, તે એક દાહડો ભાગી જુદો થઇ ગઇ હતી. એ કંપનીના ખેલો જે ઘણા મશહુર થયા હતા, અને બીજી કલબોએ તેના સંગીતનું અનુકરણ કીધું હતું, તે ખેલો હામાન, ગતરા બકાવલી વીગેરે હતા. દાદી ઠુંઠીની અથાગ મહેનતનું તે પરીણામ હતું. વાજીબ જોવું તો એ હતું, કે જેમ નાટક ઉત્તેજકના ખેલો, મરહુમ કેખશરૂ કાબરાજીની રાહબરી હેઠળ એક વરસ સુધીની રીહરસલ બાદ સ્ટેજ થતા હતા, તેમ, અને તેવીજ રીતે દાદી ઠુંઠીના આ ઉરદુ ખેલો, એક વરસની પુરેપુરી તાલીમ પછીજ તે સ્ટેજ થતા હતા, અને સ્ટેજ થયા પછી, તે એક વરસ સુધી 'રન' થતા હતા. તેવી એક ધરખમ કંપની ભાગીદારોની મતફેરી નો ભોગ થઇ ભાગી ગઇ હતી.

મુંબઇ નાટક મંડળી ભાગી ગઇ ખરી, પણ તે નાબુદગીમાં ગળી ગઇ નહી હતી. દાદી ઠુંઠી જુદો પડયો, અને નવલુ મજગામવાળો તથા દોરાબ બજ્જં, તેમજ દીનશા આપુ અને ફરામ આપુએ નવે નામે નવું કામ શરૂ કીધું હતું. તે નવું નામ

ધી પારસી નાટક મંડળી

રાખ્યું હતું, કે જે નામ હેઠળ તેઓએ ચલાવેલી કંપનીમાં પેલી પ્રખ્યાત નાચનાર લતીફા બેગમે ગ્રાંટરોડ ઉપર ધુમ મચાવી હતી.

હું જરાબી નહી ધારતો કે આવી એક ધરખમ કંપની કેવી રીતે ભાગી ગઇ, તેની બારીકીમાં ઉતરવાની જરાબી જરૂર હોય. જો કે તે સઘળી બારીકી ઘણીજ રસીલી હતી, અને મરહુમ દાદી ઠુંઠીએ, પોતાની જીંદગીના પાછલાં વરસોમાં, મારી આગળ તે વીગતવાર દરસાવી હતી, તેમજ મરહુમ નવલુ મજગામવાળાએબી પોતાની ભુલ, પાછલાં વરસોમાં સીકંદ્રાબાદથી જયારે તે મુંબઇ આવી થોડા દીવસ ઠરીઠામ થયો હતો, ત્યારે તેણે મને જણાવી હતી.

અને એવી રીતે મુંબઇની એક જાણીતી નાટક મંડળી, ભાગીદારોની ભુલ અને મગરૂરી ગુમાનીના સબબે ફુટી પડી ગઈ હતી. મરહુમ દીનશાહ આપુ ઘણાજ ઠંડા અને નમાના સ્વભાવના ભાગીદાર હતા. મોટે ભાગે દીનશાહ એક 'પેસીવ' ભાગીદાર હતા. તેવણ આખી કલબના સઘળા ખેલાડીઓના ઘણાજ માનીતા હતા, અને તેઓ સઘળા દીનશાહનો પડયો બોલ માન સાથ માથે ચઢાવતા હતા.

મરહુમ દીનશાહ દાદાભાઈ આપુ.



મુંબઈ તેમજ પારસી નાટક મંડળીના એક ભાગીદાર.
જેવણનું મોત મદરાસમાં, ઘણી જવાન ઉમરે થયું હતું.

[૮૭]

ધી પારસી નાટક મંડળી જે પાછળથી ઓટરોક ઉપર દાદી ઠુંઠીથી જુદી પડયા પછી ઉભી થઇ હતી, તે કંપનીની આ દાદાભાઇ મીસ્રીએ મોટી સેવા બજાવી હતી. એ દાદી મીસ્રી બહુ પુરાણા એક્ટરો માહેલો એક હતો. એ દાદી મીસ્રી તનમાં તેમજ મનમાં બહુ બળવંત અને જોરાવર હતો. એણે પોતાની નાટકી શરૂઆત, પહેલી આલફ્રેડ નાટક મંડળીથી કરી હતી, કે જે મંડળીએ પ્રખ્યાત પરાની ખેલ જેહાંબક્ષના નાટકમાં, ગુલરૂખસારને પોતાની બગલમાં પકડી, હવામાં ઉડી, ગુમ થઇ ગયો હતો! તે ગુમ થઇ જનાર દેવ, એ દાદી મીસ્રી હતો. એજ ખેલમાં એજ દાદીએ બીજો એક પાર્ટ કરી જે નામના મેળવી હતી, તે પાર્ટ જાદુબાજ નામની એક દેવણીનો હતો. એ ખેલમાં દાદીએ પોતાના કામથી જે જાહેરાત મેળવી હતી, તે જાહેરાત મેળવ્યા પછી, દાદી જુદી જુદી કલબોમાં રોકાવા લાગ્યો હતો, અને એવી રીતે દાદીએ પેસ્તનજી કાવસજી સંજાનાએ લખેલા શાહજાદા એરચના પરાની ખેલમાં, શાહજાદા તુરનો ભાગ બજાવી પોતાનું કામ દેખાડી આપ્યું હતું.

દાદી પોતાની જવાનીના વખતમાં કલગી—તુરાના ખ્યાલ ગાનાર એક શોખીન હતો. ખારા કુવા આગળ આવેલી બમનજી ઉસતાદની એક તાલીમમાં, દાદી પોતાના બીજા અનેક દોસ્તો સાથ તાલીમ કરતો હતો, અને ત્યાંથી લાગેલા ગાયનના શોખમાંથી દાદીએ પોતાના ગોઠીઆઓની સાથે, તુરાઓના ખ્યાલો ગાવાનો શોખ ગ્રહણ કીધો હતો. દાદીના ગળા માહેલો મીઠાશ, એટલો મધુર અને કાનને પસંદ પડે એવો હતો, કે કોઇપણ ગાયનનો શોખીન તે સાંભળી મોજ મેળવતો હતો, અને એના મધુર અવાજને લીધેજ, દાદીની કદર અનેક કલબના માલેકો કરતા હતા. પોતાની નાટકી જીંદગીમાં દાદી મીસ્તરી, કદીબી એક કલબમાં ઠીર ઠરી રહયો નહી હતો. મગર જ્યારે નાટકની હાલત બદતર થઇ પડવા લાગી, અને ટીયા—તીયા 'મસાહુમ' કલબો ઉભી થવા લાગી, ત્યારે દાદીએ ધી પારસી નાટક મંડળીમાં ઠરીઠામ થઇ જવામાં મોટું ડહાપણ વાપર્યું હતું.

દાદી એક હાસ્યરસ ખેલાડી તરીકે.

દાદી મીસ્રીને ઘણાંક વરસોની વાત ઉપર, શાહજાદા એરચનો પાર્ટ બજવતા મેં જોયો હતો. તે પાર્ટમાં તુરે પોતાના ભાઇ શાહજાદા એરચનું ખુન કીધું હતું. તે પાર્ટ કાંઇ હાસ્યરસ નહી હતો, પણ દાદીએ તેમાં પોતાની નાટકી શક્તી એવી તો સરસ રીતે દાખવી હતી, કે જોનારાઓ તેથી ખુશી થઇ ગયા હતા.

દાદી જાદુબાજ.

આલફ્રેડ નાટક મંડળીવાળાઓએ કરેલા જેહાંબક્ષ અને ગુલરૂખસારવાળા નાટકમાં, દાદી મીસ્રીએ એક ઓરતનો ભાગ કરેલો, અને મેં તે જોયલો મને હજી યાદ છે. એ પાત્ર એક દેવણી ઓનું હતું, અને તે વાતમાં હસવેખાનની પાસબાન

તરીકે પરસ્તાનના પેશકારોએ તેણીને મુકરર કરી હતી. પોતાની માશુક ગુલરૂખસારને પાછી મેળવવા, જ્યારે જેહાંબક્ષ છ હફતેખાનો ફતેહ કરી સાતમાં હફતેખાન આગળ આવી અટકે છે, ત્યારે આ દેવણી જાદુબાજ જેહાંબક્ષનું રૂપ સરૂપ જોઈ, તેની ઉપર આશક પડે છે, અને જેહાંનબક્ષ તેણીની એવી હાલત જોઈ, પરસ્તાનની અંદર દાખલ થવા પોતાની મરજી જણાવે છે. જાદુબાજ પોતાનો પ્યાર જેહાંબક્ષને જાહેર કરે છે, અને પોતાના મોતની ચાવી જેહાંબક્ષને પ્યારની ધુનમાં સપુરદ કરે છે, અને તેમ કરતાં જાદુબાજ જેહાંબક્ષના હાથ ઉપર પોતાનો જાન ખોય છે.

દાદીએ જુદી જુદી કલબોમાં પોતાનું પાણી એવી તો કામેલીઅતથી દેખાડયું હતું, કે તે ઉપરથી તે એક હાસ્યરસ ખેલાડી તરીકે સાબેત થઇ ચુકયો હતો. એક હાસ્યરસ ખેલાડી કરતાં દાદી એક "ઓલ રાઉન્ડ એકટર" વધારે સરસ રીતે હતો. કેમકે દાદીએ ઇંદ્ર સભામાં રાજા ઇંદ્રનો પાર્ટ, ઘણીજ સરસ રીતે પોતાના સુરીલા અવાજની મદદથી કીધેલો મેં જોયો હતો, તેમજ અલીબીડીની વખતે એજ ઇંદ્ર સભામાં કાળા દેવનો પાર્ટ પણ બજાવેલો હતો. પ્રખ્યાત અલાદીનના ઓપેરામાં મરહુમ દાદી ઠુંઠી જ્યારે અબનેઝાર થતો હતો, ત્યારે એજ દાદી મીસ્ત્રી, તેના મુગા ગુલામ તરીકેનો પાર્ટ કરી, બેઠો બેઠો એક ડજન બીલી ભાલના કેળાં, સ્ટેજ ઉપર તમાશબીન આલમ રૂબરૂ ખાઇ જઇ, હસવાના સખત ભાવટા પાડતો હતો. પણ વખત બદલાતાં એજ દાદી મીસ્ત્રી જ્યારે એજ અલાદીનના ખેલમાં અબનેઝારનો પાર્ટ કરતો હતો, ત્યારે તેમો આગલો રંગરાગ બીલકુલ ભુલી જતો હતો. એના હાસ્યરસ પાર્ટનો એક જાણવાજોગ નમુનો પારસી નાટક મંડળી માટે આધુનીક નાટક લખનાર મરહુમ જમનજી કાબરાજીના એક નાટક દોરંગી દુનીયા મધે બાબકનો પાર્ટ બેશક ઘણીજ કામેલીઅતથી બજાવ્યો હતો. જેવી કામેલીઅતથી એ બાબકનો પાર્ટ મરહુમ દાદી મીસ્ત્રીએ બજાવ્યો હતો, તેવીજ કામેલીઅતથી એ ખેલના કામેલ લખનાર મરહુમ જમનજી કાબરાજીએ તે લખ્યો હતો. મરહુમ જમનજી કાબરાજીનો એ દોરંગી દુનીયાનો નાટક, એક સુંદર કોમીડી હતી, અને તે ઘણીજ સરસ રીતે સ્ટેજ થઇ હતી. મરહુમ દાદી અરપંદીઆરજી મીસ્ત્રીના મરણથી, જમનજીનો એ દોરંગી દુનીયાનો ખેલ પડી ભાંગ્યો હતો. પારસી કલબે દાદી મીસ્ત્રીના મરણથી, એક ઘણોજ કામેલ અને ગોડગીવ એકટર, અને મધુર ગળાબાજ ખોયો હતો, એમાં તો જરાએ સરાહબાત નથી, કેમકે આજસુધી દાદીના મરણ પછી, દાદી જેવો મધુર ગાયક, અને બાહોશ ખેલાડી પારસી સ્ટેજ ઉપર બીજો કોઇ રજુ થયો નથી.

મરહુમ દાદાભાઇ અસ્પંદીઆરજી ગોલી.



એક ઓલ-રાઉન્ડ-એકટર—અને મધુર ગળાબાજ પારસી ગાયક.
વૃધ ઉમરે મુંબઇમા લાંબી હેરાનગતી ભોગવ્યાથી નીપજેલું મરણ.

એદુ કોલેજર!

આ બાહોશ ખેલાડી વીશે નાટકનવેશોને માટે રોકેલી જગ્યામાં હું કાંઇક લખી ગયો છું. એના એક એકટર તરીકેના લક્ષણ વીશે આંતરે ટુંકમાં કાંઇક નોધ ટપકાવી લીધેલી ફોકટ જશે નહી.

મોહલજી મીસ્રી, ઉરફે નાટકી આલમમાં 'એદુ કોલેજર'ને નામે જાણીતો થયલો આ ખેલાડી, જો કે આજ વરસો થયાં ગુજર પામ્યો છે, પણ તેની યાદ જેઓએ તેને એક નાટકી તરીકે સ્ટેજ ઉપર જોયો હતો, અને એક ગાયક તરીકે જેઓએ તેને સાંભળ્યો હતો, તેઓ હજી ભુલી ગયા નથી.

મોહલજી દાદાભાઇ મીસ્રી, ઉરફે એદુ કોલેજર.



એક ફાંકડો લેડી એકટર–નાટક લખનાર અને ઉસ્તાદી ગાયક.

એક ગ્રાંટરોડના સ્ટેજનો માનીતો એકટર.

"આજ કોનસા ખેલ હય."

ટીકીટ વેચનાર શેહરીઆરજી:–અલાદીન–અલાદીન–

"એકુ પાઠ કરેગા કયા?"

શેહરીઆરજી:-હાંરે હા! એકુ પાઠ કરેગા.

"આજકા એક દશ ટીકીટ સેકીન કલાશકા દેગા."

વીક્ટોરીયા થીએટરમાં અલાદીનનો ઓપેરા જ્યારે પેહલવેહલો મુકાયો હતો, ત્યારે, એદુ તેમાં ચીનની શાહઝાદીનો પાર્ટ કરતો હતો. તેમાં એદુના ગાયન ઉપર, એદુના એક્ટીંગ ઉપર, એદુના હાવભાવ અને દેખાવ ઉપર મુસલમાન તેમજ બીજી કોમના તમાશબીનો એવા તો મોહીત પડયા હતા, કે એદુને માટે આવી કીસમની પુછપરછ ચાલુ થતી હતી.

એક્ટરોને ફુસલાવી જવાનો જમાનો!

સ્ટેજ ઉપર ચંચલાઈ અને ચપળાઈથી પાર્ટ કરનારા ખુબસુરત અને દેખાવડા છોકરાઓને જ્યારેથી કોઈ કલબના માલેકો, પોતાની કલબમાં એક્ટર તરીકે રોકતા હતા, ત્યારે તેઓને, નાટકના તે જમાનામાં એક મોટી ફીકર એ પડતી હતી, કે રખે કોઈ હરીફ કલબવાળા માલેકો તેઓને મોટા પગારની લાલચ આપી, પોતાની કલબમાં ઉંચકી જાય! એવી ફીકર અને અંદેશામાં આગેવાન કલબોના માલેકો મોટી ફીકર અને ચીંતામાં પડતા હતા. તેઓએ મોટા મોટા વકીલો અને સોલીસીટરો ઉપરાંત કહે છે કે 'એડવોકેટ જનરલનું' મત પણ એ વીશે લીધું હતું, કે એ બાબદનો અટકાવ કાયદાની રૂએ થઈ શકે એમ હતું કે નહી.

તે વખતની આગેવાન કબલોને એ બનાવની મોટી ફીકર હતી. કેમકે સારા સારા ખેલાડીઓને કોઈથી જોખમે ઉપાડી જવાનો જોખમ, તે વખતે ઘણોજ સાધારણ થઈ પડયો હતો. એવા સંજોગ વચ્ચે નાટકના માલેકો નાટકનો ધંધો કેવી રીતે ચલાવી શકે, તેની ફીકરમાં તેઓ પડયા હતા. મરહુમ કામેલ પારશીઓ શેઠ રૂસ્તમજી મેરવાનજી વકીલ જેવણ રૂસ્તમબાને નામે વકીલ મંડળમાં જાણીતા હતા, અને જેવણ પાછળથી સ્મોલકોઝ કોર્ટના ચીફ જજ વટીક થયા હતા, તેવણ મરહુમ ફરામજી આપુના તેમજ બીજાના નાટકીઓના જાદુકના વકીલ બનેલા હતા. તેવણે એવો રસ્તો દેખાડયો હતો, કે એવી રીતે એક્ટરોને ફુસલાવી જતાં, તમો કોઈને અટકાવી શકો નહીં. એક્ટરો સાથ તમો કાયદા પ્રમાણે બખત કરો, અને તેમાં અમુક રકમની 'ડેમેજીસ' તમે લખો તેની ઉપર તે એક્ટરની સહી લેવો; મગર તે 'ડેમેજીસ' તેના પગારના પ્રમાણમાંજ વકીલોની સલાહ લેઈ નાખવી, એટલે જેથી ધણી તે ખેલાડીને ઉંચકી જાય, તેને પોતાને, યા તો જે ખેલાડી એવી ફુસલવણીને વશ થાય, તેને પોતાને તે રકમ ભરપાઈ કરવાની કાયદો ફરજ પાડે, વીગેરે.

વાંચનાર મહેરબાનો, એ ડેમેજીસનો સવાલ, કાયદાની નજરમાં ઘણોજ બીકટ થઈ પડેલો હતો. ઘણાક ખેલાડીઓ પઈસાની લાલચ ઉપર લલચાઈ, બીજી કલબમાં તેના માલેકોની ફુસલવણીથી ગયા હતા, અને તેના મુકદમા સ્મોલકોઝ કોરટમાં મંડાયા હતા, અને તે ચુકવાયાબી હતા. કોઈ કેસમાં માલેકો ફાવ્યા હતા, તો કોઈ

કેસમાં ઝાલેલો હારયાબી હતો. પણ નાટકના એવા તે જમાનામાં થોડીક એવી ધરપકડ ચાલુ અવારનવાર થયા કરતી હતી, અને તેવી ધરપકડમાં

એદુ ફ્રોસજર પકડો અલાહીબાગીઓ!

તે સપડાયો હતો, પણ વળી પોતાના નવા સાથીઓને હાથ તાળી આપી, ત્યાંથી પાછો પોતાની અસલ નોકરી ઉપર તે ચાલીઓ આવ્યો હતો.

એદુ મીજાજનો જબરો ફાટેલ હતો. તેનો એકજ દાખલો મેં આગલા આંકમાં એકાદ લેખમાં આપ્યો છે. ગુસ્સાના આવેશમાં મારવા કે મરવા એદુ જરાબી બીહતો નહી હતો. સ્ટેજ ઉપર થોડાંક વરસ ખેલાડી તરીકે કામ કરી, તે વખતની ઝોરાસ્ત્રીયન કલબને પારસી સંસારી ફારસો કરતાં જોઇ, એદુને કોઇ નવું જોમ ચહડ્યું, અને ફરામ આપુને જબરી કરી કહ્યું, કે પારસી સંસારી નાટક અગર જો કરશે, તો જરૂર તેમાંથી પાંચ પઇસાનું મોહડું જોશો.

ફરામ આપુએ પોતાનો વીચાર વીરૂધમાં જણાવી કહ્યું, કે "એમા નવાઇ જેવુ શું થશે? પારસીઓ પારસી ડરેસમાં, અને બઇરાંઓ સાડી પોલકા પેહડી, પોત પોતાના પાટ કરી જશે, તેમાં નવાઇ જેવું કાંઇ લાગતું નથી." પણ એદુના ભેજાંમાં તે વાત ઉતરી નહી, અને મરહુમ કેખશરૂ કાબરાજીએ તે વખતે સ્ત્રી-બોધ ચોપાનીયામાં લખેલી

દુખીયારી બચુના દુખના પહાડ

વાળી વાર્તા, પોતે 'ડ્રામેટાઇઝ' કીધેલી, ફરામ આપુને બતાવી, એકવાર તેને સ્ટેજ કરવાની અરજ કરી. ટુંકમાં ફરામ આપુએ એદુનો તે નાટક, એક જોરાવર પારસી 'બેચ સાથ ભેગા મળી, ગેઇટી થીએટરમાં સ્ટેજ કીધો હતો, અને ફરામ આપુ, તેમજ બીજાઓની મોટી અજાએબી વચ્ચે તે દુખીયારી બચુનો નાટક, ઘણોજ વખણાયો, અને ઘણાજ સારા 'હાઉસ' લીધા હતાં. એ સઘળો બેચ પારસીઓનોજ બનેલો હતો. તેમાં બચુનો ખાવીંદ ફરામ આપુ. અને લુચ્ચો લવંગીઓ એદુ ફ્રોસેજર પોતે થયો હતો. એ ઉપરાંત બચુનું પાત્ર એક પારસી ખેલાડી મી૦ ડોસાભાઇ હાથીરામ પોતે થયો હતો. જેના એકટીંગે તે વખતે ઠીક છાપ તમાશબીનો ઉપર મારી હતી. પણ એ ખેલાડી ખરેખર કમનસીબ નીવડ્યો હતો, કેમકે પાછળથી રંગુનમાં એક ખુનના આરોપસર તેની તપાસ ચાલી હતી, અને તેને ફાંસીની સજા થયા બાદ, સરકારની રહેમદીલીથી તેને જનમ દેશનીકાલની સજા થઇ હતી.

પારસી સંસારી નાટકોની પહેલ.

એદુના એ નાટક પછી પારસી સંસારી નાટકોના બાબમાં એક મોટો ફેરફાર થઇ ગયો હતો. પારસી સંસારી નાટકો ત્યાર પછીજ લખાવા લાગ્યા હતા, અને જુદી જુદી નાટક ટોળીઓ, તેવા નાટકો કરવા લાગી હતી. મગર એક વાત નામુકર જઇ શકાય એમ નથી, કે એદુ ફ્રોસેજરના મજકુર નાટક પછીજ એવા નાટકો થયા હતા, અને લખાયા હતા. ખરૂં જોતાં તો પારસી સંસારી નાટકનો જમાનો શરૂ કરનાર એદુ પોતે હતો, અને તેનું માન મરહુમ એદુને ઘટે છે.

એદુએ પોતાની આખી જીંદગી નાટક કરવામાં ગુજારી હતી. તે મીજાજનો જો કે પાજી હતો, પણ સ્વભાવે શોખીન હતો. ગાયનનો તે જબરો પુંજારી હતો. તેનું મોત કલકતામાં નીપજ્યું હતું.

[૮૮]

એક હાથ ઉપર અમીરજાન અને મોતીજાન જેવી પંજાબી ગાયનકાર સ્ત્રીઓ, અને બીજા હાથ ઉપર ખર્શીદા બેગમ જેવી, નાચ કરનારી જ્યારે મુંબઇમાં તે વખતના વીકટોરીયા થીએટરમાં ધુમ મચાવતી હતી; તેજ જમાનાની અતરાફમાં જમીલા નામની એક બગદાદી યાહુદી સ્ત્રી, એરબ્બે થીએટરમાં ઇંદરસભામાં સબ્જ પરીનો પાર્ટ ગાઇ અને નાચી બજાવતી હતી; વળી તેવે સમે 'છટાક'ના ખાડ નામથી જણાવતી એક મશહુર ગુણીકા પોતાની વૃંદમાં પોતાના જેવીજ નાચનારી એક ગાનારી સ્ત્રીઓને એકઠી કરી, ઇંદરસભા નાચી-ગાઇ સ્ટેજ કરવા બાહર પડી હતી. એ સઘળી ધુમધામની ખબર ઉડતી હવા બગદાદ જઇ પુગતાંજ, અફવા યા હકીકત છે, કે એક યહુદી સ્ત્રી એવીજ ફીલમનો ધંધો કરવા, બગદાદથી મુંબઇ આવી, ગ્રાંટરોડના નાકા ઉપર આવેલી ગોળ પીઠાંવાળી મીલકતની અતરાફમાં આવેલા, ત્રણ માળવાળા એક ઘરને ત્રીજે માળે આવી મુકામ કરી ઠરીઠામ થઇ પડી હતી.

બગદાદી યહુદી સ્ત્રીની કાંહાંણી!

મુંબઇની ગાયનકાર સ્ત્રીઓમાં, તે વખતે જમીલાની તારીફ હદબાહર થઇ રેહી હતી. મગર તેના કામને પસંદ કરનાર અને તેના નાચ ગાયનને માટે પઇસા આપનાર તમાસબીન આલમનો એક ચોક્કસ વર્ગ હતો, જે જમીલાને જોવા અને તેણીને જોઇને ખુશી થવામાં મોટું સુખ સમજતો હતો. આ જમીલાએ મરહુમ નવરોજી ગોળવાળા ઉરફે નવલુ-પરી નામના એક નાટકીએ કહાડેલી 'ધી લેડીસ એન્ડ જેન્ટલમેન થીએટ્રીકલ કલબમાં નોકરી મેળવી હતી. બાઇ સાહેબ, આ જમીલા બેગમ અને નવલુ-પરીનો નાટકને લગતો કીસ્સો ઘણો લાંબો હોવાથી, હું તે અતરે રજુ કરી શકતો નથી, પણ એટલું તો ખરૂં કે નવલુ-પરીને, આ જમીલાના નાટકોથી ઘણી સારી આવક થઇ હતી. જમીલાની તારીફ ચોમેર ફેલાઇ જવાથી, કહે છે કે બગદાદથી એક યાહુદી ઓરત જે ગાયન-વાદનમાં પુરવીણ હતી, તે મુંબઇમાં નાટકનો ધંધો ચાલુ કરવા, પોતાની સાથે બે નફરાનીઓને લઇ, ગોળપીઠાંવાળી 'સોસાઇટી' ઉપર આવી તેણીએ ત્યાં પોતાનું મુકામ કીધું હતું. આ ત્રણ યાહુદી સ્ત્રીઓનો આખો તાએફો, દેખાવમાં તેમજ કદમાં નાટકના કામને લાએકનો હતો. તેણીએ મુંબઇમાં આવતાંજ નાટક કંપની ઉભી કરવા પોતાના આડતીઆઓને ગામેર એકટરો મેળવવા, અને તેઓને લઇ આવવા છોડયા હતા. નાટકના ધંધાથી નાવાકેફ હોવાને લીધે, આ બગદાદની યહુદી સ્ત્રીને મુંબઇના ઘણાક ખડખડ પાંચમ ખેલાડીઓ, પગારદાર રહેવાની કબુલાત આપી, થોડાક રૂપીઆ આગ ઉપર લઇ હવા થઇ ગયા હતા.

અને સાહેબને કહું કે, જે વખતની હું આ હકીકત લખું છું, તે વખતે એવો રેવાજ નાટકના ખેલાડીઓમાં મોટે ભાગે જાઈજ હતો, કે કંપનીમાં સામેલ થવાનું લખત થતાંજ તેઓ એકાદ–બે મહીનાના પગાર માલેક પાસથી આગ ઉપર લઈ લેતા હતા, અને સારા ખેલાડીઓની મોટે ભાગે અછત હોવાને લીધે, નાટક કંપનીના માલેકો તે રકમ તેવા ખેલાડીઓની લાએકાતને આધારે તેઓને આગ ઉપર આપતા હતા.

ડોસુ હાથીરામ ડીરેક્ટર તરીકે.

એક દહાડો રાત્રે વીક્ટોરીયા થીએટર ઉપર મને કોઈએ આવી ખબર આપી કે બગદાદવાળી યહુદી બેગમની કલબમાં ડોસુ હાથીરામ તેના ડીરેક્ટર તરીકે રહ્યો છે, અને લખત પણ થઇ ગયું છે. ખરી યા ખોટી વાત ગમે તે હોય, પણ વળી બીજા કોઈએ આવી ખબર આપી કે, રૂપીયા દોઢસોના પગારે નક્કી થઇ ગયું, અને પગાર પેટે રૂ. ૫૦૦) આંગ ઉપર પણ લીધા. આ વાતને વળતે દીવસે મુનશી ઝરીફે ટેકો આપ્યો હતો, કેમકે ઝરીફે લખત ઉપર ગવાહ તરીકે સહી કરી હતી.

ડોસાભાઈ હાથીરામ એક ફાંકડો એક્ટર તેની જવાનીના દીવસમાં હતો. એદુ કાલેજરે લખેલા 'દુખીઆરી બચુ'ના નાટકમાં, બચુના પાત્રમાં તેણે જે કામ કીધું હતું, તે પછી તેની તરફ નાટકવાળાઓનું ધ્યાન ખેંચાઈ રહ્યું હતું, અને મને માનવાને કારણ મળે છે, કે મુનશી ઝરીફે એ નાટું ખેલાવ્યું હતું, કેમકે ઝરીફ એક શાએર હતો, અને તે જાતે મુસલમીન હોવાથી, તે દરએક નાટક કંપનીવાળાઓની સાથે સંબંધ રાખતો હતો. જવાનીના દીવસોમાં ડોસાભાઈ ફટાકો અને દેખાવડો હતો, અને વળી કદમાં પણ તેવોજ હોવાથી બગદાદી બાનુની નજરમાં તે ઠસી ગયેલો હોવો જોઇએ. પણ મીયાં ઝરીફ ડોસાભાઈનો ગવાહ થવાની વાત ના પાડી હતી.

ડોસાભાઈ હાથીરામ નાટકી આલમમાં ડોસુ હાથીરામને નામે ઓળખાતો હતો. મુંબઈમાં રહી કોઇ કંપનીમાં તે પોતાનું કામ સ્ટેજ ઉપર દેખાડે, તે આગમચ ખબર મળી, કે પેલી બગદાદી યાહુદી બેગમ, પોતાની જમાવેલી આખી કલબ લઇ, રંગુન ઉપડી ગઇ હતી, અને ડોસુ હાથીરામ પણ તે કલબના મેનેજર અને ડીરેક્ટર તરીકે ઉપડી ગયો છે.

ડોસુ ગયો તે ગયો! લાંબી મુદત સુધી એ કલબની કાંઈબી હીલચાલ મુંબઇમાં કોઈને જણાઇ નહી હતી. પણ ડોસુની સારજતે ડોસુને છોડયો નહી! મીયાં ઝરીફ કેહતો હતો કે ડોસાભાઇ રંગુનમાં ઠરીઠામ થઇ ગયો છે, અને હવે તે મુંબઇ આવે એવું લાગતું નથી! પણ એક દહાડો સાંજના મને એવી ખબર મળી કે,

ડોસુ હાથીરામને રંગુનમાં ફાંસીની સજા

ત્યાંની હાઇ કોરટની સેશનમાં થઇ હતી, અને રંગુનના પારસીઓએ તેની સજામાં ઘટાડો કરવા માટે નામદાર વોઇસરોયને એક અરજી કરી છે, અને તે અરજી ઉપર, કલકતા અને મુંબઇની પારસી કોમોએ સહી કરવી છે. આ અરજની એક નકલ મારા જોવામાં આવી હતી. અને એવી રીતે સહી કરેલી અરજી નામદાર વાઇસરોય ઉપર ગઇ હતી, અને

તે અરજીના છેવટના પરીણામમાં, ડોસાભાઇ હાથીરામને થયલી ફાંસીની સજાયા, નામદાર વાઇસરોયે ઘટાડો કરી જનમ દેશનીકાલની સજા ફરમાવી હતી. આ ફાંસીની સજા માટે કેહવામાં આવ્યું હતું, કે જે જમદાદી યહુદી ઓરતની સાથ ડોસુ તેની કમપનીનો મેનેજર અને ડીરેકટર બની રંગુન ગયો હતો, તે યાહુદી ઓરતનું ડોસુએ ખુન કીધું હતું, અને તેણીને થયલા જખમથી તે રંગુનમાં મરણ પામી હતી!

આ જનમ દેશનીકાલની સજા, ઘણાક વરસો સુધી કમનસીબ ડોસુએ ભોગવી હતી, અને સગાંવહાલાં, તેમજ નાટકી આલમના ધ્યાનમાંથી ડોસુ હંમેશનો નાબુદ થઇ ગયો હતો. એમ કહો તો ચાલે, કે નાટકવાળાઓ તેની તમામ હસ્તી ભુલી ગયા હતા. પણ તેવામાં થોડાંક વરસોની મુદત ઉપર થયલા સરકારી માંગલીક પ્રસંગ ઉપર, ડોસુને તેની સારી ચાલચલન, અને ભલા ગુણોને માટે, તેને છોડી મુકવામાં આવેલો હોવાથી, તે મુંબઇમાં આવી પાછો ઠરીઠામ થયો છે.

મેહરબાન આગા!

ડોસુ હાથીરામનો એક મોટો ભાઇ મેરવાનજી નામનો હતો, અને તે મીલમાં વીટર-ટરનરની નોકરી કરતો હતો. આ મહેરબાન, પેહલવહેલો પેલા ડોસુ ધાભરને ત્યાં ખેલાડી તરીકે સ્ટેજ થયો હતો. મેહરબાન સારા અને મળતાવડા સ્વભાવનો ખેલાડી હતો. પણ ડોસુ ધાભરની કલબ ભાંગી પડયા પછી, મેરવાન આંટરોકની જુદી જુદી કલબોમાં સામેલ થયો હતો, અને ત્યાં જુદી જુદી કલબોમાં પરચુટણ પારટ કરતો હતો. પણ મેરવાન એક ખાસ કેરેકટર જે કરતો હતો, ભીંડી બજારના આગાઓની ખાસ નકલ કરતો હતો. એ ઉપરથી એ ખેલાડીનું નામ મેહરવાન આગા પડયું હતુ. અને એ કેરેકટર, જ્યારેબી કોઇ ખેલમાં તેનો લખનાર સામેલ કરતો, ત્યારે તે મેરવાન આગાને હંમેશાં યાદ કરીનેજ લખતો હતો.

ફેનસી બોલ.

એવે નામના એક રમુજી ફારસ, જે મરહુમ કુંવરજી નાજરે પોતાની એલફીન્સ્ટન કલબને માટે ખાસ રચેલો હતો, તેમાં મરહુમ મેરવાન હાથીરામને, એક એવીજ કીસમનો ઇરાની મગોલનો પારટ આપ્યો હતે. એ પારટમાં મેરવાન આગાને નીચલી બે લાઇનો ગાવા માટે આપી હતી, જે મેરવાને ગાયલી મને હજી યાદ છે.

"જુન નઉબતે શાદી, જશ્નાસત મુબારક,
મુબારક કરીમે કેરદેગાર હો."

મેરવાન આગા એક કોમીક ખેલાડી હતો. અને એવા એવા કોમીક પારટ અનેક ખેલોમાં કરાવા છતાં, છેવટ સુધી, તે મેરવાન આગા તરીકેજ ઓળખાઇ ગયો હતો.

[૮૯]

નાટકનો મામલો જેવો દોરદમામ અને ટેકમાં અત્યાર આગમચ ચાલતો હતો તેવો તેનો ટેક અને દોર હવે રહયો નહી હતો. હવે તેના જોનારાઓ તેમજ સાંભળનારાઓ આગળના જેવા રહયા નહી હતા. હવે તેના મોઘા ડાટ આગળ જેવા ટીકીટના ભાવો રહયા નહી હતા. હવે બુધ અને શનીવારની રાતો ઉપરાંત, રવીવારની બપોરના નાટકો થવાની શરૂઆત થઇ હતી. ગ્રાંટરોડ ઉપરની નાટકશાળાઓમાં હવે ઉરદુ નાટકો થવા લાગ્યા હુતા. પારસી સંસારી નાટકો તો કોટમાં આવેલી નાટકશાળાઓમાંજ થવા જોઇએ, એવું સામાન્ય મત હતું, કેમકે પારસી કુટુંબો કોટ, કોલાબા, ધોબીતલાવ, વીગેરેમાં રેહતા હતા.

આલબત્તાં આ બધો ફેરફાર કાંઇ એકદમ કે એકાએક થઇ ગયો નહી હતો. મગર એવો ફેરફાર ધીમે ધીમે થતો જતો હતો, એ તો બેશક ખરી બીના હતી. અને સાહેબને કહું કે એ ફેરફારની શરૂઆત ઇ૦ સ૦ ૧૮૭૧ ના વરસથી ઘણીજ ધીમે ધીમે થવા લાગી હતી.

સુનાના સુલની ખુરશેદ

એવા નામનો એક નાટક મરહુમ એદલજી જમશેદજી ખોરીએ ગુજરાતી જબાનમાં વીકટોરીયા કલબ માટે લખ્યો હતો, અને તેનો ઉરદુ જબાનમાં તરજુમો મરહુમ કાબેલ કલમઝન બેહરામજી ફરદુનજી મરઝબાને કીધા પછી, વીકટોરીયા નાટકવાલાઓએ તે સ્ટેજ કીધો હતો. એ નાટક થયો તે દીવસથીજ જુદી જુદી નાટક કંપનીવાલાઓને તેનું અનુકરણ કરવાનું સુઝ પડયું હતું, અને આજે તેનો આખેરી અંજામ તમાશબીન આલમથી છુપો રહયો નથી.

પણ નાટકોની દુરદશા આવી પડવાનો દોષ, કોઇબી અમુક નાટક ટોળીને ગળે ઠોકી શકાય એમ નથી. જુદી જુદી મંડળીઓ જેમ જેમ વખત જતે નીકળતી ગઇ, તેમ તેમ તેઓ એ દશાનાં વળાંમાં વીંટળાતાજ ગયા હતા. પરંતુ એટલું તો કહેવું જરૂરતનું છે, કે નાટકની પડતીની જે શરૂઆત થઇ હતી, તેનો દોશ મરહુમ દાદી પટેલ, અને કુંવરજી નાઝરને લાગુ પાડી શકાય એમ છે.

કાઉ ખટાઉની મોટામાં મોટી ઉમેદ!

દાદી પટેલ વીકટોરીયા કલબ લઇ આઇંદે સુખી થયો નહી હતો. કુંવરજી નાઝર પણ એલફીનસ્ટન કલબનો એકલો માલેક થઇ, લક્ષાપતી થયો નહી હતો. આલફ્રેડ નાટક મંડળીનું સુકાન, કાવસજી ખટાઉ પોતાના હાથમાં લઇ બેઠો હતો, પણ તેની અંદર જોઇતી લાયકાતની ગેરહાજરીને લીધે, એ આલફ્રેડ મંડળીના ધરખોરખી દીલા પડતા ગયા હતા! મગર જબરો ભાગ્યશાળી એ કાઉ ખટાઉ! નાટકના ધંધામાં તેને ઘણીક વાર પડતી અને ઘણીક વાર ચઢતી જોઇ હતી. પરંતુ મરતી

વખતે એ ધંધામાં તેણે પોતાની આબાદી અનુભવી હતી, અને એક બાદશાહી રકમનું ત્રસ્ટ કરી, તે મરણ પામ્યો હતો.

ખટાઉના મનમાં એક મોટામાં મોટી ઉમેદ એ હતી, કે વીકટોરીયા કલબના માલેક ખરશેદજી બાલીવાળાનો હું ભાગીદાર બની, વીકટોરીયા જેવી એક મહાન કલબનો હું માલેક કહેવાઉં. અને એ તેની ઇચ્છા બંને પાર પડી હતી. ખટાઉ અને બાલીવાળા બંને ચોકકસ શરતોએ ભાગીદારીથી જોડાયા હતા. બંને જણાઓ બખત કરી એક બીજાના ભાગીદાર બન્યા હતા. આલફ્રેડ નાટક મંડળી ખેલો કરતી બંધ પડી હતી, અને વીકટોરીયા કલબ પોતાના નાટકો નોવેલટીમાં કરવા લાગી હતી. પણ—પણ ખટાઉ જે ઉમેદથી વીકટોરીયા કલબનો ભાગીદાર થયો હતો, તે તેની ઉમેદો બીલકુલ પાર પડી નહી! કેમકે બાલીવાળાના ચોકકસ ખેલાડીઓએ ખટાઉની ઉમેદોનો નાશ કરવાની યુકતીઓ ચલાવી હતી, અને તેના પરીણામમાં એ કંપનીના ધરોહર ઢીલા થવા લાગ્યા હતા, અને છેવટે એ બંને કંપનીઓ પોતાની ભાગીદારી છુટી કરી તેઓ જુદા પડયા હતા.

મરહુમ કાવસજી પા. ખટાઉ.



આલફ્રેડ નાટક મંડળીના એકલા માલેક.

રફીક મહેરબાન, કાવસજી ખટાઉ અને ખુરશેદજી બાલીવાળા, એ બંને જણાનું જોડાણ કેમ થવા પામ્યું, તે વાત ઘણી લાંબી છે. વળી તેમાં વચ્ચે પડેલા પાત્રો બંને

બાજુને સારી રવેશ ઓળખતા હતા, અને તેઓ એકબીજાની રીતભાત અને ખવાસ જાણતા હોવાથી, એ જોડાણથી તેઓએ કાંઇ ઝાઝી આશા રાખી નહી હતી. તે મીત્રો મરહુમ સોરાબજી ઢોંડી, અને મરહુમ અરદેશર ઉનવાલા સોલીસીટર મુખ્ય હતા. એ બીના બહુ લાંબી છે, એટલે તે અત્રે રજુ કરવી નકામી માની અત્રેજ પડતી મુકવી પડે છે. પણ જે એકદરે, એ ભાગીદારીનું જોડાણ થયા પછી, તેને વખોડવાની, અને બંને ભાગીદારોને છુટા પાડવાની જે પ્રપંચી હીકમત રચી. ધીમી સુરંગ ચલાવી હતી, તે સુરંગ અંતે સળગી ઉઠી હતી, અને આ બંને કલબના માલીકો રાજીખુશીથી પાછા છુટા પડયા હતા.

છુટા પડેલા હરીફોના ખાલેસ દીલની ગવાહી.

તો પણ નોંધ્યા વગર ચાલતું નથી, કે કાવસજી ખટાઉનું દીલ, બેશક ખાલેસ અને કોઇ પણ જાતના દવેશ રહીત હતું. અને તેમજ ખુરશેદજી બાલીવાલા વીશે પણ જાણવું જરૂરતનું છે, કે વેરનો બદલો વેરથી, અને ઝેહરનો બદલો વધતા ઝેહરથી લેનારો તે પારસી નહી હતો. આવા ખાલેસ ગુણોથી ભરપુર હોવાને લીધેજ, બંને જણા એક બીજાને પેહલી તક મલવે, તેનો ઉપયોગ કરવાને તેઓ ચુકતા નહી હતા. કદીબી તેઓ અરસપરસ એક બીજાને નુકશાન કરવા સેહજબી રાજી નહી થતા હતા, અને એક કમ્પનીનો ખેલાડી, બીજી કમ્પનીમાં અગર જો નોકરી રેહવા આવતો, તો તેઓ તુરતજ એક બીજાની મરજી પુછાવી, કામ લેતા હતા.

‘ખશરૂ બાલીવાલાની’ બેનીફીટ નાઇટ.

બાલીવાળાના દોસ્તો હંમેશ તેની મુશ્કેલીમાં તેની પડખે રેહતા હતા. દર મુશ્કેલીમાં તેઓ બાલીવાળાને પોતાની સલાહ આપી તેને સીધે રસ્તે દોરવતા હતા. એવા એ દોસ્તોમાં મુખ્ય કરી, મી૦ અરદેશર માદન (સોલીસીટર) મરહુમ અરદેશર ઉનવાળા (સોલીસીટર) અને મરહુમ સોરાબજી ધોંડી હતા. બાલીવાળા આ મીત્રોની આગળ પોતાના બેદબરમની વાતો સેહજબી છાની રાખતા નહી હતા, અને તે જાણતાંજ, આ મીત્રો બાલીવાળાની મુશ્કેલી દુર કરવાની સુચના કરતા, અને બની શકે તો તે સુચનાઓ અમલમાંબી મુકતા હતા.

એક પ્રસંગે, આ મીત્રોએ બાલીવાળાની મુઝવણ દુર કરવા, એવી સુચના કીધી કે બાલીવાળાને એક ખાસ બેનીફીટ નાઇટ આપવા અપાવવાની હીલચાલ કરવી. આ હીલચાલ એકમતે પાર પાડવાનું કામ મરહુમ સોરાબજી ધોંડીએ માથે લીધું હતું. અને સાથે એવી પણ સુચના કીધી, કે ખટાઉ કમ્પનીના બાહેંવાન ખેલાડીઓને પોતાનો હીસ્સો એ કામમાં આપવાનું બને, માટે ખટાઉને પણ સમજાવી તેની સામેલગીરી લેવી. બે કમ્પની સાથે મળી પોત પોતાના પાર્ટ કરે, તો તેથી તમાશબીનોનું જબર ખેંચાણ થશે, એવું ધારી મરહુમ સોરાબજીએ ખટાઉને સમજાવવાનું કામ માથે લીધું હતું.

સોરાબજી ધોંડી અને શાપુર ભેદવાર.

મરહુમ શાપુર ભેદવાર, તે વખતે ખટાઉને સીનસીનરીના ખાતામાં કાંઈક સુચના કરવાના કામમાં રસ લેતો હોવાથી, સોરાબજી ધોંડીની આ સુચના અમલમાં મુકાય તેના કરતાં એક ઘણીજ મોતેબર સુચના મરહુમ ભેદવારે કીધી હતી. અને તે સુચના એ હતી, કે આખી આલફ્રેડ મંડળીના ખેલાડીઓ સામેલ થઇ કામ કરે, તેના કરતાં ફક્ત વીકટોરીઆ કલબ ગોપીચંદનો ખેલ કરે, અને એ ખેલમાં મીસ મેરી ફેન્ટન જોગણનો પાર્ટ કરવા બહાર પડે, અને લોટન તરીકે ખટાઉ પોતે પોતાનો પાર્ટ સ્ટેજ કરે।

આ સુચના બન્ને એટલી કાચી-પાકી હતી, પણ સોરાબજી ધોંડીને તે ઘણીજ ગમી, અને તે ઉપર તુરતજ અમલ કરવાનો ઠરાવ વીક્ટોરીઆ કલબના માલેકે કીધો હતો. મીસ મેરી ફેન્ટનને માટે જોગણને લાયકની એક ફાંકડી અને આકરશીત 'કોસ્ચુમ' બનાવવામાં આવી હતી. જાહેર ખબર મસાલેદાર રૂપથી ભરી, જાહેર છાપાઓમાં છપાઇ હતી, અને આ પ્રસંગને દીપાવવામાં કંઇબી કચાસ રાખવામાં આવી નહી હતી. પરીણામમાં ખાલીવાલા લોટન તરીકે, અને મીસ મેરી ફેન્ટનની જોગણ તરીકે, ગોપીચંદના ખેલમાં સ્ટેજ ઉપર ઉતરી એક બીજાની ગોયા કસોટી કરતા હોય, એમ દેખાતા હતા.

મીસ મેરી ફેન્ટન.



ગોપીચંદના ખેલમાં જોગણ તરીકે.

આ બેનીફીટ નાઇટની આવકમાંથી એક ધરખમ રકમ મળી હતી, અને તે રકમ મરહુમ બાલીવાળાને સ્વાધીન તેજ રાતે કરવામાં આવી હતી. બાલીવાળાના લાભ માટે આ કંઈ એકજ નાટક થયો નહી હતો. એવા એવા અનેક નાટકો બાલીવાળાના લાભ અર્થે ત્યાર પછી થયા હતા, પણ તેથી બાલીવાળાની ભુખ ભાગી હોય એવું જણાયું નહીં હતું.

પણ આ બેનીફીટની કહાણી રંગબેરંગી પ્રકારની છે. તે કંઇ આજના વખતમાં ઉભી થતી બેનીફીટોની કહાણી જેવી નહી હતી. આગલા વખતની કલબોમાં સામેલ થતા એકટરો, ફકત પોતાના શોખ, અને નાટકના કામને ઉત્તેજન આપવાની મતલબથીજ સામેલ થતા હતા. તેઓની સાથે પ્રથમથીજ એવો કરાર થતો હતો, કે મોસમની આખેરીએ એકટરોના લાભ માટે એક ખેલ થશે, અને તે ખેલની તમામ આવક, તે ખેલમાં કામ કરતા એકટરોને તેમના કામના પ્રમાણ પ્રમાણે વહેંચી આપવામાં આવશે. અને તે ગોઠવણ પ્રમાણે એક 'બેનીફીટ નાઈટ' થતી હતી, અને તેની આવકમાંથી એકટરોને તેમના હક પ્રમાણે મળતું હતું.

પણ આ 'બેનફીટ' શબ્દનો અર્થ આજના વખતમાં જેવો ધનપરસ્તીમાં' આવી પડયો છે, તેવો નાટકના તે જમાનામાં, તે કદીબી લેવાયલો નહી હતો.

(૯૦)

એકટરોને બેનીફીટ નાઈટ આપવાનો રેવાજ, તેના કામ અને હોશીઆરીની કદરદાનાથી ને આધારે, કલબના માલેકો પોતાની રાજીખુશીથી આપતા હતા, અને કેટલાક 'કેસ'માં કરાર પણ થતા હતા, કે વરસની આખરીએ, યા તો લખતમાં ઠરાવેલી મુદત પુરી થતાં એક બેનીફીટ અપાતી હતી. એ 'બેનીફીટ' કાંઈ દરેક ગવેલાવ-નબેલાવ એકટરને આપવામાં આવતી નહી હતી. પણ એવી કીમતની બેનીફીટ નાઈટ લેવાનો અને આપવાનો રેવાજ, પાછલાં સાલોમાં કલબના માલેકોએ બંધ કીધો હતો, કેમકે પગારદાર ખેલાડીઓ રાખવાનો રેવાજ કલબના માલેકોએ ચાલુ કીધો હતો. છતાં આજેબી એ 'બેનીફીટ'નું હટીમ જોવામાં આવે છે.

ધી પારસી નાટક મંડળીનું સેવટ.

ઈ૦ સ૦ ૧૮૫૪ ના સાલમાં, પારસીઓમાં નાટક કરવાનો શોખ પેહલવેહલો થયાથી, મરહુમ પેસ્તનજી ધનજીભાઈ માસ્તર નામના એક કેળવાયલા ગ્રહસ્થે, એક નાટક મંડળી ઉભી કરી, તેનું નામ પારસી નાટક મંડળી આપ્યું હતું. એ મંડળીમાં પેસ્તનજી માસ્તર પોતે એક એકટર તરીકે જોડાયા હતા. એ વશે હું મારા આગલા લેખોમાં અનેક જગાએ ઈશારો કરી ગયો છું. તે પારસી નાટક મંડળી, ઈ૦ સ૦ ૧૮૬૭ ના સાલમાં જ્યારે મરહુમ કેખશરૂ કાબરાજીએ વીકટોરીઆ નાટક મંડળી પેહલીવેહલી સ્થાપી, ત્યારે યા તેની આગમચ બંધ પડી હતી, કેમકે કેખશરૂએ સ્થાપેલી વીકટોરીઆ કલબમાં, મજકુર પેસ્તનજી માસ્તર તેના ડીરેકટર તરીકે નેમાયા હતા. તે પારસી નાટક મંડળીની યાદ 'આ નવી પારસી નાટક મંડળીના માલેકોને પડવે, પોતે સ્થાપેલી મંડળીને તેજ નામ પાછું આપી, તે મરણ પામેલા નામને સજીવન કીધું હતું. એ બીજીવાર ઉભી થયલી પારસી નાટક મંડળીના માલેકોના ફોટોગ્રાફો, મેં અત્યાર આગમચ રજુ કીધા છે. પારસી નાટક મંડળીએ એક લાંબી મુદત સુધી પોતાના ખેલોથી સારી નામના મેળવી હતી. સારી આમદાની પણ કરી હતી. પણ અંતે ગયા લેખમાં જણાવ્યા પ્રમાણે, કોઈ કોઈ ઠેકાણે એ મંડળીના માલેકો વચ્ચે બેદીલી ફેલાયાથી અંતે તે પડી ભાગી હતી. એ પારસી નાટક મંડળીમાં ઘણાક પારસી ખેલાડીઓ એવા હતા, કે જેઓએ એ પારસી નાટક મંડળીના ઉરદુ તેમજ પારસી સંસારી ખેલોને ઉંચાઈ આપી, કંપનીને કમાતી કરી હતી. એ કંપનીનો એક અતી ઉપયોગી પારસી ખેલાડી, જે પોતાની ગાયનકળા ઉપરાંત પોતાની દેખાવ અને શરીરના બાંધા માટે વીખ્યાત હતો, તે નશરવાનજી વીરજીને નામે તમાશબીન આલમને અચ્છી રીતે જાણીતો હતો.

મરહુમ નશરવાનજી વીરજી.



પ્રખ્યાત પારસી 'બેરીટોન' ગાયક.
મુંબઈ અને પારસી નાટક મંડળીનો આગેવાન એકટર.

ધી પારસી નાટક મંડળીને સારે નસીબે ઘણાક કાબેલ એકટરો એવા મળી ગયા હતા, કે તેઓની નાટકી કાબેલીઅતના પ્રતાપે, મંડળીના ખેલો ઘણી સારી રીતે સ્ટેજ થતા હતા. તેમજ એ મંડળીના સારે નસીબે એવા બે કાબેલ નાટક લખનારાઓ એ લોકને હાથ લાગ્યા હતા, કે તેઓના નાટકોથી મંડળી, પોતાની બારીક હાલત હોવા છતાંબી સારી કમાણી કરી રહી હતી. એ બે નાટકનવેશો માંહેલો એક મરહુમ ખમનજી ન. કાબરાજી હતો, જેને દોરંગી દુનીયાને નામે લખેલો નાટક, એ કંપનીએ ઘણી ફતેહમંદીથી રજુ કીધો હતો. બીજો ફતેહમંદ નાટક લખનાર તે ભાઇ જેહાંગીર નશરવાનજી પટેલ હતો, (જે હજી હયાત છે), જેણે ફાંકડો ફીતુરી નામે એક હાસ્યરસ નાટક એ મંડળીને આપ્યો હતો. એ નાટક પારસી સંસારી હતો, અને તે તમામ હાસ્યરસ હોવાને લીધે, પારસી તેમજ બીજી કોમોના તમાશબીનોમાં, ઘણીજ સારી રીતે વખણાયો હતો. મી. જેહાંગીર પટેલ, સાહીત્યના શોખીનોને આજે પણ 'ગુલફામને' નામે જાણીતા છે.

પારસી નાટક મંડળીનું સેવટ.

આ પારસી નાટક મંડળી મુંબઈની આલમને ઘણીજ પ્યારી થઇ પડી હતી. તેની હસ્તી દરમ્યાન તેણે ઘણાક સારા સારા ઉરદુ તેમજ પારસી સંસારી નાટકો

મુંબઇના વીકટોરીઆ થીએટરના તખ્તા ઉપર રજુ કીધા હતા. પણ કમનસીબે એ મંડળીના એક આગેવાન ભાગીદાર ફરામજી દાદાભાઇ આપુ, મુંબઇમાં ગુજર પામ્યા હતા, અને બીજા એક ભાગીદાર દીનશાહ આપુ મદરાસમાં ગુજર પામ્યા પછી, એ મંડળીનું જોર ઘણુંજ નબળું પડી ગયું હતું. એવે સમે, આ મંડળીની તમામ માલમીલકત અને નાટકો વગેરે વેચી નાખવાની હીલચાલ શરૂ થઇ હતી, અને તેમ થતાંજ એ મંડળીની તમામ માલમીલકત, તેના સઘળા નાટકો, સીન સીનરીઓ, કલકત્તાવાળા જે. એફ. માદનની કંપનીએ ખરીદી લીધાં હતાં, અને એ રીતે મુંબઈની એક જાણીતી નાટક મંડળી સદાની ખતમ થઇ ગઇ હતી.


ખરશેદજી બાલીવાલાના કેટલાક વફાદાર એકટરો.

રૂસતમ સચીન.



વીકટોરીઆ કલબનો એક 'ઓલ-રાઉંન્ડ' માનીતો એકટર.

રૂસતમ સચીન.



સ્ત્રીના પાર્ટમાં.

ધી વીકટોરીઆ નાટક મંડળીનું સેવટ.

કોઇ ઘણુંજ સારે અને શુભ ચોઘડીએ સ્થાપેલી, આ વીકટોરીઆ નાટક મંડળી ઇ. સ. ૧૮૬૭ ના સાલમાં જન્મી, મુંબઇની સઘળી નાટક મંડળીઓ કરતાં લાંબી હયાતી ભોગવી, આંતે તેનું સેવટ કવખતે આવ્યું હતું. એ વીકટોરીઆ મંડળીનો

સ્થાપક કોણ હતો, તેના માલેકો કોણ હતા, અને તે કેવા કેવા માલેકોના હાથમાંથી પસાર થવા પામી હતી, તેનો ટુંકો હેવાલ, આ લેખના આગલા ભાગમાં મેં દરશાવ્યો હતો. હવે આ પ્રસંગે એ વીકટોરીયા કલબનું સેવટ કેમ અને ક્યાં આવ્યું, તેની નોંધ ફકત લેવી છે.

આ વાત તો નીશંક ખરી છે, કે વીકટોરીયા કલબ, જુદા જુદા માલેકોના હાથમાંથી જુદી જુદી વખતે નીકળી, સેવટે ખુરશેદજી બાલીવાલાની એકલી માલેકીમાં આવી હતી. ખુરશેદજી એક અજાએબ ખવાસ અને સ્વભાવનો માણસ હતો. અત્રે હું હીંમતથી નોંધું છું, કે ખુરશેદજીનો એકબી દુશ્મન તેની જીવતી જીંદગી દરમ્યાન હતો નહી! નાટકના ધંધામાં પડી, ખુરશેદજીએ પોતાના સ્વભાવથી એક મોટું મીત્રમંડળ ઉભું કીધું હતું. પોતાની વીકટોરીયા કલબને ચાલુ રાખવા, અને નીભાવવા ખુરશેદજીએ પોતાના જીવપર મોટી જેહમત ખેંચી હતી. પણ ઈ૦ સ૦ ૧૯૨૩ ના સપટેમબર માસમાં, જો ખરશેદજી લકવાની બીમારીથી ગુજર પામતે નહી, તો વીકટોરીયા કલબ કદીબી નાબુદ થતે નહી. પણ ખુરશેદજીના મરણ બાદ કંઈ કંઈ વીટંબના એ મંડળી ઉપર વીટયા પછી, અંતે તે વેચાઈ ગઈ હતી, અને વેચાઈ ગયા પછી, તે પોતાની હસ્તી ભોગવતી સદાની બંધ પડી હતી.

મેરવાંન મુનશી.



વીકટોરીયા કલબનો એક માનીતો કોમીડીઅન.

રૂસ્તમ સચીન.

મરહુમ રૂસ્તમ બાલીવાલાની કલબને બેશક શોભાવનારો, તેનો માનીતો અને તેનો વફાદાર એકટર હતો. રૂસ્તમે હરીશ્ચંદ્રના ખેલમાં રાણી તારામતીનો ભાગ ભજવી તમાશબીનોની બારે પ્રસંનસા મેળવી હતી. બાલીવાલાનો આ વફાદાર ખેલાડી બાલીવાલાના મરણ પછી તેને છોડી નહી જતાં, તે મંડળને નીભાવવાની કોશેશ કરવામાં તેણે પોતાની સામેલગીરી આપી હતી. રૂસ્તમ સચીને વીકટોરીયા કલબ સાથે અથંગ મુસાફરી કરી હતી. સ્ટેજના ઘસડબોરાની ચાલુ જંજાળથી, રૂસ્તમને હાર્ટડીઝીસ લાગુ પડયું હતું, અને કમનસીબે તે દરદનો રૂસ્તમ સચીન આખરેચ ભોગ થઇ, જાહેર રસ્તા ઉપર ચાલતાં ચાલતાં પડી મરણ પામ્યો હતો.

મેરવાન મુનશી.

મરહુમ મેરવાન મુનશીબી વીકટોરીઆ કલબનો એક માનીતો અને બલીવાલાનો વફાદાર દોસ્ત હતો, અને તે સેવટ સુધી કલબને વળગી રહયો હતો. મેરવાન મુનશી એક હાસ્યરસ ખેલાડી હતો. મેરવાનની ખાસ સ્પેસ્યાલીટી એક મોબેદ, ફીરંગી, અને મારવાડીના કેરેકટરમાં એવી તો સમાઇ ગયેલી હતી, કે તે ખરો છે કે ખોટો, તે સમજી લેવાની તમાશબીનોને ગમત પડતી હતી. ૧૮૭૨ ના સાલમાં મેરવાન નાટક કંપનીમાં સામેલ થયો હતો. એની પહેલી કલબ મરહુમ નાજરની એલફીનસ્ટન હતી. ૧૮૮૪ માં મેરવાન એલફીનસ્ટન છોડી વીકટોરીયા કલબમાં જોડાયો હતો. વીકટોરીયા કલબે કરેલી ઇંગ્લંડની સફર પ્રસંગે મેરવાન મુનશી વીલાયતની સફરે જવા ભાગ્યશાળી થયો હતો. મરહુમ લકવાની બીમારીનો ભોગ થઇ પડી ગુજર પામ્યો હતો.

[૯૧]

મેહરબાનો, બાલીવાળાની વીકટોરીયા કંપનીમાં લગભગ પચાસેક એકટરો હતા! તે માહેલા ઘણાજ થોડા બાલીવાળાની ભલી ભલાઈમાં ખુશી થતા હતા. તેઓ હંમેશાં બાલીવાળાની પડખે ઉભા રહેતા હતા, અને તે ભલો માલેક ઘણાજ માન અને વાહલથી તેમની સાથ વરતતો હતો. પણ તેઓમાં ચોકકસ ખેલાડીઓ બાલીવાળાની એહતરીમાં જેટલા રાજી હતા, તે કરતાં વધારે, કંપનીમાં ઓકટ્રેસ તરીકે કામ કરતી, અમુક ગાયનકારોના નાજનખરાં ઉપર ભ્રમીત થઈ, રાજી રાજી થઈ ગયા હતા! એ તમાશો પાછળથી એટલી બધી હદે વધકયો હતો, કે મરહુમ કેખશરૂ કાબરાજીએ પોતાના રાસ્ત ગોફતાર છાપામાં તે વખતે જબરી કડક બડત ચલાવી હતી! આ શરમભરી હકીકત અત્રે લંબાણથી નોંધવા હું નારવા સમજું છું, કેમકે તેઓ સઘળા હાલ મરણ પામ્યા છે. તેવાઓને પડતા મુકી, બાલીવાળાના થોડાક યેયરખવાહોના નામ—કામની નોંધ લેવી વાસ્તવીક સમજું છું.

મી૦ બારજોર.



ફરેદુન અને બરજોરને નામે સુખડનો વેપાર કરનારી કું૦ નો એક ભાગીદાર.

દોરાબ ઘાંચીનવાલા.



એક વખત વીક્ટોરીઆ કલબનો માનીતો
બેઠો એક્ટર.
પાછળથી કલબ છોડી હડહડતો શીઆશો-
ફીરટ બન્યો હતો.

નસરવાનજી લાલી.



બાલીવાલાનો ખેરખાહ અને છેવટ
સુધી સાચો.

ધનજીશાહ ર. મીસ્ત્રી.



'ધનજી' સ્ટેજ મેનેજર.
બાલીવાલાનો માનીતો અને છેવટ સુધી સાચો.

૪ નોંધ:—વીક્ટોરીયા નાટક ટોળીના જાણીતા એક્ટરોમાંના એક ધનજીશાહ મીસ્ત્રી હતા. મરહુમ જમનજી કાબરાજીના ગામડેની ગોરીના નાટકમાં, એ બેવાહી

છેલછબીલી સ્ત્રી તરીકે ઠીક કામ કરતો હતો. બાર જ. જીજીભાઇ સ્કુલમાંથી ત્રીજા ધોરણ સુધી શીખી ૧૮૯૦ મા વીકટોરીયા કલબમાં દાખલ થયો હતો. દેશપરદેશ ફરવા ઉપરાંત બાલીવાલાએ એક સોનાનો ચાંદ, તેની નોકરીની કદરદાનાથી તરીકે જાહેરમાં આપી, એક એનીરીટ નાઇટ પણ એને આપી હતી. કલબમાં પોતાની નમ્રતાની, હસમુખી સ્વભાવથી એટલો તો, એ માનીતો થઇ પડ્યો હતો, કે સઘળાઓ તેને 'ધનજી' એવે લાડકે નામે બોલાવતા હતા. હાલમાં વૃધ્ધ ઉમરને સબબે એનેટ કંપનીમાં એ 'કાપર' તરીકે કામ કરે છે.


મેહરવાન પેસ્તનજી મેહતા.



'મેહરવાન મેહતો' બાલીવાલાનો વફાદાર ખયેરખાહ. છેવટ સુધી સાચો.

૫ નોંધ:—વીકટોરીયા કલબનો આ એક 'ઓલ-રાઉન્ડ' ચુનંદો એકટર હતો. મરદ તેમજ ઓરતના પાર્ટ એણે તારીફ લાયક રીતે ભજવ્યા હતા. ૧૮૭૫ માં નાટક ઉત્તેજક મંડળીમાં એ પહેલવહેલો સામેલ થયો હતો. ત્યાર બાદ ઝોરાસ્ત્રીયન કલબમાં જાલમજોરના ખેલમાં, સ્ત્રીનો ભાગ જાતી ઘણી તારીફ લાયક રીતે ભજવ્યો હતો. ત્યાર બાદ વીકટોરીયા કલબમાં મેહરવાન સામેલ થયો હતો, જ્યાં તેણે પોતાની આખી જીંદગી, બાલીવાલાની સેવા પ્રમાણીકપણે કરવામાં ગુજારી હતી.

નવરોજી રૂ. ખંભાતા.



મરહુમ કલબોમાં સ્ત્રીના પાત્ર ભજવી, છેવટે વીકટોરીયા કલબમાં એક ઉપયોગી એકટર થઇ પડયો હતો. હમસરીકો એને નવલુ ખંભાતાને નામે ઓળખતા હતા.

૬ નોંધ:—આ એકટર વીકટોરીયા કલબમાં ઘણુંક વરસો વેર નોકરી કરી, છેવટે બા.લીવાળાને છોડી ગયો હતો. આ ખેલાડી પાછળથી બંને આંખે અપંગ થવા છતાં, સ્ટેજ ઉપર આસાનીથી પોતાનું કામ કરતો હતો. મરહુમે બીજા એકટરોની સામેલગીરી સાથ એક વખ, ઓટરોક ઉપર એક પારસી સ્ત્રીને નાટક તખતા ઉપર લાવવા માટે એક નવી કલબ ઉભી કરી હતી, જેથી પારસી કોમમાં મોટી ચકચાર ઉભી થવે, તે પારસી બાઇ પોતાની મરજીથી તે મંડળ સાથનો સંબંધ છોડી ગઇ હતી. આ કીસ્સો બાતરે લંબાણથી દર્શાવવો અપ્રસંગોપાત હોવાથી, ફકત તેની નોંધ લઇ સંતોષ પાડું છું.

મેં આગળ લખ્યું તેમ વીકટોરીયા કલબના લગભગ સઘળા પારસી ખેલાડીઓ ગુજર પામ્યા છે. કોઇ કેવાં દુખથી પીડાયા હતા, અને કોઇ, કેવાં દુખથી પીડાયા હતા. તે સઘળા મરહુમોમાં ઘોડાઓની ખાનગી વલણ અને ચલણ માટે, જાહેર છાપાઓમાં ચર્ચા ભરપા થઇ હતી. પણ વીકટોરીયા કલબની બરબસ્તીનો દીવસ, તેવા ઘોડાઓની હસ્તીનું કારણ હતું! એ વીશે જેટલું ઓછું લખાય એટલું સારૂં છે, એમ માની લઇ આ બાબદ બાતરે ખતમ કરૂં છું.

નાટકના હુન્નરને ખીલવી ગયેલા અથોરનાન એકટરો.

પારસી નાટક તખ્તાની તવારીખમાં લખાઇ ગયેલા પારસી એકટરોની સંખ્યા એટલીજ હતી, એમ સમજવાની ભુલ વાચક મેહરબાનોએ કરવી નહી. આ સાહિત્યમાં જે જે સાહેબોના નામોની અને તેમના કામોની મેં નોંધ લીધી છે, અને એકટર તરીકેના તેમના કામને અગત્યતા આપી છે, તેટલાજ પારસી એકટરો,

ભુતકાળમાં એક્ટરો તરીકે થઇ ગયા હતા, એમ માની લેવું નહી. મગર કમનસીબને ઘણી શંકા છે, કે હજી બીજા અનેક સદગ્રહસ્થોના નામો રહી ગયેલા હશે, કે જેઓ મારી યાદદાસ્તમાંથી નીકળી ગયા હોય? અને જેઓએ નાટકના હુનરને ખીલવવાના કામમાં મોટી મદદ કરી હોય! દાખલા તરીકે ઇ૦ સ૦ ૧૮૬૧ ના નવેંબર માસમાં, સુરત ખાતે પારસી જવાનોથી ઉભી થયેલી એક અમેચ્યુઅર નાટક મંડળીમાં, ૧૭ પારસી ગ્રહસ્થોની સામેલગીરી થઇ હતી, અને સુરતમાં પેહલવેહલી નાટક મંડળી ઉભી કરી, તે વખતે છપાતાં સી બોધ ચોપાનીઆમાં પ્રગટ થયલો

નઠારી ફીરંગીઝ ઠેકાણે આવી

વાળો નાટક, એનકરૂસ થાઇએટરીમાં ટ્રેજ ૪ધો હતો. એ બનાવને આજે ૬૯) વરસ વહી ગયાં છે. અને તે બધા એક્ટરોના નામની નોંધ મેં અત્રે રજુ કરી છે. એમાં પ્રથમમાં જાણવાજોગ પારસી ગ્રહસ્થ તે મરહુમ મી૦ દીનશાહ અરદેશર તાલેયારખાં હતા, જેવણ એક આઠંગ ડલમકસ, અને ઉંચી કેળવણી પામેલા પારસી ગ્રહસ્થ હતા. એ ઉપરથી માલમ પડે છે, કે Histrionic હુન્નરની ખીલવણી કરવાનું માન, આપણા દેશમાં પ્રથમ પારસીઓએ સંપાદન કીધું હતું.

હવે સાહેબને કેહવું કે એવા પુરાતન પારસી એક્ટરોની સંખ્યા કેટલી હતી, તે આ પ્રસંગે હું નક્કી નોંધી શકતો નથી, કેમકે કેટલીક નાટક મંડળીઓ મારી જાણની બાહેર થઇ ગઇ હતી. પણ એકંદરે તેઓ સઘળા ઉંચી કેળવણી પામેલા ઘણી હતા, ખાનદાની હતા, અને ઇજ્જતદાર હતા. તેઓ સઘળાઓએ ધંધો પોતાના શોખને આધીન થઇ કરતા હતા, અને તેઓ સઘળાના મીલાપનું મધ્યબીંદુ, તેઓએ ઉભાં કરેલાં મંડળો હતાં.

પારસી કોમનાં ઝળકતા સપુત.

પારસી કોમ પોતાના કેળવાયલા સપુતોથી આજે ઝળકી રહી છે. કેળવણીના ઉંચામાં ઉંચા બુરજ ઉપર કોમના સપુતો બીરાજી પોતાના નામો, પોતાની સરકાર તરફની વફાદારી દાખવી અમર કરી ગયા છે. એ કેળવાયલા પારસીઓમાં બેહદીન કરતાં અથોરનાન જવાનોનો અંશ બેશક વધારે હતો. એ આગલા પ્રસીધ્ધ એક્ટરોમાં, બેહદીનો કરતાં અથોરનાન વરગનો અંશ વધારે હતો, એમ ગણત્રી કરતાં જણાઇ આવે છે. એવું દેખાડવાની સેહજબી તજવીજ કરવા સેવકે ધારયું નથી, કે બેહદીનો કરતાં અથોરનાનો કોઇબી રીતે ઉતરતી શક્તીના હતા.

વાંચક મેહરબાનોએ એમ સમજવું નહી, કે તેઓ સઘળા સુફેદ પાઘડી પેહરતા હતા! ના, તેમ તો હતુંજ નહી. આજના જેવા ઇસ્કી ફેંદાનો તે જમાનો હતોજ હી. એ સઘળા ગ્રહસ્થોના નામની એક લાંબી ટીપ હું હવે રજુ કરીશ.

[૯૨]

પારસી નાટકની તવારીખમાં, ગઇ એક સદીમાં થઇ ગયલા પારસી એકટરો એટલાજ હતા એમ સમજવાની વાંચક મહેરબાનોએ ભુલ કરવી નહી. આ સાહીત્યના આગલા ભાગોમાં જેઓનાં નામો નોંધાયલાં છે, તેઓ સઘળા પોતાની નાટકી પ્રવીણતા માટે જણાયલા અને જાહેર થયલા હતા. તેઓ માહેલા ઘણાઓ પોતાની ઉંચા પ્રકારની ઇંગ્રેજી કેળવણી માટે જણાયલા હતા. પણ વાંચક મહેરબાનોએ યાદ રાખવું; કે તેવા એક યા બે, યા ત્રણ નંગોથી, એક આખી કલબ પોતાનો આખો નાટક સ્ટેજ કરતી નહી હતી. એવા કાબેલ ખેલાડીઓની પછવાડે, બીજા તેવાજ બલકે તેઓથી ઉતરતી પંક્તીની કેળવણી પામેલા અનેક પારસી જવાનો હતા, જેઓ Histrionic art ને લગતા પોતાના શોખને ખાતર એ ધંધામાં આમેચ્યુઅર તરીકે જોડાયા હતા, અને પોતાના તેવા શોખને પંપાળતા હતા. એવી રીતે નાટક કરનારી જુદી જુદી ટોળીઓ તે વખતે હતી, જેના નામો આ લેખના આગલા ભાગોમાં હું નોંધી ગયો છું.

સેવટનું સરવાયું.

એવા એકટરોની સંખ્યા કેટલી હતી, તેની આજ સુધી નક્કી નોંધ કોઇએ લીધી કે રાખી નથી. એટલાજ કારણને અંગે, એક સંપુરણ નહી તો કાંઇક તેવીજ પાક્કી નોંધ આ પ્રસંગે લીધેલી ફોકટ જશે નહી. કેમકે ગુજર પામેલા તેવા પારસી એકટરોમાં કેટલાકો ઉંચી કેળવણી પામેલા હતા. તે માહેલા કેટલાકો કલમ અને ઇલમના કાબેલ ધણી હતા. તે માહેલા કેટલાકો કોમને જાણીતા જાહેર પુરૂશોના ખાનદાનના સપુતો હતા. કેટલાકો નોકરી–ચાકરીએ લાગેલા સુખવાસી સાહેબો હતા, અને તે સઘળાઓના મીલાપનું મધ્ય બીંદુ તેઓએ સ્થાપેલા મંડળો હતાં.

અથોરનાન અને બેહધીનોનો અંશ!

વળી એટલી વાતબી જાણવી અને નોંધવી જરૂરની લાગે છે, કે આ નામીચા હુનરને પ્રકાશીત કરવાના કામમાં અથોરનાન જવાનોએ મોટો હીસ્સો આપ્યો હતો, કે બેહધીનોએ આપ્યો હતો? એ એમેચ્યુઅર કેળવાયલા પારસી સપુતોમાં, જેમ બેહધીનો તેમ અથોરનાનો પણ હતા. મગર જાણીતા થઇ ગયેલા પારસી ખેલાડીઓમાં, મોટો ભાગ અથોરનાન એકટરોનો નોંધાઇ ગયો છે, એમાં તો કાંઇ શક જેવું દેખાતું નથી. તેમજ એવી બેહુદી તજવીજ, આ કમતરીન લખનારે કરવા ધારી પણ નથી, કે બેહધીનો બીલકુલ, એ બેસુલ હુનરથી બેખબર હતા. આજથી બરાબર ૭૦) વરસના, એટલે ઇ૦ સ૦ ૧૮૬૦) ના સાલથી, પારસી એકટરો અને પારસી કલમકસીઓ, મુંબઇમાં તેમજ મુંબઇની બાહરના ગામોમાં જે નાટકની ચલવળ ચાલુ કરવાની શરૂઆત કીધી હતી, તેઓનો મોટો ભાગ અથોરનાન જવાનોનો હતો. વાંચનાર

સાહેબોએ એમ નહી સમજી લેવું, કે તેઓ સઘળા સુફેદ પાઘડી પેહરતા હતા! ના. તેમ તો હતુંજ નહી. આજના જેવા ઇરાની–ઓપા ફેંટા પેહરવાનો તે જમાનો હતો નહી, તેમજ ઇંગ્રેજી પોશાકથી સજવામાં આવતા નહી હતા.

ત્યારે આપણુ સેહલાઇથી એવા સેવટ ઉપર આવી શકે કે, આ દેશમાં નાટાના હુન્નરને પેહલવેહલો પ્રકાશીત કરનાર મોટે ભાગે પારસી કોમના જવાનો હતા, અને તે જવાનોમાં અથોરનાન જવાનોનો અંશ વધારે હતો. એવા ભાગ્યશાળીઓ કોણુ કોણુ હતા, તેમના નામોની એક ટીપ, મેં અત્રે આપી છે, જે વીના શકે હું ધારૂં છું કે સંપુરણુ હશે. મગર એ ટીપ સંપુરણ નહીબી હોય, અને કોઇ નામ રેહી ગયેલા જો જણાય તો, તે મને જણાવ્યાથી તેનો ઘટીત ઉપયોગ કરવામાં આવશે.

ગઇ સદીમાં ગુજર પામેલા પારસી એકટરો.

(નોધ: જે નામને છેડે અ તે અથોરનાન અને બ તે બેહદીનનું નામ સમજવું.)

૧ દીનશાહ અરદેશર તાલેયારખાન. ઇ૦ સ૦ ૧૮૬૧ ના સાલમાં, સુરતમાં એક અમેચ્યુઅર તરીકે કામ કરનાર.) બે૦

૨ હોરમસજી બાપુજી વીકાજી. (સુરત) બે.

૩ પેસ્તનજી બેજનજી કોટવાલ (સુરત) અં.

૪ દીનશાહ સોરાબજી નરીમાન (સુરત) અં.

૫ દાદાભાઇ પેસ્તનજી કામા. (સુરત) બે.

૬ અરદેશર દ. નરીમાન (સુરત) અં.

૭ બરજોરજી માણકજી મોદી (સુરત) બે.

૮ માણકશાહ કાવસશાહ તાલેયારખાન. (સુરત) બે.

૯ પાલનજી જીવાજી પીઠાવાલા (સુરત) બે.

૧૦ બેરામજી ભીખાજી આરબયનાયના (સુરત) બે.

૧૧ જમશેદજી ડોસાભાઇ ફુરવાલા (સુરત) બે.

૧૨ જમશેદ નવરોજી ઉનવાલા એમ. એ. (ભાવનગર) અં.

૧૩ કુંવરજી સોરાબજી નાજર (મુંબઇ) મુંબઇમાં ઇંગ્રેજી નાટકો કરવા અમેચ્યુઅર કલબ સ્થાપનાર. ઇ. સ. ૧૮૬૨. બે.

૧૪ રૂસ્તમજી મેરવાનજી પટેલ. એમ. એ. પ્રખ્યાત રૂસ્તમબા વકીલ. (મુંબઇ) બે.

૧૫ સર હોરમસજી અરદેશર વાડીયા. રાજકોટના પ્રખ્યાત બારીસ્ટર. બે.

૧૬ કેખશરૂ નવરોજી કાબરાજી. રાસ્તગોફતારના અધીપતી. (ઇ. સ. ૧૮૬૮) અં.

૧૭ નશરવાનજી દોરાબજી આપખાખતયાર (ઇ. સ. ૧૮૫૯) અણીતા ગાયક અને લેખક. અં.

૧૮ અરદેશર ક. ઉનવાલા. B. A. સોલીસીટર. અમેચ્યુઅર અં.

૧૯ અરદેશર જ. બીલીમોરીયા B. A. અમેચ્યુઅર. બે.

૨૦ જેહાંગીર હોરાભજી નીમચવાલા. B. A. LL. B. સોલીસીટર. આમેચ્યુઆર. એ.
૨૧ કેખશરૂ સી. લાલકાકા. આમેચ્યુઆર. એ.
૨૨ ડાકટર નશરવાનજી નવરોજી પારખ. એ.
૨૩ ડાક્ટર ધનજીશાહ નવરોજી પારખ I. M. S. એ.
૨૪ માણેકજી ન. મેહતા. આમેચ્યુઆર. અં.
૨૫ હોરમસજી જેહાંગીર ભાભા. (મેન્યુફેક્ચરીસ્ટ) અં.
૨૬ પેસતનજી નશરવાનજી વાડીયા. (મેન્યુફેક્ચરીસ્ટ) એ.
૨૭ જમશેદજી ફરામજી માદન. (જમશેદ) અં.
૨૮ પેસતનજી ફરામજી માદન. (પેસુ આવાન) અં.
૨૯ નશરવાનજી ફરામજી માદન (નસ્સુ તેહમીના) અં.
૩૦ નશરવાનજી મેહેરજી વાચ્છા (આરમાન ચહલી) અં.
૩૧ ડોસાભાઇ જમશેદજી દુભાશ (ડોસુ દુભાશ) એ.
૩૨ પેસતનજી દીનશાહ કાંગા (મોટ જાણીતો ફ્રોટર) અં.
૩૩ દાદાભાઇ રતનજી કુંડી. (દાદી કાર્ઇરટ) અં.
૩૪ ફરામજી દાદાભાઇ આપુ (ફેલુ આપુ) એ.
૩૫ દીનશાહ દાદાભાઇ આપુ. એ.
૩૬ કાવસજી માણેકજી કનત્રાકટર (વકુ) એ.
૩૭ રુસ્તમજી રુસ્તમજી માસ્તર (જાલ ગાંધરવ) બેરીસ્ટર. એ.
૩૮ મેરવાનજી રુસ્તમજી હાથીરામ (મેહલુ આગો) અં.
૩૯ ડોસાભાઇ રુસ્તમજી હાથીરામ (ડેસુ હાથીરામ) અં.
૪૦ મેરવાનજી બેરામજી મુનશી (મેહલુ પરો) અં.
૪૧ ખરશેદજી બેરામજી ખાસીમાસી. (સેલ્સમેન) અં.
૪૨ ખરશેદજી રૂ. ડોટીવાલા (ખરશેદજી ચાલાક) અં.
૪૩ નવરોજી મેહેરજી તંબોલી (નવલુ તંબોલી) એ.
૪૪ ધનજીભાઇ મેહેરજી તંબોલી (ધનજુ જબોડ!) એ.
૪૫ જમનજી મેહેરજી મુસ (જમન મુસ) પ્રોફેસર બો! એ.
૪૬ રતન નવરોજજી મીનવાલા (રતન) એ.
૪૭ જેહાંગીર નવરોજજી મીનવાલા (જેહાંગીર નાહદલો) એ.
૪૮ જમશેદજી કાવસજી દાજી (જમસુ મનીજેઠ) અં.
૪૯ કાવસજી હોરમસજી જાલાપોરીયા (જાલ ગાંધરવ) અં.
૫૦ માણેકજી હોરમસજી જાલાપોરીયા (જાલ ગાંધરવ) અં.
૫૧ ડાક્ટર કેખશરૂ હીરામાણેક (જાલ ગાંધરવ) એ.
૫૨ મનચેરશાહ નવરોજી મેહતા (મનચુ તાતીયો) અં.
૫૩ પેસતનજી દાદાભાઇ પાવરી (પેસુ બોદાબખસ) એ.

૫૪ ધનજીભાઇ રૂ. રાણા અં.
૫૫ ડાસાભાઇ ભીલીઆ (ડાસુ) અં.
૫૬ મેરવાનજી પેસ્તનજી મેહતા (મેરવાન) અં.
૫૭ રતનશાહ જીવાજી દાવર અં.
૫૮ ખરશેદજી ન. સીરવઇ અં.
૫૯ ફરામજી કાવસજી મેહતા (ફલુ ફોટોગ્રાફર) અં.
૬૦ ડોસાભાઇ ફરદુનજી મગોલ (ડોસુ એકટરત) અં.
૬૧ હોરમસજી શાપુરજી તાંતરા (હોમલુ લઇલી) અં.
૬૨ નસરવાનજી બાલી (નસલુ બાલી) અં.
૬૩ ખુરશેદજી મીનોચેહરજી જોશી. અં.
૬૪ કાવસજી નસરવાનજી કોઠીદારૂ. (ગુરગીન) અં.
૬૫ હોરમસજી ધનજીભાઇ મોદી (કાકાવાલ) એ.
૬૬ ફરામજી ગુસ્તાદજી દલાલ (ફલુ ઘુસ) એ.
૬૭ જમનજી નવરોજી કાબરાજી (બેખડ) અં.
૬૮ માણેકજી દાદાભાઇ માસતર (માકુ ઝેરીયો) અં.
૬૯ દોરાબજી રૂસ્તમજી ધાભર (ડોલુ ધાભર) અં.
૭૦ દાદાભાઇ રૂસ્તમજી પસતાકીઆ (દાદી ચીંકાન) અં.
૭૧ કાવસજી નસરવાનજી દારૂવાલા (કાઉ રોદાગે) એ.
૭૨ વીરજીભાઇ જરફંદીઆરજી ખંભાતા (પ્રખ્યાત ડીરેકટર) અં.
૭૩ જેહાંગીર પેસ્તનજી ખંભાતા (જેહાંગીર લાંબો) અં.
૭૪ ખરશેદ કાવસજી બાપાસોલા (આલફ્રેડ મંડળી) અં.
૭૫ રૂસ્તમજી શાપુરજી બાટલા (આલફ્રેડ મંડળી) અં.
૭૬ ધનજીભાઇ ફરદુનજી ડુમસીઆ (ધનજી સોલો) એ.
૭૭ દારાશા નવરોજી નાનાભાઇ પટેલ (દારબ) એ.
૭૮ નસરવાનજી વીરજીભાઇ મોઇપુરીઆ (નસલુ વીરજી) એ.
૭૯ દાદાભાઇ જરપંડીઆરજી મીઓ (દાદી તનધારી) એ.
૮૦ ખુરશેદજી મેરવાનજી બાલીવાલા (ખબરૂ કોબાદ) એ.
૮૧ મેરવાનજી મનચેરજી બાલીવાલા. એ.
૮૨ ધનજીભાઇ જરબોરજી અંજીર બાગ (ધનજુ અંજીર બાગ) એ.
૮૩ રૂસ્તમજી નવરોજી સચીનવાલા (રૂસ્તમ સચીન) એ.
૮૪ પેસ્તનજી જીજીભાઇ બાટલીવાલા (પેસુ પોખરાજ) એ.
૮૫ ધનજીભાઇ ખરશેદજી ઘડીઆળી (ધનજુ ઘડીઆળી) એ.
૮૬ દોરાબજી નવરોજી સચીનવાલા (દોરાબ) એ.
૮૭ કુંવરજી ગોકલજી સીપાઇ (કુંવર) એ.

૮૮ ફરામજી અરદેશર ચોકસી (ફલુ ચોકસી) અં.
૮૯ અરદેશર „ ચીનાઇ (અરદેશર ચામ) એ.
૯૦ અરદેશર પીરોશાહ તબેલાવાળા (અદો) એ.
૯૧ સોરાબજી દાદાભાઇ ડાબેજર (સોદુ ડાબેજર!) અં.
૯૨ માણેકજી અસ્પંદીયારજી મસ્ત્રી (માકુ ધાનસાખ) એ.
૯૩ હોરાબજી કાવસજી જળાં (જળાં) અં.
૯૪ નવરોજી હોરાબજી હીતીઆ (નવલુ મજમાસ) એ.
૯૫ ડોસાભાઇ જમ૦ મસ્ત્રી (ડોસુ ગોહરેજ) એ.
૯૬ દાદાભાઇ રૂસતમજી વાચ્છા (દાદીબા) અં.
૯૭ સોરાબજી દાદાભાઇ વાચ્છા (સોલુ સીતા) અં.
૯૮ રૂસ્તમજી સોરાબજી બાજી (રૂસ્તમ) અં.
૯૯ ડોસાભાઇ કપુરજી માલેગામવાળા (ડોસુ માલેગામ) એ.
૧૦૦ મેરામજી પેસ્તનજી કલેક્ટર (મેહરામ) અં.
૧૦૧ મેહરામ „ કાત્રક (મેરામ કજીર) અં.
૧૦૨ મનચેરશાહ ન. બુચીઆ. એ.
૧૦૩ માણેકજી હોરમસજી બારભાયા. એ.
૧૦૪ દાદાભાઇ સોરાબજી પટેલ, M. A. (દાદી પટેલ) એ.
૧૦૫ ભીખાજી ન. કલીઆનાવાળા (ભીખુ) એ.
૧૦૬ ફરામરોજ ખરશેદજી ચીનાઇ (જરફ ખસાર) એ.
૧૦૭ રૂસ્તમજી નવરોજી બીલીમોરીઆ (રૂ. કમનમાન) એ.
૧૦૮ ફરામરોજ હો૦ ખરશી (ખુશરૂ ખસાર) એ.
૧૦૯ ધનજીભાઇ નસ૦ માસ્તર (ધ. માસ્તર) એ.
૧૧૦ ડોસાભાઇ ફરામજી કોબા (મોબીસીનીયા) અં.
૧૧૧ બરજોરજી „ કુતાર (બંજુ) અં.
૧૧૨ અરદેશર „ મુનશી (હીદી કલમ) અં.
૧૧૩ નવરોજી રૂસ્તમજી બાટલા (નવલુ બાટલો) અં.
૧૧૪ માણેકજી કાવસજી તાડીવાળા (માણેકજી મોરીનેસ) એ.
૧૧૫ કાવસજી „ મીસ્તરી (કાકુ હાડો) એ.
૧૧૬ પેસ્તનજી જાં. ખખસી (મોમેચ્છુખાર) એ.
૧૧૭ નસરવાનજી જીવાજી દાવર (નસલુ કવારીયેજ) અં.
૧૧૮ ધનજીભાઇ હો. બતીવાલા (અલફ્રેડ કલમ) એ.
૧૧૯ ખરશેદજી હોરાબજી પટેલ (ખશરૂ જેહાનગીર) એ.
૧૨૦ કાવસજી ભીખાજી વારા (કાકુ સીહાગુન) અં.
૧૨૧ નસરવાનજી ભીખાજી પ્રોમ્ટર (નસલુ પ્રોમ્પટર) એ.

૧૨૨ કાવસજી પાલનજી ખટાઉ (કાઉ ખટાઉ) એ.
૧૨૩ ખરશેદજી બરજોરજી ચીનાઈ. એ.
૧૨૪ સોરાબજી ફરામજી ઓગરા (સોરાબ ઓગરા) એ.
૧૨૫ પેસ્તનજી ફરામજી વેલાતી (ગેઇ! ગેઇ! ગેઇ!) એ.
૧૨૬ કાવસજી ફરામજી વેલાતી. કાઉ વેલાતી. એ.
૧૨૭ રૂસ્તમજી નસરવાનજી રૂસ્તમ ફરામના (રૂસ્તમ કાશી ચાવલ) એ.
૧૨૮ ખરશેદજી મેહરામજી હાથીરામ (ખશરૂ શીરીન) અં.
૧૨૯ દાદાભાઈ એદરામજી પોલાદવંદ! (દાદી પોલાદવંદ!) એ.
૧૩૦ ફરામરોજ રૂસ્તમજી જોશી. અં.
૧૩૧ એદલજી જમશેદજી ખોરી (લેખક-એકટર) અં.
૧૩૨ ખરશેદજી બમનજી ફરામરોજ (બીરબલ) અં.
૧૩૩ ફરદુનજી કાવસજી સંજાણા (ફરદુન દાદાફસ) અં.
૧૩૪ ફીરોજશાહ રૂ. બાટલીવાલા (કવી ફીરોઝ) એ.
૧૩૫ જમશેદજી રૂ. માલીફલાલ (મેજ્યુકેશનીસ્ટ) અં.
૧૩૬ ડોસાભાઈ ન. વાડીઆ (ડી. એન. વાડીઆ) M. A. એ.
૧૩૭ નસરવાનજી બે. કારભારી (નબલુ કારભારી) એ.
૧૩૮ અરદેશર બે. મોકરા કાપુ (મેરાનેટ કલબ) એ.
૧૩૯ સોરાબજી બેરામજી બાલા (બેરોનેટ કલબ) એ.
૧૪૦ દારાશા પાલનજી (હોમાન) એ.
૧૪૧ સોરાબજી કા. ખંભાતા (મોલુ કરીમ) અં.
૧૪૨ જમશેદજી દો. પાંડે (બેરોનેટ કલબ) એ.
૧૪૩ સાપુરજી તારાપોરવાલા. એ.
૧૪૪ ફરામજી દો. ગુલંદામ (બેરોનેટ કલબ) એ.
૧૪૫ એદલજી દો. ગીલડર (મદુ મેઠીબાઇ) એ.
૧૪૬ ફરદુનજી ફરામજી કરાકા (અમેચ્યુઅર) અં.
૧૪૭ પેસતનજી ધનજીભાઈ માસ્તર (ડીરેકટર) એ.
૧૪૮ સાપુરજી બરજોરજી ભરૂચા (પાછળથી સર. ભરૂચા) એ.
૧૪૯ પેસતનજી બરજો. ખંભાતા અં.
૧૫૦ ફરામજી „ સકલાતવાલા (ફલુ સકલાત) ઓલફીન્સ્ટન. અં.
૧૫૧ ધનજીભાઈ „ વીમાદલાલ (અમરા-પુ-) ઝો. કલબ. અં.
૧૫૨ ધનજીભાઈ નશ૦ ફોટોગ્રાફર (ધનજી બાબો) એ.
૧૫૩ બાપુજી જમશેદજી મીસ્ત્રી (બાપુ ઠરઠરી) એ.
૧૫૪ નસરવાનજી બ. સાહીબાર (નાટક ઉતેજક) અં.

આ સઘળા જરથોસ્તીઓ પારસી નાટકજગતાની, અનેક રીતે સેવા કરી રહયા હતા. પારસી એકટરોની આ લાંબી ટીપ મારી જાણ પ્રમાણે હજી અપૂરણ છે. હજી ઘણાકોના નામો આ ટીપમાં સામેલ થતા રહી ગયલાં હોવા જોઇએ, કેમકે આ નોંધમાં દાખલ કરેલાં નામો, મારી આદના યાદદાસ્તને તાજી કરી ઉપજાવેલાં હોવાથી, મને યકીન છે કે ઘણાક નામો હજી રેહી ગયલાં હોવા જોઇએ.

[૯૩]

અને હવે સાહેબને કેહું કે, આ પારસી નાટક તખ્તાની લંબાણ તવારીખને છેડે હું આજે આવી લાગ્યો છું. એ તવારીખમાં જેટલી સદીમાં હસ્તી ભોગવી ગએલી લગભગ સઘળી નાટક મંડળીઓની, તેમજ લગભગ સઘળા જાણીતા આગેવાન પારસી એકટરોની કારકીરદીની બારીક નોંધ મેં ટપકાવી રજુ કીધી છે. એટલુંજ નહી પણ વાંચક મેહરબાનોએ જોયું હશે, કે નંબર ૯૨)વાલા હફતામાં લગભગ ૧૫૪) ગુજર પામેલા જરથોસ્તી એકટરોના નામોની મેં નોંધ લીધી છે. હવે ફક્ત જે કાંઇ બાકી રેહું છે તે, આ ચાલુ હફતામાં, યા તો તે પછીના નંબર ૯૪ વાલા એકાદ હફતામાં રજુ કરી, પારસી તવારીખનો આ એક અગત્યનો ફકરો ખતમ કરીશ.

પણ ખતમ કરવા આગમચ નામી ખેલાડીઓની ટીપમાં આમેજ થતાં બે-ત્રણ ચીત્રોની અતરે જગ્યા થવી ઘટે છે.

પ્રખ્યાત ભોલીજાન નાટક.

આ નાટકનો લખનાર રણુ નામચો નાટકનવેશ કેખશરૂ કાબરાજી હતો. જેના નામ અને કામની નોંધ અગાઉ આગમચ આ સાહીત્યમાં થઇ ગઇ છે. આ પ્રખ્યાત નાટક, વીકટોરીયા નાટક મંડળીએ, ફોર્ટ માહેલાં નોવેલટી થીએટરમાં સ્ટેજ કીધો હતો. તે માહેલા મુખ્ય પાત્રોમાં ધ્યાન ખેંચનારા બે-ચાર પાત્રો હતાં, પણ હાલમાં બેજ પાત્રોની નોંધ લેવાનો પ્રસંગ થયો છે.

હીરજી તાડીવાળો.



ભોલીજાનમાં તાડીવાળો ખામખીઓ!
(ખ. મે. બાલીવાલા)



મરહુમ કુંવર જી. સીપાઈ.

એટલું તો ખરૂં કે આજના જમાનાના જેવી 'સીન સીનરી' આગલા વખતના નાટક તખતા ઉપર જવલેજ રજુ થતી હતી. પણ કોઈથી રીતે તે રફતારમા રોજબરોજ સુધરતી જતી હતી.

સ્ટેજ ઉપર સુરજ અને ખીલેલાં ખેતર.

સ્ટેજના હુન્નરને ખીલવવા માટે કેળવાયલા અને ઉમદા ભેજાંઓ નાટકના તે જમાનામાં ઘણાંજ ખંતી હતા. અને તેઓ તેવે પ્રસંગે માંહના ગોપીચંદ ખરચી, નવીન ડીઝાઈનો સ્ટેજને દીપાવવા ઉભી કરતા હતા. એવી રીતે મરહુમ જમશેદજી ધનજીભાઈ પટેલ અને દાદાભાઈ સોરાબજી પટેલ જેવા લક્ષાધીપતી બાપના દીકરાઓએ,

ઇરાની નાટક મંડળીએ ઇ૦ સ૦ ૧૮૭૦ ના સાલમાં, સ્ટેજ ઉપર વેરાન વનમાં ઉગતા સુરજને ઉગતો અને ધીમે ધીમે તેને આસમાન ઉપર મધ્યસ્થાને ચહડતો દેખાડવાની તરકીબ કરી હતી. વળી એજ બંને જણોએ આખા સ્ટેજ ઉપર લીલા કુંજર જેવા ખીલેલાં ખેતરોને ખીલી નીકળેલાં દેખાડયાં હતાં. વળી ઇરાની પેહલવાનોને લડાઇના મેદાનોમા જીવતા ઘોડા ઉપર બેસી તેઓને લડતા દેખાડયા હતા.

પચીસ ફીટ ઉંચો દેવ!

આ બનાવ ઉપર સરસાઇ મેળવવાના હેતુથી વીકટોરીયા નાટક મંડળીએ બકાવલીના નાટકમાં પચીસ ફુટ ઉંચો, ફરતો હરતો અને બોલતો ચાલતો દેવ દેખાડયો હતો.

આલફ્રેડ નાટકવાળાઓએ એવા એવા તીલેસમાતી દેખાવો દેખાડયા પછી લાંબે વખતે, એવી એવી યાંત્રીક કળાઓ પડતી મુકાઇ હતી, અને આજે જુદીજ કીસમની કળાબાજીથી સ્ટેજને દીપાવવાની તજવીજો થતી જોવામાં આવે છે.

પહેલો પારસી પેન્ટર.



મરહુમ પેસ્તનજી માદન.

પુરાણા 'સીન-પેન્ટરો!'

ઇ૦ સ૦ ૧૮૭૦ ના સાલમાં નાટક તખતાને દીપાવે, અને તેને માટે પરદા ચીતારે એવા ચીતારાઓ—પારસી પેન્ટરો—નો દુકાળ હતો. મને હજુ યાદ છે, કે જુની ઝોરાસ્ત્રીઅન કલબને તેવો કોઇ લાયક જરથોસ્તી નહી મળવાથી, આનંદરાવ નામના એક હીંદુ પેન્ટરને, તેની કારીગરી બદલ ઝોરાસ્ત્રીઅન કલબે તેને ભાગીદાર

કીધો હતો. એ પછી ઑન્ડ્ર ગોવાનર્ટ કલબે એક પારસી પેન્ટરને પેહલવેહલો બાહર પાડ્યો હતો. એ પારસીએ સેવટે પોતાના પેન્ટીંગના હુનરથી તે વખતે ચાલતી જુદી જુદી કલબોમાં એવો તો પગ પેસારો કીધો, કે તેણે પોતાની કારીગરીથી સઘળાઓનું દીલ જીતી લીધું હતું. સેવટે વીક્ટોરીયા કલબમાં તે એવું તો મજબુત પગ કરી બેઠો હતો, કે આજુબાજુના સઘળા કારીગરો તેની વખાણ એક મતે કરતા હતા. તે પારસી પેન્ટરનું નામ પેસ્તનજી માદન હતું.

એ પછી ઘણાંક પારસી પેન્ટરો પાછળથી થઇ ગયા છે, પણ પેસ્તનજી માદન સઘળેથી પેહલા પેન્ટર હતા.

નાટક કંપની ધરખમ પાયા ઉપર ચલાવનારાઓને કાબેલ પેન્ટરોની મોટી જરૂરત હોય છે. આગલા વખતમાં એવા કાબેલ ચીતારાઓ ઝાઝા નહી હતા. પારસી તો ફક્ત એકજ હતો, અને બીજાઓ થોડાક હતા, તેઓના નામો અત્રે નોંધેલા ઠીક થઇ પડશે.

૧. પેસ્તનજી માદન.

૨. ક્રોસ (Kraus) જરમન પેન્ટર.

૩. સીરોની (Ceroni) ઇટાલીયન પેન્ટર.

૪. રૂઆ (Rua) ઇટાલીયન પેન્ટર.

પેસ્તનજી માદનનો માસીક પગાર શરૂઆતમાં રૂ. ૪૦ નો હતો. પણ રહેતે રહેતે તે વધી ગયો હતો. પેસ્તનજી કોઇ એકજ કલબમાં ઠરીઠામ રહયા નહી હતા, પણ તેવણના કામની જેમ જેમ ચોમેર ખબર પડતી ગઇ, તેમ તેમ જુદી જુદી કલબવાળાઓ તેવણની કદરદાનાસી કરવા લાગ્યા હતા. અંતે પેસ્તનજી માદન જ્યારે વીક્ટોરીયા કલબમાં પેન્ટર તરીકે સામેલ થયા, ત્યારે ત્યાં તેવણને એક નવો ચેલો મળ્યો હતો. એ નવો ચેલો તે મરહુમ ધનજી આંનજીરબાગ હતો, જેણે પેસ્તનજી સાથે કામ કરવામ' પોતે પોતાની રાજીખુશીથી સામેલગીરી આપી હતી અને પેન્ટીંગના હુનરની ઘણી 'સીક્રેટો' (જો સીક્રેટ જેવું કાંઇ હોય તો તે) જાણી લીધી હતી. પાછળથી એજ ધનજી આંનજીરબાગ વીક્ટોરીયા કલબનો પેન્ટર અને એક્ટર બની ગયો હતો. એટલે વાંચનારને કહેવાની જરૂર છે, કે એકને બદલે નાટકના ધંધામાં હવે બે પારસી પેન્ટરો જન્મ્યા હતા. વીક્ટોરીયા કલબના કેટલાક પરદાઓ ઉપર Painted by Angirbag એવો લેખ પરદાના એક ખુંણામાં હંમેશ જોવામાં આવતો હતો, જેથી જણાઇ આવતું હતું કે તે પરદો ધ૦ આંનજીરબાગે બનવ્યો હતો.

યુરોપીયન પેન્ટરો.

યુરોપીયન પેન્ટરોમાં એક જરમન ક્રોસ (Kraus) નામનો પેન્ટર, કુંવરજી નાજરને હાથ લાગ્યો હતો. તે ઠરેલ અને ડાવો હતો, અને પોતાનું કામ કોઇપણ ધાંધલ કે ધરપત વગર ચુપચુપ કરી જતો હતો. બીજો એક ઇટાલીયન પેન્ટર 'રૂઆ' નામનો વીક્ટોરીયા કલબને હાથ લાગ્યો હતો. આ ઇટાલીઅન દેખાવમાં સોહામણો, સ્વભાવે મોજીલો, અને આખો દીવસ મોહડાં 'ચીરૂટ' લઇ કામ કરતો હતો. રૂઆએ

વીકટોરીયા કલબ ઊઠી, પાછળથી દર એક મશહુર કલબોને માટે જોઈતી 'સીન-સીનરી,' ઉધ્ધર ભાવે કરી આપવાનું શરૂ કીધું હતું ! આ રૂઆએ ચીતારેલા ઘણાક પરદા, પ્રજા પ્રીય થઈ પડયા હતા. વીકટોરીયા કલબને માટે Feast of Roses ને નામે તેણે ચીતારેલો એક ડરોપ સીન ઘણોજ મોંઆશ્ચર્યકારક થઈ પડયો હતો.

જ્યારે ૧૮૬૮) સાલમાં વીકટોરીયા કલબ, પોતાની વીકટોરીયા નાટકશાળામાં ઈરાની ખેલો કરવા લાગ્યા, ત્યારે કેખશરૂ કાબરાજીની સુચનાથી કંપનીનો પહેલો પરદો ડરોપ સીન-કોઈ જાણીતી ઈરાની બાબદ ઉપર ચીતારેલો હોવો જોઈયે, એવી તકરાર કમીટીમાં ઉભી થઈ હતી. અનેક જનોએ અનેક સુચના રજુ કીધા પછી, સેવટે

શેઠ સોરાબજી શાપુરજી બંગાલીએ

તખતે જમશીદવાળો ચીતાર, પોતાને ત્યાંથી લાવી સભામાં રજુ કીધો હતો, અને સભાએ તે એક મતે મંજુર કીધો હતો. આ ચીતાર કોણ ચીતારે તેનો સવાલ ઉભો થતાં, મરહુમ કેખશરૂએ સીરોની નામનો એક ઇટાલીઅન પેન્ટર કલબને મેળવી આપવાથી, તખતે જમશીદનો પરદો તે ઇટાલીઅન પેન્ટરે ચીતારી આપ્યો હતો, અને તે પરદો બેઝન અને મનીજેહના ઈરાની નાટકના પેહલા ખેલને દીવસે, પેહલવહેલો વપરાયો હતો આ પરદો વીકટોરીયા કલબે ઘણાક વરસો સુધી વાપરયો હતો, અને બીજી કલબો પણ તે વાપરવામાં માન સમજતી હતી.

હીંદુ પેન્ટરો

અત્યાર સુધીમાં એક પારસી અને ત્રણ યુરોપીઅન પેન્ટરો ઉપર પારસી નાટકોના માલેકો પોતાના પરદાઓ માટે મદાર રાખતા હતા. પણ એક ફીરંગી પેન્ટર પણ એ કામમાં પાછળથી દેખાયો હતો. તે ફીરંગીનું નામ 'પીન્ટો' હતું. એ ફીરંગી ઉપરાંત બે નામીચા કામ કરનારા હીંદુ પેન્ટરો પણ હતા. તેઓ

ગનપત અને બાલા

ને નામે જાણીતા હતા. બાલા પેન્ટરને મરહુમ કુંવરજી નાજરે માસીક પગારે રોકી લઈ, તેની પાસે અલાઉદીન અને બદુઈ જ઼ાનવાળા નાટકની તમામ ભેદભરી સીનરીઓ ચીતરાવી હતી. ગનપત જુદી જુદી કલબોમાં માસીક પગારે, તો કોઈ વખત ઉધ્ધર કંત્રાકતે પેન્ટર તરીકે કામ કરી આપવા માટે, તે વખતે મશહુર હતો. ગનપત સ્વભાવે હસમુખો, અને મોજીલો હતો, પણ પોતાનું કામ આટોપી લેવામાં ઘણોજ કુશળ હતો. પેન્ટર બાલાએ મરહુમ નાજરના ખેલોને દીપાવવામાં ઘણીક કુશળતા વાપરી હતી. અને ગનપત પેન્ટર, મોટે ભાગે ગ્રાંટરોડ ઉપર ઉભી થયલી લગભગ સઘળી કલબો માટે ઉધાર કામ લઈ પરદા રંગી આપતો હતો. આ બધા પેન્ટરો, જેઓ ઉધ્ધર કામ કરતા હતા, તેઓ ગ્રાંટરોડ ઉપર, વીકટોરીયા નાટકશાળાની પછવાડે મરહુમ ડોસાભાઈ દુનાશાવાળા 'ફોરસ-કીંગ'વાળા હોટેલના, એક કદ કુશાદે દીવાનખાનામાં

કામ કરતા હતા. આ હોટેલવાળી ઇમારત, હાલમાં મરહુમ માણેકજી બાલીવાલાના કુંટુંબના વપરાશમાં પડેલી છે.

નવા ઉગી નીકળેલા પારસી પેન્ટરો.

પણ ભાઇ સાહેબોને કેહું, કે વખત જેમ જેમ આગળ વધતો ગયો, તેમ તેમ આ સઘળા પેન્ટરો એક યા બીજી રીતે કાળને વશ થઇ પડયા! પણ તેમ થયાથી નાટકનો હુન્નર કોઇબી રીતે પડી ભાંગ્યો નથી, એમ આજે આપણ જોઇ શકીએ છીએ. મી૦ દીનશા ઇરાની નામનો એક ઇરાની જવાન, જે માદન થીએટરસવાળાઓની નોકરીમાં કલકત્તા મધે આજસુધી પડી રહયો હતો, તે ખુસરો શીરીનના ખેલના પરદા ચીતારવા મુંબઇ આવી, પોતાની પીછીની હુંન્નરમંદી દેખાડી ગયો હતો. અને ત્યાર પછી બીજીવાર યઝદગરદ શેહરીઆરના ખેલમાં પણ તેવીજ હુન્નરમંદી દેખાડી કલકતે ચાલી ગયો છે.

જાલ આરીયા.

મી૦ દીનશા ઉપરાંત એક બીજો પારસી જવાન, જે આજ મુદત થઇ મરહુમ બાલીવાલાની કલબમાં, એક હુનેરમંદ પેન્ટર તરીકે, તરેહવાર સીનના તીલેસ્માતી દેખાવો, અને 'ઇલ્યુઝન્સ' કરી ગયો છે, અને જેણે મરહુમ ફરામજી અપુનું નવું થીએટર ડેકોરેટ કરી ઇનામ અકરામ મેળવ્યું હતું, તે જવાન આજ વરસો થયાં, માદન થીએટરસના માલેકોની નોકરીમાં રોકાઇ ગયો છે! હવે તે સીનેમાની લાઇનમાં પડયો છે. જાલભાઇ આરીયાએ, બાલીવાલાની વીકટોરીયા કલબમાં 'રીવોલ્વીંગ સીનો' અને 'સીટીંગવાલા' પરદાઓ ૫૦×૧૫ ને માપના, એકએકથી એવા તો સરસ ચીતારયા હતા, કે તેથી તમાશબીન આલમે વાહ વાહ કરી હતી. ત્યારબાદ જાલભાઇ થોડાંક માસ રજવાડાની નોકરીમાં જઇ, શેવટે કલકતામાં માદન થીએટરસવાલાઓની નોકરીમાં આજ વરસો થયાં રોકાયા છે.

પુરાણી કલબોના ડરોપ સીન.

આ પારસી નાટક તખ્તાની તવારીખને છેડે આવતા, નાટકને લગતી કોઇબી ખબર અધુરી રેહી નહી જાય, એમ માની લઇ, આ ડરોપ સીનની બાબદ પડતી મુકવી જોવા હું રાજી નથી. નાટકના તે જમાનામાં દરએક નવી નીકળતી કલબ, પોતાના ડરોપ સીન માટે અતી ઘણી કાળજી રાખતી હતી. સાધારણ રીતે ઘણાકોને તે વખતે એવો ખ્યાલ બેસી ગયેલો હતો, કે દરેક નવા ખેલે નવો ડરોપ સીન હોવોજ જોઇએ. પણ પાછળથી તે ખ્યાલ પડતો મુકાયો હતો, મગર દરેક કલબે, પોતાને માટે એક ડરોપ સીન બનાવવાની તજવીજ તો ચાલુજ રાખી હતી.

ઝોરાસ્ત્રીઅન નાટક મંડળી.

આ મંડળી માટે હું વીગતવાર મારા આગલા હફતામાં લખી ગયો છું. ઝોરાસ્ત્રીઅન કલબે પોતાનો ડરોપ સીન, પારસીક તવારીખને આધારે બનાવ્યો હતો.

એ ડ્રોપ સીન પાદશાહ ગુશ્તાસ્પની દરબારમાં પેગામબર જરથોસ્ત, પોતાના હાથમાં આતશનો એક ગોળો લઇ ઉભેલો ચીતાર્યો હતો. અને તેની પડોશમાં હકીમ જામાસ્પ, શાહજાદો અસફંદીઆર, પીશોતન અને પહેલવાન ઝરીર વીગેરે અદબથી ઉભેલા ચીતારેલા હતા. આ ડ્રોપ સીન, ઝોરાસ્ત્રીઅન ક્લબના નામ અને કામને છાજતોજ બનેલો હતો, અને ઇરાની નાટકો કરનારી એ મંડળીએ, એ ડ્રોપ સીનથી લોકોની લાગણી ઠીક મેળવી હતી.

વીક્ટોરીયા નાટક મંડળી.

વીક્ટોરીયા નાટક મંડળીએ મરહુમ સોરાબજી ચાપુરજી બંગાલીની સુચનાથી તખ્તેજ જમશીદનો ચીતાર ચીતરાવ્યો હતો. આ ડ્રોપસીને જમશેદના નાટક પ્રસંગે પારસી કોમનું અસાધારણ ધ્યાન ખેંચ્યું હતું. જો કે બેજન અને મનીજેહનો નાટક, જમશેદના નાટકની આગમચ સ્ટેજ થયો હતો, પણ આ તખ્તે જમશીદનો ચીતાર, જમશેદના નાટકનેજ પ્રસંગે પ્રગટ થયો હતો.

એલફીન્સ્ટન નાટક મંડળી.

એલફીન્સ્ટન નાટકવાળાઓ મોટે ભાગે ઇંગ્રેજી નાટકો ઇંગ્રેજીમાં ભજવતા હતા. તે વખતે પેરીસ એક્ઝીબીશનનો દેખાવ, તેઓની નજર સમક્ષ ઘણોજ ફાંકડો લાગ્યાથી, એક પ્રખ્યાત ચીતાર ઉપરથી, પેરીસ એક્ઝીબીશનનો દેખાવ ચીતારીને ડ્રોપસીન તરીકે ઉમદાઇ સાથ એલફીન્સ્ટન ક્લબે ઉપયોગમાં લીધો હતો.

ઓરીજીનલ વીક્ટોરીયા મંડળી.

આ મશહુર મંડળીના સ્થાપક મરહુમ દાદાભાઇ સોરાબજી પટેલ હતા. તેવણે મુંબઇની યુનીવરસીટીની ઉંચામાં ઉંચી કેળવણી ગ્રહણ કરી, M. A. બન્યા હતા. તેવણે આ મંડળી સ્થાપી હતી, અને પોતાના હરીફોને કચડી નાખવાની મતલબ દેખાડનારો એક ચીતાર પરદા ઉપર ચીતરાવી, તેનો ડ્રોપ સીન તરીકે ઉપયોગ કીધો હતો. હરીફોનો ચીતાર દેખાડવાની નેમથી એક જબરદસ્ત નાગ, તેવણે પરદા ઉપર ચીતરાવી તે નાગને દાદી પટેલ પોતાના પગો વડે કચડી નાંખતો ચીતર્યો હતો.

બેરોનેટ નાટક મંડળી.

મરહુમ નસરવાનજી ફારબસ આ બેરોનેટ ક્લબના સુકાની અને સ્થાપક હતા, જો કે તેના જોખમદાર માલેક તો નસરવાનજીના વડા ભાઇ એદલજી ફારબસ હતા. આ બેરોનેટ ક્લબના ડ્રોપ સીન ઉપર, સર જ૦ જી૦ હોસ્પીટાલના દેખાવના એક ભાગ ઉપરાંત, પેહલા સર જમશેદજી જીજીભાઇનો આબેહુબ ચીતાર ઘણીજ કાબેલીઅતથી ચીતરાવ્યો હતો, અને દરેક રાત્રે બેરોનેટ ક્લબ પોતાનો નાટક શરૂ કરે તે આગમચ, મરહુમ નસરવાનજી ફારબસ, પરદાની બાહર આવી સર જમશેદજીની સીફારસમાં ગાતા હતા.

ગઝલ—દેસ.

(ગર હમને દીલ સનમકો દીયા—એ રાહ ઉપર.)

આ પરદો રંગીન નસીહત કરે, કીરતી કાંઇ કરો,
અગર જો કીરતી કરો તો, હરગીઝ નહી મરો—૧

પાદશાહ જમશેદ પેશદાદીના, જમશેદજી જીજીભાઇ,
આ દુનીયામે શું શું કરી ગયા, તેનો લેવો ધડો—૨

*   *   *

આ ગાયનની ફકત બે ચાર લીટી મને યાદ રહી ગઇ હતી, તે અત્રે નોંધી લીધી છે. મગર એ ગાયનમાં સર જમશેદજીની સખાવતના ગુણ લંબાણથી દરશાવેલા હતા, અને તે આખું ગાયન સાંભળનારાઓ ઘણુંજ ધ્યાનથી સાંભળતા હતા.

આલફ્રેડ અને હીંદી નાટક મંડળી.

આ સઘળી નાટક મંડળીઓ ઉપરાંત, જે નહી ભુલાય એવી બે નાટક મંડળીઓ હયાતી ભોગવી ગઇ છે, તે માહેલી એક આલફ્રેડ મંડળી હતી, જેણે વીલાયતી હકીકતોને નાટકમાં દેખાડવાની શરૂઆત કરી હતી. મગર તે મંડળીનો કોઇબી ખાસ ડરોપસીન હતો નહી, એવું મને યાદ રહી ગયું છે.

બીજી એક મંડળી, જે મરહુમ દાદી કાંટ્રાકટરે વીકટોરીયા મંડળી છોડી તુરતજ હીંદી નાટક મંડળીને નામે, એક થીએટર મુસલમાનોના કબરસ્તાનની સામે બંધાવી ચાલુ કીધી હતી, તે નાટકશાળા માટે એક ડરોપ સીન મરહુમ દાદી કાંટ્રાકટરે ચીતરાવ્યો હતો, અને જે ડરોપ સીન ગનપતરાવ પેન્ટરે ચીતાર્યો હતો, તે હીંદી કલબના નામને અનુસરી, મંદીરમાં પુંજા કરવા જતી હીંદવાનીઓના ચીતારવાળો હતો. પણ હીંદી નાટક મંડળીની જીંદગી એટલી તો ટુંકી હતી, કે બાગનબરની સફરથી પાછી ફરી, ફરેદુનનો ખેલ એકાદ બે કે ચાર વખત હીંદી નાટકશાળામાં ભજવી, તે પોતાની હસ્તી ભોગવતી અટકી માટે બંધ પડી હતી.

આ લંબાણ હેવાલ આવતા અંકમા સમાપ્ત થશે.

[૯૪]

નાટકના ધંધામાં પારસીઓને પડતા છક્કા જોઈ, કેટલાક સાહસીક હીંદુઓ જુદે જુદે નામે નાટક કલબો કહાડી, નાટક કરવા લાગ્યા હતા. પણ દલગીરી સાથ નોંધવું પડે છે, કે હીંદુ ભાઈઓની તે ચળવળે, નાટકના જેવા ઉતમ પ્રકારના હુન્નરનું ખુન થયું હતું! બની ગયેલા એવા અનેક દાખલાઓ માંહેલો એકજ દાખલો અતરે નોંધી, નાટકની પડતીનો ચીતાર તે વખતે કેવો હતો, તે રજુ કરૂં છું.

કામસેન રસીકા નાટક.

નાટક ઉત્તેજક મંડળીવાળાઓએ બંધાવેલી એલ્ફીનસ્ટન થીએટરમાં હીંદુ ભાઈઓની ચળવળથી ઉભી થયલી એક કલબ, જેનું વાણુંબગ નામ આ પ્રસંગે હું યાદ કરી શકતો નથી, તેઓએ ઉપલી નાટકશાળામાં બીજા ખેલો ઉપરાંત કામસેન અને રસીકા નામનો એક નાટક ભજવ્યો હતો. આ નાટક મંડળીમાં દયાશંકર નામનો એક ખુબસુરત નવજવાન છોકરો, રસીકાનો ભાગ ભજવતો હતો. આ દયાશંકર પાછળથી ગુજરાતી નાટક મંડળીનો માલેક અને જીવજાન થઈ પડયો હતો. દયાશંકર દેખાવમાં, ચાલઢાલમાં, નાજનખરામાં અને નયેનોના નેઝારા મારવામાં એવો તો કુશળ હતો, કે તેણે પોતાના જોનારાઓના દીલ જીતી લીધાં હતાં. એવી રીતે જીતાઈ ગયેલા તમાશબીનોમાં બે-ચાર મુસલમીન છોલો પણ હતા, જેઓ બીનરોજગાર અને બીનકામકાજના ધણી હતા! આ ચારની ચોકડીનો એક વડો 'મુસી'ને નામે જણાયલો હતો. આ મુસીને દયાશંકરની મોહોની એવી તો કાટીલ લાગી હતી, કે તે હરવખત નાટક જોવા ઓરચેસ્ટ્રાની આગલી હારમાં આવી બેસતો, અને તેના સાથીઓ પણ તેની સાથે આવતા હતા. રસીકા એકાદ ગાયન રજુ કરે, તો તે ગાયન મુસી બેથી ત્રણ અને તેથીબી વધુ વાર ગવડાવવામાંની ફરમાસ કરતો હતો, અને તમાશબીનોની મરજી ઉપરાંત, મુસી રસીકાને તે ગાયન ગાવાની ફરજ પાડતો હતો.

ભવાઈયા અને મહુલ્લારીના નાચની પંક્તી ઉપર ઉતરી પડેલા મુંબઈના નાટકો.

મુસી એક પક્કો વેગાબોન્ડ હતો. તેનું આ ટીખાણું જોવા અને મોજ મેળવવા, તેના જેવાઓ એક નાટકમાં ભેગા થતા હતા. રસીકા (દયાશંકર)ના ગાયન ઉપર ખુશી થઈ, મુસી તેને બોલાવી કેહતો, કે: "લે, આ તોપી તુને હું ભેટ આપું છું" મુસીની કલાબતુથી ભરેલી તોપી લઈ, ઉપકારના અખુનો દયાશંકર બોલતો:

"જે સાહેબે મને આ ટોપી ભેટ આપી છે, તેની દોલત જ્યાદા!"

આવા સુખન સાંભળી, સામી બાજુએ બેઠેલા બીજાઓ બોલતા, "લે, લે, લઈ આ લે. આ રૂમાલ તુને ભેટ આપું છું."

પણ રૂમાલની કીંમત કશ્મી ટોપી જેટલી નહી હોવાને લીધે, દયાશંકર તેને ઉપકાર માનતા બોલ્યો કે:

“જે સાહેબે મને આ રૂમાલ ભેટ આપ્યો છે, તેનો હું ઉપકાર માનું છું.”

આવી રીતની રીકઝીક અને ખેંચતાણમાં મારામારીઓ પણ થતી હતી, અને પોલીસનું પણ કામ પડતું હતું. નાટકશાળાના માલેકોએ એવાઓને નાટકશાળા ભાડે આપવા ના પાડી હતી, અને એવી રીતે નાટકોનો અંજામ આવ્યો હતો.

નાટક કરનારાઓ તેમજ નાટક જોનારાઓના વરગો ધીમે ધીમે બદલાઇ ગયા હતા. જ્યાં સદગ્રહસ્થો અને સન્નારીઓના મેળાવડા ભેગા મળતા હતા, ત્યાં તેને બદલે તમામ હલકી પંકતીના ડંગો ફેસાદ કરનારાઓની આમદ ચાલુ થઇ હતી. જ્યાં દાખલ થવાના દામ અતી મોઘાં હતાં, ત્યાં તે અતીપણા સસ્તાં થઇ ગયાં હતાં. પીટનો જ્યાં રૂ. ૧) હતો, તેનો અરધો રૂપીઓ, અરધા પરથી ચાર આના, અને સેવટે બે આના સુધી ભાવો ઉતરી પડયા હતા. વળી અધુરામાં પુરૂં ઓરતોને કોઇબી વરગમાં મુફત દાખલ કરવાનું અમુક મંડલીના લાગતાવલગતાઓએ જાહેર કીધું હતું.

એટલેથીજ નહી ધરાતાં, એક રાતના એક નહી પણ બબ્બે નાટકો ભજી બતાવવાનું જાહેર થયું હતું. આવી રીત અખત્યાર કરવાની મતલબ એકજ હતી, અને તે એજ કે, તમાશબીન આલમે એવા ભંગડખાનામાં જવા કરતાં, ઘુલેજ ત્યાં નહી જવાનો ઠરાવ કીધો હતો. આગાઉના જેવી ધરખમ મંડળીઓ હવે પ્લેટફોરમપર એકબી નહી હતી. એલફીન્સ્ટન અને વીકટોરીયા કલબો મોટે ભાગે બહારગામ ફરતી હતી, અને મુંબઇનો કબજો હલકી કીસમના કારીગરોને હાથ જઇ પડયો હતો. જ્યારે નાટકો રાતના બબ્બે અને અઢી અઢી વાગ્યા સુધી થવા લાગ્યા હતા, ત્યારે ઘણીકવાર ઘરબાર વગરના કોઇ કોઇ સુખીઆરા સાહેબો, રાતના ખેલ પુરો થયા પછી, પીટના બાંકડાઓ ઉપરજ અંધારામાજ સુઇ જતા હતા, અને સવારૂં પડતાં પોતાનો રસ્તો લેતા હતા. દેશી નાટોની આવી અધ્યમ સ્થીતી પછી, કેટલેક વરસે મરહુમ દાદાભાઇ ઠુંઠીએ સ્થાપેલી મુંબઇ નાટક મંડળીનું આગમન થયું હતું, અને પાછા પારસી એકટરોથી, નાટક તખ્તો સુધરવાની કાંઇક શરૂઆત થઇ હતી.

ઓથર—ઓથર—ઓથર!

આગલા વખતમાં એક નાટક જો તમાશબીનોને પસંદ પડતો હતો, તો ખેલ પુરો થતાંજ, તમાશબીન આલમ, પોતાની પસંદગીનો છાપ મારવાને જરાબી ચુકતી કે ભુલતી નહી હતી. જેવો ડરોપસીન પડતો, કે આખ્ખું હાઉસ ઓથર-ઓથર અને ઓથરને નામની બુમો પાડી નાટકશાળા ગજાવી મેલતા હતા. અને જ્યારે ડરોપસીન ઉચકાઇ, ખેલનો લખનાર સ્ટેજ ઉપર હાજર થઇ નમન કરતો, ત્યારેજ આખ્ખું હાઉસ શાંત થતું હતું. મને હજી યાદ છે, કે બેજન-મનીજેહના નાટકમાં, એવીજ રીતે કેખશરુ કાબરાજીને, અને બાબમજોરના નાટકમાં (ઓરાબીજાન કલબમાં) એદલજી

ચોરીને એવીજ રીતે સ્ટેજ ઉપર હાજર થવાની હાઉસે ફરજ પાડી હતી. ચાંરા લખાયલા દીલરંજન નાટકોની કદર બુજવાની એવી રીત, આપણી તરફ ક્યારે થશે?

ગયા—ગયા! તે સપળા ગયા! તે ઓયરોબી ગયા, અને તે એક્ટરોબી ગયા! કહેવત આરફારા છે, કે સાંપ ગયા, અને લીસોટા રહી ગયા!

છેલ્લી વાર—છેલ્લી વાર.

તમાશબીન આલમને ધડકાવનારા આવા તોપના ગોળા જેવા શબ્દો, આગલા વખતમાં કદીબી ઘડી ઘડી જાહેર ખબરને મથાળે છપાતા નહી હતા. એકવાર નક્કી વીચાર કરી કલબના માલેકો ઠરાવ કરતા અને છપાવતા કે 'છેલ્લી વાર' એટલે તે નક્કીજ હતું કે છેલ્લી વાર અમુક ખેલ મુકાનારો છે, માટે જેઓને જોવો હોય, તેઓ તે તક જવી નહી મુકતા હતા.

પણ આજે 'છેલ્લી વાર—છેલ્લી વાર'ની જાહેર ખબરો કદીબી સાચી નીવડતી નથી! એકવાર છેલ્લી વાર થયા પછી "અમુક માનવંત ગ્રહસ્થની" ખાસ ફરમાસથી, યા તો છેલ્લા ખેલમાંથી અસંખ્ય આદમીઓ પાછા ફરવાથી" વીગેરે એવાં બહાનાના ઓઠાં હેઠળ, એકવાર તેજ ખેલ પાછો રજુ થાય છે!

તે જમાનામાં ચોમાસું બેસતાંજ, યા તો ચોમાસાની મોસમ આવી લાગતાંજ, નાટક કંપનીવાળાઓ પોતાના ખેલો બંધ કરી નાટકની મોસમને ખતમ થયલી જાહેર કરતા હતા. અને ત્યાર પછી પારસી નાટકવાળાઓ પટેટીના દીંવાસ ઉપર નવો ખેલ સ્ટેજ કરતા હતા, અને તેમ કરવા માટે ચોમાસાના દીવસોમાં નવા નાટકનું 'રીહરસલ' કરતા હતા. પણ આજે ચોમાસાના દીવસોમાં પણ નાટક—નાટક અને નાટક થતા રહે છે!

મસાલેદાર જાહેર ખબરો.

"જાગો! મુંબઈના લોકો જાગો! આવો આવો—જુવો જાવો"—"આજ સુધી નહી જોયલું" વીગેરે ચમકાવનારા અને ભડકાવનારા બોલોથી ભરપુર આજની મસાલેદાર જાહેર ખબર આગલા વખતમાં છપાતી નહી હતી. સાદી અને સુતરી ઇબારતમાં તે વખતે જાહેર ખબરો લખાતી હતી. આવી જાહેર ખબરનો એકાદ નમુનો આગલા ભાગમાં મેં દરસાવ્યો હતો. આજે એવી જાતની જાહેર ખબરો નાટકના કરતા સીનેમાવાળાઓની વધારે જોવામાં આવે છે.

વળી વધુમાં પોતાના નાટક લખનારાઓની સીફત નાટકવાળાઓ પોતેજ જાહેર છાપામાં જાહેર ખબર અંદર કરે છે. "જાણીતા અને માનીતા લેખકની કસાયલી કલમથી લખાયલો નવોજ ખેલ" ખાસ રજુ કરવાની જાહેર ખબરો છપાતી રહે છે. જો કે તેવા જાણીતા લેખકને કોઇએ કદીબી દીઠેલો કે સાંભળેલો નહી હોય! અને એવા જાણીતા લખનારાઓના લખેલા નાટકો એકાદ બે વાર રજુ થઇ જાહેરાન માટે બંધ પડે છે! આ મસાલેદાર જાહેર ખબરોની અસર આમાઉના

જેવી તમાશબીન આલમ ઉપર, હવે શરૂઆતના જેવી થતી નથી, કેમકે નાટક કરનારાઓને તેમજ નાટક લખનારાઓને તમાશબીન આલમ હવે સારી રીતે પીછાણી ચુકેલી જણાય છે.

મરણના પ્રસંગે નાટકનો એકટર.

નાટક કરનારાઓની ઉપર ગુજરતા અનેક સીતમો માહેલા એકની નોંધ, વાચક મેહરબાનોને માટે નોંધેલી ફોકટ જશે નહી. મેહરબાને મન, તમે એમ ના સમજતા કે એક એકટરની જીંદગી નાચી કુદી ગુજારનારી છે. એમ જો હોય, તો તે કદાચ લેભાગુ કમ્પનીઓના સંબંધમાં હેવું હશે. પણ ધંધાદારી એકટરોમાં તો તેવું હરગેજ નથી એમ સમજવું. તેના જીવતા દાખલા તરીકે આતરે એકજ દાખલો હું નોંધવા માગું છું.

મરહુમ રાણીનાની રેહબરી હેઠળ ચાલતી થી આલફ્રેડ નાટક મંડળીનો એક સહુથી આગેવાન અને નામી એકટર, મરહુમ રતનશાહ જીવાજી દાવરના બાપ, આલફ્રેડ મંડળીના નાટકને દાહડેજ ગુજર પામ્યા હતા. જેવણની લાશ હજી ઘરમાંજ પડેલી હતી. તે નાટકમાં તે રાત્રે રતનશાહનો પાર્ટ હતો. છતાં રતનશા દાવરને રાતના નવ વાગે પોતાનો પાર્ટ કરવા એલ્ફીન્સ્ટન નાટકશાળામાં આવી, પોતાનો ચહેરો ‘પેન્ટ’ કરી, કપડાં પેહડી, આખી રાત તે નાટકમાં નાચી કુદી રતનશા દાવરને પોતાનું કામ કરવાની ફરજ પડી હતી.

સેહજ માથું દુખવે, કે સેહજ પેટમાં દુખવે એક ધંધાદારી એકટર પોતાનું કામ કરતાં અટકતો નથી. બલ્કે અને તણ તણ ડીગરી તાપ પોતાના શરીરમાં હોવા છતાં, ઊભાઈઓને પોતાના પાર્ટ સ્ટેજ ઉપર ફરજી આત કરવા પડયા હતા. સીવાય તેના માલેકો તેના પાર્ટની કાંઈક બીજી જોગવાઈ કરવાની મેહરબાની કરી, તેને થોડા વખત માટે છુટો કરતા!

ફેમીલી માટે થતા ખેલો!

આગલા તે જમાનામાં આજના જેવું છુટાપણું ઓઓને હતું નહી. ઓઆને એખલી નાટકમાં જવાની પરવાનગી ઘરમાંથી કે કુટુંબમાંથી કદીબી મળતી હતી નહી! સઘળા નાટકો જ્યારેબી થતા ત્યારે તે મરદો માટેજ થતા હતા. મરદો પોતાની સાથે પોતાની બાનુઓને, બેહનને, કે ઓળખીતી બાનુઓને એવા ખેલોમે કોઈબી સંજોગ નચે લાવી શકતા નહી હતા, અને અગર જો તેઓ લાવતા તો તેઓને દાખલ કરવામાં નહી આવતાં હતાં. એથી તે વખતની નાટકની રસમ અને રેવાજના સબબે, બે ચાર નાટકો શરૂઆતમાં મરદો માટે થયા પછી, જાહેર છાપામાં જણાવવામાં આવતું કે ફલાણો ખેલ કુટુંબો માટે—યાને ફીમીલી માટે—થનાર છે. તે વખતે માટીડાઓ પોતાના કુટુંબો સાથે નાટક જોવા જતાં હતાં. પણ એવી રીતે થતા ફેમીલીવાળા

નાટકોનો પાછળથી ઘણોજ ગેરલાભ લેવાયો હતો, અને જવાન ઉમરના, દાઢીમુછ વગરના છોકરાઓ, સાડી પહેરી બે ત્રણ સાટીકાઓ સાથ ફેમાલીને નામે ઘુસી જવા લાગ્યા હતા! એવા જવાનો, પાછળથી પકડાઇ આવવે માફ વટીક માગી બેઠા હતા!

પ્રોલોગ, ઇશ્વર સ્તુતી અને સલામ.

પ્રોલોગ વીશે હું ખુલાસો કરી ગયો છું. ઇશ્વર સ્તુતી ગાવાનો રેવાજ તે વખતે ઝોરાસ્ત્રીઅન તેમજ બીજી એમેચ્યુઅર ક્લબોમાં હતો. પણ વીકટોરીઆ ક્લબે એવી રીતની ઇલચાલમાં સહેજબી ભાગ લીધો હતો નહી. ઝોરાસ્ત્રીઅન ક્લબમાં એક બીજો રેવાજ એ હતો કે, ખેલ પુરો થતાંજ, મરહુમ નસરવાનજી ફ્રારજસ, ડરોપ સીનની બહાર ઇટાલીઅન ડરેસમાં તુરતજ નીકળી આવી, બે-કના સરોદની સાથે સલામ ગાતા હતા. એવી રીતે દરેક ખેલમાં નવી નવી સલામ અને નવી નવી ઇશ્વર સ્તુતી ગવાતી હતી.

સેવટના સખુનો!

અને હવે બસ! અત્રે આ લાંબુ લખાણ હું ખતમ કરૂં છું. મારા દાનેશ વાંચનારાઓની રૂબરૂ, લગભગ એક સદીનો કાંઇક તવારીખી ચીતાર, મેં મારી આદના યાદદાસ્ત શક્તીને તાજી કરી ઉભો કીધો છે. હું માનું છું કે તે બોલેબોલ ખરો છે, કેમકે હું બરોબર જાણું છું કે તે મારા અનુભવનું પરીણામ છે.

આજ બે વરસ થયાં આ બાબદ, આ "કયસરે-હીન્દ"માં શરૂ થઇ હતી. આજે એ લેખના ૯૪) હફતા થયા છે. એ ૯૪) હફતામાં પારસી એમેચ્યુઅરોએ મુંબઇમાં નાટક ક્યારે, કેમ અને ક્યાં શરૂ કીધા, તેની બારીક નોંધ મેં આ લેખના આગલા ભાગોમાં રેગી દેખાડી છે. નાટકનો નાદર હુન્નર ખીલવવા પાછળ, કેવા કેવા આલી ખાનદાની પારસી કોમના બાનૈનશીનોએ પોતાના તન, મનને રોકયાં હતાં, તે તેમના નામ, ઠામ અને તેમના કામ સાથ વરણવ્યું છે. ધંધાદારી પારસી મંડળોના નામી ખેલાડીઓ, જેઓએ પોતાનો સેવટના ધંધા તરીકે એ ધંધાને પોતાનો કરી કરી લીધો હતો, તેઓએ પોતાના જાન, મુંબઇથી દુર દેસાવરોમાં કેવી રીતે ગુમાવી, તેઓ મોતને શરણ થયા હતા તેની પણ મેં બારીક નોંધ લીધી છે. વળી ખેલાડીઓની નબળી તેમજ સબળી બાજુઓને પણ જતી મુકી નથી. તેવાઓના મનની નબળી શક્તી માટે જો કે ઘણું લખી શકાય એમ છે, પણ તે સઘળાને માટે આ તવારીખી પુસ્તકમાં પુરતી જગ્યા મળી નથી. જો કે તેવા લેખથી લાગતાવળગતાઓની આંખ ઉપર ફરેલો ગુમરાહીનો પરદો, તુરત ઉંચકાઇ જવાનો મોટો સંભવ રહે છે.

આ બાબદ શરૂ થતાંજ મને અનેક બાજુથી, અનેક કીસમની મદદ મળતી થઇ હતી. સરવેથી પહેલો ઉપકાર હું મારા મરહુમ વાહલા ભાઇ દારાશાનો માનું છું કે જેવણે મને ઘણીક બાબદો માટેની વરસ અને તારીખની યાદ આપી, મારી મુશ્કેલીઓ દુર કરી હતી. મરહુમ પોતાની જવાનીના વખતમાં એક ઘણોજ સુરીલો ગાનાર અને

પોતાના બદનના બાંધાને લીધે, આ પાત્રો ઘણુંજ અસરકારક રીતે, સ્ટેજ કરી પોતાની તમાશબીન આલમનું ખાસ ધ્યાન ખેંચી ગયા હતા. ઈ૦ સ૦ ૧૮૮૬ ના મે માસની આખરમાં, મરહુમ નાટકનો ધંધો છોડી વેપારી રોજગારમાં પડયા હતા. અફસોસ જેવું તો એ છે કે આ તવારીખી સાહીત્યની શરૂઆતમાં કેટલોક રસ લીધા પછી, જ્યારે તે તેની નોંધ પુરી થઇ રહે છે, તે જોવાને મરહુમ જીવતા પામ્યા નથી. એવા એક મહાન મદદગારના અચાનક થયલાં મરણથી બેશક મેં મારો એક અચ્છો મદદગાર ખોહયો છે.

બીજો ઉપકાર મરહુમ કાવસજી ખટાઉના દીકરા મી૦ જેહાંગીરનો હું માનું છું, કે જેઓએ પોતાના મરહુમ બાપની સઘળી આલબમોનો ઉપયોગ કરવાની, મને રજા આપી હતી.

ત્રીજો ઉપકાર મારા પુરાણા મીત્ર ડાકટર નશરવાનજી નવરોજજી પારખનો માનું છું. એ ગ્રહસ્થ મુંબઇ છોડી આજ વરસો થયાં રંગુનમાં વસવાટ કરી રહયા છે, છતાં આ લેખમાં પ્રગટ કરવા માટે, બહુ પુરાણા વખતના 'બે ગરૂપ,' જે એલ-ફીનસ્ટોનીઅન એમેચ્યુઅરના છે, તે તેમજ બીજા ફોટોગ્રાફ મારી ઉપર મોકલી આપવાની માયાળુ મહેરબાની કરી છે.

એ ઉપરાંત મારા મરહુમ મીત્ર મી૦ પેસતનજી વાડીઆના દીકરા સોરાબનો, તેમજ મીસ માણેકજી બારબાયાનો તથા ભાઇ રૂસતમજી માસીનાનો ઉપકાર મારે માનવો ઘટે છે, કે જેઓએ મને ઘણી કીમતી મદદ ફોટોગ્રાફો મેળવી આપવામાં કીધી હતી.

છેલ્લે આ પારસી નાટકે તખ્તાની તવારીખ પોતાના "કયસરે હીન્દ" પત્રમાં છાપવા માટે, અને તે માટે ફોટોગ્રાફોના બ્લોક બનાવવાનું ખરચાળુ કામ માથે ઉઠાવી લેવા માટે, મારા મીત્ર ભાઇ એરચશાહ રૂસ્તમજી ગીરજીબોહેદીને જે તકલીફ ઉઠાવી હતી, તે માટે તેવણનો હું ખાસ ઉપકાર માની, આ સાહીત્ય હું આજે ખતમ કરૂં છું.

સમાપ્ત.